# અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર – સંવત ૨૦૬૬ (ઈ. ૨૦૧૦)

શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર - સંયોજક– બાબુલાલ સરેમલ શાહ
હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૦૫. (મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩ (રહે.) ૨૭૫૦૫૭૨૦

---

પ્રાયઃ જીર્ણ અપ્રાપ્ય પુસ્તકોને સ્કેન કરાવીને સેટ નં.-૨ ની ડી.વી.ડી.(DVD) બનાવી તેની યાદી

*આ પુસ્તકો www.jainelibrary.org વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.*

| ક્રમ | પુસ્તકનું નામ | ભાષા | કર્તા-ટીકાકાર-સંપાદક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| 055 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहद्न्यास अध्याय-६ | सं | पू. लावण्यसूरिजीम.सा. | 296 |
| 056 | विविध तीर्थ कल्प | सं | पू. जिनविजयजी म.सा. | 160 |
| 057 | ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકળા | ગુજ. | पू. पूण्यविजयजी म.सा. | 164 |
| 058 | सिद्धान्तलक्षणगूढार्थ तत्त्वलोकः | सं | श्री धर्मदत्तसूरि | 202 |
| 059 | व्याप्ति पञ्चक विवृत्ति टीका | सं | श्री धर्मदत्तसूरि | 48 |
| 060 | જૈન સંગીત રાગમાળા | ગુ. | श्री मांगरोळ जैन संगीत मंडळी | 306 |
| 061 | चतुर्विंशतीप्रबन्ध (प्रबंध कोश) | सं | श्री रसिकलाल हीरालाल कापडीआ | 322 |
| 062 | व्युत्पत्तिवाद आदर्श व्याख्यया संपूर्ण ६ अध्याय | सं | श्री सुदर्शनाचार्य | 668 |
| 063 | चन्द्रप्रभा हेमकौमुदी | सं | पू. मेघविजयजी गणि | 516 |
| 064 | विवेक विलास | सं/ગુજ. | श्री दामोदर गोविंदाचार्य | 268 |
| 065 | पञ्चशती प्रबोध प्रबंध | सं | पू. मृगेन्द्रविजयजी म.सा. | 456 |
| 066 | सन्मतितत्त्वसोपानम् | सं | पू. लब्धिसूरिजी म.सा. | 420 |
| 067 | ઉપદેશમાલા દોધટ્ટી ટીકા ગુર્જરાનુવાદ | ગુજ. | पू. हेमसागरसूरिजी म.सा. | 638 |
| 068 | मोहराजापराजयम् | सं | पू. चतुरविजयजी म.सा. | 192 |
| 069 | क्रियाकोश | सं/हिं | श्री मोहनलाल बांठिया | 428 |
| 070 | कालिकाचार्यकथासंग्रह | सं/ગુજ. | श्री अंबालाल प्रेमचंद | 406 |
| 071 | सामान्यनिरुक्ति चंद्रकला कलाविलास टीका | सं. | श्री वामाचरण भट्टाचार्य | 308 |
| 072 | जन्मसमुद्रजातक | सं/हिं | श्री भगवानदास जैन | 128 |
| 073 | मेघमहोदय वर्षप्रबोध | सं/हिं | श्री भगवानदास जैन | 532 |
| 074 | જૈન સામુદ્રિકનાં પાંચ ગ્રંથો | ગુજ. | श्री हिम्मतराम महाशंकर जानी | 376 |
| 075 | જૈન ચિત્ર કલ્પદ્રૂમ ભાગ-૧ | ગુજ. | श्री साराभाई नवाब | 374 |
| 076 | જૈન ચિત્ર કલ્પદ્રૂમ ભાગ-૨ | ગુજ. | श्री साराभाई नवाब | 538 |
| 077 | સંગીત નાટ્ય રૂપાવલી | ગુજ. | श्री विद्या साराभाई नवाब | 194 |
| 078 | ભારતનાં જૈન તીર્થો અને તેનું શિલ્પસ્થાપત્ય | ગુજ. | श्री साराभाई नवाब | 192 |
| 079 | શિલ્પ ચિન્તામણિ ભાગ-૧ | ગુજ. | श्री मनसुखलाल भुदरमल | 254 |
| 080 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૧ | ગુજ. | श्री जगन्नाथ अंबाराम | 260 |
| 081 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૨ | ગુજ. | श्री जगन्नाथ अंबाराम | 238 |
| 082 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-3 | ગુજ. | श्री जगन्नाथ अंबाराम | 260 |
| 083 | આયુર્વેદના અનુભૂત પ્રયોગો ભાગ-૧ | ગુજ. | पू. कान्तिसागरजी | 114 |
| 084 | કલ્યાણ કારક | ગુજ. | श्री वर्धमान पार्श्वनाथ शास्त्री | 910 |
| 085 | विश्वलोचन कोश | सं./हिं | श्री नंदलाल शर्मा | 436 |
| 086 | કથા રત્ન કોશ ભાગ-1 | ગુજ. | श्री बेचरदास जीवराज दोशी | 336 |
| 087 | કથા રત્ન કોશ ભાગ-2 | ગુજ. | श्री बेचरदास जीवराज दोशी | 230 |
| 088 | હસ્તસઞ્જીવનમ્ | સં. | पू. मेघविजयजीगणि | 322 |
| 089 | એન્દ્રચતુર્વિંશતિકા | સં. | पूज. यशोविजयजी, पू. पुण्यविजयजी | 114 |
| 090 | સમ્મતિ તર્ક મહાર્ણવાવતારિકા | સં. | आचार्य श्री विजयदर्शनसूरिजी | 560 |

"અહો શ્રુતજ્ઞાનમ્" ગ્રંથ જીર્ણોદ્ધાર ૭૪

# જૈન સામુદ્રિકના પાંચ ગ્રંથો

: દ્રવ્યસહાયક :

કચ્છવાગડ દેશોદ્ધારક અધ્યાત્મયોગી
પૂ. આ. શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા. ના શિષ્યરત્ન
ગચ્છનાયક મધુરભાષી પ.પૂ. આચાર્ય
શ્રીમદ્વિજય કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તિની
પૂજ્ય સાધ્વીજી શ્રી મયૂરકલાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી
શા. વિમળાબેન સરેમલ જવેરચંદ બેડાવાળા
આરાધના ભવનના જ્ઞાનખાતાની ઉપજમાંથી

: સંયોજક :

શાહ બાબુલાલ સરેમલ બેડાવાળા
શ્રી આશાપૂરણપાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હીરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫
(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ.) ૨૨૧૩૨૫૪૩ (રહે.) ૨૭૫૦૫૭૨૦

સંવત ૨૦૬૬ ઈ.સ. ૨૦૧૦

શ્રીયુત નેમચંદ પોપટલાલ વોરા સ્મારક ગ્રંથમાળા પુષ્પ ૧ લું

# જૈન સામુદ્રિકના પાંચ ગ્રંથો

સંપાદક

શાસ્ત્રી હિમ્મતરામ મહાશંકર જાની
જ્યોતિષાચાર્ય

પ્રાપ્તી સ્થાન
શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ.
ગીરા સ્ટ્રીટ, મુંબઈ નં. ૨.


પ્રકાશક

સારાભાઈ મણિલાલ નવાબ
એમ. આર એ. એસ. (લંડન)
નાગજીભૂદરની પોળ, અમદાવાદ.

મૂલ્ય સોળ રૂપિયા

સંવત ૨૦૦૪ ] [ ઈ. સ. ૧૯૪૭

પ્રાપ્તિસ્થાન—
સારાભાઈ મણિલાલ નવાબ
નાગજીભૂદરની પોળ, અમદાવાદ
તથા
શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
ગોડીજીની ચાલ, પાયધુની
મુંબઈ. ૩

[ ગ્રંથ સ્વામિત્વના સર્વહક સ્વાધિન છે. ]

: મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ : અમદાવાદ

## સમર્પણ

પૂ. મુરબ્બી શ્રી નેમચંદ પોપટલાલ વોરાના પુણ્યાત્માને

# નિવેદન

મારા પૂજ્ય મુરબ્બી તુલ્યસ્વ. **શ્રી નેમચંદ પોપટલાલ વોરાના** નામથી અંકિત ગ્રંથમાળાના પ્રથમ પુષ્પતરીકે જુદા જુદા જૈન પૂર્વાચાર્યો તથા મહત્તમ **દુર્લભરાજ** પ્રણીત જૈન સામુદ્રિકના ( ૧ હસ્તસંજીવની, ૨ સામુદ્રિકતિલક તથા ૩ સામુદ્રિકશાસ્ત્ર ) ત્રણ ગ્રંથો અને ૪ હસ્તકાંડ ૫ અર્હચ્ચૂડામણિસાર નામના ચૂડામણિ વિષયના બે ગ્રંથો, જૈન સામુદ્રિકના પાંચ ગ્રંથોના નામથી જનતા સમક્ષ મૂકતાં મને અવર્ણનીય આનંદ થઈ રહ્યો છે.

આ ગ્રંથની સારા પ્રમાણમાં નકલો ખરીદવા માટે સ્વર્ગસ્થ **નેમચંદ પોપટલાલ વોરાના** સુપુત્ર સ્નેહી શ્રી **જગતચંદ્ર વોરા** તથા મારી દરેકે દરેક સાહિત્ય પ્રવૃતિમાં મુખ્ય ઉત્તેજન આપનાર સ્નેહીશ્રી **માણેકલાલ ચુનીલાલ શાહ** જે. પી. નો તો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. કારણ કે તેઓની ઉત્તેજના વિના તો હું સાહિત્ય પ્રકાશનમાં આટલી બધી પ્રગતિ ન જ કરી શકયો હોત.

આ ગ્રંથના સંપાદક શાસ્ત્રી **હિંમતરામ જાની** સુપ્રસિદ્ધ જ્યોતિષાચાર્ય છે અને જ્યોતિષની દરેકે દરેક શાખાઓમાં તેઓશ્રી નિપુણતા ધરાવે છે. આ ગ્રંથનું શુદ્ધ અને સુંદર સંપાદન કરવામાં તેઓનો જ મુખ્ય ફાળો છે. હવે પછી તેમના તરફથી તૈયાર થએલા (૧) શ્રી હીરકલશ જૈન જ્યોતિષ, (૨) અર્ઘ્યકાંડ ( ઉપલબ્ધ સઘળા અર્ઘ્યકાંડો ) વિસ્તૃત સમજુતી સાથે તથા દરરોજના બજારની દરેક વસ્તુઓના ભાવો જાણવા માટે ભોમીયારૂપ તથા (૩) **ચન્દ્રોન્મિલન** અને (૪) **પ્રશ્નસુંદરી** નામના ચૂડામણિ વિષયના ગ્રંથો પ્રસિદ્ધ કરવામાં આવનાર છે, તે તરફ જનતાનું ધ્યાન દોરવાની આ તક લઉં છું. અને આ સંપાદન આ રીતે કરી આપવા માટે તેમનો આભાર માનું છું.

આ ગ્રંથમાં આપવામાં આવેલા ત્રિરંગી ચિત્રો તથા સામુદ્રિકના અંગોપાંગોના ચિત્રો સુપ્રસિદ્ધ કલાકાર શ્રીયુત્ **રવિશંકર રાવળની** જાતી દેખરેખ નીચે શ્રી **ગુજરાત કલાસંઘમાં** તૈયાર કરાવવામાં આવેલા છે. તે માટે મુરબ્બી **રવિશંકર** ભાઈનો

તથા જેકેટ ઉપરનું ચિત્ર ઉદેપુરમાં આવેલ શ્રી વર્દ્ધમાન જ્ઞાન મંદિરના સંચાલક યતિશ્રી **અનોપચંદજીએ** મને આપ્યું હતું તે માટે તેઓશ્રીનો અને પ્રાંતે, નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસના માલિક શ્રીયુત **મણિલાલ છગનલાલ** શાહનો ગ્રંથ સમયસર છાપી આપવા માટે આભાર માનવાની આ તક લઉં છું

સંવત ૨૦૦૩ના આસો સુદી પૂર્ણિમા<br>
(શરદ પૂર્ણિમા)<br>
બુધવાર તા. ૨૯–૧૦–૪૭

નિવેદક—<br>
**સારાભાઇ મણિલાલ નવાબ**<br>
નાગજી ભૂદરની પોળ,<br>
**અમદાવાદ.**

# સંપાદકીય નિવેદન

પરમાત્માની કૃપાથી **હસ્તસંજીવન** આદિ સામુદ્રિકના પાંચ ગ્રંથો જનતા સમક્ષ મૂકતાં મને અનહદ આનંદ થાય છે. આ ગ્રંથોના સંશોધન અને સંપાદન પાછળ લગભગ દસ વર્ષનો પરિશ્રમ છે. અને આટલા બધા દીર્ઘકાળના પરિશ્રમ બાદ જ્યારે સુચારુ સંસ્કરણ પ્રગટ થાય, ત્યારે સંપાદકને જે હર્ષ થાય છે, તે સમાનધર્મા બંધુઓને સ્વાનુભવાએલું હોઈ તેનું વિવેચન અસ્થાને છે.

આ એક પાંચ ગ્રંથોનો સંગ્રહ છે. અને તે દરેકના કર્તા જૈનધર્માવલંબી હોવાથી આ સંગ્રહને "**જૈનસામુદ્રિકના પાંચ ગ્રંથો**" એવું નામ આપવામાં આવ્યું છે.

આ સંગ્રહમાં (૧) **હસ્તસંજીવન** (૨) **સામુદ્રિકતિલક** (૩) **પ્રાચીન સામુદ્રિકશાસ્ત્ર** (૪) **હસ્તકાંડ** અને (૫) **અર્હતચૂડામણિ સાર** એમ કુલ પાંચ ગ્રંથો લેવામાં આવ્યા છે.

આ પાંચ ગ્રંથો તેમના નામથી જ પ્રસિદ્ધ છે. અને **હસ્તસંજીવન** માટે એક વિસ્તૃત ભૂમિકા તથા તેના કર્તાનો વિશદ પરિચય આ ગ્રંથમાં જ આપવામાં આવ્યો છે. બીજા ગ્રંથો માટે જે કહેવાનું છે. તે પણ **નિમિત્તશાસ્ત્ર**ના નિબંધમાં આવી ગયું છે. છતાં અહિં તે સંબંધિ અવશિષ્ઠ વિવેચન કરવું ઠીક છે.

**સામુદ્રિકતિલક** એક જ્ઞાતવ્ય ગ્રંથ છે. આ ગ્રંથ સંસ્કૃત સાહિત્યમાં પ્રસિદ્ધ છે. **હસ્તસંજીવનકારે** આ ગ્રંથનાં ઘણાં વાકયોનો પોતાના ભાષ્યમાં પ્રમાણ તરીકે ઉપયોગ કર્યો છે. ગ્રંથની મહત્તા માટે આ બાબત ઉલ્લેખનીય છે. શરીર સામુદ્રિક માટે આ ગ્રંથ સર્વાંગ સુંદર છે. એમજ કહેવું પડશે. પરંતુ તે સાથે કવિત્વની દૃષ્ટિએ પણ ઉત્કૃષ્ટ છે. ગ્રંથકારનો આર્યા ઉપર કેટલો સુંદર અધિકાર જામેલો છે, તે તો છંદોરચના નિપુણોને જ સમજાય તેવું છે. **વૃત્તરત્નાકર** નામના સંસ્કૃત છંદોરચનાના ગ્રંથમાં ટીપ્પણમાં આર્યાના લક્ષણનું પૂર્ણ ઉદાહરણ બતાવવા માટે આ ગ્રંથની આર્યાનો ઉપયોગ કરેલો છે. ગ્રંથકાર પણ પોતે પોતાના કવિત્વ અને છંદોનૈપુણ્ય માટે અભિમાન રાખે છે. અને ઉપરોક્ત બાબતથી સાબિત થાય છે કે તે વ્યાજબી છે.

ગ્રંથ ૮૦૦ આર્યાઓમાં લખાએલો છે. પોતાનો પરિચય ગ્રંથકારે પોતે જ આપ્યો છે. એટલે તે જોવાથી સમજી શકાશે કે પાટણના રાજમંત્રીઓ કેવલ રાજકીય બાબતમાં જ નહિ, પણ ગ્રંથ રચનામાં પણ કેટલા બધા કુશળ હતા ? રાજપુરુષો પણ ઉત્તમ સાહિત્ય રચી શકે છે, તેનો આ ગ્રંથ ઉમદા નમુનો છે.

ગ્રંથકાર પાટણના **મહારાજાધિરાજ કુમારપાલનો** (મંત્રી) મહત્તમ છે. અને તે **નરતુરગગજશકુન** પરીક્ષામાં ચતુરાઈ રાખે છે. **પોરવાલ** જ્ઞાતિમાં જન્મેલા

આ કવિનું સ્ત્રી અને પુરુષ પરીક્ષા સંબંધી શાસ્ત્ર રચના એજ **સામુદ્રિકતિલક** છે. આ ગ્રંથકારનાં **ગજપરીક્ષા** ( **હસ્તિપરીક્ષા** શાસ્ત્ર ) તથા **શકુનશાસ્ત્ર** ગ્રંથો અમોને ઉપલબ્ધ થયાં નથી. પરંતુ તેના પુત્ર અને **સામુદ્રિકતિલક**ના નિપુણ છંદોરચનાકાર **જગદેવ** ( **જગદેવ** ) નું **સ્વપ્નશાસ્ત્ર** ઉપલબ્ધ થયું છે. આ ગ્રંથ બે અધિકારમાં સમાપ્ત થએલો છે. આમાં કવિએ પોતાનું વર્ણન કરતાં

**परहृदयाभिप्रायं परगदितार्थस्य वेत्ति यस्तत्त्वम् ।**
**सत्यं भुवने दुर्लभ सम्पत्तिः स कविरेकैकः ॥**

ઉપરના **સ્વપ્નશાસ્ત્ર**ની અને **સામુદ્રિકતિલક**માં આપેલી પ્રશસ્તિનો લેખક **જગદેવ** પોતે જ છે. એટલે તેના સ્થળ, સમય તથા શાસ્ત્રજ્ઞાન માટે બીજા કોઈપણ ઉહાપોહની જરૂર રહેતી નથી. **કુમારપાળ**નો સમય પ્રસિદ્ધ જ છે.

**હસ્તકાંડ પાર્શ્વચંદ્ર** નામના જૈનાચાર્યની કૃતિ છે. આ **પાર્શ્વચંદ્ર** શ્રીમદ્ **ચંદ્રાચાર્ય**ના શિષ્ય છે, એમ તેઓ પોતે જણાવે છે. તેમનો કાળ લગભગ બારમા સૈકાનો છે. તેમનો વિશેષ પરિચય ગ્રંથમાંથી મળી આવતો નથી. પણ કર્તા પોતાને **શ્રી ચંદ્રાચાર્ય**ના શિષ્ય તરીકે ઓળખાવે છે. છેલ્લા શ્લોકમાં આ હકીકત ગ્રંથકારે લખી છે.

**જૈન** સ્તોત્રસંદોહની ભૂમિકામાં દર્શાવેલી મુનિરાજ શ્રી ચતુરવિજયજીની માન્યતા મુજબ **પાર્શ્વદેવગણિ** કે જેઓ વિ. સં. ૧૧૭૧ માં વિદ્યમાન હતા તેઓ જ **હસ્તકાંડ**ના કર્તા છે. અહીં પ્રસ્તાવના લેખક **પાર્શ્વદેવગણિ**નું અપરનામ શ્રી **ચંદ્રસૂરિ** હતું તેમ જણાવે છે. પરંતુ અહીં ગ્રંથકાર પોતાના ગુરૂનું નામ શ્રી **ચંદ્રાચાર્ય** હતું એમ સ્પષ્ટ દર્શાવે છે. એટલે **પાર્શ્વદેવગણિ** એજ પાર્શ્વચંદ્ર કે બીજા કોઈ તેમાં સંદેહ રહે છે. **પાર્શ્વદેવ**ગણિ શ્રીમદ્ ધનેશ્વરસૂરિના શિષ્ય છે. એટલે મુનિરાજશ્રી ચતુરવિજયજીની માન્યતા બંધ બેસતી થતી નથી. અત્યાર સુધીમાં ત્રણ **પાર્શ્વદેવ**ગણિ થઈ ગયાનું જાણવા મળે છે. ત્રણમાં બે લગભગ સમકાલિન છે. એક વિ. સ. ૧૧૯૦ માં હોવાનું જણાવેલું છે.

**અર્હચ્ચૂડામણિસાર** એ **ચૂડામણિ** નામના અતિ ગૂઢ મનાતા પુસ્તકનો સાર હોય તેમ નામાભિધાન છે

**ચૂડામણિ**નો પરિચય અમોએ નિમિત્તશાસ્ત્રમાં આપ્યો છે. **હસ્તકાંડ** તથા **અર્હચ્ચૂડામણિ**નો વિષય એક જ છે. આ વિષયનો વિસ્તૃત ગ્રંથ અમારો સંપાદિત "**ચંદ્રોન્મિલન**" આ ગ્રંથમાલામાં હવે પછી બહાર આવનાર છે. **હસ્તસંજીવન**માં **ચૂડામણિ**ની પદ્ધતિનો ઉલ્લેખ છે. અને તેનું વિશદીકરણ થાય તે હેતુથી આ બે ગ્રંથો આપવામાં આવ્યા છે.

ત્રીજા ગ્રંથ તરીકે "**સામુદ્રિકશાસ્ત્ર**" આપ્યું છે. આ પુસ્તક સંબંધો પણ

નિમિત્તશાસ્ત્રમાં વિવેચન કર્યું છે. અને તેની પ્રાચીનતા સિદ્ધ કરી બતાવી છે. આ ગ્રંથ કોની કૃતિ છે? તે સમજાતું નથી. પણ અતિપ્રાચીન છે. એ નિર્વિવાદ છે.

આ પાંચે ગ્રંથો પૈકી **હસ્તસંજીવન**ના અત્યાર પહેલાં બે ત્રણ જગ્યાએથી પ્રકાશન થએલાં છે. પરંતુ અમારું સંપાદન તેમાં નવીજ ભાત પાડે છે. એ તો વાંચકોને અને વિવેચકોને સમજાશે. આ પુસ્તકના સંપાદનમાં અમોએ ગ્રંથકારનીજ સંશોધિત મનાતી **વિજાપુરના શાસ્ત્રવિશારદ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી જ્ઞાનમંદિરના** ભંડારની હસ્તલિખિત પ્રતનો ઉપયોગ કર્યો છે. આ પુસ્તકના મૂળ તેમજ ભાષ્યના દુરૂહ પાઠોનું શોધન તથા વિવેચન કરવામાં અમોને ઉપાધ્યાયજી **શ્રી સિદ્ધિમુનિજી** તથા **શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી**ના પ્રશિષ્ય **શ્રી હેમેન્દ્રસાગરજી**એ અમૂલ્ય સહાય આપી છે. અને સંશોધન કરતી વખતે **વિજાપુર જ્ઞાનમંદિરના** સંચાલકોએ જે અનુકૂળતા કરી આપી છે, તે ઉલ્લેખનીય છે.

આ સિવાય **અમદાવાદ ડહેલાના ઉપાશ્રય**માંથી **શ્રી ચંચળબ્હેન**ના ભંડારની હસ્તલિખિત પ્રતનો ઉપયોગ કરવામાં ઉપાશ્રયના વહીવટદારો પૈકી શેઠશ્રી **પનાલાલ ઉમાભાઇ**એ અમોને ઘણી સારી સગવડ પુરી પાડી છે. તે માટે તેમનો આભાર માનીએ છીએ. **હસ્તસંજીવન**ના રચયિતા ઉપાધ્યાયજી **શ્રીમેઘવિજયજી**નો વિસ્તૃત પરિચય પંડિત **અંબાલાલ પ્રેમચંદ શાહે** સિંઘી **જૈન ગ્રંથમાળાના** દિગ્વિજય મહાકાવ્યની પ્રસ્તાવનામાં આપેલો છે, તે ઉપરથી અત્રે આપેલો છે; જે માટે તેમનો પણ આભાર માનીએ છીએ.

## કવિનો પરિચય

શ્રી મેઘવિજયજી ઉપાધ્યાયનો જન્મ ક્યાં અને ક્યારે થયો, તેમજ તેઓ ક્યાં સુધી ગૃહસ્થ તરીકે હતા તે સંબંધી પરિચય ક્યાંયથી પણ જાણી શકાયો નથી, તેમ તેમના સાધુ જીવનમાંની પણ વધુ માહિતી મળતી નથી.

તેઓએ પોતાની પ્રત્યેક કૃતિઓના અંતે પ્રશસ્તિ રચી છે; જેમાં પોતાનું નામ, ગુરુ **શ્રી કૃપાવિજયજી**નું નામ અને **શ્રી વિજયપ્રભસૂરિ** પ્રતિ ભક્તિ-અતિરેક દર્શાવતી પંક્તિઓ મળી આવે છે. **શ્રી વિજયપ્રભસૂરિ**એ તેમને ઉપાધ્યાયપદ આપેલું તેથી તેમની પ્રતિ તેઓ આ પ્રકારે કૃતજ્ઞતા દર્શાવતા, એમ જણાઇ આવે છે.

તેઓ સાહિત્યના પ્રખર અભ્યાસી મહાકવિ હતા; એ તેમની અનેક કાવ્યરચનાઓથી જણાઇ આવે છે. **કિરાત, માઘ, નૈષધ, મેઘદૂત** આદિ કાવ્યના સતત વાચનથી તેમને સમસ્ત કાવ્યો કંઠસ્થ હશે, એ તેમની તે તે કાવ્યોની સમસ્યાપૂર્તિઓથી માલમ પડી આવે છે. તેઓ દર્શન-તત્ત્વજ્ઞાનના પંડિત હતા; એ તેમના '**યુક્તિપ્રબોધ નાટક**' પરથી જણાઈ આવે છે. એ નાટકમાં તેમણે તે વખતના પ્રધાનતઃ દિગંબર મતાનુયાયી **બનારસીદાસ**ના સિદ્ધાંતોનું આવેશપૂર્વક

ખંડન કર્યું છે અને તેથી ઇતરદર્શનોના ખંડનાત્મક રૂઢમાર્ગને મૂકીને જૈનદર્શનના નવીનમત સંસ્થાપકનું યુક્તિપૂર્વક ખંડન કરવાનો નવીન માર્ગ અપનાવ્યો છે. વ્યાકરણમાં **શ્રી હેમચંદ્રસૂરિની** 'સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન–લઘુવૃત્તિ'ને તેમણે **'હૈમકૌમુદી'** અપર નામ **'ચંદ્રપ્રભા'** રચીને ગોઠવી સરળ અને વિશદ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. એ સિવાય તેમણે એથી નાની **'લઘુપ્રક્રિયા'** અને તેથી યે નાની **'હેમશબ્દચન્દ્રિકા'** રચીને વૈયાકરણ તરીકેની ખ્યાતિ મેળવી છે. સૌથી ધ્યાન ખીંચે તેવા તેમના જ્યોતિષવિષયક અભ્યાસને લગતા ગ્રંથો છે. જૈન આચાર્યોમાંથી **શ્રી ભદ્રબાહુએ** રચેલી ફળાદેશ વિષયક **'ભદ્રબાહુસંહિતા'** અને **શ્રી કાલકાચાર્યે** રચેલી **'કાલકસંહિતા'**નાં નામો મળે છે, પણ હસ્તરેખાના વિષયમાં **'હસ્તસંજીવન'** જેવું સ્પષ્ટ અને વિસ્તૃત સંસ્કૃતની વિસ્તૃત ટીકા સાથે બીજા કોઈએ રચેલું જણાતું નથી. તે સિવાય **'ઉદયદીપિકા'**, **'વર્ષપ્રબોધ'** **'પ્રશ્નસુંદરી'** વગેરે ગ્રંથો તો જ્યોતિષના વિશિષ્ટ અભ્યાસી તરીકેનું અપૂર્વ કૌશલ બતાવી આપે છે. તેઓ અધ્યાત્મવિષયના પણ મોટા વિદ્વાન્ હતા એ તેમના **'માતૃકાપ્રસાદ'** અને **'અર્હદ્ગીતા'** વગેરે ગ્રંથોથી જાણી શકાય છે. તેમનું **'સપ્તસંધાન મહાકાવ્ય'** તો એક અદ્ભુત ગ્રંથ છે; જેમાંથી સાત મહાપુરુષોનાં ચરિત્રો એક જ પદ્યમાંથી સાત અર્થ દ્વારા નીકળે છે; એ તેમનો અનેકાર્થક શબ્દભંડોળ બતાવી આપે છે.

તેઓ ગુજરાતી ભાષાના પણ સિદ્ધહસ્ત કવિ–લેખક છે; એ તેમની જૈન ધર્મ દીપક, જૈન શાસન દીપક, આહારગવેષણા વગેરે કેટલીક ગુજરાતી કૃતિઓ ઉપરથી જાણી શકાય છે.

આમ તેઓ પ્રતિભાશાલી **કવિ**, સ્ફુરન્મતિ, **દાર્શનિક**, પ્રયોગવિશુદ્ધ **વૈયાકરણી**, સમયજ્ઞ **જ્યોતિષી**, આધ્યાત્મિક **આત્મજ્ઞાની** હતા; એ તેમના ગ્રંથોમાંનાં તદ્વિષયક આલેખનો પરથી જાણી શકાય છે.

તેઓ ઉપા. **યશોવિજયજી** અને ઉપા૦**વિનયવિજયજી**ના સમકાલીન વિદ્વાન્ હતા, છતાં એક બીજાએ ક્યાંય કોઈનું નામ ઉલ્લેખ્યું નથી; તેથી જૈન પરંપરામાં ચાલી આવતી નામ ન ઉલ્લેખવાની રૂઢિથી જાણી શકાય છે કે તેઓ પણ તેમના જેવા જ સમર્થ હતા અને તેથી સમાન સામર્થ્યના કારણે એક બીજાને ન ઉલ્લેખ્યા હોય એ સ્વાભાવિક લાગે છે.

તેમના ગુરુ **શ્રી કૃપાવિજયજીની 'શ્રી વિજયપ્રભસૂરિ નિર્વાણરાસ'** સિવાય કોઈ રચના ઉપલબ્ધ થઈ નથી છતાં તેઓ મોટા કવિ હતા એ તેમણે જ્યાં ત્યાં કરેલા ઉલ્લેખોથી જણાઈ આવે છે. વળી તેઓ ષટ્દર્શનના પ્રખરવેત્તા અને

સાહિત્ય તેમજ સિદ્ધાન્તના પંડિત હતા.[1] **શ્રી કૃપાવિજયજી**ના દીક્ષા અને શિક્ષા ગુરુ ક્રમશઃ **શ્રી કમલવિજયજી** અને **શ્રી સિદ્ધિવિજયજી** હતા. તે બંને ગુરુઓએ સન્માનક નગરમાં લુમ્પકોને હરાવી જયશ્રી પ્રાપ્ત કરી હતી.[2]

તેમના ગુરુઓનું વંશવૃક્ષ આ પ્રમાણે છેઃ—

હીરવિજયસૂરિ
|
કનકવિજય
|
શીલવિજય
|
કમલવિજય — સિદ્ધિવિજય — ચારિત્રવિજય
(સિદ્ધિવિજય)
|
કૃપાવિજય
|
મેઘવિજય

કવિના ગ્રંથોમાં છેલ્લામાં છેલ્લું સં. ૧૭૬૦માં રચાયેલું '**સપ્તસંધાનમહાકાવ્ય**' મળી આવે છે અને '**વિજયદેવમાહાત્મ્યવિવરણ**' જેની લિપિ સં. ૧૭૦૯માં થયાની પહેલવહેલી રચના સાલ મળે છે. આમ તેમનો ૫૦ વર્ષ સુધીનો ગ્રંથોનો રચનાકાલ તો નોંધાયેલો મળે જ છે; પણ તેમની બાલ્યાવસ્થા અને છેલ્લી વૃદ્ધાવસ્થાનાં કુલ ૨૦–૨૫ વર્ષ ઉમેરીએ તોયે ઓછામાં ઓછું તેઓ ૮૦ વર્ષ કે તે કરતાં યે વધુ જીવ્યાનું અનુમાન થાય છે.

તેમની પ્રત્યેક કૃતિ સંશોધિત–સંપાદિત થઈ પ્રકાશમાં આવે તો તેમના અખંડ વ્યક્તિત્વની ઝાંખી થઈ શકે છતાં તેમના જેટલા ગ્રન્થો મળી આવે છે તેની નોંધ જ્યાં ત્યાંથી એકત્રિત કરી અને તેમાં શું વિષય આવે છે તે નીચે મુજબ વિષયવાર આપવા પ્રયત્ન કર્યો છે.

---

१ "यः षट्तर्कवितर्ककर्कशमतिः साहित्य–सिद्धान्तवित् प्राणप्रक्षितिपः कृपादिविजयः प्राज्ञो विनेयस्तयोः। तत्पादाम्बुजभृङ्गमेघविजयोपाध्यायलब्धाऽऽत्मना ग्रन्थो मेरुमहीधरावधिरयं सिद्धिश्रिये नन्दतात्" ॥ १६ ॥ —युक्तिप्रबोधनाटक, प्रान्तप्रशस्ति।

२ "आद्यः श्रीकमलादिमश्च विजयस्तस्यानुजन्मा बुधः श्रीसिद्धेर्विजयोऽत्र तौ मम गुरोर्दीक्षाऽनुशिक्षागुरू। श्रीसन्मानकनाम्नि धाम्नि महसो द्रङ्गे विजित्य क्षणाल्लुम्पाकेन्द्रगणान् जयश्रियममू संप्रापतुर्विश्रुताम्" ॥ १५ ॥ —युक्तिप्रबोधनाटक, प्रान्तप्रशस्ति।

## ગ્રન્થકારે રચેલા ગ્રન્થોની વિષયવાર નોંધ

(કાવ્યગ્રંથો)

૧. **શાંતિનાથચરિત્ર**—તેમાં રચનાસમય નોંધ્યો નથી. આ કાવ્યમાં **નૈષધીય-મહાકાવ્ય**'ની સમસ્યાપૂર્તિ છે. તેમાં સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાનનું ચરિત્ર વર્ણન છે. વીરવિજય મુનિ સં. **૧૭૧૦** માં **વિજયપ્રભસૂરિ** બન્યા તે પછી આ કાવ્ય રચાયું હશે, કેમકે તેની પ્રશસ્તિમાં **શ્રી વિજયપ્રભસૂરિ** સ્મરણ[1] કરેલું છે. આ કાવ્ય '**જૈન વિવિધ સાહિત્ય શાસ્ત્રમાલા**'માં પ્રકાશિત થએલું છે.

૨. **દેવાનન્દમહાકાવ્ય**—સં. **૧૭૨૭**માં આ કાવ્ય મારવાડના સાદડી નગરમાં રચાયું હતું.[2] આ કાવ્યમાં '**માઘકાવ્ય**'ની સમસ્યાપૂર્તિ છે અને **શ્રી વિજયદેવસૂરિ** તેમજ **શ્રી વિજયપ્રભસૂરિનું** ચરિતવર્ણન છે. આ કાવ્ય '**સિંઘી જૈન ગ્રન્થમાલા**'માં પ્રગટ થયું છે.

૩ **કિરાત સમસ્યાપૂર્તિ** (?)—આ કાવ્યનું નામ શું છે તે જાણી શકાયું નથી. પણ તેમાં '**કિરતાર્જુનીયકાવ્ય**'ની સમસ્યાપૂર્તિ તો છે જ. એની એક પ્રતિ આચાર્ય શ્રી **વિજયેન્દ્રસૂરિ** પાસે હતી જેની પ્રેસકોપી મેં કેટલાયે વર્ષો અગાઉ તેમને કરી આપેલી, એ સ્મરણ ઉપરથી જણાવું છું. તે પ્રતિ મને મળી શકી નથી. તે એ સર્ગાત્મક જ હતી. સંભવતઃ ક્યાંયથી તેની પૂરી પ્રતિ મળી આવે.

૪ **મેઘદૂતસમસ્યાલેખ**—આમાં રચના સમય આપ્યો નથી. આ કાવ્ય '**મેઘદૂત**' કાવ્યની સમસ્યાપૂર્તિરુપ હોઈ એક પત્ર રૂપે છે. કવિએ ભાદ્રપદ પાંચમ પછી આ પત્ર પોતાના ગચ્છાચાર્ય શ્રી વિજયપ્રભસૂરિ, જેઓ તે સમયે દેવપાટણમાં સ્થિત હતા તેમને નવરંગપુર[3]–અવરંગાબાદથી લખ્યો છે. આ સમસ્યાના અંતે કવિએ લખ્યું છે કે–વિજયદેવસૂરિની ભક્તિ માટે માઘકાવ્યની સમસ્યાપૂર્તિદ્વારા અને શ્રી વિજયપ્રભસૂરિની ભક્તિ માટે મેઘદૂત કાવ્યની સમસ્યાપૂર્તિરૂપે તેમની પ્રશંસા કરી છે.[4] આ કથનમાં ગ્રંથકારે પોતાની બે કૃતિઓનો અનુક્રમ બતાવ્યો છે. તેથી

---

१ "गच्छाधीश्वरहीरविजयाऽऽम्नाये निकाये धियां प्रेष्यः श्रीविजयप्रभाऽऽख्यसुगुरोः श्रीमत्तपाऽऽख्ये गणे। शिष्यः प्राज्ञमणेः कृपादिविजयस्याऽऽशास्यमानाग्रणीश्चके वाचकनाममेघविजयः शस्यां समस्यामिमाम्" ॥ —शान्तिनाथचरित्र, प्रतिसर्गप्रान्ते।

२ "मुनिनयनाश्वेन्दुमिते (१७२७) वर्षे हर्षेण सादडीनगरे। ग्रन्थः पूर्णः समजनि विजयदशम्यामिति श्रेयः" ॥ ८५ ॥ —देवानन्दमहाकाव्य, प्रान्तप्रशस्ति।

३ "स्वस्तिश्रीमद्भुवनदिनकृद्वीरतीर्थाभिनेतुः प्राप्यादेशं तपगणपतेर्मेघनामा विनेयः। ज्येष्ठस्थित्यां पुरमनुसरन् नव्यरङ्गं ससर्ज स्निग्धच्छायातरुषु वसतिं रामगिर्याश्रमेषु" ॥ १ ॥ —मेघदूतसमस्यालेख, प्रारम्भ।

४ "माघकाव्यं देवगुरोर्मेघदूतं प्रभप्रभोः। समस्यार्थं निर्ममे मेघपण्डितः" ॥ १३१ ॥ —मेघदूतसमस्यालेख, प्रान्तभाग।

જણાય છે કે માઘસમસ્યાપૂર્તિ પછી જ મેઘદૂતસમસ્યાપૂર્તિ બની. એટલે સં. ૧૭૨૭ પછી જ તે રચાયું. આ ગ્રંથ 'આત્માનન્દજૈનસભા—ભાવનગર' તરફથી પ્રગટ થએલો છે.

૫ **સપ્તસંધાન મહાકાવ્ય**—રચના સમય સં. ૧૭૬૦.[1] આ કાવ્ય કર્તાની શક્તિ માટે આશ્ચર્ય ઉત્પન્ન કરાવે તેવું છે. કેમકે તેમાં એક જ શ્લોકમાં સાત પુરુષોની કથા કહેવામાં આવી છે. ઋષભદેવ, શાંતિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ, મહાવીરસ્વામી, રામચંદ્ર અને કૃષ્ણચંદ્ર—આ સાતે મહાપુરુષોનાં જીવન ચરિત્ર આ કાવ્યના પ્રત્યેક શ્લોકમાં વર્ણિત છે. ગ્રન્થ પ્રમાણ ૪૪૨ શ્લોકનું છે. ગ્રંથકાર સ્વયં લખે છે કે, "આચાર્યહેમચંદ્રસૂરિનું બનાવેલું 'સપ્તસંધાનકાવ્ય' હતું પરંતુ તે હવે મળતું ન હોવાથી મેં આ નવું બનાવ્યું છે.[2] આ ગ્રંથ "જૈન વિવિધ સાહિત્ય શાસ્ત્રમાલા" માં પ્રગટ થએલો છે અને આચાર્ય **શ્રી અમૃતસૂરિજીએ** તેના પર ટીકા બનાવી હમણાં જ સૂરતથી પ્રગટ કરેલો છે.

૬ **દિગ્વિજય મહાકાવ્ય**—આ મહાકાવ્યનો રચના સમય આપેલો નથી. આમાં શ્રી વિજયપ્રભસૂરિનું જીવનચરિત્ર છે. તેર સર્ગોનું આ કાવ્ય ગ્રંથકારે બનાવેલાં કાવ્યોમાં સૌથી મોટું છે. (સિંઘી જૈન ગ્રંથમાલામાં પ્રસિદ્ધ થએલ છે.)

૭ **લઘુત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**—હેમચંદ્રાચાર્યે રચેલા 'ત્રિષષ્ટિશલાકા'ના દશે પર્વોને સંક્ષેપમાં લગભગ ૫૦૦૦ શ્લોક પ્રમાણમાં પદ્યરૂપે આલેખ્યો છે.[3] આ ગ્રંથ મુદ્રિત થયો નથી.

૮ **ભવિષ્યદત્તકથા**—પંચમીમહાત્મ્ય ઉપર ભવિષ્યદત્તની કથા, **શ્રી** વિજય-રત્નસૂરિ સં. ૧૭૫૦ માં ગચ્છપતિ બન્યા પછી પદ્યરુપે આલેખેલી છે.[4] આ ગ્રંથ 'દાનદયામૃતહિમ્મતગ્રંથમાલા'માં પ્રગટ થયો છે.

૯ **પંચાખ્યાન**—પૂર્ણભદ્રે રચેલા મૂળ પંચાખ્યાનને ગદ્યરૂપે સંસ્કૃતમાં આલેખેલું છે. આ ગ્રન્થ મુદ્રિત થયો નથી.

---

१ "वियद्रसमुनीन्दूनां (१७६०) प्रमाणात् परिवत्सरे। कृतोऽयमुद्यमः पूर्वाचार्यचर्या-प्रतिष्ठितः" —सप्तसंधानमहाकाव्य, प्रान्तप्रशस्ति।

२ "श्रीहेमचन्द्रसूरीशैः सप्तसंधानमादिमम्। रचितं तदलाभे तु स्तादिदं तुष्टये सताम्"॥ —सप्तसंधानमहाकाव्य, प्रान्तप्रशस्ति।

३ "कृपाविजयनामकवीन्द्राः सान्द्रचान्द्रमहसो यशसा ते। तद्विनेयवाग् विनयाऽऽढ्यो निर्ममे जिनपवित्रचारित्रम्"॥ ६०३ ॥ —लघुत्रिषष्टिशलाकापुरुषचरित्र, प्रान्तप्रशस्ति।

४ "तपागणाम्भोजसहस्रभानुः सूरिर्जयी श्रीविजयप्रभाह्वः।
तत्पट्टदीपः श्रमणावनीपः प्रभासते श्रीविजयादिरत्नः ॥ ७६ ॥
राज्ये तदीये विजयिन्यजस्रं प्राज्ञाः कृपादेर्विजया बभूवुः।
शिष्यो हि मेघाद्विजयस्तदीयोऽन्वभूदुपाध्यायपदप्रतिष्ठाम् ॥ ७७ ॥
व्यरीरचद् धीरगभीरवाचा सुखावबोधाय कथाप्रबन्धम्।
स वाचकः पञ्चमिकातपस्याफलेन भोक्तुं शिवरूपलक्ष्मीम्" ॥ ७८ ॥

**૧૦ વિજયદેવમહાત્મ્ય વિવરણ**—( ટીકાગ્રંથ ) રચના સમય અજ્ઞાત છે. પરંતુ આ ગ્રંથની લિપિ સં. ૧૭૦૯ માં થઈ છે,[૧] તેથી માલમ પડે છે કે મૂલ ગ્રંથ એની પહેલાં બન્યો હશે અને વિવરણ મૂળગ્રંથની સાથે યા પાછળ બન્યું હશે. મૂળ ગ્રંથ બ્રહત્‌ખરતરગચ્છીય જિનરાજસૂરિસંતાનીય શ્રી જ્ઞાનવિમલશિષ્ય પાઠક શ્રી વલ્લભ-ઉપાધ્યાયે બનાવ્યો છે. તેમાં મુખ્ય વિષય શ્રી વિજયદેવસૂરિના જીવનનું સવિસ્તર વર્ણન છે. ઉપાધ્યાય મેઘવિજયજીએ આ મૂળ ગ્રંથ પર વિવરણ કર્યું છે. એટલે કઠિન શબ્દોનો અર્થસ્ફોટક કર્યો છે. આ ગ્રન્થ '**જૈન સાહિત્ય સંશોધક સમિતિ**' તરફથી પ્રગટ થઈ ચૂક્યો છે.

## ( ન્યાયગ્રંથ )

**૧૧ યુક્તિપ્રબોધ નાટક**—( વાણારસીય–દિગમ્બરમત–ખણ્ડનમય ) આ ગ્રંથ મૂલ પ્રાકૃત ગાથામાં અને તેના પર સ્વોપજ્ઞ સંસ્કૃત ટીકા સહિત રચેલો છે. તેમાં તેમણે મુખ્યત: બનારસીદાસની[૨] એકાન્તી નિશ્ચયનયની માન્યતાને બનારસીમત[૩]–

---

૧ "लिखितोऽयं ग्रन्थः पण्डितश्री ५ श्रीरङ्गसोमगणि शिष्यमुनिसोमगणिना सं. १७०९ वर्षे चैत्रमासे कृष्णपक्षे एकादशी–तिथौ बुधे लिखितं राजनगरे श्रीतपागच्छाधिराज–भ० श्रीविजयदेवसूरीश्वरविजय ( यि ) राज्ये"। —विजयदेवमाहात्म्य, प्रान्तपुष्पिका।

૨ 'સત્તરમી સદીમાં **બનારસીદાસ** નામના શ્રાવક હિંદીભાષાના શ્રેષ્ઠ જૈન કવિ થયા. તેઓ આગરાના રહેવાસી શ્રીમાલી વૈશ્ય હતા. તેમનો જન્મ સં. ૧૬૪૩ માં થયો હતો. તેમના પિતાનું નામ ખરગસેન હતું. તેમને ઝવેરાતનો વેપાર હતો. બનારસીદાસે ખરતરગચ્છીય મુનિ ભાનુચંદ્ર ( મુનિ અભયધર્મ ઉપાધ્યાયના શિષ્ય ) ના સમાગમમાં આવતાં ધાર્મિક ક્રિયાસૂત્રો સાથે છંદ, અલંકાર, કોશ અને વિવિધ વિષયના કેટલાક શ્લોકો કંઠસ્થ કર્યા. તેઓએ પહેલો શૃંગાર વિષયનો ગ્રંથ રચ્યો હતો પણ સં૦ ૧૬૮૦ માં તેમનું ભારે પરિવર્તન થયું. આગરામાં અર્થમલજી નામના એક અધ્યાત્મરસિક સજ્જન સાથે પરિચય થતાં શ્રીરાયમલકૃત બાલાવબોધ સહિત દિગમ્બરાચાર્ય શ્રીકુંદકુંદકૃત 'સમયસાર નાટક' મનનપૂર્વક વાંચતાં કવિને સર્વત્ર નિશ્ચય નય જ સૂઝવા લાગ્યો. તેમને વ્યવહાર નય પરથી શ્રદ્ધા જ ઊઠી ગઈ, તેથી તેમણે 'જ્ઞાનપચીશી', 'અધ્યાત્મબત્તીસી', 'ધ્યાનબત્તીસી', શિવમન્દિર' આદિ કેવલ નિશ્ચય નયને જ પોષતી આધ્યાત્મિક કૃતિઓ રચી, ભગવાન પર ચઢેલું નૈવેદ્ય ( નિર્માલ્ય ) પણ તેઓ ખાતા. ચંદ્રભાણ, ઉદયકરણ, થાનમલજી આદિ મિત્રોની પણ એ જ દશા હતી. છેવટે તો તેઓ ચારે જણ એક ઓરડીમાં નગ્ન બની પોતાને પરિગ્રહ રહિત ( દિગંબર મુનિ ) માનીને ફરતા. તેથી શ્રાવકો બનારસીદાસને "ખોસરામતી" કહેવા લાગ્યા. આ એકાન્ત દશા સં૦ ૧૬૯૨ સુધી રહી."

—જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ૦ ૫૭૬–૭૮

૩ "કવિ બનારસીદાસના અનુયાયીઓમાંથી કુમારપાલ અને અમરચંદ આદિ, જેઓ પોતાને આધ્યાત્મિકો કહેવડાવતા હતા, તેમનો શ્રી૦ ઉપા૦ શ્રીયશોવિજયજીને આગરામાં સાક્ષાત્ પરિચય થયો અને તે મતનું ખંડન કરવા તેમણે 'અધ્યાત્મમત ખંડન' મૂળ ૧૮ શ્લોક પર સ્વોપજ્ઞવૃત્તિ સાથે અને 'અધ્યાત્મ મતપરીક્ષા' નામે પ્રાકૃતના ૧૧૮ શ્લોકો રચી તે પર સવિસ્તર ટીકા પણ રચી."

—જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ૦ ૫૭૮ નું ટિપ્પણ.

અધ્યાત્મમત જણાવી તેનું આવેશપૂર્વક ખણ્ડન કર્યું છે. આ મત સં. ૧૬૮૦માં નીકળ્યો એમ જણાવ્યું છે. 'દ્રવ્ય ક્રિયાઓ છે તે કષ્ટક્રિયાઓ છે માટે અધ્યાત્મમાં લીન રહેવું ' એવી તે મતની માન્યતાનું અને દિગમ્બરો શ્વેતામ્બરોથી ૮૪ બાબતોમાં ભિન્ન પડે છે તે દિગમ્બરમતનું પણ ખંડન કર્યું છે. આ ગ્રન્થનું પ્રમાણ ૪૩૦૦ શ્લોકનું છે.[1] આ ગ્રન્થ શ્રી વિજયરત્નસૂરિના રાજ્યમાં સંવત ૧૭૫૦ પછી બનાવેલો છે.[2] આ ગ્રંથ રતલામ–ઋષભદેવ–કેશરીમલપેઢી તરફથી પ્રગટ થયો છે.

૧૨ **ધર્મમંજુષા**–આ ગ્રંથનો રચના સમય મળી શક્યો નથી. તેમાં ઢુંઢકોના મન્તવ્યોનું ખંડન છે. આ ગ્રંથ અમુદ્રિત છે, વડોદરા અને આગરામાં તેની પ્રતિઓ છે.

## વ્યાકરણગ્રંથ

૧૩ **ચન્દ્રપ્રભા ( હેમકૌમુદી )**–રચના સમય ૧૭૫૭.[3] આ ગ્રંથ વ્યાકરણનો છે. શ્રી હેમચંદ્રસૂરિ રચિત ' સિદ્ધહેમચન્દ્રવ્યાકરણ 'ને કૌમુદીના રૂપમાં મૂકીને પ્રસ્તુત ગ્રંથ બનાવ્યો છે. આની રચના [4]આગરામાં થઈ હતી, જેનું ગ્રંથ પરિમાણ ૮૦૦૦ શ્લોકનું છે.[5] આ ગ્રંથ કૌમુદી માફક પોતાના શિષ્ય ભાનુવિજય માટે બનાવ્યો[6] અને સૌભાગ્યવિજય તેમજ મેરુવિજયે તપાસ્યો હતો.[7] આ ગ્રંથ ' મેસાણા–શ્રેયસ્કર મંડળ ' તરફથી પ્રગટ થએલો છે.

---

१ " चतुःसहस्रीश्लोकानां शतत्रयसमन्वितम् । प्रमाणमस्य ग्रन्थस्य निर्मितं तत्कृता स्वयम् " ॥ १ ॥

२ " तत्पट्टभूषा महसाऽतिपूषा सुवर्णनैर्मल्यविधानभूषा । विराजते श्रीविजयादिरत्नः प्रभुः प्रभाध्यापितदेवरत्नः ॥ ४ ॥
तेषां राज्ये मुदाऽकारि वाङ्मयं युक्तिबोधनम् । मेघाद् विजयसंज्ञेन वाचकेन तपस्विना " ॥ ५ ॥ —युक्तिप्रबोधनाटक, प्रान्तप्रशस्ति ।

३ " विजयन्ते ते गुरवः शैलशरर्षीन्दुवत्सरे ( १७५७ ) तेषाम् । आदेशाद् देशपतेः स्थितिः कृताराजधान्यन्तः

४ " चातुर्मास्यामस्यां नाम्ना श्रीआगरावराऽऽख्यायाम् । नानायोगैरुचिते रचिता चन्द्रप्रभा सुधिया ॥ ८ ॥

५ " स्वाङ्के साग्रसहस्रलक्षणधरः कलशाभिषेकः सुरैः सेन्द्रैः साग्रसहस्रमानसहितैः कुम्भैश्च वृत्तः स्तुतः । ग्रन्थेऽप्यष्टसहस्रसम्मिततया सल्लक्षणैर्लक्षिते कुर्यात् सोऽभ्युदयं धियां समुदयं वीरस्त्रिलोकीगुरुः " ॥ १४ ॥

६ " श्रीमेघविजयनाम्नोपाध्यायोऽध्यायतत्परः परमः । चन्द्रचन्द्रप्रभां चक्रे भानुवयबुद्धि-वृद्धिकरी ॥ ११ ॥
भट्टोजिनाम्ना भवदीक्षितेन सिद्धान्तयुक्ता वर कौमुदी या ।
श्रीसिद्धहैमानुगता व्यधायि सैवाश्रिया भानुविभोदयाय " ॥ १२ ॥

७ " हैमचन्द्रसुगुरोः विनयस्य सिद्धेः शास्त्रार्णवोऽलभत पूर्णदशां रसेन ।
दीपोत्सवस्य दिवसे कुशलेन योऽसौ सौभाग्य-मेरुविजयादिभिरीक्ष्यमाणः " ॥ १५ ॥
—चन्द्रप्रभाव्याकरण, पूर्वार्द्धप्रान्तप्रशस्ति ।

૧૪ **હૈમશબ્દચન્દ્રિકા**–આ વ્યાકરણ ગ્રંથ વિદ્યાર્થીને પ્રાથમિક પ્રવેશ માટે બહુ જ સંક્ષેપમાં બનાવેલ છે. આ ગ્રંથ 'કચ્છ–પત્રી, ખેતશી ખીયશી' તરફથી પ્રગટ થયો છે.[1]

૧૫ **હૈમશબ્દપ્રક્રિયા**–આ વ્યાકરણ ગ્રંથ ઉપર્યુક્ત ચંદ્રિકાથી મોટો છે. તેની પ્રતિ પૂનાના ભાંડારકર ઇન્સ્ટિટયૂટમાં છે.

## ( જ્યોતિષગ્રંથ )

૧૬ **વર્ષપ્રબોધ**–રચના સમય જ્ઞાત નથી, પરંતુ ગ્રંથની પ્રાન્ત પ્રશસ્તિમાં શ્રી વિજયપ્રભસૂરિના પટ્ટધર શ્રી વિજયરત્નસૂરિની શાસનધુરામાં આ ગ્રંથ બનાવ્યો એવું સ્વયં ગ્રન્થકારે જ લખ્યું છે, તેથી પ્રતીત થાય છે કે આ ગ્રંથની રચના સં. ૧૭૩૨ માં શ્રી વિજયરત્નસૂરિ આચાર્ય બન્યા તે પછી થઈ, એમ નક્કી થાય છે.[2] પોતાના શિષ્ય મેરુવિજયનું તેમાં સ્મરણ કર્યું છે. ગ્રંથમાં તેર અધિકાર છે; ઉત્પાતપ્રકરણ, કર્પૂરચક્ર, પદ્મિનીચક્રમંડલપ્રકરણ, સૂર્ય અને ચન્દ્રના ગ્રહણનું ફલ, પ્રત્યેક માસમાં વાયુનો વિચાર, વરસાદ લાવવાના અને બન્ધ કરવાના મંત્ર–યંત્ર, સાઠ સંવત્સરોનાં ફલ, ગ્રહોની રાશિઓ ઉપર ઉદય અસ્ત વા વક્રીનું ફલ, અયન માસ પક્ષ અને દિનનો વિચાર, સંક્રાન્તિફલ, વર્ષના રાજા મંત્રી આદિનો, વરસાદના ગર્ભનો, વિશ્વાનો, આયવ્યયનો વિચાર, સર્વતોભદ્રચક્ર અને વરસાદ જાણવાના શકુન આદિ વિષયોનો સમાવેશ છે. ગ્રન્થકારે ઉક્તગ્રંથનો સંબંધ 'સ્થાનાઙ્ગસૂત્ર' નામના

---

१ "श्रीविजयप्रभसूरेः प्रेष्यः शिष्यः कृपादिविजयकवेः। श्रीमेघविजयवाचकवरः कृतां चन्द्रिकां चक्रे ॥
प्रौढायाः सरसाभां बृथा विनिर्मान्तु बालस्य। [ भावाः शर्मदा मुग्धाया रूपश्रीः पठनकृतां क्रीडाहेतुः ॥ ]
टीका– श्रीविजयप्रभसूरेरित्यादि स्पष्टम। श्रीश्च विजयश्च तौ श्रीविजयौ ताभ्यां युक्ता प्रभा बुद्धिस्तेजः प्रतिष्ठा शोभा यस्मिन्, ईदृशः सूरिर्गणपतिस्तस्य सेवकः कृत् प्रत्ययानां चन्द्रिकामिव चन्द्रिकां प्रकाशरूपां चक्रे।
प्रौढाया इति हैमबृहद्वृत्तिस्तस्याः। के के भावाः ? वचनसूत्रव्यवस्थादयः शर्म सुखं तस्य दायका न सन्ति, सर्वेऽपि सुखदाः सदा अस्या लघुत्वात्। मुग्धायाः वैचित्र्य- फलितायाः क्रीडामात्रप्रवृत्तायाः रूपश्रीः रूपप्रसाधनं सैव पठनकृतां विलोकनकृतां क्रीडाहेतुः" ॥
—हैमशब्दचन्द्रिकाव्याकरण, प्रान्तप्रशस्ति।

२ "श्रीमत्तपागणविभुः प्रसरत्प्रभावः प्रद्योतते विजयतः प्रभनामसूरिः।
तत्पट्टपद्मतरणिर्विजयादिरत्नः स्वामी गणस्य महसा विजितद्युरत्नः ॥
तच्छासने जयति विश्वविभासनेऽभूद् विद्वान् कृपादिविजयो द्विविजन्मसेव्यः।
शिष्योऽस्य मेघविजयाऽऽह्वयवाचकोऽसौ ग्रन्थः कृतः सुकृतलाभकृतेऽत्र तेन" ॥
—वर्षप्रबोध, प्रान्तप्रशस्ति।

ત્રીજા અંગ સૂત્ર સાથે બતાવ્યો છે. આનું બીજું નામ 'મેઘમહોદય' પણ છે. આ ગ્રંથ સંસ્કૃત–પ્રાકૃત બંને ભાષામાં છે, હિંદી–ગુજરાતી ભાષામાં અનૂવાદિત થઈ પ્રગટ થએલ છે.

૧૭ **રમલશાસ્ત્ર**–યદ્યપિ આ ગ્રન્થ મળ્યો નથી. પરન્તુ ઉપર્યુક્ત 'મેઘમહોદય'માં તેનો ઉલ્લેખ આવે છે. આ ગ્રન્થ પણ પોતાના શિષ્ય મેરુવિજય માટે લખ્યો હતો.

૧૮ **હસ્તસંજીવન**–આ ગ્રન્થના ૫૨૫ શ્લોકો છે. તે ઉપર કર્તાની સ્વોપજ્ઞ-વૃત્તિ 'રેખાશાસ્ત્ર' નામે છે. આ ગ્રંથ હસ્તરેખાના વિષયમાં ભારતીય જ્યોતિષનું સપ્રમાણ સુરેખ વર્ણન પૂરું પાડે છે. તેનું બીજું નામ '**સિદ્ધજ્ઞાન**' પણ છે. આ ગ્રંથ 'મોહનલાલજી ગ્રંથમાલા'માં પ્રગટ થયો છે. અને ભાષાંતર તથા ચિત્રો સાથે આ ગ્રંથમાં આપેલ છે.

૧૯ **ઉદયદીપિકા**–આ ગ્રંથમાં પ્રશ્ન કાઢવાની પદ્ધતિ માટેનું વિશદ વર્ણન છે. સં. ૧૭૫૨ માં શ્રાવક મદનસિંહ માટે પ્રશ્નોત્તરરૂપે રચેલી છે.[1] આ ગ્રન્થ છપાયો નથી.

૨૦ **પ્રશ્નસુન્દરી**–આ ગ્રંથમાં પણ પ્રશ્ન કાઢવાની પદ્ધતિનું ટૂંકમાં વર્ણન છે. આની પ્રશસ્તિમાં કેટલાક ગ્રંથોનો રચનાક્રમ પણ જણાવ્યો છે.[2] આ ગ્રંથ અમારી સિરીઝમાં હવે પછી પ્રસિદ્ધ થશે.

૨૧ **વીસાયંત્રવિધિ**–આમાં વીસાયંત્રની વિધિનું વર્ણન છે. જે પદ્માવતી સ્તોત્રના અન્તર્ગત કાવ્ય વિવરણ પર વૃત્તિ સમાન છે. તેમાં અર્જુન પતાકા,[3]

---

१ "प्रणम्याऽर्हन्तं पार्श्वमास्वद्रूपं शङ्खेश्वरस्थितम्। श्रीश्राद्धमदनात् सिंहे धर्मलाभः प्रतन्यते॥१॥
—उदयदीपिका, प्रारम्भ।

२ "चर्याऽसौ प्रश्नसुन्दर्या धुर्या माधुर्यशालिनाम्। ध्यानकेनीनुकार्या (?) धार्या त्वार्या-दिभिः श्रिये ॥ १ ॥
प्रेष्यस्तपागणपतेर्विजयप्रभाख्यसूरीशितुः कपिकृपाविजयस्य शिष्य।
चक्रे विचार्य रचनां साऽस्तु नित्या भोगश्रिये समनुयोजितधर्मलाभात् ॥ २ ॥
सूर्याचन्द्रमसौ यावद् यावन्मेरुमहीधरः। श्रीप्रश्नसुन्दरीसिद्ध्यै तावत् त्रिपुरसुन्दरी॥३॥
पद्मावती नागलोके मध्यलोके प्रभावती। श्रुतदेवीश्वरी तूर्द्ध्वलोके त्रिपुरसुन्दरी ॥ ४ ॥
तद् मुस्त (?) मेघविजयैः वत्वकैः (वाचकैः) प्रश्नसुन्दरी। विहिता धर्मलाभेन कुरता गर्त्कंतो (मक्षतीं) श्रियाः ॥ ५ ॥
आद्यं सामुद्रिकं नाम्ना द्वितीयं लोकविश्रुतम्। सूक्ष्माक्षरं तृतीयं स्यात् तुर्यं त्रिपुरसुन्दरी ॥६॥
पद्मावत्यभिधानामं शुद्धं प्रकरणं स्मृतम्। पञ्चमं पञ्चमैर्वाच्यं संशोध्याधिकधोधनैः" ॥७॥
—प्रश्नसुन्दरी, प्रान्तप्रशस्ति ( आचार्य श्रीक्षमाभद्रसूरिपासेथी प्राप्त )।

३ "श्रीमेघविजयः प्राप्तोपाध्यायपदविश्रुतः। भूविश्वेत्यादिकाव्यस्य व्याख्यानं चकृवानिदम् ॥१॥
विजययन्त्रप्रभावे—

વિજયયંત્ર વાપરવાની વિધિ છે. આ સિવાય બીજાં કેટલાંક યંત્રો રચ્યાં હોય એમ પણ જણાય છે. [1]આ ગ્રન્થ અમારી સિરીઝમાં પ્રગટ થયો છે. મૂલ્ય પાંચ રૂપિયા છે.

( અધ્યાત્મ )

૨૨ **માતૃકાપ્રસાદ**–રચના સમય સં. ૧૭૪૭. આ ગ્રંથ અધ્યાત્મવિષયનો છે. આ ગ્રંથમાં "ૐ નમઃ સિદ્ધમ્" વર્ણામ્નાય પર વિવરણ કર્યું છે અને ૐ શબ્દનું રહસ્ય સ્પષ્ટરૂપે બતાવ્યું છે. પ્રસ્તુત ગ્રંથ ધર્મનગર ( ધરમપુરી )માં બનાવ્યો એવું સ્વયં ગ્રંથકારે જ લખ્યું છે.[2]

૨૩ **બ્રહ્મબોધ**–આ ગ્રંથ યદ્યાપિ મળ્યો નથી પરંતુ સંભવતઃ તેમાં અધ્યાત્મિક વિષયોનું વર્ણન હશે, એમ લાગે છે.

૨૪ **અર્હદ્ગીતા**–આ ગ્રંથના ૩૬ અધ્યાયો છે અને તેમાં જૈનદર્શનનું વર્ણન સ્પષ્ટરૂપે કર્યું છે. આ ગ્રંથ "મહાવીર ગ્રન્થ માલા"માં પ્રગટ થયો છે.[3]

---

१ "एवं शकुनखेटानां स्थानाद् विंशतियन्त्रकम् । निश्चितं मेघविजयश्रिया विभववृद्धिदम्" ॥२१
अर्हंपदेन विंशयन्त्रव्यवस्था—
"प्राचीनानुचानैस्त्रिभागदानादिहैकशेषेऽपि । कृतगुणयन्त्रं रचितं खबाणहयन्त्रं द्वये शेषे" ॥२॥
"तन्मार्गानुगतधियोपाध्यायपदस्थमेघविजयेन । विहरज्जिनयन्त्रमिह स्फुटीकृतं
विजयकरम्" ॥ ३ ॥
"रेफस्य व्यञ्जनत्वेनैकोनत्वे पञ्च वा स्थिताः । अर्हंपदाद् विंशयन्त्रं
मेघादिविजयोदितम्" ॥ १२ ॥
"पद्मावतीस्तवने कथितविंशतियन्त्रप्रतिष्ठा—
"वाचकैर्मेघविजयैर्विंशद्यन्त्रसुसूत्रितम् । श्रीवीर-पार्श्वयत्पद्मानुभावादस्तु सिद्धिदम्" ॥
विजययन्त्राष्टमगस्या यवनमतविंशतियन्त्रप्रतिष्ठा—
"देव्या पद्मावत्या भगवत्या स्वप्नकथितयन्त्रस्य । संवादार्थं विवृत
वाचकमेघादिविजयेन" ॥ १० ॥
"तपागच्छेशसूरीशविजयप्रभसेवकः । कृपादिविजयधीराणां शिष्योऽर्हच्छासनश्रिये" ॥४९॥
—अनुभूतसिद्धविंशादिकल्पसंग्रह ।

२ "ॐ नमः सिद्धमित्यादेर्वर्णाम्नायस्य वर्णनम् । चक्रे श्रीमेघविजयोपाध्यायो
धर्मसाधनम् ॥
संवत्सरेऽश्ववार्ध्यश्वभूमिते ( १७४७ ) पोष उज्ज्वले । श्रीधर्मनगरे ग्रन्थः
पूर्णश्रियमशिश्रियत्" ॥
—मातृकाप्रसाद, प्रान्तप्रशस्ति ।

३ "इतोऽधिकं किञ्चन मातृकाया व्याख्यानमादेशि मया वितस्य । श्रीतत्त्वगीताहित
सत्प्रतीताऽध्यायेषु मध्येयधियोत्तरेषु" ॥
—मातृकाप्रसाद ।

વળી તેમણે 'પંચતીર્થસ્તુતિ–સટીક', તેમજ 'ભક્તામરસ્તોત્ર' પર ટીકા રચી છે. સિવાય કવિએ અનેક ગુજરાતી કૃતિઓ–૧ જૈનધરમદીપક, ૨ જૈન શાસન-દીપક ૩ આહારગવેષણા, ૪ શ્રી વિજયદેવસૂરિ નિર્વાણરાસ, ૫ કૃપાવિજય નિર્વાણરાસ, ૬ ચોવિશ જિન સ્તવન, ૭ પાર્શ્વનામસ્તોત્ર, વગેરે રચેલાં મળી આવે છે.

સર્વ છેલ્લે હસ્તસંજીવનના તલસ્પર્શી અભ્યાસી અને સંશોધક સ્વર્ગસ્થ શ્રીમદાચાર્ય શ્રી **વિજયક્ષમાભદ્રસૂરિશ્વરજી**ને અમો અહીં યાદ કરીએ છીએ. તેઓએ આ પુસ્તકના મૂળ અને ભાષ્યનું **જલંધર** (પૂર્વ પંજાબ)માં મહતા **સોમેશ્વર**ના પુત્ર **દયારામ**ના પુસ્તક ઉપરથી સંવત ૧૭૯૫ શકે ૧૬૬૦ના વૈશાખ વદ ૧૨ મંગળવારે અત્રસ્થી ટીકારામ **ભવાનીદત્તે** લખેલા પુસ્તક ઉપરથી સંશોધન કર્યું છે. આ સંશોધનનો આ પુસ્તકના સંપાદનમાં છૂટથી ઉપયોગ કર્યો છે. સ્વર્ગસ્થની મનઃકામના **હસ્તસંજીવનનું** સર્વાંગ સુંદર સંપાદન જોવાની હતી. પણ કાળબળથી તેઓ આ ગ્રંથના પ્રકાશન પૂર્વે જ સ્વર્ગસ્થ થયા છે. એ શોચનીય છે. સ્વર્ગસ્થે સંપાદન કરેલું મૂળ અને ભાષ્ય સાથેનું **હસ્તસંજીવનનું** પુસ્તક તથા **પ્રશ્નસુંદરી**ની શ્રીમદ્‌ની હસ્તલિખિત પ્રતો અમોને જ્યોતિષશાસ્ત્રાભ્યાસી તપસ્વી મુનિશ્રી **કાન્તિવિજયજી**એ ઉપયોગ કરવા આપી છે. એટલે તેમનો પણ આભાર માનીએ છીએ.

આમ અમો **હસ્તસંજીવન**ના મૂળ તથા ભાષ્યનું સંપૂર્ણ સંપાદન કરવા શક્તિમાન થયા છીએ. આ સંગ્રહમાં **હસ્તસંજીવન**ને મૂળ તથા ગુજરાતી ભાષાન્તર સાથે આપેલું છે. અને તેમાં આવતાં ચક્રો, કોષ્ટકો વગેરેને સારી રીતે સમજાય તેવી રીતે રજુ કરેલાં છે. વિશેષમાં **હસ્તસંજીવન**ના વિષયને માર્મિક રીતે સમજાય તે માટે ભૂમિકા તથા નિમિત્તશાસ્ત્ર સંબંધી વિસ્તૃત નિબંધ પણ આ સંગ્રહમાં સામેલ કરવામાં આવ્યા છે. એટલે **હસ્તસંજીવનનું** આ સંપાદન અભ્યાસકોને રુચિકર થઈ પડશે. એમાં બે મત છેજ નહિ.

**સામુદ્રિકશાસ્ત્ર**ની આ પહેલા એક આવૃત્તિ જુના હિંદી ભાષાન્તર સાથે **સામુદ્રિકશાસ્ત્ર** નામથી **વેંકટેશ્વર** પ્રેસમાંથી બહાર પડી હતી. આ પુસ્તકના ભાષાન્તરમાં જે કંઈ ત્રૂટીઓ હતી. તે બધી આમાંથી દૂર કરી છે. અને ગ્રંથ સારી રીતે મગજમાં ઠસે, તે માટે ગ્રંથકારોક્ત પશુ પક્ષી સાથેના મનુષ્ય અંગ પ્રત્યંગનાં સરખાવેલાં લક્ષણોને વિવિધ ચિત્રોથી દર્શાવેલાં છે. ભાષાન્તર તથા વિષય સ્પષ્ટિકરણ કરવામાં કચાશ રાખવામાં આવી નથી. અને અત્યારપૂર્વે શરીર સામુદ્રિકનાં છપાએલાં દરેક પુસ્તકો કરતાં આ પુસ્તકને રમણીય, વિશદ તથા મર્મોદ્ઘાટન કરવામાં આવ્યું છે. જો પ્રાણીઓનાં અંગ પ્રત્યંગનું સંપૂર્ણ નિદર્શન ન થયું હોય તો સામુદ્રિક-શાસ્ત્ર સમજાતું જ નથી. આ ત્રૂટી અમોને ઘણી સાલતી હતી. અત્યાર પહેલાં કોઈ

પણ સંપાદક કે પ્રકાશકનું તે તરફ ધ્યાન જ ગયું નથી. સર્વ પ્રથમ આમાંજ આ પ્રયત્ન થએલો છે. આ ચિત્રો ગુજરાતના સમર્થ કલા વિવેચક ચિત્રકાર શ્રી **રવિશંકર રાવળે** તૈયાર કર્યા છે. એટલે તેની સુંદરતા તથા પ્રમાણિકતા માટે કહેવાનું રહેતું જ નથી.

**સામુદ્રિકતિલક**ની આ ગુજરાતી સચિત્ર આવૃત્તિ સર્વ પ્રથમ જ થાય છે. અત્યાર પહેલાં ઉપર જણાવ્યું. તેમ વેંકટેશ્વર પ્રેસનું મૂળ અને હિંદી ભાષાન્તર મળતું હતું. થોડાંક વર્ષો પહેલાં શ્રીયુત **રઘુનાથ શાસ્ત્રી પટવર્ધને સામુદ્રિકતિલક** નામના ગ્રંથમાં આ પુસ્તક મરાઠી ભાષાન્તર સાથે સંપાદન કર્યું છે. પરંતુ અમારૂં સંપાદન સ્વતંત્ર જ છે અને તે સ્હેજે સમજાય તેમ છે.

**સામુદ્રિકશાસ્ત્ર, હસ્તકાંડ,** આ બે ગ્રંથનું સંપાદન હિંદની કોઈ પણ ભાષામાં થએલું જાણવામાં આવ્યું નથી. સર્વ પ્રથમ આ સંગ્રહમાં જ તે લેવામાં આવ્યાં છે. સામુદ્રિકશાસ્ત્રના શ્લોકો ઘણાં પુસ્તકોમાં ઇતસ્તતઃ જોવામાં આવે છે. **વિવેકવિલાસકારે** તેનો ઘણો ઉપયોગ કર્યો છે. આ ગ્રંથ અતિ પ્રાચીન છે. એટલુંજ કહેવું અહીં બસ થશે.

**હસ્તકાંડ** કે જે **ચૂડામણિ**ના વિષયનો જ ગ્રંથ છે. તેની પ્રત અમોને પાટણના ફોફલીયા વાડાના ભંડારમાંથી વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે મેળવી આપી હતી. તેઓશ્રીના કહેવા મુજબ અત્યારસુધી **અમદાવાદ** તથા **પાટણ**ના જૈન ભંડારોની, જાણવામાં આવેલી લગભગ ૫૦૦૦૦ પચાસ હજાર જેટલી હસ્તપ્રતોમાં **હસ્તકાંડ**ની બીજી કોઈ પ્રત નથી આવી દુર્લભ પ્રત મેળવી આપવા માટે તેઓશ્રીનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

**અર્હચ્ચૂડામણિસાર** પ્રતાકારે ઘણીજ અશુદ્ધ રીતે મહાવીર ગ્રંથમાળા **ધૂળીયાથી** પ્રકાશિત થયો હતો. આ પ્રકાશન ઉપરથીજ સંશોધિત પાઠ સાથે અહીં તેને મૂકવામાં આવ્યો છે.

**હસ્તકાંડ** તથા **અર્હચ્ચૂડામણિ**ની બીજી પ્રતોના અભાવમાં પાઠશુદ્ધિ તથા અર્થસંગતિ ઘણીજ કઠીન થઇ પડી હતી, પરંતુ ઈશ્વરકૃપાથી અમોએ તેની બને તેટલી શુદ્ધતા અર્થસંગતિ અને ભાષાન્તર તેના જ જેવા **ચંદ્રોન્મિલન, પ્રશ્નસુંદરી** વગેરે ગ્રંથોના અભ્યાસદ્વારા કરી છે. આમ હોવા છતાં ક્ષતિ રહી ગઈ હોય તો તજજ્ઞ વિદ્વાનો હંસક્ષીર ન્યાયથી અમોને ક્ષમા કરશે, એમ આશા છે.

આ પાંચ ગ્રંથોના પ્રકાશનમાં ભાઈશ્રી **સારાભાઇ મણિલાલ નવાબે** તનમન ધનથી કામ કર્યું છે. આટલી બધી મોંઘવારીમાં ઉંચા આર્ટ પેપર ઉપર સચિત્ર

આવૃત્તિ બહાર પાડવાનું સાહસ ગુજરાતના પ્રકાશકોને અચંબો પમાડનારૂં લાગશે. આ ગ્રંથોનું પ્રકાશન તેમના જેવા સાહસિકથીજ થઇ શકયું છે. હિસાબ ગણનારની દૃષ્ટિ આમાં ચાલેજ નહિ. ફક્ત અંધારે અટવાતા પ્રાચીન શાસ્ત્રના ઉદ્ધારની ધગશ જ આ કાર્ય કરાવી શકી છે. તેઓની પ્રગતિ ઉત્તરોત્તર થાય એમ હરકોઈ સાહૃદય ચાહેજ. ઈશ્વર તેમને સફળ બનાવે, અને હવે પછી પણ તેમણે કરવા ધારેલાં હીરકલશ જૈન જ્યોતિષ, અર્ધ્યકાંડ તથા ચંદ્રોન્મિલનના પ્રકાશનનો તેમને સુયોગ પ્રાપ્ત થઈ સફળતા મળે તેવી પરમાત્મા પાસે અભ્યર્થના છે. ઇતિ શમ.

મણિયાશાની ખડકી પાસે,<br>
ખાડીઆ, અમદાવાદ.<br>
વિજયાદશમી<br>
સં. ૨૦૦૩ વૈક્રમી.

**હિમ્મતરામ મહાશંકર જાની**<br>
જ્યોતિષાચાર્ય.

## જૈન સામુદ્રિકના પાંચ ગ્રંથો

# અનુક્રમણિકા


| વિષય | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ આમુખ | | ૧–૧૬ |
| ૨ નિમિત્તશાસ્ત્ર ( નિબંધ ) | | ૧૭–૫૦ |
| અષ્ટાંગનિમિત્ત, આઠ–નિમિત્તશાસ્ત્રનાં લક્ષણો | | ૧૯ |
| અંગવિદ્યા...પ્રથમ નિમિત્ત | | ૨૧ |
| સ્વપ્નશાસ્ત્ર...દ્વિતીય નિમિત્ત | | ૨૫ |
| સ્વરશાસ્ત્ર–તૃતીય નિમિત્ત | | ૩૧ |
| ભૌમશાસ્ત્ર—ચતુર્થ નિમિત્ત | | ૩૯ |
| વ્યંજનશાસ્ત્ર...પંચમ નિમિત્ત | | ૪૩ |
| લક્ષણશાસ્ત્ર...ષષ્ઠનિમિત્ત | | ૪૩ |
| ઉત્પાતશાસ્ત્ર...સપ્તમનિમિત્ત | | ૪૪ |
| અંતરીક્ષ શાસ્ત્ર...અષ્ટમનિમિત્ત | | ૪૫ |
| સિદ્ધાન્ત જ્યોતિષ લક્ષણ | | ૪૭ |
| હોરા જ્યોતિષ લક્ષણ | | ૪૮ |
| સંહિતા જ્યોતિષ લક્ષણ | | ૪૮ |
| અષ્ટાંગનિમિત્તનો સંહિતામાં સમાવેશ | | ૫૦ |
| ૩ प्रथमग्रन्थः | શ્લોક | પૃષ્ઠ |
| हस्तसंजीवन | ૧–૫૧૯ | ૫૧–૧૪૪ |
| दर्शनाधिकारः १ | ૧–૧૭૭ | ૫૧—૮૮ |
| अ શાસ્ત્રપીઠિકા हस्तप्रशंसाध्यायः १ | ૧–૧૯ | ૫૧—૫૪ |
| ब હસ્તદર્શનમાં पुण्यसाधनाध्यायः २ | ૧–૨૧ | ૫૫—૬૧ |
| હાથમાં ત્રણ તીર્થ, પાંચ સિદ્ધસ્થળતીર્થ | ૧–૩ | ૫૫ |
| ચોવિશ જિનેશ્વર, ત્રિવેણી, પંચપરમેષ્ઠી | ૪–૫–૬ | ૫૫—૫૬ |
| સિદ્ધશિલા વગેરેનાં દર્શન | ૮ | ૫૬ |
| હસ્તદર્શન માટે ન્યાસ | ૧૦ | ૫૭ |
| અકારાદિ સોળ સ્વર | ૧૧ | ૫૮ |
| હાથમાં પાર્શ્વનાથ, ઋષભદેવ | ૧૮ | ૬૧ |
| અને ત્રણ દેવતાઓ | ૧૯ | |
| હાથમાં સર્વતોભદ્રચક્ર | ૨૧ | ૬૧ |
| क नाममालाध्यायः ३ | ૧–૧૫ | ૬૨—૬૪ |
| હસ્તનામ | ૧–૨ | ૬૨ |
| અંગુષ્ઠનામ | ૩ | ૬૨ |
| અંગુલી નામ | ૪–૫ | ૬૨ |
| તર્જનીનાં નામ | ૬ | ૬૩ |

| | | |
|---|---|---|
| મધ્યમાનાં નામ | ૬ | ૬૩ |
| અનામિકા નામ | ૭ | ૬૩ |
| કનિષ્ઠિકા નામ | ૭ | ૬૩ |
| વિશ્વાનામ | ૮ | ૬૩ |
| અંગુષ્ઠમૂળનાં નામ | ૮ | ૬૩ |
| મણિબંધનાં નામ | ૯ | ૬૩ |
| કરભનાં નામ | ૯ | ૬૩ |
| હસ્તપૃષ્ઠનાં નામ | ૧૦ | ૬૩ |
| હસ્તતલનાં નામ | ૧૦ | ૬૩ |
| નખ નામ | ૧૧ાા | ૬૪ |
| પિતૃરેખાનાં નામ | ૧૨ | ૬૪ |
| માતૃરેખાનાં નામ | ૧૩ | ૬૪ |
| આયૂરેખાનાં નામ | ૧૩ | ૬૪ |
| અંગુલીમૂળ નામ | ૧૪ | ૬૪ |
| હાથના પ્રમાણનાં નામ | ૧૫ | ૬૪ |
| **३ हस्तविलोकनाध्याय ४** | ૧-૧૭ | |
| ગુરુજી પાસે હાથ દેખાડવા જવાનો વિધિ | ૧-૫ | ૬૫ |
| ગુરુનું લક્ષણ | ૬-૭ | ૬૬ |
| ગુરુએ રાખવાનો નિયમ | ૮-૧૦ | ૬૬ |
| રાત્રીએ હાથ જોવાનો નિયમ | ૧૧ | ૬૭ |
| સ્ત્રી-પુરુષ-નપુંસકના હાથનો નિયમ | ૧૨-૧૫ | ૬૭ |
| ગુરુને ભેટ આપવી | ૧૬-૧૭ | ૬૭ |
| **४ दर्शनाधिकारः ५** | ૧-૧૦૫ | ૬૮-૮૮ |
| તિથિચક્ર | ૧-૧૮ | ૬૮ |
| વારચક્ર | ૧૯-૨૯ | ૭૩ |
| નક્ષત્રચક્ર | ૩૦-૩૩ | ૭૫ |
| રાશિચક્ર | ૩૪-૩૫ | ૭૫ |
| ચંદ્રચક્ર | ૩૬-૩૭ | ૭૬ |
| વર્ષચક્ર | ૩૮-૪૯ | ૭૬ |
| માસચક્ર | ૫૦-૫૮ | ૭૮ |
| પક્ષચક્ર | ૫૯ | ૭૯ |
| દિનચક્ર | ૬૦-૬૩ | ૮૦ |
| ઘટિકાચક્ર | ૬૪-૬૭ | ૮૧ |
| દશાચક્ર | ૬૮-૭૩ | ૮૧ |
| લગ્નચક્ર | ૭૪-૭૭ | ૮૨ |
| દ્રેષ્કાણુચક્ર | ૭૮ | ૮૩ |
| યોગચક્ર | ૮૯-૮૦ | ૮૩ |

| | | |
|---|---|---|
| દિગ્ચક્ર | ૮૧–૮૬ | ૮૪ |
| દેહચક્ર | ૮૭–૯૩ | ૮૫ |
| હસ્તચંદ્રચક્ર | ૯૪–૯૬ | ૮૬ |
| હસ્તના પાંચ વર્ણ રસાદિ વર્ણન | ૯૭–૧૦૫ | ૮૬ |
| **સ્પર્શનાધિકાર ૨** | ૧–૫૪ | |
| પ્રશ્નવિધિ | ૧–૫ | ૮૮ |
| પ્રશ્ન સમય જ્ઞાન | ૬–૯ | ૯૨ |
| વર્ણજ્ઞાન પ્રકાર | ૧૦–૧૧ | ૯૨ |
| કુમારીપૂજન અને પ્રશ્ન અક્ષર | ૧૧ | ૯૨ |
| નષ્ટવસ્તુ પ્રશ્ન | ૧૯ | ૯૨ |
| ભૂમિદ્રવ્ય પ્રશ્ન | ૨૫ | ૯૩ |
| ગર્ભ પ્રશ્ન | ૨૭ | ૯૩ |
| ભોજન પ્રશ્ન | ૨૮ | ૯૩ |
| બાલાદિ પંચસ્વર | ૩૦ | ૯૪ |
| ઉત્પાતજ્ઞાન | ૩૭ | ૯૫ |
| હસ્તોપરિ અંગજ્ઞાન | ૪૦ | ૯૫ |
| અધરોત્તરાદિ વર્ણજ્ઞાન | ૪૫ | ૯૬ |
| શકુનજ્ઞાન | ૪૭ | ૯૬ |
| પાસક કેવલી | ૫૨ | ૯૭ |
| **રેખાવિમર્શનાધિકારઃ ૩** | ૧–૨૪૧ | ૯૮–૧૩૭ |
| હાથ જોવામાં સિદ્ધિ | ૨ | ૯૮ |
| રેખાઓ જોવાનો ક્રમ | ૪ | ૯૯ |
| શુભ ફળ આપનાર હાથનું લક્ષણ | ૧૦ | ૧૦૦ |
| મણિબંધ લક્ષણ | ૧૧ | ૧૦૦ |
| હથેળીનું લક્ષણ | ૧૨ | ૧૦૦ |
| હસ્તપીઠનું લક્ષણ | ૧૫ | ૧૦૧ |
| આંગળીઓનું લક્ષણ | ૨૦ | ૧૦૧ |
| આંગળીઓ ઉપરથી આયુર્દા | ૩૪ | ૧૦૪ |
| કપાળ ઉપરથી આયુર્દા | ૩૮ | ૧૦૪ |
| મણિબંધનું ફળ | ૩૯ | ૧૦૫ |
| રેખાઓનું ફળ | ૪૨ | ૧૦૫ |
| રેખાઓના સામાન્ય રીતે ગુણદોષ | ૫૩ | ૧૦૭ |
| રેખાઓની મર્યાદા | ૫૭ | ૧૦૭ |
| હસ્તચિન્હ સૂત્ર | ૬૭–૧૦૦ | ૧૦૯–૧૧૫ |
| રેખાવેધના પ્રકાર અને ફળ | ૬૯ | ૧૦૯ |
| ધનવિચાર | ૭૧ | ૧૧૦ |
| ધર્મરેખા | ૭૩ | ૧૧૦ |
| મૃત્યુરેખા | ૭૫ | ૧૧૦ |

| | | |
|---|---|---|
| યશ અને ભાગ્યરેખા | ૭૮ | ૧૧૧ |
| જન્મકાળ જાણવાની રીત | ૮૧ | ૧૧૧ |
| મૃત્યુના કારણનું જ્ઞાન | ૮૨ | ૧૧૨ |
| ભોગ રેખા | ૮૭ | ૧૧૨ |
| સંતાન રેખા | ૮૮ | ૧૧૩ |
| દ્રવ્યલાભ જ્ઞાન | ૯૧ | ૧૧૩ |
| માતાપિતાના મૃત્યુનું જ્ઞાન: | ૯૪ | ૧૧૪ |
| સ્નેહ અને કતૃત્વ જ્ઞાન | ૯૫ | ૧૧૪ |
| પશ્વાદિ ભયજ્ઞાન | ૯૭ | ૧૧૪ |
| હસ્તચિન્હસૂત્ર સમાપ્ત | | |
| આયુરેખાનું સ્વરૂપ અને ફળ | ૧૦૧ | ૧૧૫ |
| ધનરેખા ,, ,, ,, ,, | ૧૦૮ | ૧૧૬ |
| ગોત્રરેખા વિચાર | ૧૧૩ | ૧૧૭ |
| ઉર્ધ્વરેખાના ભેદ | ૧૧૬ | ૧૧૭ |
| સ્રીરેખા | ૧૨૬ | ૧૧૯ |
| દીક્ષારેખા | ૧૩૦ | ૧૧૯ |
| રખાત અને જારરેખાઓ | ૧૩૧ | ૧૨૦ |
| લક્ષણોનું બાધકત્વ ઉદાહરણ સાથે | ૧૩૫ | ૧૨૦ |
| સંતાન રેખા | ૧૩૯ | ૧૨૧ |
| ભાઈ ભાંડુની રેખા | ૧૪૩ | ૧૨૧ |
| દિવારાત્રી જન્મજ્ઞાન | ૧૫૧ | ૧૨૨ |
| હાથમાં બત્રીસ લક્ષણો | ૧૫૬ | ૧૨૪ |
| ચિન્હોનું ફળ હસ્તબીંબ ગ્રંથોક્ત | ૧૫૭–૧૭૧ | ૧૨૪–૧૨૬ |
| આંગળીઓના ચક્રોનું ફળ | ૧૭૨ | ૧૨૬ |
| મત્સ્યાદિ ચિન્હોનું ગ્રંથકારોક્ત ફળ | ૧૭૫ | ૧૨૭ |
| શૈવ સામુદ્રિકોક્ત ચિન્હોનું ફળ | ૧૮૮ | ૧૨૯ |
| કરરેહા પ્રકરણકારોક્ત ચિન્હોનું ફળ | ૧૯૪ | ૧૩૦ |
| બંદિરેખા કરરેહા પ્રકરણકારોક્ત | ૨૦૪ | ૧૩૧ |
| કાકપદનું લક્ષણ અને ફળ ,, | ૨૧૦ | ૧૩૨ |
| પદ્મીરેખા | ૨૧૧ | ૧૩૨ |
| ભાગ્યરેખા | ૨૧૨ | ૧૩૨ |
| ધર્મરેખા } | ૨૧૬ | ૧૩૨ |
| હૃદયપીડા રેખા } | ૨૧૬ | ,, |
| અધર્મરેખા અને સમાધિ મરણરેખા | ૨૧૮ | ૧૩૩ |
| વ્રતરેખા અને ભિક્ષારેખા કરરેહા પ્રકરણકારોક્ત | ૨૧૯ | ૧૩૪ |
| મૃત્યુરેખા કરરેખા પ્ર૦ અને ભોજરાજોક્ત | ૨૨૩ | ૧૩૪ |
| સ્રીરેખા અને મિત્રરેખા | ૨૨૬ | ૧૩૫ |
| પદરેખા | ૨૨૭ | ૧૩૫ |

| | | |
|---|---|---|
| વાહનરેખા | ૨૨૮ | ૧૩૫ |
| સ્ત્રીરેખામાં મતભેદ | ૨૨૯ | ૧૩૫ |
| તલલક્ષણ | ૨૩૧ | ૧૩૫ |
| યાત્રારેખા-વિદ્યારેખા | ૨૩૨ | ૧૩૫ |
| શત્રુરેખાઓ અને મિત્રરેખાઓ | ૨૩૪ | ૧૩૬ |
| આંગળીઓની પાછળની રેખાઓનું ફળ | ૨૩૫ | ૧૩૬ |
| **विशेषाधिकारः ४** | ૧-૪૭ | ૧૩૭-૧૪૪ |
| વિશેષપક્ષ | ૧ | ૧૩૭ |
| નખલક્ષણ | ૨ | ૧૩૭ |
| આવર્તલક્ષણ | ૫ | ૧૩૮ |
| સ્ત્રીઓની રેખાઓ સંબંધી વિશેષ કથન | ૧૨ | ૧૩૯ |
| પુરુષના ડાબા હાથનું વર્ણન | ૨૭ | ૧૪૧ |
| ઉપસંહાર | ૪૨ | ૧૪૩ |
| ગ્રંથાલંકાર | ૪૩ | ૧૪૩ |
| **द्वितीयग्रंथः** | | |
| **સામુદ્રિકતિલક** | ૧-૭૯૦ | ૧૪૫-૨૬૬ |
| **प्रथमोऽधिकारः** | ૧-૨૯૮ | ૧૪૫-૧૬૬ |
| મંગલાચરણ | ૧ | ૧૪૫ |
| સામુદ્રિકશાસ્ત્રની ઉત્પત્તિ | ૨ | ૧૪૬ |
| અંગવિભાવ | ૧૪ | ૧૪૭ |
| પગના તળીયાનું વર્ણન | ૨૭ | ૧૪૯ |
| પગની આંગળીએ અને નખનું વર્ણન | ૩૫ | ૧૫૦ |
| પગની પીઠનું વર્ણન ( ઘુંટી અને એડી સાથે ) | ૪૫ | ૧૫૨ |
| પગની નળીનું વર્ણન | ૫૦ | ૧૫૨ |
| પગના નળા ઉપરનાં રૂંવાટાં | ૫૩ | ૧૫૪ |
| પગના ઢીંચણ, સાથળ અને તે ઉપરનાં રૂંવાટાં | ૫૭ | ૧૫૫ |
| કટિભાગ, પગના થાપા | ૬૩ | ૧૫૬ |
| ગુહ્ય | ૬૮ | ૧૫૭ |
| વૃષણ, શિશ્ન | ૬૯ | ૧૫૮ |
| વીર્ય, મૂત્ર | ૮૫ | ૧૬૧ |
| રૂધિર | ૯૨ | ૧૬૨ |
| બસ્તી, નાભિ, | ૯૫ | ૧૬૨ |
| કુક્ષી, જઠર, ( પેટ ) | ૧૦૧ | ૧૬૩ |
| કમર, પેટની વલ્લી, હૃદય | ૧૦૯ | ૧૬૫ |
| વક્ષઃ સ્થળ ( છાતી, સીનો ) સ્તન | ૧૧૩ | ૧૬૬ |
| ગળાની હાંસડી, ખભા, બગલ | ૧૧૮ | ૧૬૭ |

| | | |
|---|---|---|
| બાહુ, હાથ, પંજો અને હથેળી | ૧૨૪ | ૧૬૮ |
| પોંચો, હાથની પીઠ, હથેળીનો રંગ | ૧૩૦ | ૧૬૯ |
| મીન ( મત્સ્ય ) આદિ ચિહ્નો, રેખાઓ | ૧૩૬ | ૧૬૯ |
| પીઠ ( બરડો ) ગરદન, ગળું | ૨૦૦ | ૧૭૯ |
| ચિબુક, હડપચી, ઝડબાં, દાઢી | ૨૦૬ | ૧૮૦ |
| ગંડસ્થળ, કપોલ, મુખ | ૨૧૧ | ૧૮૧ |
| ઓઠ | ૨૧૮ | ૧૮૨ |
| દાંત | ૨૨૨ | ૧૮૩ |
| જીભ | ૨૨૮ | ૧૮૪ |
| તાળવું, ગળાની ઘંટડી | ૨૩૨ | ૧૮૫ |
| હાસ્ય | ૨૩૫ | ૧૮૫ |
| નાસિકા ( નાક, નસકોરાં ) છીંક | ૨૩૭ | ૧૮૫ |
| આંખ | ૨૪૫ | ૧૮૭ |
| પાંપણ, નિમેષ | ૨૫૯ | ૧૮૯ |
| રૂદન, ભ્રમર | ૨૬૬ | ૧૯૧ |
| કાન, કાનની પટ્ટી | ૨૭૨ | ૧૯૨ |
| માથું, કપાળ, કપાળની રેખાઓ | ૨૭૭ | ૧૯૨ |
| વાળ | ૨૯૪ | ૧૯૫ |
| શરીર | ૨૯૬ | ૧૯૫ |
| **द्वितीयोऽधिकारः** | ૧–૯૯ | ૧૯૬–૨૧૦ |
| ક્ષેત્રના આઠ વિભાગ | ૧ | ૧૯૬ |
| સંહતિ ,, | ૨ | ૧૯૬ |
| સાર ,, | ૬ | ૧૯૭ |
| અનૂક ,, | ૧૩ | ૧૯૮ |
| સ્નેહ ,, | ૧૬ | ૧૯૮ |
| ઉન્માન | ૨૦ | ૧૯૯ |
| પ્રમાણ | ૨૪ | ૧૯૯ |
| માન | ૩૩ | ૨૦૧ |
| ક્ષેત્ર | ૫૫ | ૨૦૪ |
| પ્રકૃતિ | ૬૧ | ૨૦૫ |
| મિશ્રક | ૬૮ | ૨૦૬ |
| મનુષ્યનાં ૩૨ લક્ષણો | ૮૮ | ૨૦૯ |
| **तृतीयोऽधिकारः** | ૧–૪૬ | ૨૧૧–૨૧૭ |
| આવર્ત ( ભમરીઓ ) | ૧ | ૨૧૧ |
| ગતિ | ૧૪ | ૨૧૨ |
| છાયા ( કાન્તિ ) | ૧૯ | ૨૧૩ |

| | | |
|---|---|---|
| સ્વર ( અવાજ ) | ૨૭ | ૨૧૪ |
| ગંધ | ૩૧ | ૨૧૫ |
| વર્ણ | ૩૪ | ૨૧૫ |
| સત્ત્વ ( ચેતન–પ્રભાવ ) | ૩૬ | ૨૧૬ |
| **ચતુર્થોઽધિકારઃ શ્રી સામુદ્રિક** | ૧–૧૮૮ | ૨૧૭–૨૪૩ |
| શ્રી સામુદ્રિકની પ્રતિજ્ઞા | ૧ | ૨૧૭ |
| પગનાં તળીયાં અને તેમાંનાં ચિહ્નો | ૧૦ | ૨૧૯ |
| પગનો અંગુઠો | ૧૭ | ૨૨૦ |
| પગની આંગળીઓ | ૧૯ | ૨૨૦ |
| પગની આંગળીઓના નખ | ૨૭ | ૨૨૧ |
| ઘુંટીઓ | ૩૦ | ૨૨૧ |
| જાંઘ | ૩૨ | ૨૨૨ |
| જાનુ ( ઢીંચણ ) | ૩૬ | ૨૨૨ |
| ઉરુ ( સાથળ ) | ૩૮ | ૨૨૩ |
| કટિ | ૪૧ | ૨૨૩ |
| નિતંબ | ૪૩ | ૨૨૩ |
| થાપા ( સ્ફિક્ ) | ૪૫ | ૨૨૪ |
| ગુહ્યાંગ | ૪૮ | ૨૨૫ |
| બસ્તિ | ૬૫ | ૨૨૬ |
| નાભિ | ૬૬ | ૨૨૭ |
| કુક્ષી | ૭૦ | ૨૨૭ |
| પડખાં | ૭૨ | ૨૨૭ |
| પેટ | ૭૪ | ૨૨૮ |
| વલ્લી | ૭૬ | ૨૨૮ |
| હૃદય | ૮૩ | ૨૨૯ |
| વક્ષઃસ્થલ | ૮૬ | ૨૨૯ |
| સ્તન | ૮૮ | ૨૩૦ |
| જત્રુ ( ગળાની હાંસડી ) | ૯૭ | ૨૩૧ |
| ખભા | ૯૯ | ૨૩૧ |
| બગલ | ૧૦૩ | ૨૩૨ |
| બાહુ ( હાથ ) | ૧૦૫ | ૨૩૨ |
| હાથની આંગળીઓ | ૧૨૨ | ૨૩૪ |
| હાથના નખ | ૧૨૪ | ૨૩૪ |
| હાથની પીઠ | ૧૨૭ | ૨૩૫ |
| ગરદન | ૧૨૯ | ૨૩૫ |
| ચિબુક ( હડપચી ) | ૧૩૫ | ૨૩૫ |
| દાઢી | ૧૩૬ | ૨૩૬ |
| કપોલ ( ગંડસ્થળ ) | ૧૩૭ | ૨૩૬ |

| | | |
|---|---|---|
| મુખ | ૧૩૯ | ૨૩૬ |
| ઓઠ | ૧૪૨ | ૨૩૬ |
| દાંત | ૧૪૮ | ૨૩૭ |
| જીભ | ૧૫૩ | ૨૩૮ |
| તાળવું | ૧૫૭ | ૨૩૮ |
| હાસ્ય | ૧૬૦ | ૨૩૯ |
| નાક | ૧૬૧ | ૨૩૯ |
| છિંક | ૧૬૨ | ૨૩૯ |
| આંખ | ૧૬૩ | ૨૩૯ |
| પાંપણો | ૧૭૨ | ૨૪૧ |
| ભમરો | ૧૭૪ | ૨૪૧ |
| કાન | ૧૭૭ | ૨૪૧ |
| લલાટ | ૧૭૯ | ૨૪૨ |
| માથું | ૧૮૩ | ૨૪૨ |
| વાળ | ૧૮૫ | ૨૪૨ |
| **पञ्चमोऽधिकारः** | ૧–૧૪૯ | ૨૪૩–૨૬૪ |
| વ્યંજન, પ્રકૃતિ અને મિશ્રકમાં | | |
| તલ, મસ લાંચ્છન ઇત્યાદિ | ૧ | ૨૪૩ |
| પ્રકૃતિ ( વાતપિત્તકફાદિ ) | ૧૬ | ૨૪૫ |
| **अ कफ प्रकृतिः** | ૧૭ | ૨૪૫ |
| **ब पित्तप्रकृतिः** | ૨૨ | ૨૪૩ |
| **क वातप्रकृति** | ૨૬ | ૨૪૭ |
| પ્રકૃતિ ( દેવ વિદ્યાધરાદિ ૧૨ પ્રકારની ) | ૩૨ | ૨૪૮ |
| સ્ત્રીનાં કેટલાંક વિશેષ લક્ષણો | ૪૫ | ૨૫૦ |
| પદ્મિની, હસ્તિની, ચિત્રિણી, શંખિણી | ૫૮ | ૨૫૧ |
| પતિનો ઘાત કરનારી સ્ત્રી | ૬૫ | ૨૫૨ |
| સ્ત્રીઓનાં કેટલાંક ખરાબ લક્ષણો | ૭૧ | ૨૫૩ |
| મૃગી, વડવા ( ઘોડી ) અને કરિણી | ૯૨ | ૨૫૬ |
| આદિ કામશાસ્ત્રોક્ત ભેદ | | |
| સ્ત્રીના કામિની સંજ્ઞાનું કારણ | ૯૬ | ૨૫૭ |
| સંહતિ ઇત્યાદિનો સંક્ષેપ | ૯૯ | ૨૫૭ |
| સ્ત્રીની વર્ણ ( રંગ ) ની પ્રશંસા | ૧૦૪ | ૨૫૮ |
| વર વર્ણિનીનું લક્ષણ | ૧૧૦ | ૨૫૯ |
| ગંધ | ૧૧૧ | ૨૫૯ |
| આવર્ત ( ભમરીઓ ) | ૧૧૬ | ૨૬૦ |
| સત્ત્વ | ૧૨૮ | ૨૬૧ |
| સ્વર | ૧૩૦ | ૨૬૨ |

| | | |
|---|---|---|
| ગતિ | ૧૩૫ | ૨૬૨ |
| છાયા | ૧૪૦ | ૨૬૩ |
| કવિ વૃત્તાંત ( ગ્રંથાલંકાર ) | ૧ | ૨૬૫ |
| ૩ તૃતીયગ્રન્થઃ | | |
| સામુદ્રિક શાસ્ત્ર | ૧–૨૭૨ | ૨૬૭–૩૦૭ |
| પ્રથમોऽધ્યાયઃ | | |
| હાથ જોવાની રીત | | |
| ૩૨ લક્ષણો, તેમજ શરીરનું સંક્ષિપ્ત વર્ણન | ૧–૨૪ | ૨૬૭ |
| દ્વિતીયોऽધ્યાયઃ | | |
| પુરુષનાં અંગ પ્રત્યંગોનાં ફળ | ૧–૧૨૭ | ૨૭૦–૨૯૦ |
| પાદ(પગ) લક્ષણ | ૧ | ૨૭૦ |
| નખાધિકાર | ૧૨ | ૨૭૨ |
| જંઘાધિકાર | ૧૭ | ૨૭૩ |
| રોમ ગતિવીર્ય લિંગાદ્યધિકાર | ૨૨ | ૨૭૪ |
| રૂધિરાધિકાર | ૩૯ | ૨૭૬ |
| કટ્યધિકાર | ૪૧ | ૨૭૬ |
| ઉદરાધિકાર, નાભ્યધિકાર | ૪૩ | ૨૭૭ |
| સ્તન લક્ષણાધિકાર | ૪૬ | ૨૭૭ |
| કરરેખા લક્ષણાધિકાર | ૫૧ | ૨૭૮ |
| મુખાધિકાર | ૮૫ | ૨૮૩ |
| ગંડાધિકાર | ૯૦ | ૨૮૪ |
| ઓષ્ઠાધિકાર | ૯૨ | ૨૮૪ |
| દંતાધિકાર | ૯૩ | ૨૮૪ |
| જીહ્વાધિકાર | ૯૭ | ૨૮૫ |
| તાલ્વધિકાર | ૧૦૦ | ૨૮૫ |
| સ્વરાધિકાર | ૧૦૨ | ૨૮૬ |
| નાસિકાધિકાર | ૧૦૪ | ૨૮૬ |
| ( અક્ષ્યધિકાર ) આંખ | ૧૦૭ | ૨૮૭ |
| ( કર્ણાધિકાર ) કાન | ૧૧૦ | ૨૮૭ |
| લલાટાધિકાર | ૧૧૩ | ૨૮૮ |
| વાળ ( કેશાધિકાર ) | ૧૨૩ | ૨૮૯ |
| વર્ણાદિ | ૧૨૫ | ૨૮૯ |
| તૃતીયોऽધ્યાયઃ | | |
| સ્ત્રી લક્ષણાધિકાર | ૧ | |
| કેવી કન્યા વરવા લાયક છે ? | ૧ | ૨૯૦ |
| કન્યા પરીક્ષાની રીત | ૫ | ૨૯૧ |

| | | |
|---|---|---|
| પગ | ૯ | ૨૯૧ |
| પગના તળીયાનાં ચિહ્નો, આંગળીઓ | ૧૨ | ૨૯૧ |
| પગની ઘુંટીઓ | ૧૯ | ૨૯૨ |
| કટિથી ગળા પર્યંતનાં લક્ષણો | ૨૨ | ૨૯૩ |
| જાંઘ | ૩૧ | ૨૯૪ |
| નિતંબાદિ નાભિ કુક્ષી વગેરે | ૩૭ | ૨૯૫ |
| સ્તન | ૪૧ | ૨૯૬ |
| ગ્રીવા અને જીભ | ૪૫ | ૨૯૬ |
| તાળવું, દાંત, ઓઠ | ૪૯ | ૨૯૭ |
| નાસિકા | ૫૩ | ૨૯૭ |
| આંખો | ૫૫ | ૨૯૭ |
| મુખ | ૫૯ | ૨૯૮ |
| લલાટ | ૬૧ | ૨૯૮ |
| સ્વર. કર્ણ, નાભિમાં ભમરી આદિ | ૬૫ | ૨૯૯ |
| સ્ત્રીનાં ખરાબ લક્ષણો ( વ્યભિચારાદિ ) | ૬૯ | ૨૯૯ |
| સ્ત્રીનાં સારાં ખોટાં લક્ષણો | ૭૨ | ૩૦૦ |
| પદ્મિન્યાદિ લક્ષણો | ૧૧૧ | ૩૦૬ |
| ઉપસંહાર | ૧૨૧ | ૩૦૭ |
| ૪ चतुर्थो ग्रन्थः | | |
| હસ્તકાંડ | ૧–૧૦૦ | ૩૦૮ |
| વિષય પ્રતિજ્ઞા | ૧ | ૩૦૮ |
| પરિભાષા પ્રકરણ | ૬ | ૩૦૮ |
| લાભાલાભ ,, | ૧૧ | ૩૦૯ |
| સુખ દુઃખ ,, | ૧૮ | ૩૧૧ |
| જીવિત મૃત્યુ ,, | ૨૧ | ૩૧૧ |
| જય પરાજય ,, | ૨૭ | ૩૧૨ |
| ભૂચ્છત્ર ભંગાદિ ,, | ૩૨ | ૩૧૩ |
| ચિંતા પ્રકરણ ( મૂક પ્રશ્ન ) | ૩૪ | ૩૧૩ |
| વર્ણધર્મ પ્રકરણ | ૫૬ | ૩૧૬ |
| દિગ્ પ્રકરણ | ૬૦ | ૩૧૭ |
| કાલ પ્રકરણ | ૬૬ | ૩૧૮ |
| અર્ઘકાંડ પ્રકરણ | ૭૧ | ૩૧૯ |
| ગર્ભ પ્રશ્ન પ્રકરણ | ૭૫ | ૩૧૯ |
| ગમાગમ પ્રકરણ | ૮૦ | ૩૨૦ |
| વર્ષા પ્રકરણ | ૮૫ | ૩૨૧ |
| શલ્યોદ્ધાર પ્રકરણ | ૮૭ | ૩૨૧ |
| ચોરચિંતા પ્રકરણ | ૯૦ | ૩૨૨ |
| મંગલાચરણ વગેરે | ૯૨ | ૩૨૨ |
| ५ पञ्चमो ग्रन्थः | गाथा | |
| અર્હચ્ચૂડામણિ સારઃ ( પ્રાકૃત ) | ૧–૭૩ | ૩૨૫-૩૩૬ |

# હસ્તસંજીવન.

# આમુખ

આ ગ્રંથ શ્રી **મેઘવિજયગણિએ** ક્યારે લખ્યો તે સ્પષ્ટ કહી શકાય તેમ નથી. કારણ ગ્રંથમાં ક્યાંય તેવો ઉલ્લેખ નથી. પરંતુ ભાષ્યમાં સંવત ૧૭૩૭ ની સાલનાં ઉદાહરણ છે. તેમજ ગ્રંથકારની લેખન પ્રવૃત્તિ સંવત ૧૭૧૪ થી શરૂ થઈ સંવત ૧૭૬૦ સુધી પહોંચેલી છે. એટલે ૧૭૩૭ ની આજુ બાજુમાં મૂળગ્રંથ તથા તેનું ભાષ્ય પુરૂં થયું હશે. મૂળની તેમજ ભાષ્યની રચના જોતાં અનુમાન થાય છે કે, ગ્રંથકારે સર્વ પ્રથમ મૂળગ્રંથ લખી કોઈ કોઈ કઠીન સ્થળે ટીપ્પણી રૂપ ભાષ્ય લખ્યું હશે, પરંતુ ત્યાર બાદ ઘણા વખત પછી ગ્રંથકારે **સામુદ્રિકલહરી** નામથી ભાષ્યની યોજના કરી છે, અને તેમાં મૂળ તેમજ ટીપ્પણી રૂપે યોજેલા ભાષ્ય બંનેની ઉપર ભાષ્ય કર્યું છે.

**સામુદ્રિકલહરી** ભાષ્ય તેમણે શા માટે લખ્યું ? તે વિષયમાં તેઓ લખે છે કે

**वाराणसीपुरि वसन् कविजीवरामः प्रोद्दामबुद्धिरभिरामतयातिकामः ।**
**हेतुर्बभूव भवने विवृतेरमुष्या अत्याग्रहेण अणनादति तीक्ष्णमत्या ॥**

**उपाध्यायो नाम्ना स भुवि विजयी मेघविजयः**
**कृतास्योपज्ञासौ विवृतिरमला येन सुभगा**
**यदेतस्यां मिथ्या कथनमथन स्पष्ट मुदितं**
**विशुद्ध्यै बुद्ध्यै वा न तु सुमनस्तस्य जयिनः ॥**

અર્થાત્-**વારાણસી** નગરીના રહીશ, વિશાળ બુદ્ધિવાળા શ્રેષ્ઠ પુરુષ **જીવરામ** કવિએ તીક્ષ્ણ બુદ્ધિથી વિચારી આ ગ્રંથની ટીકા કરવા અત્યાગ્રહ કરી આ ટીકા થવામાં કારણ થયા છે.

ઉપાધ્યાય **મેઘવિજય** એ આ સુભગ નિર્મળ વિવૃત્તિ પોતે કરી છે. આ ટીકામાં કાંઈ પણ જો મિથ્યા કથન હોય અથવા કંઇક અસ્પષ્ટ રહી ગયું હોય તો તે વિજયી **મેઘવિજય** દોષપાત્ર નથી, પરંતુ તે બુદ્ધિની વિશુદ્ધિ માટે છે.

ગ્રંથકારને મંત્ર તંત્ર તેમજ જ્યોતિષશાસ્ત્રનો સારો પરિચય તથા વ્યાસંગ હોય

તેમ માલુમ પડી આવે છે. તેમણે **હસ્તસંજીવન**, **પ્રશ્નસુંદરી** તથા **વર્ષપ્રબોધની** રચના તેમજ **અર્જુન પતાકાની** રચના કરી પોતાના જ્યોતિષિક જ્ઞાનનો પરિચય આપ્યો છે. જ્યોતિષનાં ગૂઢ રહસ્યો તરફ જ તેમનો ઢોળાવ વધારે પડતો છે. અને તેથી જ નષ્ટ જાતક વિષયમાં તેઓ ઉંડા ઉતરી **પ્રશ્નસુંદરી**ની રચના તથા ગ્રહચાર અને સમર્ઘ–મહર્ઘ (તેજીમંદી) ઉપર ખુબ ઉહાપોહ કરી **વર્ષપ્રબોધની** રચના કરી છે. આથી સદ્યોફલ દાતા ચમત્કૃતિ ભર્યા વિષયો ઉપર જ તેમનું લક્ષ્ય હશે એમ અનુમાન થાય છે.

ગ્રંથકારની પ્રતિભા વિલક્ષણ છે. કાવ્ય સાહિત્યમાં સમસ્યાપૂર્તિ દ્વારા **મેઘદૂત**, **નૈષધ** અને **માઘનો** તેમણે પોતાના કાવ્યોમાં અંતર્ભાવ કર્યો છે. તેમજ જ્યોતિષના ગૂઢ વિષયોને પોતાની પ્રતિભા નિકર્ષ ઉપર કસી ગ્રંથરચના કરી છે. તેમાં વળી **હસ્તસંજીવન**માં અષ્ટાંગ નિમિત્તને એક હાથમાં જ ઘટાવી દીધું છે. અષ્ટાંગ નિમિત્તની આઠે આઠ શાખાઓના ગમક તરીકે એક હાથને જ કલ્પી તેમાં સર્વનો અંતર્ભાવ કર્યો છે. તે તેમની **માઘ** અને **નૈષધ** જેવાં કાવ્યોના અંતર્ભાવ કરવાની પ્રતિભાનું પરિણામ છે.

ગ્રંથકારની આ સૂઝ નવીન છે? કે કોઈ વસ્તુ ઉપરથી પ્રેરણા મળી છે? તે વિચારતાં બીજી હકીકતને માનવાને કારણ મળે છે.

ગ્રંથકારે દર્શનાધિકારના અંતમાં **સામુદ્રિકભૂષણ**ના કેટલાક શ્લોકો આપ્યા છે. તે વિચારતાં હાથમાં જ દરેક વસ્તુની કલ્પના તેમણે તે શ્લોકો દ્વારા મેળવી હોવી જોઈએ; એમ અનુમાન થાય છે. ગ્રંથકારનું એક જ ધ્યેય વિચારપથમાં વારંવાર આવે છે કે અષ્ટાંગ નિમિત્તનો કેવળ હાથમાં જ સમાવેશ કરવો. અષ્ટાંગ નિમિત્તનાં વિવિધ સાધનોની જગ્યાએ કેવળ હાથ એ એક જ સાધન લઈ દરેક રીતે ફલ કથન કરાય, એ એક જ વસ્તુને તેમણે સાબીત કરવા ગ્રંથલેખન રૂપ શ્રમ ઉઠાવ્યો છે. અને તેથીજ તેમણે હસ્ત દ્વારા અષ્ટાંગ નિમિત્તને સંજીવન આપી ગ્રંથનું નામ **હસ્તસંજીવન** રાખ્યું છે. આ બધું કવિચાતુર્ય તથા વિદ્વન્મનોરંજન એક જ્ઞાન–મસ્ત પુરુષ સિવાય બીજામાં સંભવવું અશક્ય છે. ગ્રંથકારો તો અનેક થાય છે. પરંતુ જેમનામાં નવીન કરવાની હોંસ હોય છે, શક્તિ હોય છે, તે પૈકીના એક તરીકે શ્રી **મેઘવિજયગણિ** માલુમ પડી આવે છે.

આટલું બધું હોવા છતાં એક બીજી ખુબી એ છે કે ગ્રંથકાર ક્યાંય 'અહં-તત્ત્વ'ના ભોગ થઈ પડ્યા નથી. અને એક સમાલોચકની માફક જ જ્યાં ત્યાં પોતાનો

પરિચય આપતા ગયા છે. **વર્ષપ્રબોધ**માં ઠેરઠેર અનેક પ્રકારના મત–મતાંતરો એકઠા કરી ત્યાં પોતાનો મત દર્શાવી ગયા છે. **હસ્તસંજીવન**માં પણ લગભગ તેવું જ છે. પરંતુ **હસ્તસંજીવનની** કલ્પના જ ભવ્ય છે. અને લગભગ નવીન જેવી છે. એટલે પ્રાચીન મતોની આલોચના તો તેમાં નહિ જેવી મલે છે. પરંતુ ભાષ્યમાં ઠેરઠેર માલુમ પડી આવે છે. ત્રીજા વિમર્શમાં પણ શોધનારને જડી આવે તેમ છે.

તે કાળના બીજા ગ્રંથકારો કરતાં આ ગ્રંથકારની એક બીજી વિશેષતા એ છે કે તેઓ પોતાના ભાષ્યમાં કેટલાક ગ્રંથોનો સારો પરિચય આપે છે. દાખલા તરીકે **સામુદ્રિકભૂષણ** તથા **શૈવસામુદ્રિક**નો ગ્રંથકારે પરિચય આપ્યો છે. આજે જેમ ગ્રંથનો આકાર, શ્લોકસંખ્યા, આદિ–અંત વગેરે ભાગ દર્શાવી પરિચય આપવામાં આવે છે, તેવી જ રીતે ઉપાધ્યાયજીએ તે ગ્રંથોનો પરિચય આપેલો છે.

## ( ૨ )

## ગ્રંથ પરિચય

**હસ્તસંજીવન** સવાપાંચસો અનુષ્ટુપ શ્લોકોમાં રચાએલો ગ્રંથ છે. આ ગ્રંથને **હસ્તસંજીવન** સિદ્ધજ્ઞાન એમ પણ કહેવામાં આવે છે. અને કેટલીક વખત **હસ્તસંજીવની** એમ પણ કહેવામાં આવે છે. ગ્રંથના પ્રમાણની સંખ્યા ગ્રંથકારે પોતે જ આપી છે. પ્રશસ્તિના અંતમાં પોતે કહે છે કે:–

**अनुष्टुभां सपादात्र ज्ञेया पञ्चशती ध्रुवम् ।**
**ग्रन्थे सतां प्रसादाच्च श्रेयः श्रीरस्तु शाश्वती ॥**

લગભગ બધો જ ગ્રંથ અનુષ્ટુપ્ છંદમાં રચાએલો છે. ફક્ત અધ્યાયના અંતમાં જેમ કાવ્યમાં સર્ગના અંતે બીજો બૃહદ્ છંદ યોજવામાં આવે છે, તેમ બીજા બૃહદ્‌વૃત્તમાં ઉપસંહાર કરેલો છે. જ્યોતિષના ગ્રંથોમાં બહુધા આવી પદ્ધતિ માલુમ નથી પડી આવતી પણ ગ્રંથકાર એક મહાકવિ હોઈ અને ત્રણ ત્રણ મહાકાવ્યોના કર્તા હોઈ તેમની એ પદ્ધતિ જ પડી ગઈ હશે. જે વિશેષ શોભા રૂપ બની ગઈ છે.

સમગ્ર ગ્રંથ ચાર અધિકારોમાં વહેંચાઈ ગયો છે. જ્યોતિષકરણ ગ્રંથોમાં અધ્યાયો ને અધિકાર સંજ્ઞાથી ઓળખાવવાની પરિપાટી છે. જો કે **હસ્તસંજીવન** કરણગ્રંથ નથી છતાં તેવી પરિપાટીનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પહેલા અધિકારને **દર્શનાધિકાર**, બીજાને **સ્પર્શનાધિકાર**, ત્રીજાને **રેખાવિમર્શનાધિકાર** તથા ચોથાને

**વિશેષાધિકાર** એમ સંજ્ઞા આપેલી છે. દરેક અધિકારમાં નાનાં નાનાં પ્રકરણો યોજેલાં છે. કેટલીક જગ્યાએ તે પ્રકરણોને પણ અધિકારસંજ્ઞા આપેલી છે. પરંતુ તે વાસ્તવિકમાં પેટાવિભાગો પ્રકમો છે.

પહેલા અધિકારમાં એટલે **દર્શનાધિકાર**માં સર્વ પ્રથમ શાસ્ત્ર–પ્રારંભાધિકાર નામનું પ્રકરણ છે. તેમાં ગ્રંથકારે વીસ શ્લોકોની અંદર હાથની પ્રશંસા કરી છે. ત્યારબાદ ધ્યાનાધિકાર નામનું બીજું પ્રકરણ શરૂ થાય છે. ગ્રંથકારની માન્યતા છે કે ઇષ્ટદેવતાની કૃપા વગર, નૈમિત્તિક સચોટ ફલાદેશ કરી શકતો નથી. તે કહે છે કેઃ–

**अथ निमित्तज्ञानं केवलं शास्त्रादेव ज्ञातुं न शक्यम् । अनन्तत्वात् । लक्षणशास्त्रस्य ततोऽप्यधिकत्वात् परीक्षायाः । तेन इष्टध्यानजापादिकथनमावश्यकं येन वाक्सिद्धिस्तत्प्रतिबन्धकदुरितध्वंसेन सञ्जायते ।**

અર્થાત્–નિમિત્તનું જ્ઞાન કેવલ શાસ્ત્ર દ્વારા જાણી શકાતું નથી. કારણ તે અનંત છે. તેમજ લક્ષણશાસ્ત્રની પરીક્ષા તો તેથી પણ વિશાળ છે. તેથી ઇષ્ટદેવતાનું ધ્યાન જપ વગેરે કહેવું આવશ્યક છે. જે કરવાથી વિઘ્નોનો નાશ થઈ વાક્સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

ધ્યાનાધિકારના ભાષ્યના આદિમાં આ પ્રમાણે કહી ભાષ્યનો ઉપસંહાર કરતાં કહે છે કે—

**एवं ध्यानविधिप्रधानमधिकाभ्यासाधिकारात्परं**
**ज्ञात्वा तत्त्वरुचिः शुचिः शुचिधिया श्री हस्तसञ्जीवनम्**
**श्रीमद्भागवतं प्रसिद्धमतुलं सान्निध्यमासादयन्**
**यद् यद् वक्तिफलं कलङ्कविकलं तत् सिद्धिमायात्यलम् ॥**

આવી રીતે ધ્યાનવિધિ જેમાં મુખ્ય છે, અને જે ધ્યાનવિધિ દ્વારા સ્વલ્પાભ્યાસથી સાધ્ય થઈ શકે તેમ છે. તેવા **હસ્તસંજીવન**ને નિર્મળબુદ્ધિથી તત્ત્વની ઇચ્છાવાળા **પવિત્ર** પુરુષે જાણીને, તેમજ **શ્રીમદ્ભાગવત** (ભગવાનના સંબંધી શાસ્ત્ર. પ્રસિદ્ધ **શ્રીમદ્ભાગવત** યા જૈન પક્ષમાં અરિહંતનો વાણી રૂપ આગમો) કે જે ઘણું જ પ્રસિદ્ધ છે. તેના વારંવારના પાઠ (મનન) રૂપ સાન્નિધ્યને મેળવીને જે ફળ કહે છે. તેનું નિર્મળ ફળ સિદ્ધિને પામે છે. અર્થાત્ તે નૈમિત્તિકની વાણી નિષ્ફળ જતી નથી.

આગળ જતાં પણ આ હકીકત સ્પષ્ટ થાય છે કે પરમાત્માની કૃપા વગર વાક્સિદ્ધિ મળતી નથી. કિંવદંતીઓ મુજબ પણ જેઓ વિશેષ આત્મતત્ત્વની અભિરુચીવાળા

અને પવિત્ર હોય છે, તેમની વાણી નિષ્ફળ જતી નથી. માટે સફળ આદેશ કરવાની ઇચ્છાવાળા નૈમિત્તિકે ઇષ્ટ દેવતાની કૃપા મેળવવા વિશેષ લક્ષ્ય આપવું જોઇએ.

ત્રીજા પ્રકરણમાં કેટલાક પારિભાષિક શબ્દોનો સંગ્રહ છે. ત્યારબાદ ચોથા પ્રકરણમાં હાથ જોવાની વિધિ બતાવી છે. આમાં નૈમિત્તિક કેવો હોવો જોઇએ, તેમજ પૃચ્છક કેવો હોવો જોઇએ તે સંબંધી શરૂઆતમાં જ કહેવામાં આવ્યું છે.

નિમિત્તશાસ્ત્ર કુદરતની રચનાનું સ્પષ્ટિકરણ કરવાની વિદ્યા છે, અને તે એવી રચના કે જે ભાવિના ગર્ભમાં યા તો ભૂતકાળના પેટાળમાં સંતાઈ રહી હોય. આવા મન-બુદ્ધિ અને ચક્ષુથી પર રહેલા પદાર્થોનું નિરૂપણ કરવા દૈવી શક્તિ જોઈએ. તથા તેમાં એકદમ કુદરતના સાદૃશ્યને પામવું જોઈએ. આથી છલને સ્થાન મળી શકતું નથી. છલ કરવાથી આદેશ નિષ્ફળ જાય છે. એક પ્રાચીન સુભાષિત છે કે:—

**मंत्रे तीर्थे द्विजे दैवे दैवज्ञे भिषजौषधे ।**
**यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी**

વૈદ્ય અને દૈવજ્ઞમાં જેવી જેની શ્રદ્ધા હોય છે, તેવી સિદ્ધિ થાય છે. ગ્રંથકાર કહે છે કે:—

**जितेन्द्रियस्य श्रद्धालोर्यत्फलं कथ्यते बुधैः ।**
**स्वप्नवज्जायते सत्यं तत्सर्वं नान्यथा पुनः ॥**

અર્થાત્—જિતેન્દ્રિય અને શ્રદ્ધાળુને જે ફળ પંડિતો કહે છે, તે સ્વપ્નની માફક સત્ય નિવડે છે. શ્રદ્ધા રહિત અન્યથા થાય છે. નિષ્ફળ જાય છે. માટે શ્રદ્ધાપૂર્વક શાસ્ત્રજ્ઞ પુરુષને જ ભાવિ જાણવા પૂછવું. એ ગ્રંથકારનો તેમજ દરેક જ્યોતિઃશાસ્ત્ર પ્રવર્તક આચાર્યોનો મત છે. આજકાલની માફક ખાલી વિનોદ કરવા કે દૈવજ્ઞની પરીક્ષા કરવા પ્રશ્ન કરવા નહિ.

દૈવજ્ઞની પરીક્ષા કરવા માટે પ્રશ્ન પૂછવાનો રીવાજ બાદશાહી જમાનામાં લખાએલા ગ્રંથોમાંથી જડી આવે છે. તાજિક ગ્રંથકારોએ પ્રશ્નકર્તા સરલ ભાવથી પ્રશ્ન કરે છે કે દૈવજ્ઞની પરીક્ષા કરવા પ્રશ્ન કરે છે, તેનો તોડ લાવવાની અમુક વિધિઓ યોજી છે. દૈવજ્ઞ તો ભૂત ભવિષ્ય વર્તમાન ત્રણે કાળનો જ્ઞાતા, સર્વજ્ઞ, તેણે દરેક ચીજનું જ્ઞાન ધરાવવું જોઈએ. આ દરેક પ્રશ્નનો ઉત્તર આપવો જોઈએ. તેવી માન્યતા સામાન્ય રીતે જોવામાં આવે છે. લોકો પોતાની ઉપરોક્ત માન્યતાથી જેમ મનમાં આવ્યું તેમ પ્રશ્ન કરી, અને જ્યોતિષી સર્વજ્ઞ હોવાનો ડોળ કરી દરેકનો ઉત્તર આપે.

આ એક હાસ્યાસ્પદ બાબત છે. છતાં તેવો પ્રચાર શાહી જમાનાથી આજ પર્યંત જોવામાં આવે છે. નિમિત્તશાસ્ત્રની અધોગતિનું આ એક મુખ્ય કારણ છે.

પરંતુ મુખ્ય હકીકત હૃદયની પવિત્રતા જ્યાં બાજુ ઉપર રહેલી હોય ત્યાં સત્ય શાનું રહે? અને પછી પરિણામ શૂન્ય આવે તેમાં આશ્ચર્ય શું છે?

ગુરુના ચારિત્ર્ય વગેરે ઉપર પણ ઉપાધ્યાયજીએ ખાસ ભાર મૂક્યો છે. તેઓ કહે છે કે આદેશ કરનાર ગુરુ--

**ब्रह्मचारी क्षमाशीलः कृतज्ञो धार्मिकः शुचिः ।**
**दक्षो गुरुः क्रमायातो वाक्सिद्धिः स्वक्रियारतः ॥**
**सन्तुष्टः श्रद्धया युक्तस्तपस्वी विजितेन्द्रियः ।**
**नानाशास्त्रविवेकज्ञः स्थिर चित्तो गुरुर्मतः ॥**

અર્થાત્–બ્રહ્મચારી, ક્ષમાશીલ વગેરે ગુણોવાળો તથા સંતોષી, શ્રદ્ધાવાળો તપસ્વી જિતેન્દ્રિય, અનેક પ્રકારના શાસ્ત્રવાદમાં કુશળ અને સ્થિતપ્રજ્ઞ જોઈએ. આજના જેવા ક્ષુલ્લક ચિત્તવાળા ન જોઈએ. નૈમિત્તિક થનારે આટલું લક્ષ્યમાં રાખવા જેવું છે. મંત્રશાસ્ત્રની માફક નિમિત્તશાસ્ત્ર પણ અદૃષ્ટની વાત કરનાર હોઈ તેના માટે પણ પવિત્રતા વગેરે ખાસ મહત્ત્વનાં છે, તે ભૂલવા જેવું નથી.

ત્યાર બાદ પાંચમા અધ્યાયમાં તિથિચક્રથી લઈ અનેક પ્રકારનાં ચક્રોનો ઉલ્લેખ ગ્રંથકારે કર્યો છે. વિવિધ ચક્રો દ્વારા ફલ નિરૂપણની પદ્ધતિ હોઈ તે તે ચક્રોનું હાથમાં કેવી રીતે ઘટકત્વ છે, તે ગ્રંથકારે દર્શાવ્યું છે. **ગ્રંથકારનું ખરૂં કૌશલ્ય અહીં જ વ્યક્ત** થાય છે, અને આ ચક્રો ઉપરની વ્યાખ્યા એ તો ગ્રંથકારના અગાધ જ્ઞાનસમુદ્રનો પરિચય છે. ગ્રંથનું હાર્દ આ પાંચમો અધ્યાય જ છે. "જે છે તે અહીં છે" એ ઉક્તિ આ અધ્યાયને **હસ્તસંજીવન**માં લાગુ પડે છે.

અહીં ક્રમ પ્રાપ્ત જો કે **રેખાવિમર્શનાધિકાર** કહેવો જોઈતો હતો. કારણ તિથિચક્રાદિમાં શુભાશુભનું જ્ઞાન તે તે સ્થાનના શુભાશુભ ઉપર હોઈ સ્થાનનું શુભાશુભ લક્ષણ કે જે સામુદ્રિકનો વિષય છે, તે **રેખાવિમર્શનાધિકાર**માં હોઈ પહેલાં તે જ્ઞાન કરાવવું ઠીક હતું. જો કે ગ્રંથકારે **સામુદ્રિકશાસ્ત્ર**નાં હસ્ત મધ્યસ્થ શુભાશુભ ચિન્હોનું કથન કહેવા માટે જ ત્રીજા વિમર્શની રચના કરી છે, અને અષ્ટાંગ નિમિત્ત હાથમાં ઘટાવવા પુરતી **હસ્તસંજીવન**ની રચના હોઈ તે વિભાગ ગ્રંથના મુખ્ય ધ્યેયથી જુદો હોઈ પરિશિષ્ઠ રૂપે યા પાછળથી આપવામાં કોઈ જાતની ક્ષતિ

રહેતી નથી. એટલે ગ્રંથકારે ત્રીજા અને ચોથા વિમર્શમાં તે હકીકત રજુ કરી છે, એટલે કોઈ જાતનો દોષ નથી.

અર્થાત્–આ સંદર્ભથી એ સ્પષ્ટ થયું કે સામુદ્રિકશાસ્ત્રોક્ત શુભાશુભ લક્ષણો દ્વારા હાથની અંદર અષ્ટાંગ નિમિત્તનો અંતર્ભાવ કરવા આ ગ્રંથની રચના ગ્રંથકારે કરી છે, અને તેમાં તે સફળ થયા છે. તે સ્પષ્ટ થાય છે.

અષ્ટાંગ નિમિત્ત હાથમાં ઘટાવવા જતાં કયા વર્ષમાં, કયા માસમાં, કઈ તિથિમાં કઈ ઘટિકા મારા માટે શુભાશુભ છે. તેની વિવક્ષા કરવામાંજ પ્રથમ દર્શનાધિકારની સમાપ્તિ થઈ જાય છે.

અહીં ગ્રંથકાર જાતકશાસ્ત્રની પદ્ધતિનો એટલે આઠમા નિમિત્તનો સ્વીકાર કરી આગળ વધે છે, અને તેમાં તેમને લગ્નકુંડલી, રાશિકુંડલી, ભાવકુંડલી વગેરેની જરૂર પડે છે. એટલે તે હાથમાં જન્મકુંડલીની રચના કરે છે. આ વિભાગને લઈ **હસ્ત-સંજીવન**માં નષ્ટજાતક અથવા તો હસ્તરેખા ઉપરથી જન્મકુંડલી કરવાની રીત છે, એવી માન્યતા સમાજમાં પ્રચલિત છે.

પરંતુ અહીં કહેવું પડે છે, કે તેમ માનનારાઓ અંધારામાં છે. આવી કોઈ હકીકત (જેમ તેઓ ધારે છે તેવી) **હસ્તસંજીવન**માં છેજ નહિ. હા! એક હકીકત છે કે હાથની અંદર કુંડલી કલ્પવાની કલ્પના ગ્રંથકારે કરી છે. પણ તેના નિયમો સાધારણ છે, અને તેમ હોવા છતાં અમારા માટે અભૂતપૂર્વ છે. અત્યારસુધીમાં ઉપલબ્ધ થતા **સામુદ્રિકશાસ્ત્રના ગ્રંથો**માં કયાંય હસ્તરેખા ઉપરથી વાસ્તવિક જન્મ-કાળ શોધી કાઢવાની રીત અમોએ જોઈ નથી. **રેખાજા-ત** નામના પ્રકરણમાં રેખા-ઓના **વ્યાઘ્રવિલાસિ**ની ઇત્યાદિ ભેદ પાડી અમુક ભેદની રેખા છે, માટે અમુક ઘટિકાએ જન્મ થયો છે, એમ કલ્પના છે, અને તે ઉપરથી દરેક પ્રક્રિયા જાતક શાસ્ત્રાનુસાર થઈ શકે છે. જો કે તે પ્રકરણ જોતાં અમને તેમાં યુક્તિ દેખાઈ નથી. કોઈ જાતની ઉપપત્તિ નથી. છતાં હસ્તરેખા ઉપરથી કુંડલી કાઢવાની ચમત્કૃતિ સાંભળતા આવ્યા હોઈ કોઈ પણ જાતના નિર્ણય ઉપર આવી શકતા નથી. તે વિષય ગમે તેમ હો. પરંતુ **હસ્તસંજીવન**માં તેવી કોઈ વિધિ નથી. એમ કહેવામાં અમને કોઈ વાંધો નથી.

ગ્રંથકારે **દર્શનાધિકાર**ના ૧૭ મા શ્લોકમાં હાથને **બ્રહ્મા**એ રચેલી જન્મ-પત્રિકાની ઉપમા આપી છે, એટલે તે જન્મપત્રિકા છે, એમ ઘટાવવા તેમાં કુંડલીની કલ્પના કરી છે. કુંડલીના બાર ભાવ હોય, તેમ હાથમાં પણ બાર ભાવ કલ્પવા

જોઈએ, અને તેથી હથેળીના ભાગને સાથેના ચિત્ર જેમ કુંડલીની માફક કલ્પવામાં આવ્યો છે. ગ્રંથકાર શ્લોકની વ્યાખ્યા કરતાં શંકા કરે છે કેઃ—

**अथ कथं ज्ञेया जन्मपत्रीयमिति। तनुधनसहजसुहृत्सुतरिपुजाया मृत्युधर्म कर्मायव्ययरूपरेखाणामवस्थानात्। तत्र तनुरेखा आयुर्लेखा तस्यामेव स्वभाव लक्षणात्। कर्मरेखा राज्यैश्वर्यदरिद्रतारूपा उर्ध्वरेखा–परपर्याया। व्ययरेखा कलह मृत्युदीक्षाग्रथिलसाग्रहाधिकारलक्षणा। घातस्थानतया त्रिशूलरेखया वा। सन्तान-रेखायां चतुष्किका सम्भवे रिपुरेखा। शेषास्तु स्पष्टा एव। हस्ततलमध्ये पूर्वा-परायते आयुधनरेखे दक्षिणोत्तरायते पितृरेखोर्ध्वरेखे तथा अङ्गुष्ठोन्मुख तर्जन्युन्मुख कनिष्ठोन्मुख उर्ध्वरेखास्तिर्यगायताः। तथा विद्यारेखा राक्षसकोणान्निर्गत्य कोशो-न्मुखी सर्वाभिरेताभिर्द्वादशभवनसम्पत्तिः॥**

અર્થાત્--હસ્તરેખામાં **જન્મપત્રિકા** છે એમ કેવી રીતે સમજવું? તો હાથમાં જેમ જન્મકુંડલીમાં તત્વાદિ બાર ભાવ છે, તેમ તનુ, ધન, સહજ, સુહૃદ્, સુત, રિપુ જાયા, મૃત્યુ, ધર્મ, કર્મ, આય અને વ્યય રૂપ બારે ભાવનું ફળ આપનારી રેખાઓ હોવાથી બાર ભાવવાળી જન્મપત્રિકા કલ્પી શકાય છે. તનુ એટલે દેહભાવની કલ્પના આયુરેખા દ્વારા કરવી. જેમ દેહભાવથી શરીર સંબંધી શુભાશુભ જાણી શકાય છે, તેમ આયુરેખા દ્વારા દેહ સંબંધી શુભાશુભ જણાય છે. માટે આયુરેખા એટલે દેહભાવ. ઉર્ધ્વરેખામાં રાજ્ય ઐશ્વર્ય દરિદ્રતા વગેરે જોવાતું હોય તે રેખા એટલે દશમો ભાવ કર્મભાવ. કલહ, મૃત્યુ, દીક્ષા, ભૂતોપદ્રવ, ગ્રહપીડા તથા ઘાત ઇત્યાદિનું સૂચન કરનારી રેખાઓ યા ત્રિશૂલરેખા એ વ્યયભાવ છે. સંતાનરેખાઓના સ્થાનમાં ચોકડી હોય તે રિપુભાવ. બાકીના ભાવ બાકીની રેખાઓ દ્વારા સ્પષ્ટ સમજી શકાય તેમ છે. દાખલા તરીકે ધનરેખા યા કુટુંબરેખાઓ ધનભાવ, ભાઈ ભાંડુની રેખાઓ ત્રીજો ભાવ. મિત્રરેખા ચોથો ભાવ સંતાન રેખા, પાંચમો ભાવ. સ્ત્રીરેખા સાતમો ભાવ. ધર્મરેખા, નવમો ભાવ. ઉર્ધ્વરેખા, અગીઆરમો ભાવ. એમ કલ્પના થઈ શકે છે. હથેળીમાં કુંડલી જેવું ચિત્ર બનાવવા ગ્રંથકાર કહે છે કે આયુરેખા અને ધનરેખા આડી રેખાઓ છે, પિતૃરેખા અને ઉર્ધ્વરેખા ઊભી રેખાઓ છે અને અંગુઠા ભણી જનારી, તર્જની ભણી જનારી, કનિષ્ઠા ભણી જનારી ઉર્ધ્વ રેખાઓ તથા વિદ્યારેખા જે નૈઋત્ય ખુણામાંથી નીકળે છે તે દ્વારા બાર ભાવની કલ્પના થઈ શકે છે. ગ્રંથકાર અહીં ચિત્ર આપે છે.

આ ચિત્ર જોવાથી સમજાશે કે ગ્રંથકારની કલ્પનાશક્તિ કેટલી બધી બળવત્તર છે. જ્યાં જ્યાં જે જે નામની રેખાઓ આવેલી છે. ત્યાં ત્યાં તે તે ભાવ આવી જાય છે. આવી અભૂતપૂર્વ કલ્પના કરવા માટે ગ્રંથકારની પ્રતિભાને ધન્યવાદ આપ્યા વગર રહેવાતું નથી.

હથેલીના ઉપરનો ભાગ




હાથમાં ગ્રહોની કલ્પના પણ તેમણે કરી છે, અને તે દ્વારા પ્રત્યેકભાવનું શુભાશુભ ફળ જન્મપત્રિકાની માફક કહી શકાય છે, અર્થાત્-હસ્ત એ **બ્રહ્માએ** બનાવેલ જન્મપત્રિકા છે, એમ પુરવાર થઈ શકે છે.

પરંતુ આથી કંઈ નષ્ટ જાતકની માફક જન્મકુંડલી કાઢી શકાતી નથી. એવી જ રીતે આગળ જતાં રાશિચક્ર બનાવ્યા બાદ તેઓ કુંડલી બનાવે છે, પણ તે જન્મ-કુંડલી બનતી નથી. આને માટે તેઓ પોતે જ **जागरूको जनोयेन** એ શ્લોકના ભાષ્યમાં કહે છે કેઃ--

**राशिचक्रानुवाद एषः । मूर्तिं लग्नं मुख्यं तदेव भावयेत् । न तु सत्यपि जन्म-पत्रलग्नज्ञाने जन्मलग्नमिति ।**

અર્થાત્--આ વિધિ રાશિચક્રનો અનુવાદ માત્ર છે. આથી આવેલ રાશિને જન્મ-લગ્ન કલ્પવું, પરંતુ જો જન્મલગ્નનું જ્ઞાન હોય તો તે કલ્પેલી રાશી જન્મલગ્ન હોતી નથી.

અર્થાત્-આ કલ્પેલી રાશિ એ જ જન્મલગ્નની રાશિ હોય તેવું કંઈ નથી, ત્યાર-બાદ તેઓ ગ્રહોની સ્થાપના પણ પોતાની વિશિષ્ટ રીતિ મુજબ કરે છે. અહીં ગ્રંથકારને ખ્યાલ છે, કે જે કુંડલી બની રહી છે, તે કંઈ જન્મકુંડલી બનવાની નથી. એટલે કોઈએ તેને જન્મકુંડલી માની લેવી નહિ, એમ તેઓ વારંવાર કહે છે. આગળ જતાં **प्रत्येकं** વાળા શ્લોકના ભાષ્યમાં તેઓ કહે છે કેઃ –

**सामुद्रिकमते जन्मलग्नमेतच्चक्रेण निर्णेयं यस्य ज्योतिःशास्त्रानुसारी जन्मपत्रं न स्यात्तस्याप्यनेन शुभाशुभपरिज्ञानात् जन्मेति कथनात् यथा माप्ताग्रहा एतस्मिन् चक्रे यावज्जीवं फलदाः न पुनः प्रागुक्तमेषादिचक्रेषु द्वादशकापेक्षया परावर्तनेति**

**भावः । अत एवात्र चन्द्रोऽपि टिप्पनकापेक्षः । अत्र ज्योतिर्वित् कृतजन्मलग्नापेक्षया लग्नग्रहादि विसंवादेऽपि न फलविसंवादः । सर्वे निमित्तानां शुभाशुभादिज्ञाने एक-मार्गविषयात् । लग्नादि विसंवादस्तु निमित्तान्तरत्वात् ।**

આથી જે ચક્ર બને છે, તે ચક્ર દ્વારા સામુદ્રિકભૂતનું જન્મલગ્ન વિચારવું, જેમને જ્યોતિઃશાસ્ત્રાનુસારી જન્મપત્ર નથી તેમને આના દ્વારા શુભાશુભનું જ્ઞાન થતું હોઈ,

જન્મપત્ર કહેવામાં વાંધો નથી. ) જેમ હોય તેમ ગ્રહો આમાં ગોઠવવા. નહિ કે પહેલાં જેમ મેષાદિ રાશિચક્રમાં ગોઠવ્યા તેમ બારની અપેક્ષાએ ફેરવીને મૂકવા, અને તેથી જ ચંદ્ર પણ ટીપણામાં ( પંચાંગમાં ) જેમ ( જે રાશિમાં ) હોય તે રાશિમાં મૂકવો. અહીં જ્યોતિષીની કરેલી જન્મકુંડલીમાં અને આમાં જન્મલગ્ન તથા ગ્રહોમાં ફેરફાર આવશે, છતાં ફલમાં ફેરફાર નહિ આવે. કારણ દરેક નિમિત્ત દ્વારા શુભાશુભ જ્ઞાન એક સરખું જ આવે છે. લગ્ન અને ગ્રહોમાં જે ફેરફાર આવ્યો તે તો જુદાંજુદાં નિમિત્ત ( પદ્ધતિ ) હોવાના કારણે.

અર્થાત્-હસ્તમાં ગ્રંથકારે કલ્પેલી વિધિ મુજબ આવતી કુંડલી જન્મકુંડલી નહિં જ બને. બીજી જ કુંડલી બનશે, એ સ્પષ્ટ છે. એટલે ગ્રંથકારના આ શબ્દોથી સ્પષ્ટ ઘોષણા થાય છે કે **હસ્તસંજીવન**માં નષ્ટજાતક પદ્ધતિ નથી. જે છે તે નિમિત્ત-શાસ્ત્રની એક પદ્ધતિ વિશેષ છે. જેમ જાતકશાસ્ત્રમાં જન્મકુંડલીના અભાવમાં પ્રશ્ન-કુંડલી ઉપરથી જન્મપત્રિકાની માફક જ પ્રશ્નપત્રિકા ( પ્રશ્નોત્રી ) બનાવાય છે, તેમ આ એક નિમિત્તાન્તરથી કુંડલી ( સામુદ્રિકપત્રિકા યા નિમિત્તપત્રિકા કે એવું જ કંઈ નામ યોજી શકાય તેવી ) બની.

અહીં ગ્રંથકાર **ચૂડામણિ**શાસ્ત્ર મુજબ અમુક ફલનો નામોચ્ચાર કરાવી તેના ઉપરથી જન્મશાક, માસ, પક્ષ, તિથિ, ઘટિકા, પળ, લગ્ન, ગ્રહો વગેરે શોધી કાઢવાની વિધિ લંબાણ પૂર્વક ભાષ્યમાં સમજાવે છે, અને તે જોઈ સમાજમાં **હસ્તસંજીવનમાં** નષ્ટ જાતકની પદ્ધતિ છે, તેવી માન્યતા ફેલાએલી છે

**ચૂડામણિશાસ્ત્ર**ની પદ્ધતિનું સ્વતંત્ર વિવેચન કરવાનું હોઈ અહીં એટલું જ કહેવાનું છે કે તે દ્વારા બનતી કુંડલી વાસ્તવિક જન્મકુંડલી બનાવવા માટે ગ્રંથકારે દર્શાવી નથી, પરંતુ નિમિત્તાન્તરથી કેવી રીતે જન્મકુંડલી બને તેનો પરિચય માત્ર આપ્યો છે. **નષ્ટજાતક** નામનો એક સ્વતંત્ર વિષય જ્યોતિઃશાસ્ત્રમાં ગૂઢ રૂપે રહેલો છે. **રણવીર જ્યોતિર્મહાનિબંધ** વગેરેમાં તેવી પદ્ધતિઓ છે. પરંતુ તે એકદમ બંધ બેસતી થતી હોય તેવી અમારી માન્યતા નથી,

આમ જુદી જુદી કલ્પનાઓમાં પહેલો અધિકાર **દર્શનાધિકાર** સંપૂર્ણ થઈ જાય છે. આમ કેવલ હાથમાં શુભાશુભ લક્ષણોની પરીક્ષા કરી તેના ઉપરથી કહેલી વિધિ મુજબ અમુક શખ્સને અમુક વર્ષ, માસ, તિથિ, ઘડી ઈત્યાદિ શુભાશુભ છે તેવું જ્ઞાન (કે જે એક મોટી ચમત્કૃતિ ભરેલી હકીકત છે) આ અધિકારમાં છે. **સામુદ્રિકશાસ્ત્ર**ના હાલમાં અતિ વિકસેલા જમાનામાં પણ કેવળ હાથ ઉપરથી જ ઘટિકા પર્યંતનો શુભાશુભ કાળ જાણવાની વિધિ જોવામાં આવી નથી, તેમજ જાતક શાસ્ત્રના દ્વારા પણ અચૂક ઘડી–પળ શુભાશુભ જનક છે, તેવી હકીકત હોવા છતાં પણ તેવો પ્રચાર નથી, અને તેવી પ્રતીતિ પણ થતી નથી. અંતર્દશા, ઉપદશા, વિદશા દિનદશાદિ અનેક ભેદવાળા જાતકશાસ્ત્રની કલ્પનાઓને જ ગ્રંથકારે ટુંકામાં એક હાથમાં જ સમાવી દીધી છે.

ન તો ગણિતની જરૂર, ન તો બીજા કશાની; કેવલ હાથના દર્શન માત્રથી, હાથ જોવાથી જ શુભાશુભ ઘડી શોધી કાઢવી, એ **હસ્તસંજીવન**ની શ્રેષ્ઠતાનો નમુનો છે. ગ્રંથનું તે જ પ્રયોજન છે. અને તે જ મહત્તા છે.

ત્યારબાદ બીજો અધિકાર **સ્પર્શનાધિકાર** શરૂ થાય છે. આ અધિકારમાં ગ્રંથકારે હાથની અંદર જ સર્વ નિમિત્તોનો સમાવેશ કર્યો છે. શરૂઆતમાં **અંગવિદ્યા**નો અંતર્ભાવ કરવાને કહે છે કે:--

**स्पर्शनादङ्गविद्यायां यथा फलमुदीर्यते ।**
**तथा वाच्यं फलं स्पर्शादङ्गत्वात् शक्तिशालिनः ।**

અર્થાત્–જેમ **અંગવિદ્યા**માં સ્પર્શથી ફલ કહેવાય છે. તેમ શક્તિશાલિ એટલે હાથ પણ અંગ હોવાથી તેના સ્પર્શ દ્વારા શુભાશુભ ફળ કહી શકાય છે. એટલે કે હાથમાં **અંગવિદ્યા**નો અંતર્ભાવ થઈ શકે છે.

ત્યારબાદ એકથી સત્તાવીશ પર્યંતના શ્લોકોની અંદર **અંગવિદ્યા**ની પ્રણાલી મુજબ લાભાલાભ, સુખ દુઃખ, જીવીત, મરણ, ગમાગમ, જય પરાજય વગેરેનું નિરૂપણ કરે છે. વર્ષનું શુભાશુભજ્ઞાન, વૃષ્ટિજ્ઞાન, મુષ્ટિ પ્રશ્ન, ગતવસ્તુ જ્ઞાન, ગએલી વસ્તુનાં લાભાલાભ, ચોરજ્ઞાન, નિધિજ્ઞાન તથા ગર્ભજ્ઞાન ઈત્યાદિ જ્ઞાન કહે છે.

ત્યારબાદ અઠ્ઠાવીશમા શ્લોકમાં બીજા નિમિત્ત સ્વપ્નવિદ્યાનો અંતર્ભાવ કરે છે, અને તે દ્વારા શુભાશુભ જ્ઞાન કરે છે.

પછીથી **સ્વરશાસ્ત્ર**નો અંતર્ભાવ કરે છે. આંગળીઓની અંદર જ બાળાદિ સ્વરોની સ્થાપના કરી તે દ્વારા શુભાશુભજ્ઞપ્તિ કરે છે.

ત્યારપછી ૩૫ મા શ્લોકથી **ભૌમશાસ્ત્રનો** અંતર્ભાવ કરે છે. ૩૯ માથી વ્યંજન અને લક્ષણનું કથન કરે છે. ૪૨ મા માં ઉત્પાતનો વિષય ચર્ચ્યો છે. ૪૪ મા શ્લોકમાં અંતરીક્ષનું દિગ્દર્શન કરાવે છે.

અને છેલ્લે જતાં ૪૫ મા શ્લોકમાં **ચૂડામણિશાસ્ત્ર** તથા **શકુનશાસ્ત્રનો** અંતર્ભાવ કરતાં કહે છે કે--

**विज्ञेयां अ इ उए ओ स्वराङ्गुष्ठतः क्रमात् ।**
**अङ्गुष्ठो ह्युत्तरो लध्वी अधरा नामतो मता**
**आलिङ्गिता अनामिका स्यान्मध्यमा त्वभिधूमिता ।**
**दग्धाप्रदेशिनी तासां फलं चूडामणौ स्फुटम् ॥**

અર્થાત્--**ચૂડામણિશાસ્ત્રની** આલિંગિત, અભિધૂમિત, દગ્ધ એ ત્રણ સ્વરોની પરિભાષાઓથી આંગળીઓને સંજ્ઞા આપી તે તે સંજ્ઞાઓનું ફળ તે શાસ્ત્રની પદ્ધતિ મુજબ હાથથીજ જાણી લેવું એમ સંક્ષેપમાંજ કહી દે છે.

વળી તેવીજ રીતે શકુનશાસ્ત્રના રત્નપંચકનો પાંચ આંગળીઓમાં સમાવેશ કરી તે દ્વારા સમગ્ર શકુનશાસ્ત્ર સમજાવી દે છે. શ્લોક ૪૭ થી લઈ બાકીનામાં આ વિષયનીજ ચર્ચા કરી છે.

અને આટલેથી સંતોષ ન થયો હોય તેમ **પુસ્તકશકુન** જોવાની પદ્ધતિ કે જેને શકુનશલાકા કહે છે, તેનો પણ હાથમાંજ સમાવેશ કર્યો છે. ગ્રંથકાર કહે છે કેઃ-

**तारादिक्रमतश्चैकं द्विकं त्रिकं चतुष्ककम् ।**
**त्रिवार स्पर्शनाद् बोध्या हस्ते पाशककेवली ॥**

અર્થાત્--આવી શકુનાવલી (બીજા શબ્દમાં જેને **પાસાકેવળી** કહે છે તે) હાથમાં આવી જાય છે.

આમ બીજા અધિકારમાં આઠે નિમિત્તશાસ્ત્રની શાખાઓનો હાથમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

ત્રીજા **રેખાવિમર્શનાધિકારમાં** અને ચોથા **વિશેષાધિકારમાં** વિવિધ રેખાઓનાં વર્ણન તથા સામુદ્રિક બાબતોની ચર્ચા કરેલી છે. નખ, તલ, આવર્ત વગેરે દરેક બાબતો ચર્ચી છે. જેટલું હાથમાં સમાઈ શકે તેટલાની જ ચર્ચા છે.

આમ ઔચિત્યપૂર્ણ ગ્રંથકારે સમગ્ર ગ્રંથની રચના કરી ફલકથન શાસ્ત્રમાં નવીન-દ્વારનું નિર્માણ કરેલું છે.

આખા ગ્રંથમાં **રેખાવિમર્શનાધિકાર** સૌથી મોટો છે. અને બીજાં સામુદ્રિકનાં પુસ્તકોમાં જ્યાં હસ્તરેખા પ્રકરણ સ્વલ્પ મળે છે. ત્યાં આ ગ્રંથમાં તે વિસ્તારથી મળે છે. હાથની મુખ્ય મુખ્ય બધી જ રેખાઓનું વર્ણન આ વિભાગમાં આવી જાય છે, અને બહુધા આજના વિસ્તૃત મનાતા **હસ્તરેખાશાસ્ત્રનું** મૂળ આ ગ્રંથમાં જ છે, તેમ ખ્યાલ બંધાઈ જાય છે.

૩

## ગ્રંથકારના આદર્શભૂત ગ્રંથો

ગ્રંથકારના સવાપાંચસો શ્લોકો અને તે ઉપરના ૩૮૦૦ શ્લોક પ્રમાણ ભાષ્યમાં તેમણે બીજી પણ ઘણી ઉપયોગી બાબતો ચર્ચી છે. ભાષ્યનું શ્લોક પ્રમાણ તેમણે પોતે આપ્યું છે. તેઓ લખે છે કેઃ—

अष्टात्रिंशच्छतश्लोक रत्नालोकेन भास्वती
सामुद्रिकलहर्यासी चक्री पाणिग्रहणे हिता

આ ભાષ્યમાં તેમણે **સામુદ્રિકભૂષણ** ઇત્યાદિ ૪૩ ગ્રંથોનો આધાર દર્શાવેલો છે. આમાંથી કેટલાકના કર્તાઓનો પણ તેમણે નામ નિર્દેશ કર્યો છે, વળી કેટલાકની અધ્યાયસંજ્ઞા અને વિષય વિમર્શ પણ કર્યો છે. દાખલા તરીકે તેઓ ત્રીજા અધિકારના ૧૮૭ મા શ્લોકના ભાષ્યમાં **શૈવસામુદ્રિકનો** પરિચય આપતાં કહે છે કેઃ—

**शैवसामुद्रिकं अष्टादशाध्यायात्मकं तत्र द्वादशाध्यायाः पुरुषलक्षणस्य षडाध्यायाः स्त्रीलक्षणस्य। तस्यं आदि श्लोकपूर्वं तदूज्ञानम्** આમ કહી તરત જ શૈવસામુદ્રિકનો પ્રથમ શ્લોક રજુ કરે છેઃ—

प्रणम्य शङ्करं देवं चन्द्रोज्ज्वलयशोऽन्वितम् ।
सर्वज्ञं सर्वस्रष्टारं सर्वस्य जगतः पतिम् ॥

અને ત્યાર બાદ તેમાંના કેટલાક શ્લોકો ઉદ્ધૃત કરે છે.

આવી જ રીતે **સામુદ્રિકભૂષણનો** પરિચય આપતાં લખે છે કેઃ—

**उक्तमेतत् सामुद्रिक भूषणे—**

**तन्नास्ति यन्न हस्तेऽस्मिन् विज्ञानं हि चराचरम् ।**
**हस्तज्ञानं बुधैः प्रोक्तं तत् सामुद्रिकभूषणम् ॥**

**इत्यादिके शत श्लोक प्रमाणे–**

ગ્રંથકારનો અભિપ્રાય છે કે **સમુદ્ર** નામના મુનિએ આ શાસ્ત્ર બનાવ્યું છે, તેથી તેને **સામુદ્રિક** કહે છે. આ શાસ્ત્રની સંજ્ઞા સંબંધમાં બીજા લોકો શું માને છે, તે જણાવતાં કહે છે કેઃ—

**स्कन्देन सामुद्रिकशास्त्रं कृतमिति शाम्भवास्तत्र शास्त्रादौ गणेशनमस्कारात् सकोपरुद्रेण समुद्रे शास्त्रं प्रवाहितं देवेन्द्राग्रहात्पुनरुद्धरणे सामुद्रिकमिति कथा**

અર્થાત્—**સામુદ્રિકશાસ્ત્ર** ભગવાન **શંકરના** પુત્ર **સ્કંદે** રચ્યું, પણ તેમાં આદિમાં ગણપતિને નમસ્કાર કરેલા હોવાથી રુદ્રે કોપાવિષ્ટ થઈ શાસ્ત્રને સમુદ્રમાં નાખી દીધું. પાછળથી ઈન્દ્રના આગ્રહથી તેનો પુનરોદ્ધાર કર્યો, આથી સામુદ્રિક એમ નામ પડયું.

ગ્રંથકારનો આધાર **હસ્તબીંબ**, **હસ્તચિહ્નસૂત્ર**, **કરરેખાપ્રકરણ** તથા **વિવેકવિલાસ** છે. આ ગ્રંથોની ગ્રંથકારે વારંવાર ચર્ચા કરી છે, અને તેમના મત–મતાંતરોનો પણ વિવેકપુરઃસર સમાવેશ–નિષ્કર્ષ કર્યો છે. **હસ્તબીંબ**માંથી તો ત્રણ ચિત્રો ગ્રંથકારે ઉધ્ધૃત કર્યાં છે. જે આ પુસ્તકમાં આપવામાં આવ્યાં છે. ગ્રંથકારની વિશેષ અભિરૂચિ **કરરેખાપ્રકરણ** ઉપર છે. આખા ભાષ્યમાં તેમજ પ્રમાણ તરીકે ઉધ્ધૃત કરેલી ગાથાઓનો સંગ્રહ પાછળ પરિશિષ્ટ રૂપે આપ્યો છે. તેથી લગભગ ૫૦ ગાથાઓ આવી જાય છે.

અમને એક **કરરેખાપ્રકરણ** મળી આવ્યું છે, પરંતુ તેમાં ગાથાઓની સંખ્યા બહુજ ઓછી છે. જ્યારે ઉપાધ્યાયજીના લેખ દ્વારા તે સંખ્યા મોટી હશે તેમ લાગે છે.

**નરપતિજયચર્યા** અને **ચૂડામણિ** આ ગ્રંથના ઉપજીવિકાના ગ્રંથો છે, છતાં **ચૂડામણિ** સંબંધી વિશેષ આ ગ્રંથમાંથી જડી આવતું નથી. **ચૂડામણિ**ના જેવાજ વિષયનો ગ્રંથ **હસ્તકાંડ** છે. **ચંદ્રોન્મિલન** પણ તેવોજ છે. **ચૂડામણિ** સંબંધી શોધ કરવા છતાં તે અમને મળ્યો નથી. **અર્હત્ચૂડામણિસાર** નામનો એક લઘુ ગ્રંથ મળી આવે છે, તે આ પુસ્તકમાં સામેલ કરવામાં આવેલ છે.

**ચૂડામણિ** ઘણો જ પ્રાચીન ગ્રંથ છે. **વસંતરાજશાકુન**માં તેનો ઉલ્લેખ છે.

**વસંતરાજ** લખે છે કે–મેં ગ્રંથ રચવામાં તેની મદદ લીધી છે. **વસંતરાજનો** સમય શક ૧૦૦૦ પહેલાંનો છે. **ચૂડામણિનો રાજમૃગાંકમાં** પણ ઉલ્લેખ મળે છે. **વસંતરાજ** તથા **ચૂડામણિ** એ બંનેનો **નરપતિમાં** ઉલ્લેખ છે. **નરપતિજયચર્યા** શાલિવાહન શક ૧૦૯૭ માં લખાએલ છે. **રાજમૃગાંક** શક ૯૬૪ માં લખાએલ છે. એટલે **ચૂડામણિ** તે પહેલાંનો ગ્રંથ છે.

**ચૂડામણિની** પદ્ધતિમાં કઈક ઉપપત્તિની ઉણપ છે. એમ લાગે છે કે આવાં કારણોથી યા તો સમયબળથી તે હાલમાં લુપ્તપ્રાય છે.

ગ્રંથકારે **વિવેકવિલાસનો** વારંવાર ઉલ્લેખ કર્યો છે. **વિવેકવિલાસ** પણ પ્રાચીન ગ્રંથ છે. **શ્રી જિનદત્તસૂરિએ** તે ગ્રંથ ઇસ્વીસનના તેરમા શતકના પૂર્વાર્ધમાં લખ્યો છે. જૈનસમાજમાં તે ઘણો પરિચિત ગ્રંથ છે. ગ્રંથકારે **વિવેકવિલાસના** પુષ્કળ શ્લોકો ઉધ્ધૃત કર્યા છે.

**વિવેકવિલાસમાંથી** લીધેલા શ્લોકો પ્રાચીન **સામુદ્રિકશાસ્ત્રમાં** પણ મળી આવે છે. આ પુસ્તકની સાથે જે **સામુદ્રિકશાસ્ત્ર** જોડવામાં આવ્યું છે. તેમાં **વિવેકવિલાસના** કેટલાક શ્લોકો મળી આવે છે. ગ્રંથકારે **સામુદ્રિકશાસ્ત્ર** નામથી કેટલાક લીધેલા શ્લોકો આ **સામુદ્રિકશાસ્ત્રમાં** મળી આવે છે. ઘણા પ્રાચીનકાળથી **સામુદ્રિકશાસ્ત્ર** નામથી આ ગ્રંથની ગણના થાય છે, એટલે **વિવેકવિલાસકારે** આ ગ્રંથમાંથી શ્લોકો લીધા હશે, એમ અનુમાન છે.

**હસ્તબીંબ** તથા **હસ્તચિહ્ન** સૂત્ર હાલમાં ઉપલબ્ધ નથી થતા. ગ્રંથકારે તે ગ્રંથોમાંથી કેટલાક શ્લોકો ઉધ્ધૃત કર્યાનો ઉલ્લેખ કર્યો છે.

## બીજા ગ્રંથો સાથે તુલના

ગ્રંથકારે અંગીકાર કરેલી પદ્ધતિના બીજા ગ્રંથો જોવામાં આવતા નથી, એટલે વિષય પરત્વે સમાલોચના થઈ શકે તેમ નથી. **સામુદ્રિકભૂષણ** ગ્રંથકારનો આદર્શ ગ્રંથ છે. પરંતુ તેની પ્રત મળતી નથી. એટલે ગ્રંથકારનું વક્તવ્ય સંપૂર્ણ છે, અધુરૂં ઈત્યાદિ વિષયમાં કોઈ પણ જાતનો મત બાંધી શકાય તેમ નથી.

જો અંતરંગ પરીક્ષા કરીએ તો ગ્રંથ સંપૂર્ણ લાગે છે. ભાષ્યની યોજના દ્વારા ગ્રંથની ઉપપત્તિ અથવા યુક્તિમત્તા દેખાઈ આવે છે, પરંતુ આ પદ્ધતિનો આ એક જ ગ્રંથ હોવાથી તેને અભૂતપૂર્વ અને અદ્વિતીય વિશેષણ યોજવાં પડે છે.

## ઉપસંહાર

આ ગ્રંથમાં દર્શાવેલી પદ્ધતિ પૂર્વકનું ફળ ઘટતું હશે કે નહિ તેવો સવાલ નિરર્થક છે. જીજ્ઞાસુએ ઘટાવવા પ્રયત્ન કરી લેવાથી જ તેની ખાત્રી થશે, છતાં એક હકીકત વિચારતાં તેને આપેલું '**સિદ્ધજ્ઞાન**' નામનું વિશેષણ સાર્થક છે. એક રીતે જોવા જતાં આખા ગ્રંથની હકીકત બાલિશ અને યુક્તિશૂન્ય માલુમ પડે. કારણ હાથના અમુક અમુક સ્થાનનું શુભાશુભ તેના લક્ષણ મુજબ સદા એક સરખું જ રહેવાનું છે. જ્યારે ગ્રંથકાર તે દ્વારા પ્રશ્નકાલની તિથિ, વાર સમય ઈત્યાદિથી કયું વર્ષ કયો માસ ઈત્યાદિ શુભાશુભના કાલનો નિર્ણય કરતાં ઠેઠ ઘટિ–પળ સુધી પહોંચી જાય છે. આમાં જુદા જુદા વખતે જુદું જુદું આવે, અને એક જ માણસને જુદું જુદું ફળ એક જ વિષયના પ્રશ્નનું કહેવું પડે, પરંતુ ગ્રંથકારે હૃદયની પવિત્રતા તથા દૈવબલ ઉપર વધારે જોર આપ્યું છે, અને તેવા ઈષ્ટબળ દ્વારા ફલ કહેનારની વાણી મિથ્યા ન જાય. જેને દૈવકૃપા હોય તેને માટે વાક્સિદ્ધિમાં શંકા નથી રહેતી, તેથી આ ગ્રંથમાં કહેલી પદ્ધતિ યુક્તિસંગત અને સાચી બની જાય છે, અને વારંવાર નૈમિત્તિકો માટે એક જ વસ્તુની ઘોષણા કરે છે, કે પોતાની વાણીની સફળતા માટે ઈષ્ટબળ મેળવો. ઈશ્વરની કૃપા મેળવો. પવિત્રાત્મા બનો.

# નિમિત્તશાસ્ત્ર

## [ ૧ ]

નિમિત્તશાસ્ત્ર નામથી કયા શાસ્ત્રનો નિર્દેશ કરવામાં આવશે, એવી શંકા જેને થાય તેને કાં તો જૈનેતર માનવો, કાં તો આર્યેતર માનવો. કારણ નિમિત્ત અને નૈમિત્તિક એ શબ્દો જૈનો માટે અતિ પરિચિત છે. તેમજ આર્યો માટે પણ પરિચિત છે. જૈનો આર્યો છે. એમાં શંકા ઉઠાવવા જવી, કે તેઓ આર્યો છે એવી સાબીતી આપવી તે બંને હાસ્યાસ્પદ છે. જૈન એ ધર્મવિશેષ છે, જાતિ વિશેષ નથી. અને સમાજમાં તેઓનો ધર્મ એટલો બધો એકરૂપ થઈ ગયો છે, કે તે પારકો ધર્મ લાગતો નથી. જો કે તેમના ગ્રંથોમાં ઇતર ધર્મીઓ માટે મિથ્યાત્વી (ભ્રમમાં પડેલા) જેવા શબ્દો યોજાએલા છે. છતાં એવાં ખંડન મંડન માટે–એક બીજા ધર્મ માટે સારા ખોટા શબ્દો વપરાએલા દરેક ધર્મોમાં જોવામાં આવે છે. તેથી તે શબ્દો પ્રત્યે રાગ–દ્વેષ ન રાખતાં સમદષ્ટિથી તેમના સાહિત્ય પ્રત્યે નજર નાખવી તેજ જ્ઞાન પિપાસુને જરૂરનું છે. ઘણા કાળથી આ પ્રમાણે થતું આવ્યું છે, અને તેથી જૈનસાહિત્યથી ઘણો મોટો વર્ગ પરિચિત છે. છતાં જેઓ જૈનસાહિત્યના ઘણા મોટા ભાગથી અજ્ઞાન હોય તેવાઓ માટે તેમના પારિભાષિક શબ્દો લગભગ નવા જેવા બને છે. આથી આવા અતિ પરિચિત શબ્દથી પણ તે કદાચ અજ્ઞાન હોય. પરંતુ જે અર્થમાં જૈનસાહિત્યમાં આ શબ્દ વાપરવામાં આવ્યો હોય તે અર્થથી જ અપરિચિત હોય-નિમિત્ત શબ્દથી અપરિચિત હોય તેમ બનવું લગભગ અશક્ય છે. નિમિત્ત એટલે કારણ, અને તે વિષયક શાસ્ત્ર એવો અર્થ તો કોઈ પણ જરૂર કરે. અહીં આર્ય શબ્દ હિંદુ અર્થમાં છે.

કારણને લઈને જે શાસ્ત્ર હોય તે નિમિત્તશાસ્ત્ર એ વ્યાખ્યા એકદમ બંધબેસતી છે. વાસ્તવિકમાં તે અર્થમાં જ તે શબ્દ યોજાયો છે. પરંતુ તેમાં જે કંઈ વિશેષતા જૈન સાહિત્યમાં છે, તે વિશેષતા જ્યોતિ:શાસ્ત્રને લગતી છે. જે અર્થમાં આજે જ્યોતિ:-શાસ્ત્ર શબ્દ વપરાય છે. તે અર્થમાં જ જૈનસાહિત્યમાં નિમિત્તશાસ્ત્ર શબ્દ વાપરવામાં આવ્યો છે. કોઈ પણ કારણને લઈ ભવિષ્યકથન કરવાના નિયમોનું શાસ્ત્ર તે નિમિત્તશાસ્ત્ર. આવો અર્થ નિમિત્તશાસ્ત્ર માટે છે. જ્યોતિ:શાસ્ત્ર એ નિમિત્તશાસ્ત્રનો એક વિભાગ માત્ર છે. જેમાં જ્યોતિઓ (ગ્રહો) ઉપરથી ભવિષ્યકથન કરવાની પદ્ધતિ છે, તેને જ્યોતિ:શાસ્ત્ર કહે છે. પરંતુ ગ્રહો સિવાય પણ બીજાં કારણો દ્વારા

ભાવિ સંબંધી સૂચન થઈ શકે છે. અને તેવી રીતની દરેક પદ્ધતિને નિમિત્તશાસ્ત્ર નામ લાગુ પડે છે. અર્થાત્ જ્યોતિ:શાસ્ત્ર એ શાખા અને નિમિત્તશાસ્ત્ર એ વૃક્ષ એમ વસ્તુસ્થિતિ છે.

પરંતુ આવી રીતે વિવિધકારણોને લઈ ભાવિ-કથન-શાસ્ત્રની માહિતી હિંદુ કથાનકોમાં ઓછી દર્શાવવામાં આવી છે; અને જ્યાં દર્શાવવામાં આવી છે, ત્યાં દૈવજ્ઞ-દૈવવિદ્-જ્યોતિષી ઇત્યાદિ શબ્દો દર્શકના માટે અને વિદ્યાને માટે જ્યોતિર્વિદ્યા શબ્દ બહુધા વપરાયો છે. જ્યારે જૈન સાહિત્યમાં જૈન કથાનકોમાં વારંવાર નૈમિત્તિક શબ્દ ભવિષ્યવેત્તાના અર્થમાં અને નિમિત્તશાસ્ત્ર ભાવિકથન-વિદ્યાના અર્થમાં વપરાએલો છે. અને તેથી લગભગ તે શબ્દ તેમનો પારિભાષિક જેવો બની ગયો છે. એમ તો તેઓ કંઈ વિદેશીય નથી કે જાત્યંતરના નથી કે જેથી નિમિત્ત શબ્દ તેમની માલિકીમાં જ રહી ગયો હોય યા તેમનો જ હોય. પરંતુ એ શબ્દનો વધારે ઉપયોગ તેમણે કર્યો છે, એ વાત નિર્વિવાદ છે. તેથી નિમિત્તશાસ્ત્રથી અજાણુ પહેલી દૃષ્ટિએ જૈનેતર અને બીજી દૃષ્ટિએ આર્યેતર માનવો જોઈએ. વૈયાકરણુ દૃષ્ટિએ શબ્દાર્થની અહીં જરૂર નથી.

[ ૨ ]

નિમિત્તશાસ્ત્રના માટે અષ્ટાંગ-નિમિત્ત એમ કહેવાની જુના વખતથી પરિપાટી છે. નિમિત્તશાસ્ત્રનાં મુખ્ય આઠ અંગ છે. જેમકે:—

**अङ्गं स्वप्नः स्वरश्चैव भौमं व्यञ्जनलक्षणे ।**
**उत्पातमन्तरिक्षं च निमित्तं स्मृतमष्टधा ॥**

**—ह. सं. द. अ. श्लो. ५**

અર્થાત્-(૧) અંગવિદ્યા (૨) સ્વપ્નશાસ્ત્ર (૩) સ્વરશાસ્ત્ર (૪) ભૌમશાસ્ત્ર (૫) વ્યંજન (૬) લક્ષણુ (૭) ઉત્પાત (૮) અંતરિક્ષ એ પ્રમાણે નિમિત્તશાસ્ત્ર આઠ પ્રકારનું છે. આ આઠ અંગોનો આછો પરિચય ઉપાધ્યાય **શ્રી મેઘવિજયજી**ગણિએ **હસ્તસંજીવન**ના ભાષ્યમાં આપ્યો છે. શરૂઆતમાં જ તેમણે આ પ્રશ્નની ચર્ચા કરી છે. તેઓ કહે છે કે જેની અંદર અંગસ્ફૂરણુ ઉપરથી શુભાશુભ કહેવાનું હોય, માણુસોની ચેષ્ટા, દૃષ્ટિ, અવાજ, વાતચીત, પલ્લીપતન, અવયવસ્પર્શ ઇત્યાદિ ઉપરથી શુભાશુભ કહેવાતું હોય તેનું નામ **અંગવિદ્યા.** જેમાં જાગ્રત સુપ્તાદિ અવસ્થાઓના સંસ્કારવશાત્ આત્મા અને મનને જે વિકાર થાય છે, વિકલ્પ થાય છે, અને તે વિકારના-વિકલ્પના કારણુભૂત

બાહ્ય ઇન્દ્રિયોનો હ્રાસ થાય છે. (બાહ્ય ઇન્દ્રિયો ઉંઘી જાય છે, નિષ્ક્રિય થાય છે) ત્યારે મનની ગતિ-વિધિ વધી જવાથી મનનો કંઇક વિકાસ થવાથી જે કંઈ તે જુએ છે, તે ભૂત-ભાવિ અને ભવિષ્ય-વસ્તુના વિજ્ઞાનમાં હેતુ બને છે, આનું નામ સ્વપ્ન છે. અને તે સંબંધી શાસ્ત્ર તે **સ્વપ્નશાસ્ત્ર.** જેમાં પ્રાણીઓના અવાજ, ચેષ્ટા ઇત્યાદિ દ્વારા, અર્થાત્-શકુન દ્વારા, અને શબ્દોચ્ચારના અક્ષરોની બાલ, કુમાર, યુવા, વૃદ્ધ, મૃત્યુ ઇત્યાદિ પરિભાષા મુજબ ભવિષ્યજ્ઞાન હોય અથવા નાસિકામાંથી નીકળતા શ્વાસોશ્વાસની ગતિ ઉપરથી ભવિષ્યકથન હોય, અને તે સંબંધી જે શાસ્ત્ર હોય તેનું નામ **સ્વરશાસ્ત્ર**. પૃથ્વીપરીક્ષા કરી તે ઉપરથી પૃથ્વીની અંદર રહેલાં જલ, રત્ન ઇત્યાદિનું જ્ઞાન કરવું, અથવા ભૂમિકંપ ઇત્યાદિ દ્વારા દેશના શુભાશુભ સંબંધી કથન કરવું કે ભૂમિ શોધન કરી ઉપર ઘર નગરની રચના કરવી, અને તે સંબંધી અમુક લક્ષણો ઉપરથી તે ઘર યા નગરમાં રહેનારના ભૂત-વર્તમાન અને ભવિષ્યકથન કરવાનું શાસ્ત્ર તે **ભૌમશાસ્ત્ર છે**. શરીર ઉપરના મસા, તલ, લાંચ્છન ઇત્યાદિ દ્વારા શુભાશુભ કથન કરવાની વિદ્યા તે **વ્યંજનશાસ્ત્ર**. હાથ કે પગની રેખાઓ દ્વારા, શરીરની ઉંચાઈ નીચાઈ, અવયવોની રચના ઇત્યાદિ ઉપરથી શુભાશુભ કથનની વિદ્યા તે **લક્ષણવિદ્યા**. ભૂમિકંપ, રજોવૃષ્ટિ, દિગ્દાહ ઇત્યાદિ પૃથ્વી ઉપર તેમજ આકાશમાં અકસ્માત બનતા બનાવો કે જે ઉત્પાત જેવા લાગે છે, તેઓ ઉપરથી ભવિષ્યકથન કરવું તે **ઉત્પાતશાસ્ત્ર**. અને આકાશમાં ફરતા ગ્રહોની ચાલ, ઉદય-અસ્ત, ગ્રહણ ઇત્યાદિ દ્વારા ભવિષ્યકથનની વિદ્યા તે **અંતરીક્ષવિદ્યા** છે. અને આ પ્રમાણે આ આઠે પ્રકારનાં નિમિત્તો-કારણોને લઈને એક શાસ્ત્ર બન્યું, તેને **નિમિત્તશાસ્ત્ર** કહેવામાં આવે છે.

આગળ જતાં તેઓ કહે છે કે-આ આઠ **નિમિત્તશાસ્ત્ર**ના જ્ઞાનથી દરેક વસ્તુનું જ્ઞાન થાય છે. પરંતુ વર્તમાનમાં (તેઓના કાળમાં) કાલની ગતિથી પહેલાં સાત નિમિત્તનો હ્રાસ થઈ ગયો છે, જ્યારે આઠમું અંગ વિસ્તાર પૂર્વક મળે છે. અહીં મારે તેમના શબ્દોમાં થોડો વધારો કરીને કહેવું પડે છે, કે મારા કાળમાં તે આઠમા અંગની પણ અમુક ઉપશાખાઓ જ વિસ્તૃત મળે છે, બાકીની હ્રાસ પામી છે. જ્યારે પહેલી સાત શાખાઓની તો વાત જ શી? હમણાં હમણાં લક્ષણવિદ્યા ઉપર કંઈક નવીનતા આવતી જાય છે. બાકી તો બધી જ શાખાઓ સુકાઈ ગઈ છે. **નિમિત્તશાસ્ત્ર રૂપ આ મહાનવૃક્ષ ભૂતના વાસવાળું મનાયું છે, વહેમનું ઘર ગણાય છે. અને બધાની તે તરફની ઉપેક્ષા વધતી જાય છે.**

**શ્રીમેઘવિજયજીગણિ** પોતાના કાળમાં આ શાસ્ત્રની હ્રાસ પામેલી શાખાઓ ક્યાં ક્યાં ઇતસ્તત મળી આવે છે, તેનો પોતાના ભાષ્યમાં સારો ઉલ્લેખ કરે છે. અને તે વાંચતાં એમ લાગે છે, કે બધાં જ શાસ્ત્રો આ શાસ્ત્રની ગ્રાહકતા સ્વીકારી ચૂક્યાં છે. તેઓ કહે છે કે **સમવાયાંગસૂત્રની વૃત્તિમાં** કહેવામાં આવ્યું છે, કે **અંગવિદ્યા** ઉપર એક લાખ અનુષ્ટુપ્ પ્રમાણ સૂત્ર છે. બત્રીસ કરોડ શ્લોક પ્રમાણ સૂત્રો ઉપર વાર્તિક હતું, અને બીજાં નિમિત્તો ઉપર અપરિમિત શ્લોકપ્રમાણ સૂત્રો તથા વાર્તિકો હતાં, પરંતુ મારા સમયમાં **અંગવિદ્યા** ઉપર **નારદીય અંગવિદ્યાનો** નાનકડો ગ્રંથ મળે છે. તે સિવાય કોઈ ખાસ ગ્રંથ મળતો નથી. બીજાં શાસ્ત્રોના આધારે **અંગવિદ્યામાં** તિથિચક્ર, વારચક્ર, પક્ષચક્ર, ચયનચક્ર, માસચક્ર, નક્ષત્રચક્ર, રાશિચક્ર, વર્ષચક્ર ઇત્યાદિ વિષયો હતા, અને આ બધા ઉપરથી સૂક્ષ્મબુદ્ધિથી વિચાર કરી નષ્ટ જન્માખ્યાય, ઇત્યાદિ દરેક પ્રકારની પૃચ્છાનો વિચાર થઈ શકે છે. દરેક નિમિત્તોમાં **અંગવિદ્યા** સર્વ શ્રેષ્ઠ છે.

**अङ्गविद्या निमित्तानामष्टानामपि गीयते ।**
**मुख्या शुभाशुभज्ञाने नारदर्षिनिवेदिता ॥**–ह. सं. द. अ. श्लो. ४

**અંગવિદ્યા** છુટી છવાઈ જ્યાં જ્યાં વેરાઈ છે, તેનો ઉલ્લેખ કરતાં તેઓ **કામશાસ્ત્ર, વિવેકવિલાસ,** **બૃહજ્જાતકની** ટીકા, **વાગ્ભટશારીર** ઇત્યાદિની ગણના કરે છે.

**સ્વપ્નશાસ્ત્ર** માટે **ભગવતીસૂત્ર, વિવેકવિલાસ,** ઇત્યાદિ તથા **સ્વપ્નાધ્યાયનો** ઉલ્લેખ કરે છે.

**સ્વરશાસ્ત્ર** માટે **શકુનશાસ્ત્રનો** મુખ્ય ગ્રંથ **વસંતરાજ શાકુન,** બાલાદિસ્વર ઉપર રચાએલ **નરપતિજયચર્યા,** પ્રશ્નોચ્ચારના અક્ષરો ઉપરથી શુભાશુભનું જ્ઞાન કરાવનાર ગ્રંથ **ચૂડામણિશાસ્ત્ર** એમ ત્રણ ગ્રંથનો ઉલ્લેખ કરે છે.

ભૌમ માટે **સમવાયાંગવૃત્તિ, સ્થાનાંગસૂત્ર** વૃત્તિ જણાવે છે

વ્યંજન માટે કોઈ ખાસ ગ્રંથનો નામનિર્દેશ નથી.

લક્ષણને માટે **સામુદ્રિકશાસ્ત્રનો** ઉલ્લેખ કરે છે.

ઉત્પાત માટે પણ **સ્થાનાંગવૃત્તિ** જણાવે છે, અને છેવટે જતાં વિસ્તૃત મળતા અંતરીક્ષ માટે કોઈ ખાસ ગ્રંથનો ઉલ્લેખ કરતા નથી.

આ પ્રમાણે જુદાં જુદાં પુસ્તકોમાં છુટક છુટક નિમિત્તશાસ્ત્રનાં અંગો મળી આવે છે, તેવો ઉલ્લેખ કરી **અંગવિદ્યાને** સર્વમાં મુખ્ય જણાવે છે, તેમજ પોતાનો ગ્રંથ **અંગવિદ્યાની** જ એક ઉપશાખા છે તેમ જણાવે છે.

[ ૩ ]

હવે આપણે આ વિષય સંબંધી વિચાર કરીએ, અને તે ઉપરથી એ નિર્ણય ઉપર આવીશું કે આ બધામાં સર્વોત્તમ શું છે? અને ચિરંજીવી શું છે? શ્રી **મેઘવિજયજી**એ લીધેલા ક્રમ મુજબ જ આપણે વિચારીશું.

શ્રી **મેઘવિજયજી** ઉપાધ્યાય જેને **અંગવિદ્યા** કહે છે. તે વિદ્યાનો હાલમાં પ્રચાર નથી. શ્રી ઉપાધ્યાયજીના વખતમાં જ તેનો હ્રાસ થઈ ગયો હતો. એમ તેમના જ શબ્દો ઉપરથી જાણવા મળે છે. તેમણે જે **નારદ**કૃત **અંગવિદ્યા** નામના ગ્રંથનો ઉલ્લેખ કર્યો છે, તે ફક્ત ૧૪ શ્લોકનું એક પ્રકરણ છે. મૂળ **નારદ**કૃત એવડો જ ગ્રંથ હશે કે કેમ તે સમજાતું નથી. ઉપાધ્યાયજીએ **અંગવિદ્યાના** સંબંધી જે ઉલ્લેખ કર્યો છે, તેમાં એક મહત્ત્વની વસ્તુ રહી ગઈ છે. આચાર્ય **વરાહમિહિર** કૃત **બૃહત્સંહિતામાં અંગવિદ્યાનો** એક આખો અધ્યાય છે. જો કે **સંહિતાગ્રંથ એટલે જ ઉપરોક્ત આઠ અંગના સંગ્રહરૂપ** બને છે. પરિભાષા પણ તેવી જ છે. છતાં **સ્વરોદય** પૈકી **શાકુનશાસ્ત્ર** સિવાય બીજો ઉલ્લેખ **વારાહની** સંહિતામાં મળતો નથી. આજે પ્રાચીન સંહિતા ગ્રંથોમાં **વારાહીસંહિતા** સર્વોત્તમ છે. **વરાહમિહિરે** પોતાના કાળમાં જેટલું મળ્યું, તે બધા ઉપર પોતાની પ્રતિભાને અજમાવી છે, અને આજે બધા જ **વરાહના અનુયાયી હોય તેવું જ બની ગયું છે.**

**નારદની** અંગવિદ્યા કરતાં **વારાહીનો** અધ્યાય મોટો છે. તેના ૪૪ શ્લોક છે. તે કહે છે કેઃ—

**दैवज्ञेन शुभाशुभं दिगुदितस्थानाहृतानीक्षता**
**वाच्यं प्रष्टुर्निजापराङ्गघटनां चालोक्य कालं धिया ।**
**सर्वज्ञो हि चराचरात्मकतयासौ सर्वदर्शी विभु-**
**श्चेष्टान्याहृतिभिः शुभाशुभफलं सन्दर्शयत्यर्थिनाम् ॥ १ ॥**

અર્થાત્—દૈવજ્ઞ પ્રશ્ન કરનારની દિશા, આગમનસ્થાન, તેની લાવેલી ચીજો, દૃષ્ટિ તેમજ અંગસ્પર્શ ઈત્યાદિ જોઈ, તેમજ પોતાના અથવા બીજા ત્યાં હાજર રહેલા

કોઈ પણ માણસના અંગની આકસ્મિક (હેતુ રહિત થએલી કેવલ કુદરતી) ઘટનાને જોઈ બુદ્ધિ પૂર્વક વિચાર કરી ફળ કહે. આથી દૈવજ્ઞ જીજ્ઞાસુને ચેષ્ટા અને ઉચ્ચાર રૂપી સ્વાભાવિક ક્રિયાઓ દ્વારા શુભાશુભફળ બતાવી ચરાચરનું જ્ઞાન કરનાર બની સર્વદર્શી પરમાત્મા જેવો સર્વજ્ઞ બને છે.

ઉપસંહાર કરતાં **વરાહ** કહે છે કેઃ—

**इति निगदितमेतद्गात्रसंस्पर्शलक्ष्म**
**प्रकटमभिमतास्यै वीक्ष्य शास्त्राणि सम्यक् ।**
**विपुलमतिरुदारो वेत्ति यः सर्वमेत-**
**न्नरपतिजनताभिः पूज्यतेऽसौ सदैव ॥**

અવયવના સ્પર્શ રૂપી લક્ષણ ઉપરથી ઇચ્છિત વસ્તુના ભવિષ્ય માટે સ્પષ્ટ એવું આ શાસ્ત્ર (**અંગવિદ્યા**) મેં અનેક પ્રકારનાં શાસ્ત્રો જોઈ કહ્યું છે. જે ઉદાર મનવાળો દૈવજ્ઞ આ વિસ્તૃતશાસ્ત્રને સંપૂર્ણ રીતે જાણે છે, તે સદૈવ રાજા અને જનતા વડે પૂજાય છે.

**વરાહમિહિર**ના આ પ્રકરણના આરંભ અને ઉપસંહાર ઉપરથી આપણે એટલું સ્પષ્ટ સમજી શકીએ છીએ કે અંગસ્પર્શ અને ચેષ્ટા ઇત્યાદિ દ્વારા શુભાશુભનો નિર્ણય કરનાર શાસ્ત્ર તેજ **અંગવિદ્યા** છે. **વરાહે** પણ તેને **અંગવિદ્યા** કહી છે. ઉપાધ્યાયે પણ આ જ વિદ્યાને **અંગવિદ્યા** કહી છે.

**નારદીય અંગવિદ્યા**માં—

**अङ्गविद्यां प्रवक्ष्यामि नारदेन स्वयं कृताम् ।**
**अङ्गदर्शनमात्रेण ज्ञायते च शुभाशुभम् ॥**

અથાત્—ગ્રંથકાર કોઈ એક આચાર્ય કહે છે કે કેવલ અંગ (ચેષ્ટાના) દર્શન માત્રથી શુભાશુભનું જ્ઞાન થાય (છે.) તેટલા માટે **નારદે** રચેલી અંગવિદ્યાને હું કહું છું.

સામાન્યતઃ **અંગવિદ્યા**થી ઉપરોક્ત નિર્દેશની માફક કેવલ સ્પર્શ માત્રથી શુભાશુભ જ્ઞાનના સિદ્ધાન્તો છે. જેમકે **वाग्भटशारीरना** षष्ठाध्यायમાં કહ્યું છે, કેઃ—

**दूतमभ्यागतं दृष्ट्वा नातुरं तं समुपाचरेत् ।**
**स्पृशन्तं नाभिनासास्यकेशरोमनखद्विजान् ।**
**गुह्यपृष्ठस्तनग्रीवा जठरानामिकाङ्गुलीम् ॥**

અર્થાત્—જ્યારે વૈદ્યને બોલાવવા માણસ (દૂત) આવે, ત્યારે જો તે માણસ પોતાના નાભિ, નાક, મુખ, કેશ, રૂંવાટાં, નખ, દાંત, ગુહ્યાંગ, પીઠ કે સ્તન, ગ્રીવા, જઠર કે અનામિકા આંગળીનો સ્પર્શ કરતો કરતો આવવાનું કહે તો વૈદ્યે રોગીને તપાસવા ન જવું, કારણ રોગ મટવાનો નથી.

પરંતુ—

**इच्छामि प्रष्टुं भण, पश्यत्वार्यः समादिशेत्युक्ते ।**
**संयोगकुटुम्बोत्था लाभैश्वर्योद्गता चिन्ता ॥**

અર્થાત્—દૈવજ્ઞની પાસે આવી કોઈ માણસ કહે કે "હું પૂછવાની ઇચ્છા રાખું છું, આપ કહો," 'જુઓ મારે કંઈક કહેવું છે.' અથવા 'બતાવો મારે કંઈક પૂછવું છે' આવી રીતે જેમાં પોતાની ઇચ્છા વ્યક્ત ન કરતાં કંઈક ઇચ્છા છે, માટે પૂછું છું એવો પ્રશ્ન કર્તાનો ભાવ હોય ત્યાં સંયોગથી ઉત્પન્ન થએલી, કે કુટુંબ સંબંધી, કે લાભ અથવા ઐશ્વર્ય સંબંધી ચિંતાનો પ્રશ્ન છે એમ જાણવું.

**निर्दिशेति गदिते जयाध्वगा प्रत्यवेक्ष्य मम चिन्तितं वद ।**
**आशु सर्व जनमध्यगं त्वया दृश्यतामिति बन्धुचौरजा ॥**

'આપ વિચાર કરીને બતાવો' એવો પ્રશ્ન હોય તો મુસાફરી કે વિજયની ઇચ્છા પ્રશ્ન કરનારને છે, એમ જાણવું. પરંતુ જો કોઈ એકદમ આવી બધાની વચ્ચે જ કહી દે કે 'જરા જલદી જોઈ દો' એમ પ્રશ્ન કર્તા કહે તો તેને ભાઈ અથવા ચોર સંબંધી ફીકર છે, એમ કહેવું.

આ રીતે પ્રશ્ન કરનારના ઉચ્ચાર ઉપરથી પણ શુભાશુભ જ્ઞાનનો **અંગવિદ્યા**માં અંતર્ભાવ છે.

**અંગવિદ્યા**ના વિષયનું આમ આપણને જ્ઞાન થાય છે. હવે આપણે વિચાર કરીએ કે **અંગવિદ્યા**નો વિશેષ પ્રચાર અને વિસ્તૃત રૂપ કેવું હોવું જોઈએ.

આ બંને બાબતો ઉપર વિચાર કરતાં આ વિદ્યાનો વિશેષ પ્રચાર ન થઈ શકે. કારણ જ્યોતિષી પ્રત્યેક ક્ષણે બીજા કોઈ પણ સાધન વગર માત્ર દૃષ્ટિથી આજુબાજુ નજર નાખીને જ, અથવા અવાજ શ્રવણ માત્રથી જ ભવિષ્ય કથન કરે, અને દર વખત તેમાં સફળ થાય તેવું ન બને. જેઓ આ વિષયને સાધ્ય કરી શકે તેઓ યોગી ગણાય. કારણ કેવલ વિચાર અને દૃષ્ટિ એ બે જ સાધનોની જરૂર છે. સાધ્ય

થાય તો સર્વોત્તમ છે. અન્યથા તદ્દન નકામી છે. આવા જ્યોતિષીની પરીક્ષા જલદી થઈ શકે. અને તેને મૂર્ખ પણ બનાવી શકાય. જ્યારે તેની મશ્કરી કરવી હોય ત્યારે તેની પાસે જઈ હેતુ પૂર્વક ગમે તેમ ચેષ્ટા કે ઉચ્ચાર કરવામાં આવે, તો તે ઉપરથી જ્યોતિષીએ કહેલું ફલ નિષ્ફળ થાય. આ વિદ્યા તો કેવળ નૈસર્ગિક ભાવો ઉપર જ આધાર રાખે છે. જ્યાં કૃત્રિમતા છે, ત્યાં તે વ્યર્થ બને છે. આ મુખ્ય કારણથી જ આ વિદ્યાનો લોપ થતો ગયો હશે, એમ અનુમાન થાય છે.

જો કે કોઈ કાળમાં આનો વિશેષ પ્રચાર હશે જ. **વાગ્ભટ** કે જે એક **વૈદ્યકશાસ્ત્રનો** આધારભૂત ગ્રંથ છે, તેમાં દૂતની ચેષ્ટા ઉપરથી રોગીની સ્થિતિ ઉપર વિચાર કરી કેસ હાથમાં લેવો કે ન લેવો તેનો વૈદ્ય નિર્ણય કરે તેમ ઉલ્લેખ છે. આમ આ વિદ્યાનો હરકોઈ માણસ પોતાના કાર્યની સિદ્ધ્યસિદ્ધિમાં ઉપયોગ કરતો હશે. નૈસર્ગિક રીતે અત્યારે પણ ઘણા પોતાને કરવાના કામમાં સંકલ્પ–વિકલ્પ કરી કરવું કે ન કરવું તેનો નિર્ણય કરે છે. ઘણા પોતાના નિર્ણય મુજબ કાર્યની સફળતા નિષ્ફળતાને મેળવે છે. જ્યારે ઘણાને પોતાના નિર્ણયથી વિરૂદ્ધ અનુભવ થાય છે, છતાં સંકલ્પ-વિકલ્પ એ મનના ધર્મો હોઈ તે થાય છે, અને નિશ્ચય એ વિચારનું પરિણામ હોઈ જેવી વિચારકની શ્રેષ્ઠતા તે મુજબ તેની પૂર્ણતા એ મુજબ બને છે. **નિશ્ચય** ઉપર આવવાને કોઈ બાહ્ય સાધન નથી હોતું. પ્રાચીનકાળમાં **અંગવિદ્યાનો** **નિશ્ચયના** સાધન તરીકે ઉપયોગ થતો હશે. પરંતુ ઉપર જેમ બતાવ્યું તેમ કેવળ સ્વાભાવિક ચેષ્ટા ઉપર જ તેનો આધાર હોઈ તેનો હ્રાસ થઈ ગયો છે.

છતાં બુદ્ધિશાળી પુરુષો દરેક વસ્તુને સિદ્ધાન્તબદ્ધ કરે છે, અને તેને વિદ્યાનું રૂપ આપે છે. તેમ આ શાસ્ત્રને પણ વિદ્યાનું રૂપ અપાયું છે. તિથિચક્ર, વારચક્ર ઇત્યાદિ વર્ષચક્ર પર્યંતના ક્રમ ગોઠવી છેક નષ્ટ જાતક સુધી આ વસ્તુનો ઉપયોગ કર્યો છે.

સામાન્યતઃ જ્યોતિષીએ દરેક પ્રશ્નનો ઉત્તર આપવો જોઈએ, એમ એક બાલિશ માન્યતા છે, અને તે મુજબ ગર્ભિણી પ્રશ્ન, વર્ષાજ્ઞાન તથા નષ્ટજાતક, જેવા વિષયોમાં પણ **અંગવિદ્યાનો** ઉપયોગ કરેલો છે. આવડું મોટું તેનું વિસ્તૃત રૂપ છે. અર્થાત્ આ વિદ્યા પણ નિમિત્તનાં ઇતરઅંગોની માફક પરિપૂર્ણ છે, એમ કહેવામાં વાંધો નથી.

હાલમાં તો આ વિદ્યા ઉપર આધારભૂત ગ્રંથ કોઈ નથી. **વરાહમિહિરના** **બૃહત્સંહિતાના** અધ્યાય વગર બીજું કશું ઉપલબ્ધ નથી. **હસ્તસંજીવનને** ગ્રંથકારે **અંગવિદ્યાનું** જ પુસ્તક ગણાવ્યું છે. અને **दर्शनात् स्पर्शनात्** અર્થાત્ દર્શનથી તેમજ

સ્પર્શથી શુભાશુભ કથન કરેલું છે. જેટલું આખા અંગ ઉપર વિચારાતું તેટલું બધું જ કેવલ હાથ ઉપરથી વિચારેલું છે, તે વિશેષતા છે. બાકી આ ગ્રંથના પહેલા અને બીજા વિમર્શથી **અંગવિદ્યાનું** જ જ્ઞાન થાય છે.

[ ૪ ]

**સ્વપ્નશાસ્ત્ર** એ શબ્દ સાંભળતાં જ કેટલાકને સુગ ચઢે તેમ છે. સ્વપ્ન આવવું એ સ્વભાવ છે. અને હજારો સ્વપ્ન આવે છે, જ્યારે તેના ફળ સ્વરૂપ કશું જ થતું નથી, એમ ઘણાને અનુભવ છે. એટલે સ્વપ્ન ઉપરનું શાસ્ત્ર હોઈ શકે જ નહિ. જો કોઈ સાધારણ બુદ્ધિવાળા માણસને પૂછો તો તે પણ કહી શકે કે ખુબ ખાધું હોય, અથવા મનમાં વિચાર કરતાં કરતાં સુઈ ગયા હોઈએ તો સ્વપ્ન આવે, અને જો તેમ બાહ્ય કારણોથી સ્વપ્નોની ઉત્પત્તિ છે, તો તે શુભાશુભ ફળનાં નિદર્શક કેવી રીતે બને ?

પરંતુ વાસ્તવિકમાં તેમ નથી. જેને **સ્વપ્નશાસ્ત્ર** કહેવામાં આવે છે, તે જોતાં તો માલુમ પડે છે કે આ શાસ્ત્રના રચયિતાઓએ ઘણો લાંબો વિચાર કર્યો છે. તેઓએ **વૈદ્યકશાસ્ત્રના નિયમો અનુસાર** પ્રકૃતિના ભેદથી કયો માણસ કેવાં સ્વપ્ન સ્વાભાવિક રીતે જુએ છે, તેનો ઉલ્લેખ કર્યો છે. ત્યાર બાદ ઇષ્ટકાર્યની ચિંતા મટાડવા માટે અમુક માંત્રિકવિધિ કરી ત્યાર બાદ સ્વપ્નની ઇચ્છા રાખી છે. અને તે ઉપરથી શુભાશુભનો વિચાર કરેલો છે. આ બધું જોતાં તો તે વૈજ્ઞાનિકપદ્ધતિ માલુમ પડે છે. અમુક માંત્રિકવિધિ એટલે મનને સંસ્કૃત કરવું, એમ અર્થ છે. જેઓ માનસશાસ્ત્રમાં માનનાર છે. અથવા માનસશાસ્ત્રના નિષ્ણાતો છે, તેમના મત મુજબ સંસ્કારિત મન એટલું બધું બળવાન બને છે કે તે જડ વસ્તુઓનું પણ ભેદન કરી તદંતર્ગત વસ્તુનું જ્ઞાન કરે છે. જો તેમ છે, તો જરૂર સંસ્કારિત મન ભાવિના ભેદનું જ્ઞાન કરાવી શકે છે. **સ્વપ્નશાસ્ત્રનો** આધાર આ સિદ્ધાન્ત ઉપર છે. બાહ્ય ઇન્દ્રિયોનો સંકોચ થતાં મનનો વિકાસ થવાથી તે ભૂત, વર્તમાન તથા ભવિષ્યવસ્તુના જ્ઞાનનું કારણ બને છે એવી જે **મેઘવિજયજી** મહારાજે વ્યાખ્યા કરી છે, તે એકદમ સંગત છે. વૈજ્ઞાનિક છે. અને **સ્વપ્નશાસ્ત્રના** રચયિતાઓએ આ વસ્તુનો ઉંડો ખ્યાલ રાખેલો છે. તેઓ કહે છે કેઃ—

**स्वप्नं चतुर्विधं प्रोक्तं दैविकं कार्यसूचकम् ।**
**द्वितीयं तु शुभस्वप्नं तृतीयमशुभं तथा ॥**

मिश्रं तुरीयमाख्यातं मुनिपुंगवकोटिभिः ।
यस्य चित्तं स्थिरीभूतं समधातुश्च यो नरः
तत्प्रार्थितं च बहुशः स्वप्ने कार्यं प्रदृश्यते ॥
स्वप्नप्रदा नव भुवि भावाः पुंसां भवन्ति हि ।
श्रुतं तथानुभूतं च दृष्टं तत्सदृशं तथा ॥
चिन्ता च प्रकृतिश्चैव विकृतिश्च तथा भवेत् ।
देवाः पुण्यानि पापानीत्येवं हि जगति तद्धे ॥
तन्मध्यं आद्यषट्कं तु शिवं वाशिमप्यथ ।
अन्त्यं त्रिकं तथा नृणामचिरात्फलदर्शकम् ॥

× × ×

रतेर्हासाच्च शोकाच्च भयान्मूत्रपुरीषयोः ॥
प्रणष्ट वस्तुचिन्तातो जातः स्वप्नो वृथा भवेत् ॥

× × ×

कफाप्लुतशरीरस्तु पश्येद्‌बहुजलाशयान् ।
नद्यः प्रभूतसलिला नलिनानि सरांसि च ॥
स्फटिकै रचितं सौधं तथा श्वेतं च गह्वरम् ।
तारागणं च चन्द्रं च तोयदानां च मण्डलम् ॥
रसांश्च मधुरान्दिव्यान्फलानि विविधानि च ।
आज्यं यज्ञोपकरणं यज्ञमण्डपमुत्तमम् ॥
शुभालङ्कारशालिन्यः पृथुलस्तनमण्डलाः ।
सुलोचनाः पीन सक्थि परिशोभितमध्यमाः ॥
श्वेतवस्त्रैः श्वेतमाल्यैर्विकासन्त्यश्च योषितः ।
पित्तप्रकृतिको यश्च सोऽग्निमिद्धं प्रपश्यति ॥
विद्युल्लतायाश्च तेजस्तथा पीतां वसुन्धराम् ।
निशितानि च शस्त्राणि दिशो दावानलार्दिताः ॥

फुल्लास्त्वशोकतरवो गांगेयं चापि निर्मलम् ।
किं च मरूढकोपः संघातपातादिकाः क्रियाः ॥
करोत्यात्मैति वै पश्येज्जलं चापि पिबेद्बहू ।
वातप्रकृतिको यश्च स पश्येत्तुङ्गरोहणम् ॥
तुङ्गद्रुमांश्च विविधान् पवनेन प्रकम्पिताम् ।
वेगगामि तुरंगांश्च पक्षिभिर्गमनं स्वयम् ॥
उच्चसौधान्विवादं च कलहं च तथात्मनः ।
आरोहणं च उड्डयनमिति प्रकृतितो वदेत् ॥

× × ×

देवानां च गुरूणां च स्मृतिर्दुःस्वप्ननाशिनी ।
तस्माद्रात्रौ स्वापकाले विष्णुं कृष्णं रमापतिम् ॥
अगस्तिं माधवं चैव मुचुकुन्दं महामुनिम् ।
कपिलं चास्तिकमुनिं स्मृत्वा स्वस्थः सुधीर्जनः ॥
शयीत तेन दुःस्वप्नं न कदाचित्प्रपश्यति ॥

× × ×

स्नानदानादिकं कृत्वा स्मृत्वा हरिपदाम्बुजम् ।
शयीतकुश शय्यायां प्रार्थयेद्वृषभध्वजम् ॥
भगवन्–देवदेवेश शूलभृद्वृषभध्वज ।
इष्टानिष्टे समाचक्ष्व मम सुप्तस्य शाश्वत ॥
स्वप्ने कथय मे तथ्यं सर्वं कार्येष्वशेषतः ।
क्रियासिद्धिं विधास्यामि त्वत्प्रसादान्महेश्वर ॥

× × ×

स्वप्नमिष्टं च दृष्ट्वा यः पुनः स्वपिति मानवः ।
तदुत्पन्नं शुभफलं स नाप्नोतीति निश्चितम् ॥
अतो दृष्ट्वा शुभस्वप्नं सुधिया मानवेन वै ।
स्थेयस्वंस्वपनैर्नेयावशिष्टा रजनी पुनः ॥

देवानां च गुरूणां च पूजनानि विधाय सः ।
शम्भोर्नमस्क्रियां कुर्यात्प्रार्थयेच्च शुभं प्रति ॥
ततस्तु स्थविराग्रे वै कथयेत्स्वप्नमुत्तमम् ।
दृष्ट्वा पूर्वमनिष्टं तु पश्चाच्च शुभमेव चेत् ॥
यः पश्येत्स पुमांस्तस्माच्छुभस्वप्नफलं लभेत् ।
अनिष्टं प्रथमं दृष्ट्वा तत्पश्चात्स स्वपेत्पुमान् ॥
रात्रौ वा कथयेदन्यं ततो नाप्नोति तत्फलम् ।
अथवा प्रातरुत्थाय नमस्कृत्य महेश्वरम् ॥
तुलस्या अग्रतः प्रोच्य प्राप्नुयान्नहि तत्फलम् ॥

× × ×

यानि कृत्यानि भाविनि ज्ञानगम्यानि तानि तु ।
आत्मज्ञानाप्तये तस्माद्यतितव्यं नरोत्तमैः ॥
कर्मभिर्देवसेवाभिः कामाद्यरिगणक्षयात् ।
चिकीर्षुर्देवतोपास्तिमादौ भावि विचिन्तयेत् ॥

—स्वप्नकमलाकरे

અર્થાત્—સ્વપ્ન ચાર પ્રકારનાં છે. પહેલા પ્રકારનું સ્વપ્ન દૈવિક એટલે દેવતાની પ્રેરણાથી થનાર સ્વપ્ન છે. જે કાર્યનું સૂચન કરે છે. બીજા પ્રકારનું સ્વપ્ન કોઈ શુભ વસ્તુનું સ્વપ્ન આવે તે છે. ત્રીજા પ્રકારમાં અશુભ સ્વપ્ન છે. અને ચોથા તરીકે શુભાશુભ મિશ્ર સ્વપ્ન છે.

જેનું ચિત્ત સ્થિર હોય, અર્થાત્ જે મનુષ્ય શાન્ત પ્રકૃતિનો અને ધીર હોય સમધાત પ્રકૃતિનો હોય તેવા માણસને દેવતાની પ્રાર્થના કરવાથી પોતાના કાર્યનું ઈષ્ટાનિષ્ટ સ્વપ્નમાં માલુમ પડે છે.

સ્વપ્ન આવવાનાં નવ કારણો હોય છે. કોઈ હકીકત સાંભળી હોય, અનુભવી હોય, જોઈ હોય. અથવા જોવા જેવું થઈ ગયું હોય, કોઈ વાતની ચિંતા હોય. પ્રકૃતિ વધી ગઈ હોય કે પ્રકૃતિમાં વિકાર થયો હોય એ છ કારણોથી મનુષ્યને સ્વપ્ન આવે છે. અથવા દેવતાના કારણે કે પુણ્ય અથવા પાપના કારણે સ્વપ્ન આવે છે. આમાંથી

પહેલા છનું ફળ શુભ અથવા અશુભ થઈ શકે છે. જ્યારે પાછલા ત્રણનું જલદીથી ફળ મળે છે.

× × ×

મૈથુન કરવાના કારણે, કોઈની સાથે હાસ્યવિનોદ કર્યો હોય તે કારણથી, શોકથી, કે પછી ભય, મળમૂત્રનો રોધ, ખોવાએલી વસ્તુની ચિંતા ઈત્યાદિ કારણોને લઈ આવેલું સ્વપ્ન વૃથા થાય છે.

× × ×

જેઓની કફ પ્રકૃતિ હોય છે, તેઓને પ્રકૃતિ વધવાથી કે વિકાર થવાથી સ્વપ્ન આવે ત્યારે તેઓ સ્વપ્નમાં મોટાં મોટાં જલાશય, પાણીથી છલકાઈ જતી નદીઓ, કમળો, સરોવરો, સ્ફટિકના મ્હેલ, ધોળી ગુફાઓ, તારા, ચંદ્ર, મેઘ (વાદળાં) મીઠા રસ (દૂધ, મધ, શેરડી ઈત્યાદિ) ઉમદા પ્રકારનાં ફળ, ઘી, યજ્ઞનાં સાધનો, યજ્ઞમંડપ, શૃંગાર કરેલી મોટા મોટા સ્તન અને વિશાળ આંખો, વિશાળ નિતંબપ્રદેશ તથા સૂક્ષ્મકટિવાળી શ્વેતવસ્ત્રથી અને શ્વેતમાળાઓથી શોભતી સ્ત્રીઓ જુએ છે.

જે પિત્તપ્રકૃતિના હોય છે, તે સળગતા અગ્નિને જુએ છે. ચમકતી વિજળીનાં તેજ, પીળી જમીન, ધારવાળાં શસ્ત્ર, સળગતી દિશાઓ, ખીલેલાં અશોક વૃક્ષો તથા શુદ્ધ ગંગાજળ, ખુબ ક્રોધ, તથા પોતાને મારફાડ કરતો ઈત્યાદિ જુએ છે. અને ઘણું પાણી પીતો જુએ છે.

જે વાત પ્રકૃતિવાળો હોય છે, તે ઉંચા પ્રદેશમાં ચઢે છે. વિવિધ પ્રકારનાં ઉંચાં ઉંચાં અને પવનથી હાલતાં વૃક્ષ, દોડતા ઘોડા, અને ઉડતાં પક્ષીની સવારી. ઉંચા મહેલ, ઝઘડા, કલેશ વગેરે જુએ છે. પોતે સવારી કરે છે, યા ઉડે છે.

આવા પ્રકારનાં સ્વપ્નો પ્રકૃતિના વિકારથી આવે છે. અને તે ઘણા ભાગે વૃથા જાય છે.

દેવતાઓ અને ગુરુજનોની સ્મૃતિ (સ્મરણ) દુઃસ્વપ્નોના નાશ કરનાર છે. તેથી રાત્રે સુતી વખતે વિષ્ણુ, કૃષ્ણ, રમાપતિ, માધવ ઈત્યાદિ ભગવાનનાં નામોનું સ્મરણ કરવું. અથવા અગસ્તિ, મુચુકુંદ, કપિલ અને આસ્તિક નામના (જનમેજયના સર્પ યજ્ઞને રોકનાર) મુનિનું સ્મરણ કરવું. તેમજ સ્વસ્થ થઈ શાંતિપૂર્વક ઉંઘી જવું, જેથી ખરાબ સ્વપ્નો નહિ આવે.

× × ×

જેમને સ્વપ્ન દ્વારા પોતાના ભાવિનો ભેદ ઉકેલવો હોય તેમણે સ્નાનાદિક ક્રિયાથી શુદ્ધ થઈ, દાન ઈત્યાદિ પુણ્યજનક ક્રિયાઓ કરવી, તેમજ ભગવાનનું સ્મરણ કરી દર્ભની સાદડી ઉપર સૂઈ જવું. સૂતી વખતે શંકરની પ્રાર્થના કરવી કે ભગવન્ દેવદેવેશ, શૂલધર, વૃષભધ્વજ આપ મને જ્યારે હું ઉંઘી જાઉં ત્યારે સ્વપ્નમાં મારા કાર્યોનું જે સાચું ફળ છે, તે કહો. ઇષ્ટાનિષ્ટ જે કંઈ હોય તે કહો. હું આપની કૃપાથી મને ક્રિયાસિદ્ધિ થાય, તેમ કરીશ.

× × ×

આમ પ્રાર્થના કરી સૂઈ જનાર સ્વસ્થ મનનો સાધક રાત્રે જે સ્વપ્ન જુએ તે જો તે સ્વપ્ન જોવા બાદ ફરી સૂઇ જાય તો નિષ્ફળ જાય છે. માટે શુભ સ્વપ્ન જોયા બાદ મનુષ્યે સૂર્યની સ્તુતિ કરતાં રાત્રી વ્યતીત કરવી. સવારે ઉઠી દેવતાઓ તથા ગુરૂજનોની પૂજા કરી, શંકરને નમસ્કાર કરી શુભ વસ્તુની પ્રાર્થના કરવી. અને ત્યારબાદ વડિલોની સન્મુખ પોતાના સ્વપ્નને કહેવું.

જો સ્વપ્નમાં પહેલાં ખરાબ અને પાછળથી સારૂં સ્વપ્ન આવ્યું હોય તો ખરાબ સ્વપ્નનો નાશ થઈ શુભનું ફળ મળે છે. માટે જો અનિષ્ટ સ્વપ્ન આવ્યું હોય તો ઉંઘી જવું. અથવા રાત્રિજ બીજા માણસને કહી દેવું. જેથી તે નિષ્ફળ થઈ જાય છે. અથવા સવારે ઉઠી શંકરને નમન કરી તુલસીની આગળ કહી સંભળાવવું. જેથી તે સ્વપ્ન નિષ્ફળ થશે.

× × ×

જે કૃત્યો ભવિષ્યમાં સિદ્ધ થવાનાં હોય છે, તેમનો કેવલ બુદ્ધિદ્વારા જ નિર્ણય થઇ શકે તેમ છે, માટે તે કાર્યોનો આત્મજ્ઞાન દ્વારા નિર્ણય કરવા પ્રયત્ન કરવો. દેવપૂજન ઈત્યાદિ કર્મોદ્વારા, કામક્રોધાદિ ષડ્‌રિપુનો જય કરી, દેવતાઓની ઉપાસના કરનાર માણુસ આ રીતે સ્વપ્નદ્વારા ભાવિ નિર્ણય કરે.

**સ્વપ્નશાસ્ત્ર**ના આ સાધારણ નિયમો તથા મૂળ સિદ્ધાન્તો છે. આ પાયા ઉપર આ શાસ્ત્રની રચના થઈ છે. ઉપરોક્ત સંદર્ભ વાંચનાર સ્હેજે સમજી શકશે, કે સ્વપ્ન આવ્યું, અને તેનું ફળ થઈ ગયું, તેવી બાલિશ વાર્તા આ સિદ્ધાન્તથી રચાએલા શાસ્ત્રમાં કયાંય નથી. જેને દેવપૂજન ઈત્યાદિદ્વારા પુણ્યવૃદ્ધિ, ષડ્‌રિપુના જયદ્વારા આત્મવિશુદ્ધિ અને દેવોપાસનાદ્વારા ઇષ્ટની કૃપા હોય તેવા મહાત્માના ચિત્તની સ્થિતિનો ખ્યાલ કરવાથી સમજાય તેમ છે, કે તેમનાં સ્વપ્નો વિકારજન્ય ન

હોય, તેમનું બળવાન સંસ્કૃત મન અને વિશુદ્ધ આત્મા ભૂત–ભાવિ વર્તમાન બધાને જ હસ્તામલકવત્ જોઈ શકે છે. જે તે જુએ તે સત્ય જ હોય છે. આટલી જ સ્વપ્ન-શાસ્ત્રની જડ છે. આજ મૂળતત્ત્વ છે. એટલે સ્વપ્નશાસ્ત્ર એ અધ્યાત્મશાસ્ત્રના વિભાગરૂપ છે. વિશ્વસનીય છે. ખાલી વ્હેમ માત્ર નથી, અથવા અજ્ઞાનમૂલક નથી.

**સ્વપ્નશાસ્ત્ર**માં પોતાના કાર્યના પરિણામનું જ્ઞાન, આધિદૈવિક, આધિભૌતિક ચિંતાઓનું નિરાકરણ અને છેવટે સ્વપ્નદ્વારા મૃત્યુજ્ઞાન ઇત્યાદિ વિષયો ચર્ચેલા છે. આ શાસ્ત્ર આત્મવિશુદ્ધિદ્વારા ગમ્ય હોઈ તેમાં સામાન્ય માણસોની ગતિ થઈ શકતી નથી. અને આવી સિદ્ધિવાળાઓ સામાન્ય ભાષામાં યોગી યા મહાત્મા ગણાતા હોઈ યા દેવાંશી ગણાતા હોઈ; આ શાસ્ત્રને શાસ્ત્રરૂપે વધુ વિકાસનો અવકાશ ન મળ્યો. જેમ યોગશાસ્ત્રનું થયું, તેમ આનું પણ થયું છે. એમ અનુમાન થાય છે. અને નિમિત્તશાસ્ત્રની આ બીજી શાખાનો હ્રાસ લગભગ થઈ ગયો છે.

[ ૫ ]

નિમિત્તશાસ્ત્રની ત્રીજી શાખા **સ્વરશાસ્ત્ર** છે. **સ્વરોદયશાસ્ત્રને** સાધારણ રીતે ઘણા માણસો નામ માત્રથી પણ જાણતા હોય છે. તેને જનસાધારણ સરોદો કહે છે. કોઈ કાળમાં આ વિભાગનો મોટો ફેલાવો થઈ ગયો હશે. સાધારણ માણસો પણ નાસિકાના શ્વાસોશ્વાસની પરીક્ષા કરવાના ચાળા કરી શુભાશુભ કહેવા મંડી જાય છે. અને આપણામાં તો એક પ્રચલિત શબ્દ જેવુંજ થઈ પડયું છે કે એ તો અમારા ઘરનો 'સરોદો'જ છે, કે આમ જ થાય. અર્થાત્ સ્વરોદયદ્વારા પોતામા કાર્યના પરિણામનો વિચાર કરવાની સર્વસાધારણ રૂઢી હોવી જોઈએ, એ દૃઢ છે. મુખ્યત્વે યોગી હોવાનો ડોળ કરનાર, બાવાઓ, સાધુઓ ઈત્યાદિ આ શાસ્ત્રનો આશ્રય લઈ બેઠેલા માલુમ પડે છે. અને જનતાને ઠગી ખાય છે. ઘણાખરા જોશીનો ધંધો કરનારા પણ વાતવાતમાં નાસિકાસ્વર તપાસવા મંડી જાય છે, આ બધું આ શાસ્ત્રની વ્યાપકતાનું રહી ગએલું ચિહ્ન છે. આજે આ વસ્તુને તેના શાસ્ત્ર તરીકે જાણનાર કોઈકજ મળી આવશે. વસ્તુતઃ તો આ શાસ્ત્રનાં સ્વરૂપનું પણ તેમને જ્ઞાન નથી હોતું. **સ્વરશાસ્ત્ર** એ જુદું શાસ્ત્ર છે, જ્યારે નાસિકાસ્વર એ કોઈ જુદી જ વસ્તુ છે. પરંતુ અસલ **સ્વરશાસ્ત્ર**ની જગ્યાએ નાસિકાસ્વરે ઘણા વખતથી સ્થાન જમાવી લીધું છે, અને તેની પણ **સ્વરશાસ્ત્ર**માં જ ગણના થઈ ગઈ છે. આ હકીકત આજની નથી. ઘણા વખતથી છે.

આ શાસ્ત્ર મુખ્યત્વે સાધુ સંતોમાં વધારે ફેલાઇ ગયું. અને તેમને મૂળ **સ્વરશાસ્ત્ર**નું જ્ઞાન ન હોવાથી, તેમજ યોગ પ્રત્યે સ્વાભાવિક પ્રેમભક્તિ હોઇ નાસિકાસ્વરનો ખુબ પ્રચાર થયો. વચ્ચેના સંતયુગમાં (સંવત ૧૦૦૦ થી ૧૫૦૦) સુધીમાં ઘણા પુરુષોએ આ શાસ્ત્રને અપનાવ્યું. અને લગભગ દરેક સંતે પોતાની વાણીમાં (તેમનાં પદો ઇત્યાદિ રચનામાં) **સ્વરશાસ્ત્ર**ને ગુંથી લીધું છે. આ નાસિકાસ્વર ઉપર કેટલાંક સંસ્કૃત પુસ્તકો મળી આવે છે. અને **કબીર** ઇત્યાદિ સંત પુરુષોની કૃતિઓ પણ મળી આવે છે. સંસ્કૃત પૈકી **શિવસ્વરોદય** આધારભૂત ગ્રંથ મનાય છે.

વાસ્તવિકમાં **સ્વરોદયશાસ્ત્ર** એ જુદી જ વસ્તુ હોવા છતાં આ નાસિકાસ્વર તેમાં ક્યાંથી ઘુસી ગયો એ સમજાતું નથી. પણ ઘણા જુના કાળથી તેનું મિશ્રણ થઇ ગયું છે. અને તેને અસલ **સ્વરશાસ્ત્ર**ને દબાવી દીધું છે. અને તેથી જ ઉપાધ્યાયજીયે **સ્વરશાસ્ત્ર**ની વ્યાખ્યા કરતાં બાલાદિપંચસ્વર સાથે નાસિકાસ્વરની ગણના કરેલી છે.

**વસંતરાજશાકુનશાસ્ત્ર** કે જે શાકુનના વિષયમાં એક જ્ઞાતવ્ય પ્રકરણ છે. તેમાં તેણે સ્વરોદયની સાથે નાસિકાસ્વરની ગણના કરેલી છે. આ ગ્રંથ પ્રાચીન છે. અને તેના ઉપર શહેનશાહ **અકબરને સૂર્યસહસ્ત્ર નામનું** અધ્યયન કરાવનાર **ભાનુચંદ્રગણિ** (**બાણભટ્ટ**ની **કાદંબરી**ના સુપ્રસિદ્ધ ટીકાકાર) ની ટીકા છે. તેમાં તો તેમણે સ્વરોદય એટલે નાસિકાસ્વરની જ ગણના કરી છે.

**વસંતરાજ**ના પહેલા પ્રકરણના દશમા શ્લોકની વ્યાખ્યા કરતાં તે લખે છે કે—

चूडामणिज्योतिषशास्त्रहोरास्वरोदयाद्यैर्विविधैर्जनस्य ।
जडीकृतस्यौषधमेतदिष्टं स्फुरच्चमत्काररसातिरेकम् ॥

चूडामणिति–एतच्छास्त्रमोषधमिष्टं वाञ्छितम् । कस्य जनस्य कीदृशस्य जडीकृतस्य जडतां प्रापितस्येत्यर्थः कैः चूडामणिज्योतिषशास्त्रहोरा स्वरोदयाद्यैस्तत्र चूडामणिर्ग्रंथविशेषः ज्योतिषशास्त्रं संहितादि होरा जातकादि स्वरोदयो महेश्वरकृतो ग्रंथः । एतत्प्रभृतिभिरित्यर्थः । कीदृशैर्विषमैरर्थतो न तु सूत्रतः । कीदृशं स्फुरच्चमत्काररसातिरेकं स्फुरन्प्रकटीभवन् चमत्कार लक्षणो रसस्तस्यातिरेकः आधिक्यं यत्र तत्तथा ॥

આ વ્યાખ્યામાં સ્વરોદય એટલે **મહેશ્વર શંકર**નો કરેલો ગ્રંથ એમ કહ્યું છે. અને તે **શિવસ્વરોદય**ને ઉદ્દેશીને કહેવાએલું હોવું જોઇએ. જો કે **સ્વરશાસ્ત્ર** યામ-

લગ્રંથોના આધારે રચાએલું છે, એમ **નરપતિ**એ કહ્યું છે. **યામલો**ના કર્તા **શંકર** છે. માટે તે **સ્વરશાસ્ત્ર**ના કર્તા ગણાય, એમ **શંકા** કરનારને અવકાશ છે. પરંતુ અહીં તો સ્પષ્ટ છે કે જે વસ્તુનો ગણિજીએ ઉલ્લેખ કર્યો છે, તે તો પ્રસિદ્ધ **શિવ-સ્વરોદય**ને ઉદ્દેશીને છે.

ખુદ **વસંતરાજ** પણ નાસિકાસ્વરને જ પ્રાધાન્ય દે છે જુઓ:—

**तुल्येऽपि शकुने नराणामालोक्यते योऽत्र फलस्य भेदः ।**
**स प्राणसञ्चारकृतो विशेषस्तत्प्राणगत्या शकुनो गवेष्यः ॥**
**प्रवेदिडायां परिपूरितायां सर्वोऽपि वामः शकुनः प्रशस्तः ।**
**स्यात्पिङ्गलायां परिपूरितायां सर्वोऽपसव्यः शकुनः प्रशस्तः**

**—प्रकरण ४ श्लो. ४–५**

અર્થાત્—જ્યારે એકી સાથે મનુષ્યો એક જ શકુન જુએ છે, છતાં તેઓને જુદું જુદું ફળ મળે છે. તેનું કારણ તેમનો પ્રાણસંચાર છે. માટે પ્રાણની ગતિ મુજબ શકુનનો વિચાર કરવો. જો ઇડા એટલે જમણી બાજુનો શ્વાસ ચાલતો હોય તો ડાબી બાજુથી થનાર શુકન શુભફળ આપે છે. જો પિંગલા (ડાબી બાજુની નાસિકા) એ શ્વાસ ચાલતો હોય તો જમણી બાજુથી થનાર શુકનો શુભ છે.

અર્થાત્—**વસંતરાજે** નાસિકાસ્વરને નિમિત્તમાં હેતુ માન્યો છે. આમ પરિપાટિ પ્રાચીનકાળથી હોઈ ઉપાધ્યાયજીયે કરેલી વ્યાખ્યા સંગત છે. અને તેમણે તો સ્વર એટલે અવાજ અને તેના ઉપરનું શાસ્ત્ર તે **સ્વરોદયશાસ્ત્ર** એવી વ્યાખ્યા કરી હોય તેમ લાગે છે. કારણ **શકુનશાસ્ત્ર** કે જેમાં પક્ષિઓના અવાજ ઈત્યાદિ ઉપરથી નિમિત્તની ગણના છે. તેને તથા **ચૂડામણિ**ને **સ્વરશાસ્ત્ર**માં ગણાવેલાં છે.

**હસ્તસંજીવન**નો કેટલોક ભાગ તથા **હસ્તકાંડ** અને **ચૂડામણિ**નો સાર એ તો આ હિસાબે સ્વરનાં જ પુસ્તકો છે.

વાસ્તવિકમાં સ્વરોદયશાસ્ત્ર તરીકે **નરપતિજયચર્યા, પંચસ્વરા, સમરસાર** એ ગ્રંથો મુખ્ય છે. આ ગ્રંથોની પરિપાટી જોતાં પૃચ્છકના મુખમાંથી ઉચ્ચારિત શબ્દોના અકારાદિસ્વર તથા કકારાદિ વ્યંજનના યોગે બાલ, કુમાર, યુવા, વૃદ્ધ તથા મૃત ઇત્યાદિ ભેદાનુસાર અનેક પ્રકારની બુદ્ધિગમ્ય કલ્પના કરી શુભાશુભનું જ્ઞાન કરેલું છે. આ ગ્રંથોની શૈલી કઠિણ છે. સામાન્ય માણસો માટે તે સુલભ નથી. સ્વરો

**ઉપરથી** અનેક પ્રકારનાં ચક્રો બનાવવાં. અનેક પ્રક્રિયાઓ કરવી, તથા તે દ્વારા શુભા-શુભની કલ્પના કરવાની છે. આ **સ્વરશાસ્ત્ર** મુખ્યત્વે જય પરાજયના વિષયમાં વિશેષ ઉપયોગમાં લેવાતું. **નરપતિએ** સ્વરજ્ઞની પ્રશંસા કરતાં કહ્યું છે કેઃ—

**पत्यश्वगजभूपालैः संपूर्णा यदि वाहिनी ।**
**तथापि भङ्गमायाति नृपो हीनस्वरोदयी ॥ १ ॥**
**कथंचिद्विजयी युद्धे स्वरज्ञेन विना नृपः ।**
**घूणवर्णोपमं तत्तु यथान्धचटकग्रहः ॥ २ ॥**
**स्वरशास्त्रे सदाभ्यासी सत्यवादी जितेन्द्रियः ॥**
**तस्यादेशस्य यः कर्ता जयश्रीस्तं नृपं भजेत् ॥ ३ ॥**

અર્થાત્—જ્યારે રાજાના સ્વરનો અસ્ત થાય છે, ત્યારે તેની સેના ભલે ચતુ-રંગિણી હોય છતાં તેનો પરાજય થાય છે.

સ્વરજ્ઞ વગરનો રાજા કદાચિત્ વિજયી બની જાય તો તે ઘુણાક્ષર ન્યાયથી થયો ગણાય. જેમ ભમરો લાકડામાં કોતરતાં કદાચિત્ કોઈ અક્ષરની આકૃતિ કોતરી નાખે તેમ તે રાજાનો વિજય પણ આકસ્મિક તરીકે સમજવો. અથવા અંધારામાં જેમ ચકલું ફાંફાં મારતાં દાણાને પકડી શકે તેવી રીતનો સમજવો.

જે **સ્વરશાસ્ત્રનો** સદાનો અભ્યાસી હોય, સત્યવાદી હોય, જિતેન્દ્રિય હોય તેવા સ્વરજ્ઞના આદેશનો જે અમલ કરે છે, તે રાજાને વિજયલક્ષ્મી મળે છે.

**સ્વરશાસ્ત્રોનો** આધાર યામલો ઉપર છે. **નરપતિ** કહે છે, મેં અનેક યામલો જોયા બાદ આ ગ્રંથની રચના કરી છે. તે કહે છે કેઃ—

**ब्रह्मयामलमादौ स्याद् द्वितीयं विष्णुयामलम् ।**
**रुद्रयामलमाख्यातं चतुर्थं चादियामलम् ॥**
**स्कंदं च यामलं चैव षष्ठं कूर्मस्य यामलम् ।**
**सप्तमं यामलं देव्या इति यामलसप्तकम् ॥**
**श्रुत्वादौ यामलान्सप्त तथा युद्धजयार्णवम् ।**
**कौमारीं कोशलं चैव योगिनीजालसम्बरम् ॥**
**रक्षोघ्नं च त्रिमुण्डं च स्वरसिंहं स्वरार्णवम् ।**

भूबलं भैरवं नाम पटलं स्वरभैरवम् ॥
तंत्रं रणाढ्यं ख्यातं सिद्धान्तं जयपद्धतिम् ।
पुस्तकेन्द्रं च ढौकं च श्रीदर्शनं ज्योतिषं तथा ॥
मंत्रयंत्राण्यनेकानि कूटयुद्धानि यानि च ।
तंत्रयुक्तिं च विज्ञाय विज्ञानं वडवानले ॥
एतेषां सर्वशास्त्राणां दृष्टसारोहमात्मना ।
सारोद्धारं करिष्यामि सर्वसत्वानुकंपया ॥

અર્થાત—યામલે, તંત્રમંત્રનાં પુસ્તકો ઇત્યાદિના આધારે **નરપતિએ** પોતાના ગ્રંથની રચના કરી છે. **સ્વરશાસ્ત્ર** આટલા બધા વ્યાપક રૂપમાં મળી આવે છે, છતાં હાલમાં જેમ મત્રંતંત્ર શાસ્ત્રનો હ્રાસ થઈ ગયો છે, તેમ આ શાસ્ત્રનો પણ હ્રાસ થયો છે. આનું મુખ્ય કારણ આ શાસ્ત્રનો મંત્રશાસ્ત્રો સાથેનો સંબંધ અને દુરૂહતાજ છે. બીજું કંઈ નથી.

દરેક સ્વરજ્ઞ મંત્રતંત્ર કુશળ હોવો જોઈએ. **નરપતિ**ની પ્રસંશા કરતાં તેના ટીકાકાર શ્રી **હરિવંશ** કવિએ લખ્યું છે, કે:—

विद्यालये मालवसंज्ञदेशे धारापुरोरम्यनिवासवासी ।
नानागमज्ञो नृपलोकपूज्यो बुधः प्रसिद्धो नरदेवनामा ।
स्वरबलफलवेत्ता देहतत्वेष्वभिज्ञो
विदित शकुनशास्त्र स्तंत्रमंत्रप्रवीणः ।
फलितगणितसारासार चूडामणिज्ञो
नरपतिरिति नाम्ना तस्य पुत्रो बभूव ॥
ज्ञाने यः सर्वज्ञो नृपगणपूज्यः सरस्वतीसिद्धिः ।
तेन कृतं शास्त्रमिदं प्रचुरगुणं दोषरहितं च ॥
श्रीमत्प्रासौवल्ली नगरे ख्याते
श्री अजयपालनृपराज्ये ।
श्रीपतिनरपतिकविना
रचितमिदं तत्र संस्थेन ॥

અર્થાત્—વિદ્યાના ધામરૂપ **માળવામાં** આવેલી **ધારાનગરીમાં** **નરદેવ** નામનો વિદ્વાન પુરુષ હતો, તેનો **સ્વરશાસ્ત્રને** જાણનાર, દેહતત્ત્વ (જેને **વસંતરાજે** હંસચાર કહ્યો છે. અને સાધારણ રીતે સ્વરોદય તરીકે પ્રખ્યાત છે. તે નાસિકા-સ્વરશાસ્ત્રજ્ઞ, શકુન, તંત્ર–મંત્ર વગેરેમાં પ્રવીણ, ફલિત જ્યોતિષ, તથા ગણિત જ્યોતિષને જાણનાર **ચૂડામણિનો** જ્ઞાતા **નરપતિ** નામનો પુત્ર થયો.

આ **નરપતિ** જ્ઞાનની અંદર સર્વજ્ઞ જેવો હતો. તેમજ રાજપૂજ્ય હતો. તેને સરસ્વતી સિદ્ધ હતી. તેણે દોષરહિત એને અનેક પ્રકારના ગુણ (રહસ્ય) વાળું આ **શાસ્ત્ર** રચ્યું છે.

**આશાપલ્લી** નામના પ્રખ્યાત નગરમાં કે જ્યાં શ્રી **અજયપાલનું** રાજ્ય છે, ત્યાં રહીને **નરપતિ** કવિએ આ શાસ્ત્ર રચ્યું છે. (હાલના **અમદાવાદ**માં આ ગ્રંથ રચાયો છે.)

અર્થાત્—**નરપતિ**ના ગ્રંથ મુજબ અને **સ્વરશાસ્ત્રજ્ઞ**ની પ્રતિજ્ઞાનો વિકાસ થવાનાં સાધન માટે મંત્ર–તંત્ર ઈત્યાદિના જ્ઞાનની જરૂરત છે. **નરપતિ**ના ગ્રંથમાં તાંત્રિકોનાં પ્રસિદ્ધ મારણ, મોહન, ઉચ્ચાટનાદિ ષટ્કર્મોનો ઉલ્લેખ છે. આથી સ્વર-શાસ્ત્રજ્ઞોનો મંત્રતંત્ર ઉપર આધાર અથવા સંબંધ રહે છે, તે નિર્વિવાદ છે.

યામલોમાં શું હોવું જોઈએ, તે તો વિદિત જેવું જ છે. યામલો મંત્રશાસ્ત્રના ગ્રંથો છે. એમ તેની પ્રસિદ્ધિ છે. છતાં જાણવા જેવું એ છે કે યામલો કેવળ મંત્ર-શાસ્ત્રનાં પુસ્તકો નથી. તેઓમાં નિમિત્તનાં પુષ્કળ વિધાનો છે. યામલોનું લક્ષણ બતાવતાં કહ્યું છે કે:—

**सृष्टिश्च ज्योतिषाख्यानं नित्यकृत्यप्रदीपनम्**
**क्रमसूत्रं वर्णभेदो जातिभेदस्तथैव च**
**युगधर्मश्च संख्यातो यामलस्याष्टलक्षणम् ॥**

અથાત્—સૃષ્ટિ, જ્યોતિષ, નિત્યકૃત્ય, ક્રમ અને સૂત્ર, વર્ણભેદ, જાતિભેદ તથા યુગધર્મ આ આઠ વિષયો ઉપર જેમાં ચર્ચા હોય તેનું નામ યામલ.

**યામલ** એ તંત્રશાસ્ત્રના મુખ્ય ત્રણ ભેદમાંનો એક મોટો ભેદ છે. તંત્રશાસ્ત્રના **आगम**, **यामल** અને **तंत्र** એવા ત્રણ ભેદ છે.

આથી ખ્યાલ થાય છે કે **યામલો**માંનું જ્યોતિષ લગભગ **સ્વરોદય** હશે. તાંત્રિકોને વર્ણબીજ ઉપર મુખ્ય આધાર છે. અને તેવા જ વર્ણોચ્ચાર ઉપરથી **સ્વરોદય** બને છે. એક જ વસ્તુ એક અર્થમાં સિદ્ધિ માટે બીજા અર્થમાં ભાવિજ્ઞાન માટે હોય તેવો આનો અર્થ છે.

**સ્વરશાસ્ત્ર**નો જેવો અતિરેક થયો છે. તેવો પહેલી બે શાખાઓનો નથી થયો. પરંતુ નિમિત્તશાસ્ત્રની પહેલી બે શાખાઓની માફક તેનો તેના વિશિષ્ઠ લક્ષણ અને દુરૂહતા તથા ઐન્દ્રજાલિક જેવા સ્વરૂપને અંગે હ્રાસ થયો હોય તે જ કારણ વારંવાર વિચારપથમાં આવે છે. શાસ્ત્રની ઉપાદેયતા જો કે ઘણી છે. એ ભૂલવા જેવું નથી.

**સ્વરોદય**ની અંદર જયપરાજય સિવાય અર્ઘ્યકાંડ (તેજી–મંદી)નો પણ વિચાર છે. જીવિત–મરણનો પણ વિચાર છે. અનેક પ્રકારની ભૂમિ કલ્પના છે. તેમજ કેટલાક રક્ષા મંત્રો છે. પોતાના પક્ષને વિજય અપાવવા, તથા સામાપક્ષનો પરાજય કરવાના માટે અનેક પ્રકારથી વિચાર કરી અનુકૂળ કાળ શોધવાની પ્રક્રિયાઓ છે.

**ચૂડામણિ, હસ્તકાંડ** તથા **ચંદ્રોન્મિલન** એ ગ્રંથો તથા કેટલાક કેરલીય પ્રશ્નો, રમલ, પાશક કેવલી, શુકનાવલી ઈત્યાદિનો સમાવેશ **સ્વરશાસ્ત્ર**માં કરી શકાય. જો કે **ચૂડામણિ, હસ્તકાંડ** અને **ચંદ્રોન્મિલન** વ્યવસ્થિત પ્રકરણો છે. તેમાં ઘણી કલ્પનાઓ ચમત્કૃતિ ભરેલી છે. પરંતુ તેમાં કેટલીક હકીકત એવી છે, કે તે કેવલ ઈષ્ટકૃપા ઉપર નભતી હોઈ, અને સ્વાભાવિક શબ્દોચ્ચારના ઉપર જ નિર્ભર હોઈ છલ કરવામાં આવે તો નિષ્ફળ બને છે. તેથી તે તે ગ્રંથોના અધ્યયન–અધ્યાપનની પરિપાટી બંધ થઈ ગઈ, અને ધીમે ધીમે નામશેષ થઈ ગયા છે. આગળ ઉપર તે ગ્રંથોનો વિસ્તારપૂર્વક ખ્યાલ આપવામાં આવનાર હોઈ અહીં તેમનો હ્રાસ થવાના કારણનું અનુમાન માત્ર કર્યું છે.

હાલમાં જો કે **સ્વરોદયના નરપતિજયચર્યા** ઈત્યાદિ ગ્રંથોનું પઠન પાઠન ચાલે છે. પરંતુ જોઈએ તેટલો પ્રચાર નથી જ. તેનું કારણ તે ગ્રંથોની દુરૂહશૈલી અને વિષયની જટિલતા છે.

આ શાખામાં આવતા **શકુનશાસ્ત્ર**ની હકીકત પણ તેવી જ છે. **શકુન** ઉપર **વસંતરાજ** સિવાય બીજાં પ્રકરણો બહુ જ ઓછાં મળે છે. નથી મળતાં એમ કહીએ તો પણ ચાલે. **વસંતરાજ**ના વીસ અધ્યાયો છે. અધ્યાયને વર્ગનામ આપવામાં આવ્યું

છે. આ ગ્રંથ ઉપર પ્રથમ જણાવ્યું તેમ **ભાનુચંદ્ર** ગણિ જેવા પ્રગલ્ભ વિદ્વાન્‌ની ટીકા છે. ગ્રંથ ઘણો જ રોચક છે. અને તેને **મિથિલાના** મહારાજા **ચંદ્રદેવની** પ્રાર્થનાથી **વિજયરાજ** અને **સત્યવતીના** પુત્ર **શિવરાજના** નાના ભાઈ **વસંતરાજે** રચ્યો છે.

શાકુનિકો (**શકુનશાસ્ત્રજ્ઞ**) બે પગાં પ્રાણીઓ મનુષ્ય તથા પક્ષિઓ, ચતુષ્પદ પ્રાણીઓ હાથી ઘોડા ઈત્યાદી ષટ્પદ પ્રાણીઓ ભમરા વગેરે, આઠ પગવાળાં શરભ ઈત્યાદિ, અનેક પગવાળાં કાનખજુરા વગેરે તથા પગ વગરના સર્પો ઈત્યાદિ પ્રાણીઓ દ્વારા તેમની ચેષ્ટા, અવાજ, ગમાગમ વગેરેથી કાર્યકારણની કડી મેળવી પ્રારંભિત કાર્યના પરિણામની કલ્પના કરે છે.

તેમનો સિદ્ધાન્ત છે, કે પૂર્વજન્મનાં શુભાશુભ કર્મોના પરિપાકથી પ્રતિક્ષણ શુભાશુભફળ પ્રાણીઓ ભોગવે છે. અને તે શુભાશુભની કલ્પના શકુન દ્વારા થઈ શકે છે. માટે શુભાશુભને જાણીને પુરૂષાર્થદ્વારા અશુભનો પ્રતિકાર અને શુભની વૃદ્ધિ કરવી જોઈએ. જેમ સાપને જોઈ તેના દંશથી બચવા મનુષ્ય દૂર જતો રહે છે. તેમ અશુભથી બચવા તેની સ્વાભાવિક પ્રવૃત્તિ થાય છે. અને તે કરવી જ જોઈએ. શુભાશુભ ભવિતવ્યતાનું કારણ પ્રાક્તન કર્મ બને છે, તો આધુનિક કર્મ પણ કારણ બની જ શકે છે. માટે કર્મદ્વારા અશુભનો પ્રતિકાર થઈ શકે છે.

પ્રાણીઓ દૈવથી પ્રેરિત થઈ શકુનદ્વારા સૂચન કરે છે. તેઓની આ ક્રિયા હેતુપૂર્વક કરવામાં આવેલી ન જોઈએ.

અનેક પ્રકારનાં પ્રાણીઓ હોવા છતાં તેમણે પાંચ પ્રાણીઓને મુખ્ય માન્યાં છે. જેમકે:—

**पोदकी भषणकाकपिङ्गला जम्बुकप्रियतमा च पञ्चमी ।**
**एतदत्र मुनिसत्तमैः सदा कीर्त्यते शकुनरत्नपञ्चकम् ॥**

અર્થાત્—પોદકી એટલે જેને હિંદમાં કાલી ચિડીયા કહે છે, તથા ગુજરાતીમાં દુર્ગા, દેવચકલી ઈત્યાદિ કહે છે તે, ભષણ એટલે કુતરો, કાક (કાગડો) પિંગલા એટલે ચીબરી અને શીયાળવી એ પાંચ પંચરત્ન છે, ચીબરીને ભૈરવ પણ કહે છે. શાકુનિકો આ પ્રાણીમાં દેવતાઓનો વાસ માને છે. તેમની કલ્પના મુજબ—

**सरस्वती पांडविकां प्रधानां यक्षोऽपि यक्षं गरुडश्च काकम् ।**
**चण्डी पुनः पिङ्गलिकां सदैव शिवां शिवाद्दूत्यधितिष्ठतीह ॥**

અર્થાત્—**સરસ્વતી** દુર્ગા (દેવચકલી)માં, યક્ષ કુતરામાં, ગરૂડ કાગડામાં, ચંડિકા ચીબરીમાં, અને **પાર્વતીની** દૂતી શિયાળવીમાં રહે છે. એટલે તે તે દેવાંશોને લઇ તેઓ શાકુન કરે છે. જો કે દરેક પ્રાણીમાં દેવતાઓના અંશ રહેલા છે. માટે દરેક પ્રાણી શક્તિમાન થઈ શકે છે. આથી શાકુનિકે કોઇ પ્રાણીની હિંસા ન કરવી. હિંસા કરવાથી તે પ્રાણીનો અધિષ્ઠાયકદેવ ક્રુદ્ધ થાય છે.

શાકુનિકો કેવલ પક્ષિઓ ઉપર જ આધાર રાખતા નથી. તેમણે તો મનુષ્યને પણ શકુનમાં કારણ ગણાવેલ છે. નરેંગિત એટલે મનુષ્યની ચેષ્ટાને પણ શુભાશુભની વ્યંજક માની છે.

પક્ષિઓની ઓળખાણ, તેમના ભાવાભાવનું નિરૂપણ, અવાજની પરીક્ષા, સુખ-દુ:ખની પરીક્ષા ઈત્યાદિ અનેક ભેદ **શકુનશાસ્ત્ર**માં છે. અને તેમની ચેષ્ટા ઈત્યાદિ ઉપર શુભાશુભની કલ્પના ચમત્કાર ભરેલી રીતે વર્ણવેલી છે.

આજકાલ શકુન જોવાની પદ્ધતિ લગભગ બંધ થઈ જવા આવી છે. છતાંય શકુન એ તો દીવો છે. '**शकुनो दण्डनायकः**' ઈત્યાદિ શબ્દો આપણા માટે ઘરગથ્થુ થઈ પડયા છે. આપણાં પ્રાચીન લોકગીતોમાં 'ડાબી તે ભૈરવ રોઇ રહી.' ઇત્યાદિ પદો **શકુનશાસ્ત્ર**ની અતિશયતાને સૂચવે છે.

આ ઉપશાખાનો હજી કંઇ કંઈ પ્રચાર છે. પરંતુ તે અક્ષરજ્ઞાનથી પોતાને પંડિત માનતા વર્ગમાં નહિ. ગ્રામ્ય જનતામાં, શિયાળ બોલી માટે અમુક બનશે તેનો ભીલ, કોળી, ઠાકરડા વગેરે વર્ગમાંથી જ જાણકાર મળી આવે છે. શહેરી જીવન જીવનારને તે પ્રાણીઓનાં દર્શન જ જ્યાં દુર્લભ છે, ત્યાં તેમના ઈંગિતજ્ઞાનની તો વાત જ શી ?

[ ૬ ]

**નિમિત્તશાસ્ત્ર**ની ચોથી શાખા તરીકે ઉપાધ્યાયજીએ **ભૌમશાસ્ત્ર** બતાવ્યું છે. અને તેની '**भौमं भूमिभागलक्षणादि**' એટલે કે જેમાં ભૂમિના વિભાગોનું જ્ઞાન હોય તેને **ભૌમશાસ્ત્ર** કહેવું, એમ **સમવાયાંગસૂત્ર**ની વૃત્તિમાંથી વાકય ઉદ્ધૃત કરીને જણાવ્યું છે.

અહીં ઘણી શંકાઓને સ્થાન છે. જ્યોતિષશાસ્ત્રના અનેક ગ્રંથો જોતાં ક્યાંય આવી વ્યાખ્યા અને તે મુજબનું નિમિત્તજ્ઞાન જોવામાં આવ્યું નથી. **ભૂસ્તરવિદ્યાનો** શબ્દથી જો નિર્દેશ કરાયો હોય તો તે શકય છે. ઉપાધ્યાયજી જણાવે છે કે:—

**भौमं भूमिभागलक्षणादि इत्युक्तं समवायाङ्गसूत्रवृत्तौ, देशग्रामादेरपि भूमिविशेषत्वात्तद्विचारोऽपि भौममुच्यते। अत एव स्थानाङ्गवृत्तावप्युक्तं भूमिविकारो भौमं भूकम्पादि। अन्यदपि भूवो घनसुषिरस्निग्धादिज्ञानं पूर्वादिगृहसूत्रविन्यासेन वा वृद्धिहान्यादि ज्ञानं निधिज्ञानं देशलभ्यालभ्यज्ञानं सर्वं भूमिसंबंधाद्भौममेव।**

અર્થાત--ભૌમ એટલે ભૂમિના ભાગનું લક્ષણ એમ **સમવાયાંગસૂત્ર**ની વૃત્તિમાં છે. દેશ, ગામ વગેરેની પણ ભૂમિ ઉપર સ્થિતિ હોવાથી તેમના સંબંધી વિચારોને પણ **ભૌમશાસ્ત્ર** કહી શકાય. અને તેથી જ **સ્થાનાંગસૂત્ર**ની વૃત્તિમાં કહ્યું છે કે ભૂમિનો વિકાર તે ભૌમ જેમકે ભૂકંપ ઈત્યાદિ. બીજું પણ પૃથ્વીની ઘનતા, બીલ રસ ઈત્યાદિ જ્ઞાન તથા **વાસ્તુશાસ્ત્ર**ના આધારે (પૂર્વદિશાનું ઘર ઇત્યાદિ ક્ષેત્રફળ, આય વગેરેના આધારે) વૃદ્ધિ અને હાની વગેરેનું જ્ઞાન. જમીનમાં રહેલા દ્રવ્યને શોધી કાઢવાનું જ્ઞાન, દેશ વિશેષદ્વારા ભાગ્યોદયનું સ્થળ શોધી કાઢવાની વિદ્યા તે દરેકનો ભૂમિ સાથે સંબંધ હોઈ તે બધું **ભૌમશાસ્ત્ર** છે.

આજ લક્ષણ જો **ભૌમશાસ્ત્ર**નું હોય તો તે **ભૂસ્તરવિદ્યા-વાસ્તુવિદ્યા** વગેરે જ છે, એમ કહી શકાય. **ભૂસ્તરવિદ્યા**ના જ્ઞાન વગર પૃથ્વીની ઘનતા રસકસ અંદરનું પાણી ઈત્યાદિની સમજ ન જ પડે. આમ જોતાં **ભૂસ્તરવિદ્યા** અને **વાસ્તુવિદ્યા** એ એના ઉપરથી અમુક પદાર્થોનું ભવિષ્ય જ્ઞાન કરવાની વિધિ તે **ભૌમશાસ્ત્ર** અને એ રૂપમાં તે **નિમિત્તશાસ્ત્ર**ની ચોથી શાખા બને છે. એક રીતે જોતાં ભવિષ્યજ્ઞાન એટલે ભવિષ્યકાળ સંબંધી જ્ઞાન એવો અર્થ થાય છે. પરંતુ જ્યોતિષશાસ્ત્ર અથવા બીજા અને પૂર્ણશબ્દ નિમિત્તશાસ્ત્રથી ધ્વનિત થતા અર્થમાં જોઈએ તો પ્રત્યક્ષ પ્રમાણદ્વારા ઉદ્ભવતું અનુમાન એમ અર્થ થાય છે. અને જો તેને જ માનીએ તો ભૂમિનાં બાહ્ય ચિહ્નો (રૂપ, રંગ, સ્વાદ) દ્વારા તેની અંદર અદૃશ્ય રહેલા પાણી, ખનીજ ઈત્યાદિનું યા પૃથ્વીના વિશિષ્ઠ માપનદ્વારા નિપજતા શુભાશુભનું જ્ઞાન એટલે કે વિશાળ અર્થમાં **ભૂસ્તરશાસ્ત્ર**નું અને **વાસ્તુશાસ્ત્ર**નું જ્ઞાન એ જ **ભૌમશાસ્ત્ર** હોઈ નિમિત્તશાસ્ત્રની શાખા તરીકે વ્યાજબી ઠરે છે. **વાસ્તુવિદ્યા** ને જ **સ્થાપત્યવિદ્યા** ગણવામાં આવે છે.

જ્યોતિષશાસ્ત્રમાં **ભૂસ્તરવિદ્યા** તથા **વાસ્તુવિદ્યા**નો ઉપયોગ કેવી રીતે કરેલો છે, તે નીચેના શ્લોકો ઉપરથી જણાશે.

**વરાહમિહિરે** પોતાની બૃહત્સંહિતામાં **વાસ્તુવિદ્યા** અને ઉદકાર્ગલ નામનાં પ્રકરણો છે. અને તે દ્વારા આશ્ચર્યજનક હકીકતો રજુ કરી છે. તે કહે છે કે–

**धर्म्यं यशस्यं च वदाम्यतोऽहं**
**दकार्गलं येन जलोपलब्धिः ।**
**पुंसां यथाङ्गेषु शिरास्तथैव**
**क्षितावपि प्रोन्नतनिम्न संस्थाः ॥ १ ॥**
**एकेनवर्णेन रसेन चाम्भश्च्युतं नभस्तो वसुधाविशेषात् ।**
**नानारसत्वं बहुवर्णतां च गतं परीक्ष्यं क्षितितुल्यमेव ॥ २ ॥**
**मेघोद्भवं प्रथममेव मया प्रदिष्टं ज्येष्ठामतीत्य बलदेवमतादि दृष्ट्वा ।**
**भौमं दकार्गलमिदं कथितं द्वितीयं सम्यग्वराहमिहिरेण मुनिप्रसादात् ॥**

અર્થાત્—ધર્મ અને યશ આપનારૂં દકાર્ગલ હવે હું કહું છું. જેથી જલની પ્રાપ્તિ થાય. જેમ પુરુષના અંગ પ્રત્યંગમાં નસો રહેલી છે. તેમ પૃથ્વીની અંદર ઉંચી નીચી જલની ધારાઓ રહેલી છે.

એક જ રંગનું અને એક જ સ્વાદનું પાણી આકાશમાંથી પડે છે. પરંતુ પૃથ્વીના વિવિધપણાને લઇને જુદા જુદા પ્રકારના અનેક સ્વાદનું તથા રંગનું થાય છે. જેવી પૃથ્વી તેવું પાણી હોય છે.

મેઘથી પડનાર પાણી સંબંધી મેં પહેલાં જ **બલદેવ** વગેરે આચાર્યોના મતોની સમાલોચના કરી કહી દીધું હતું. હવે આ બીજું ભૂમિ સંબંધી (ભૌમ) **દકાર્ગલ** મુનિયોની કૃપાથી સારી રીતે કહ્યું છે.

આ દકાર્ગલશાસ્ત્રનો આધાર પૃથ્વી પરીક્ષા ઉપર છે. પૃથ્વીની રૂપ, રંગ, ગંધ ઇત્યાદિદ્વારા પરીક્ષા કરે છે. અને પછી અમુક હાથના અંતરે અમુક પ્રકારના સ્તર અને પાણી આવશે, તેવું અનુમાન થાય છે. આ એક વ્યવસ્થિત શાસ્ત્ર છે. હાલમાં આનું ધોરણ ઘણું ઉંચું થઈ ગયું છે. પરંતુ આ વૈજ્ઞાનિકશાસ્ત્ર નિમિત્તશાસ્ત્રથી તદ્દન અળગું કરવામાં જ હાલના આ શાસ્ત્રના નિષ્ણાતોએ ઇતિકર્તવ્યતા માની હશે તેમ લાગે છે. કારણ જ્યોતિષીઓમાં આ જ્ઞાનનો બહુધા લોપ થઈ ગયો છે. અને જ્યોતિષીઓ (નૈમિત્તિકો) ઉપરથી લોકવિશ્વાસ પણ ઉઠી ગયો છે. હાલમાં તો ગમે તે જગ્યાએ બોરીંગથી પાણી લાવવાના પ્રયત્નો થાય છે. અને આજના યાંત્રિક યુગમાં

સાધનની વિપુલતાને લઇ આવી પરીક્ષા વગર પણ કાર્યસિદ્ધિ થતી હોવાથી તેની જરૂરીઆત ઘટતી જાય છે. પરંતુ જે કાળમાં કુવા, વાવ, તળાવ એ જ પાણીનાં સાધન હતાં, અને ખેતીનો આધાર કુવા ઈત્યાદિ ઉપર જે સ્થળમાં રહેતો, ત્યાં આ શાસ્ત્રની ઉપયોગિતા હતી. અને કેટલી બધી અગત્યતા હશે, તે કલ્પવાથી સમજી શકાય તેમ છે. **વરાહમિહિરે** તો આ શાસ્ત્રને ધર્મ અને યશની વૃદ્ધિ કરનાર ગણ્યું છે.

**વાસ્તુશાસ્ત્રનું** પણ લગભગ તેમજ છે. હાલમાં નવીન નગર રચના, કાલની અતિગતિ વગેરેને લઈ અમુક માપનું ઘર બનાવો; અમુક ઉંચાઇ નીચાઈ વગેરે દ્વારા ઘર કેટલા વર્ષ ટકશે, ઈત્યાદિ, તેમજ ઘરમાં રહેનાર કેવા પ્રકારનું સુખ ભોગવશે, વગેરે કલ્પનાઓનો હાલમાં હ્રાસ થઈ ગયો છે. કોઈ કાળમાં ઘર બાંધવું એ મહાકાર્ય ગણાતું હશે, ત્યારે આની પૂછપરછ અને કલ્પનાવિશાલતા વધી ગઈ હશે પરંતુ હાલમાં તો તેવું કંઈ દેખાતું નથી.

ભૂમિકંપ ઈત્યાદિના થયા પછી જગત ઉપર તેની શી અસર થશે, તેની કલ્પના કરવામાં આવતી. **દૈવજ્ઞ કામધેનુ** નામના અતિ પ્રાચીન જ્યોતિષગ્રંથમાં કહ્યું છે કે:-

**धरित्र्याश्चलनं पापं सौम्यनक्षत्रवारजम् ।**
**स्वधर्मे शुभदं भूयः परवर्गेषु दोषदम् ॥**
**केचित्पापफलं भूमेश्चलनं सर्वदा जगुः**
**पच्यते चलनं धात्र्याः वत्सराद्वितयान्तरे ॥**

અર્થાત્--પૃથ્વીનું ચાલન (ધરતીકંપ) જો શુભ નક્ષત્ર અને શુભવારમાં થાય તો અશુભ ફળ આપે છે. જો પાપવારમાં કે પાપનક્ષત્રમાં થાય તો ઘણુંખરૂં શુભ ફળ આપે છે. કેટલાક આચાર્યો ધરતીકંપનું ફળ સર્વદા અશુભ માને છે. ધરતીકંપનું ફળ બીજા વર્ષ પર્યંતમાં મળી જાય છે.

**વરાહમિહિરે** ભૂમિકંપ સંબંધી પોતાની **બૃહત્સંહિતામાં** એક આખો અધ્યાય લખ્યો છે. તેમાં ભૂમિકંપનાં કારણોથી લઈ જે સમયે ભૂમિકંપ થયો, તે સમયમાં નક્ષત્રાદિ ઉપરથી જગતનું શુભાશુભ કહેલું છે, **મિથિલાના** મહારાજા **બલ્લાલસેને અદ્ભુતસાગર** નામનો એક વિસ્તૃત ગ્રંથ લખ્યો છે. તેમાં પણ ધરતીકંપ થવાનાં કારણો, શુભાશુભ તથા અશુભની નિવૃત્તિ માટેનાં પૂજન ઈત્યાદિ

કહ્યાં છે. અને ઘણી જ્ઞાતવ્ય બાબતોની સમાલોચના તે ઉભય ગ્રંથકારોએ પોતાના કાલની માન્યતા તથા સાધન સામગ્રી દ્વારા કરી છે.

આમ ઉપાધ્યાયજીએ **ભૌમશાસ્ત્ર**ની જે વ્યાખ્યા કરી છે તેને લગતાં વિધાનો જુદી જુદી જગ્યાએથી મળી આવે છે. પ્રાચીનકાળમાં તેનું કેટલું મહત્ત્વ હશે, તે તો કલ્પનાથી સમજી લેવાનું છે. વર્તમાનમાં તો **વાસ્તુશાસ્ત્ર**ના ગૃહપ્રવેશ વિધાન સિવાયની બીજી બાબતોનો લગભગ હ્રાસ થઇ ગયો છે. અને આમાં સમય એજ મુખ્ય કારણ છે.

[ ૭ ]

**નિમિત્તશાસ્ત્ર**ની પાંચમી શાખા **વ્યંજનશાસ્ત્ર** છે. વ્યંજન શબ્દ વ્યક્તિ સ્પષ્ટિકરણ એ અર્થમાં યોજાએલ માલુમ પડે છે. શરીર ઉપરનાં તલ, મસા ઇત્યાદિદ્વારા મનુષ્યની પરીક્ષા અને ભવિષ્યકથન એ આ શાસ્ત્રનો વિષય છે.

પ્રાચીન ગ્રંથો તપાસતાં જો કે ઉપાધ્યાયજીએ કોઈ ખાસ ગ્રંથનું નામ નથી લખ્યું, પણ **વારાહમિહિર**ની બ્રહત્સંહિતામાં પિટકાધ્યાય નામનો એક અધ્યાય છે. તે ઉલ્લેખનીય છે, એ અધ્યાય ફક્ત દસ શ્લોકનો જ છે. તેના અંતમાં **વરાહ** કહે છે કે:—

**इति पिटकविभागः प्रोक्त आमूर्द्धतोऽयं**
**व्रणतिलकविभागो ऽप्येवमेव प्रकल्प्यः ।**
**भवति मशकलक्ष्मावर्तजन्मापि तद्वत्**
**निगदितफलकारि प्राणिनां देहसंस्थम् ॥**

અર્થાત્—મેં જેમાં માથાથી લઈ પગ પર્યંતના પિટકનું ફળ છે. એવો આ પ્રમાણે પિટકવિભાગ કહ્યો. વ્રણ અને તલનો વિભાગ પણ આની માફક જ કલ્પી લેવો. મશક, લાખું, ભમરી વગેરે જે પ્રાણીઓના શરીર ઉપર હોય છે. તેમનું ફળ પણ આ પ્રમાણે જ સમજી લેવું.

**નિમિત્તશાસ્ત્ર**ની છઠ્ઠી શાખા તરીકે ઉપાધ્યાયજીએ **લક્ષણશાસ્ત્ર** જણાવ્યું છે. હાલનું તેમજ પ્રાચીન **અંગલક્ષણશાસ્ત્ર** યા **સામુદ્રિકશાસ્ત્ર** એજ આ વિભાગ છે.

**માણુસ**ની ઉંચાઇ, નીચાઈ, વજન, માથાથી લઈ પગ સુધીના અવયવોનું બંધારણ **વગેરે દ્વારા** તેના ગુણુદોષનો કલ્પના, ભવિષ્ય સંબંધી જ્ઞાન એ બધું તેમાં આવી

જાય છે. આ શાખા ઉપર **સામુદ્રિક** નામથી કેટલાક ગ્રંથો ઉપલબ્ધ થાય છે, અને હાલમાં આ શાસ્ત્ર ઉપર લોકરૂચિ વધી જવાથી લગભગ દરેકને આ વિષય થોડા બહુ અંશમાં પરિચયમાં આવતો જાય છે.

ઉપાધ્યાયજીએ આમ જો કે લક્ષણ અને વ્યંજનને જુદી જુદી શાખા તરીકે વર્ણવ્યાં છે. પરંતુ ઘણા કાળથી તે બંને એક જ તરીકે ચાલ્યાં આવે છે. **લક્ષણશાસ્ત્રની ઉપશાખા તરીકે વ્યંજન** આવી જાય છે.

[ ૮ ]

નિમિત્તશાસ્ત્રની સાતમી શાખા ઉત્પાત છે. ઉત્પાતનો અર્થ ચાલતી આવતી સ્થિતિમાં વિકૃતિ ઉત્પન્ન થવી; અને અનિયમિતતા આવી જવી તેવો ઘટાવી શકાય. દાખલા તરીકે વાવાઝોડું. ઉપાધ્યાયજીએ ઉત્પાતનું વાસ્તવિક લક્ષણ આપ્યું છે. તેઓ કહે છે કે:—

**भूमिकम्पो रजोवृष्टिर्दिग्दाहोऽकालवर्षणम् ।**
**इत्याद्याकस्मिकं सर्वमुत्पात इति कीर्त्यते ॥**

**स्थानाङ्गवृत्तौतूत्पातः सहजरुधिरवृष्ट्यादिरिति, । अन्यदपि वस्त्रादिषु छिद्रे उंदिरादिदष्टे दग्धे शय्याभङ्गे च देवांशादिना सुखदुःखादि–ज्ञानमप्युत्पात एवान्तर्भवति ॥**

અર્થાત્—ભૂમિકંપ, રેતની વૃષ્ટિ, દિશાઓનું બળવું. (આકાશમાંથી અગ્નિ વરસતો હોય તેવો ભાસ થવો) અકાલ વૃષ્ટિ ( માવઠાં ) વગેરે જે અકસ્માત થાય છે. તે ઉત્પાત કહેવાય છે.

**સ્થાનાંગસૂત્ર**ની વૃત્તિમાં સહજ વૃષ્ટિની માફક લોહીની (રાતા પાણીની) વૃષ્ટિ થાય ઇત્યાદિ જે વિકૃતિ માલુમ પડે તેનું નામ ઉત્પાત કહેલું છે. અને બીજું પણ વસ્ત્રોને ઉંદર કરડી જાય, યા અકસ્માત વસ્ત્ર દાઝે, ખાટલા ભાગે ઇત્યાદિ બનાવો પણ દેવાંશવાળા હોઈ સુખદુઃખના હેતુ ભૂત હોઈ તેમનો ઉત્પાતની અંદર સમાવેશ થાય છે.

ઉપરના સંદર્ભમાં ભૂમિકંપને ઉત્પાતમાં ગણાવેલો છે. જ્યારે પ્રથમ તેને ભૌમમાં ગણાવેલો છે. એટલે શંકાને સ્થાન રહે છે, કે તે જે ઉત્પાતમાં ગણવો કે નહિ? અહીં વિચાર કરતાં એટલું માલુમ પડે છે, કે તે એક મહાન ઉત્પાત છે. એટલે તેને અહીં ગણવો ઉચિત છે.

પ્રાચીનાચાર્યોએ સૃષ્ટિના આવા આકસ્મિક બનાવો ઉપરથી શુભાશુભની

કલ્પના કરી છે. **વરાહમિહિરે** એ દરેક વિષયનો પોતાની **બૃહ-સંહિતામાં** સમાવેશ કરી દરેક ઉપર એક એક અધ્યાય લખેલો છે.

**બલ્લાલસેને** તો મુખ્ય ત્રણ ભાગ પાડી દીવ્ય, અંતરીક્ષ અને ભૌમ એવા ત્રણ વિભાગ પાડી આવા આકાશ (અંતરીક્ષ) માંથી થતા દરેક ઉપદ્રવોને બીજા વિભાગમાં (અંતરીક્ષાશ્રયમાં) એક એક અધ્યાયથી વર્ણવ્યા છે.

પ્રાચીનાચાર્યોએ જ્યાં જ્યાં વિકૃતિ જોઈ ત્યાં ત્યાં તે તે કૃતિ દેવકૃત માની તેના દ્વારા શુભાશુભની કલ્પના કરી છે. **અદ્ભૂતસાગરમાં પરાશર, ગર્ગ, વિષ્ણુધર્મોત્તરપુરાણ** વગેરે એવાં એવાં પ્રાચીન ગ્રંથોનાં પ્રમાણો છે કે પ્રાચીનાચાર્યોની હકીકત, તેમનું મંતવ્ય અને સંશોધન ઘણું ઉંડું હશે, એમ લાગે છે, છતાં સહજ દૃષ્ટિએ કુદરતની વિચિત્રતાથી બનતા આ બનાવોને શુભાશુભ સાથે શો સંબંધ હોઈ શકે ? તેવી કુશંકા થયા વગર રહે જ નહિ. અને આજે આ બધું વહેમ ભરેલું અને નિરર્થક લાગે.

હાલમાં આ વિષય ખગોળના નામે ઘણો વિસ્તાર પામેલો છે. પરંતુ તેના ઉપરથી જેમ આપણા ત્યાં વિચિત્ર ભવિષ્ય કહેવાનો ચાલ હશે, એમ અનુમાન થાય છે, તેટલી હકીકત સ્વીકારવામાં આવતી નથી. બાકી આજના વૈજ્ઞાનિક યુગમાં આ વિષય પુષ્કળ ખેડાએલો છે.

[ ૯ ]

આઠમા નિમિત્ત તરીકે ઉપાધ્યાયજી અંતરીક્ષ ગણાવે છે. અંતરીક્ષ એટલે આકાશમાં બનતા ગ્રહોના ચાર ઈત્યાદિ બનાવો. સૂર્ય ચંદ્ર વગેરે ગ્રહોનું ભ્રમણ, ગ્રહણ, યુતિ, ઈન્દ્રધનુષ્ય વગેરે. હાલમાં આ વિષય ઘણો જ ખેડાએલો છે. અને દિનપ્રતિદિન તેની વૃદ્ધિ થતી જાય છે. મોટી મોટી વેધશાળાઓ અને રાક્ષસી દુર્બીનો દ્વારા પુષ્કળ પરિશ્રમથી કુદરતની આ કરામતની કડી કડી ઉકેલાતી જાય છે.

પરંતુ નિમિત્ત તરીકે જે ભવિષ્યજ્ઞાનની કલ્પના છે, તેનો આધાર તો આ નવીન વિદ્વાનો પાસે નથી. પ્રાચીનાચાર્યોએ ગોઠવ્યું, તેજ ચાલ્યું આવે છે. ઉપાધ્યાયજી લખે છે, તેમ તેમના વખતમાં અને આજે પણ આ શાસ્ત્ર (આ શાખા) મોટા પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. સામાન્ય રીતે જ્યોતિશાસ્ત્ર એ શબ્દથી જે શાસ્ત્રનો બોધ થય છે, તે આ શાખા છે. આજે આ શાખાની જાતક, તાજક, પ્રશ્ન ઈત્યાદિ

ઉપશાખાઓ, ગ્રહગણિતના નામે ગણાતા સૂર્યસિદ્ધાન્ત, સિદ્ધાન્તશિરોમણિ વગેરે ગ્રંથો, તેમજ પંચાંગરચના અને તેને લગતા ગણિતના અનેક ગ્રંથો મળે છે. જો કે આપણે અહીં કેવળ ફલિતનો વધારે પ્રચાર છે. છતાં આ શાખાનો હ્રાસ થયો નથી.

જાતકમાં જન્મકાળ ઉપરથી ગણિત કરી જન્મોત્રી બને છે. તાજકમાં જન્મકાલના સૂર્યના જેટલા સૂર્યને વર્ષનો આરંભ માની તે કાળનું લગ્ન બનાવી એક વર્ષનું શુભાશુભ કહેવાય છે. પ્રશ્નમાં તાત્કાલિક ગ્રહસ્થિતિ ઉપરથી કાર્ય થશે કે નહિ ઇત્યાદિ અનેક પ્રકારના પ્રશ્નોના જવાબ અપાય છે. **બૃહજ્જાતક**, **જાતકાભરણ**, **સર્વાર્થચિંતામણિ** વગેરે ગ્રંથો, **જૈમિનીયસૂત્ર**, ઇત્યાદિ સૂત્રગ્રંથો અને **લઘુ-પારાશરી** ઇત્યાદિ પ્રકરણો જાતક શાખામાં છે. જ્યારે **તાજિકનીલકંઠી** વગેરે **તાજિકમાં** અને **આર્યાસપ્તતિ** વગેરે ગ્રંથો પ્રશ્નના વિષયમાં ઉપલબ્ધ થાય છે. **બૃહત્સંહિતા** વગેરેમાં ગ્રહચારથી વર્ષા, ઉપજ વગેરેના વિષય ચર્ચેલો છે. અનેક ભવ્ય કલ્પનાઓ દ્વારા મનુષ્ય જીવનના અનેક પ્રશ્નો ચર્ચેલા છે.

આકાશમાં ફરતા ગ્રહો સર્વ કર્તા છે. એ આ શાખાનો મૂળ સિદ્ધાન્ત છે. ગ્રહો પોતાની ગતિ મુજબ નિરંતર ભમ્યા કરે છે. અને પ્રતિક્ષણ જુદી જુદી જાતની સ્થિતિનું નિર્માણ કરે છે. જે કાળે મનુષ્ય જન્મે છે, તે ક્ષણની સ્થિતિ મુજબ તેનામાં ભવિતવ્યતા રહે છે. અને તે મુજબ જ તે પોતાના અસ્તિત્વ દરમ્યાન બધું કર્યે જાય છે. સુખદુ:ખ ભોગવે છે. વગેરે.

આ શાખાના પ્રવર્તકોએ ગ્રહોદ્વારા શુભાશુભનું જ્ઞાન થાય કે નહિ થાય તો કેવી રીતે ? ગ્રહો શું બતાવે છે ? ઇત્યાદિ પ્રશ્નોની ઝીણવણ કરી છે. આને માટે જિજ્ઞાસુએ મારી **જાતકચંદ્રિકાના** વિવરણમાં પહેલું અને બીજું, ત્રીજું પ્રકરણ જોઇ જવા વિનંતિ છે.

હાલમાં આ શાખાની ઘણીખરી ઉપશાખાઓ ઉપર પણ અનેક ગ્રંથો દુનિયાની જુદી જુદી ભાષાઓમાં સહેલાઇથી મળી આવે છે. એટલે આ અતિપરિચિત વિષયનું દિગ્દર્શન કરાવવાની જરૂર જેવું નથી.

[ ૧૦ ]

આ નિમિત્તશાસ્ત્રદ્વારા મનુષ્ય જ્ઞાનબળે ભૂત-ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળનું જ્ઞાન કરી શકે છે. દૃષ્ટ-અદૃષ્ટ દરેક પદાર્થોની ઉત્પત્તિ સ્થિતિ અને લય સંબંધી હકીકતો, સ્થાન, સ્વરૂપ સ્થિતિ વગેરે જાણી શકે છે. આ શાસ્ત્રનો જ્ઞાતા આટલા

જ્ઞાનથી ઈશ્વરની તુલ્ય જ્ઞાની થઈ શકે એ સ્હેજે સમજાય તેવું છે. પરંતુ ઈશ્વરને પણ પોતાની અદ્વિતીયતા સાચવવી હોય તેમ તે વચ્ચે વચ્ચે એવી ગરબડ કરી મૂકે છે, કે મનુષ્ય હતાશ બને છે, અને ઈશ્વરનું અસ્તિત્વ સ્વીકારી તેની આગળ નતમસ્તક ઊભો રહે છે.

છતાં પણ સર્વ મનુષ્ય કરતાં નિમિત્તજ્ઞ વિશેષજ્ઞ તરીકે પોતાનું સ્થાન ઊભું કરે છે. બધા કરતાં પોતાની શ્રેષ્ઠતા પુરવાર કરે છે. એ ભૂલવા જેવું નથી.

આ ગ્રંથમાં લેવામાં આવેલા મુખ્ય ગ્રંથ **હસ્તસંજીવનને** કર્તાએ ઉપરોક્ત આઠે પ્રકારની શાખાના ગમક તરીકે સ્થાન પામી શકે તેમ બનાવ્યો છે. જો કે અષ્ટાંગનિમિત્ત અથવા ત્રિસ્કંધ જ્યોતિઃશાસ્ત્ર એ એકજ વિદ્યાના બોધક શબ્દો છે. અને ત્રિસ્કંધ જ્યોતિઃશાસ્ત્રના એકએક વિષય ઉપર અનેક ગ્રંથો રચાયા છે. એટલે તે મહાસાગરને એક નાનકડા ગ્રંથમાં મર્યાદિત કરવો શકય નથી જ. છતાંય કર્તાએ **હસ્તસંજીવન**માં તેમ કર્યું છે. તે જ તેની અદ્વિતીયતા છે. અને તે પણ વિલક્ષણ પ્રકારની જ. ત્રિસ્કંધ જ્યોતિઃશાસ્ત્રમાં શું હોઈ શકે તેનો જો કે વાંચકોને ખ્યાલ આવી જ ગયો હશે. છતાં તુલના માટે અહીં ફરી કહી જવાય તો પુનરુક્તિ દોષ લાગુ નહિ પડે.

ત્રિસ્કંધ પૈકી પહેલો સ્કંધ ગણિતનો છે. જેને જ્યોતિષની પરિભાષામાં સિદ્ધાન્ત કહેવામાં આવે છે. સિદ્ધાન્તોમાં શું હોય તે પ્રશ્નના જવાબમાં **ભાસ્કરાચાર્યે** પોતાના પ્રસિદ્ધ ગ્રંથ **સિદ્ધાન્તશિરોમણિ**માં લખ્યું છે કે:—

**त्र्युटयादि प्रलयान्तकालगणना मानप्रभेदः क्रमा–**
**श्चारश्च द्युसदां द्विधा च गणितं प्रश्नास्तथा सोत्तरा ।**
**भूधिष्ण्यग्रहसंस्थितेश्च कथनं यन्त्रादि यत्रोच्यते**
**सिद्धान्तः स उदाहृतोऽत्र गणितस्कन्ध प्रबन्धेबुधैः**

અર્થાત્—જેમાં ત્રુટીથી લઈ પ્રલય પર્યંતના કાળની ગણના હોય, એટલે કે યુગાદિની વર્ષ સંખ્યા પઠિત હોય. સમયનાં વિવિધ પ્રકારનાં માપનનું વિવેચન હોય. ગ્રહોની ગતિની ગણના હોય (ગ્રહગણિત હોય), અંકગણિત તથા બીજગણિત હોય, તે સંબંધી વિચિત્ર પ્રશ્નો ઉત્તર સાથે અપાયા હોય, પૃથ્વી, નક્ષત્ર તથા ગ્રહોની સ્થિતિ સંબંધી જ્ઞાન હોય તથા ગ્રહોના ગણિતનું માપ લેવાના યંત્રો હોય તેને

સિદ્ધાન્ત ગ્રન્થ કહે છે. ટૂંકામાં ખગોળનાં ( સાથે સાથે ભૂગોળનાં ) મૂળતત્ત્વોના સૈદ્ધાન્તિક જ્ઞાનને ગણિતસ્કંધ યા સિદ્ધાન્ત વિભાગ કહે છે.

વરાહમિહિરે પોતાની બૃહત્સંહિતામાં સંહિતા વિભાગનું લક્ષણ કરતાં કહ્યું છે કેઃ—

ज्योतिःशास्त्रमनेकभेद विषयं स्कन्धत्रयाधिष्ठितं
तत्कार्त्स्न्योपनयस्य नाम मुनिभिः संकीर्त्यते संहिता ॥

અર્થાત્—અનેક પ્રકારના ભેદવાળું જ્યોતિઃશાસ્ત્ર ત્રણ સ્કંધથી રહેલું છે. અને તે ત્રણ સ્કંધ પૈકી જેમાં સમગ્ર જ્યોતિઃશાસ્ત્રના વિષયોનું વિવેચન હોય તેનું નામ સંહિતા છે. (જેમાં ગણિતભાગ હોય છે તેને સિદ્ધાન્ત કહે છે.)

होराऽन्योऽङ्गविनिश्चयश्च

અને જે બાકી રહ્યો તે કે જેમાં લગ્ન ઉપરથી ફલ સંબંધી આદેશ કરવાનો રહે છે તેને હોરા કહે છે.

સંહિતામાં કયા કયા વિષયોની ચર્ચા હોવી જોઈએ, તે સંબંધમાં તે કહે છે કેઃ-

यत्रैते संहितापदार्थाः । दिनकरादीनां ग्रहाणां चारास्तेषु च तेषां प्रकृति–विकृतिप्रमाणवर्णकिरणद्युतिसंस्थानास्तमनोदयमार्गमार्गान्तर वक्रानुवक्रर्क्षग्रह समागमचारादिभिः फलानि नक्षत्रकूर्मविभागेन देशेष्वगस्तिचारो सप्तर्षिचारो ग्रहभक्तयो नक्षत्रव्यूहग्रहशृंगाटकग्रहयुद्धग्रहसमागमग्रहवर्षफलगर्भलक्षणरोहिणीस्वात्याषाढीयोगाः सद्योवर्षकुसुमलतापरिधिपरिवेषपरिघपवनोल्कादिग्दाहक्षितिचलन सन्ध्यारागगन्धर्वनगर रजोनिर्घातार्घकाण्डसस्यजन्मेन्द्रध्वजेन्द्रचापवास्तुविद्याङ्गविद्यावायसविद्यान्तरचक्र मृगचक्राश्वचक्रवातचक्र प्रासादलक्षण प्रतिमालक्षण प्रतिष्ठापन वृक्षायुर्वेदोदगार्गलनी –राजन खञ्जनोत्पात शान्तिमयूरचित्रकघृतकम्बलखड्गपट्टकृकवाकु गोजाश्वेभ पुरुषस्त्रीलक्षणान्यन्तःपुर चिन्तापिटकलक्षणोपानच्छेदवस्त्रच्छेदचामरदण्डशय्यासनलक्षण रत्नपरीक्षा दीपलक्षणं दन्तकाष्ठाद्याश्रितानि शुभाशुभानि निमित्तानि सामान्यानिचि जगतः प्रतिपुरुषं पार्थिवे च प्रतिक्षणं मनन्यकर्माभियुक्तेन दैवज्ञेन चिन्तयितव्यानि

અર્થાત્—સૂર્યાદિગ્રહોનું ભ્રમણ, તે ભ્રમણ વિષયમાં સૂર્યાદિગ્રહોની પ્રકૃતિ, વિકૃતિ ભ્રમણપ્રમાણવર્ષ, કિરણ અને તેજનું માપન, આકાશમાંની દૂરંતા, અસ્ત, ઉદય, માર્ગી ગતિ, વક્રગતિ, એક ગ્રહનો બીજા ગ્રહ સાથે સમાગમ, ઈત્યાદિદ્વારા ફલકથન; નક્ષત્ર-કૂર્મચક્ર પ્રમાણે એટલે કે અમુક દેશ અમુક નક્ષત્રની સત્તામાં છે, તેવું સિદ્ધ કર્યા બાદ તે દ્વારા ભિન્નભિન્ન દેશોમાં અગસ્તિ, સપ્તર્ષિ વગેરે નક્ષત્ર મંડલ સિવાયના તારાઓની ગતિ વગેરે, તથા ગ્રહોની સાથે નક્ષત્રોના યોગ ઈત્યાદિદ્વારા, નક્ષત્રવ્યૂહ, ગ્રહોની શૃંગોન્નતિ (ચંદ્ર વિષયમાં ખાસ કરીને) ગ્રહોનું યુદ્ધ (યુતિ), સમાગમ, રાજાદિ સંજ્ઞા, વરસાદના ગર્ભનાં લક્ષણ, રોહિણી, સ્વાતિ તથા અષાઢી પૂર્ણિમાના યોગ, તાત્કાલિક વર્ષાનાં ચિહ્નો, અમુક વનસ્પતિની ખીલવા ઉપરથી બીજાં ધાન્યાદિની ઉત્પત્તિ સંબંધી અનુમાન કરવાનું હવામાન વિષયક શાસ્ત્ર, પરિધિ એટલે સૂર્યાદિ ગ્રહોની આસપાસ દેખાતાં કુંડાળાં અને તેમનાં કારણ સંબંધી ચર્ચા તથા ફળ, પરિવેષ (પ્રતિબિંબ)ની પરિધિ, પવનનાં વાવાઝોડાં, ગતિ ચાલ વગેરે, ઉલ્કા (આકાશમાંથી પત્થરોનો વરસાદ) દિગ્દાહ, ભૂમિકંપ, સંધ્યાકાળનો આકાશનો રંગ, ગંધર્વનગર (આકાશમાં દેખાઈ આવતું કોઈ નગરનું પ્રતિબિંબ) રજોવૃષ્ટિ, હિમપતન; વેપારની ચીજોની તેજી–મંદી; ધાન્યની ઉત્પત્તિ, ઈન્દ્રધ્વજ, ઈન્દ્રધનુષ્ય, વાસ્તુવિદ્યા, અંગવિદ્યા, કાકવિદ્યા, સ્વરોદયશાસ્ત્ર, મૃગ, શ્વાન ઈત્યાદિદ્વારા શકુનશાસ્ત્ર, પ્રાસાદ (મહેલ) લક્ષણ, મૂર્તિવિધાન, મૂર્તિપ્રતિષ્ઠાવિધિ, વૃક્ષોનું વૈદ્યક, ઉદકાર્ગલ (જમીનમાંની વસ્તુઓ પાણી ખનીજ વગેરે શોધી કાઢવાની વિદ્યા) નીરાજન (ઘોડા વગેરેને ધૂપવિધિથી નિરોગ બનાવવાની વિદ્યા) ખંજન દર્શન, ઉત્પાતોની શાન્તિ, મયૂરચિત્રક એટલે મેઘ અને ગ્રહચાર સંબંધી કેટલીક અદ્ભૂત વાર્તાઓ, ઘી, કંબલ, તરવાર, પટ્ટવસ્ત્ર, કુતરો, ગાય, બકરી, અશ્વ, હાથી, પુરુષ, સ્ત્રી વગેરેનાં લક્ષણો, અંતઃપુરની રચનાનું શાસ્ત્ર, પિટક-લક્ષણ, જોડા, વસ્ત્ર વગેરેનું છેદનભેદન થતાં તેનું ફળ, ચામર, દંડ, પલંગ, આસન (સિંહાસન) વગેરેનાં લક્ષણ (રચનાશાસ્ત્ર) રતિપરીક્ષા, દીપલક્ષણ, દાંત તથા લાકડા ઉપર થતાં શિલ્પ વગેરે દ્વારા શુભાશુભ તથા દરેક પ્રકારનાં નિમિત્ત આ બધા વિષયોનો જેમાં સંગ્રહ હોય તેનું નામ સંહિતા છે. વરાહમિહિર કહે છે કે "ટુંકામાં જગતના પ્રતિપુરુષનું અને પાર્થિવ પદાર્થોનું પ્રતિક્ષણનું કુદરતની વિશેષતાથી થતા પરિવર્તનનું જ્ઞાન તેનું નામ સંહિતા શાસ્ત્ર, અને તે દૈવજ્ઞે જાણવાં જોઇએ."

હવે આપણે અહીં એ વિચારીએ કે નિમિત્તશાસ્ત્રની આઠ શાખાઓનો આ સંહિતામાં સમાવેશ થાય છે કે કેમ? ઉપરના પદાર્થો જોતાં કોઈ પણ વિચારકને

માલુમ પડી આવશે કે નિમિત્તશાસ્ત્રરૂપી મહાવૃક્ષ આ સંહિતા રૂપી આરસીમાં પ્રતિબિંબરૂપે સમાઈ જાય છે. તેની આઠ શાખાઓનો તો અહીં સમાવેશ થવા ઉપરાંત તેને બીજી પણ અનેક નાની નાની શાખાઓ ફૂટી નીકળી છે.

ટુંકામાં અષ્ટાંગનિમિત્ત એટલે ત્રિસ્કંધજ્યોતિ:શાસ્ત્રના એક સ્કંધનો કેટલોક ભાગ.

આમ હોવા છતાં જૈનસાહિત્યમાં અષ્ટાંગનિમિત્ત નામથી જ્યોતિ:શાસ્ત્રનો જ ઉલ્લેખ છે, એમ કહેવામાં વાંધો નથી, અને લગભગ બધાજ સહૃદય વિદ્વાનો તેમ જ કહે છે.

અને અહીં પુનરપિ કહેવું પડે છે, કે સંહિતા વિષયમાં વરાહની બૃહત્સંહિતા સર્વોત્તમ છે. પ્રાચીનકાળમાં બીજી પણ ઘણી સંહિતાઓ હતી. પણ હાલમાં ઉપલબ્ધ થતા સંહિતા ગ્રંથોમાં એક અને અદ્વિતીય તે એક જ છે.



पद्मिनी Padmini

ॐ

॥ सत्यं शिवं सुन्दरम् ॥

# ॥ अथ हस्तसंजीवनम् ॥

## दर्शनाधिकारः प्रथमः

### शास्त्रपीठिका

ॐ ऐं ह्रीं क्लीं अर्हं नमोनमः सिद्धम्

**श्रीशङ्खेश्वरपार्श्वं प्रणमन् ध्यायंस्तमेव जिनवृषभम् ॥**
**हस्तप्रशस्तलक्षणपरीक्षणे दक्षतां वक्ष्ये ॥ १ ॥**

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથને નમન કરીને, તેમજ તે જિનરાજનું ધ્યાન કરી, હાથનાં સુંદર લક્ષણોની પરીક્ષા માટે દક્ષતા કહું છું. ૧

**श्रीनाभेयः प्रभुर्जीयात्सर्वज्ञो जगदीश्वरः ॥**
**येन लाक्षणिकी विद्या निर्दिष्टा भुवनाश्रियै ॥ २ ॥**

શ્રી **નાભિરાજ**ના પુત્ર શ્રી **ઋષભદેવ** કે જેઓ જગદીશ્વર, સર્વજ્ઞ છે. અને જેમણે જગતના કલ્યાણને માટે લક્ષણવિદ્યા બતાવી છે, તેમનો જય થાઓ. ૨

**श्रीवर्धमानो जयतु सर्वज्ञानिशिरोमणिः ॥**
**पञ्चहस्तोत्तरो वीरः सिद्धार्थनृपनन्दनः ॥ ३ ॥**

શ્રી **મહાવીર** પ્રભુ કે જેઓ સર્વ જ્ઞાની પુરુષોના શિરોમણિ છે, અને જેઓનું ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન તથા નિર્વાણ એ પાંચે હસ્તનક્ષત્ર છે, ઉત્તરમાં જેની એવા ઉત્તરાફાલ્ગુનીમાં થયા છે. જેઓ વીર છે, અને **સિદ્ધાર્થ** મહારાજના પુત્ર છે. તેમનો જય થાઓ. ૩

**अङ्गविद्या निमित्तानामष्टानामपि गीयते ॥**
**मुख्या शुभाशुभज्ञाने नारदादिनिवेदिता ॥ ४ ॥**

આઠ પ્રકારનાં નિમિત્તજ્ઞાનમાં શુભાશુભના જ્ઞાનને માટે **નારદઋષિએ** બતાવેલી અંગવિદ્યા મુખ્યવિદ્યા છે. ૪

यत उक्तञ्च—

अङ्गं स्वप्नं स्वरश्चैव भौमं व्यञ्जनलक्षणे ॥
उत्पाता अन्तरीक्षञ्च निमित्तं स्मृतमष्टधा ॥ ५ ॥

અંગવિદ્યા, સ્વપ્નવિદ્યા, સ્વરશાસ્ત્ર, ભૂવિદ્યા (ભૂકમ્પાદિ) વ્યંજન (તિલ, મસા ઇત્યાદિ ચિહ્ન) પરીક્ષા, લક્ષણ (હસ્તરેખા રૂપ) શાસ્ત્ર, ઉત્પાત અને અંતરિક્ષ (ગાંધવ નગરાદિ) એમ આઠ પ્રકારનાં નિમિત્ત હોય છે. ૫

अङ्गे हस्तः प्रशस्तोऽयं शीर्षादपि विशिष्यते ॥
साध्यन्ते पादशौचाद्या धार्मिक्यो येन सत्क्रियाः ॥ ६ ॥

અંગલક્ષણવિદ્યા (સામુદ્રિકશાસ્ત્ર)માં માથા કરતાં પણ હાથ પ્રશંસનીય છે. કારણ પાદશૌચાદિ સત્ક્રિયાઓ તેના વડે સાધી શકાય છે. ૬

सर्वाङ्गलक्षणप्रेक्षा व्याकुलानां नृणां मुदे ।
श्रीसामुद्रेण मुनिना तेन हस्तः प्रकाशितः ॥ ७ ॥

મનુષ્યનાં દરેક અંગની પરીક્ષા કરવા જતાં વ્યાકુળ થતા પુરુષોના આનંદ માટે શ્રી **સમુદ્ર** મુનિએ હસ્તરેખાશાસ્ત્રની યોજના કરી છે. ૭

दर्शनात्स्पर्शनाद्वापि तथा रेखाविमर्शनात् ।
हस्तज्ञानं त्रिधा प्रोक्तं पुरातनमहर्षिभिः ॥ ८ ॥

દર્શન, સ્પર્શ, તથા રેખા વિમર્શ એમ ત્રણ પ્રકારે પુરાતન મહર્ષિયોએ હસ્ત-(રેખા) જ્ઞાન કહ્યું છે. ૮

यदुक्तं नीतिशास्त्रे विवेकविलासे-

प्रातः प्रथममेवाथ स्वं पाणिं दक्षिणं पुमान् ।
पश्येद्वामं तु वामाक्षी निजपुण्यप्रकाशकम् ॥ ९ ॥

(એટલા માટે જ) પ્રાતઃકાળે ઊઠતી વખતે પુરુષે પોતાના પુણ્યનો પ્રકાશ કરનાર જમણા હાથનું અને **સ્ત્રીએ** પોતાના ડાબા હાથનું દર્શન કરવું. ૯

अथात्र भाग्यं तथा पुण्येति कथनात् यस्माद्वस्तुनो यस्मिन्देशे यदाकाले येन येन भावेन यच्छुभमशुभंवा भावि तस्य हेतुं पुण्यं पापं वा प्रस्तुतग्रन्थबीजं प्रकाशयतीति भावः । तदेवाह–

हस्तेक्षणे वारभचक्रलग्नप्रेक्षादिकं दर्शनमामनन्ति ।
शुभाशुभे दर्शनतोऽङ्गुलीनां तथा द्युमानादिनिवेदनीयम् ॥ १०॥

હસ્તદર્શનથી વારચક્ર, નક્ષત્રચક્ર, લગ્નનિર્ણય ઈત્યાદિના વિચારને દર્શન કહે છે. અને આંગળીઓના સ્પર્શથી દિનમાન ઈત્યાદિના શુભાશુભ જ્ઞાનને સ્પર્શજ્ઞાન કહે છે. ૧૦

रेखाविमर्शनं साक्षाद्वक्ष्यते प्रोक्तनोक्तिभिः ।
इति त्रेधा करज्ञानात्सर्वं वस्तु प्रकाश्यते ॥ ११ ॥

રેખાઓના વિમર્શરૂપી જ્ઞાનને પ્રાચીન આચાર્યોની ઉક્તિમાં જ હું કહીશ. આમ દર્શન, સ્પર્શ તથા રેખાવિમર્શરૂપી ત્રણ જાતના જ્ઞાનદ્વારા સર્વ વસ્તુનું જ્ઞાન થાય છે. ૧૧

पञ्चाङ्गुलीर्महादेवी श्रीसीमंधरशासने ।
अधिष्ठात्री करस्यासौ शक्तिः श्रीत्रिदशेशितुः ॥ १२ ॥

શ્રી **સીમંધર** ભગવાનના શાસનમાં રહેનારી **પંચાગુલી**નામની મહાદેવી હાથની અધિષ્ઠાત્રી છે. અને આ દેવી ઈન્દ્રની શક્તિ છે. ૧૨

हस्तेन पाणिग्रहणं पूजाभोजन शान्तयः ।
साध्या विपक्षविध्वंसप्रमुखाः सकलाः क्रियाः ॥ १३ ॥

હાથથી લગ્ન થાય છે. પૂજા, ભોજન શાંતિ તથા શત્રુઓ ઉપર વિજય ઈત્યાદિ સર્વ કાર્ય હાથ દ્વારા જ થાય છે. ૧૩

मन्त्राक्षराणामोङ्कारे यथा तत्त्वं प्रतिष्ठितम् ।
तथा सामुद्रिकस्यापि तत्त्वं हस्ते निवेशितम् ॥ १४ ॥

મંત્રાક્ષરોમાં જેમ ૐકારમાં સર્વ તત્ત્વ રહેલું છે, તેમ સામુદ્રિકશાસ્ત્રનું સવ તત્ત્વ હાથમાં રહેલું છે. ૧૪

राज्ञामाज्ञा रहस्यस्य निश्चयो हस्तकाद्यथा ।
तथा निमित्तादेशानां निर्णयो हस्ततः स्मृतः ॥ १५ ॥

રાજાઓની આજ્ઞાના રહસ્યનો નિશ્ચય જેમ હાથથી (હસ્તાક્ષર અથવા મુદ્રાથી) થાય છે, તેમ નિમિત્તાદેશનો નિર્ણય હાથથી થાય છે. ૧૫

अक्षया जन्मपत्रीयं ब्रह्मणा निर्मिता स्वयम् ।
ग्रहा रेखाप्रदा यस्यां यावज्जीवं व्यवस्थिताः ॥ १६ ॥

હાથ એ **બ્રહ્માએ** બનાવેલી અક્ષય જન્મપત્રિકા છે. જેમાં રેખાઓ રૂપી ગ્રહો જીંદગી પર્યંત રહેલા હોય છે. ૧૬

नास्ति हस्तात्परं ज्ञानं त्रैलोक्ये सचराचरे ।
यद्ब्राह्म्या पुस्तकं हस्ते धृतं बोधाय जन्मिनाम् ॥ १७ ॥

આખા ત્રૈલોકયમાં હસ્તજ્ઞાન કરતાં શ્રેષ્ઠ બીજું કોઈ જ્ઞાન નથી. અને જ્ઞાન હાથમાં જ રહ્યું છે, તે દેખાડવા માટે જ **સરસ્વતી**એ પોતાના હાથમાં પુસ્તક (જ્ઞાન) ધારણ કર્યું છે. ૧૭

तीर्थंकराणां प्रतिमा हस्तन्यस्तदृशोऽखिलाः ।
तद्धस्तदर्शनान्नान्यत्केवलं ज्ञानसाधनम् ॥ १८ ॥

કેવલજ્ઞાનનું સાધન હસ્તદર્શનમાં જ છે, બીજે નહિ. એટલા માટે જ તીર્થંકરોની દરેક પ્રતિમાઓમાં દૃષ્ટિને હાથ ઉપર દર્શાવવામાં આવી છે. ૧૮

सामुद्रिकोब्दोधिपयो निपीय मेघो रसं वर्षति मिष्टमुर्व्याम्
समेघनां तेन सुखेन लोकः श्रीहस्तसञ्जीवनमेतदाप्य ॥ १९ ॥

इतिश्री हस्तसञ्जीवने सिद्धज्ञाने प्रथमे दर्शनाधिकारे शास्त्रपीठिका

સમુદ્રમાંથી ઉદ્ધૃત કરેલા જલને પી જેમ મેઘ મીઠા જલની વૃષ્ટિ કરે છે. તેમ સામુદ્રિકશાસ્ત્રમાંથી ઉદ્ધૃત કરી સારભૂત જ્ઞાનને શ્રી **મેઘવિજય** (ગ્રંથકર્તા) કહે છે. અને તેને **હસ્તસંજીવન** રૂપે પ્રાપ્ત કરી જગત આનંદ પામો. ૧૯

अथ हस्तदर्शने पुण्यसाधनहेतुमाह–

मूलेऽङ्गुष्ठस्य ब्राह्म्यं तु तीर्थं कायं कनिष्ठयोः ।
पित्र्यं तर्जन्यङ्गुष्ठान्तर्दैवतं स्वाङ्गुलीमुखे ॥१॥

અંગુઠાના મૂળમાં બ્રાહ્મતીર્થ રહ્યું છે. કનિષ્ઠિકા આંગળીઓના મૂળમાં કાયતીર્થ છે. તર્જની અને અંગુઠાની વચ્ચેના ભાગમાં પિતૃતીર્થ છે. તેમજ દૈવત (દેવતાપણું) આંગળીઓના અગ્રભાગમાં છે. ૧ જુઓ ચિત્ર નં. ૧

शत्रुंजयस्तु तर्जन्यां मध्यायामुज्जयन्तकः ।
अर्बुदः खलु सावित्र्यां कनिष्ठायां जयन्तकः ॥२॥

તર્જનીમાં શત્રુંજય, મધ્યમામાં ગીરનાર, અનામિકામાં આબુ અને કનિષ્ઠિકામાં સમંતક પર્વત છે. ૨ જુઓ ચિત્ર નં. ૨

अङ्गुष्ठेऽष्टापदगिरिः पञ्चतीर्थान्यनुक्रमात् ।
स्वहस्तदर्शनेनैव वन्द्यते प्रातरुत्तमैः ॥३॥

અંગુઠામાં અષ્ટાપદગિરિ છે. આમ અનુક્રમે પાંચ તીર્થો છે. અને ઉત્તમ પુરુષો પ્રાતઃકાળમાં ઊઠતાં જ પોતાના હાથનું દર્શન કરી આ પાંચ તીર્થોની વંદના કરે છે. ૩

विंशोपका विंश जिना अङ्गुष्ठादाद्यतीर्थपात् ।
प्रत्यग्दक्षिणपूर्वोदिग् तले शेषाश्चतुर्जिनाः ॥४॥

વીશ વિંશોપકા તે વીશ જિનેશ્વરો છે, અને હાથની પૂર્વ, પશ્ચિમ, ઉત્તર તથા દક્ષિણ એમ ચાર બાજુ ચાર જિનેશ્વરો છે. એમ હાથમાં જ ચોવીશ તીર્થંકરો બિરાજમાન છે. ૪ જુઓ ચિત્ર નં. ૩ ચિત્રમાં જે અંક છે, તે અંકવાળા તીર્થંકરો સમજવા.

पितृरेखा भवेद्गंगा मातृरेखा सरस्वती ।
आयूरेखात्र यमुना तत्संगस्तीर्थमक्षयम् ॥५॥

પિતૃરેખા એ ગંગા છે. માતૃરેખા સરસ્વતી છે. આયુરેખા યમુના છે. અને આ ત્રણેનો સંગમ તે પ્રયાગરાજ છે. ૫ જુઓ ચિત્ર નં. ૪

अङ्गुष्ठादिपञ्चपदी नमस्कारस्य चिन्त्यते ।
चतुष्पदी चुलिकायां चतुर्दिक्षु तले स्मृता ॥६॥



**चित्र नं. १**



**चित्र नं. २**




**चित्र नं. ३**




**चित्र नं. ४**

અંગુઠા સાથે ચાર આંગળીઓ મળી પાંચ આંગળીઓ અરિહંતાદિ પંચપરમેષ્ઠી દેવતાઓ છે. અને હથેલીની ચારે બાજુઓ દિક્પાલ દેવતા રૂપી ચતુષ્પદી છે. નમસ્કાર કરતાં આ વિધાનનું જ સ્મરણ કરેલું છે. ૬ જુઓ ચિત્ર નં. ૫

**एवं सर्वत्र मंत्रेषु देवताराधने स्मृतः ।**
**करन्यासस्तेन देवाः सदा सांन्निध्यकारिणः ॥७॥**

આ જ પ્રમાણે સર્વત્ર દેવતાઓના આરાધનમાં અને મંત્રજાપમાં કરન્યાસ કરવામાં આવે છે. જેથી દેવતાઓ સાનિધ્યમાં રહે છે. ૭

**हस्तद्वयायूरेखान्तर्योजने प्रातरुन्मुखैः ।**
**प्रत्याख्यानस्य समये ध्येया सिद्धशिला बुधैः ॥८॥**

બંને હાથની આયુરેખાઓને (મૂળભાગમાં) ભેગી કરી પ્રભાતે હસ્તદર્શન કરનારે સિદ્ધશિલાનું ધ્યાન કરવું. ૮

**तलं सिंहासनं साक्षात्तत्रस्थस्त्रिजगद्गुरुः ।**
**आदिदेवोऽङ्गुलैः सेव्यो जयादिदेवतागणैः ॥९॥**

હસ્તતલ એ સિંહાસન છે. અને તેના ઉપર ત્રિજગદ્‌ગુરૂ, આદિદેવ શ્રી **આદિશ્વરરૂપે** અંગૂઠો રહેલો છે. તેનું જયાદિ (જયા, વિજયા, જયન્તી, અપરાજિતા) દેવતાઓ સાથે સેવન કરવું. ૯

**ॐ जये विजये स्वाहा जयन्तेऽथापराजिते ।**
**ॐ आदिदेवाय नमः एवं न्यासो विचिन्त्यते ॥१०॥**

ॐ જયે સ્વાહા, ॐ વિજયે સ્વાહા, ॐ જયન્તે સ્વાહા, ॐ અપરાજિતે સ્વાહા, **ॐ આદિદેવાયનમઃ** એ પ્રમાણે ન્યાસ કરવો. ૧૦ જુઓ ચિત્ર નં. ૬

**अं इत्यर्हन्देवदेवो विश्वंभरः परापरः ।**
**गुरुर्गुशब्देनाख्यातस्तत्स्थो धर्मस्तदीरितः ॥११॥**

અંગુલી શબ્દમાં રહેલો અં એ દેવાધિદેવ વિશ્વંભર પરાપર શ્રી અર્હન્ દેવ છે. ગુ એ ગુરૂવાચક છે. અને તેમના ધર્મનું સૂચન થાય છે. ૧૧

**भक्त्या देवे गुरौ ध्यायेत्तस्मात्तत्त्वत्रयं करे ।**
**लीति लक्ष्मीश्चतुर्धापि स्यादस्याराधकाङ्क्षिणः ॥१२॥**

આ દેવ અને ગુરુનું ભક્તિપૂર્વક ધ્યાન કરવા હાથમાં ત્રણે તત્ત્વ રહેલાં છે. અને દેવ–ગુરૂનું આરાધન કરનારને લ્હી એટલે ચારે પ્રકારની લક્ષ્મી પ્રાપ્ત થાય છે. આમ અંગુલી શબ્દનો વિશેષાર્થ છે. ૧૨

यथोदयगिरेः श्रृंगे प्रागभ्युदयते रविः ।
तथाङ्गुष्ठे ग्रहाः ज्ञेया नखाश्चान्द्रमुखाः परे ॥१३॥

જેમ પૂર્વ દિશામાં આવેલા ઉદયાચળ ઉપર રવિનો ઉદય થાય છે. તેમ અંગૂઠાના અગ્રભાગમાં રવિ જાણવો. અને બીજી આંગળીઓના નખ તે ચંદ્રાદિ ગ્રહો જાણવા. ૧૩

ॐकारमादित्यमुखे वाग्बीजं ऽ ऽाननने ।
ह्रीं बीजं भगवत्यङ्के श्रीं सौभाग्यवतौ स्थितम् ॥१४॥
क्लिंकारं तु प्रदेशिन्यां चतुर्दिक्षुस्तले पुनः ।
अर्हं नमोनमः सिद्धं वर्णाष्टकमिदं जपेत् ॥१५॥

ॐकारनो અંગુઠામાં ન્યાસ કરવો ऐं નામના વાગ્બીજનો કનિષ્ઠિકા ઉપર ન્યાસ કરવો. ह्रीं નામના માયાબીજનો અનામિકા ઉપર ન્યાસ કરવો. **श्रीं** નામના લક્ષ્મીબીજનો મધ્યમા ઉપર ન્યાસ કરવો. **क्लीं** નામના કામબીજનો તર્જની ઉપર ન્યાસ કરવો. કરતલમાં ચારે બાજુ अर्हं **नमो** नमः **सिद्धम्** એમ ન્યાસ કરવો. આમ ॐ ऐं ह्रीं **श्रीं क्लीं अर्हं नमो** नमः **सिद्धम्** એમ સિદ્ધ આઠ વર્ણોનો જપ કરવો. આ મંત્રનો સાતવાર જપ કરી પોતાના ચંદ્રબલ મુજબનો હાથનો સ્પર્શ કરી પછી જ્યાં સુધી મનવિક્ષેપ ન થાય ત્યાં સુધી હાથ જોવો. ૧૪–૧૫ જુઓ ચિત્ર નં. ૭

ततो हस्तं निरीक्षेत जानीयाद्येन निश्चितम् ।
जायते वचने सिद्धिः सिद्धदेवगुरोः स्मृतेः ॥१६॥

ત્યારબાદ નૈમિત્તકે હાથ જોવો. જેથ દેવગુરુના સ્મરણથી નિશ્ચયપૂર્વકી આદેશ કરનારનું વચન સિદ્ધ થાય છે.

अकार इति मध्येऽर्हन् आकाराद्यास्त्रयोदश ।
अंअः इत्यङ्गुलीपञ्चदशभागेषु च स्मरेत् ॥१७॥

અકારાદિ સોળ સ્વરો છે. તે પૈકી અકારરૂપી અર્હનનું કરતલમાં ધ્યાન કરવું. અને બાકીના આકારાદિ તેર તથા અં અને અઃ એ બે મળી કુલ પંદર સ્વરોનું




चित्र नं ५



चित्र नं. ६



चित्र नं. ७



चित्र नं. ८




चित्र नं. ९




चित्र नं १०




चित्र नं. ११




चित्र नं. १२

અંગુઠાનાં ત્રણ પર્વ તથા બાકીની આંગળીઓનાં ત્રણ ત્રણ પર્વ એમ પાંચ આંગળીઓનં પંદર પર્વોમાં ધ્યાન કરવું. ૧૭ જુઓ ચિત્ર નં. ૮–૯

श्री पार्श्वो वामहस्तोऽयं फणाः शाखास्तदीयकाः ।
श्रीनाभेयो दक्षिणश्च करः शाखा जटाः स्फुटाः ॥१८॥

ડાબો હાથ એ શ્રી **પાર્શ્વનાથ** છે. અને તેની પાંચ આંગળીઓ તેમના માથા ઉપર છત્રરૂપે રહેલી શેષની ફણાઓ છે. જમણો હાથ એ **ઋષભદેવ** છે. અને તેની આંગળીઓ તેમની જટાજૂટ છે. ૧૮

विष्णुर्देवोऽत्र वामस्थः केकिपिच्छकिरीटभृत् ।
नाथः शिवो दक्षिणस्थस्तस्य शाखा जटाः स्फुटाः ॥१९॥

ડાબો હાથ એ શ્રી **વિષ્ણુ** ભગવાન છે. અને તેની આંગળીઓ એ તેમનો મોરમુકુટ છે. જમણો હાથ એ આંગળીઓ રૂપી જટાજૂટને ધારણ કરનાર ભગવાન **શંકર** છે. ૧૯

तयोर्योगे यथोङ्कारः परमं मङ्गलं भवेत् ।
तथाञ्जलीविधानेन सर्वदा सर्वं मङ्गलम् ॥२०॥

**વિષ્ણુ** એટલે અકાર તથા **શંકર** એટલે ઉકાર એ બેના યોગથી જેમ ॐકાર થાય છે. તેમ અંજલી કરવાથી સર્વદા સર્વ મંગળ સ્વરૂપ ॐકાર થાય છે. ૨૦

ॐ हरहुंहः सरसुंसः क्रमतः पञ्चाङ्गुलीषु राजमुखात् ।
न्यासो यन्त्रं हस्ते स्थाप्यं तत्सर्वतोभद्रम् ॥२१॥

**भाष्यं स्पर्शनेऽस्योपयोगः ।**

**इतिश्री हस्तसञ्जीवने सिद्धज्ञाने पुण्यसाधन ध्यानविधानम् ।**

હાથની અંદર અંગુઠાથી આરંભી પાંચ આંગળીઓમાં ॐ હરહુંહઃ સરસુંસઃ ઈત્યાદિ વર્ણોદ્વારા બનતા **સર્વતોભદ્ર** યંત્રની સ્થાપના કરવી. અથવા **નરપતિજયચર્યા** માં બતાવેલા પ્રસિદ્ધ **ત્રૈલોક્યદીપક** નામના સર્વતોભદ્રચક્રની સર્વતોભદ્રયંત્ર તરીકે સ્થાપના કરવી. ૨૧ જુઓ ચિત્ર નં. ૧૦

अथ नाममाला।

**हस्तनाम—**

हस्तः करः समः पाणिः शयः पञ्चाङ्गुलीस्मृतः ।
पञ्चशाखः पञ्चशिखः पञ्चाननो वरप्रदः ॥१॥
महाब्रह्माऽनन्तवीर्यो महादेवश्च सिद्धिदः ।
सिंहासनः शक्तिशाली महावीरः सुरायुधः ॥२॥

હાથ, કર, શમ, પાણિ, શય, પંચાંગુલી, સલ, પંચશાખ, પંચશિખ, પંચાનન, વરપ્રદ, મહાબ્રહ્મ, અનંતવીર્ય, મહાદેવ, સિદ્ધિદ, સિંહાસન, શક્તિશાલી, મહાવીર તથા સુરાયુધ એ હાથનાં નામ છે. ૧–૨

**अङ्गुष्ठनाम—**

अङ्गुष्ठश्चाङ्गुलो हंसः शिवो राजा चतुः प्रियः ।
भोगी गणपतिर्विष्णुर्मेरुः सूर्योऽक्षयोवटः ॥३॥

અંગુષ્ઠ, અંગુલ, હંસ, શિવ, રાજા, ચતુઃપ્રિય, ભોગી, ગણપતિ, વિષ્ણુ, મેરુ, સૂર્ય અને અક્ષયવડ એ અંગુઠાનાં નામ છે. ૩

**अङ्गुलीनाम—**

अङ्गुल्यः करशाखाः स्युरङ्गुल्यः करपल्लवा ।
त्रिपुराः करजाम्बाश्च मायाः कर्मायुधामताः ॥४॥

અંગુલીઓ, કરશાખા, અંગુરીઓ, કરપલ્લવ, ત્રિપુરા કરજામ્બા, માયા અને કામદુધા એ આંગળીનાં નામ છે. ૪

माया ग्रहे यथायोगमङ्गुष्ठः क्वचिदुच्यते ।
पञ्चशाखः करस्तस्याङ्गुली शाखेति सूत्रणात् ॥५॥

કોઈ કોઈ વખત માયા શબ્દથી અંગૂઠાનું ગ્રહણ થાય છે. કારણ હાથને પંચ-શાખા કહેવામાં આવે છે. અને અંગુલીઓ એજ હાથની શાખાઓ છે. અર્થાત્ અંગૂઠાને પણ આંગળીઓના પર્યાય વાચક શબ્દો ક્વચિત્ લાગુ પડે છે. ૫

**तर्जनीनाम—**

प्रदेशिनी तर्जनीस्याच्छत्रुहा यागवेषिणी ।

मध्यमाङ्गुली नाम—

ज्येष्ठा तु मध्यमा मध्या लक्ष्मीः सौभागवत्यपि ॥६॥

તર્જનીને પ્રદેશિની, શત્રુઘ્ના, આદ્યા, ગવેષણી કહે છે. મધ્યમાને જ્યેષ્ઠા, મધ્યમા, મધ્યા, લક્ષ્મી, અને સૌભાગ્યવતી એમ કહે છે. ૬

अनामिकानाम—

अनामिका च सावित्री गौरी भगवती शिवा ।

कनिष्ठानाम—

कनीनिका कनिष्ठान्त्या लघुस्तारा च काञ्चनी ॥७॥

અનામિકાને સાવિત્રી, ગૌરી, ભગવતી, અને શિવા કહે છે. કનિષ્ઠિકાને કનિષ્ઠા, અન્ત્યા, લઘુ, તારા અને કાંચની કહે છે. ૭

विश्वानाम—

विंशोपका ग्रन्थि पर्वस्थान भागांश सन्धयः ।

अङ्गुष्ठमूलनाम्—

कन्दो नृपासनं पीठो गरुडोङ्गुष्ठमूलके ॥८॥

मणिबन्धनाम—

हस्तस्यादिर्मणिबन्धो मणिरत्नाकरोऽपि च ।

करभनाम—

करभोऽस्मादाकनिष्ठ मुष्ठो वक्रोऽस्तभूधरः ॥९॥

આંગળીઓના પર્વોની સંધિઓને વિંશોપકા, કહે છે. મણિબંધથી લઈ કનિષ્ઠિકા સુધીના ભાગને કરભ, ઉષ્ટ્ર, વક્ર તથા અસ્તાચલ કહે છે. ૮–૯.

हस्तपृष्ठनाम—

अवहस्तो हस्तपृष्ठं तमः शून्यं वियन्निशा ।

हस्ततलनाम—

प्रहस्तस्तालिका तालस्तालोभूतलगर्भकौ ॥१०॥

હથેળીના પાછલા ભાગને અવહસ્ત, હસ્તપૃષ્ઠ, તમઃ, શૂન્ય, આકાશ અને રાત્રી કહે છે. સવળા હાથને (હથેળીને) તાલિકા, તાલ, તલ, ભૂતલ અને હસ્તગર્ભ કહે છે. ૧૦

नखनाम--

पुनर्भवोभुजाकुण्ठः करशूकः पुनर्नवः ।
कामाङ्कुशो महाराजः करजो नखरोनखः ॥११॥
करपुष्पं रत्नकान्तिः शत्रुघ्नः करदीपकः ।

નખને પુનર્ભવ, ભુજાકંઠ, કરેંશુક, પુનર્નવ, કામાંકુશ, મહારાજ, કરજ, નખર અને નખ કહે છે. ૧૧

पितृरेखानाम--

पिता गोत्रं बलं मूलं वृक्षो धर्मो मनोधृतिः ॥१२॥

કરપુષ્પ, રત્નકાંતિ, શત્રુઘ્ન, કરદીપક એ પણ નખનાં નામ છે, પિતા, ગોત્ર, બલ, મૂળ, વૃક્ષ, ધર્મ અને મનનું ધૈર્ય એ બધું પિતૃરેખા ઉપરથી વિચારવું. ૧૨

मातृरेखानाम--

माता धनं सुखं कोशः साहसं पालिका रतिः ।

आयुरेखानामः--

आयुः स्याज्जीवितं तेजः स्वभावस्य प्रभातनुः ॥१३॥

માતા, ધન સુખ, કોશ, સાહસ અને વાત્સલ્યાદિભાવ માતૃરેખા ઉપરથી વિચારવા. આયુર્દા, તેજ, સ્વભાવ, પ્રભા અને શરીર આયુરેખા ઉપરથી જોવાં. ૧૩

अङ्गुलीमूलनाम--

प्रदेशिन्यादि मूलानि नामतोप्यर्थतोऽपि च ।
कलहो राज्यमैश्वर्यं यशोऽनुक्रमणे मतम् ॥१४॥

તર્જની ઇત્યાદિ આંગળીઓનાં મૂળ નામ અને અર્થ પ્રમાણે અનુક્રમે કલહ, રાજ્ય ઐશ્વર્ય અને યશ એ પ્રમાણે જાણવાં. ૧૪

हस्तकृतमानम्--

प्रदेशिन्यादिभिः सार्धमङ्गुष्ठे वितते कृते ।

१ प्रादेश २ स्ताल ३ गोकर्ण ४ वितस्तय उदाहृतः ॥१५॥

इति श्रीहस्तसंजीवने सिद्धज्ञाने नाममालिकानामक स्तृतीयाध्यायः समाप्तः ।

તર્જની વગેરે આંગળીઓ અને અંગુઠા સાથે હાથને પહોળો કરવામાં આવે તો તેને પ્રાદેશ, તાલ, ગોકર્ણ, વિતસ્તિ એમ કહેવામાં આવે છે. ૧૫

इति श्री हस्तसंजीवने नाममालाधिकार :॥

अथ हस्तावलोकनेइतिकर्त्तव्यतामाह ।

प्रातः शुचिः कृतस्नानो देवानभ्यर्च्य सादरम् ।
सुगन्धिद्रव्यैः पुष्पैश्च नैवेद्यैः विविधैस्तवैः ॥१॥

પ્રાતઃકાળે સ્નાન કરી પવિત્ર થઈ સુગંધીદ્રવ્ય, પુષ્પ, નવેદ્ય તથા અનેક પ્રકારનાં સ્તોત્રોદ્વારા આદરપૂર્વક દેવતાઓનું પૂજન કરી. ૧

गुरुं नत्वोपदेशं च श्रुत्वा धर्मस्य तत्त्ववित् ।
प्रतिलभ्यान्न पानाद्यैर्विधिवद्भुक्तभोजनः ॥२॥

ગુરુઓને વંદન કરી, ઉપદેશ શ્રવણ કરી, ધર્મતત્ત્વને જાણનાર પુરુષે જે લભ્ય હોય તેવા અન્નપાનથી વિધિપૂર્વક ભોજન કર્યા બાદ. ૨

सुवेषश्चिन्तयाहीनः समधातुर्जितेन्द्रियः ।
हस्तं श्रीफलपुष्पाद्यैः प्रपूर्य विनयान्वितः ॥३॥

સુંદર વેષભૂષાવાળા, ચિંતા રહિત, સમતા ધારણ કરનારા, અને જીતેન્દ્રિય બની હાથમાં શ્રીફળ પુષ્પ ઇત્યાદિ લઈ વિનયપૂર્વક. ૩

हस्तं न्यस्य गुरोः पार्श्वे स्वहस्तं दर्शयेत्सुधीः ।
निर्दम्भः श्रृणुयात्सर्वं श्रद्धया गुरुणोदितम् ॥४॥

હસ્તનક્ષત્ર હોય તે દિવસે સદ્ગુરુની પાસે જઈ પોતાનો હાથ દેખાડવો. તેમજ નિર્દંભપણે ગુરુ કહે તે બધું શ્રદ્ધાપૂર્વક સાંભળવું. ૪

जितेन्द्रियस्य श्रद्धालोर्यत्फलं कथ्यते बुधैः ।
स्वप्नवज्जायते सत्यं तत्सर्वं नान्यथा पुनः ॥५॥

જીતેન્દ્રિય અને શ્રદ્ધાળુ પુરુષને જે ફળ કહેવામાં આવે છે, તે સ્વપ્નની માફક સાચું પડે છે. શ્રદ્ધા વગર સાચું પડતું નથી. ૫

ब्रह्मचारी क्षमाशीलः कृतज्ञो धार्मिकः शुचिः ।
दक्षो गुरोः कृपापात्रो वाक्सिद्धिः स्वक्रियारतः ॥६॥

બ્રહ્મચારી, ક્ષમાશીલ, કૃતજ્ઞ, ધાર્મિક, પવિત્ર, ચતુર, પરંપરાથી ઉતરી આવેલ, વાક્સિદ્ધિવાળો તેમજ પોતાના સ્વધર્માચરણમાં પ્રીતિવાળો. ૬

सन्तुष्टः श्रद्धयायुक्तस्तपस्वी विजितेन्द्रियः ।
नानाशास्त्रविवेकज्ञः स्थिरचित्तो गुरुर्मतः ॥७॥

સંતોષી, શ્રદ્ધાવાળો, તપસ્વી, જીતેન્દ્રિય, અનેક પ્રકારના શાસ્ત્રોના મર્મને જાણનાર (વિદ્વાન્) સ્થિરચિત્તવાળો ગુરુ હોવો જોઈએ. ૭

**कुलं जातिं तथा देशमाकारं जन्मजान्ग्रहान् ।**
**धर्मं श्रद्धां च विज्ञाय समयज्ञः फलं वदेत् ॥८॥**

નૈમિત્તિકે પૂછનારનાં કુલ, જાતિ, દેશ, સ્વરૂપ, જન્મના ગ્રહો તથા ધર્મ અને શ્રદ્ધા જાણી ફલ કહેવું. ૮

**गुरुः पद्मासनासीनो वाङ्मयं हस्तजीवनम् ।**
**सम्पूज्य संस्मरन्स्वेष्टदेवं गुरुं फलं वदेत् ॥९॥**

ગુરુએ પદ્માસને બેસી, શ્રી હસ્તસંજીવન પુસ્તકનું પૂજન કરી, પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કર્યા બાદ ફલ કહેવું. ૯

**दिनेत्वेकस्य पुंसो वा द्वयोर्हस्तं विलोकयेत् ।**
**हस्तं स्वदक्षिणे हस्ते न्यस्यावहितमानसः ॥१०॥**

એક દિવસે એક અથવા બે પુરુષના હાથ જોવા. પોતાના જમણા હાથમાં પૂછનારનો જમણો હાથ રાખી શાંત ચિત્તથી ફળ કહેવું. ૧૦

**रात्रौ दीपं पुरस्कृत्य सम्पूज्यैनं यथाविधिः ।**
**स्त्रियोवामकरं वामे स्वहस्ते न्यस्य वीक्षयेत् ॥११॥**

રાત્રીએ પોતાની આગળ દીવો રાખી તેની પૂજા કરી પોતાના ડાબા હાથમાં પૂછનાર સ્ત્રીનો ડાબો હાથ રાખી ફળ કહેવું. ૧૧

**यो नरः स्त्रीप्रकृतिकस्तत्करो वीक्षते बुधैः ।**
**मध्यान्हात्परतः स्त्रीणां नृस्वभावे निशीथतः ॥१२॥**

જે પુરુષ સ્ત્રીપ્રકૃતિનો હોય (સ્ત્રૈણ યા નપુંસક હોય) તેનો હાથ મધ્યાહ્ન પછી જોવો. અને પુરુષપ્રકૃતિની સ્ત્રી હોય તેનો હાથ મધ્યરાત્રી પછીના કાળમાં જોવો. ૧૨

**दक्षिणाद्बलवान्वामः पुंसः स्त्रीशीलशीलिनः ।**
**नृशीलायाः स्त्रियो वामाद्दक्षिणोबलवान्भवेत् ॥१३॥**

જે પુરુષ સ્ત્રીપ્રકૃતિનો હોય તેનો જમણા કરતાં ડાબો હાથ બળવાન હોય છે. પુરુપ્રકૃતિની સ્ત્રીનો ડાબા કરતાં જમણો હાથ બળવાન હોય છે. ૧૩

स्त्रीमातृमातृपक्षादिगृहं क्षेत्रं च वाटिका ।
पुंसां वामकराद्वीक्ष्यं रात्रिः शुक्लश्च पक्षकः ॥१४॥

પુરુષને સ્ત્રીની માતા, માતૃપક્ષ, ઘર, ખેતર, વાડી (બગીચા) રાત્રી તથા શુકલ પક્ષ એ સંબંધી ડાબા હાથમાં જોવું. ૧૪

पत्युः सुखं पितुःपक्षं धर्मगोधनमार्जवम् ।
कृष्णपक्षं दिनं स्त्रीणां वीक्ष्यं दक्षिणपाणितः ॥१५॥

સ્ત્રીને પતિનું સુખ, પતિના પિતૃપક્ષનું સુખ, ધર્મ, ગોધન, સરળતા, કૃષ્ણપક્ષ તથા દિવસ સંબંધી જમણા હાથમાં જોવાં. ૧૫

यजमानः फलं श्रुत्वा गुरोस्तथेत्युदीरयेत् ।
निदर्श्य नाणकं रौप्यं स्वव्यापारं समाचरेत् ॥१६॥

યજમાને ગુરુએ કહેલું ફળ સાંભળી 'તથાસ્તુ' એમ કહી રૂપાનાણાની ભેટ ધરી પછીથી પોતાનાં નિત્યના કામે વળગવું. ૧૬

इत्येवं विधिना गुरुर्गुरुमतिः पश्चा गुलीं वीक्षयेत् ।
वश्यं तस्य भवेदवश्यमचिराल्लोकत्रयं सद्गुणैः ॥
वृष्टिः स्वर्णमयी च मेघविजयात्संजायते तद्गृहे ।
मौलौ माल्यमिवास्य शासनमहो भूमीभूजो बिभ्रति ॥१७॥

इति श्रीहस्तसंजीवने सिद्धज्ञाने हस्तावलोकनविधिश्चतुर्थ समाप्तः ।

આ પ્રમાણેની વિધિથી જે શ્રેષ્ઠમતિવાળો ગુરુ હાથ જુએ છે, તેને તેના સદ્‌ગુણોથી જલદી ત્રણે લોક અવશ્ય વશ થઈ જાય છે. અને **મેઘવિજય** દ્વારા તેના ઘરમાં સુવર્ણની વૃષ્ટિ થાય છે. અને મોટા મોટા રાજાઓ તેના શાસનને (તેના વાક્યને) પુષ્પમાળાની માફક પોતાના મુકુટમાં ધારણ કરે છે. ૧૭

इति श्रीहस्तसंजीवने हस्तविलोकनाधिकारः

॥ अथ दर्शनाधिकारः ॥

नन्दा, भद्रा, जया, रिक्ता, पूर्णाः स्युस्तिथयः क्रमात् ।
ताराद्याः कृष्णपक्षेतु दर्शे सूर्येन्दु संगमः ॥१॥

નંદા, ભદ્રા, જયા, રિક્તા અને પૂર્ણા એ તિથિઓ અનુક્રમે કનિષ્ઠિકા અંગુલીથી આરંભ કરીને છે. કૃષ્ણપક્ષમાં અમાવાસ્યા કે જેનામાં સૂર્યચંદ્રનો સંગમ થાય છે, તે પૂર્ણા તિથિ ગણાય છે. ૧

यस्यां निरीक्ष्यते हस्तः सा तिथिः स्यादिनोदये ।
घटीचतुष्टयं शेषास्तदनुक्रमतोमताः ॥२॥

જે તિથિમાં હાથ જોવાનો હોય તે તિથિ સૂર્યોદયકાળે હોય છે. ત્યારબાદ એક એક તિથિ ચાર ચાર ઘડીની એમ અનુક્રમે જાણવી. ૨

हस्तवीक्षणवेलायां या तिथिः समुदीर्यते ।
तदङ्गुल्याः स्वरूपेण वाच्यं सर्वं शुभाशुभम् ॥३॥

હાથ જોતી વખતે જે સમય હોય, તે સમયની જે તિથિ આવતી હોય, તે તિથિની જે આંગળી હોય, તેના સ્વરૂપ ઉપરથી શુભાશુભ ફળ કહેવું. ૩

तारादित्र्यंशके ज्ञेया प्रतिपत् षष्ठिका तिथिः ।
एकादशी च क्रमतः शेषं शेषास्त्ववस्थितम् ॥४॥

કનિષ્ઠિકાના પ્રથમ (સૌથી નીચેના) પર્વમાં પ્રતિપદ, બીજામાં ષષ્ઠી, ત્રીજામાં એકાદશી એમ નંદાતિથિઓ રહેલી છે. આવી જ રીતે અનામિકામાં ભદ્રાતિથિઓ, મધ્યમામાં જયા, તર્જનીમાં રિક્તા અને અંગુષ્ઠમાં પૂર્ણા તિથિઓ છે. ૪ જુઓ ચિત્ર નં. ૧૧

एवं तिथिफलं ज्ञेयं त्रिपुरांशस्य दर्शनात् ।
जातिदिग्द्रव्यराश्यादेर्लभ्यालभ्यप्रवृद्धये ॥५॥

આ પ્રમાણે પ્રત્યેક આંગળીના પર્વમાં તિથિની વ્યવસ્થા હોઈ ઇષ્ટકાલ પ્રાપ્ત તિથિનું પર્વ જોઈ તેની ઉપરનાં શુભાશુભ લક્ષણોથી જાતિ, દિગ્, દ્રવ્ય, રાશ્યાદિ તથા લાભાલાભ વગેરે કહેવું. ૫

ब्राह्मणाः क्षत्रिया वैश्याः शूद्राः स्युः करपल्लवाः ।
कनीनिकाद्या हंसोऽपि योगवान् वर्णवर्जितः ॥६॥

કનિષ્ઠિકાથી લઈ અનુક્રમે અંગુલીઓ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર એ જાતિની છે. અંગુષ્ઠ યોગી તેમજ જાતિ રહિત છે. ૬

**तर्जनी प्रागुदग्मध्या पश्चिमा काञ्चनी स्मृता ।**
**दक्षिणानामिका मेरुर्मध्यदेशः प्रकीर्त्तितः ॥७॥**

તર્જની પૂર્વદિશા, મધ્યમા ઉત્તરદિશા, અનામિકા દક્ષિણદિશા અને કનિષ્ઠિકા પશ્ચિમદિશા છે. અંગુષ્ઠ મેરૂ એટલે મધ્ય પ્રદેશ છે. ૭

**धातुर्मूलं तथा जीवं त्र्यंशका विषमाङ्गुलेः ।**
**समायाः खलु मायाया जीवो मूलं च धातवः ॥८॥**

વિષમ આંગળીઓના પર્વમાં અનુક્રમે ધાતુ, મૂળ અને જીવ સમજવા તથા સમ આંગળીઓમાં જીવ, મૂળ અને ધાતુ એ ક્રમથી સમજવું. ૮ જુઓ ચિત્ર નં. ૧૨

**धातुप्राप्तौ यदङ्गुल्यां यो ग्रहस्तस्य धातवः ।**
**सीसकं भोगिनो मूले मध्ये ताम्रं रविस्थिते ॥९॥**
**मूर्ध्नि तारं चन्द्रचाराद्ग्रहाणां सप्तधातवः ।**
**ताम्रं तारं रीति नागो हेम वंगौ च तीक्ष्णकम् ॥१०॥**

ધાતુની પ્રાપ્તિ થાય તો જે આંગળીનો જે ગ્રહ હોય તેની ધાતુ જાણવી. અંગુષ્ઠ પ્રાપ્ત થતો હોય તો તેના મૂળ પ્રદેશમાં સીસું અને મધ્યપર્વમાં સૂર્યનું સ્થાન છે, માટે તાંબુ જાણવું. ૯

અંગુષ્ઠના અગ્રભાગમાં ચંદ્રનું સ્થાન છે માટે રૂપું સમજવું. સૂર્યાદિ ગ્રહોની અનુક્રમે તાંબુ, રૂપું, જસત, સીસું, સોનું અને લોઢું એમ સાત ધાતુઓ છે. ૧૦

**कांशकं वृत्तलोहं च राहोः केतोश्च यत्स्मृतम् ।**
**लघोर्द्वितीयत्र्यंशे तु मध्यायां वृत्तलोहकम् ॥११॥**

રાહુની ધાતુ કાંસુ અને કેતુની ધાતુ વૃત્તલોહ (મિશ્રધાતુઓ) છે. કનિષ્ઠિકાના બીજા પર્વમાં રાહુની ધાતુ તથા મધ્યમાના બીજા પર્વમાં કેતુની ધાતુ જાણવી. ૧૧

**मूले मूलं शनेराहोः पत्रं शुक्रे कुजे गुरौ ।**
**फलं च चन्द्रभानुभ्यां शेषे पुष्पं विनिर्दिशेत् ॥१२॥**

જો મૂલ પ્રાપ્ત થયું હોય, અને શનિ રાહુ હોય તો મૂળીઆનો ભાગ કહેવો.

શુક્ર મંગળ કે ગુરૂ હોય તો ડાળીઓ કહેવી અને સૂર્ય ચંદ્ર હોય તો ફળ કહેવું. જો બુધ હોય તો પુષ્પ કહેવું. ૧૨

एवं जीवेऽपि संप्राप्ते ग्रहैर्वाच्योऽस्य निर्णयः ।
चन्द्रे देवाश्च तीर्यञ्च कुजे दैत्याः शनेस्तिथौ ॥१३॥

એજ પ્રમાણે જીવ પ્રાપ્ત થતાં ગ્રહોના સ્વરૂપ પ્રમાણે પ્રાણીના સ્વરૂપનો નિર્ણય કરવો. ચંદ્ર પ્રાપ્ત થતો હોય તો દેવતાઓ સમજવા, મંગળ હોય તો પિતૃઓ અને જો શનિ હોય તો દૈત્ય સમજવા. ૧૩

राहोस्तिथौ नारकाः स्युः शेषे तु मनुजाः स्मृताः ।
मनुष्येऽप्यथ संप्राप्ते पंचमाया लघोः क्रमात् ॥१४॥
बालं कुमारं तरुणं पक्वं वृद्धं विचिन्तयेत् ।
इत्यादि शेषं सर्वं स्यादत्र चूडामणाविव ॥१५॥

રાહુની તિથિ પ્રાપ્ત થતી હોય તો નારકીય જીવો સમજવા અને બાકી વધેલા (સૂર્ય, બુધ, ગુરૂ, શુક્ર) ગ્રહો હોય તો મનુષ્ય જાણવાં. મનુષ્યની અંદર પણ લાભનો વિચાર કરતાં કનિષ્ઠિકાથી અનુક્રમે બાલ, કુમાર, તરૂણ, પીઢ અને વૃદ્ધ એમ ઉંમરનો નિર્ણય કરવો; આ પ્રમાણે આ બધુ ચૂડામણિ શાસ્ત્રની માફક સર્વ જાણવું. ૧૪–૧૫

कस्य पार्श्वेऽथवा ग्रामे कस्मिन्मे लभ्यसंभवः ।
इति प्रश्नेंऽगुलीभागा मेषाद्या द्वादशोदिताः ॥१६॥

કોની પાસેથી અથવા કયા ગામથી મને લાભ થવાનો સંભવ છે એમ પ્રશ્ન હોય તો અંગુલીઓના પર્વ બાર હોઈ બાર રાશિઓની કલ્પના કરી છે. ૧૬

काञ्चन्याः प्रथमेत्र्यंशे मेषोवृषो द्वितीयके ।
एवमत्रक्रमे हस्तप्रेक्षा तिथिरुपागता ॥१७॥
ततो लभ्यमलभ्यं वा स्वराशिपरमेलकात् ।
ज्ञेयं कर्कत्रयं मेरोर्नख मध्याद्यपर्वसु ॥१८॥

કનિષ્ઠિકાના પ્રથમ પર્વમાં મેષ, બીજામાં વૃષભ અને ત્રીજામાં મિથુન એમ અનુક્રમે રાશિઓ છે. હાથ જોતાં જે તિથિ આવી હોય તે સ્થાનની રાશિ ઉપરથી પોતાની રાશિ સાથે મેલાપક જોઈ લાભાલાભનો વિચાર કરવો. કર્ક, સિંહ અને કન્યા અંગુઠાના નખભાગ, મધ્યભાગ અને પ્રથમ પર્વમાં રહેલાં છે. ૧૭–૧૮ જુઓ ચિત્ર નં. ૧૩

इति दर्शनाधिकारे तिथिचक्रम्




चित्र नं १३




चित्र नं. १४



चित्र नं १५




चित्र नं. १६




चित्र नं. १७




चित्र नं. १८



चित्र नं. १९



चित्र नं २०

रविरङ्गुष्ठमध्यस्थस्तन्नखश्चन्द्रमा स्फुटः ।
मङ्गलस्तर्जनीशीर्षे नृपासनगतो बुधः ॥१९॥
लक्ष्म्यां गुरुः कविर्गौर्यां कनिष्ठायां शनिः स्मृतः ।
हस्तपृष्ठे राहुकेतू चैवं वारास्तथा ग्रहाः ॥२०॥

અંગુષ્ઠના મધ્યપર્વમાં રવિ છે. અંગુષ્ઠનો નખ એ ચંદ્રમા છે, એમ સ્પષ્ટ છે. મંગળ તર્જનીના અગ્રભાગમાં, અંગુષ્ઠ મૂલમાં બુધ, મધ્યમા ઉપર ગુરુ, અનામિકા ઉપર શુક્ર અને કનિષ્ઠિકામાં શનિ છે. હાથના પાછલા ભાગમાં રાહુ કેતુ છે. આ પ્રમાણે વાર તથા ગ્રહો રહેલા છે. ૧૯–૨૦

दिनोदयः स्मृतोऽङ्गुष्ठे मध्यान्हे मध्यमाङ्गुलिः ।
संध्या तारा ततो रात्रिर्हस्त पृष्ठे व्यवस्थिता ॥२१॥

અંગુષ્ઠમાં સૂર્યોદય, મધ્યમામાં મધ્યાહ્ન, કનિષ્ઠિકામાં સંધ્યા અને હસ્ત પૃષ્ટમાં રાત્રી છે. ૨૧

दिनं हस्ततलं बोध्यमवहस्ततमस्विनी ।
दिवसे दक्षिणोहस्तो वामो रात्रौ मतान्तरे ॥२२॥

હસ્તતલ (હથેલી) દિવસ છે. હાથનો પાછલો ભાગ એટલે હસ્તપૃષ્ટ એ રાત્રી છે. જમણો હાથ દિવસ છે. તથા ડાબો હાથ એ રાત્રી છે. ૨૨

छायासुतः शनिर्लोके छायारूपो विधुंतुदः ।
तद्राशिवारस्तारायाद्वितीयत्र्यंशकेध्रुवम् ॥२३॥

લોકમાં શનિ એ છાયાપુત્ર છે, અને રાહુ પણ છાયા સ્વરૂપ છે. તેમના રાશિચાર પ્રમાણે કનિષ્ઠિકાના બીજા પર્વમાં તેમના ધ્રુવ (સ્થાન) છે. ૨૩

तस्मात्सप्तमगः केतुरिति मध्याङ्गुलेर्भवेत ।
द्वितीयभागे नियतः प्रोक्तो लाक्षणिकैर्बुधैः ॥२४॥

રાહુથી સાતમા પર્વમાં (સાતમી રાશિમાં) કેતુ હોય છે. એટલે મધ્યમા અંગુલીના દ્વિતિય પર્વમાં નિશ્ચયપૂર્વક કેતુનું સ્થાન લક્ષણશાસ્ત્રજ્ઞ પંડિતોએ કહ્યું છે. ૨૪

हस्तेक्षणदिने वारः प्रातस्तस्योदयः क्रमात् ।
समये हस्तवीक्षायाः यः प्राप्तोऽस्याङ्गुलिः स्मृतः ॥२५॥

જે દિવસે હાથ જોવાતો હોય તે વાર સૂર્યોદય વખતે હોય, અને ત્યાર બાદ ઇષ્ટકાળે જે વાર પ્રાપ્ત થતો હોય તેની અંગુલી ઉપરથી શુભાશુભનો નિર્ણય કરવાનો છે. ૨૫

एकोयामश्चतुस्त्रिंशत्पलान्यप्यक्षराणि च ।
अत्यष्टिमानतोज्ञेयोवारभोगोविचक्षणैः ॥२६॥

એક પ્રહર, એટલે સાડાસાત ઘડી, ચોત્રીસ પળ અને સત્તર અક્ષર એટલો વખત (૮ ઘડી ૪ પળ ૧૭ અક્ષર) એક વારના ભોગ તરીકે વિચક્ષણ પુરુષોએ ઠરાવ્યો છે. ૨૬

तद्वारस्य तदङ्गुल्याः स्वरूपेण शुभाशुभे ।
स्वराशिनाथमैत्र्यादिज्योतिः शास्त्रविमर्शनात् ॥२७॥

જે વાર પ્રાપ્ત થયો હોય તેની અંગુલીના સ્વરૂપ ઉપરથી શુભાશુભ તથા રાશિસ્વામી, મૈત્રી વગેરે જ્યોતિઃશાસ્ત્રના સિદ્ધાન્તો મુજબ કહેવું. ૨૭

यद्वा हस्तेक्षणे वारः स विष्णोरूर्ध्वलोकगः ।
शेषास्तले मर्त्यलोके तर्ज्जन्याद्यासु दिग्गताः ॥२८॥
अधोहस्ते च पाताले फलमेषामिहोच्यते ।
यत्र स्वराशेर्नाथः स्यात्संपूर्णं तद्भवं फलम् ॥२९॥

હાથ જોવાનો જે વાર હોય તેના અધિપતિ વિષ્ણુ છે. અને તે ઉર્ધ્વલોકમાં રહે છે. જ્યારે બાકીના વાર હસ્તતલમાં એટલે મૃત્યુલોકમાં રહે છે. અને તર્જની આદિ આંગળીઓની જે દિશા હોય તે દિશામાં રહે છે. જે વાર હસ્તપૃષ્ઠમાં આવતા હોય તે પાતાલમાં જાણવા. તેમનું ફળ તેમના સ્થાન પ્રમાણે સમજી લેવાનું છે. જ્યાં પોતાની રાશિનો સ્વામી હોય તે સ્થાનના ફળ મુજબ ફળ થાય છે. ૨૮–૨૯

इति दर्शनाधिकारे वारचक्रम्

त्रीणि त्रीणि तले दिक्षु मध्ये नक्षत्रमश्विनी ।
तारादिपंचशाखासु प्रत्येकं स्यात् त्रयं त्रयम् ॥३०॥

હસ્તતલમાં અશ્વિની અને ત્યારબાદ પૂર્વાદિ દિશાઓમાં ત્રણ ત્રણ નક્ષત્ર (એમ ગોઠવવાં) કનિષ્ઠિકા આદિ આંગળીઓમાં પ્રત્યેક આંગળીમાં ત્રણ ત્રણ નક્ષત્ર આવે છે. ૩૦ જુઓ ચિત્ર નં. ૧૪

वीक्ष्यते यत्र नक्षत्रे हस्तस्तद्गर्भकास्थितम् ।
ततः प्राग्दक्षिणाकारमेषु तारा त्रयं त्रयम् ॥३१॥
काञ्चन्यादेः पंचदशभानि यत्रात्मनामभम् ।
तत्फलं प्रष्टुरादेश्यं स्थानरेखादियोगतः ॥३२॥

હાથ જોવાના દિવસે જે નક્ષત્ર હોય તે મધ્યમાં મૂકવું અને ત્યાર બાદ પૂર્વાદિ દિશાઓમાં તેમજ આંગળીઓમાં નક્ષત્ર ગોઠવવાં. આમ નક્ષત્ર ગોઠવ્યા બાદ જ્યાં પોતાનું નક્ષત્ર (નામ ઉપરથી જન્મ નક્ષત્ર) આવતું હોય તે સ્થાનમાં રહેલી રેખાઓ ઉપરથી પૂછનારનું શુભાશુભ ફળ કહેવું. ૩૧-૩૨

करजांवाग्रगं घिष्ण्यं तले याम्यां च वारुणे ।
तत्र स्थितं शुभं न स्याच्छेषस्थाने शुभं स्मृतम् ॥३३॥

આંગલીઓના મધ્યભાગમાં આવનારાં, હસ્તતલમાં આવતું તેમજ દક્ષિણ દિશામાં આવતાં નક્ષત્રોનું ફળ સારૂં નથી. તે સિવાયની જગ્યાનાં નક્ષત્રનું ફળ શુભ છે. ૩૩

इति दर्शनाधिकारे नक्षत्रचक्रम्

जागर्त्ति येन नाम्ना यः स राशिर्यत्र पर्वणि ।
तारादेर्मेषराश्यादिस्तत आरभ्य गण्यते ॥३४॥

જે નામથી મનુષ્ય જાગી ઉઠે છે, તેની ઉપરથી જે રાશિ આવતી હોય તે જન્મરાશિ (નામરાશિ) ગણાય છે. કનિષ્ઠિકાના પ્રથમ પર્વમાં મેષરાશિ અને ત્યાર- બાદ અનુક્રમે બારે રાશિઓ રહેલી છે. ૩૪

ज्ञेयास्तन्वादयोभावास्ततोद्वादशलग्नजाः ।
तेषूर्ध्वरेखासु शुभोग्रहः क्रूरस्ततोऽन्यथा ॥३५॥

જન્મરાશિનું સ્થાન જ્યાં આવતું હોય, ત્યાંથી અનુક્રમે બાર ભાવોની કલ્પના કરવી. અને જે ભાવના સ્થાનમાં (અંગુલીના પર્વમાં) ઉર્ધ્વરેખા હોય ત્યાં શુભગ્રહ સમજવો. બાકીની જગ્યાએ અશુભગ્રહ સમજવો. ૩૫

इति राशिचक्रम्

अश्विन्यादीनि धिष्ण्यानि प्रत्येकं सप्त योजयेत् ।
कनीनिकात आरभ्य यत्र हस्तेक्षणस्य भम् ॥३६॥
प्राप्तः प्रष्टुः स राशिः स्यान्मेषादित्र्यंशकक्रमात् ।
चन्द्रस्तत्रैव विन्यस्य चतसृष्वङ्गुलीषु च ॥३७॥

કનિષ્ઠિકાથી લઈ પ્રત્યેક આંગલીમાં અશ્વિનીથી લઇ સાત સાત નક્ષત્રોની યોજના કરવી. જ્યાં હાથ જોવાના વખતનું નક્ષત્ર આવતું હોય, ત્યાં જે રાશિ હોય તે પૂછનારની રાશિ થઈ. ત્યાં ચંદ્ર મૂકવો. ૩૬-૩૭ જુઓ ચિત્ર નં. ૧૫

इति चन्द्रचक्रम्

जागरुकोजनोयेन राशिना जायते सदा ।
ताराद्यंशाच्च मेषादेर्यत्र तन्मूर्त्तिमालिखेत् ॥३८॥

મનુષ્ય જે નામથી જાગી ઉઠતો હોય તે નામ ઉપરથી આવતી રાશિ અંગુલી-પર્વમાં કનિષ્ઠિકાના પ્રથમ પર્વમાં મેષ ઇત્યાદિ ક્રમથી જ્યાં આવતી હોય ત્યાં જન્મ લગ્ન ગણવું. ૩૮

तत्र ग्रहास्तु प्रागुक्तस्थानस्थाः स्वमनीषया ।
स्थाप्याः संहारमार्गेण विचार्य्यं तच्छुभाशुभम् ॥३९॥

આમ (લગ્ન અને ચંદ્રનો) નિર્ણય થયા બાદ પ્રથમ કહેલી રીતિ મુજબ (જ્યાં ઉર્ધ્વરેખા હોય ત્યાં શુભગ્રહ ઇત્યાદિ) પોતાની બુદ્ધિપૂર્વક સંહાર માર્ગથી ગ્રહો મૂકવા અને શુભાશુભ ફળનો વિચાર કરવો. ૩૯

रविः कुजोगुरुर्मन्दोराहुश्चैते ध्रुवाग्रहाः ।
शशी शशिसुतः शुक्रश्चलादेयाविमर्शने ॥४०॥

સૂર્ય, મંગળ, ગુરુ, શનિ અને રાહુ એ ધ્રુવ ગ્રહ છે. ચંદ્ર બુધ અને શુક્ર ચલ ગ્રહો છે. ૪૦

वर्षद्वादशके चारो ध्रुवाणामपि जायते ।
मूलाग्रराशौ ते देया राहुर्मूलाच्च पृष्ठतः ॥४१॥

ધ્રુવ ગ્રહોનો પણ બાર બાર વર્ષે ચાર થાય છે. અને તેમને તેમની મૂળ રાશિથી આગળની રાશિઓમાં બાર વર્ષે એક રાશિ એ હિસાબે મૂકવા. રાહુને પાછલી રાશિઓમાં મૂકવો. ૪૧

कस्मिन्वर्षे शुभं कस्मिन्नशुभं वा भवेन्मम ।
इति ज्ञेये पंचदशभागाः पंचाङ्गुलीभवा ॥४२॥

वीक्ष्य हस्तेषु या रेखा ऊर्ध्वं चक्रं यवोऽथवा ।
तस्मिन्वर्षे शुभं लक्ष्मीः पुत्राद्याप्तिर्यशः सुखम् ॥४३॥

तेषु यत्रायता रेखा छिन्ना भिन्ना च वेधयुक् ।
शुक्तिश्च त्रुटिका बिन्दुस्तद्वर्षं दुःखदायकम् ॥४४॥

મને ક્યારે શુભ અને કયા વર્ષમાં અશુભફળ મળશે, એમ જીજ્ઞાસા હોય ત્યારે પાંચ આંગળીઓના મળી (ત્રણ પર્વરૂપ) પંદર ભાગનો પંદર વર્ષ તરીકે વિચાર કરવો. તેમાં જ્યાં ઉર્ધ્વરેખા અથવા યવ હોય તે વર્ષમાં લક્ષ્મીપ્રાપ્તિ, પુત્રપ્રાપ્તિ, યશોલાભ, સુખ ઈત્યાદિ શુભફળની પ્રાપ્તિ થાય છે. જે ભાગમાં છિન્નભિન્ન થએલી રેખા હોય, અથવા દ્વીપ, ચોરસ, બિંદુ વગેરે હોય તે વર્ષ દુઃખદાયક જાણવું. ૪૨-૪૩-૪૪

व्यवस्थाप्यादिमं वर्षं कनीनिकादिपर्वसु ।
विचार्यं ते पंचदशवर्षाणि दक्षिणे करे ॥४५॥

ततो वामे पंचदश पुनर्दक्षिणवामयोः ।
स्त्रियोवामेऽपसव्ये च विमृश्यन्तेऽत्र तत्क्रमात् ॥४६॥

કનિષ્ઠિકાના પ્રથમ પર્વમાં પહેલું વર્ષ એમ સ્થાપના કરી જમણા હાથના પંદર ભાગોમાં પહેલાં પંદર વર્ષ, ત્યાર બાદ ડાબા હાથની કનિષ્ઠિકાના પ્રથમ પર્વથી લઈ અનુક્રમે બીજાં પંદર વર્ષ, પુનઃ જમણા હાથે પંદર પછી ડાબા હાથમાં પંદર એમ વર્ષોનો વિચાર કરવો. સ્ત્રીને પહેલાં ડાબો પછી જમણો હાથ એ અનુક્રમે વર્ષની કલ્પના કરવી. ૪૫–૪૬

यद्वा हस्तेक्षणे जन्मलग्नद्वादशभावतः ।
शुभाशुभानि वर्षाणि विज्ञेयानि पुनः पुनः ॥४७॥

અથવા હાથ જોવાના ઈષ્ટકાળે જે જન્મલગ્ન આવતું હોય ત્યાંથી પ્રત્યેક ભાવમાં એક વર્ષ એ પ્રમાણે વર્ષોની યોજના કરી શુભાશુભનો નિર્ણય કરવો. ૪૭

प्रत्येकं जन्मलग्नस्य निर्णयार्थं करेक्षणे ।
स्वराशिं वर्णसंयुक्तं कृत्वा सूर्यैर्विभाजयेत् ॥४८॥

यच्छेषं स्थानकात्तस्मान्निजराश्यादिकः क्रमः ।
स्थाप्यस्तत्र ग्रहा देयाः प्रागुक्तस्थानयुक्तितः ॥४९॥

પ્રત્યેક જન્મલગ્નના નિર્ણય માટે હસ્ત જોવાના ઇષ્ટકાળે પોતાની ઉંમરનાં વર્ષોમાં પોતાની રાશિના અંકનો યોગ કરી બારથી ભાગ આપવો. જે શેષ વધે તેટલામી રાશિનું જન્મલગ્ન કલ્પી પ્રથમ કહેલી યુક્તિથી શુભાશુભ ગ્રહોની સ્થાપના કરવી. ૪૮–૪૯

इति दर्शनाधिकारे वर्षचक्रम्

श्रावणोहस्ततालः स्यादंगुष्ठोभाद्रपन्मतः ।
कुमारस्तर्जनी मध्यः कार्त्तिकः श्रीविधानकः ॥५०॥

मार्गशीर्षोऽनामिकायां कनिष्ठायां तु पौषकः ।
दक्षिणायनमेवं स्याद्दक्षिणे सिंहवाहने ॥५१॥

હસ્તતલમાં શ્રાવણ માસ, અંગુષ્ઠ ભાદ્રપદ, તર્જની આશ્વિન, મધ્યમા કાર્તિક, અનામિકા માગશીર્ષ, કનિષ્ઠિકામાં પોષ એમ જમણા હાથમાં દક્ષિણાયન તથા તેના માસની યોજના કરવી. ૫૦–૫૧

वामे माघः कनिष्ठायां फाल्गुनेऽनामिका मता ।
मध्या चैत्रे प्रदेशिन्यां माधवोऽङ्गुष्ठकेऽपरः ॥५२॥

आषाढ़ोभूतले प्रासः स्यादेवं चोत्तरायणम् ।
वर्त्तमानो हि यो मासः प्रातः स पंचनाडिकः ॥५३॥

ततो हस्तेक्षणघटी मासस्तस्य शुभाशुभम्
रेखा कामदुघा ज्ञेया वाच्यं लक्षणशिक्षितैः ॥५४॥

ડાબા હાથમાં કનિષ્ઠિકામાં માઘ, અનામિકામાં ફાલ્ગુન, મધ્યમામાં ચૈત્ર, તર્જનીમાં વૈશાખ, અંગુષ્ઠમાં જેઠ તથા હસ્તતલમાં આષાઢ એ પ્રમાણે ઉત્તરાયન તથા તેના માસની યોજના કરવી. હાથ જોતી વખતે જે માસ હોય તે પ્રાત:કાળનો માસ

ગણુવો. અને પાંચ ઘડીનું એક માસનું પ્રમાણુ જાણુવું. ત્યારબાદ હાથ જોવાના ઇષ્ટિકાળે જે માસ ઉપરોક્ત ગણુત્રી મુજબ આવતો હોય તેની આંગળી ઉપરનાં શુભાશુભ ચિહ્ન દ્વારા નૈમિત્તકે શુભાશુભ ફળ કહેવું. પર–પ૩–પ૪ જુઓ ચિત્ર નં. ૧૬–૧૭

तर्जन्यां च कनिष्ठायां प्राप्तो मासस्तु नोशुभः
शेषस्थाने शुभोऽङ्गुष्ठे रणप्रश्नेऽतिभंगदः । ॥५५॥

तर्जन्यां जयदः सोऽपि तालस्थः क्वापि नो शुभः ।
लक्ष्म्यां स्थितो धनकरो मेरुस्थः पददायकः ॥५६॥

જે માસ તર્જની તથા કનિષ્ઠિકામાં આવતો હોય તે અશુભ છે. બાકીના સ્થાનના માસ શુભ છે. અંગુષ્ઠમાં આવેલો માસ જો રણુ (યુદ્ધ) સંબંધી પ્રશ્ન હોય તો ભંગ કર્તા (અશુભ ફળ આપનાર) છે. તર્જનીમાં રહેલો માસ યુદ્ધ પ્રશ્નમાં વિજય અપાવનાર છે. પરંતુ કનિષ્ઠિકાનો માસ કદાપિ શુભ નથી. મધ્યમાનો માસ ધનદાતા છે. જ્યારે અનામિકામાં રહેલો માસ સન્માન (પદલાભ) કરાવનાર છે. ૫૫–૫૬

यद्वा माघादयोमासाद्वादशापि लघोः क्रमात् ।
दिनोदयात्पंचघटीमानं पाणीक्षणावधि ॥५७॥
यो मासः प्राप्यते तस्मिन्स्थानलक्षणावीक्षणात् ।
मासे शुभाशुभं वाच्यमित्युक्तं ज्ञानिभिः पुरा ॥५८॥

અથવા કનિષ્ઠિકાના આદિ પર્વથી લઈ અનુક્રમે માઘાદિ માસ જાણુવા. અને સૂર્યોદય વખતે વર્તમાન માસ સ્થાપી ત્યાર બાદ પાંચ ઘડીનો એક માસ એ હિસાબે હાથ જોવાના ઇષ્ટિકાળનો માસ જે આવતો હોય, તે માસના સ્થાનના શુભાશુભ ઉપરથી પુછનારને શુભાશુભ ફળ કહેવું, એમ પૂર્વના જ્ઞાનિ પુરુષોએ કહ્યું છે. ૫૭–૫૮ જુઓ ચિત્ર નં. ૧૮

॥ इति दर्शनाधिकारे मासचक्रम् ॥

कृष्णपक्षोदक्षिणः स्यात्करस्तादितरः सितः ।
यत्पक्षे दर्शयेद्धस्तः स मुख्योऽन्यस्तदन्यथा ॥५९॥

જમણો હાથ કૃષ્ણુપક્ષ છે. ડાબો હાથ શુક્લપક્ષ છે. જે પક્ષમાં હાથ દેખાડવામાં આવ્યો હોય તે મુખ્ય અને બીજાને ગૌણુ સમજવો. ૫૯

इति दर्शनाधिकारे पक्षचक्रम्

**यद्दिने वीक्ष्यते हस्तस्तत्तिथेः स्थानकान्निजात् ।**
**आरभ्य गणने वाच्यादिनाः सर्वे शुभाशुभाः ॥६०॥**

જે દિવસે (જે તિથિએ) હાથ દેખાડવામાં આવ્યો હોય તે તિથિનાં તિથિચક્ર મુજબની યોજનાથી તિથિઓનું પોતપોતાના સ્થાનના શુભાશુભ ઉપરથી શુભાશુભ કહેવું. ૬૦

**अङ्गुल्यन्तर्गतादुष्टरेखास्थानस्थिता अपि ।**
**दुष्टाः श्रेष्ठादिनाथाश्चान्ये मिश्राः प्रादेशिनीगताः ॥६१॥**

આંગળીઓના અંત્ય પર્વના દિવસો અને દુષ્ટરેખાઓ દ્વારા દૂષિત સ્થાનના દિવસો પણ દુષ્ટ છે. બીજા દિવસો શ્રેષ્ઠ ફળ આપે છે. જ્યારે તર્જનીના દિવસો મિશ્રફળ આપે છે. ૬૧

**रणार्थे तेऽपि च शुभाअङ्गुष्ठस्थास्तु भङ्गदाः ।**
**धर्मार्थेष्वपि च शुभाः कनिष्ठास्थाः सदा शुभाः ॥६२॥**

પરંતુ રણપ્રશ્નમાં તે (તર્જનીના) દિવસો પણ શુભફળ આપે છે. અંગુઠાના દિવસો રણપ્રશ્નમાં ભંગ (હાર) કરાવનાર છે. પરંતુ ધર્મકૃત્યમાં તે (અંગુઠાના) દિવસો શુભફળ આપનારા છે. કનિષ્ઠિકાના દિવસો સદા શુભ છે. ૬૨

**रोगप्रश्ने शान्तिकादौ श्रेष्ठाश्चानामिकादिनाः**
**मध्यादिनाधनकरालाभसाम्राज्यदायकाः ॥६३॥**

રોગપ્રશ્ન તથા શાંતિ પુષ્ટિના માટે અનામિકાના દિવસો શ્રેષ્ઠ છે. મધ્યમાના દિવસો ધન આપનારા છે. તેમજ લાભ તથા રાજ્ય આપનારા છે. ૬૩

इति दर्शनाधिकारे दिनचक्रम्

**का घटी कीदृशी मे स्यादिति ज्ञेये करेक्षणे ।**
**या तिथिस्तां निजस्थाने दत्वा सर्वं विलोकयेत् ॥६४॥**

કઈ ઘડી મારા માટે કેવી જશે, તેના પ્રશ્નમાં હાથ જે તિથિમાં જોવાતો હોય તે તિથિને પોતાના સ્થાનમાં સ્થાપી બધું જોઈ શકાય છે. ૬૪

प्रातस्त्यं घटिकायुग्मं तिथिस्थाने नियोजयेत् ।
तदनुक्रमतः पंचदशभागान्विचारयेत् ॥६५॥

તે તિથિને પ્રાતઃકાળમાં યોજી બે બે ઘડીની એક તિથિ એમ ગણના કરી પંદર તિથિઓમાં ત્રીસ ઘટિકાનો વિચાર કરવો. ૬૫

तुल्ये नक्तंदिने ह्येषक्रमो मेषतुलारवौ ।
न्यूनेऽधिके घटीयुग्मे पलैर्ज्ञेयाधिकोनता ॥६६॥

જ્યારે રાત્રી અને દિવસ સરખા પ્રમાણનાં હોય, ત્યારે એટલે મેષ અને તુલાના રવિસંક્રમણ વખતનું આ પ્રમાણ છે. માટે રાત્રી દિવસના ન્યૂનાધિક વખતે બે ઘડીના પ્રમાણની ત્રિરાશિ પ્રમાણે હ્રાસ–વૃદ્ધિ કરવી. ૬૬

घटीनां फलमित्येवं दिवसस्य निवेद्यते ।
रात्रौ घटी पुनर्वाच्या वामहस्तविलोकनात् ॥६७॥

આ પ્રમાણે દિવસે જમણા હાથ ઉપરથી ઘટિકાઓનું ફળ કહી શકાય છે. રાત્રીએ ડાબા હાથ ઉપરથી ઘટિકાઓનું ફળ કહેવું. ૬૭

इति दर्शनाधिकारे घटिकाचक्रम्

अश्विन्यादिक्रमादत्र ताराद्यङ्गुलिपंचके ।
दिनभं हस्तवीक्षायाः प्राप्तं तद्ग्रहजा दशा ॥६८॥

કનિષ્ઠિકાદિ પાંચ આંગળીઓમાં અશ્વિન્યાદિ નક્ષત્રોની યોજના (નક્ષત્રચક્ર મુજબ) કરી જ્યાં આગળ દિનનક્ષત્ર આવતું હોય ત્યાં જે ગ્રહ હોય તેની દશા પ્રાતઃકાળમાં આવે. ૬૮

अङ्गुष्ठेऽपि कनिष्ठायां षड्नक्षाणि नियोजयेत् ।
शेषासु पंच ऋक्षाणि दशाचक्रमितीरितम् ॥६९॥

અંગુઠો તથા કનિષ્ઠિકા એમાં છ છ નક્ષત્રો તથા બાકીની આંગળીઓમાં પાંચ પાંચ નક્ષત્રોની યોજના કરવી. આવી રીતે દશાચક્રમાં નક્ષત્રોની યોજના છે. ૬૯
જુઓ ચિત્ર નં. ૧૯

सार्धसप्तघटी ७।३० मानं दशानुक्रमतः करे ।
यदा वीक्षेत साज्ञेया प्रष्टुर्जन्मदशाबुधैः ॥७०॥

સાડાસાત ઘડી સુધી એક ગ્રહની દશા રહે. એ પ્રમાણે હાથ દેખાડવાના ઇષ્ટકાળ ઉપરથી કયા ગ્રહની દશા ચાલે છે? તે પંડિતોએ સમજી લેવું. ૭૦

आचंभौबुशजीराशुक्रमेणासां प्रसारणा ।
स्थानयोगाद्दशाज्ञेया शुभाशुभमिहेष्यति ॥७१॥

સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, શનિ, ગુરુ, રાહુ અને શુક્ર એ પ્રમાણે દશાઓનો ક્રમ છે. જે દશા ચાલતી હોય, તેના સ્થાન ઉપરથી તેનું શુભાશુભ નક્કી કરવું. ૭૧

अश्विनीत्रितये राहो ब्राह्मादित्रयके शनिः
श्रुतिद्वये बुधदशा वारुणद्वितये रवेः ॥७२॥
उभद्वये चन्द्रदशा शुक्रस्यादित्य पञ्चके ।
जीवस्यार्यमतः पञ्चस्वारस्य परपञ्चके ॥७३॥

અશ્વિની, ભરણી અને કૃતિકામાં રાહુની દશા. રોહિણી, મૃગશીર્ષ અને આર્દ્રામાં શનિની દશા. શ્રવણ અને ધનિષ્ઠામાં બુધની દશા. શતભિષા અને પૂર્વભાદ્રપદમાં રવિની દશા. ઉત્તરાભાદ્રપદ તથા રેવતીમાં ચંદ્રની દશા. પુનર્વસુથી લઈ પાંચ નક્ષત્રો સુધી શુક્રની દશા. ઉત્તરાફાલ્ગુનીથી પાંચ નક્ષત્રોમાં ગુરુની અને અનુરાધાદિ પાંચ નક્ષત્રોમાં મંગળની દશા છે. ૭૨–૭૩

इति दर्शनाधिकारे दशाचक्रम्

पाणिर्यद्वासरे वीक्ष्यंस्तत्संक्रान्तिर्दिनोदये ।
देयाऽन्होमानयोगेन तदनुक्रमतः पुनः ॥७४॥

હાથ જે વારમાં જોવાનો હોય તે વારની સંક્રાન્તિ (રાશિ સ્વામિ પ્રમાણે) પ્રાતઃકાળે આવે. ત્યાર પછી દિનમાનના પ્રમાણાનુસાર પ્રાતઃકાળે જે સંક્રાન્તિ હોય તે પહેલું લગ્ન અને ત્યારબાદ અનુક્રમે લગ્નમાન પ્રમાણે ઇષ્ટિકાળના લગ્નનો નિશ્ચય કરવો. ૭૪

शक्तिशालीक्षणे प्राप्तं लग्नं सम्यग्विचारयेत् ।
स्थानयोगाद्ग्रहन्यासात्तत्र वाच्यं शुभाशुभम् ॥७५॥

હાથ જોવાના વખતના (ઇષ્ટિકાળના) લગ્નનો વિચાર કરી ત્યાર બાદ સ્થાનના લક્ષણ પ્રમાણે દરેક ભાવમાં શુભાશુભ ગ્રહોની યોજના કરી શુભાશુભ ફળ કહેવું. ૭૫

कनिष्ठाद्यत्रिभागाच्च मृगादिरविसंक्रमम् ।
प्रारभ्य दिनसंक्रांतिर्यत्र लग्नक्रमस्ततः ॥७६॥

કનિષ્ઠિકાના આદ્ય પર્વથી લઈ મકરાદિ સંક્રાન્તિઓ હોય છે. અને દિન સંક્રાન્તિથી લઈ વર્તમાનકાળનું લગ્ન નક્કી કરવું. ૭૬ જુઓ ચિત્ર નં. ૨૦

लग्नप्रमाणमुत्कृष्टे दिने सार्धेषु नाडिकाः ५।३०
घट्यश्चतस्रो वै विंशत्पलानि दिवसेऽल्पके ॥७७॥

મોટામાં મોટા દિનમાન વખતે સાડાપાંચ ઘડીનું એક લગ્ન થાય છે, અને નાનામાં નાના દિનમાન વખતે ચાર ઘડી વીસ પળનું એક લગ્ન થાય છે. ૭૭

इति दर्शनाधिकारे लग्नचक्रम्

लग्नं चेत्प्रथमे त्र्यंशे द्रेष्काणः प्रथमस्तदा ।
द्वितीयश्च द्वितीयांशे तृतीयश्च तृतीयके ॥७८॥

લગ્ન જો પ્રથમ પર્વમાં હોય તો પ્રથમ દ્રેષ્કાણુ, બીજામાં હોય તો બીજું અને ત્રીજા પર્વમાં હોય તો ત્રીજું દ્રેષ્કાણુ સમજવું. ૭૮

इति दर्शनाधिकारे द्रेष्काणचक्रम्

नक्षत्रचक्रक्रमतोऽभिमतं योगचक्रकम् ।
भूतले दिनयोगस्य स्थापनात्सर्वमीक्षते ॥७९॥

यो योगो दुष्टभागस्थः स वर्ज्यः शुभकर्मसु ।
अशुभे समुपादेयो मायारूपविचिन्तनात् ॥८०॥

નક્ષત્રચક્રની માફકજ યોગચક્ર બને છે. કરતલમાં જે દિવસે હસ્તવીક્ષા હોય તે દિવસનો યોગ સ્થાપી ત્યાર બાદ નક્ષત્રવત્ યોગોની સ્થાપના કરવી, અને ફળનો વિચાર કરવો. જે યોગ ખરાબ સ્થાનમાં આવતો હોય, તે શુભ કર્મમાં વર્જ્ય કરવો, અને અશુભ કર્મમાં ગ્રહણ કરવો. પહેલાં જેમ આંગળી વશાત્ શુભાશુભ કહ્યું છે, તેમજ અહીં પણ સમજવું. ૭૯-૮૦

इति दर्शनाधिकारे योगचक्रम्

दिशि कस्यां मया लभ्यामिति ज्ञेये करेक्षणे ।
यत्रात्मभं भवेदृक्षचक्रानुक्रमतोदिशि ॥८१॥

મને કઈ દિશાથી લાભ થશે, એ પ્રશ્નના ઉત્તરમાં હાથ જોતી વખતે પૂછનારનું જન્મનક્ષત્ર નક્ષત્રચક્રાનુસારે જ્યાં પડ્યું હોય, તે સ્થાનની દિશા ઉપરથી ફળ કહેવું. ૮૧

मध्यमेऽङ्गुष्ठमे स्वीये ग्रामे सौख्यं विनिर्दिशेत् ।
ऋक्षत्रयेऽङ्गुलीनां तु प्रागुक्तात्तद्दिशोलभेत् ॥८२॥

જો તે નક્ષત્ર અંગુષ્ઠના મધ્ય ભાગમાં હોય તો પોતાના ગામમાં સુખ બતાવવું. અને આંગળીઓના ત્રણ ત્રણ નક્ષત્રો સંબંધી પહેલાં આંગળીઓની જે દિશાઓ કહી છે, તે તે દિશાથી લાભ થશે, એમ સમજવું. ૮૨

राजाद्ययोरन्तरेऽब्धिराद्याद्ये मे व्यवस्थितः ।
राज्ञोमूले स्वदेशादि ग्रामोवक्त्रे तु पल्लिका ॥८३॥

અંગુષ્ઠ અને તર્જનીના વચ્ચેના ભાગને સમુદ્ર કહેવામાં આવ્યો છે. તર્જનીના પ્રથમ પર્વમાં પણ સમુદ્ર છે, એટલે તે નક્ષત્ર આવ્યું હોય તો સમુદ્ર દ્વારા આવતી ચીજથી લાભ છે, એમ કહેવું. અંગુષ્ઠ મૂળમાં પોતાના નિવાસસ્થાન પાસેના પર્વત, ગામ, પ્રદેશથી લાભ બતાવવો. અને કરભસ્થાનનાં નક્ષત્રો ઉપરથી ગામડાંઓ (પલ્લિકા એટલે જ્યાં ભીલ લોકો રહેતા હોય તેવાં ગામડાં)થી લાભ કહેવો. ૮૩

पर्यन्तः पर्वतोदेशोमेरुः करभसीमनि ।
गुर्जरश्चसुराष्ट्रश्चास्ताद्रिरत्नाकरान्तरे ॥८४॥

કરભનાં નક્ષત્રો ઉપરથી દેશની સરહદ ઉપરના પર્વતો તેમજ મારવાડ કહેવો. અને કરભ તથા મણિબંધના વચ્ચેના ભાગથી ગુજરાત તથા કાઠિયાવાડથી લાભ છે, તેમ કહેવું. ૮૪

अङ्गुष्ठमूलेऽक्षयतीर्थमेतदाद्यप्रभोः पारणके वटोऽयम् ।
समध्यदेशस्ततएव चक्रं दिशां विचार्य्यं विदिशां च विज्ञैः ॥८५॥

અંગુષ્ઠમૂળમાં પ્રયાગતીર્થ, શ્રી ઋષભદેવનાં જ્યાં પારણાં થયાં હતાં તે અક્ષયવટ છે. અને તેજ મધ્ય પ્રદેશ છે, ત્યારબાદ ચારે દિશાઓમાં દેશોની યોજના કરવી. ૮૫

दिग्भागे यत्तृतीयं भं तद्विदिग्धिषणमुच्यते ।
यद्वा स्वजन्मलग्नेन दिग्विदिग् वा विमृश्यते ॥८६॥

દિગ્વિભાગમાં જે ત્રીજું નક્ષત્ર છે. તેને ખુણાનું નક્ષત્ર જાણવું. અને એ મુજબ દિશાઓનો નિર્ણય કરવો. અથવા પોતાના જન્મલગ્ન દ્વારા દિશાવિદિશાનો નિર્ણય કરવો. ૮૬

इति दर्शनाधिकारे दिग्चक्रम्

अङ्गुष्ठाद्याः पञ्चवर्णाः सितःपीतोरूणोहरित् ।
श्यामश्चेत्यथ भूतानां तत्त्वानां पञ्चकं तथा ॥ ८७ ॥

અંગુઠાદિ પાંચ આંગળીઓ અનુક્રમે ધોળો, પીળો, લાલ, લીલો અને કાળો એ પ્રમાણે પાંચ રંગની છે. તથા પૃથ્વી અપ્ તેજ ઇત્યાદિ પંચ મહાભૂતો પણ તે આંગળીઓ છે. ૮૭

तर्जनी पृथिवी मध्या जलं वायुरनामिका ।
कनिष्ठा तेजइत्युक्तमङ्गुष्ठोव्योम चोर्ध्वगम् ॥८८॥

તર્જની પૃથ્વીતત્ત્વ છે. મધ્યમા જલતત્ત્વ છે. અનામિકા વાયુતત્ત્વ છે. કનિષ્ઠિકા તેજતત્ત્વ છે, અને અંગુઠો આકાશતત્ત્વ છે. ૮૮

मायाश्चतस्रोऽप्यङ्गुल्योजीवोऽङ्गुष्ठोबुधैः स्मृतः ।
तन्मूलनाड्यां हंसोऽयं यत्करोति गतागतम् ॥ ८९ ॥

ચાર આંગળીઓ એ માયા છે, અને અંગુઠો જીવ છે, એમ પંડિતોએ કહ્યું છે. અને તે અંગુઠાના મૂળમાં રહેલી નાડીમાં જીવ આવજા કર્યા કરે છે. ૮૯

मूर्ध्वाङ्गुष्ठोभुजौ युग्मौ तर्जनी मध्यमापि च ।
पादावनामिका तारा प्राणिनामङ्गपंचकम् ॥ ९० ॥

અંગુઠો માથું છે. તર્જની અને મધ્યમા એ હાથ છે. અનામિકા અને કનિષ્ઠિકા એ પગ છે. આ પ્રમાણે પાંચે આંગળીઓમાં પાંચ અંગ રહેલાં છે. ૯૦

शिरोमुखं तथा कण्ठोऽङ्गुष्ठे भागत्रयं स्मृतम् ।
जठरं च कटिर्गुह्यं तालिकायां त्रयं स्मृतम् ॥ ९१ ॥
मध्यायां च गवेषिण्यां स्कंधौ बाहू च कूर्परौ ।
उरू जंघे च चरणौ त्रयं गौरीकनिष्ठयोः ॥ ९२ ॥

અંગુઠાના ત્રણ પર્વોમાં અનુક્રમે માથું, મુખ અને કંઠ રહેલા છે. કરતલમાં જઠર, કટી અને ગુહ્ય ભાગ છે. મધ્યમામાં તથા તર્જનીમાં ખભા, બાહુ અને કાંડાં રહેલાં છે. અનામિકા તથા કનિષ્ઠિકામાં ઉરૂ ( સાથળ ), ઢીંચણ અને પગ છે. ૯૧–૯૨

**हस्तरूपस्वकायस्य क्रमादवयवाअमी ।**
**शुभाशुभं नृणां चिन्हं घातादिर्येषु लक्ष्यते ॥ ९३ ॥**

આ પ્રમાણે હાથરૂપી પોતાની કાયામાં આ અવયવો છે, અને તે તે ભાગો ઉપરથી તે તે અવયવોનું શુભાશુભ ઘાત ઈત્યાદિ જોઈ શકાય છે. ૯૩

इति दर्शनाधिकारे देहचक्रम्

**मस्तके त्रयमास्ये च कण्ठे भानां त्रयं त्रयम् ।**
**जठरे च त्रयं देयं शेषाङ्गे द्वे कटौ च भूः ॥ ९४ ॥**

માથામાં ત્રણ નક્ષત્ર, મુખ ઉપર ત્રણ, કંઠમાં ત્રણ, જઠરમાં ત્રણ નક્ષત્ર મૂકવાં. કમરમાં એક નક્ષત્ર મૂકવું, અને બાકીનાં અંગોમાં બે બે નક્ષત્ર મૂકવાં. ૯૪

**आत्मभाद्दिनमं यत्र तत्फलं प्रष्टुरादिशेत् ।**
**शीर्षे मुखे तथा कण्ठे राज्यं भोगं सुखं भवेत् ॥ ९५ ॥**

પોતાના નક્ષત્રથી દિનનક્ષત્ર જ્યાં આવતું હોય, તેનું ફળ પૂછનારને કહેવું. માથું, મુખ, તથા કંઠનાં નક્ષત્રોમાં રાજ્ય, ભોજન તથા સુખ પ્રાપ્ત થાય છે. ૯૫

**जठरे गुप्तचिन्ता स्यात् गुह्ये भोगोनृपाद्धनम् ।**
**स्कंधे जयोऽथ शेषाङ्गे क्लेशोहानिर्भयं भवेत् ॥ ९६ ॥**

જઠરનાં નક્ષત્રોમાં ગુપ્ત ચિંતા થાય છે. ગુહ્ય ભાગનાં નક્ષત્રોથી ભોગ મળે છે, અને રાજાથી ધન મળે છે. ખભાના નક્ષત્રમાં જય મળે છે. આ સિવાયનાં અંગોનાં નક્ષત્રોમાં ક્લેશ, હાની અને ભય થાય છે. ૯૬

इति दर्शनाधिकारे हस्तचन्द्रचक्रम्

**अङ्गुष्ठः पंचवर्णः स्याद्रक्तपीतसितासिताः ।**
**शत्रुहाद्याहरित्पीते रक्तः पिंगसितेऽरुणः ॥ ९७ ॥**

અંગુઠો પંચવર્ણનો છે. તર્જની લાલ, મધ્યમા પીળી, અનામિકા ધોળી અને કનિષ્ઠિકા કાળી છે. તર્જની આદિ આંગળીઓમાં લીલો પીળામાં, પાંડુ લાલમાં અને સંધ્યા જેવો વર્ણ ધોળા રંગમાં અંતર્ભાવ પામે છે. અર્થાત્ તે રંગોનો તે તે રંગોમાં સમાવેશ થાય છે. ૯૭

मध्यमा नासिका जिह्वा सावित्री च प्रदेशिनी ।
स्पर्शनं नयनं तारा श्रोत्रमङ्गुष्ठकोमतः ॥ ९८ ॥

મધ્યમાંગુલી નાસિકા છે. અનામિકા જીભ છે. તર્જની ચામડી છે. કનિષ્ઠિકા આંખ છે, અને અંગુઠો શ્રોત્ર છે. આમ જ્ઞાનેંદ્રિયોની યોજના છે. ૯૮

अङ्गुष्ठोमधुरोमध्या तिक्ता कटुः प्रदेशिनी ।
कषायानामिका चाम्ला कनिष्ठा रसपंचकम् ॥ ९९ ॥

અંગુઠો મધુર સ્વાદ છે. મધ્યમા તીખી છે. તર્જની કડવી છે. અનામિકા તુરી છે, અને કનિષ્ઠિકા ખાટી છે. આમ પાંચ પ્રકારના રસોની યોજના છે. ૯૯

दुर्गन्धा तर्जनी शुद्धः सुगन्धोऽङ्गुष्ठईरितः ।
सुगन्धानामिकाकिञ्चिन्निर्गन्धा मध्यमालघुः ॥ १०० ॥

તર્જની દુર્ગંધ છે. અંગુઠો શુદ્ધ સુગંધ છે. અનામિકા સુગંધી છે. મધ્યમા અને કનિષ્ઠિકા કંઈક ગંધ રહિત છે. ૧૦૦

कठोरोऽङ्गुष्ठकोगुर्वी मध्या रूक्षोष्णकादिमा ।
कनिष्ठा कोमला लघ्वी लक्ष्मी स्निग्धा हिमा शिवा ॥ १०१ ॥

અંગુઠો કઠોર છે. તર્જની મધ્યમ પ્રકારનો રુક્ષોષ્ણ છે. કનિષ્ઠિકા કોમલ અને હલકી છે. મધ્યમા સ્નિગ્ધ છે. અને અનામિકા ઠંડી છે. ૧૦૧

अङ्गुलोऽत्रगुरुर्लघुः कनिष्ठादिर्लघुर्मृदुः ।
गुरुः स्निग्धः पुनारूक्षः शीतः स्निग्धोऽतिरूक्षकः ॥ १०२ ॥

અંગુષ્ઠ ગુરુ અને લઘુ છે. કનિષ્ઠિકા આદિ આંગળીઓ અનુક્રમે લઘુ, મૃદુ, ગુરુ, કઠોર તેમજ ઉષ્ણ, શીત, સ્નિગ્ધ અને અતિરુક્ષ છે. ૧૦૨

अङ्गुष्ठोवर्त्तुलस्त्र्यस्त्रा कांचनी च प्रदेशिनी ।
चतुरस्राऽतिदीर्घास्याज्ज्येष्ठा ह्रस्वा शिवामता ॥ १०३ ॥

અંગુષ્ઠ વર્તુલ છે. કનિષ્ઠિકા ત્રિકોણ છે. તર્જની ચોરસ છે. મધ્યમા લાંબી છે, અને અનામિકા ટુંકી છે. ૧૦૩

जया विपूर्वा तारादिर्जयन्त्यथ पराजिता ।
आदिनाथस्त्वमृतभुक्चाङ्गुष्ठोजगदीश्वरः ॥ १०४ ॥

કનિષ્ઠિકા આદિ ચાર આંગળીઓ જયા, વિજયા, જયન્તા તથા અપરાજિતા સ્વરૂપે છે. અને અંગુષ્ઠ અમૃતનો ભોકતા જગદીશ્વર આદિનાથ છે. ૧૦૪

एवं पाणिनिरूपणे वरधियां लोकत्रयी चिन्मयी
भावोभावनया भवेब्दहुविधप्रश्नप्रकाशोदयात् ।
वाल्लभ्यं विशदार्थलभ्यमनिशं तेषां विशेषादुगिरा ।
सभ्यानां समुदेति मेघविजयं सारस्यमुत्पत्स्यताम् ॥ १०५ ॥

આ પ્રમાણે બુદ્ધિશાળી પુરુષોને હસ્ત ઉપરથી જ્ઞાનમય ત્રણે લોકનું નિરૂપણ કરવા ભાવના વિશેષ ( કલ્પનાના અતિશયપણા ) વડે બહુ પ્રકારના પ્રશ્નોનું સ્પષ્ટિકરણ થાય છે. તે સજ્જનો કે જેઓ વિશદ અર્થથી ગ્રહણ થતા (રાજાદિના) પ્રેમને પોતાની વાણીના ઓજસૂથી પ્રાપ્ત કરે છે. અને જોત જોતામાં લક્ષ્મી રૂપી મેઘાડંબર ચઢી આવે છે. ૧૦૫

**इतिश्री हस्तसञ्जीवने दर्शनाधिकारः**

### अथ स्पर्शनाधिकारः

स्पर्शनादङ्गविद्याया यथा फलमुदीरितम् ।
तथा वाच्यं फलं स्पर्शादंगत्वाच्छक्तिशालिनः ॥ १ ॥

જેમ અંગવિદ્યામાં અંગસ્પર્શ ઉપરથી ફલ કહેવામાં આવે છે, તેમ હાથ એ પણ અંગનો એક અવયવ હોવાથી તેના સ્પર્શ ઉપરથી પણ ફલ કહી શકાય છે. ૧

सर्वतोभद्रकं यन्त्रं लिखित्वा पाणिगर्भके ।
पुष्पैः फलैश्च तत्पूजां कृत्वा मायाः स्पृशेदुबुधः ॥ २ ॥

હાથની અંદર સર્વતોભદ્ર યંત્ર લખી તેની પુષ્પ, ફળ વગેરેથી પૂજા કરી અંગુલીનો સ્પર્શ પંડિતે કરવો. ૨ જુઓ ચિત્ર નં. ૨૧–૨૨

ज्ञेयाः सामान्यतः पृच्छास्त्रिपुरास्पर्शतोऽखिलाः ।
साङ्गुष्ठाविषमाः श्रेष्ठाः समास्तु शोभनाः क्वचित् ॥ ३ ॥

સામાન્ય રીતે આંગળીઓના સ્પર્શ ઉપરથી દરેક જીજ્ઞાસાના ઉત્તરો આપવા. અંગુઠા સાથેની આંગળીઓ પૈકી વિષમ શ્રેષ્ઠ છે. અને સમ આંગળીઓ કવચિત શુભ અન્યથા અશુભ ફળ આપે છે. ૩

लाभालाभौ सुखं दुःखं जीवितं मरणं तथा ।
गमागमौ जयं भंगो कार्याकार्ये शुभाशुभे ॥ ४ ॥

| | | | | |
|---|---|---|---|---|
| ऌ | ऋ | मि | क | ॡ |
| मे | ओ | मं सू नं | औ | सिं |
| मी | शु रि | पू श | चं बु भ | क |
| कुं | अः | गु ज | अं | तु |
| ऐ | म | ध | ॠ | ए |

चित्र नं. २१

| | | | | |
|---|---|---|---|---|
| ८ | ११ | क्षि | १५० | १ |
| १४९ | २ | प | ७ | १२ |
| क्षि | प | ॐ | स्वा | हा |
| ३ | १५२ | स्वा | ९ | ६ |
| १० | ५ | हा | ४ | १५१ |

चित्र नं २२

चतुःप्रियादिक्रमतः स्पर्शात्पंचाङ्गुलेरिदम् ।
वाच्यं विचक्षणैर्यद्वा तत्कालप्रश्नलग्नतः ॥ ५ ॥

લાભાલાભ, સુખ, દુઃખ, જીવિત, મરણુ, આવ જા, વિજય, પરાજય, કાર્ય, અકાર્ય, શુભાશુભ સઘળું અંગુષ્ઠાદિ ક્રમથી પાંચ આંગળીઓના સ્પર્શ દ્વારા કહેવું. અથવા તત્કાલના લગ્ન ઉપરથી ફળ કહેવું. ૪–૫

दिनमानमपि ज्ञेयं त्र्यंशस्पर्शेन दुर्दिने ।
या तिथिः सा घटी वाच्या ज्योतिषेऽपि च संमता ॥ ६ ॥

દુર્દિન હોય ત્યારે અંગુલીના પર્વના સ્પર્શથી દિનમાન પણ કહેવો.તેમાં જ્યોતિઃ-શાસ્ત્ર પણ જેને સંમતિ આપે છે, તે પ્રમાણે જે તિથિના વિભાગનો સ્પર્શ થયો હોય તેટલી ઘટિકા (દિવસ વ્યતીત થયો છે, એમ) જાણવી. ૬

एकैकादशकैकविंशति घटी संख्या कनिष्ठाङ्गुली
पूर्वैरङ्गुलिभिर्जनैर्निगदितैर्द्वादिः परैर्ज्ञायते ।
एकैकेन करस्य पण्डितवरैर्बुध्या गिरावा गुरो–
रेवं खेन्दुरवी विनापि सततं रात्रिं दिवं प्रोच्यते ॥ ७ ॥

કનિષ્ઠિકા અંગુલીના પ્રથમપર્વમાં ૧ ઘડી, બીજામાં ૧૧ ઘડી, ત્રીજામાં ૨૧ ઘડી કાળ છે. અનામિકાના ત્રણ પર્વોમાં અનુક્રમે ૨, ૧૨, ૨૨ એમ, મધ્યમામાં ૩, ૧૩, ૨૩ તર્જનીમાં ૪, ૧૪, ૨૪ અને અંગુષ્ઠમાં ૫, ૧૫, ૨૫ ઘટિકાત્મક કાળ છે. એમ પ્રાચીન પંડિતો કહી ગયા છે. આકાશમાં સૂર્ય ચંદ્ર ન હોય તો પણ આ પ્રમાણે અંગુલી સ્પર્શથી ( નિમિત્તજ્ઞાનદ્વારા ) શ્રેષ્ઠ પંડિતોએ પોતાની બુદ્ધિથી અથવા ગુરુઓના વાક્ય પ્રમાણે ઈષ્ટ સમયના કાલનું જ્ઞાન કરવું. ૭

अङ्गुष्ठादेर्विजानीयादेक १ दिक् १० तिथि १५ संख्यकाः ।
तर्जन्यां द्वि २ रसा ६ रुद्रा ११ मध्यायांत्र्य ३ श्व ७ भास्कराः १२ ॥८॥
वेदा ४ ष्ट ८ विश्वाः १३ सावित्र्यां पंचा ५ ङ्क ९ मनवो १४ लघौ ।
गतशेषाणि लभ्यन्ते दिवारात्रौ च नाडिकाः ॥ ९ ॥

અંગુઠાના પર્વોમાં ૧, ૧૦, ૧૫ તર્જનીમાં ૨, ૬, ૧૧ મધ્યમામાં ૩, ૭, ૧૨ અનામિકામાં ૪, ૮, ૧૩ અને કનિષ્ઠિકામાં ૫, ૯, ૧૪ આ પ્રમાણે કાળ છે. અને તે દ્વારા દિવસ અથવા રાત્રી કેટલી ગઈ છે, તે જાણવું. ૮–૯

लोके कीदृगिदं वर्षं सुभिक्षं वा तदन्यथा ।
भविष्यतीति ज्ञातव्ये कुमारीं परिपूजयेत् ॥ १० ॥

લોકમાં જ્યારે આ વર્ષ કેવું જશે? સુકાળ રહેશે કે દુષ્કાલ? ઈત્યાદિ જાણવા માટે પ્રથમ કુમારિકાનું પૂજન કરવું. ૧૦

**संभोज्य मधुरास्वादैः कुङ्कुमैश्चन्दनैः करौ ।**
**विलिप्य पुष्पैः सम्पूर्य स्पृश्यस्त्र्यंशास्तदङ्गुलेः ॥११॥**

તેને સારું સ્વાદિષ્ટ ભોજન આપવું, તેના હાથ કંકુ અને ચંદનથી રંગવા અને ફૂલથી હાથ (ખોબો) ભરી પછી અંગુલી સ્પર્શ કરવો. ૧૧

**प्रभवाद्याः समावर्षाः काञ्चन्याद्यत्रिभागतः ।**
**संवत्सरं वर्त्तमानं व्यवस्थाप्य विलोकयेत् ॥ १२ ॥**

કનિષ્ઠિકાના પ્રથમ પર્વથી લઈ અનુક્રમે પ્રભવાદિ સંવત્સરો ગણવા અને જ્યાં વર્તમાન સંવત્સર આવતો હોય તે નક્કી કરવું. ૧૨

**स्पृष्टे विंशोपके वर्षं प्राप्तं तस्य शुभाशुभम् ।**
**वाच्यं नक्षत्रचक्रानुक्रमतोदिग्विचार्यते ॥ १३ ॥**

કુમારિકાના જે વિંશોપકાનો સ્પર્શ કરે, તેનું શુભાશુભ કહેવું. બધું નક્ષત્રચક્ર માફક કહેવું. અને તે મુજબ જ દિશાનો નિર્ણય પણ કરવો. ૧૩

**यद्वा ताम्रमये पात्रे कुंकुमस्य करद्वयम् ।**
**कुंमार्याः कारयेत्तत्र फलन्यासाच्छुभाशुभं ॥ १४ ॥**

અથવા તાંબાના પાત્રમાં કુમારિકા પાસે કંકુના થાપા દેવરાવવા અને તેના ઉપર ફૂલ મૂકી શુભાશુભનો વિચાર કરવો. ૧૪

**क्रूराक्रांतं दुष्टरेखं यद्धं दुष्टग्रहेक्षितम् ।**
**संवत्सरेण राश्यादिमेलकं च विचारयेत् ॥ १५ ॥**

જે સ્થાનનો (અંગુલીના પર્વનો) સ્પર્શ કર્યો હોય, તે ક્રૂર રેખાથી યા દુષ્ટ રેખાથી યુક્ત હોય, અથવા પ્રાપ્ત થએલા સ્થાનનું નક્ષત્ર ક્રૂર ગ્રહથી આક્રાન્ત હોય તો અશુભ ફળ થાય. આમ સંવત્સરનો વિચાર કરવો. અને તેમાં રાશિ મૈત્રી પણ વિચારવી. ૧૫

**हस्तस्पर्शेक्षणे दैवादाषाढः श्रावणोऽपि वा ।**
**तदातिवृष्टिर्ज्येष्ठादौ न वृष्टिर्मध्यमान्यथा ॥ १६ ॥**

જો હસ્ત સ્પર્શમાં દૈવવશાત્ આષાઢ કે શ્રાવણ પ્રાપ્ત થાય તો અતિવૃષ્ટિ થશે એમ સમજવું. જેઠ પ્રાપ્ત થાય તો અનાવૃષ્ટિ અને બીજા મહીના પ્રાપ્ત થાય તો મધ્યમ વૃષ્ટિ થશે, એમ કહેવું. ૧૬

एवं मासं तथा पक्षं दिनं वेलाफलं तथा ।
भागस्पर्शेन विज्ञेयं ग्रहलग्नविचारणात् ॥ १७ ॥

અને આ રીત મુજબ જ સ્પર્શ થતા અંગુલીના પર્વ ઉપરથી માસ, પક્ષ, દિન, વેલા તથા ગ્રહલગ્ન દરેકનો વિચાર કરવો. ૧૭

स्पृष्टपर्वस्वरूपेण तथा लग्नविचिन्तनात् ।
ग्रहस्वरूपमालोक्य मुष्टिज्ञानं च विद्यते ॥ १८ ॥

સ્પર્શ થતા પર્વના સ્વરૂપથી અને લગ્નના વિચારથી ગ્રહોના ફલાફલનો (સ્વરૂપનો) વિચાર કરી મુષ્ટિપ્રશ્ન કહી શકાય છે. ૧૮

नष्टं मे क्व गतं वस्तु इति ज्ञेये करं स्पृशेत् ।
नष्टस्य दिनभं गर्भे दत्वा यद्दिशि वस्तुभम् ॥ १९ ॥

ખોવાએલી વસ્તુ ક્યાં ગઈ છે? તે પ્રશ્નના વિચારમાં જે દિવસે વસ્તુ ગઈ હોય તે દિવસના નક્ષત્રને કરતલમાં લખી ત્યારબાદ નક્ષત્રચક્ર મુજબ નક્ષત્રો ગોઠવી જે નક્ષત્રને કુમારિકા સ્પર્શ કરે તે નક્ષત્રની દિશામાં વસ્તુ ગઈ છે એમ કહેવું. ૧૯

वस्तुभं दक्षिणे भागे प्रतीच्यां त्रिपुराग्रगम् ।
तदा न लभ्यते वस्तु मेरौ प्राच्यां तु लभ्यते ॥ २० ॥

જો વસ્તુનું નામનક્ષત્ર દક્ષિણ ભાગમાં, પશ્ચિમમાં અથવા અંગુલીના અગ્રપર્વમાં આવતું હોય તો વસ્તુ મળતી નથી. પરંતુ મેરૂ અથવા તો પૂર્વદિશામાં વસ્તુનું નામનક્ષત્ર આવતું હોય તો વસ્તુ મળે છે. ૨૦

मध्यभे न गतं वस्तु कष्टाल्लभ्यमुदग्दिशि ।
मायाजात्या चौरजातिर्वस्तुरूपं तु पर्वणि ॥ २१ ॥

મધ્યભાગમાં નામનક્ષત્ર આવ્યું હોય તો વસ્તુ ખોવાઈ નથી. જો ઉત્તર દિશામાં વસ્તુનું નામનક્ષત્ર આવતું હોય તો કષ્ટથી વસ્તુ પ્રાપ્ત થાય છે. અંગુલીની જાતિ ઉપરથી ચોરની જાતિ, તથા પર્વ ઉપરથી વસ્તુનું સ્વરૂપ કહેવું. ૨૧

वयोऽपि च कनिष्ठादेः स्पर्शाद्बालादिकं वदेत् ।
भूतपंचकतः स्थानं ज्ञायते नष्टवस्तुनः ॥ २२ ॥

કનિષ્ઠિકાદિ અંગુલીના સ્પર્શ મુજબ ચોરની વય કહેવી. અને અંગુલોના તત્ત્વ મુજબ નષ્ટ વસ્તુનું સ્થાન કહેવું. ૨૨

याम्यायाः स्पर्शनेनैव स्थानपंचकमिष्यते ।
पृथिव्यां वा जले नष्टं प्राप्यते नापि यत्नतः ॥ २३ ॥

शेषमात्रं तु दहने पवने व्योम्नि नाप्यते ।
एवं तत्त्वात्तथा लग्नान्नष्टप्राप्तिविचार्य्यते ॥ २४ ॥

અંગુલીના સ્પર્શ વડે જ પંચભૂતાત્મક પંચસ્થાનોનો નિર્ણય થાય છે. પૃથ્વી અને જલ સ્થાનમાં ગએલી વસ્તુ મળે છે. અગ્નિતત્ત્વમાં ગએલી વસ્તુ યત્ન કરવા છતાં શેષ માત્ર પણ મળતી નથી. તેમજ પવન અને આકાશતત્ત્વમાં ગએલી વસ્તુઓ પણ પાછી આવતી નથી. ૨૩-૨૪

निधानं क्वेति पृच्छायां तले हस्तेक्षणस्य भम् ।
संस्थाप्य यत्र मूलं स्यात्तत्र स्यान्निश्चयाद्धनम् ॥ २५ ॥

ભૂમિમાં સંતાડેલું કે નિશ્ચિત જગ્યાએ મૂકેલું ધન ક્યાં ગયું છે, તે પ્રશ્નના જવાબમાં કરતલમાં હસ્ત જોવાના દિવસનું નક્ષત્ર મૂકી નક્ષત્રચક્ર બનાવતાં જ્યાં મૂળ નક્ષત્ર આવે ત્યાં નિશ્ચયપૂર્વક નિધિ છે, એમ જાણવું. ૨૫

क्रूरग्रहेण दृष्टे भे तद्धनं लभ्यते नहि ।
सौम्येन लभ्यते क्रूराक्रान्ते नास्तीति निर्णयः ॥ २६ ॥

જો તે મૂળ નક્ષત્રને ક્રૂરગ્રહો જોતા હોય તો તે ધન મળતું નથી. પરંતુ શુભ ગ્રહો જોતા હોય તો મળે છે. જો ક્રૂરગ્રહથી નક્ષત્ર યુક્ત હોય તો નિધિ નથી એમ કહેવું. ૨૬

गर्भप्रश्ने करस्पर्शे समाङ्गुल्यां तु बालिका ।
पुत्रः स्याद्विषमाङ्गुल्यां तलस्पर्शे नपुंसकम् ॥ २७ ॥

ગર્ભ સંબંધી પ્રશ્ન હોય તો જો સમ અંગુલીને સ્પર્શ થયો હોય તો બાલિકા અને વિષમ આંગળીને સ્પર્શ થયો હોય તો પુત્રનો જન્મ થશે. તેમજ જો કરતલનો સ્પર્શ થયો હોય તો નપુંસક જન્મશે એમ સમજવું. ૨૭

भोजने कीदृशं भोज्यं स्वप्नो वा कीदृशो मम ।
इति ज्ञेये स्पृशेन्मायां साङ्गुष्ठां सुविचार्यते ॥ २८ ॥

धातुमूलादिकं वस्तु तथा कामदुघास्थितम् ।
लग्नादुग्रहांश्च विज्ञाय वाच्यं सर्वं शुभाशुभम् ॥ २९ ॥

મેં કેવું ભોજન લીધું છે. અથવા મને કેવા પ્રકારનું સ્વપ્ન આવ્યું છે, તેવો પ્રશ્ન હોય તો અંગુઠા સહિતની આંગળીઓ (પાંચે) પૈકી સ્પર્શાંગુલી ઉપરથી ફળ

કહેવું. આંગલીઓ ઉપરથી ધાતુ મૂલાદિકનો નિર્ણય કરવો. તથા લગ્ન અને ગ્રહો ઉપરથી દરેક પ્રકારનું શુભાશુભ કહેવું. ૨૮–૨૯

बालः कुमारोऽथ युवा वृद्धो मृत्युः स्वराः क्रमात् ।
तारादिकामदोग्ध्रीषु गणेशे च व्यवस्थिताः ॥ ३० ॥

બાલ, કુમાર, યુવા, વૃદ્ધ તથા મૃત્યુ એ પ્રમાણે પાંચ સ્વરો છે. અને તે અનુક્રમે કનિષ્ઠિકાથી લઈ અંગુઠા પર્યંત વ્યવસ્થિત છે. ૩૦

या तिथिर्यत्र भागेऽस्ति तमारभ्य ततो बुधः ।
दर्शनात्स्पर्शनाद्वापि गणयेद्गणकोत्तमः ॥ ३१ ॥

પ્રશ્નની તિથિ જે ભાગમાં હોય, ત્યાંથી આરંભી ગણના કરવી. દર્શન અથવા સ્પર્શન ગમે તે પ્રકારથી ગણકે (નિમિત્તજ્ઞે) ગણના કરવી. ૩૧

सूर्योदये घटी युग्मस्थापनानुक्रमात्पुनः ।
रविः शशी च सूर्येन्दू परिपाटी सितेतरे ॥ ३२ ॥
सितपक्षे शशिरविक्रमोऽयं तिथिसम्मतः ।
कार्यस्ततो यदा हस्तदृष्टेः स्याद्घटिका द्वये ॥ ३३ ॥
तस्य स्वरस्याभ्युदयो वाच्यः स्पर्शनकर्मणि ।
भागोयः प्राप्यते तस्य स्वरस्योदयमादिशेत् ॥ ३४ ॥

તે દિવસની તિથિને સૂર્યોદય વખતે સ્થાપી બે બે ઘડીની એક તિથિ એ ક્રમથી જો કૃષ્ણપક્ષ ચાલતો હોય તો સૂર્ય, ચંદ્ર, સૂર્ય, ચંદ્ર એમ ગણના કરવી. અને જો શુક્લપક્ષ હોય તો ચંદ્ર સૂર્ય એ ક્રમથી ગણના કરવી. આ પ્રમાણે ઇષ્ટકાલે જે (સૂર્ય અથવા ચંદ્ર) આવતું હોય તેનો સ્વર ચાલે છે, એમ જાણવું. સ્પર્શના વિષયમાં જે ભાગનો સ્પર્શ થયો હોય તેનો (બાલાદિ) સ્વર ચાલે છે, તેમ જાણવું. ૩૨–૩૪

आद्यप्रभोर्भगवतः पारणाहे दिनोदये ।
यस्य कस्यापि संस्पृश्यः पाणिर्वाणिज्यशालिनः ॥ ३५ ॥
गुरुणाभुज्यमानं यन्नक्षत्रं दीयते तले ।
यत्रायाति च यद्देशनक्षत्रं तद्विचार्यते ॥ ३६ ॥

ભગવાન શ્રી ઋષભદેવના પારણાના દિવસે (અક્ષય તૃતીયાના દિવસે) સૂર્યોદય કાળે કોઈપણ ભાગ્યશાળીના હાથનો સ્પર્શ કરી, ગુરુ ગ્રહ જે નક્ષત્ર ઉપર હોય, તે

નક્ષત્રને કરતલમાં સ્થાપી, જે દેશમાં જે નક્ષત્ર આવતું હોય તેના ઉપરથી વિચાર કરવો. ૩૫–૩૬

मङ्गलेन समाक्रान्तं दृष्टं वा त्रिपुरान्तगम् ।
तत्र देशे भूमिकम्पो मारिर्वा राज्यविग्रहम् ॥ ३७ ॥

જે અંગુલી પર્વને મંગળ જોતો હોય અથવા જેને આક્રાન્ત કરી રહ્યો હોય (અર્થાત્ મંગળથી દૃષ્ટ કે યુક્ત નક્ષત્ર જ્યાં પડ્યું હોય) તે દિશામાં ભૂમિકંપ, રોગચાળો અથવા રાજવિગ્રહ ( લડાઈ ) થશે એમ કહેવું. ૩૭

शनिना यत्समाक्रान्तं दृष्टं दक्षिणदिग्गतम् ।
तत्र देशे भयं रोगो दुर्भिक्षं राज्यविग्रहम् ॥ ३८ ॥

જે વિભાગ શનિથી આક્રાન્ત થયો હોય અથવા દૃષ્ટ હોય, અને દક્ષિણ દિશામાં રહેલાં નક્ષત્રોના દેશો જે હોય, તેમાં ભય, રોગ, દુર્ભિક્ષ અને લડાઈ થાય છે. ૩૮

यत्र राहुः समाक्रान्तो देशभं तत्र संभवेत् ।
उत्पातौ विग्रहो घोरश्चक्रमस्य तु भौमवत् ॥ ३९ ॥

જે સ્થાનમાં રાહુ આવતો હોય, તે દેશમાં મંગળની માફક ઉત્પાત તથા ઘોર વિગ્રહ થાય છે. ૩૯

अनन्तवीर्यस्य पुंसोयवाः प्राग्विनिवेदिताः ।
तद्रेखायाः प्रमाणेन ज्ञेये व्यंजनलक्षणे ॥ ४० ॥

હાથ ઉપરથી પુરુષના શરીરના અવયવો પહેલાં કહ્યા છે, તે પ્રમાણે હાથમાં રહેલી રેખાઓના શુભાશુભદ્વાર તે તે અવયવોનું હ્રસ્વત્વ, દીર્ઘત્વ, નિરોગત્વ ઇત્યાદિ જાણવો. ૪૦

यत्रोर्ध्वरेखा तत्रस्याच्छुभं वान्यं ततोऽशुभम् ।
यद्वा राहोः शनेर्वापि आश्विन्यादि भचक्रके ॥ ४१ ॥
तारादि द्वादशांशेषु यत्र तत्राशुभं दिशेत् ।
पागुक्तावयवापेक्षं शुभं तु गुरुभे स्मृतम् ॥ ४२ ॥

હાથમાં જ્યાં ઉર્ધ્વરેખા હોય તેના અવયવનું શુભફળ કહેવું. અને બીજાનું અશુભ કહેવું કનિષ્ઠિકાઆદિ આંગળીઓમાં જ્યાં શનિ અને રાહુ ( નક્ષત્રચક્ર પ્રમાણે ) આવતા હોય તે અવયવનું અશુભ કહેવું અને જ્યાં ગુરુ આવતો હોય, તે અવયવનું ફળ શુભ જાણવું. ૪૧–૪૨

यद्वा कनीनिका पूर्वत्र्यंशाद् वत्सरसंस्थितौ ।
यत्र वर्षं वर्त्तमानं तत्र स्थाने विचार्यते ॥ ४३ ॥

અથવા કનિષ્ઠિકાના આદ્ય પર્વથી લઈ સંવત્સર ચક્રની માફક સંવત્સરોની યોજના કરી, જ્યાં વર્ત્તમાન વર્ષ આવતું હોય તે સ્થાનના શુભાશુભ ઉપરથી વર્ષનું શુભાશુભ કહેવું. ૪૩

वर्षमासायनतिथिलग्नधिष्ण्यविमर्शनम् ।
गृहाद्यं पूर्वमेवोक्तं अन्तरिक्षं निरीक्ष्यते ॥ ४४ ॥
विज्ञेया अइउएओस्वरा अङ्गुष्ठतः क्रमात् ।
अङ्गुष्ठ उत्तरो लघ्वी अधरानामतो मता ॥ ४५ ॥
आलिङ्गितानामिका स्यान्मध्यमात्वभिधूमिता ।
दग्धा प्रदेशिना तासां फलं चूडामणौ स्फुटम् ॥ ४६ ॥

વર્ષ, માસ, અયન, તિથિ, લગ્ન અને ઘટિકાદિની તેમજ ગ્રહાદિની વિવેચના પહેલાં કરવામાં આવી છે. તેના દ્વારા અંતરિક્ષ ઉપદ્રવ (ગાંધર્વ નગરાદિ)ની પણ આલોચના થઈ શકે છે. ૪૪

અંગુઠાથી લઈ અનુક્રમે અ, ઇ, ઉ, એ, ઓ એ પ્રમાણે સ્વરો રહેલા છે. અંગુષ્ઠ એ ઉત્તર વર્ણો છે. કનિષ્ઠિકા તેના નામ પ્રમાણે લઘ્વી છે. એટલે અધર સંજ્ઞક વર્ણો ત્યાં રહેલા છે. અનામિકા આલિંગિત વર્ણો છે. મધ્યમા અભિધૂમિત છે. અને તર્જની દગ્ધવર્ણો છે. આ બધાનું ફળ ચૂડામણિશાસ્ત્રમાં સ્પષ્ટ કહેલું છે. ૪૫-૪૬

लक्ष्मी स्यात्पोतकी राजा भषणोऽनामिका शिवा ।
कनिष्ठा पिङ्गला काकः प्रदेशिन्यां व्यवस्थितः ॥ ४७ ॥

મધ્યમા પોતકી (દેવચકલી) છે. અંગુષ્ઠ ભષણ (કૂતરો) છે. અનામિકા શિયાળ છે. કનિષ્ઠિકા પિંગલા (ભૈરવ) છે. અને તર્જની કાગડો છે. ૪૭

शकुनेक्षणवेलायां संयोज्य पाणियामलम् ।
अञ्जलिं मन्त्रयेन्मायामुखे न्यासेन साङ्गुलम् ॥ ४८ ॥

શકુન જોવાની ઈચ્છા થાય ત્યારે હાથ જોડી અંજલિ બનાવી અંગુલિયોનો ન્યાસ કરવો. ૪૮

अं नमः इं नमश्चाग्रे उं नमस्तत एं नमः ।
ॐ नमो विष्णुतोज्ञयः क्रमोन्यासेऽभिमन्त्रणे ॥ ४९ ॥

અં, ઇં, ઉં, એં, ઓં એ દરેક વર્ણને નમઃ પદ લગાડી અંગુઠાથી લઈ અનુક્રમે યોજના કરી अं अंगुष्ठाये नमः इं तर्जन्यै नमः ઇત્યાદિ ન્યાસ કરવો. ૪૯

शाखादशकसंस्पर्शात् वामावामं विमर्शतः ।
क्षेमपूर्वं वदेल्लाभं ज्ञात्वा शकुनपंचकम् ॥ ५० ॥

દશ અંગુલીઓના સ્પર્શ દ્વારા વામ વામનો શકુન શાસ્ત્રોક્ત રીતિથી વિચાર કરી પૂર્વોક્ત શકુનપંચક (પાંચ પ્રકારનાં શકુન આપનાર પ્રાણીઓ) દ્વારા યાત્રા કરનારનું ક્ષેમ લાભ ઇત્યાદિ કહેવું. ૫૦

स्थानं चेष्टा तथा वेला बलाबलपरस्परम् ।
प्राज्ञः शकुनशास्त्रेण रत्नपञ्चकनोवदेत् ॥ ५१ ॥

અને આ શકુનપંચક દ્વારા શાકુનશાસ્ત્રોક્ત રીતિથી સ્થાન, ચેષ્ટા વેલા તથા બલાબલ દરેક કહેવું. ૫૧

तारादि क्रमतश्चैकं द्विकं त्रिकचतुष्ककम् ।
त्रिवारस्पर्शनाद्बोध्या हस्ते पाशककेवली ॥ ५२ ॥

કનિષ્ઠિકાના ક્રમથી લઈ અનુક્રમે એક, બે, ત્રણ, ચાર એમ આંકવાળા પાસા જાણવા અને ત્રણ વારના અંગુલીના સ્પર્શદ્વારા કેટલા દાણા આવ્યા તે જાણવું. આમ પાશકકેવલી (પાસાશાસ્ત્ર) પણ હાથમાં જ રહેલું છે. ૫૨

प्रणवः शुक्रपाणीति दिने स्वाहेति मन्त्रतः ।
ॐ शुक्रपाणिदिने स्वाहा ।
अभिमन्त्र्य महाब्रह्मस्पर्शनं ज्ञानसाधनम् ॥ ५३ ॥

ૐકાર પૂર્વક હસ્તાંગુલિઓનો ન્યાસ કરી, ॐ **शुक्रपाणिदिने स्वाहा** એ મંત્રથી હાથને અભિમંત્રી પછી હસ્તનો સ્પર્શ કરવો. અને તદુક્ત જ્ઞાનનું સાધન કરવું. ૫૩

करस्पर्शात्स्पर्शादिव परिणतां काञ्चनमहा ।
रसप्रेखन् सिद्धिं सुगुरुवचसो मेघविजयात् ॥
विदित्वा पृच्छानां यइह कुरुते निर्णयमहो ।
महोभिस्तस्य स्याद्भवनभवना वासनाविधिः ॥ ५४ ॥

હાથના સ્પર્શથી જ સ્પર્શમાત્રથી સિદ્ધ થતી સુવર્ણ–રસ–વિદ્યા–સિદ્ધિ માફક સિદ્ધગુરુના વાકય જેવા શ્રી મેઘવિજય ઉપાધ્યાય નામના ગ્રંથકર્તાના વાકયથી આ વિદ્યાને જાણીને જે પ્રશ્નોનો નિર્ણય કરે છે. તેને મોટા પ્રભાવથી જગતરૂપી મહેલમાં રહેવારૂપ સિદ્ધિ આદિનો લાભ થવા રૂપ સિદ્ધિ) પ્રાપ્ત થાય છે. ૫૪

**इतिश्री हस्तसंजीवने स्पर्शनाधिकारो द्वितीयः**

**अथ रेखाविमर्शनाधिकारः समारभ्यते ।**

**स्वस्ति चाभरणं सिद्धेः करणं श्रीजगद्गुरोः ।**
**हस्तं स्वमस्तके न्यस्तं स्मृत्वा रेखा विचार्यते ॥ १ ॥**

## શ્રી હસ્તસંજીવન અધિકાર ત્રીજો

**મંગલાચરણ**—સિદ્ધિના કલ્યાણકારી આભરણ અને જગદ્‌ગુરુ શ્રી ઋષભદેવના કરણરૂપ હસ્તને પોતાના મસ્તિષ્કને અડકાડેલો સ્મરીને ( હાથ જોડી માથું નમાવી સ્મરણ કર્યા બાદ ) રેખાઓનો વિચાર કરીએ છીએ. ૧

**प्रागुक्तविधिनाभ्यर्च्य नरोज्ञानिगुरूं पुरः ।**
**हस्तं स्वं दर्शयेद्धस्ते प्रशस्ते दिवसोदये ॥ २ ॥**

**હાથ જોવાની સિદ્ધિ**—પહેલાં જે વિધિ (બીજા અને પહેલા અધિકારમાં) બતાવ્યો છે, તે પ્રમાણે પોતાના કુલગુરુની પૂજા કરીને હસ્ત નક્ષત્ર હોય તે દિવસે (તેમજ પહેલાં કહેલાં આશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, હસ્ત એ નક્ષત્રો તેમજ જ્યારે હસ્ત નક્ષત્ર ઉપર સૂર્ય હોય ત્યારે ગમે તે નક્ષત્રમાં) હાથ બતાવવો. ૨

**शोभने हस्त नक्षत्रे ग्रहे सौम्ये शुभेदिने ।**
**पूर्वान्हे मंगलैर्युक्ते परीक्षेत विचक्षणः ॥ ३ ॥**

હસ્તનક્ષત્ર હોય અને સારો વાર હોય તેમ જ બીજા શુભ યોગો હોય ત્યારે પૂર્વાન્હમાં શુભ સમયમાં વિદ્વાન પુરુષે હાથની પરીક્ષા કરવી.

અહીં બે અપવાદ છે. (૧) હસ્તનક્ષત્ર હોય ત્યારે ચંદ્ર બલાદિક કોઈને ન પહોંચતું હોય છતાં હસ્તનક્ષત્રની મુખ્યતા હોઈ તે દિવસે હાથ જોવો.

(૨) જો અનુકૂળતા ન આવતી હોય તો સવારમાં પહેલી ચાર ઘડીમાં કોઈપણ દિવસે હાથ જોવો. ૩

पूर्वमायुः परीक्षेत पश्चाल्लक्षणमुत्तमम् ।
क्षीणायुषां नृणां शेषैर्लक्षणैः किम्प्रयोजनम् ॥ ४ ॥

**રેખાઓ જોવાનો ક્રમ**—પહેલાં આયુની પરીક્ષા કરવી, અને ત્યાર બાદ બીજાં લક્ષણોની પરીક્ષા કરવી. કારણ આયુદો વગરના માણસોને લક્ષણોથી શો ફાયદો છે? ૪

मणिबंधात्परः पाणिः सा कर्म कठिना नृणाम् ।
वामेति कोमलोवामभ्रुवां संपत्करः करः ॥ ५ ॥

મણિબંધથી ઉપરનો જે ભાગ તેને હાથ કહે છે. પુરુષોનો જમણો અને સ્ત્રીઓનો ડાબો હાથ જોવો જોઈએ.

પુરુષોનો હાથ કામ ન કરવા છતાં કઠિન અને સ્ત્રીયોનો હાથ કોમલ હોય તો તે સંપત્તિ આપનાર છે. ૫

यदुक्तं—वामभागे तु नारीणां दक्षिणे पुरुषस्य च ।
विलोक्यं लक्षणं विज्ञैः सर्वमायुः पुरःस्सरं ॥ ६ ॥

**સંમતિ સૂચક શ્લોક છે**—પંડિતોએ સ્ત્રિયોનાં ડાબા અંગમાં અને પુરુષોનાં જમણા અંગમાં લક્ષણો જોવાં જોઈએ. બધાં લક્ષણો જોતાં પહેલાં આયુદો તપાસી લેવો. ૬

उत्पातः पिटको लक्ष्म तिलकं मशको व्रणः ।
स्पर्शनं स्फुरणं पुंसां शुभायाङ्गे प्रदक्षिणे ॥ ७ ॥

**'વિવેકવિલાસ'માં કહ્યું છે કે**—અંગનો ઉત્પાત (વત્તા ઓછાપણું) ઘા, લાંછન (લાખું), તિલક (લાલ કે કાળો મસ, ચાંદા, સ્પર્શન) (ગીલોડી, કાચંડા વગેરેનો સ્પર્શ) સ્ફૂરણ વગેરે પુરુષોને જમણા અંગમાં હોય તો શુભફળ આપે છે. ૭

वामभ्रुवां पुनर्वामे स्त्र्यंशकस्य नरस्य च ।
घातो दक्षिणके कैश्चिन्नरस्याङ्गे शुभोमतः ॥ ८ ॥

સ્ત્રીઓ તથા હિજડાઓને ડાબા અંગમાં હોય તો શુભફળ આપે છે.

કેટલાક આચાર્યોએ પુરુષના જમણા અંગમાં જખમ હોય તો તેને પણ શુભ માન્યો છે. ૮

स्त्र्यंशत्वाद्बालकस्यापि सुभगस्य विलोक्यते ।
वामहस्तात्फलं पंचदश वर्षाणि किंचन ॥ ९ ॥

બાળકોની ગણત્રી નપુંસક જેવી હોઈ તેમને જ્યાં સુધી ૧૫ વર્ષ પુરાં ન થાય ત્યાં સુધી તેમનો ડાબો હાથ જોવો. ૯

श्लाघ्यउष्णारूणोऽछिद्रोऽस्वेदः स्निग्धश्चमांसलः ।
श्लक्ष्णस्ताम्रनखोदीर्घाङ्गुलिकोविपुलः करः ॥ १० ॥

**શુભફળ આપનાર હાથનું લક્ષણ**—ગરમ, લાલાશ પર, (આંગળીઓમાં) છિદ્રરહિત, પરસેવા રહિત, ચિકટો માંસલ, ચકચકતો, લાલ નખવાળો, લાંબી આંગળીઓવાળો અને મોટા પંજાવાળો હાથ વખાણવા યોગ્ય છે. ૧૦

पाणिमूलं दृढं गूढं श्लाघ्यं सुश्लिष्ट संधिकम् ।
श्लथं सशब्दं हीनं च निर्धनत्वादि दुःखदम् ॥ ११ ॥

**મણિબંધ લક્ષણ**—જો મણિબંધ (કાંડુ) દૃઢ, ભરાઉ, અને બરાબર બંધબેસતા સાંધાવાળું હોય તે શ્રેષ્ઠ છે. અને ઢીલું, અવાજ કરતું (ટચાકા બોલે તેવું હલાવવાથી અવાજ કરતું), સંકુચિત કાંડું દરિદ્રતા વગેરે દુઃખો આપે છે. ૧૧

धनी पाणितले रक्ते नीले मद्यं पिबेन्नरः ।
अगम्यागमनः पीते कश्मले धनवर्जितः ॥ १२ ॥

**હથેલીનું લક્ષણ**—જો હથેલીનો રંગ લાલ હોય તો ધનવાન થાય, શ્યામ હોય તો દારૂ પીનાર થાય, પીળો હોય તો અગમ્યાગમન કરનાર દુરાચારી અને ભૂખરો હોય તો ધનહીન પુરુષ થાય છે. ૧૨

दातोन्नते करतले निम्ने न स्यात्पितुर्धनम् ।
धनी निम्ने च संवृत्ते निर्धनो विषमे पुमान् ॥ १३ ॥

હથેલી ફૂલેલી હોય તો દાતા થાય, અને બેસી ગએલી હોય તો બાપનું ધન ન મળે, જો ચારે બાજુ ફૂલવાથી વચ્ચે ખાડાવાળી હથેલી હોય તો ધનવાન થાય. અને અસ્તવ્યસ્ત હથેલીવાળો પુરુષ નિર્ધન થાય છે. ૧૩

यदाहप्रकरणकारः—फुदिआ अगूढपुष्पा विरलंगुलि विसमपव्व संयुता ।
निम्मं सा कठिण तेला परकम्म परानराहुंति ॥ १४ ॥

**'કરરેહા' પ્રકરણના અંતે**—ફાટેલી ચામડીવાળી, હાડકાં તરી આવતી માંસ વગરની અને કાંડાની આંખ (બાજુના હાડકાનો છેડો) તરી આવે તેવી, આંગળીઓમાં એકી સંખ્યાના વેઢાવાળી, અને કઠોર ચામડીવાળી હથેલી હોય તો નોકરવૃત્તિ (બીજાનો સેવક, ચાકર)થી જીવનાર મનુષ્ય બને છે. ૧૪

करपृष्ठं सुवीस्तीर्णं पीनं स्निग्धं समुन्नतम् ।
श्लाघ्यं गूढशिरं नृणां फलभृत्फलसन्निभम् ॥ १५ ॥

**હથેલીની પીઠ**—જો કરપૃષ્ઠ પહોળું, માંસલ, સરસ તેજસ્વી ચામડીવાળું ઉન્નત, અને જેની નસો અંદરની બાજુ દબાઈ ગએલી હોય તેવું હોય, તેમજ સાપની ફેણુ જેવું દેખાવમાં સુંદર હોય તો તે શ્રેષ્ઠ છે. ૧૫

विवर्णं परुषं रूक्षं रोमशं मांस वर्जितम् ।
मणिबंधसमं निम्नं न श्रेष्ठं करपृष्ठकम् ॥ १६ ॥

રંગહીન, બેડોળ, કઠોર, વાળવાળું, માંસહીન અને મણિબંધની માફક નીચું વળી ગએલું હોય તો તે અશુભફળ આપનાર છે. ૧૬

हस्तपृष्ठं सर्पफणाकारं रोमविवर्जितम् ।
श्रेष्ठं मांसलमुच्चाङ्गं मणिबंधाङ्कितं शुभम् ॥ १७ ॥

**સંમતિદર્શક 'હસ્તબિંબ' નામના ગ્રંથના ક શ્લોક છે**—હસ્તપૃષ્ઠ જો સાપની ફણા જેવું, રૂંવાટાં રહિત, માંસલ, ઉન્નત, અને મણિબંધવાળું હોય તો શ્રેષ્ઠ છે. ૧૭

अकर्मकठिनं पाणितलं मध्ये तदुन्नतम् ।
दानिनां कृपणानां तु भवेदत्यन्तनिम्नगम् ॥ १८ ॥

કામ ન કરવા છતાં કઠિન, અને વચ્ચેથી ઉન્નત હથેલી દાની પુરુષોને હોય છે. અને કૃપણોને વચ્ચેથી ઘણી જ બેસી ગએલી ચપટી હોય છે. ૧૮

तलं वक्रं तथा ह्रस्वमतिदीर्घं च नो शुभम् ।
रेखाभ्रमरचक्राङ्काः सूक्ष्माअस्फुटिताः शुभाः ॥ १९ ॥

હથેલી જો ટુંકી, વાંકીચુંકી તેમજ ઘણી પહોળી હોય તો તે શુભ નથી. પરંતુ જો રેખાઓ, ભમરીઓ અને ચક્રાદિ ચિન્હોવાળી માપસરની અને ફાટયા વગરની હથેલી હોય તો તે શુભ છે. ૧૯

दीर्घनिर्मांसपर्वाणः सूक्ष्मादीर्घाः सुकोमलाः ।
सुघनाः सरलावृत्ताः स्त्रीन्नरंगुलयः श्रिये ॥ २० ॥

**આંગળીઓનું લક્ષણ**—માંસ રહિત લાંબા વેઢાઓવાળી, પાતલી, લાંબી, કોમળ, પાસે પાસે આવી ગએલી, સીધી, ગોળ આંગળી સ્ત્રી તથા પુરુષને લક્ષ્મી આપનારી હોય છે. વચ્ચે જગ્યાવાળી, સુકી, જાડી, વાંકી આંગળીઓ દરિદ્રતા આપે છે. ૨૦

यच्छन्ति विरलाःशुष्काः स्थूलावक्रादरिद्रिताम् ।
शस्त्रघातो बहिर्निम्ना श्रेष्ठत्वं चिपिटाश्रताः ॥ २१ ॥

બહાર નમી જતી આંગળીઓ શસ્ત્રઘાત કરાવે છે. અને જો ચપટી આંગળીઓ હોય તો મનુષ્ય ચાકર બને છે. ૨૧

विरलंगुलि धन रहिओ धण संचइ डोपणंगुलि होइ ।
निमंसंगुलि पव्वो सधनो विसमंगुली अधणो ॥ २२ ॥

**કરરેહા પ્રકરણકારની સંમતિ**—પહોળી (વચ્ચે જગ્યાવાળી) આંગળીઓ હોય તો ધનહીન થાય. પાસે પાસે આવેલી આંગળીઓ હોય તો ધનવાન થાય. માંસ રહિત પર્વવાળી આંગળીઓવાળા ધનવાન થાય છે. અને વિષમ અંગુલીઓવાળા ધનહીન થાય છે. ૨૨

श्लिष्टान्यङ्गुलिमध्यानि द्रव्यसंचयहेतवे ।
तानि चेच्छिद्रयुक्तानि त्यागशीलयुतोनरः ॥ २३ ॥

**'વિવેકવિલાસ'માં પણ કહ્યું છે કે**—જો આંગળીઓની વચ્ચે જગ્યા ન હોય તો દ્રવ્ય સંચય થાય. અને જો વચ્ચે છિદ્ર હોય તો સમજવું કે તે પુરુષ ધનત્યાગ કરવાની વૃત્તિવાળો હોય છે. ૨૩

तर्जनीमध्यमारंध्रे मध्यमानामिकान्तरे ।
अनामिकाकनिष्टान्तः छिद्रे सति यथाक्रमम् ॥ २४ ॥
जन्मतः प्रथमेंशे वा द्वितीये च तृतीयके ।
भोजनावसरे दुःखं केप्याहुः श्रीमतामपि ॥ २५ ॥

જો તર્જની અને મધ્યમાના વચ્ચે અંતર હોય તો તેમજ મધ્યમા તથા અનામિકા અને અનામિકા તથા કનિષ્ઠિકા વચ્ચે અંતર હોય તો અનુક્રમે પહેલી વચલી અને છેલ્લી અવસ્થામાં ધન સંબંધી દુઃખ પડે છે.

અહીં એક વાત વિશેષ સમજવાની છે કે જો કદાચ બીજાના (માતા પિતા કે ભાઈ ભાંડું ગમે તેના) ભાગ્યના બલે કરી ધનસંપત્તિ હોય છતાં ઉપર કહેલા યોગવાળાની તે અવસ્થા દુઃખવાળી જાય છે. અને તે દુઃખ ખાવાપીવા સંબંધી બાબતોમાં કલહ, પ્રતિકૂળતા વગેરે કારણો રૂપ માલુમ પડે છે. એટલા માટે પાઠ મૂકયો છે કે **भोजनावसरे दुःखं केऽप्याहुः श्रीमतामपि** ॥ ૨૪-૨૫

बालत्तणंमि जाणसुतज्जाणि आमज्जिमंत्तर धणंम्मि ।
अछिद्दे सुपणेसुपव्वेसु सया सुही होइ ॥ २६ ॥

पावइपच्छासुहं कणिढियाणामियंतर धणम्मि ।
अछिदेसु घणेसुय पवेसु सयासुही होई ॥ २७ ॥

'કરરેહા' પ્રકરણકારની સંમતિ—જો તર્જની અને મધ્યમા વચ્ચે અંતર ન હોય તો બાલ્યાવસ્થામાં ધનનું સુખ હોય છે. મધ્યમા અને અનામિકા વચ્ચે અંતર ન હોય તો તરૂણાવસ્થામાં ધનનું સુખ હોય અને અનામિકા તથા કનિષ્ઠિકા વચ્ચે અંતર ન હોય તો વૃદ્ધાવસ્થામાં ધનનું સુખ મળે. ૨૬–૨૭

अनामिकान्त्यरेखायाः कनिष्ठा स्याद्यदाधिका ।
धनवृद्धिस्तदा पुंसां मातृपक्षोबहुस्तथा ॥ २८ ॥

આંગળીઓની લંબાઈ વિષે—જો અનામિકાના ત્રીજા (ઉપરના) પર્વ કરતાં કનિષ્ઠિકા લાંબી હોય તો ધનની વૃદ્ધિ થાય છે. તેમજ મોસાળ પક્ષમાં સારી મનુષ્યવૃદ્ધિ હોય છે. ૨૮

मध्यमाप्रान्तरेखाया अधिका यदि तर्जनी ।
प्रचुरस्तु पितुःपक्षः श्रियश्च विपदोऽन्यथा ॥ २९ ॥

જો મધ્યમાના ત્રીજા વેઢા કરતાં તર્જની લાંબી હોય તો ધનનું સુખ મળે છે. અને પિતાનું કુટુંબ મોટું હોય છે. જો આમ ન હોય તો દુઃખ પડે છે. ૨૯

अङ्गुष्ठस्याङ्गुलीनां च यच्यूनाधिकता भवेत् ।
धनैर्धान्यैस्तदा हीनोनरःस्यादायुषापि च ॥ ३० ॥

જો અંગુઠા કે આંગળીઓ વધારે કે ઓછી ( પાંચથી વધારે કે ઓછી ) હોય તો મનુષ્ય ધનધાન્ય હીન થાય, અને તેનું આયુષ્ય પણ ટુંકું હોય છે. ૩૦

मध्यमायां तु दीर्घायां भार्याहानिर्विनिर्दिशेत् ।
अनामिकायां दीर्घायां विद्याभोगी भवेन्नरः ॥ ३१ ॥

જો મધ્યમા એ હોય તો સ્ત્રીની હાની થાય છે. બે ત્રણ લગ્ન કરવા છતાં સ્ત્રી જીવતી નથી. જો અનામિકા એવડી હોય તો મનુષ્ય વિદ્યાભોગી બને છે. ૩૧

अपर्वे यस्य पर्वाणि दृश्यंतेऽङ्गुलिपर्वसु ।
सरक्तांगुलयो ये च ते सर्वे चिरजीविनः ॥ ३२ ॥

જો આંગલીઓનાં પર્વ જ્યાં ન હોવા જોઈએ ત્યાં પણ ( વેઢાઓની વચ્ચે ) હોય, તેમજ આંગળીઓ લાલ દેખાતી હોય તો મનુષ્ય દીર્ઘજીવી બને છે. ૩૨

यस्य हस्तपदे दीर्घोङ्गुलयोमिलिताथवा ।
सपुमान् विरही नित्यं ह्रस्वाङ्गुल्योदरिद्रता ॥ ३३ ॥

જેમના હાથ કે પગમાં વાસ્તવિક કરતાં વત્તી આંગળીઓ હોય છે તેઓ સ્ત્રીનો વિયોગ પામે છે. તેમજ જેમની આંગળીઓ એક બીજા સાથે મળેલી ( ચોંટી ગએલી ) હોય તેઓ પણ સ્ત્રીનો વિયોગ ભોગવે છે. અને જો ઓછી આંગળીઓ હોય તો દરિદ્રતા થાય છે. ૩૩

अनामिकापर्व यदा विलङ्घते कनीनिका वर्षशतं सजीवति ।
नवत्यशीतिर्विगमे च सप्ततिः समानभावे खलुषष्ठिजीवितम् ॥३४॥

**આંગળીઓ ઉપરથી આયુર્દામાન**—જો ટચલી આંગળી અનામિકાના ત્રીજા પર્વ કરતાં વધારે હોય તો ૭૦, ૮૦, ૯૦ અને ૧૦૦ વર્ષ જીવે છે. અને જો સમાન હોય તો ૬૦ વર્ષ મનુષ્ય જીવે છે. ૩૪

तारा स्याद्भगवत्याश्चेदधिका पंचभिर्यवैः ।
तृतीयपर्वणस्तर्हि शतं वर्षाणि जीवितम् ॥ ३५ ॥
चतुर्भिर्नवतीरामैरशीतिः सप्ततिर्द्वये ।
समत्वे षष्ठिवर्षाणि हीने हीनत्वमाप्नुयात् ॥ ३६ ॥

જો ટચલી આંગળી અનામિકાના ત્રીજા પર્વથી બે આડા જવ ( એક બીજાનાં પેટ અડે તેવી રીતે ગોઠવેલા ) વધારે હોય તો ૭૦ વર્ષ. ૩ વધારે હોય તો ૮૦ વર્ષ, ચાર વધારે હોય તો ૯૦ વર્ષ, અને ૫ યવ વધારે હોય તો ૧૦૦ વર્ષ જીવે છે. ૩૫–૩૬

पंचाशदेक यवतश्चत्वारिंशद्यवद्वये ।
यवैस्त्रिभिर्न्यूनतायां त्रिंशद्वेदैश्च विंशतिः ॥ ३७ ॥

જો ટચલી આંગળી અનામિકાના ત્રીજા પર્વથી એક યવ ઓછી હોય ૫૦ વર્ષ, બે યવ જેટલી ઓછી હોય તો ૪૦ વર્ષ. ત્રણ યવ જેટલી ટુંકી હોય તો ૩૦ વર્ષ અને ચાર યવ જેટલી ઓછી હોય તો ૨૦ વર્ષ જીવે. ૩૭

पंचभिर्दशवर्षाणीत्येवं निर्णयमायुषि ।
ललाटे शतवर्षाणि रेखापंचकतोवदेत् ॥ ३८ ॥

જો પાંચ યવ ઓછી હોય તો ૧૦ વર્ષ. આ પ્રમાણે આયુષ્યનો નિર્ણય છે.

**કપાળથી આયુર્દા**—જો લલાટની અંદર પાંચ રેખાઓ હોય તો સો વર્ષનું આયુર્દા હોય છે. ૩૮

मणिबन्धे यवश्रेण्यास्तिस्त्रश्चेन्नृपतिर्भवेत् ।
यदि ताः पाणिपृष्ठेऽपि ततोऽधिकतरं फलम् ॥ ३९ ॥

મણિબંધનું ફળ—જો મણિબંધમાં ત્રણ યવશ્રેણી હોય. અર્થાત્ ત્રણ મણિબંધ હોય તો રાજા થાય. જો આ મણિબંધ પોંચીના આખા ભાગને વલયની માફક વિંટાઈ વળતા હોય તો વધારે શુભ ફળ આપે છે. ૩૯

द्वाभ्यां च यवमालाभ्यां राजमंत्री धनी बुधः ।
एकया यवपंक्त्या तु श्रेष्ठी बहुधनार्जितः ॥ ४० ॥

જો બે મણિબંધ હોય તો રાજમંત્રી, ધનવાન અને પંડિત થાય છે.
એક મણિબંધ હોય તો ધનવાન શેઠ થાય છે. ૪૦

धन कनककण पररत्नणपव्वुतो मणिबंधे जस्सातिनरेहाऊ ।
आभरण विहभोगो पच्छाभरं च सोलहइ ॥ ४१ ॥

'કરરેખા' પ્રકરણ નામના ગ્રંથની સંમતિ—જેના મણિબંધમાં ત્રણ રેખાઓ હોય છે તેઓ ધન, કનક અને રત્નથી યુક્ત હોય છે. વિવિધ પ્રકારનાં આભરણોના ભોક્તા થઈ પાછળ પણ કલ્યાણ જોતા જાય છે. ૪૧

रत्नाकरादुगोत्ररेखा करभाद्धनतेजसोः ।
एता रेखा यान्ति तिस्नस्तर्जन्यङ्गुष्ठकान्तरे ॥ ४२ ॥
रेखास्तिस्रोऽप्यमी येषां सम्पूर्णादोषवर्जिताः ।
गोत्रे धने जीविते च तेषां वृद्धिर्न संशयः ॥ ४३ ॥
हस्तरेखात्रयं चैतद्विश्वत्रयमुदाहृतम् ।
पितृरेखोर्ध्वलोकः स्यान्मातृरेखा च मानवी ॥४४॥
पातालमायूरेखा स्यादेता दक्षिणहस्तगाः ।
धातुर्मूलं तथा जीवं वामे चैता विपर्ययात् ॥ ४५ ॥

હવે રેખાઓનું ફળ કહે છે—રત્નાકર એટલે મણિબંધમાંથી ગોત્રરેખા નીકળે છે. અને કરભ ( ટચલી આંગળીના મૂળથી આરંભી પોંચા સુધીનો હથેળીનો ભાગ )માંથી ધન અને તેજની રેખાઓ નીકળે છે. આ ત્રણે રેખાઓ તર્જની ( પહેલી આંગળી ) તથા અંગુઠાની વચ્ચેના ભાગ ભણી જાય છે. ૪૨

જેઓને આ ત્રણે રેખાઓ સંપૂર્ણ દોષ વગરની હોય છે, તેઓને ગોત્ર, ધન અને આયુષ્યની વૃદ્ધિ હોય છે. એમાં સંશય છે જ નહિ. ૪૩

આ ત્રણ રેખાઓ ત્રણ જગત છે. જેમકે પિતૃરેખા સ્વર્ગલોક છે, અને માતૃરેખા મનુષ્યલોક છે. ૪૪

આયુરેખા એ પાતાલલોક છે. જમણા હાથમાં આ રેખાઓ અનુક્રમે ધાતુ, મૂળ અને જીવની દ્યોતક છે. અને ડાબા હાથમાં તેનાથી ઉલટું એટલે જીવ, મૂળ તથા ધાતુ રૂપે છે. ૪૫

**ब्रह्मा विष्णुः शिवश्चासां क्रमात्तत्वाधिनायकाः ।**
**चतुर्दिक्षु तलस्याधः शक्राद्या अधिपा दिशाम् ॥ ४६ ॥**
**पितृरेखा बाल्यवयस्तारूण्यं मातृरेखिका ।**
**वार्द्धक्यमायूरेखायां वायुः पित्तं कफस्तथा ॥ ४७ ॥**
**चरस्थिरद्विस्वभावाः पुंस्त्रीनपुंसकाभिधाः ।**
**नभस्थलांबुचारिण्यः सत्वं रजस्तमः क्रमात् ॥ ४८ ॥**

આ રેખાઓના બ્રહ્મા, વિષ્ણુ અને શિવ દેવતાઓ છે. અને હથેલીની ચારે બાજુઓ અનુક્રમે શક્રાદિ દેવતાઓ વાળી છે. ૪૬

પિતૃરેખા બાલ્યવય છે, માતૃરેખા તરૂણાવસ્થા છે. અને આયુરેખા વૃદ્ધાવસ્થા છે, વળી તે ત્રણે રેખાઓ અનુક્રમે વાયુ, પિત્ત અને કફ છે. ૪૭

ચર, સ્થિર તથા દ્વિસ્વભાવ એવી સંજ્ઞા પણ તેમની અનુક્રમે છે. પુરુષ, સ્રી તથા નપુંસક એમ પણ છે. આકાશ, જમીન અને જળ તથા સત્વ, રજ અને તમઃ એમ ત્રણ ગુણો પણ તે જ છે. ૪૮

**यस्याः प्राधान्यमेतासु तस्यारूपं निरूप्यते ।**
**जीवस्यागमनं वामे गमनं दक्षिणे करे ॥ ४९ ॥**

આ ત્રણમાંથી જેનું પ્રાધાન્ય હોય તેવું મનુષ્યનુ રૂપ આદિ સમજવું. તેમજ ડાબા હાથમાં જેનું પ્રાધાન્ય હોય તે લોકમાંથી આગમન અને જમણા હાથમાં જેનું પ્રાધાન્ય હોય તે લોકમાં ગમન થશે એમ જાણવું. ૪૯

**एवं चराचरं ज्ञेयं रेखाभिः संप्रकाश्यते ।**
**भूतं भविष्यं वर्त्तमानं दीपिकाभिर्गृहं यथा ॥ ५० ॥**

જેવી રીતે દીવી વડે ઘરની દરેક વસ્તુઓ દેખાઈ આવે છે. તેમ આ રેખાઓ વડે ભૂત, ભવિષ્ય વર્તમાન વગેરે બધું જ ચરાચર સમજી શકાય છે. ૫૦

**पावई लाहालाहं सुख दुःखं जीवितं च मरणं च ।**
**रेहाभि जीवलो पुरुसो महिला जयं च विजयं च ॥ ५१ ॥**

आउं पुत्तं च धणं कुलवंसं देह धम्म सम्पत्ती ।
पुव्व भव संचिआणं पुन्नाणकं हंति रेहाओ ॥ ५२ ॥
सूक्ष्माःस्निग्धाश्च गंभीराः प्रलंबामधुपिङ्गलाः ।
अव्यावृत्तागतच्छेदाः कररेखाःशुभानृणाम् ॥ ५३ ॥
त्यागाय रक्तागंभीराःसुखाय मधुपिङ्गलाः ।
सूक्ष्माःश्रिये भवेयुस्ताः सौभाग्याय समूलकाः ॥ ५४ ॥
छिन्नाःसपल्लवारूक्षाविषमस्थानकच्युताः ।
विवर्णाःस्फुटितारुक्षानीलास्तन्व्यश्च नोत्तमाः ॥ ५५ ॥

'કરરેહા' પ્રકરણનું સંમતિ વાક્ય—આ રેખાઓ વડે પુરુષ અને સ્ત્રી લાભાલાભ, સુખદુઃખ, જીવન મરણ અને જયવિજય પ્રાપ્ત કરે છે. ૫૧

આયુષ, પુત્ર, ધન, કુલ, વંશ, દેહ, ધાન્ય, સંપત્તિ, પૂર્વભવનું સંચિત પુણ્ય વગેરે રેખા કહે છે. ૫૨

**રેખાના સામાન્ય રીતે ગુણદોષ**—જે રેખાઓ સૂક્ષ્મ (પાતળી) સ્નિગ્ધ (સોહામણી પાણીદાર), ગંભીર, લાંબી અને મધ જેવા પીળાશ મારતા રંગની હોય છે, તેમજ વગર ગુંચવાએલી, વગર છેદાએલી હોય છે, તે શુભ ફળ આપે છે. ૫૩

**રંગ પરત્વે ફળ**—લાલ રંગની અને ગંભીર રેખાઓ ત્યાગ માટે, મધ જેવી પીળચટી સુખ માટે, સૂક્ષ્મ લક્ષ્મી માટે અને પાંખીઆંવાળી સૌભાગ્ય માટે હોય છે. ૫૪

છિન્નભિન્ન, પલ્લવોવાળી, બેડોળ, અસ્તવ્યસ્ત પોતાના સ્થાનથી ભ્રષ્ટ થએલી, રંગરહિત, ફાટેલી, બહુ જ ઝીણી અને શ્યામરંગની રેખાઓ ઉત્તમ ગણાતી નથી. ૫૫

क्लेशं सपल्लवा रेखा छिन्ना जीवितसंशयम् ।
कदन्नं परुषा द्रव्यविनाशं विषमार्पयेत् ॥ ५६ ॥
रेखाभिर्बहुभिः क्लेशः स्वल्पाभिर्धनहीनता ।
रेखाचतुष्टयाद्यस्य वक्रारेखा दरिद्रता ॥ ५७ ॥

પાંખડાંવાળી રેખાઓ કલેશ આપે છે, તૂટેલી રેખાઓ આયુર્દા માટે સંશય ઊભો કરે છે, વિષમ (સ્થાન ભ્રષ્ટ) રેખાઓ ખરાબ અન્ન, ધન નાશ તથા ઝેર આપે છે. ૫૬

**રેખાઓની મર્યાદા કહે છે**—ચાર કે પાંચથી બહુ રેખાઓ હોય તો કલેશ થાય, અને થોડી હોય તો ધનહીન થાય. અતિશય રેખાઓ હોય તો દારિદ્રય આપે છે. ૫૭

वरपउमयत्त सरिआ अछिन्ना मंसलाय संपुन्ना ।
ससणिद्धरत्तरेहा धणकणयपणिछया हत्थे ॥ ५८ ॥
पल्लवियाय छिन्ना विसम विवन्नाय निंदिआरेहा ।
हालिद् स्फुटिय विवन्तनीला रूखाय अइतणुया ॥ ५९ ॥
पल्लविये सुकिलेशो छिन्नासु पाव महादुःख ।
विरला विवंधण धम्मं नछि विसमासु ॥ ६० ॥
हलिद्दा सुपचोरघणं फुदिअ विवन्ना सुबंधनं मुदयं ।
नीलासु परूसासु ससोगोय समाहिं बहुभोगो ॥ ६१ ॥
मुख्यारेखाइमास्तिस्रः सहिताऊर्ध्वरेखया ।
रेखाचतुष्टयमिदं प्रकीर्णकमतः परम् ॥ ६२ ॥
विज्जकुल धण रूवरेहातियं आउहरेहा ।
पंचवि रेहाओ करे जणस्स जयंति पुव्वकयं ॥ ६३ ॥

**'કરરેહા' પ્રકરણુની સંમતિ**—જે લોકો ધનધાન્યથી પૂર્ણ હોય છે તેમના હાથની હથેલી માંસલ હોય છે. અને રેખાઓ પદ્મપત્રની શિરાઓની માફક સોહામણી અને પ્રમાણુસર હોય છે. ૫૮

છિન્નભિન્ન, પાંખડાંવાળી, અસ્તવ્યસ્ત તથા રંગહીન રેખાઓ નિંદાપાત્ર છે. ૫૯

છેદવાળી રેખાઓથી હાથમાં ધન રહેતું નથી, થોડી હોય તો ખરાબ માર્ગે અથવા અનિચ્છનીય રીતે ધનનો વ્યય થઈ જાય છે. જો અસ્તવ્યસ્ત હોય તો અથવા વાંકી ચુંકી હોય તો ધન મળતું જ નથી. ૬૦

હળદર જેવી પીળી હોય તો ચોરીથી ધન મળે છે. ફાટેલી અને રંગહીન અથવા શ્યામ હોય તો મનુષ્ય કારાગારમાં પડે છે. વળી શ્યામ, બેડોળ રેખાઓ હોય તો શોક કરાવે છે. જો શ્યામ પરંતુ સીધી રેખાઓ હોય તો મનુષ્ય અતિશય ભોગી બની જાય છે. ૬૧

**રેખાઓનો સામાન્ય નિયમ**—ઉર્ધ્વ રેખાની સાથે આ ત્રણ રેખાઓ જ મુખ્ય રીતે છે. અને આ ચાર રેખાઓમાં જ બધું વ્યાપ્ત (ફેલાએલું) છે. ૬૨

**'કરરેહા' પ્રકરણુની સંમતિ**—વિદ્યા, કુલ, ધન એ ત્રણ રેખાઓ તથા આયુરેખા અને ધનરેખા એમ પાંચ રેખાઓ, મનુષ્યનું પૂર્વજન્મનું શુભાશુભ કર્મ સૂચવે છે. ૬૩

अरेखं बहुरेखं वा येषां पाणितलं नृणाम् ।
ते स्युरल्पायुषोनिस्वाः दुःखितानात्र संशयः ॥ ६४ ॥

જેનો હાથ રેખાઓ વગરનો અથવા બહુ રેખાઓ વાળો હોય છે, તે જરૂર અલ્પાયુ, અને દુ:ખી હોય છે. ૬૪

यावदङ्गुलयःप्राप्ता मूलाज्जीवितरेखिका ।
तावन्तः शरदाज्ञेयाः पंचविंशतिसंख्यया ॥ ६५ ॥

આયુરેખાનું વર્ણન—પોતાના મૂળથી નીકળી જેટલી આંગળીઓ વટાવી આયુરેખા આગળ ગઈ હોય તેટલા પ્રમાણનું આયુષ્ય જાણવું. દરેક આંગળીનું પચીશ વર્ષ આયુ: પ્રમાણ સમજવાનું છે. ૬૫

कालहानिनयापेक्षे ज्ञेया विंशतयोऽपि च ।
आयूरेखास्वरूपाच्च अल्पमृत्युर्विचार्यते ॥ ६६ ॥

દેશકાળના બળ પ્રમાણે પ્રત્યેક આંગળીનું આયુષ્ય હાલમાં ૨૦ વર્ષ ગણવાનું છે.

અથવા આયુરેખાનું સ્વરૂપ વિચારી તેના લાંબા ટુંકા પ્રમાણે આંગળીના આયુર્દાનું પ્રમાણ મૂકી શકાય છે. ૬૬

हस्तचिन्हं प्रवक्ष्यामि गुरूक्तं श्रद्धयान्वितम् ।
लक्षणैर्ज्ञायते सर्वं जीवितं च शुभाशुभम् ॥ ६७ ॥

'હસ્તચિહ્ન' સૂત્રનો આરંભ—ગુરુએ કરેલું હસ્તચિન્હ (શાસ્ત્ર) શ્રદ્ધા સહિત કહું છું. લક્ષણોથી જલદી શુભાશુભ તથા આયુર્દા જાણી શકાય છે. ૬૭

आयूरेखा च तर्जन्यां तस्याष्टशतमायुषः ।
विद्धा रेखा भवेद्यस्य वक्ष्यते तस्य लक्षणम् ॥ ६८ ॥
वामे वामेऽत्र वेधेन जले मृत्युं समादिशेत् ।
रेखा सरल वेधेन शस्त्रेण मृत्युमादिशेत् ॥ ६९ ॥
दक्षिणे दक्षिणे वेधे वन्हिसर्पभयान्मृतिः ।
वामदक्षिणपार्श्वस्थाद्वेधान्मृत्युर्महारुजः ॥ ७० ॥

આયુરેખા જો તર્જનીને અડકી હોય તો ૧૦૮ વર્ષનું આયુર્દા જાણવું. આયુરેખા વેધાએલી છે કે કેમ તે જાણી લેવું જોઈએ, કારણ તેનું પણ ફળ છે. ૧૮

**વેધના ત્રણ પ્રકાર અને ફળ**—જો વીમ વામ વેધ હોય તો જલમાં મૃત્યુ થાય અને સરલ રેખાનો વેધ હોય તો શસ્ત્રથી મૃત્યુ થાય. ૬૯

દક્ષિણ દક્ષિણ વેધ હોય તો અગ્નિ અને સાપના ભયથી ( તે દ્વારા ) મૃત્યુ થાય છે, જો વામ, દક્ષિણ અને પાર્શ્વ ત્રણે પ્રકારનો વેધ હોય તો મોટી બીમારીથી મૃત્યુ થાય છે. ૭૦

धनरेखा यस्य दीर्घा तस्य धनं महाद्भुतम् ।
भिन्ना रेखा भवेच्छिन्नं द्रव्यव्ययसमाकुलम् ॥ ७१ ॥
न तिष्ठति चिरं कालं त्रिशूलस्थानरेखया ।
मध्ये त्रिशूलं दुर्द्रव्यं छलछद्मादिसंभवम् ॥ ७२ ॥

**ધનવિચાર**—જેની ધનરેખા લાંબી હોય તેને મહા અદ્‌ભુત પ્રકારનું ધન હોય છે. જો આ રેખા વેધાએલી હોય તો દ્રવ્યનો વ્યય થયા કરે છે. ૭૧

જો ત્રિશૂલના સ્થાનવાળી રેખા હોય તો લાંબા વખત સુધી ધન ટકતું નથી. અને જો રેખાના મધ્યમાં ત્રિશૂલ હોય તો તે ધન છેતરપીંડીદ્વારા નાશ પામે છે. ૭૨

मध्याङ्गुलिमूलगता धर्मरेखा निवेदिता ।
वज्ररेखा भवेद्यस्य स श्रद्धा धार्मिकोहि सः ॥ ७३ ॥
वज्रं अनामिका मूले तत्प्रतिष्ठाविधायकम् ।
तस्मिन्भिन्ने भवेद्भेदो मध्यरेखात्र मध्यमा ॥ ७४ ॥

**ધર્મરેખા**—મધ્યમા આંગળીના મૂળમાંથી જે રેખા નીકળી હોય તેને ધર્મ-રેખા કહે છે. આને ચન્દ્ર રેખા પણ કહે છે. જેના હાથમાં આ રેખા હોય તે શ્રદ્ધાવાળો અને ધાર્મિક થાય છે. ૭૩

જો આ વજ્રરેખા અનામિકાના મૂળમાં પડી હોય તો તે માનસન્માન પ્રતિષ્ઠાની પ્રાપ્તિ કરાવે છે. જો આ રેખા છેદાએલી હોય તો તે બાબતોમાં વિઘ્ન આવે છે. જો મધ્યમ પ્રકારની વજ્રરેખા હોય તો મધ્યમ પ્રકારનું માનસન્માન મળે છે. ૭૪

अङ्गुष्ठादेः शत्रुहांते दैवतस्यालयं भवेत् ।
लक्षणं तस्य वक्ष्यामि मृत्युर्येनेह बोध्यते ॥ ७५ ॥
तस्य मध्योन्नता रेखा विदग्धैर्ज्ञायते सदा ।
हस्ताशुरेको द्वाभ्यां च त्रिभिः सह मृतिर्जने ॥ ७६ ॥
रेखाभिस्तिसृभिर्नृणां जले मृत्युश्च नान्यथा ।
चतुर्थ्या रेखया शत्रुरोगमध्ये मृतिर्भवेत् ॥ ७७ ॥

**મૃત્યુરેખા**--અંગુઠાથી લઈ તર્જની સુધીમાં દેવતાનું સ્થાન છે. અર્થાત્ સ્વર્ગ છે. તેનું લક્ષણ કહીએ છીએ જેથી મૃત્યુનો બોધ થાય. ૭૫

આ દેવતાલયમાં (ત્રિવેણી સંગમની) ઉપર અને તર્જનીના મૂળની નીચેના ભાગમાં જો એક ઉન્નત રેખા હોય તો મનુષ્યનું એકલાનું (એક સમયમાં એકી સાથે) મૃત્યુ થાય છે. જો બે રેખાઓ હોય તો બે જણનું મૃત્યુ થાય છે. અર્થાત્ બહુ રેખાઓ હોય તો બહુ જણનું સાથે મૃત્યુ થાય છે. ૭૬

જો તે સ્થાને ત્રણ રેખાઓ હોય તો જલમાં મૃત્યુ થાય છે. જો ચાર રેખાઓ હોય તો રણમેદાનમાં મૃત્યુ થાય છે. ૭૭

**अङ्गुष्ठोर्ध्वं यवः पूर्णः सदा पुंसां यशस्करः ।**
**मध्यवेधे भवेदर्धं पञ्चाशद्वर्षतः परम् ॥ ७८ ॥**
**करादौ दृश्यते रेखा लक्ष्मीसौभाग्यदायिनी ।**
**तस्याग्रे शृंखला यस्य रूपवान् धनसंयुतः ॥ ७९ ॥**
**यवैरङ्गुष्ठमध्यस्थैर्विद्याख्यातिविभूतयः ।**
**शुक्लपक्षे तदाजन्म वामाङ्गुष्ठे तु रात्रिकम् ॥ ८० ॥**

**યશ અને ભાગ્યરેખા**--જો અંગુઠાના ઉર્ધ્વભાગમાં પૂર્ણ યવ હોય તો મનુષ્યને સદાકાળ યશ આપે છે. જો તે યવ મધ્યમાં વેધાએલો હોય તો અર્ધું ફળ મળે છે અને તે ૫૦ વર્ષની ઉંમર પછી મળે છે. ૭૮

હથેળીના મૂળમાં એટલે કે મણિબંધમાં જે રેખા દેખાય છે તે લક્ષ્મી અને સૌભાગ્યને આપનારી રેખા છે. આ રેખાની આગળ અર્થાત મણિબંધની ઉપર સાંકળી જેવી રેખા હોય છે તો રૂપ અને ધનની પ્રાપ્તિ થાય છે. ૭૯

અંગુઠાના મધ્યમાં યવ હોય તો વિદ્યાખ્યાતિ અને વિભૂતિની પ્રાપ્તિ થાય છે. તેમજ શુકલ પક્ષમાં જન્મ હોય છે. જો ડાબા હાથના અંગુઠામાં યવ હોય તો રાત્રીનો જન્મ હોય છે. ૮૦

**यवेऽत्र दक्षिणाङ्गुष्ठे दिवाजातं विनिर्दिशेत् ।**
**उभयाङ्गुष्ठगे तस्मिन् कृष्णपक्षे दिवाभवम् ॥ ८१ ॥**

**ક્યારે જન્મ થયો છે તે જાણવાની રીત**--જો જમણા અંગુઠામાં યવ હોય તો દિવસે જન્મ થયો છે એમ જાણવું, અને જો બંને અંગુઠાઓમાં યવ હોય તો કૃષ્ણપક્ષમાં દિવસે જન્મ થયો છે એમ જાણવું. ૮૧

प्रान्ते जीवितरेखायास्तिर्यग्रेखा यदा भवेत् ।
तदाश्वात्पतितो ज्ञेयः सा श्यामा चेत् खराद्भयम् ॥ ८२ ॥
आयूरेखामध्यभागे उभे रेखे व्यवस्थिते ।
एका दीर्घा लघुश्चैका तदोर्ध्वान्निपतेद्गृहात् ॥ ८३ ॥
आयूरेखातले वक्रा या रेखाऽङ्कुशवद्भवेत् ।
तदा हस्तिभयं विद्याद्रेखाछिद्रे जलाद्भयम् ॥ ८४ ॥
आयूरेखातले रक्ता तदा रक्तविकारतः ।
गंडव्रणादिघातो वा तत्तद्वर्षागतो भवेत् ॥ ८५ ॥

જો મૃત્યુરેખા (અંગુઠા અને તર્જનીની વચ્ચે) ના છેડા ઉપર આડી બીજી રેખા હોય તો ઘોડા ઉપરથી પડવાથી મૃત્યુ થાય એમ જાણવું. અને જો મૃત્યુરેખાને કાપનારી તે રેખા કાળા રંગની હોય તો ગધેડાથી મૃત્યુ થાય. ૮૨

જો આયુરેખાની વચ્ચે એક નાની અને બીજી મોટી એમ બે ઊભી રેખાઓ હોય તો ઉંચેથી પડવાથી મૃત્યુ થાય એમ જાણવું. ૮૩

આયુરેખાની નીચે વાંકી રેખા હોય કે જે અંકુશ કે વજ્ર જેવી દેખાતી હોય તો હાથી દ્વારા મૃત્યુ થાય, અને જો આયુરેખા છેદાએલી હોય (અર્થાત વચ્ચે છિદ્ર પડ્યું હોય તો) જલથી મૃત્યુ થાય. ૮૪

આયુરેખાની નીચે જો લાલબિંદુઓ હોય તો રક્તવિકાર, ગંડ, ઘા, ગડગુમડ, વાતવિકાર વગેરે થાય. ૮૫

आयूरेखान्तरे शुक्ला बिन्दवः सन्निपातदा ।
अग्निभीर्बिन्दुभीरक्तैः श्यामैर्विषभयं भवेत् ॥ ८६ ॥

આયુરેખાની નીચે ધોળાં બિંદુઓ હોય તો સન્નિપાત થાય, અને જો ત્રણ લાલ કે કાળાં બિંદુઓ હોય તો કારાગાર ભય થાય. ૮૬

पितृरेखाङ्गुष्ठरेखान्तरे या ऊर्ध्वरेखिका ।
तत्संख्यादारभोगः स्याद्वधे क्लेशश्चतद्भवः ॥ ८७ ॥

ભોગરેખા--પિતૃરેખા અને અંગુઠાના મધ્યમાં જેટલી ઊભી રેખાઓ હોય તેટલી સ્ત્રીઓ ભોગવે છે. આ રેખાઓ પૈકી જેટલી કપાએલી હોય તેટલી સ્ત્રીઓ દ્વારા ક્લેશ થાય છે. ૮૭

अङ्गुष्ठमूलादारभ्य मणेरवधिकं गताः ।
यावत्यो रेखिकास्तावदपत्यानि विचारयेत् ॥ ८८ ॥
पुत्रास्तु दीर्घरेखाभिर्लघुभिर्दारिकामताः ।
जीवनं मरणं तेषामभेदाद्भेदतः स्मृतम् ॥ ८९ ॥
बंधुसंख्या वदन्त्येके निर्णयं तद्गुरोर्गिरा ।
आयूरेखापल्लवाः स्युर्हीनायाऽङ्गुलिसम्मुखाः ॥ ९० ॥

**સંતાનરેખા**—અંગુઠાના મૂળથી આરંભ કરીને મણિબંધ પર્યંત કન્દ (અંગુઠાનું મૂળ) ઉપર જેટલી રેખાઓ હોય તેટલાં સંતાન સમજવાં. ૮૮

તે રેખાઓ પૈકી જેટલી લાંબી હોય તેટલા પુત્ર અને જેટલી ટુંકી હોય તેટલી પુત્રીઓ જાણવી. અને તે રેખાઓ પૈકી જેટલી કપાયા વગરની હોય તેટલાં જીવિત અને જેટલી તૂટેલી હોય તેટલાં મરણ પામનારાં સમજવાં. ૮૯

**મતભેદ**—કેટલાક આ રેખાઓને જ બંધુરેખાઓ (ભાઈ ભાંડુની રેખાઓ) કહે છે. આ બાબતનો ગુરુની પાસે નિર્ણય કરી લેવો જોઈએ.

આયુરેખામાંથી જો આંગળીઓ ભણી પલ્લવ નીકળેલાં હોય તો તે તે પ્રસંગે હાની થાય તેમ જાણવું. ૯૦

अङ्गुष्ठसम्मुखाः सर्वे द्रव्यसम्पत्तिकारिणः ।
मातृरेखापल्लवैस्तैर्लभ्यं मातुलवर्गतः ॥ ९१ ॥
आयूरेखासम्मुखैस्तैर्न लभ्यं मातृपक्षतः ।
कनिष्ठानामिकायोगे स्नेहः स्यात्स्वजनैर्दृढः ॥ ९२ ॥
सान्तरत्वेऽनयोः प्रीतेश्छेदः स्यादन्तरान्तरा ।
छिद्रांगुलिभिर्दारिद्र्यं सान्द्राभिर्धनवान्नरः ॥ ९३ ॥

અને અંગુઠા ભણી જેટલાં પર્વ નીકળેલાં હોય તે બધાં દરેક સંપત્તિનું સૂચન કરનારાં છે, જો માતૃરેખામાંથી આવી રીતે પલ્લવ નીકળતો હોય તો તે સમયે મામાઓ તરફથી સંપત્તિનો લાભ થાય છે. ૯૧

માતૃરેખામાંથી નીકળેલાં તે પાંખાંઓ જો આયુરેખા ભણી જતાં હોય તો માતૃપક્ષથી લાભ ન થાય.

કનિષ્ઠિકા અને અનામિકાનો જો યોગ હોય તો પોતાનાં સ્વજનો સાથે દઢ સ્નેહ હોય છે. ૯૨

જો તે આંગળીઓ વચ્ચે અંતર હોય તો સ્નેહની પૂર્તિ ન થાય અને જો છેદ (કાણાં) રહેતાં હોય તો દારિદ્ર થાય. જો આંગળીઓ એક બીજા સાથે ખુબ મળી જતી હોય તો મનુષ્ય ધનવાન થાય છે. ૯૩

तर्जन्यधस्त्रिवेण्यन्तर्यदा रेखाद्वयं भवेत् ।
आद्यदैर्घ्ये पितुर्मृत्युः प्रथमं मातुरन्यथा ॥ ९४ ॥
पितृरेखामातृरेखामिलने गृहबन्धकः ।
कलत्रमित्रसम्बन्धो वामे तत्सङ्गमे करे ॥ ९५ ॥

તર્જનીની નીચે અને ત્રિવેણીની ઉપરના ભાગમાં બે રેખાઓ હોય અને તેમાંથી જો પહેલી (ત્રિવેણી ભણીની) લાંબી હોય તો પહેલાં પિતાનું અને તર્જની ભણીની લાંબી હોય પહેલાં માતાનું મૃત્યુ થાય. ૯૪

જો પિતૃરેખા અને માતૃરેખાનો ત્રિવેણીમાં સંગમ થયો હોય તો મનુષ્યને ગૃહભાર ઉઠાવવો પડે છે. અને જો ડાબા હાથમાં આ સંગમ સ્પષ્ટ હોય તો સાસરાપક્ષ તરફ અને મિત્રવર્ગ તરફ વધારે સ્નેહ હોય છે. ૯૫

कनिष्ठा यदि दीर्घास्यादूर्ध्वरेखासमाश्रिता ।
व्यवसायत्ततो लाभो यशस्तस्य महोज्वलम् ॥ ९६ ॥

ઉર્ધ્વરેખાવાળી કનિષ્ઠિકા (ટચલી આંગળી) જો અનામિકા કરતાં લાંબી હોય તો વેપારની અંદર લાભ તેમજ સારો યશ મળે. ૯૬

आयूरेखान्तरे छेदे जलाद्वा ज्वलनाद्भयम् ।
स्त्रीप्रसङ्गादपयशस्तथाल्पमृतिसम्भवः ॥ ९७ ॥
अन्ते यदायूरेखायाः रेखांगुष्ठधनोन्मुखी ।
तदा पूर्वं सुखी पश्चाद्दुःखी वा निर्धनः पुमान् ॥ ९८ ॥
चतुष्किका स्यादङ्गुष्ठपितृरेखान्तरे यदि ।
तदा वृश्चिकदंशः स्याद्दंष्ट्रायां दंष्ट्रिणोभयम् ॥ ९९ ॥
मित्रपीडा मातृरेखायूरेखामूलसङ्गमे ।
यौवने सुखभोक्ता स्यादङ्गुष्ठावयवे यवे ॥ १०० ॥

આયુરેખામાં છેદ હોય તેમજ આગળ જતાં તે સંધાઈ જતી હોય તો પાણીથી અથવા અગ્નિથી ભય થાય છે. ડાબા હાથમાં આયુરેખામાં છેદ હોય તો સ્ત્રી પ્રસંગથી અથવા સ્ત્રી પક્ષ તરફથી અપવાદ આવે છે. અને અલ્પમૃત્યુ થાય છે. ૯૭

આયુરેખાના અંતમાંથી રેખા નીકળી હોય અને તે અંગુઠા તથા ધનરેખાની વચ્ચે ઉર્ધ્વપણે ગઈ હોય તો મનુષ્ય પહેલાં સુખી થઈ પછીથી તે દુઃખ ભોગવે છે. ૯૮

અંગુઠો અને પિતૃરેખા એ બેના વચ્ચેના ભાગમાં જો ચોકડી હોય તો વીંછી કરડવાનો ભય થાય છે. અને જો ત્રિકોણ હોય તો દાઢવાળાં પ્રાણી ( કુતરાં, શિયાળ, વાઘ ઇત્યાદી હડકાયાં થએલાં હોય તેવાં )નો ભય થાય છે. ૯૯

માતૃરેખા અને આયુરેખા જો મૂળમાં મળેલી હોય તો મિત્રપીડા થાય અને અંગુઠાના પર્વમાં જો યવ હોય તો યૌવનાવસ્થામાં સુખ ભોગવે છે. ૧૦૦

**હસ્તચિન્હ સૂત્ર સમાપ્ત**

**कनिष्ठाङ्गुलिदेशाच्च रेखा गच्छति तर्जनीम् ।**
**अविच्छिन्नानि वर्षाणि शतमायुर्विनिर्दिशेत् ॥ १०१ ॥**
**कनिष्ठाङ्गुलिदेशाच्च रेखा गच्छति मध्यमां ।**
**अविच्छिन्नानि वर्षाणि अशीत्यायुर्विनिर्दिशेत् ॥ १०२ ॥**
**कनिष्ठाङ्गुलिदेशाच्च रेखा गच्छत्यनामिकाम् ।**
**अविच्छिन्नानि वर्षाणि षष्ठिरायुर्विनिर्दिशेत् ॥ १०३ ॥**
**कनिष्ठाङ्गुलि देशाच्च रेखा तत्रैव गच्छति ।**
**त्रिंशद्वा विंशवर्षाणि तस्यायुः परिकीर्त्तितम् ॥ १०४ ॥**

**આયુરેખાનું સ્વરૂપ** – કનિષ્ઠિકાના મૂળમાંથી ( મૂળ નીચેથી ) રેખા નીકળી તર્જની સુધી અવિચ્છિન્નપણે રેખા જતી હોય તો સો વર્ષનું આયુર્દા જાણવું. ૧૦૧

કનિષ્ઠિકા નીચેની નીકળેલી તે રેખા જો મધ્યમા પર્યંત જતી હોય તો એંસી વર્ષનું આયુર્દા જાણવું. ૧૦૨

કનિષ્ઠિકાના નીચેથી નીકળેલી તે રેખા જો અનામિકા સુધી ગએલી હોય તો ૬૦ વર્ષનું આયુર્દા જાણવું. ૧૦૩

અને જો તે રેખા કનિષ્ઠિકાના પ્રદેશ પુરતી જ હોય તો વીશ અથવા ત્રીશ વર્ષનું આયુર્દા જાણવું. ૧૦૪

**कालंगुलीइ रेहापयेसिणिलंघिउण जस्सगया ।**
**अखंडा अस्फुटिआ वरिमाण सपुंसोजीवे ॥ १०५ ॥**
**वीसं तिसं चालं पन्नास संसठि सति असीइ ।**
**नउ इकणिठिया पयेसिणि जावजाणिया ॥ १०६ ॥**

करजाम्बा चतुष्काधो भागानष्टौ प्रकल्पयेत् ।
यथार्थं तत्तुरेखायामायोल्लंघनतः शतम् ॥ १०७ ॥

'કરરેહા' પ્રકરણની સંમતિ—જો શ્યામા એટલે કનિષ્ઠિકાના મૂળમાંથી નીકળેલી રેખા પ્રદેશિનીના એટલે તર્જનીના મૂળ સુધી ગએલી હોય તો ૧૦૦ વર્ષનું આયુર્દા જાણવું. ૧૦૫

કનિષ્ઠિકાથી આરંભીને તર્જનીના મૂળ સુધીની રેખાના ૮ ભાગ પાડવા, અને તેમાંથી પહેલાનાં વીસ તેમજ બાકીનાનાં દરેકનાં દશ દશ વર્ષ જાણવાં. ૧૦૬

સંમતિ—શાસ્ત્રમાં કહ્યું છે કે જો આયુરેખા તર્જનીનું ઉલ્લંઘન કરી જાય તો ૧૦૦ વર્ષનું આયુર્દા એ નિશ્ચિત છે. તેથી પ્રત્યેક આંગળીના મૂળ પ્રદેશના બે એમ કુલ ૮ ભાગ કરવા. ૧૦૭

अस्ताचलाद्द्रव्यरेखा रक्ताऽखंडा धनप्रदा ।
तस्यां चेत्पल्लवा जीवरेखामुखा अपत्यदाः ॥ १०८ ॥
अङ्गुष्ठसम्मुखा ये ते तावद्वारं धनार्जनम् ।
तस्यां छेदे राजदंडश्चौराद्धानिस्तु वेधतः ॥ १०९ ॥

ધનરેખા—અસ્તાચલમાંથી ( કરભમાંથી ) રેખા નીકળી હોય જેને ધનરેખા કહે છે તે જો લાલ અને અખંડ હોય તો ધન આપનારી નીવડે છે. અને તેમાંથી આયુરેખા ભણી જો શાખાઓ નીકળેલી હોય તો સંતાન લાભ થાય છે. ૧૦૮

તે રેખામાંથી અંગુઠા ભણી જેટલી શાખાઓ નીકળી હોય તેટલી વખત વેપાર ( જુદા જુદા ધંધા ) કરી ધન મેળવે છે. જો આ રેખા છેદાએલી હોય તો રાજદંડ થાય છે અને બીજી રેખા દ્વારા વિંધાએલી હોય તો ચોરદ્વારા ધન હાની થાય છે. ૧૦૯

मणिबंधाउ पयंदा संयत्तामाभिमंगुली इत्यारेहा ।
साकुणइ धणसमिद्धं सखायंव आपरिधम् ॥ ११० ॥

'કરરેહા' પ્રકરણની સંમતિ—બીજા ગ્રંથોમાં પણ કહ્યું છે કે મણિબંધમાંથી નીકળીને મધ્યમા આંગળી ભણી જો રેખા ગઈ હોય તો મનુષ્યને તે રેખા સાધનસંપન્ન, દેશખ્યાત અથવા આચાર્ય બનાવે છે. ૧૧૦

गोत्ररेखाथ यस्य स्यादखंडा वेधवर्जिता ।
गोत्रे स मुख्यतां याति सर्वेषामाश्रयः पुमान् ॥ १११ ॥
यावन्तः पल्लवाश्चासां मायासंमुखगामिनः ।
तावन्तः पितृद्रव्यस्य भवेयुर्भागदारिणः ॥ ११२ ॥

यावन्तः पल्लवा राज्ञोऽभिमुखास्ते प्रियंवदाः ।
भ्रातरः स्वजनाः कार्ये पुंसः साहाय्यकारिणः ॥ ११३ ॥

**ગોત્રરેખા વિચાર**—જેની ગોત્રરેખા અખંડ અને અણવીંધી હોય તે ગોત્રની અંદર મુખ્ય પુરુષ બને છે. અને બધાનો આશ્રયદાતા પણ બને છે. ૧૧૧

ગોત્રરેખામાંથી જેટલી શાખાઓ આંગળીઓ ભણી ગઈ હોય તેટલા બાપના ધનના ભાગીદારો હોય છે. ૧૧૨

જેટલી શાખાઓ અંગુઠા ભણી ગઈ હોય તેટલા પોતાના કાર્યમાં સહાયકો મળે છે. ૧૧૩

मणिबंधाउ पयंदा पएसिणी जावइगयारेहा ।
बहुबंधु समाइत्रं कुलवंसं निहिसे तस्स ॥ ११४ ॥
दिहाई लाणदीहं कुलवंसमिदहियं यदहिपाये ।
छिन्नाये जाण छिन्नं जाणसुभिन्नं च भिन्नाये ॥ ११५ ॥
मणिबंधादूर्ध्वरेखा यात्यङ्गुष्ठादि सम्मुखी ।
असौ पंचविधा राजाश्रयणी राज्यसौख्यदा ॥ ११६ ॥
नृपोनृपतिमंत्री वा प्राप्ता चेत्तर्जनीमसौ ।
ज्येष्ठां प्राप्तौ तथाचार्यः ख्यातिमान् सैन्यनायकः ॥ ११७ ॥
सार्थवाहो धनी नेतोर्ध्वरेखा चेच्छिवाश्रिता ।
कनिष्ठामूर्ध्वरेखातः प्रतिष्ठावान् महायशः ॥ ११८ ॥

**'કરરેહા' પ્રકરણકારનો મત**—જો મણિબંધમાંથી નીકળી પ્રદેશિની પર્યંત રેખા ગઈ હોય તો મનુષ્ય મોટા કુટુંબવાળો અને ખાનદાન કુંટુંબનો હોય ૧૧૪

જો આ રેખા લાંબી હોય તો વંશવૃદ્ધિ લાંબી જાણવી. જો છિન્નભિન્ન હોય તો કુલવંશ છિન્નભિન્ન જાણવો. અને ટુંકી હોય તો કુલવંશ ટુંકો છે એમ જાણવું. ૧૧૫

## ગોત્રરેખા વિમર્શન સમાપ્ત

**ઉર્ધ્વરેખા ભેદ**-મણિબંધમાંથી નીકળી ઉર્ધ્વ પ્રદેશમાં જનારી રેખા પાંચ પ્રકારે જાય છે. જો તે રેખા અંગુઠા ભણી ગઈ હોય તો રાજ્યાશ્રય મળે છે. ૧૧૬

જો તર્જની ભણી ગઈ હોય તો ખુદ રાજા થાય અથવા રાજ્યમિત્ર થાય.

જો મધ્યમા ભણી ગઈ હોય તો ખ્યાતિમાન્ સૈન્યનાયક અથવા આચાર્ય થાય છે. ૧૧૭

જો તે ઉર્ધ્વરેખા અનામિકા ભણી ગઈ હોય તો સાર્થવાહ બને છે. અથવા નેતા થાય છે.

અને જો કનિષ્ઠિકા ભણી ગઈ હોય તો ખુબ યશસ્વી અને પ્રતિષ્ઠિત થાય છે. ૧૧૮

अखंडा अस्फुडिया पल्लवरहियातहाअविच्छिन्ना ।
एगावि तुह रेहा सहस्सजण पोसणी भणिआ ॥ ११९ ॥
विप्पाणां वेअकरी रज्जकरी खत्तिआण सा रेहा ।
वेसा अत्थकरी सुखूखकरी सुद्दवग्गाणम् ॥ १२० ॥
जा मणिबंधय पयासंताणामि अंगुलिरेहा ।
सा कुणाइजस्स समिद्धं सिद्धिं बहुवित्त संयुतम् ॥ १२१ ॥
मणिबंधाउ पयट्ठा कणिठा जाव जागया रेहा ।
सा कुणइ जससमिद्धं सिठि बहुविध संयुतं ॥ १२२ ॥
मणिबंधाउ रेहा अंगुठ्ठ पणसिणीणमज्जगया ।
सा कुणइ सत्थ जुत विन्नाण विचक्खणं पुरिसं ॥ १२३ ॥
त्यक्तोर्ध्वं मणिबंधं या रेखा चोत्तरगामिनी ।
यशोददाति सा पुंसां श्रीदायिका न संशयः ॥ १२४ ॥
ऊर्ध्वरेखाश्चतसृषु अङ्गुलिषु भवन्ति चेत् ।
नाना भोगसुखं तेना समुद्रवचनं यथा ॥ १२५ ॥

'**કરરેહા' પ્રકરણમાં** કહ્યું છે કેઃ—અખંડ, તૂટયા ફૂટયા વગરની પલ્લવ રહિત અવિચ્છિન્ન એક પણ ઉર્ધ્વરેખા હોય તો મનુષ્ય હજાર માણસનું ભરણ પોષણ કરનાર નીવડે છે. ૧૧૯

જો આ ઉર્ધ્વરેખા બ્રાહ્મણના હાથમાં હોય તો તે વેદ જાણનાર બને છે. ક્ષત્રિયોને રાજ્ય આપનારી, વૈશ્યોને ધન આપનારી અને શૂદ્રોને સુખ આપનારી બને છે. ૧૨૦

જો મણિબંધમાંથી નીકળીને અનામિકા આંગળી સુધી ગએલી ઉર્ધ્વરેખા હોય તો મનુષ્ય સાર્થવાહ તથા નૃપમાન્ય બને છે. ૧૨૧

મણિબંધમાંથી નીકળીને કનિષ્ઠિકા પર્યંત રેખા ગઈ હોય તો બહુ જ ધન સમૃદ્ધિ આપે છે. ૧૨૨

મણિબંધમાંથી રેખા નીકળી અંગુઠા અને તર્જનીના મધ્યભાગમાં રેખા ગઈ હોય તો મનુષ્ય વિચારક અને શાસ્ત્રજ્ઞ થાય છે. ૧૨૩

મણિબંધમાંથી નીકળીને ઉત્તર તરફ જનારી રેખા યશ આપે છે અને મનુષ્યોને ધન પણ અવશ્ય આપે છે. ૧૨૪

જો ચારે ચાર આંગળીઓમાં ઉર્ધ્વરેખાઓ હોય તો અનેક પ્રકારનું સુખ મનુષ્યને પ્રાપ્ત થાય છે. એમ સમુદ્રનું વચન છે. ૧૨૫

स्त्रीरेखा वामहस्ते स्यादायूरेखा स्वभावतः ।
दक्षिणैः पल्लवैस्तस्यां सौख्यं दुःखं तु वामगैः ॥ १२६ ॥

**સ્ત્રીરેખા**—પુરુષોના ડાબા હાથની આયુરેખા તે સ્વભાવથી જ સ્ત્રીરેખા છે. તેમાંથી જો (ડાબા હાથની આયુરેખામાંથી) જમણી બાજુનાં પાંખીયાં નીકળેલાં હોય તો સ્ત્રીનું સુખ મળે છે. અને જો ડાબી બાજુનાં પાંખીયાં નીકળેલાં હોય તો સ્ત્રી તરફથી દુઃખ પ્રાપ્ત થાય છે. ૧૨૬

आयुर्लेखाकनिष्ठान्तर्लेखाः स्युर्गृहिणीप्रदाः ।
समाभिः शुभशीलाः स्युर्विषमाभिः कुशीलकाः ॥ १२७ ॥

આયુરેખા અને કનિષ્ઠિકાના મૂળની વચ્ચે જે રેખાઓ હોય તે સ્ત્રી રેખાઓ કહેવાય છે. આ રેખાઓ જો સીધી અને સુંદર હોય તો ચારિત્ર્યસંપન્ન સ્ત્રીઓનું સુખ હોય છે. અન્યથા ચારિત્ર્યભ્રષ્ટ હોવાથી દુઃખ થાય છે. ૧૨૭

कनिष्टा कालंगुलीइ हिठारेहाउ जस्स जत्तियाहुंति ।
तात्तियमित्ता पुरिसा पुरिसस्सय तत्तिया महिला ॥ १२८ ॥
दिहाहिय कौमारी फुडियाहि प्रणन्मयं विपाणि ।
जासन्हाहियो सोहगां फुडियाहिं निदूहयं त्रिपाणि ॥ १२९ ॥

**'કરરેહા' પ્રકરણનો મત**—કનિષ્ઠિકામૂળ અને આયુરેખાની વચ્ચે જેટલી રેખાઓ હોય તેટલી સ્ત્રીઓ થાય છે. સ્ત્રીને તેટલા પુરુષો થાય છે. ૧૨૮

જો આ રેખાઓ લાંબી હોય તો કુમારી સ્ત્રી સાથે લગ્ન થાય છે. તૂટેલી ફૂટેલી રેખાઓ હોય તો વિધવા સ્ત્રી સાથે લગ્ન થાય છે (નાતરું થાય છે). આ રેખાઓ પૈકી જેટલી જેટલી સારી હોય તેટલીનું સુખ અને જેટલી રેખાઓ તૂટેલી હોય તેટલીનું દુઃખ થાય છે. ૧૨૯

दीक्षा रेखा बलवती पुरस्था चेन्महत्तरा ।
बाधयेद्दाररेखां तु तदा मित्रोदयं वदेत् ॥ १३० ॥

**દીક્ષારેખા**—જો દીક્ષારેખા બળવાન હોય તો સ્ત્રીરેખાનો બાધ થાય છે. સ્ત્રી મળતી નથી. પરંતુ તે રેખાના સમયે મિત્રલાભ થાય છે. ૧૩૦

तारामूलान्मणिं यावत् रेखा यत्संख्यया स्फुटा ।
तावती महिला तस्य राजयोगे विनिर्दिशेत् ॥ १३१ ॥
स्युर्यावस्योऽन्तरे रेखा मणिजीवितरेखयोः ।
तावत्योमहिलास्तस्य स्त्रियस्तावन्मनः प्रियाः ॥ १३२ ॥
स्त्रियो दक्षिणपाणिस्था पतिरेखा प्रकीर्त्तिता ।
आयूरेखात्र तद्भेदे योगः स्याद्विधवाकरः ॥ १३३ ॥
तदावामकरे तारामूलादामणिबंधनम् ।
रेखा यावन्त उद्भूतास्त्रियस्तावत्यईरिताः ॥ १३४ ॥

કનિષ્ઠિકાના મૂળથી લઈ મણિબંધ સુધી જેટલી આડી રેખાઓ હોય તેટલી સ્ત્રીઓનું સુખ જો બીજાં લક્ષણોથી રાજયોગ થતો હોય તો થાય છે. ૧૩૧

મણિબંધ અને આયુરેખાના વચ્ચે, જેટલી રેખાઓ હોય તેટલી પુરુષને સ્ત્રીઓ થાય છે. અને સ્ત્રીને તેટલા જાર થાય છે. ૧૩૨

સ્ત્રીના જમણા હાથમાંની આયુરેખા તે પતિરેખા જાણવી. જો આ રેખા વીંધાએલી હોય તો સ્ત્રી વિધવા થાય છે. ૧૩૩

સ્ત્રીના હાથમાં કનિષ્ઠકાના મૂળથી મણિબંધ સુધી જેટલી આડી રેખાઓ હોય તેટલા સ્ત્રીના સ્વામી થાય છે. ૧૩૪

पुष्टं यदेव देहेस्याल्लक्षणं वाप्यलक्षणम् ।
इतरद्बाध्यते तेन बलवत्फलदो भवेत् ॥ १३५ ॥

લક્ષણો એક બીજાનાં બાધક થાય છે—શરીરની અંદર એક ચિન્હ બળવાન હોય અથવા નિર્બળ હોય, પણ જો તેનાથી વિરૂદ્ધનું બીજું લક્ષણ બળવાન હોય તો પહેલા લક્ષણનો બાધ કરે છે. અને તો બીજા લક્ષણનું ફળ મળે છે. ૧૩૫

तथा च योगिप्रभृतेर्यस्य स्त्री संगमोनहि ।
दाररेखा भक्तशिष्यं दत्ते त्वन्या प्रभुत्वकृत् ॥ १३६ ॥

ઉદાહરણો—જે યોગી વગેરેને સ્ત્રીસંગ હોતો નથી તેઓને સ્ત્રીરેખા ભક્તશિષ્ય અથવા સેવક આપે છે. ૧૩૬

लक्ष्मीराज्यं वाहनादि नृणां वामकरादिह ।
ज्ञानमैश्वर्यवंशादि वीक्ष्या दक्षिणपाणितः ॥ १३७ ॥

योगिन्या न सुखं पत्युस्तस्या दक्षिणपाणितः ।
ज्ञानं यात्रा तपः शौचं गुरुसौख्यं निरीक्ष्यते ॥ १३८ ॥

યોગીને લક્ષ્મી, રાજ્ય, વાહન વગેરેનો વિચાર ડાબા હાથની રેખાઓથી કરવો અને જમણા હાથની રેખાઓથી જ્ઞાન, ઐશ્વર્ય વંશ વગેરેનું જ્ઞાન કરવું. ૧૩૭

યોગિનીને પતિનું સુખ હોઈ શકે નહિ તેથી તેને પતિરેખા દ્વારા જ્ઞાન, યાત્રા, તપ, શૌચ અને ગુરુ સુખનો વિચાર કરવો. ૧૩૮

मणेः स्वभावरेखान्तं रेखाभिः करभे नृणाम् ।
अपत्यसंख्या निर्देश्या सम्प्रदायमताश्रयात् ॥ १३९ ॥

**સંતાન રેખા**—મણિબંધથી લઈ આયુરેખા પર્યંતના કરભના ભાગમાં જેટલી રેખાઓ હોય તેટલાં સંતાન કહેવાં. ૧૩૯

यावन्त्यः करभे रेखा ऊर्ध्वास्तावदपत्यदाः ।
ताः समाङ्के तदाद्या स्त्री विषमाङ्के नरं वदेत् ॥ १४० ॥

**'હસ્તબિંબ'કારની સંમતિ**—જેટલી કરભમાં ઉર્ધ્વરેખાઓ હોય તેટલાં સંતાન થાય. જો આ રેખાઓ સમ હોય તો કન્યાઓ અને વિષમ હોય તો પુત્રો થાય છે. ૧૪૦

योगिनां तनयस्थाने शिष्यप्राप्तिर्विचार्यते ।
पत्युस्थानेऽथ योगिन्याः धर्मयोगमथाश्रमः ॥ १४१ ॥

યોગિઓને સંતાનની જગ્યાએ શિષ્યપ્રાપ્તિનો વિચાર કરવો. અને યોગિનીને પતિના સ્થાને ધર્મયોગ અને આશ્રમનો વિચાર કરવો. ૧૪૧

पुत्रदा करभे रेखा कनिष्ठाधः कलत्रकृत् ।
अङ्गुष्ठमूलरेखासु भ्रातृभांडानि शंसति ॥ १४२ ॥

मणेरङ्गुष्ठमूलान्तं यारेखास्तलसम्मुखाः ।
सूक्ष्मास्ताहि भगिन्यः स्युः भ्रातरः स्थूलरेखिकाः ॥ १४३ ॥

तासु या अस्फुटारेखास्तावन्तो निधनं गता ।
याः स्फुटास्तेऽथ जीवन्ति इति सामुद्रिकं वचः ॥ १४४ ॥

**'ભોજ'ની સંમતિ**—કનિષ્ઠકાની નીચે કરભ ઉપર જે રેખાઓ છે તે પુત્ર આપનારી છે. તેમજ સ્ત્રીઓ આપનારી છે. અંગુઠાના મૂળમાં જે રેખાઓ છે તે ભાઈભાંડુની દ્યોતક છે. ૧૪૨

**ભાઈભાંડુની રેખા**—મણિબંધથી અંગુઠા સુધી અંગુઠાના મૂળ ઉપર જે રેખાઓ છે તે ભાઈભાંડુની દ્યોતક છે. તેઓ પૈકી જેટલી સૂક્ષ્મ છે તેટલી બ્હેનો અને જેટલી સ્થૂલ છે તેટલા ભાઈઓ સમજવા. ૧૪૩

તેઓમાંથી જેટલી અસ્પષ્ટ રેખાઓ છે તેટલાંનુ મરણ થાય છે. અને જેટલી સ્પષ્ટ રેખાઓ હોય છે તેટલા જીવે છે. ૧૪૪

आयुर्लेखावसानाभिर्लेखाभिर्मणिबन्धतः ।
स्पष्टाभिर्भ्रातरोऽस्पष्टरेखाभिर्जामयस्तथा ॥ १४५ ॥
ह्रस्वाभिस्त्रुटिता ज्ञेया दीर्घाभिर्दीर्घजीविनः ।
यवैरङ्गुष्ठमूलोत्थैस्तत्संख्याः सूनवो नृणाम् ॥ १४६ ॥
अपत्यरेखाः सर्वाः स्युर्मत्स्याङ्गुष्ठतलान्तरे ।
हस्तचिन्हेऽप्येतदेव सम्मतं विदुषां मतम् ॥ १४७ ॥

**'વિવેકવિલાસ'કારનો મત**—મણિબંધથી લઇ આયુરેખાના પર્યંત જેટલી રેખાઓ હોય તેમાંથી જેટલી સ્પષ્ટ રેખાઓ હોય તેટલા ભાઈઓ અને સૂક્ષ્મ હોય તેટલી બ્હેનો હોય છે. ૧૪૫

જે રેખાઓ અસ્પષ્ટ અને તૂટેલી હોય છે તેટલાં ભાઈ બ્હેનોના મરણ થાય છે.

અંગુઠાના મૂળમાં જેટલા યવ હોય છે તેટલા પુત્રો હોય છે. ૧૪૬

મણિબંધ માંહેલા મત્સ્યથી આરંભી અંગુઠાના મૂળ પર્યંત જેટલી રેખાઓ હોય તેટલા સંતાન થાય છે. આવો પણ કેટલા શાસ્ત્રકારોનો મત છે. ૧૪૭

अंगुठस्सयमूले जत्तियमित्ताऊ थूलरेहाऊ ।
तेहुंति भाउआ खलु तणुयाहि हुंति मइणाऊ ॥ १४८ ॥
अंगुठ्ठस्सय हिठा रेहाउ जस्स जत्तियाहुंति ।
तात्तियमित्ता पुत्ता सिज्जाहिय दारिया हुंति ॥ १४९ ॥
जत्तियमित्ता छिन्ना भिन्ना ले दारिया मुणजाण ।
अक्खंडा अछिन्ना जीवंति यत्तात्तिया सुता ॥ १५० ॥
विद्या ख्यातिर्विभूतिः स्याद्यवै ह्यङ्गुष्ठमध्यगे ।
शुक्लपक्षे जन्म रात्रौ वामाङ्गुष्ठगते पुनः ॥ १५१ ॥

कृष्णपक्षे दिवाजन्म दक्षिणाङ्गुष्ठगैर्यवैः ।
विद्धाविद्धविवेकेन पक्षस्य व्यत्ययः क्वचित् ॥ १५२ ॥

'કરરેહા' પ્રકરણકારનો મત—અંગુઠાના મૂળમાં જેટલી સ્થૂલ રેખાઓ હોય તેટલા ભાઈ થાય. અને જેટલી સૂક્ષ્મ રેખાઓ હોય તેટલી બ્હેનો થાય. ૧૪૮

અંગુઠાની નીચે જેટલી રેખાઓ હોય તેટલાં સંતાન થાય. અને તેમાંથી જેટલી પાતળી અને સુંદર હોય તેટલી પુત્રીઓ થાય. ૧૪૯

જેટલી છિન્નભિન્ન હોય તેટલાં સંતાન મરી જાય. અને જેટલી અખંડ અને તૂટયા ફૂટયા વગરની હોય તેટલાં જીવે. ૧૫૦

અંગુઠાના મધ્યમાં યવ હોય તો વિદ્યા, ખ્યાતિ અને વિભૂતિ મળે છે. યવ ડાબા હાથના અંગુઠામાં હોય તો શુકલપક્ષમાં રાત્રે જન્મ હોય છે. ૧૫૧

અને જો જમણા હાથના અંગુઠામાં યવ હોય તો કૃષ્ણપક્ષમાં દિવસે જન્મ હોય છે. આ યવની વિંધાએલી તેમજ અણુ વિંધાએલી સ્થિતિ પ્રમાણે કેટલીક વખત પક્ષ નિર્ણયમાં ફરક પણ પડે છે. ૧૫૨

शुक्लपक्षे दिवाजन्म दक्षिणाङ्गुष्ठगैर्यवैः ।
कृष्णपक्षे नृणांजन्म वामाङ्गुष्ठगतैर्यवैः ॥ १५३ ॥

મતભેદ—જો જમણા હાથના અંગુઠામાં યવ હોય તો શુકલપક્ષમાં જન્મ હોય છે અને ડાબા હાથના અંગુઠામાં યવ હોય તો કૃષ્ણપક્ષમાં જન્મ હોય છે. ૧૫૩

दाहिण हत्थंगुट्ठ मत्तेय जवेण दिवसजम्मं ।
वामंगुट्ठजवेण नूण जाणिज्ज निसिजम्मं ॥ १५४ ॥
अङ्गुष्ठोदरमध्यस्थे यवे भोगी सदासुखी ।
बहूनामथवैकस्य यवस्य फलतुल्यता ॥ १५५ ॥

'કરરેહા' પ્રકરણકારનો મત—જમણા હાથના અંગુઠામાં યવ હોય તો દિવસનો જન્મ હોય છે. અને ડાબા હાથના અંગુઠામાં યવ હોય તો રાત્રિનો જન્મ હોય છે. ૧૫૪

અંગુઠાના મધ્યમાં યવ હોય તો ભોગી અને સદા સુખ ભોગવનાર હોય છે. યવ એક હોય અથવા વિશેષ હોય તોપણ ફલ સરખુંજ છે. ૧૫૫

छत्रं तामरसं धनूरथवरो दम्भोलिकूर्मांकुशाः
वापीस्वस्तिकतोरणानि च शरः पञ्चाननः पादपः ।

चक्रं शंखगजौ समुद्रकलशौ प्रासादमत्स्यौ यवाः
यूपस्तूपकमंडलून्यवनिभृत्सच्चामरो दर्पणः ॥ १५६ ॥
वृषभः पताकाः कमलाभिषेकः सुदामकेकी धनपुण्यभाजाम्

**બત્રીસ લક્ષણ-વિચાર**—છત્ર, કમળ, ધનુષ્ય, રથ, વજ્ર, કાચબો, અંકુશ, વાવ, સાથીઓ, તોરણ, ચામર, સિંહ, વૃક્ષ, ચક્ર, શંખ, હાથી, સમુદ્ર, કલશ, મહેલ, મત્સ્ય, યવ, યૂપ (યજ્ઞસ્તંભ) સ્તૂપ (પ્રભુનાં પગલાં) કમંડલુ, પર્વત, દેવાલય, દર્પણ, વૃષભ, ધજા, કમલ, અભિષેક કલશ, પુષ્પમાળા, અને મોર એમ બત્રીશ લક્ષણો ધનવાનોને હોય છે. ૧૫૬

मणेस्तलोन्मुखे मत्स्ये सहस्रधनवान्नरः
मकरे दशसाहस्री शंखे लक्षपतिर्भवेत् ॥ १५७ ॥
आतपत्रं करे यस्य दंडेन सहितं पुनः ।
ध्वजो वा चामरयुतं चक्रवर्ती स जायते ॥ १५८ ॥
ध्वजो हस्ततले यस्य सवृद्धत्वे सुखी भवेत् ।
करभो मांसलः श्रेष्ठोऽङ्गुलिपर्व न मांसलम् ॥ १५९ ॥
करभान्निर्गता रेखा धनरेखा यदागता ।
अङ्कुशाकारभृद्यस्य स पुमान् गजवान्नृपः ॥ १६० ॥
हस्ती रेखाधरो राजा शूरः सिंहाकृतौ करे ।
वृषभे गोकुलपतिं कर्षको बहुरूपवान् ॥ १६१ ॥

**ચિન્હોનું 'હસ્તબિંબ'માં કહેલું ફળ**—મણિબંધમાં તળીઆ ભણી મોંવાળો મત્સ્ય હોય તો હજારની સંખ્યાના ધનનો માલિક થાય છે. મકર (મગર)નું ચિન્હ તેવી રીતનું હોય તો દશહજારનો અને શંખ હોય તો લક્ષાધિપતિ થાય છે. ૧૫૭

જેના હાથમાં દાંડી સહિત કમલનું ચિન્હ હોય છે તે, તેમજ ધજા અને ચામરના ચિન્હવાળો ચક્રવર્તી થાય છે. ૧૫૮

જેના હાથમાં ધજા હોય છે તે વૃદ્ધાવસ્થામાં સુખી થાય છે.

કરભ જો માંસલ હોય તો શ્રેષ્ઠ છે. અને આંગળીઓનાં પર્વ શુષ્ક હોય તો શ્રેષ્ઠ છે. ૧૫૯

**અંકુશ રેખાનું સ્થળ**—કરભમાંથી નીકળીને ધનરેખાને મળનારી જે રેખા હોય છે તે અંકુશના આકારની હોઈ તેને અંકુશ રેખા કહે છે. જેને આવી રેખા હોય તે હાથીના વાહનનું સુખ ભોગવે છે. ૧૬૦

હાથીના ચિન્હવાળો રાજા થાય છે. સિંહના ચિન્હવાળો શૂરવીર થાય છે. વૃષભના ચિન્હવાળો ગાય ભેંસોના મોટા સમૂહનો માલિક બહુ રૂપવાન ખેડુત હોય છે. ૧૬૧

सूर्ये प्रतापवान् शूरः चन्द्रे प्रकृतिकोमला ।
सिंहासने पट्टधारी मोरे मातुलतः सुखी ॥ १६२ ॥
अङ्कुशेऽतिप्रतिष्ठावान् प्रासादश्चेत्सुखी धनी । २
मत्स्ये तु पश्चिमवयःसुखी सांयात्रिकः पुमान् ॥ १६३ ॥
नन्द्यावर्त्ते नृपपदं सौभाग्यं कच्छपाकृतौ ।
पूर्णकुम्भधरः पाणौ नरः पूर्णमनोरथः ॥ १६४ ॥

સૂર્યના ચિન્હવાળો પ્રતાપી અને શૂર હોય છે. ચંદ્રના ચિન્હવાળો કોમળ પ્રકૃતિનો હોય છે. સિંહાસનવાળો હોદ્દેદાર અને મોરના ચિન્હવાળો મામાના પક્ષથી સુખી હોય છે. ૧૬૨

અંકુશના ચિન્હવાળો અતિશય પ્રતિષ્ઠા ભોગવનાર, મહેલના ચિન્હવાળો સુખી અને ધની હોય છે. માછલાના ચિન્હવાળો પાછલી અવસ્થામાં સુખી અને વહાણવટું ખેડનાર થાય છે. ૧૬૩

નંદાવર્ત (સાથીઆ)ના ચિન્હવાળો રાજ્ય પદવી ભોગવે છે. કાચબાના ચિન્હવાળો સૌભાગ્યશાળી થાય છે. અને પૂર્ણકુંભના ચિન્હવાળો સફળ મનોરથવાળો થાય છે. ૧૬૪

रथाकारे रथी लोके सोद्यमः परिवारवान् ।
खड्गादि शस्त्राकारे स्यात् क्लेशकारी सुसाहसः ॥ १६५ ॥

રથના ચિન્હવાળો રથના વાહનવાળો અને ઉદ્યમી તેમજ મોટા કુટુંબવાળો થાય છે. તલવાર વગેરે હથિયારોના ચિન્હવાળો સાહસી તેમજ બીજાઓને ક્લેશ આપનાર થાય છે. ૧૬૫

धनुषा वल्लभो लोके मंत्री चामरवान् करे ।
पुष्पमालाङ्कितो हस्ते यशस्वी धनवान्नरः ॥ १६६ ॥

ધનુષ્યના ચિન્હવાળો લોકોનો પ્રેમ મેળવનાર થાય છે. ચામરના ચિન્હવાળો મંત્રી થાય છે. ફૂલની માળાવાળો યશસ્વી અને ધનવાન બને છે. ૧૬૬

मुकुटे राजमान्यः स्यात्कमले बहुभोगवान् ।
मुष्टौ तिले पुत्रपूर्णः सर्पे क्रोधी महाधनी ॥ १६७ ॥

छत्रे हठी प्रतिष्ठावान् स्वस्तिके वार्धके सुखी ।
स्थलपद्मे हि चतुरः क्षमावान् मंडलाकृतौ ॥ १६८ ॥
षट्कोणे धर्मवान् धीरः तेजस्वी मणिरेखया ।
सरोवरेऽति वाताङ्गः कुलमुख्यो युगाकृतौ ॥ १६९ ॥
कुन्ते क्लेशी सिद्धकार्यो विद्यावान् स्याच्छराकृतौ ।
विमाने दुर्गगेहादिनिर्माता कीर्त्तिमान्नरः ॥ १७० ॥
एवं रेखाबलादुज्ञेयः स्वभावनिर्णयोऽङ्गिनाम् ।
तत्तद्रेखाकृतिर्ज्ञेया स्थानग्रन्थान्तरादिह ॥ १७१ ॥

મુકુટના ચિન્હવાળો રાજમાન્ય અને કમળના ચિન્હવાળો બહુ ભોગ ભોગવનાર થાય છે. અને મુઠી વાળવાથી અંદરના ભાગમાં આવી જાય તેવા તલવાળો પુત્રવાન અને સાપના ચિન્હવાળો મહાક્રોધી ધનવાન થાય છે. ૧૬૭

છત્રના ચિન્હવાળો હઠી અને પ્રતિષ્ઠિત થાય છે. સાથીઆના ચિન્હવાળો વૃદ્ધાવસ્થામાં સુખ ભોગવનાર થાય છે. જો સ્થળકમળ ( એક જાતના કમળ )નું ચિન્હ હોય તો ચતુર થાય છે. અને જેના હાથમાં મૃદંગનું ચિન્હ હોય તે ક્ષમાવાન થાય છે. ૧૬૮

ષટ્કોણના ચિન્હવાળો ધાર્મિક થાય છે. જેને મણિબંધરેખા સ્પષ્ટ હોય છે તે ધીર અને તેજસ્વી થાય છે. સરોવરના ચિન્હવાળો વાયુના વિકારવાળો થાય છે. જેના હાથમાં યૂપનું ચિન્હ હોય છે તે પોતાના કુળમાં મુખ્ય પુરુષ થાય છે. ૧૬૯

કુંત ( ભાલો )ના ચિન્હવાળો કાર્યોમાં ફતેહ મેળવનાર થાય છે. શર ( બાણ )ના ચિન્હવાળો વિદ્વાન્ થાય છે. જેના હાથમાં વિમાનનું ચિન્હ હોય તે દુર્ગ, મકાન વગેરેનો બનાવનાર અને કાન્તિમાન થાય છે. ૧૭૦

**ચિન્હોનો ઉપસંહાર કરે છે**—આ પ્રમાણે રેખાઓના બળથી મનુષ્યોના સ્વભાવનો નિર્ણય કરવો. આ રેખાઓ (ચિન્હો)ની ઓળખાણ તથા સ્થાન ગ્રંથાન્તરથી જાણી લેવાં. ૧૭૧

**શ્રી હસ્તબિંબ સૂત્ર સંપૂર્ણ**

मायासु दशभिश्चक्रैराजा योगीश्वरोऽथवा ।
दशभिः शूक्तिभिः सर्वावस्थासु बहुदुःखदा ॥ १७२ ॥
एक चक्रे भवेद्राज्यं विद्या चक्रे द्वये भवेत् ।
धनागमास्त्रिभिश्चक्रैर्बहुचक्रैर्दरिद्रता ॥ १७३ ॥

જો દશે આંગળીઓમાં દશ ચક્ર હોય કાં તો રાજા થાય અથવા મહાન યોગી થાય. જો દશે આંગળીઓમાં છીપ હોય તો દરેક અવસ્થામાં દુ:ખી રહે છે. ૧૭૨

જો એક ચક્ર હોય તો રાજા થાય. બે ચક્ર હોય તો વિદ્વાન્ થાય. ત્રણ ચક્ર હોય તો ધનવાન થાય. અને બહુ ચક્ર હોય તો દરિદ્ર થાય. ૧૭૩

अंगुलि अंगुष्ठोपरि हवंति भमराउदाहिणावत्ता ।
सोधनभोगी पूज्जो धर्म्मई बुद्धिमंतोयः ॥ १७४ ॥
वृक्षं वा तोरणं शक्तिर्मठदेवकुलानि वा ।
अशाखन्तं विजानीयाद्धनवन्तं महाधिपम् ॥ १७५ ॥

**પ્રકરણ કારનો મત**—જેની આંગળી અને અંગુઠા ઉપર દક્ષિણાવર્ત્ત ભમરી હોય, તે પુરુષ લક્ષ્મીવંત, ભોગી, પૂજનીક, ધર્મી અને બુદ્ધિવાન હોય છે. ૧૭૪

જેમના હાથમાં વૃક્ષ, તોરણ, વજા, મઠ, કે દેવમંદિર હોય તેઓ પુત્રરહિત પરંતુ ધનવાન અને ઘણા જ બુદ્ધિશાળી થાય છે. ૧૭૫

शफरो मकरः शंखं पत्रं पाणौ स्वसम्मुखः ।
फलदः सर्वदैवान्त्यकाले पुनरसम्मुखः ॥ १७६ ॥

મત્સ્ય, મકર, શંખ, જલાશય, વગેરે જો હાથમાં ઉર્ધ્વ મુખવાળાં હોય તો તેમનું શુભ ફળ સદાકાળ મળે છે. અને જો અધોમુખ હોય તો અંત્યાવસ્થામાં ફળ આપે છે. ૧૭૬

शतं सहस्रं लक्षं वा कोटिं दद्युर्यथाक्रमम् ।
मीनादयनेःश स्पष्टा छिन्नभिन्नादयोऽल्पदाः ॥ १७७ ॥
सिंहासनदिनेशाभ्यां नन्द्यावर्त्तसुतोरणैः ।
पाणिरेखास्थितैर्मत्स्यैः सार्वभौमो न संशयः ॥ १७८ ॥
श्रीवत्सेन सुखी चक्रेणोर्वीशपतयोधनी ।
भवेद्देवकुलाकाररेखाभिर्धार्मिकः पुमान् ॥ १७९ ॥
वापीयानरथाश्वेभवृषरेखांकिताः कराः ।
येषां ते परसैन्यानां हठग्रहणतत्पराः ॥ १८० ॥
एकमप्यायुधं पाणौ षट्त्रिंशन्मध्यतो यदि ।
तदा परैरयोध्यः स्याद्वीरो भूमिपतिर्जयी ॥ १८१ ॥

મત્સ્યાદિ આકૃતિઓ અનુક્રમે સો, હજાર, લાખ અને કરોડની સંખ્યાના ધનના માલિક બનાવે છે. પરંતુ આ ચિન્હો છિન્નભિન્ન હોય તો અત્યલ્પ ફળ આપે છે. ૧૭૭

જેમના હાથમાં સિંહાસન અને સૂર્ય, અથવા નંદ્યાવર્ત, ચંદ્ર અને તોરણ; એકી સાથે પડયાં હોય અને તે સાથે મત્સ્ય ચિન્હ ન હોય તો તેઓ નિ:સંશય ચક્રવર્તી રાજા થાય છે. ૧૭૮

જેમના હાથમાં શ્રીવત્સ હોય તેઓ સુખી રહે છે. ચક્ર હોય તો સંયમી, વજ્ર હોય તો ધની, અને દેવમંદિરના આકારની રેખા હોય તો મનુષ્ય ધાર્મિક થાય છે. ૧૭૯

પાલખી, વાહન, રથ, હાથી, વૃષભ વગેરે રેખાઓ હોય તો તેવા મનુષ્યો વિજયી નિવડે છે. મહાન્ યુદ્ધોમાં વિજય મેળવનારા થાય છે. ૧૮૦

છત્રીશ પ્રકારનાં હથિયારો પૈકી કોઈ પણ જાતનું હથિયાર હાથમાં હોય તો પણ મનુષ્ય કોઈનાથી હાર ન પામનાર અને વિજયી રાજા થાય છે. ૧૮૧

उडुपो मङ्गिनी पोतो यस्य पूर्णः करांतके ।
सरूप्यस्वर्णरत्नानां पात्री सांयात्रिकः पुमान् ॥ १८२ ॥
त्रिकोणरेखया सीरमुशलोलूखलादिना ।
वस्तुना हस्तजातेन पुरुषः स्यात्कृषीबलः ॥ १८३ ॥
गोमन्तः स्यान्नरा सौधैः दामभिः पाणिसंस्थितैः ।
कमंडलुध्वजौ कुंभस्वस्तिकौ श्रीप्रदौ नृणाम् ॥ १८४ ॥
वाप्यां सर्वजनादेयः समुद्रेस्यान्महानृपः ।
दर्पणेज्ञानसम्पूर्णोऽभिषेके चाभिषेकवान् ॥ १८५ ॥
शस्त्राकारे महावीरः पोते सांयात्रिकः पुमान् ।
पुस्तके शास्त्ररसिको धर्मी देवकुले भवेत् ॥ १८६ ॥
स्वस्तिके धनसौभाग्यं वाणिज्यं स्यात्तुलाकृतौ ।
श्रीवत्सलांछिता लक्ष्मी गवाद्यं दामकेन च ॥ १८७ ॥

જેમના હાથમાં હોડી, વહાણ, કે જહાજનું સ્પષ્ટ ચિન્હ હોય તેઓ રૂપું, સોનું અને રત્નના માલિક બને છે, તેમજ મોટી સમુદ્રની સફર કરનારા થાય છે. ૧૮૨

જેમના હાથમાં ત્રિકોણનું ચિન્હ હોય, અથવા હળ, મૂશળ કે ખાણીઆનું ચિન્હ હોય તેઓ ખેડુત થાય છે. ૧૮૩

જો હાથમાં મહેલનું ચિન્હ હોય અથવા દોરડાનું ચિન્હ હોય તે ઢોરનો પાલક

(માલધારી) થાય છે. કમંડલું, ધજા, કુંભ અને સાથીઆના ચિન્હ લક્ષ્મી આપનારાં છે. ૧૮૪

વાવના ચિન્હવાળો સન્માન પામનાર, સમુદ્રના ચિન્હ વાળો મોટો રાજા, દર્પણના ચિન્હવાળો જ્ઞાની અને અભિષેકના ચિન્હવાળો મહાભિષેકને પામે છે. અર્થાત્ ચક્રવર્તી થાય છે. ૧૮૫

હાથમાં શસ્ત્રના ચિન્હવાળો વીરપુરુષ થાય છે. વહાણના ચિન્હવાળો મોટો મુસાફર થાય છે. પુસ્તકના ચિન્હવાળો શાસ્ત્ર રસિક થાય છે. અને દેવમંદિરના ચિન્હવાળો ધર્માત્મા થાય છે. ૧૮૬

સ્વસ્તિકના ચિન્હવાળો ભાગ્યશાળી થાય છે. તુલા (ત્રાજવાં)ના ચિન્હવાળો વેપારી, શ્રીવત્સ (માળા)ના ચિન્હવાળો મનવાંછિત લક્ષ્મીને મેળવનારો અને દોરડાના ચિન્હવાળો ઢોરનો માલિક થાય છે. ૧૮૭

तुलाग्रमथवा वज्रं करमध्ये तु दृश्यते ।
वाणिज्यं सिध्यते तस्य पुरुषस्य न संशयः ॥ १८८ ॥
यस्य मीनसमा रेखा कर्मसिद्धिः प्रजायते ।
धनाढ्यः सतु विज्ञेयो बहुपुत्रप्रियायुतः ॥ १८९ ॥
पद्मं वा यदि वा शंखं कोष्ठागारं च दृश्यते ।
पुरुषस्य करे यस्य ईश्वरः स च कथ्यते ॥ १९० ॥
चक्राकारो ध्वजाकारः खड्गाकारश्च दृश्यते ।
सर्वविद्याप्रधानोऽयं बुद्धिमान्नृपपूजितः ॥ १९१ ॥
शूलं पाणौ यस्य पुंसः सतु धर्मरतो भवेत् ।
यज्ञधर्मा दानरतो देवगुर्वोस्तु पूजकः ॥ १९२ ॥
अंकुशं कुंडलं छत्रं यस्य पाणितले भवेत् ।
तस्य राज्यं विनिर्दिष्टं समुद्रवचनं यथा ॥ १९३ ॥

**'શૈવસામુદ્રિક'માંથી** ઉર્ધૃત કરીને એક સરખું ફળ આપનારાં બબ્બે ચિન્હો કહે છે. શૈવસામુદ્રિકના અઢાર અધ્યાય છે. જેમાં ૧૨ અધ્યાય પુરુષ લક્ષણના અને ૭ સ્ત્રી લક્ષણના છે. જેના હાથમાં તુલા અથવા વજ્રનું ચિન્હ હોય તે પુરુષને જે વેપાર કરે તેમાં નિઃસંશય સિદ્ધિ મળે છે. જેના હાથમાં માછલાના જેવું ચિન્હ હોય તેને દરેક કામમાં સિદ્ધિ મળે છે. તે પુરુષ ધનાઢ્ય તેમજ સુંદર પ્રિય પત્નીવાળો અને ઘણા પુત્રો વાળો હોય છે. જેના હાથમાં પદ્મ અથવા શેષનાગ અથવા કોઠારનું ચિન્હ હોય તે પુરુષ સર્વસામર્થ્યથી યુક્ત હોય છે. ચક્ર, ધજા અથવા તલવારના ચિન્હવાળો સર્વવિદ્યાયુક્ત શ્રેષ્ઠ પુરુષ અને બુદ્ધિમાન હોઈ રાજમાન્ય થાય છે. જેમના

હાથમાં ત્રિશૂલનું ચિન્હ હોય તેઓ પુરુષ ધર્માત્મા, યજ્ઞકર્તા, દાનશીલ તેમજ દેવગુરૂની પૂજા કરનાર હોય છે. જેમના હાથમાં અંકુશ, કુંડલ, છત્ર એ ચિન્હો હોય તેઓ રાજ્યલક્ષ્મીને પ્રાપ્ત કરે છે, એમ **સમુદ્રનું** વચન છે. ૧૮૮ થી ૧૯૩

वरपउमशंख सत्थिय भद्दासण कुसुम मच्छजलकुंभं ।
वसहगयछत्त चामर दामहय वज्जमपरं च ॥ १९४ ॥
तोमर विमानकेऊजस्से ए हुंति करतले पयडातस्स ।
पुणधण धज्ज आया इज्छलाहोही होइ आचिरेणकालेण ॥१९५॥
मच्छेण अन्नपाणं कुंभेतह पावईय सोहग्गं ।
दामेणय गोबंधं वसहे सेणावइ होइ ॥ १९६ ॥
होइपुण धण धान्यं आज्ञाय सुहं च सत्थिए सुखं ।
कुंभेण पावइतिहं सिखिच्छे इच्छिया भोगा ॥ १९७ ॥
रज्जाभिसेअ पवरं पावइ भद्दासणं करेजस्स ।
पावइ अणंत सुखं गजचामर छत्तवज्जेहिं ॥ १९८ ॥
मयरेण धणसहस पउमेणक लक्खवई होइ ।
संखे दहकोटिवई चक्केण तिहीसरी होइ ॥ १९९ ॥
पावइ पच्छासुखं पच्छिममुह सविश कुरा संखे ।
अभ्मितराणणोपुणा होइ निरंतरं सुहं ॥ २०० ॥
संपुन्न संखमच्छे पउमे भद्दासणेजव कुंभे ।
पावइ विउलारिद्धि पुरिसो अचिरेण कालेण ॥ २०१ ॥
अव्यक्तैश्च तथा छिन्नैर्भिन्नैर्विद्धैश्च रुक्षकैः ।
लक्षणैः फलहीनत्वं धनहानिं विनिर्दिशेत् ॥ २०२ ॥
एकमप्युत्तमं स्पष्टं लक्षणं वेधवर्जितम् ।
सर्वाङ्गीणं श्रियं दत्ते संततिं बहु मंगलम् ॥ २०३ ॥

**ઉપરોક્ત વાતને પ્રકરાન્તરે 'કરરેહા' પ્રકરણકારના શબ્દોમાં કહે છે—**
જેમના હાથમાં સુંદર પદ્મ, શંખ, સ્વસ્તિક, ભદ્રાસન, પુષ્પમાળા, માછલી, કુંભ, બળદ, હાથી, છત્ર, ચામર, રજ્જુ, ઘોડા, વજ્ર, મગર, તોરણ, વિમાન, ધજા હોય તેઓ જલદી જલદી રાજ્યાસનના અધિકારી થાય છે. મત્સ્યચિન્હવાળો ખાનપાનયુક્ત,

કુંભવાળો ભાગ્યશાળી, રજ્જુથી ગાય ભેંસના સમુહવાળો તથા વૃષભથી સેનાનાયક થાય છે. જેના હાથમાં સ્વસ્તિકનું ચિન્હ હોય તે ધન ધાન્યવાળો સેવકોને આજ્ઞા કરનાર તેમજ સુખ ભોગવનાર થાય છે. કુર્મ (કાચબા)ના ચિન્હવાળો સુખવૈભવવાળી ગૃહસ્થાઈને પામે છે. અને શ્રીવત્સવાળો મનવાંછિત લક્ષ્મી પામે છે. જેમના હાથમાં સિંહાસન હોય તેઓ મોટા રાજ્ય ઉપર અભિષિક્ત થાય છે. હાથી, ચામર અને છત્રવાળા અનંત સુખને પામે છે. જેના હાથમાં મગરનું ચિન્હ હોય તે એક હજાર સોનામહોરવાળો, કમલનાં ચિન્હવાળો લક્ષાધિપતિ, શંખના ચિન્હવાળો દશ કરોડવાળો અને ચક્રવાળો ત્રણ ભુવનનનો સ્વામી થાય છે. ઉલટા મુખવાળાં ધજા અને શંખનાં ચિન્હો હોય તો પાછળથી સુખ મળે છે. પરંતુ જો તે ચિન્હો અંતરાભિમુખી હોય તો નિરંતર સુખ પામે છે. પુરેપુરાં શંખ, મત્સ્ય, પદ્મ, ભદ્રાસન, યવ કે કુંભનાં ચિન્હો હોય તો વિપુલ ઋદ્ધિને પામે છે. આવાં ચિન્હોવાળા ગર્ભશ્રીમંત હોય છે. જે ચિન્હો અસ્પષ્ટ, છિન્નભિન્ન, વિંધાએલાં (બીજી રેખાદ્વારા કપાએલાં) અથવા રૂક્ષ (આંખને ન ગમે તેવાં) હોય તો તેમના ફળમાં ન્યુનતા આવે છે. અને ધનહાની કરે છે. એકજ લક્ષણ જો ઉત્તમ પ્રકારે સ્પષ્ટ અને કપાયા વગરનું હોય તો તે એકલું હોવા છતાં પણ સંપૂર્ણ સમૃદ્ધિને આપે છે. ૧૯૪ થી ૨૦૩

अङ्गुष्ठमध्ये केदारे सुखं राज्यं श्रियोऽथवा ।
केदारसंगता रेखास्तावदुबंधनकारिणी ॥ २०४ ॥

**બંદિરેખા**—અંગુઠાના બીજા પર્વમાં ક્ષેત્ર (ચોરસ)નું ચિન્હ હોય તો તે સુખ, રાજ્ય અથવા લક્ષ્મી આપે છે. ગ્રંથકાર ટીકામાં કહે છે કે આ ચિન્હ ડાબા હાથમાં હોવું જોઈએ. જો આ ચોરસ ચિન્હને બીજી રેખાઓ કાપતી હોય અથવા સ્પર્શ કરતી હોય તો જેટલી રેખાઓ સ્પર્શ કરતી હોય તેટલીવાર બંધન થાય. અર્થાત્ જેલમાં જવું પડે. ૨૦૪

अंगुठस्य वयमज्झेकेआरं जइ हविज्ज पुरिसस्स ।
सो होइ सुक्खभागी पावइ पुणातिउ रज्जं ॥ २०५ ॥
केयार संगमाऊ रेहाउ जत्तियाउ दीसंति जाइ ।
बंधणाइ पावइ अत्थकयं पुरिसो ॥ २०६ ॥
जियरेहाउकुलरेह मग्गयाजस्स होइ ।
अक्खंडा रेहा अस्फुडिया सेघणवुड्ढिहोइ पुरिसस्स ॥ २०७ ॥
अङ्गुष्ठमूले यः काकपदवान् मनुजो भवेत् ।
शूलरोगात्तस्य मृत्युरित्युचुः केऽपि पंडिताः ॥ २०८ ॥

'કરરેહા' પ્રકરણકારનું સંમતિદર્શક વાકય—અંગુઠાના મધ્ય ભાગમાં જો ચોરસ ચિન્હ હોય તો તે પુરુષ ભાગ્યશાળી થાય છે. અને રાજ્ય પામે છે. અને તે ચોરસને જેટલી રેખાઓ સ્પર્શ કરતી હોય તેટલીવાર બંધન થાય. ધનવૃદ્ધિ રેખા, જેને આયુરેખામાંથી પલ્લવરેખાઓ(શાખારેખાઓ)નીકળી હોય તેને ધનવૃદ્ધિ થાય છે. આ શાખાઓ ઉર્ધ્વમુખી હોય તો ધનવૃદ્ધિ કરે છે. અન્યથા હાની કરે છે. જેના અંગુઠાના મૂળ ભાગમાં કાકપદ હોય તે પુરુષનું શૂલરોગથી મૃત્યુ થાય છે. એમ કેટલાક પંડિતો કહે છે. જેના અંગુઠાના મૂળમાં કાકપદ હોય તેનું શૂળથી મરણ થાય છે. ૨૦૫ થી ૨૦૮

अंगूठस्सयहिट्ठा कागपयअं जस्सहोई पुरिसस्स ।
सो पाछिममिकाले सुखेणाविवज्जरा पुरिसो ॥ २०९ ॥
कागपय सुलिहयं करयलमज्जंमि दीसए जस्स ।
खिप्पं सोधणमज्जइ नस्सइ खिप्पं तदत्थं ॥ २१० ॥
अधोऽङ्गुष्ठकादुगोत्ररेखोपरिष्ठाद्यास्तिरःस्थिताः ।
ता रेखाः पददायिन्यो विद्यादायिन्यएव च ॥ २११ ॥

જેમના કરતલમાં કાકપદનું ચિન્હ હોય છે. તેઓ ધન કમાય છે, અને જલ્દીથી ગુમાવે છે. તેમનો કાર્યક્રમ એવોજ ચાલ્યા કરે છે. **પદવીરેખા**—અંગુઠાની નીચે અને ગોત્રરેખાની ઉપર જેટલી આડી રેખાઓ હોય તેટલા પ્રમાણમાં પદવી લાભ થાય છે. અને આ રેખાઓ જ વિદ્યા આપનારી છે. ૨૦૯ થી ૨૧૧

कनिष्ठातोह्यायूरेखासम्मुखा यात्ररेखिका ।
साभाग्यरेखा कथिता निर्वेधा सुखकारिणी ॥ २१२ ॥
अङ्गुष्ठेतु यवैर्भाग्यं विद्याचाङ्गुष्ठमूलजैः ।
ऊर्ध्वाकारा पुनः पाणितले रेखा महाश्रियै ॥ २१३ ॥
कणयांगुलिमूलोवरि रेहाऊ जस्सति चत्तारि ।
सो होइ पुत्तभोगी रायाईणंपि नमणिजा ॥ २१४ ॥
जिताउदाहिण करे मूले रेहाउताव जण पुज्जो ।
अह वामतोराजसेवा वणिज धण पुरओ ॥ २१५ ॥
शिवाधस्था धर्मरेखा मध्यात्तु जीवितोन्मुखी ।
कथयेदुदरे पीडमाद्याधःस्था तु दीक्षणम् ॥ २१६ ॥

## શ્રીહસ્તસંજીવન વિમર્શ ૩

**ભાગ્યરેખા**—કનિષ્ઠિકાના મૂળમાંથી નીકળી આયુરેખા ભણી જનારી રેખાને ભાગ્યરેખા કહે છે. આ રેખા જો અખંડ તેમજ કપાયા વગરની હોય તો સુખ આપનારી છે. **મતાંતર**—અંગુઠામાં યવમાળા હોય તો તે ભાગ્યરેખાનું કામ કરે છે. અને અંગુઠાના મૂળમાં યવમાળા હોય તો તે વિદ્યારેખાનું કામ કરે છે. હાથમાં જે ઉર્ધ્વરેખા હોય છે, તે ખરી ભાગ્યરેખા છે. અને તે લક્ષ્મી આપનારી છે. **'કરરેહા' પ્રકરણકારનો મત**—કનિષ્ઠિકાના મૂળ ઉપર ત્રણ અથવા ચાર રેખાઓ હોય તો પુરુષ પુત્રવાન્ ધનવાન તથા રાજમાન્ય થાય છે. આ રેખાઓ કનિષ્ઠિકાના મૂળથી શરૂ થઈ ઉર્ધ્વપર્વમાં જવી જોઈએ. આ રેખાઓ જેટલી હોય તેટલી અવસ્થામાં ફળ આપે છે. જો જમણા હાથની કનિષ્ઠિકામાં એક ઉર્ધ્વરેખા હોય તો બાલ્યકાળમાં, બે હોય તો મધ્યાવસ્થા પર્યંત અને ત્રણ હોય તો ત્રણે અવસ્થામાં સન્માન મળે છે. જમણા હાથમાં ન હોય અને ડાબા હાથમાં હોય તો રાજા કે ધનવાન પુરુષોના સેવક તરીકે રહી તે દ્વારા ધનલાભ થાય છે. **ધર્મરેખા ઉદર પીડારેખા**—અનામિકાની નીચે ઉભી રેખા હોય તેને ધર્મરેખા કહે છે. મધ્યમાની નીચે આયુરેખા ભણી જનારી રેખા હોય તો ઉદરપીડા થાય છે. અને તર્જનીની નીચે તીરછી રેખા હોય તો તે દીક્ષારેખા છે. આ રેખાવાળા દીક્ષા લે છે. ૨૧૨ થી ૨૧૬

**अनामिकाद्यपर्वस्था प्रतिरेखा प्रभुत्वकृत् ।**
**ऊर्ध्वा पुनस्तले तस्या धर्मरेखेयमुच्यते ॥ २१७ ॥**

**ધર્મરેખામાં 'વિવેકવિલાસ'કારની સંમતિ**—અનામિકાના પ્રથમ પર્વમાં રહેલી રેખા જો સરલ ન હોતાં વક્ર હોય તો પ્રભુત્વ આપે છે. આ રેખા સરલ ઊભી હોય તો જ તેને ધર્મ રેખા કહે છે. ૨૧૭

**रेखाभ्यां मध्यमस्थाभ्यां प्रोक्तो विपर्ययः ।**
**तर्जनीगृहबंधान्ता रेखा स्यात्सुखमृत्युदा ॥ २१८ ॥**

**અધર્મરેખા**—જો મધ્યમાના મૂળ ભાગમાં ઊભી બે રેખાઓ હોય તો તે દારિદ્રય આપનારી અને અધર્માચરણ કરાવનારી રેખાઓ છે. **સમાધિમરણ રેખા**-જો તર્જની અને ત્રિવેણી (પિતૃમાતૃરેખાનો સંગમ) એ બેની વચ્ચે રેખાઓ હોય તો સુખપૂર્વક મૃત્યુ થાય છે. ૨૧૮

**जेठा अनामिकाणां उज्झाड निग्गया रेहा ।**
**तन्मूलेस पुणेताउ इह धम्म रेहाउ ॥ २१९ ॥**
**तासु उवरितिरिछिन्ना सापूण मग्गतणे भवेरेहा ।**
**अस्फुण पल्लव दीहाई सिंसेवियायवरा ॥ २२० ॥**

सोहवइवायणारी कणिट्ठिया हिट्ठगयाजस्स ।
उल्मायणामिया एव दठियतोसूरि ॥ २२१ ॥
गत्वा मिलितयोः प्रान्ते द्रव्यपित्रोश्चरेखयोः
गृहबन्धो विनिर्देश्यो गृहभङ्गोऽन्यथा पुनः ॥ २२२ ॥

**કરરેહા પ્રકરણકારનું વિશેષ કથન**—મધ્યમા તથા અનામિકાના વચ્ચેના ભાગમાંથી નીકળેલી રેખા આયુરેખા પ્રત્યે જતી હોય તો તેને વ્રતરેખા કહે છે. મધ્યમા અને અનામિકાના મધ્ય ભાગમાંથી નીકળતી દરેક રેખા વ્રતરેખા હોય છે. **ભિક્ષારેખા**—આ ધર્મરેખાઓના ઉપરના ભાગમાં તિરછી રેખા હોય તેને ભિક્ષારેખા કહે છે. આ ભિક્ષારેખા જો શાખાઓ વગરની અને લાંબી હોય તો મોટી મહારાણીઓ દ્વારા અપાતી રાજવી ભિક્ષા મળે છે. જે ભિક્ષુકને કનિષ્ઠિકાના નીચે ભિક્ષારેખા હોય તેને વાચનાચાર્ય (વાચક, પ્રવચનકાર વક્તા ઈત્યાદિ) ની પદવી મળે છે. જો ભિક્ષારેખા અનામિકાના નીચે હોય તો ઉપાધ્યાય પદવી મળે છે. અને જો કનિષ્ઠિકાના મૂળથી આરંભ થઈ મધ્યમાના મૂળ પર્યંત આ રેખા ગઈ હોય તો તે આચાર્ય (મંડલેશ્વર)ની પદવી આપે છે. જેમના હાથમાં ધનરેખા તથા પિતૃરેખાનો (પૂર્વદિશામાં) યોગ થએલો હોય છે, તેઓને ઘરવૈભવ (ગૃહસ્થાઈ ભરેલું જીવન) પ્રાપ્ત થાય છે. જો તેમ નથી હોતું તો તેમનો ઘરવાસ ઉજ્જડ થઈ જાય છે. ૨૧૯ થી ૨૨૨

मृत्युरेखां विजानीयात् समुद्रात्करभोन्मुखी ।
तदधोऽपि द्वितीया या ग्रन्थिलं कुरुते जनम् ॥ २२३ ॥
कुल रेहा उवरि मूलं मिय रासिणीइ जा रेहा ।
परदेशे मरणं तणुपई सदेश मरणं च ॥ २२४ ॥
मृत्युरेखाधस्त्रिरेण्या अन्तरे ग्रंथिलं नरम् ।
करोति निर्गताम्भोधेः सम्मुखी करभस्य सा ॥ २२५ ॥

**મૃત્યુરેખા**—પૂર્વસમુદ્રમાંથી નીકળી કરભ પ્રત્યે જનારી રેખાને મૃત્યુરેખા કહે છે. આ રેખાનો નીચે બીજી રેખા હોય તો તે ભૂતબાધા અથવા સંનિપાત કરનારી રેખા છે. **'કરરેહા' પ્રકરણની સંમતિ**—ગોત્રરેખાના ઉપર તર્જનીની નીચે જે રેખા હોય તે જો જાડી હોય તો પરદેશમાં મૃત્યુ થાય છે. જો આ રેખા પાતળી હોય તો સ્વદેશમાં મૃત્યુ થાય છે. **'ભોજ'ની સંમતિ**—પૂર્વસમુદ્રમાંથી નીકળેલી અને કરભભણી જનારી રેખા મૃત્યુ રેખા છે. આ રેખાવાળા માણુસ ભૂતબાધાવાળા થાય છે. ૨૨૩ થી ૨૨૫

करभाच्च कनिष्ठाधः स्त्रीरेखांभोधिसंमुखी ।
मित्ररेखापि सैवोक्ता स्फुटिता किंचिदानने ॥ २२६ ॥

સ્ત્રીરેખા—કનિષ્ઠિકાની નીચે કરભમાંથી નીકળી પૂર્વસમુદ્ર ભણી જનારી રેખા સ્ત્રીરેખા છે. આ રેખા જો મુખ ભાગમાં કંઈક ફાટેલી હોય તો તેને મિત્રરેખા કહે છે. ૨૨૬

शिवाधस्तनुरेखान्ता तिर्यक्स्था पददायिनी ।
अङ्गुष्ठपितृरेखान्तस्तिर्यग्रेखेति केचन ॥ २२७ ॥

પદરેખા—અનામિકાની નીચે અને આયુરેખાની ઉપરના ભાગમાં આડી પડેલી રેખાને પદરેખા કહેવામાં આવી છે. પરંતુ કેટલાકના મતમાં અંગુષ્ઠ અને પિતૃરેખાના મધ્યમાં આડી પડેલી રેખાને પદરેખા કહેવામાં આવી છે. ૨૨૭

समुद्रान्निर्गता गोत्ररेखान्तर्नृपमूलगा ।
वक्राश्वरेखा निर्दिष्टा समा पर्यंकिका दिशेत् ॥ २२८ ॥

વાહનરેખા—સમુદ્રમાંથી નીકળેલી અને અંગુષ્ઠમૂલ તથા ગોત્રરેખાના મધ્યમાં થઈ અંગુષ્ઠમૂલ પ્રત્યે જનારી રેખા વાહનરેખા છે. આ રેખા વાંકી હોય તો ઘોડાનું સુખ આપે છે. અને જો સીધી હોય તો પાલખીનું સુખ આપે છે. ૨૨૮

अङ्गुष्ठमूले या ऊर्ध्वरेखा स्त्री संगमप्रदा ।
तिरश्चीना पदरेखा मतमेतत् कचिन्मतम् ॥ २२९ ॥

સ્ત્રીરેખા વિષે મતભેદ:—અંગુઠાના મૂળમાં જેટલી ઊભી રેખાઓ હોય તેટલી સ્ત્રીઓ સાથે સંગમ થાય છે. આ સ્થાનમાં આડી પડેલી રેખાઓને કેટલાક (હસ્તબિંબકાર)ના મતમાં પદરેખા કહેવામાં આવી છે. ૨૨૯

गोत्ररेखाधनरेखान्तराले कोशईरितः ।
आयुर्धनानन्तरे भोगो यशोऽङ्गुष्ठपर्वगम् ॥ २३० ॥

ગોત્રરેખા અને ધનરેખાના મધ્યમાં આવેલા સ્થાનને કોશ કહે છે. આયુરેખા તથા ધનરેખાના મધ્યભાગમાં રેખા હોય તેને ભોગરેખા કહે છે. અને અંગુઠાના મૂળપર્વમાં આડી પડેલી લાંબી રેખાને યશરેખા કહે છે. ૨૩૦

तिलोहस्ततले राज्ञो निन्द्यः स वणिजां शुभः ।
ध्वजस्तु वणिजां श्रेष्ठो देशभ्रमणकारणात् ॥ २३१ ॥

તલલક્ષણ—રાજાઓના હાથમાં તલ નિંદ્ય છે. જ્યારે વેપારીઓના હાથમાં તે શુભ ગણાય છે. તેમજ વેપારીઓના હાથમાં ધ્વજચિન્હ હોય તો તે અશુભ છે. કારણ ઘણું દેશભ્રમણ કરાવે છે. ૨૩૧

यात्रा रेखाङ्गुष्ठमूलान्निर्गता पितृसंगता ।
विद्या रेखा तु करभान्निर्गता कोशसंमुखी ॥ २३२ ॥

**યાત્રારેખા વિદ્યારેખા**—અંગુઠાના મૂળમાંથી નીકળી પિતૃરેખામાં મળેલી રેખા ને યાત્રારેખા કહે છે. કરભમાંથી નીકળી કોશ પ્રત્યે જનારી રેખાને વિદ્યા-રેખા કહે છે. ૨૩૨

**विद्यामण्योरंतराले या रेखा वक्ररूपिणी ।**
**बाणप्रहारं कुरुते समोदरगलव्यथाम् ॥ २३३ ॥**

વિદ્યારેખા અને મણિબંધના મધ્યભાગમાં આવેલી વાંકી રેખાને બાણરેખા કહે છે. આ રેખા હોય તો શસ્ત્ર ઘા થાય છે. જો આ રેખા વાંકી ન હોતાં સરલ હોય તો તે પેટ અને ગળામાં પીડા કરે છે. ૨૩૩

**करशाखासु मध्यस्थत्र्यंशे या ऊर्ध्वरेखिकाः ।**
**ता वैरीदुःखसंप्राप्तिसूचिकावामहस्तगाः ॥ २३४ ॥**
**दक्षिणाङ्गुलिकात्र्यंशे ता मित्रावाप्तिकारिकाः ।**
**रेखावेधे फलं न्यूनं स्फुटत्वेऽतिशयात्फलम् ॥ २३५ ॥**
**अङ्गुष्ठपृष्ठे या रेखा नखाधः पर्वणि स्मृता ।**
**तावद्विंशतिकामायुर्मृत्युजन्मद्वयं निशि ॥ २३६ ॥**
**तर्जन्याः पृष्ठभागे या पर्वण्यायतरेखिका ।**
**तावद्वारं रोगबंधक्लेशा निधि तदुद्भवाः ॥ २३७ ॥**

**શત્રુરેખા**—જમણા હાથની આંગળીઓના વચલા પર્વમાં ઉર્ધ્વરેખાઓ હોય તો તે શત્રુરેખાઓ છે. પરંતુ જો ડાબા હાથમાં તેવી રીતની રેખાઓ હોય તો શત્રુઓ તરફથી લાભ થાય છે. જમણા હાથની આંગળીઓના મધ્યપર્વમાં જો ઉર્ધ્વ-રેખાઓ હોય તો તે મિત્રરેખાઓ છે. પરંતુ તે રેખાઓ જો પૂર્ણ હોય તો જ પૂર્ણ ફળ મળે. છિન્નભિન્ન હોય તો અલ્પ ફળ મળે. અંગુઠાના પાછલા ભાગમાં યવની નીચે જેટલી રેખાઓ હોય તેટલી વીસો ( એક રેખા બરાબર ૨૦ વર્ષ ) એ હિસાબે આયુર્દા જાણવો. આ રેખાઓ સ્પષ્ટ હોય તો મનુષ્યનો જન્મ રાત્રીએ થયો છે, એમ જાણવું; અને મૃત્યુ પણ રાત્રીએ થશે. તર્જનીના પૃષ્ટ ભાગમાં જેટલી લાંબી રેખાઓ હોય તેટલીવાર રોગ, બંધન ઈત્યાદિ ઉપદ્રવો થાય છે. અને એ ઉપદ્રવોની શરૂઆત રાત્રીએ થાય છે. ૨૩૪ થી ૨૩૭

**लक्ष्म्याः पृष्ठांशरेखाभिर्धनं चौर्यादिसंभवम् ।**
**परदारालंपटत्वं निशिभुक्तिभ्रमौ प्रियौ ॥ २३८ ॥**
**शिवायाः पृष्ठरेखाभिर्विरतिर्निशि भोजनात् ।**
**परोपकारधर्मादिस्वप्नं रात्रौ शिवं सदा ॥ २३९ ॥**

तारायाः पृष्ठभागेऽपि रेखाभिः क्रूरकर्मकृत् ।
अन्यायोजनपैशून्यं धर्मद्वेषश्च संभवेत् ॥ २४० ॥

મધ્યમાના પૃષ્ટ ભાગમાં આડી લાંબી રેખાઓ હોય તો ચોરીદ્વારા ધનપ્રાપ્તિ થાય છે. અને પરદારાલંપટ તથા નિશાચરપણાને ચાહનાર થાય છે. અનામિકાની પાછળના ભાગમાં રેખાઓ હોય તો રાત્રીભોજનથી વિરક્તિ હોય છે. અને પરોપકારી તથા કલ્યાણકારી સ્વપ્નોનો જોનાર હોય છે. કનિષ્ઠિકાના પાછલા ભાગમાં રેખાઓ હોય તો ક્રૂર થાય છે. અન્યાય, ચાડીચુગલી તથા ધર્મદ્વેષ કરનાર થાય છે. ૨૩૮ થી ૨૪૦

रेखाविमर्शनफलं गदितं गुरुणाम्
सारस्यमेघविजयं वचनं गृहीत्वा ।
विश्वप्रभोर्भगवतोऽतिशयादमुस्मिन्
वाक्सिद्धिरस्तु सुधियां वरमस्तु सिध्यै ॥ २४१ ॥

આ પ્રમાણે રેખાઓનો વિમર્શ કરી તેમનું ફલ ગુરુઓના વાકયના મર્મને ગ્રહણ કરી કહ્યું છે. અને વિશ્વપ્રભુની કૃપાથી વિદ્વાનોને આ શાસ્ત્રમાં વાક્‌સિદ્ધિ અને મનોરથપૂર્તિ થાઓ. ૨૪૧

---

### विशेषाधिकारे विंशोपकलक्षणम्

विंशोपकानां विंशत्या धर्मवान् भाग्यवान् धनी ।
मिश्रश्चैकोनविंशत्या तदष्टादशकेऽधमः ॥ १ ॥

### ચોથો વિશેષાધિકાર

વિંશોપકા—જો આંગળીઓના પર્વની રેખાઓ વીસ થતી હોય તો મનુષ્ય ધર્મવાન્ ભાગ્યવાન્ અને ધનવાન્ થાય છે. ઓગણીસ હોય તો મિશ્ર લક્ષણ હોય છે. અને અઢાર હોય તો અધમતા થાય છે. ૧

नखैः कूर्मोन्नतैरक्तैः सपीठैर्दीप्तिसंयुतैः ।
नरा नराधिनाथाः स्युः संहितैः पाटलैः कृशैः ॥ २ ॥
सूर्पाकारैस्तथा भग्नैर्वक्रैः शूक्तिशिरायुतैः ।
प्रस्विन्नैः पांडुरैस्तीक्ष्णैः पुरूषाः स्युः सुदुःखिताः ॥ ३ ॥
वर्तुलैश्च महैश्वर्यं पुष्टैतैः सुभगोभवेत् ।
स्निग्धैः पीठयुतैस्ताम्रैर्नखैर्भवति भूमिपः ॥ ४ ॥

નખલક્ષણ—નખ જો કાચબાની પીઠની માફક ઉપસેલા, લાલ, અને તેજસ્વી હોય તો મનુષ્ય રાજા થાય છે. ચોંટી ગએલા જેવા, ગુલાબી તેમજ સાંકડા નખનું

પણ ઉપર મુજબ જ ફળ છે. જેમના નખ સુપડા જેવા, આંગળીઓથી જુદા પડી જતા, વાંકાચૂંકા, ધોળા ડાઘવાળા, કે ફાટેલા, પરસેવાવાળા, પીળચટા તેમજ તીણા હોય તો પુરુષો દુઃખી થાય છે. ગોળ નખ મહાઐશ્વર્યને આપનારા છે. ખીલેલા પુષ્ટનખવાળા ભાગ્યશાળી હોય છે. તેજસ્વી, ધીઠદાર તથા તાંબા જેવા લાલ નખોથી માણસ રાજા થાય છે. ૨ થી ૪

आवर्त्तादक्षिणाः शस्ताः साङ्गुष्ठाङ्गुलिपर्वसु ।
ताम्रस्निग्धोच्छिखोत्तुङ्गाः पर्वाधोत्थनखाः शुभाः ॥ ५ ॥
श्वेतैर्यतित्वं मत्स्याभैर्नैस्वं पीतैः सरोगिता ।
पुष्पितैर्दुष्टशीलत्वं क्रौर्यं व्याघ्रोपमैर्नखैः ॥ ६ ॥
शूक्त्याभैः श्यामलैः स्थूलैः स्फुटिताग्रैश्च नीलकैः ।
अज्योतिरूक्षैर्वक्रैश्च नखैः पातकिनोऽधमाः ॥ ७ ॥
नखेषु बिन्दवःश्वेताः पाण्योश्चरणयोरपि ।
आगन्तवः प्रशस्ताः स्युरिति भोजनृपोऽभ्यधात् ॥ ८ ॥
तर्जन्यादिनखैर्भग्नैर्जातमात्रस्य तु क्रमात् ।
अर्धत्र्यंशचतुर्थांशाष्टांशाः स्युः सहजायुषः ॥ ९ ॥
अङ्गुष्ठस्य नखे भग्ने धर्मतीर्थरतोभवेत् ।
कूर्मोन्नतेऽङ्गुष्ठनखे नरः स्याद्भाग्यवर्जितः ॥ १० ॥
स्थानद्रव्यादियोगेन शुभमप्यशुभं क्वचित् ।
अशुभं वा शुभं ज्ञेयं सुधियाभ्यासशीलनात् ॥ ११ ॥

**વિવેકવિલાસ ગ્રંથના મતે**—જમણી ભમરીઓ સારી ગણાય છે. આ ભમરીઓ એટલે અંગુઠામાં તેમજ આંગળીઓના અગ્રપર્વમાં જે ગોળ આવર્ત પડતા હોય છે તે અગ્રપર્વના અર્ધ ભાગમાંથી શરૂ થતા, લાલ ઉઠાવદાર, તેમજ ઉત્તુંગ નખ શુભ ગણાય છે. ધોળા નખવાળા યતિ થાય છે. માછલા જેવા રંગના નખવાળા કે પીળા નખવાળા રોગી થાય છે. ફાટેલા નખ એ દુશ્ચરિત્રનુ લક્ષણ છે. તેમજ વાઘના જેવા નખ એ ક્રૂરતાનું લક્ષણ છે. છીપના જેવા, કાળા, જાડા, અગ્રભાગમાંથી ફાટેલા, વાદળી, તેજહીન, રુક્ષ, તેમજ વક્રનખવાળા પાપી અધમ પુરુષો હોય છે. હાથ કે પગના નખોમાં આગંતુક ધોળાં બીંદુઓ પડે તો ( અકસ્માત પડે તો ) તે શુભ છે, એમ ભોજરાજા કહે છે. તર્જની, મધ્યમા, અનામિકા તથા કનિષ્ઠિકા પૈકી જે આંગળીનો નખ જન્મકાળથી તૂટેલો ફૂટેલો હોય તે આંગળીના પ્રમાણ મુજબ એટલે કે

તર્જની હોય તો ૧/૨ મધ્યમા હોય તો ૧/૩ અનામિકાનો હોય તો ૧/૪ અને કનિનિકા હોય તો ૧/૮ એ પ્રમાણે તેના જે આયુર્દા રેખાઓ દ્વારા નિશ્ચિત થતું હોય તેમાંથી તેટલામો ભાગ હ્રાસ થાય છે. અંગુઠાનો નખ જો ભાગેલો હોય તો મનુષ્ય ધર્મ-તીર્થમાં આસક્તિવાળો થાય છે. અને જો અંગુઠાનો નખ કાચબાની પીઠની માફક ઉન્નત હોય તો મનુષ્ય ભાગ્યહીન થાય છે. **ઉપસંહાર**—ઉપરોક્ત લક્ષણોનું ફળ સ્થાનદ્રવ્યાદિના યોગે કરી શુભ અથવા અશુભ થાય છે. અર્થાત્ કેટલીક વખત શુભ લક્ષણ અશુભસ્થાનમાં અથવા અશુભ લક્ષણની સાથે હોય તો તેનું ફળ મળતું નથી. અને કેટલીક વખત અશુભ લક્ષણ શુભસ્થાન કે શુભલક્ષણના યોગે કરી શુભફળ આપે છે. આથી બુદ્ધિમાન પુરુષોએ વારંવારના અભ્યાસથી ફલના નિષ્કર્ષનો નિર્ણય કરવો. ૫ થી ૧૧

अङ्कुशं कुंडलं चक्रं यस्याः पाणितले भवेत् ।
पुत्रं प्रसूयते नारी नरेन्द्रं लभते पतिम् ॥ १२ ॥
यस्याः पाणितले रेखाप्रासादं छत्रतोरणम् ।
अपि दासकुले जाता राजपत्नी भविष्यति ॥ १३ ॥
मन्दिरं कुंडलं चैव ध्वजचक्रसरोवरम् ।
यस्याः करतले छत्रं सानारी राजसूर्भवेत् ॥ १४ ॥
यस्याः करतले रेखा मयूरं छत्रमीक्ष्यते ।
राजपत्नित्वमाप्नोति पुत्रैश्चसह वर्धते ॥ १५ ॥
पद्मं मालाङ्कुशं छत्रं नन्दावर्त्तः प्रदक्षिणः ।
पाणिपादे भवेद्यस्याः राज्ञोभोग्यात्र सा सुता ॥ १६ ॥
अङ्गुल्यः संहता यस्या नखाः पद्मदलोपमाः ।
मृदुहस्ततला कन्या सानित्यं सुखमेधते ॥ १७ ॥

**સ્ત્રીઓના લક્ષણો સંબંધી વિશેષકથન**—જે સ્ત્રીના હાથમાં અંકુશ, કુંડલ, અગર ચક્ર હોય તે સ્ત્રી રાજરાણી અને પુત્રની માતા થાય છે. જેના હાથમાં મહેલ, છત્ર અને તોરણની રેખાઓ હોય છે, તે દાસના કુલમાં જન્મી હોય તોપણ રાજરાણી થાય છે. મંદિર, કુંડલ, ધજા, ચક્ર, સરોવર અને છત્ર જેના હાથમાં હોય તે સ્ત્રી રાજમાતા થાય છે. જે સ્ત્રીના કરતલમાં મયુર છત્રનું ચિન્હ હોય તે સ્ત્રી રાણી થાય છે. અને પુત્રોની માતા થાય છે. પદ્મ, માળા, અંકુશ, છત્ર અને દક્ષિણાવર્ત નંદાવર્ત હાથમાં કે પગમાં જે સ્ત્રીને હોય તે હલકા કુલમાં ઉત્પન્ન થએલી હોય છતાં રાજાની રાણી થાય છે. જેની આંગળીઓ એક બીજા સાથે વળગી રહેનારી હોય અર્થાત્

આંગળીઓ વચ્ચે જગ્યા ન રહેતી હોય, તેમજ જેના નખ પદ્મ પાંખડીઓની માફક લાલ રંગના હોય અને હાથનું તળીયું કોમળ હોય તે સ્ત્રી નિત્ય સુખ ભોગવે છે. ૧૨ થી ૧૭

आयूरेखाभर्तृरेखाश्वश्रू स्याद्धनरेखया ।
श्वसुरो गोत्ररेखायां स्त्रीणां दक्षिणहस्ततः ॥ १८ ॥

સ્ત્રીના જમણા હાથમાં આયુરેખાને ભર્તૃરેખા (પતિની રેખા) જાણવી. ધનરેખા સાસુની રેખા અને ગોત્રરેખા સાસરાની રેખા સમજવી. ૧૮

धर्मरेखा धर्मकारी दामरेखासु गोधनम् ।
रत्नाकराद्वामहस्ते दाससौख्यश्चतुष्पदम् ॥ १९ ॥

સ્ત્રીના ડાબા હાથમાં ધર્મરેખા ધર્મકૃત્ય કરાવનારી બને છે. રજ્જુરેખા ગોધન આપે છે. અને મણિબંધ ઉપરથી દાસદાસી તથા ચતુષ્પદના સુખનો વિચાર કરવો. ૧૯

भाग्यरेखा वामहस्ते ज्ञेया तत्रैव सन्ततिः ।
सोदरोत्था सपत्नीजा दक्षिणे करभेस्मृता ॥ २० ॥

ડાબા હાથમાં ભાગ્યરેખા તથા સંતતિ રેખાનો વિચાર કરવો અને ભાઈ તેમજ શોકયનો વિચાર જમણા હાથના કરભમાં રહેલી ભાઈભાંડુની રેખા ઉપરથી કરવો. ૨૦

यदोदरस्थपीडाय रेखा मध्याद्यपर्वगा ।
सचेदत्यविच्छिन्ना गर्भपातं तदा वदेत् ॥ २१ ॥

પુરુષોના હાથમાં જે ઉદર પીડાની રેખા મધ્યમાના પ્રથમ પર્વમાં કહી છે. તે રેખા સ્ત્રીને હોય અને ઘણી જ વિચિત્ર દેખાતી હોય તો તે ગર્ભપાત કરાવે છે. ૨૧

सन्तानरेखाप्रान्ते या दीर्घा कोशस्य सम्मुखी ।
व्यापाररेखा तस्याश्च नीचैर्वक्रा विषाशनी ॥ २२ ॥

સ્ત્રીને સંતાન રેખાઓની નજીકમાં લાંબી કોશ ભણી જનારી રેખા હોય તો તે વ્યાપાર રેખા છે. આ વ્યાપાર રેખાની નીચે બીજી વક્રરેખા હોય તો તે વિષ-ભક્ષણની રેખા છે. ૨૨

पीठे या ऊर्ध्वरेखास्ताजाररेखा उदाहृताः ।
वयस्यादक्षिणे वक्रे कन्दे ज्येष्ठश्चदेवराः ॥ २३ ॥

નૃપાસન (અંગુઠાના હથેળીમાં રહેલા ભાગ)માં જો ઉર્ધ્વરેખા હોય તો તે જારરેખા છે. જમણા હાથમાં જે શોકયની રેખા બતાવી, તે શોકયના અભાવમાં સખીની રેખા બને છે. અને અંગુષ્ઠમૂલમાં જેઠ તેમજ દીયરની રેખા હોય છે. ૨૩

स्त्रीणामुदग्दिशि मणिर्दक्षिणाशाङ्गुलिस्थिता ।
सौभाग्यं मध्यमाङ्गुल्या निर्णेयं नखपर्वणोः ॥ २४ ॥

સ્ત્રીઓના હાથમાં મણિબંધ એ ઉત્તરદિશા છે. અને આંગળીઓના મૂળમાં દક્ષિણ દિશા છે. સૌભાગ્ય મધ્યમા આંગળી ઉપરથી વિચારવું. ૨૪

पतिरेखापल्लवैर्वा ताराधोरेखया स्त्रियः ।
सपत्नीसंभवो ज्ञेयः पतिभाग्यन्तु दक्षिणे ॥ २५ ॥

પતિરેખામાં શાખાઓ હોય અથવા કનિષ્ઠકાની નીચેની વિવાહ રેખામાં શાખાઓ હોય તો સપત્ની યોગ થાય છે. જમણા હાથની ભાગ્યરેખા પતિના ભાગ્યનું દ્યોતન કરે છે. ૨૫

दक्षिणैः पल्लवैः पत्युरेखायां प्रीतिरुत्तमा ।
बलवल्लक्षणैर्नार्याः फलं भर्त्तुरिवाङ्गजे ॥ २६ ॥

પતિરેખામાં જમણી બાજુની શાખાઓ હોય તો સ્ત્રીપુરુષ વચ્ચે ઉત્તમ પ્રકારની પ્રીતિ રહે છે. સ્ત્રીનાં બળવાન લક્ષણોનું ફળ પતિને અથવા પુત્રોને મળે છે. ૨૬

यथैव दक्षिणे तद्वत् प्रायो वामेऽपि वीक्ष्यते ।
कृष्णपक्षे प्रजातस्य मुख्यं दक्षिणलक्षणम् ॥ २७ ॥
शुक्लपक्षे वामहस्ते लक्षणं मुख्यमीरितम् ।
अनिर्णये हस्तवीक्ष्या पक्षात्याण्योः प्रधानता ॥ २८ ॥
स्त्रियः स्त्र्यंशनरस्यापि फलं मुख्यं तु वामतः ।
एवं रात्रौ दिने जातस्त्रीत्रोः केचित्फलं विदुः ॥ २९ ॥

પુરુષના ડાબા હાથનું વર્ણન—જેવી રીતે પુરુષના માટે જમણા હાથનું પ્રાધાન્ય છે, તેવી રીતે કૃષ્ણપક્ષમાં જન્મેલા પુરુષને ડાબા હાથનું પ્રાધાન્ય છે. શુક્લપક્ષમાં જન્મેલા મનુષ્યને જમણા હાથનું જ પ્રાધાન્ય છે. પરંતુ જ્યારે બંને હાથમાં સમાન લક્ષણો હોય, અને મુખ્યામુખ્યનો નિર્ણય ન કરી શકતા હોઈએ, ત્યારે જન્મના પક્ષ ઉપરથી કયા હાથની મુખ્યતા છે, તેનો વિચાર કરી લેવો. સ્ત્રીને તેમજ સ્ત્રીપ્રકૃતિવાળા પુરુષને ડાબો હાથ મુખ્ય છે. જેવી રીતે પક્ષ ઉપરથી મુખ્યામુખ્યનો વિચાર કર્યો, તેવી રીતે જ રાત્રીએ જન્મેલાને ડાબો હાથ અને દિવસે જન્મેલાને જમણો હાથ મુખ્ય છે. એમ કેટલાક આચાર્યો કહે છે. ૨૭ થી ૨૯

द्वादशाब्दानि रेखाणां न तादृक् स्पष्टता भवेत् ।
तत्परं त्रीणि वर्षाणि वामहस्तेक्षणं शिशोः ॥ ३० ॥
वामहस्ते मातृरेखादैर्घ्ये स्त्रीपक्षतो धनम् ।
तथा मातुर्धनं पक्षे तारुण्ये वा विनिर्दिशेत् ॥ ३१ ॥
अपल्लवा न विच्छिन्ना वामायूरेखिका यदा ।

तदा स्त्रिया समं प्रीतिः प्राधान्यं स्वगृहे भवेत् ॥ ३२ ॥
स्वश्रूर्वामे मातृरेखा स्वसुरः पितृरेखिका ।
अङ्गुष्ठाच्च माणिं यावद्रेखाभिः शालकान् वदेत् ॥ ३३ ॥

બાર વર્ષની ઉંમર સુધી રેખાઓનું સ્પષ્ટિકરણ થતું નથી. તેમજ ત્યારપછીનાં ત્રણ વર્ષ સુધી પણ બાલકને ડાબા હાથમાં જ બધું વિચારવું. ડાબા હાથમાં માતૃરેખા લાંબી હોય તો સ્ત્રીપક્ષ તરફનું ધન મળે છે. અથવા માતા તરફથી કે માતુલપક્ષ તરફથી ધન મળે છે, કે પછી યુવાનીમાં પોતાની મેળે ઉપાર્જન થાય છે. શાખા વગરની કે છિન્નભિન્ન થયા વગરની ડાબા હાથની આયુરેખા હોય તો સ્ત્રી ઉપર પ્રીતિ રહે છે. અને ઘરમાં સ્ત્રીની મહત્તા રહે છે. ડાબા હાથમાં માતૃરેખા સાસુની રેખા બને છે. અને પિતૃરેખા સસરાની રેખા બને છે. તેમજ અંગુઠાથી મણિબંધ પર્યંતની રેખાઓ સાળાઓનું સૂચન કરે છે. ૩૦ થી ૩૩

रेखाभिः करभे वामे वणिक् पुत्राश्च सेवकाः ।
वाणिज्यं यैः समं मिश्रं कनिष्ठाजीवितांतरे ॥ ३४ ॥
धर्म दीक्षा यशोराज्यं रेखाभिः फलमत्र तत् ।
साहचर्यं स्त्रियस्तत्र तथैव मृत्युरेखया ॥ ३५ ॥
ज्ञेयं विज्ञानचातुर्यं विद्यारेखास्वरूपतः ।
ऊर्ध्वरेखाफलान्यत्र स्त्रीपाणिग्रहणात्परम् ॥ ३६ ॥
अत्रद्वादशराश्यादेस्तथावयवचिन्तनम् ।
प्रागुक्तं तत् स्त्रिया ज्ञेयं योगिनां भक्तिकारिणः ॥ ३७ ॥
वामहस्ते दक्षिणास्थाद्बलवद्भोगलक्षणे ।
प्रभुत्वयोगातिशयाद्वाच्यं व्रताविडम्बनम् ॥ ३८ ॥

ડાબા હાથના કરભમાં રહેલી રેખાઓ દ્વારા મુનિમ તથા સેવકોનું જ્ઞાન થાય છે. અને કનિષ્ઠિકા તથા આયુરેખાના મધ્યભાગમાં રહેલી રેખાઓ ઉપરથી ભાગીદારનો નિશ્ચય થાય છે. ડાબા હાથમાં રહેલી ધર્મ, દીક્ષા, યશ, રાજ્ય એ રેખાઓ ઉપરથી સ્ત્રીના સાહચર્યથી તે તે રેખાઓનું ફળ ભોગવાશે તેમ સમજવું. અને મૃત્યુરેખા હોય તો તેનો વિચાર પણ તેવી રીતે કરવો. ડાબા હાથમાં રહેલી વિદ્યારેખા ઉપરથી વિજ્ઞાન અને ચાતુર્યનો ખ્યાલ કરવો. તેમજ ડાબા હાથમાં ભાગ્યરેખા હોય તો લગ્ન પછી (સ્ત્રીના આવાગમન પછી) તેનું ફળ મળે છે. ડાબા હાથમાં પહેલાં બતાવ્યું તેમ બાર રાશિઓની યોજના થાય છે. તેમજ તેમના ઉપરથી સ્ત્રીના અવયવોનો

ખ્યાલ કરી શકાય છે. યોગી પુરુષને ડાબા હાથની રેખા ઉપરથી ભક્ત સંબંધી વિચાર થાય છે. યોગી પુરુષને જમણા હાથ કરતાં ડાબા હાથમાં ભોગાદિ બળવાન રેખાઓ હોય તો તેનું પ્રભુત્વ વધે છે. પરંતુ તેઓ વ્રતમાંથી ભ્રંશ થાય છે. ૩૪ થી ૩૮

वेधादिदोषाद्रेखाणां कदाचिद्दक्षिणे फलम् ।
विसम्वादे निश्चयात्तत्फलं वामकराङ्गतः ॥ ३९ ॥

જમણા હાથની રેખા કદાપિ છિન્નભિન્ન થવાથી કે બીજા કારણથી ફલ ન આપી શકે તેમ હોય તો ડાબા હાથની રેખા અચૂક ફલ આપે છે. ૩૯

यस्य कृपाणिका शस्त्रं वामे भुजदले भवेत् ।
तस्य स्त्री निष्ठुरा दुष्टा क्रोधान्मारयते पतिम् ॥ ४० ॥
ध्वजे चञ्चलता तस्यास्तुलायां व्यवसायिता ।
चन्द्रे सौम्या पुष्पदाम्ना बहुपुत्रवती वधूः ॥ ४१ ॥

જે પુરુષના ડાબા હાથમાં કૃપાણ કે બીજા શસ્ત્રનું ચિન્હ હોય છે. તે પુરુષની સ્ત્રી નિષ્ઠુર હોય છે. અને ક્રોધમાં આવી પોતાના પતિને મારી નાંખે છે. ડાબા હાથમાં ધજાનું ચિન્હ હોય તો સ્ત્રી ચપળ ( ભટકતી ) હોય છે. ત્રાજવાનું ચિન્હ હોય તો સ્ત્રી વ્યવસાય કરનારી ( વેપાર કરનારી ) હોય છે ચંદ્રનું ચિન્હ હોય તો સૌમ્ય હોય છે. અને પુષ્પમાળાનું ચિન્હ હોય તો સ્ત્રી બહુ પુત્રવાળી થાય છે. ૪૦ થી ૪૧

एवं यद्बहुसम्मतं तदुदितं वामेऽपि रेखाफलं
सर्वं चाप्यनया दिशैव सुधिया ध्येयं विधेयं धिया ।
औन्नत्यं समुदेति मेघविजयाद्यस्मादकस्माच्छ्रियं
नित्याभ्यासविलासलभ्यमसकृत्तलक्षणान्वीक्षणात् ॥ ४२ ॥

**ઉપસંહાર**—આ રીતે જે બહુ ગ્રંથકારોને સંમત છે, તે ડાબા હાથની રેખાઓનું ફળ પણ મેં કહ્યું. આ રીતે જ બધું વિચારીને બુદ્ધિમાન પુરુષે ફળની યોજના કરવી. અને આવા જ્ઞાનના નિત્યના અભ્યાસ, મનનથી વારંવાર મળી આવતાં લક્ષણોના જોવાથી અકસ્માત **મેઘવિજય** થવાથી (મેઘ ચઢી આવવાથી ) જલનો અભ્યુદય ( વૃદ્ધિ ) થાય છે, તેમ લક્ષ્મીની વૃદ્ધિ થાય છે. ૪૨

श्रीसामुद्रिकभावद्भुतरसं गम्भीरमध्यासितं
नानाकारमहार्थभासुरमणिज्योतिर्भिरुद्भासितम् ।

साकल्येन परिग्रहीतुमचिराद्दक्ता न शक्ताजनाः
तद्धस्तामृतजीवनेन सहितास्तैः सन्तु श्रद्धाश्रयाः ॥ ४३ ॥
किञ्चिच्छास्त्रसमीक्षणाद्गुरुमुखादन्वीक्षणाल्लक्षणा-
भ्यासादत्र समुच्छितं समुचितं ज्ञेयं मया वाङ्मयम् ।
तद्दूष्यं विदुषा न किन्तु सुहृदा सम्भावनीयं करे
यस्मान्निर्मलतामुपैति सकलं शास्त्रं सतां संग्रहात् ॥ ४४ ॥
गृहे वृष्टिस्तस्य स्फुरति कनकैर्मेघविजया-
द्विदित्वा यः पाणिग्रहणविधिमीक्षेत निपुणः ।
समुद्रादुद्भूता सदवयवसम्बधमधुरा
महालक्ष्मीः पाणिग्रहणमुदिता तेन रमते ॥ ४५ ॥
प्रेष्यस्तपागच्छ नृपालचक्रिणश्चक्रे गुरोः श्रीविजयप्रभोः ।
शिष्यः कृपादेर्विजयस्य धीमतः शास्त्रं समेघाद्विजयाख्यवाचकः ॥ ४६ ॥
अनुष्टुभां सपादोऽत्र ज्ञेयः पंचशतो ध्रुवम् ।
ग्रन्थे सतां प्रसादाच्च श्रेयः श्रीरस्तु शास्वती ॥ ४७ ॥

અદ્‌ભૂતરસ અને ગંભીરતાવાળા, અનેક પ્રકારના વિશાળ અર્થોની પ્રભાથી ઝળહળતા, સામુદ્રિકશાસ્ત્રના મર્મને એકદમ સમજવા માટે તેના રસિક પુરુષો સમર્થ થતા નથી, તેથી આ **હસ્તસંજીવનથી** શક્તિમાન થઈ તેઓ તેના મર્મને ગ્રહણ કરવા શ્રદ્ધાવાળા બનો. કેટલુંક શાસ્ત્રોની આલોચના કરવાથી, કેટલુંક ગુરુમુખથી, કેટલુંક લક્ષણો જોવાના અભ્યાસથી જે કંઈ યોગ્ય સાહિત્ય મને મળ્યું તે મેં અહીં મૂક્યું છે. તેને વિદ્વાન પુરૂષોએ દોષ ન ચઢાવવો. પણ મિત્રભાવથી હાથમમાં ગ્રહણ કરવું. જે **મેઘવિજય** નામના ગ્રંથકર્તા પાસેથી હાથ જોવાની વિધિને જાણી નિપુણ થઈ હાથ જુએ છે. તેના ઘેર સુવર્ણની વૃષ્ટિ થાય છે અને સુંદર અવયવોથી શોભતી સમુદ્રમાંથી ઉત્પન્ન થએલી સુંદર મહાલક્ષ્મી તેના પાણિગ્રહણથી ( હાથ જોવાથી ) પ્રસન્ન થઈ તેની સાથે ક્રીડા કરે છે. **તપાગચ્છના** આચાર્યોના શિરોમણિ શ્રી **વિજયપ્રભ** ગુરૂના સેવક અને શ્રી **કૃપાવિજય** પંડિતના શિષ્ય શ્રી **મેઘવિજય** વાચક ( ઉપાધ્યાય ) આ શાસ્ત્રની રચના કરનાર છે. આ ગ્રંથ સવા પાંચસો અનુષ્ટુપ્ શ્લોક પ્રમાણ છે સજ્જનોની કૃપાથી આ ગ્રંથમાં શાશ્વત સિદ્ધિ રહો. ૪૩ થી ૪૭



चित्रिणी Chitrini

ॐ ह्रीं श्रीं पार्श्वनाथाय नमः

## महत्तम श्रीदुर्लभ विरचित

# अथ सामुद्रिकतिलकम् ।

श्रीपतिनाभिप्रभवः कनकच्छायः प्रयच्छतु शिवं वः ।
कल्पादिसृष्टिहेतुः पद्मासनसांश्रितो देवः ॥ १ ॥

## શ્રી સામુદ્રિકતિલક

સુવર્ણના જેવા, કલ્પાદિ સૃષ્ટિના હેતુ અને શ્રીમાન **નાભિરાજ**થી ઉત્પન્ન થએલ પદ્માસનમાં રહેલા દેવ શ્રી **આદિનાથ** તમારૂં કલ્યાણ કરો. ૧ જુઓ ચિત્ર નં. ૨૩

स्फुरदेकलक्षणमपि त्रैलोक्यलक्षणं वपुर्यस्याः ।
अविकलशब्दब्रह्म ब्राह्मी सा देवता जयति ॥ २ ॥

જેમાં એકજ લક્ષણ સ્ફૂરાયમાન થઈ રહ્યું છે, છતાં જે એકજ આખા ત્રિલોકનાં સંપૂર્ણ લક્ષણો તુલ્ય છે, એવા શરીરવાળી, સ્વસ્થ પરબ્રહ્મરૂપ **બ્રાહ્મી (સરસ્વતી)** નામની દેવતા જય પામો. ૨ જુઓ ચિત્ર ૨૪



चित्र नं २३



चित्र नं. २४

पुरुषोत्तमस्य लक्ष्म्या समं निजोत्संगमधिशयानस्य ।
शुभलक्षणानि दृष्ट्वा क्षणं समुद्रः पुरा दध्यौ ॥ ३ ॥
भोक्ता त्रिखण्डभूमेर्भक्ता मधुकैटभादिदैत्यानाम् ।
रूपश्रीकृतयाऽसौ क्षणमपि न वियुज्यते लक्ष्म्या ॥ ४ ॥
इहेक्षणलक्षणयुतं तदपरमपि हंत भजति श्रीः ।
विपरीतलक्षणयुतस्त्रिजगत्यपि किङ्करो भवति ॥ ५ ॥

પોતાના ઉત્સંગ (ખોળા) માં **લક્ષ્મીની** સાથે સુઈ રહેલા પુરુષોત્તમ (વિષ્ણુ) નાં શુભ લક્ષણો જોઈ **સમુદ્રે** પહેલાં કોઈ એક વખતે એક ક્ષણ વિચાર કર્યો (હતો.) (કે) ત્રિખંડ પૃથ્વીનો ભોક્તા અને મધુકૈટભાદિ દૈત્યોનો મારનાર આ વિષ્ણુ તેના રૂપથી વશ કરાએલી લક્ષ્મીથી એક ક્ષણ માટે પણ જુદો પડતો નથી. (લક્ષ્મી તેના રૂપથી એવી વશ થઇ ગઈ છે, કે એક ક્ષણ માટે પણ તેને છોડતી નથી.) (તેમજ) આવી નજર તથા લક્ષણવાળા બીજા પુરુષોને પણ લક્ષ્મી પ્રાપ્ત થાય છે, અને આનાથી ઉલટાં લક્ષણવાળો સર્વત્ર ચાકર જ બને છે. ૩–૪–૫

**अथ चेह मध्यलोके सकलेष्वपि सत्सु जंतुजातेषु ।**
**मर्त्यः प्रधानजातो यदाख्यया मर्त्यलोकोऽयम् ॥ ६ ॥**
**उत्पत्तिः स्त्रीमूला तस्या अपि ततः प्रधानमेषापि ।**
**क्रियते लक्षणमनयोर्यदि तदिह स्याज्जनोपकृतिः ॥ ७ ॥**
**इत्थं विचिन्त्य सुवरे स्वहृदि समुद्रेण सम्यगवगम्य ।**
**नृस्त्रीलक्षणशास्त्रं रचयांचक्रे तदादि तथा ॥ ८ ॥**

સ્વર્ગ, મર્ત્ય અને પાતાલ એ ત્રણ ખંડો પૈકી વચલા મર્ત્ય ખંડમાં બધાં પ્રાણીઓમાં મર્ત્ય (મનુષ્ય) મુખ્ય છે, અને તેના નામ ઉપરથીજ આ (વચલો ખંડ) મર્ત્ય લોક કહેવાય છે. આ મર્ત્ય (મનુષ્ય) ની ઉત્પત્તિ સ્ત્રીથી થાય છે અને સ્ત્રીની પુરુષથી થાય છે. તેથી તેની (સ્ત્રીની) પણ મુખ્યતા છે. જો આ બેનાં લક્ષણો (ની પરીક્ષાનું શાસ્ત્ર) કરૂં તો મનુષ્યો માટે તે ઉપકારક થશે. આ પ્રમાણે વિચાર કરી પોતાના હૃદયાન્તરમાં સારી રીતે જાણી (નિશ્ચય કરી) ને **સમુદ્રે** પુરુષ અને સ્ત્રીનાં લક્ષણોનું શાસ્ત્ર બનાવ્યું. આ આદિ શાસ્ત્ર થયું. ૬–૭–૮

**तदापि नारदलक्ष्कवराहमाण्डव्यषण्मुखप्रमुखैः ।**
**रचितं क्वचित्प्रसङ्गात्पुरुषस्त्रीलक्षणं किञ्चित् ॥ ९ ॥**
**तदनन्तरमिह भुवने ख्यातं स्त्रीपुंसोर्लक्षणज्ञानम् ।**
**दुर्बोधं तन्महदिति जडमतिभिः खण्डतां नीतम् ॥ १० ॥**
**श्रीभोजनृपसुमन्तप्रभृतीनामग्रतोपि विद्यन्ते ।**
**सामुद्रिकशास्त्राणि प्रायो गहनानि तानि परम् ॥ ११ ॥**
**खण्डीकृतानिचपुनः पिण्डीकृत्याखिलानितान्यधुना ।**
**सामुद्रिकं शुभाशुभमिह किंचिद्वच्मि संक्षेपात् ॥ १२ ॥**

सामुद्रमङ्गलक्षणमिति सामुद्रिकमिदं हि देहवताम् ।
प्रथममवाप्य समुद्रः कृतवानिति कीर्त्यते कृतिभिः ॥ १३ ॥

તેમજ **નારદ, લક્ષ, વરાહમિહિર, માંડવ્ય, કાર્તિકસ્વામી** આદિ ઋષિઓ, આચાર્યો તથા દેવતાઓએ કવચિત્ કવચિત્ પ્રસંગ ઉપસ્થિત થતાં પુરુષ–સ્ત્રીલક્ષણ-શાસ્ત્રની થોડી ઘણી રચના કરી છે. ત્યારબાદ સ્ત્રી અને પુરુષના લક્ષણોનું આ શાસ્ત્ર જગતમાં પ્રસિદ્ધ થયું, ( પણ ) તે મોટું તેમજ દુર્બોધ હોવાથી મૂર્ખ લોકોએ તેને છિન્નભિન્ન કર્યું. શ્રી **ભોજરાજ, સુમન્ત** ઈત્યાદિ મહાપુરુષોનાં **સામુદ્રિકશાસ્ત્રો** અગાઉ રચાએલાં છે, પરંતુ લગભગ તે બધાં ગહન છે. ( આથી ) છિન્નભિન્ન થએલાં તે પ્રાચીન શાસ્ત્રોને એકત્ર કરી ( તેમના આધારે ) સંક્ષેપમાં શુભાશુભ ( લક્ષણોવાળું ) **સામુદ્રિકશાસ્ત્ર** ( હું પણ ) કહું છું. વિદ્વાન્ પુરુષો કહે છે, કે સર્વ પ્રથમ **સમુદ્રે** આ ( જ્ઞાન ) મેળવી શાસ્ત્ર બનાવ્યું, તેથી દેહધારીઓના અંગનાં લક્ષણો ઉપર રચાએલું આ શાસ્ત્ર **સામુદ્રિક** નામથી ઓળખાય છે. ૯ થી ૧૩

ऊरू जठरमुरः स्थलबाहुयुगं पृष्ठमुत्तमाङ्गं च ।
इत्यष्टाङ्गानि नृणां भवन्ति शेषाण्युपाङ्गानि ॥ १४ ॥
पूर्वभवान्तरजनितं शुभमशुभमिहापि लक्ष्यते येन ।
पुरुषस्त्रीणां सद्भिर्निगद्यते लक्षणं तदिह ॥ १५ ॥
देहवतां तद्बाह्याभ्यन्तरभेदेन जायते द्विविधम् ।
वर्णस्वरादिबाह्यं पुनरन्तः प्रकृतिसत्त्वादि ॥ १६ ॥
आद्य तदाश्रयतया निखिलेष्वपि लक्षणेषु शारीरम् ।
मनुजानां तस्मादिह वक्ष्यामि तदेव मुख्यतया ॥ १७ ॥
शरीरावर्तगतिच्छायास्वर गन्धवर्णसत्त्वानि ।
इत्यष्टविधं हयवत्पुरुषस्त्रीलक्षणं भवति ॥ १८ ॥
इह तावदूर्ध्वमूलो नरकल्पतरुर्भवेदधः शाखः ।
पादतलात्तदिदानीं शारीरं लक्षणं वक्ष्ये ॥ १९ ॥

મનુષ્યોને બે સાથળો, પેટ, છાતી, બે હાથ, પીઠ, માથું એ આઠ અંગો છે, અને બાકીનાં ઉપાંગો છે. આ જન્મમાં જેના ઉપરથી પુરુષો અને સ્ત્રીઓના પૂર્વ ભવમાં ઉત્પન્ન કરેલા શુભાશુભનું જ્ઞાન કરી શકાય છે, તેને સારા પુરુષો લક્ષણ કહે છે. આ લક્ષણના પ્રાણીઓના માટે બાહ્ય અને આભ્યન્તર નામના બે ભેદ થાય છે.

રૂપ, અવાજ ઈત્યાદિ બાહ્ય વિભાગમાં છે, જ્યારે પ્રકૃતિ, સત્વ આદિ આભ્યન્તર છે. બધાં લક્ષણો બાહ્ય લક્ષણ શરીરના આધારે હોવાથી મનુષ્ય માટે બાહ્ય લક્ષણો જ મુખ્ય છે, અને તેથી તેનેજ મુખ્યતયા કહીશ. ઘોડાની માફક પુરુષ અને સ્ત્રીને શરીર, ભમરી, ગતિ, છાયા, સ્વર, ગંધ, વર્ણ (રંગ) અને સત્ત્વ (પ્રભાવ) આ પ્રમાણે આઠ પ્રકારનાં લક્ષણો હોય છે. આ મૃત્યુલોકમાં ઉપર મૂળ અને નીચે શાખાઓવાળું પુરુષ રૂપી કલ્પતરૂ (વૃક્ષ) છે. તેથી તે નરકલ્પતરૂનું પગનાં તળીઆં (શાખાઓ, રોમ, ત્યાં)થી આરંભી શરીર નામના લક્ષણને કહું છું. ૧૪ થી ૧૯

आदौ पदस्य तलमथ रेखांगुष्ठांगुलीनखं पृष्ठम् ।
गुल्फौ पानी जंघायुगलं रोमाणि जानुयुगम् ॥ २० ॥
ऊरू तथा कटितटस्फिग्युग्मं तदनुपायुरथ मुष्कौ ।
शिश्नस्तन्मणिरेतो मूत्रं शोणितमथो बस्तिः ॥ २१ ॥
नाभिः कुक्षी पार्श्वे जठरं मध्यं ततश्च वलयोस्मिन् ।
हृदयमुरः कूचचूचुकयुग्मं जत्रुद्वयं स्कन्धौ ॥ २२ ॥
अंसौ कक्षे बाहू पाणियुगं तस्य मूलपृष्ठतलम् ।
मीनाद्याकृतिरेखांगुलीकं नखाः क्रमशः ॥ २३ ॥
पृष्ठं कृकाटिकाथ ग्रीवा चिबुकं संकूर्चहनुगण्डम् ।
वदनोष्ठदशनरसना तालु ततो घंटिका हसितम् ॥ २४ ॥
नासाक्षुतमक्षियुगं पक्ष्माणि ततो निमेषरुदिते च ।
भ्रूशङ्खकर्णभालं तल्लेखा मस्तकं केशाः ॥ २५ ॥
इत्यापादतलकेशप्रान्तमिहानुक्रमेण शारीरम् ।
अङ्गोपाङ्गविभक्तं लक्षणविद्भिर्नृणां ज्ञेयम् ॥ २६ ॥

સર્વ પ્રથમ પગનાં તળીઆં, પછી અનુક્રમે પગના તળીઆની રેખાઓ, અંગુઠો, આંગળીઓ, નખ, (પગની) પીઠ, ઘુંટી, પાની, જાંગ, જાંગ ઉપરના વાળ, ઢીંચણ, સાથળ, કમર, થાપા, ગુદા, વૃષણ, શિશ્ન, શિશ્નનો (અગ્રભાગ) મણિ, વીર્ય, મૂત્ર, લોહી, પેડું, નાભિ, કુક્ષી, પડખાં, જઠર, પેટનો મધ્ય ભાગ, પેટ ઉપરની ત્રિવલ્લી, હૃદય, છાતી, સ્તન, સ્તનાગ્ર, બે હાંસડી, બંને ખભા, ખભાના અગ્રભાગ, બગલ, (ખભાથી પોંચા સુધી) બાહુ, હાથના પોંચા, હથેળી, હાથનો પૃષ્ટ ભાગ, હથેળીમાં રહેલી મત્સ્યાદિ વિવિધ ચિન્હો બતાવતી રેખાઓ, આંગળીઓ, નખ, પીઠ (બરડો)

કૃકાટિકા (કાંધ) ગળું, દાઢીનો અગ્રભાગ, મૂછ, દાઢી, ગંડસ્થલ, મોં, ઓઠ, દાંત, જીભ, તાળવું, હૈડીયો, હાસ્ય, નાક, છીંક, આંખ, પાંપણો, નિમેષ રુદન, ભ્રૂ, કાન, કપાળ, કપાળમાં પડતી રેખાઓ, માથું, માથાના વાળ, આ પ્રમાણે પગથી લઈ શિખા પર્યંત અંગ અને ઉપાંગથી વિભક્ત થએલું શરીર (નામનું પહેલું) લક્ષણ લક્ષણજ્ઞ (**સામુદ્રિકશાસ્ત્રજ્ઞ**) પુરુષોએ જાણવું. ૨૦ થી ૨૬

अस्वेदमुष्णमरुणं कमलोदरकान्ति मांसलं श्लक्ष्णम् ।
स्निग्धं समं पदतलं नृपसंपत्तिं दिशति पुंसाम् ॥ २७ ॥
पादचरस्यापि चरणतलं यस्य कोमलं तत्र ।
पूर्णस्फुटोदुर्ध्वरेखा स विश्वम्भराधीशः ॥ २८ ॥
वंशच्छिदे कुपादं द्विजहत्यायै विपक्वमृत्सदृशम् ।
पीतमगम्यारतये कृष्णं स्यान्मद्यपानाय ॥ २९ ॥
पाण्डुरमभक्ष्यभक्षणकृते तलं लघुदरिद्रतायै स्यात् ।
रेखाहीनं कठिनं रूक्षं दुःखाय विस्फुटितम् ॥ ३० ॥
तलमन्तः संक्षिप्तं स्त्रीकार्ये मृत्युमादिशति पुंसाम् ।
रोगाय विगतमांसं मार्गाय ज्ञेयमुत्कटकम् ॥ ३१ ॥
रेखाः शंखच्छत्रांकुशकुलिशशशिध्वजादिसंस्थानाः ।
अच्छिन्ना गम्भीराः स्फुटास्तले भागधेयवताम् ॥ ३२ ॥
ताः शंखाद्याकृतयः परिपूर्णा मध्यभेदतो येषाम् ।
श्रीभोगभाजनं ते जायन्ते पश्चिमे वयसि ॥ ३३ ॥
ता गोधासैरिभजंबुकमूषककाककंकसमाः ।
रेखाः स्युर्यस्य तले तस्य न दूरेऽतिदारिद्र्यम् ॥ ३४ ॥

પરસેવા વગરનું, ઉષ્ણ, લાલાશવાળું, કમલગર્ભ જેવી કાન્તિવાળું, માંસલ, મૃદુ, સ્નિગ્ધ, અને સરખું પગનું તળીયું મનુષ્યોને રાજસંપત્તિનો અધિકારી બનાવે છે. જે પગપાળો ફરતો હોય છતાં પગનું તળીયું કોમળ હોય અને તેની ઉપર સ્પષ્ટ પૂરેપુરી ઉર્ધ્વરેખા હોય તો તે રાજા હોય છે. ખરાબ લાગતા પગ વંશચ્છેદ કરે છે. પકવેલી માટી જેવો પગના તળીઆનો રંગ હોય તો તે દ્વિજહત્યા કરે છે. પીળા તળીઆવાળો અગમ્યાગમન કરે છે, અને કાળા રંગના તળીઆવાળો મદ્યપાન કરે છે.

પગનું તળીયું પાંડુ રંગનું હોય તો અભક્ષ્યભક્ષણ કરે. નાનું હોય તો દરિદ્રતા આપે. રેખા વગરનું કઠીન, રૂક્ષ તથા ફાટેલું હોય તો દુઃખ આપનાર છે. પગનું તળીયું અંદરની બાજુ બેસી ગયું હોય તો પુરુષનું સ્ત્રીના કારણે મૃત્યુ થાય છે. માંસ વગરનું હોય તો રોગ, અને ઉપસી આવેલું હોય તો મુસાફરી કરાવે છે. ભાગ્યશાળી પુરુષોના પગમાં શંખ, છત્ર, અંકુશ, વજ્ર, ચંદ્ર, ધ્વજ આદિ આકાર બનાવતી, આખી ગંભીર અને સ્પષ્ટ રેખાઓ હોય છે. આ શંખ આદિ આકૃતિઓ પૂરેપુરી હોય પરંતુ દેખાવમાં મધ્યમ પ્રકારની હોય તો તેવી રેખાઓવાળા પુરુષો પાછલી વયમાં ધનસંપત્તિનું સુખ ભોગવે છે. જો આ રેખાઓ (પગના તળીઆની રેખાઓ) ઘો, પાડો, શિયાળ, ઉંદર, કાગડો યા ગીધ જેવા આકારની માલુમ પડતી હોય તો જેના પગના તળીઆમાં આવી રેખાઓ હોય તેમનાથી દારિદ્ર દૂર નથી હોતું. ૨૭ થી ૩૪

वृत्तो भुजगफणाकृतिरुत्तुङ्गो मांसलः शुभोंगुष्ठः ।
सशिरोहस्वश्चिपिटोच(व)ऽक्रोविपुलः स पुनरशुभः ॥ ३५ ॥
श्लक्ष्णा वृत्ता मृदवो घना दलानीव पद्मस्य ।
ऋजवोङ्गुलयः स्निग्धाः सुखमख्यान्वितं दधति ॥ ३६ ॥

विरलाश्चिपटिकाः शुष्का लघवो वक्राः खटाः पदांगुलयः ।
यस्य भवन्ति शिरालाः सकिङ्करत्वं करोत्येव ॥ ३७ ॥
स्त्रीसम्भोगानाप्नोत्यंगुष्ठदीर्घया प्रदेशिन्या ।
प्रथममशुभं च गृहिणीमरणं वा ह्रस्वया च कलिम् ॥ ३८ ॥
आयतया मध्यमया कार्यविनाशो ह्रस्वया दुःखम् ।
घनया समया पुत्रोत्पत्तिः स्तोकं नृणामायुः ॥ ३९ ॥
यस्यानामिका दीर्घा स प्रज्ञाभाजनो मनुजः ।
ह्रस्वा स्याद्यस्य पुनः सकलत्रैर्नियोजिता नित्यम् ॥ ४० ॥
दीर्घा कनिष्ठिकापि स्याद्यस्य स्वर्णभाजनं स नरः ।
यदि सापि पुनर्लघ्वी परदारपरायणः सततम् ॥ ४१ ॥
यस्य प्रदेशिनी कनिष्ठिकाभवेद्ध्रुवं स्थूला ।
शिशुभावे तस्य पुनर्जननी पंचत्वमुपयाति ॥ ४२ ॥

विमलाः प्रवालरुचयः स्निग्धाः कूर्मोन्नता नखाः श्लक्ष्णाः ।
मुकुराकाराः सूक्ष्माः सौख्यं यच्छंति मनुजानाम् ॥ ४३ ॥
स्थूलैर्नखैर्विदीर्णैः शूर्पाकारैश्च दीर्घनखैः ।
असितैः सितैर्दरिद्रा भवन्ति तेजोरुचारहितैः ॥ ४४ ॥



ચિત્ર નં ૨૫



ચિત્ર નં. ૨૬

સાપની ફેણ જેવો, ગોળ, ઉત્તુંગ, માંસલ અંગુઠો સારો ગણાય છે. (જુઓ ચિત્ર. ૨૫) નસો દેખાઈ આવે તેવો, ટુંકો, ચપટો, વાંકો અને સાંકડો અંગુઠો શુભ નથી. સુંદર, ગોળ, મૃદુ, એકબીજા સાથે ચોંટી રહેતી, અને કમળની પાંખડી જેવી લાગતી સ્નિગ્ધ સીધી આંગળીઓ પુષ્કળ સુખ આપે છે. (જુઓ ચિત્ર. ૨૬) આછી આછી, ચપટી, સુકી, ટુંકી, વાંકી ભાગી ગએલી લાગતી પગની આંગળીઓ જેને હોય તે તેમજ જેની પગની આંગળીઓમાં નસો તરી આવતી હોય તે ચાકરી જ કરે છે. અર્થાત્ આવી આંગળીઓનું ફળ સારૂં નથી. જો અંગુઠા કરતાં પ્રદેશિની (અંગુઠા પાસેની આંગળી) લાંબી હોય તો પ્રથમ અશુભ ફળ મળે છે. અર્થાત સ્ત્રીસુખ કે કંઈ મળતું નથી, પરંતુ પાછળથી સ્ત્રી–સંભોગનું સુખ મળે છે જો ટુંકી હોય તો સ્ત્રીનું મરણ અથવા સ્ત્રીથી કલેશ થાય છે. અર્થાત્ સ્ત્રી–સુખ બરાબર મળતું નથી. જો અંગુઠા કરતા મધ્યમા (વચલી) મોટી હોય તો કાર્યવિનાશ થાય છે. (કાર્યસિદ્ધિ થતી નથી, અપયશ મળે છે.) ટુંકી હોય તો દુઃખ થાય. જો એક બીજી સાથે ચોંટેલી જેવી દેખાતી અને સરખી હોય તો પુત્રની ઉત્પત્તિ થાય છે. અને અલ્પાયુ થાય છે. જેના પગની અનામિકા લાંબી હોય તે વિદ્વાન્ પુરુષ થાય છે. જેને ટુંકી હોય તેને સ્ત્રી–વિયોગ સદાકાળ રહે છે. જેને ટચલી આંગળી લાંબી હોય તેને સુવર્ણ-લાભ (ધનસુખ) થાય છે, અને જો આ ટચલી આંગળી ટુંકી હોય તો તે સદા પરદારગામી રહે છે. જેને પ્રદેશિની તથા કનિષ્ઠિકા જાડી હોય તેના બાલ્યાવસ્થામાં જ તેની માતા મરી જાય છે. ચોકખા, પ્રવાલ જેવા, સ્નિગ્ધ, કાચબાની પીઠની માફક

ઉપસેલા, અને સુંદર ફૂલની કળી જેવા, સૂક્ષ્મ નખ મનુષ્યોને સુખ આપે છે. જાડા, રંગ વગરના ફીક્કા, સૂપડા જેવા, લાંબા, કાળા, ધોળા અને તેજ વગરના નખ હોય તો તે નખોના કારણે મનુષ્યો દરિદ્ર થાય છે. ૩૫ થી ૪૪

मांसोपचितं स्निग्धं गूढशिरं कोमलं चरणपृष्ठम् ।
रोमस्वेदै रहितं पृथुलं कमठोन्नतं शस्तम् ॥ ४५ ॥
अंतर्गूढा गुल्फाः सरोजमुकुलोपमाः श्रियं ददते ।
सूकरवत्ते विषमाः शिथिलाः प्रथयन्ति वधबंधौ ॥ ४६ ॥
महिषसमानैर्गुल्फैश्चिपिटैर्वा दुःखसंयुताः पुरुषाः ।
तैरपि रोमोपगतैर्नित्यमपत्येन परिहीनाः ॥ ४७ ॥
कन्दः पादांबुरुहस्येव भवेद्वर्तुला पार्ष्णिः ।
तं नरमनुरागादिव नियतं रमयति रमा रामा ॥ ४८ ॥
समपार्ष्णिः सुखसहितो दीर्घायुः स्यान्नरो महापार्ष्णिः ।
स्वल्पायुरल्पपार्ष्णिः प्रोन्नतया विनिर्जयो भवति ॥ ४९ ॥

પગની પીઠ માંસલ, સ્નિગ્ધ, દટાઈ ગએલી નસોવાળી, કોમળ, રૂંવાટા વગરની, પહોળી, અને કાચબાની પીઠ જેવી હોય તો તે સારી છે. પગની ઘુંટીઓ અંદર સમાઈ જતી, અને કમળની કળી જેવી હોય તો તે લક્ષ્મી આપે છે. જો ડુક્કરના જેવી નાની મોટી કે વિષમ લાગતી તેમજ ઢીલી પડી ગએલી હોય તો તે કારાગાર બંધન યા વધ કરાવનાર લક્ષણ છે. પાડાના જેવી ઘુંટીઓ હોય તો, અથવા ચપટી ઘુંટીઓ હોય તો પુરુષો દુઃખી થાય છે, અને જો આવી ઘુંટીઓ વાળ યુક્ત હોય તો જરૂર સંતાનરહિત થાય છે. પાર્ષ્ણી (પગની ઘુંટીથી તળીઆ સુધીનો ભાગ એડી) જો પગ રૂપી કમળના ગઠ્ઠા જેવી ગોળ દેખાતી હોય તો તેવા લક્ષણવાળા પુરુષને મોહ પામેલી હોય તેમ લક્ષ્મી સદાકાળ મળ્યા કરે છે. (જુઓ ચિત્ર ૨૭) સરખી એડીવાળો સુખી, મોટી એડીવાળો દીર્ઘાયુ, નાની એડીવાળો અલ્પાયુ, અને ઉંચી એડીવાળો વિજયી થાય છે. ૪૫ થી ૪૯

पिशितान्तर्गतनलिका कुरङ्गजंघोपमा श्रियं पुंसाम् ।
प्रविरलमृदुतररोमा दत्ते क्रमवर्तुला जंघा ॥ ५० ॥
लक्ष्मीं दिशति केसरिमीनव्याघ्रोपमा नृणाम् ।
जंघा ऋक्षसदृशा वधबंधौ निःस्वतां प्रायः ॥ ५१ ॥

स्थूला दीर्घा मार्गं वितरत्युद्बद्धपिंडिका जंघा।
श्वशृगालकरभरासभवायसजंघोपमा त्वशुभा ॥ ५२ ॥



ચિત્ર નં. ૨૭



ચિત્ર નં. ૨૮

પગની નળી જો માંસની અંદર ડૂબેલી હોય અને મૃગની જાંગ જેવી જાંગ (પગની પીંડીને સંસ્કૃતમાં જાંગ કહે છે. ઘુંટીથી લઈ ઢીંચણ સુધીનો ભાગ તે જાંગ) હોય તો પુરુષોને લક્ષ્મી મળે છે. તેમજ આછા ઝીણા વાળવાળી તથા સંઘાડા ઉપર ઉતારી હોય તેવી ચઢતા ગોળાવાવાળી જાંગ પણ લક્ષ્મી આપે છે. (જુઓ ચિત્ર ૨૮) જે મનુષ્યને (મજબુત) સિંહની જાંગ જેવી જાંગ હોય, અથવા માછલાનાં જેવી જાંગ (જુઓ ચિત્ર ૨૯) (દેખાવમાં માછલા જેવી) હોય કે પછી વાઘની જાંગ જેવી જાંગ હોય તો તેને લક્ષ્મી પ્રાપ્ત થાય છે. (જુઓ ચિત્ર ૩૦) પરંતુ જો રીંછના જેવી જાંગ હોય તો તે વધ અથવા કેદખાનું પ્રાપ્ત કરાવે છે. અને પ્રાયઃ દરિદ્ર રાખે છે. (જુઓ ચિત્ર ૩૧) જાડી પરંતુ લાંબી જાંગ હોય તો વારંવાર મુસાફરી કરાવે છે. ગાંઠોવાળી, કુતરો, શિયાળ, ઊંટ, ગધેડાં કે કાગડા જેવી જાંગ અશુભ છે. (જુઓ ચિત્ર ૩૨) ૫૦ થી ૫૨



ચિત્ર નં. ૨૯



ચિત્ર નં ૩૦



चित्र नं. २१



चित्र नं ३२

ललितानि स्निग्धानि भ्रमरश्यामानि देहरोमाणि ।
जायन्ते भूमिभुजां मृदूनि विलसन्ति सूक्ष्माणि ॥ ५३ ॥
सुभगो रोमयुतः स्याद्विद्वान्घनरोमसंयुतो मनुजः ।
उद्वृत्तरोमाभिः पुनरंगश्च बहुभिश्च वित्तसंकलितः ॥ ५४ ॥
रोमैकैकं नृपतेर्द्वंद्वं श्रोत्रियधनाढ्यबुद्धिमताम् ।
आदीन्येतानि पुनर्निःस्वानां मूर्धजेष्वेवम् ॥ ५५ ॥
रोमरहितः परिव्राट् स्यादधमः स्थूलरूक्षखररोमा ।
पापः पिङ्गलरोमा निःस्वः स्फुटिताग्ररोमापि ॥ ५६ ॥

સુંદર, કાળાં ભમરાં જેવાં સ્નિગ્ધ રૂવાટાં કે જે દેખાવમાં મૃદુ અને સૂક્ષ્મ (નાજુક) લાગે છે, તે રાજાઓને હોય છે. (અર્થાત્ આવાં રૂંવાટાંવાળા રાજા થાય છે.) અંગ ઉપાંગ ઉપર વધારે પ્રમાણમાં વાળ હોય તો તે શુભ લક્ષણ છે. વાળવાળો સુંદર (ભાગ્યશાળી) હોય છે. ઘણા વાળવાળો વિદ્વાન્ હોય છે, અને વધારે પડતા વાળવાળો ધનવાન થાય છે. એક છિદ્રમાં એકજ વાળ રાજાઓને હોય છે. એક છિદ્રમાં બે વાળ વિદ્વાન્, ધનવાન્ તથા બુદ્ધિમાન્ લોકોને હોય છે, પરંતુ તેનાથી વધારે એટલે કે એકજ છિદ્રમાં ત્રણ કે ચાર રોમ દરિદ્ર પુરુષોને હોય છે. આ લક્ષણ માથાના વાળ માટે પણ લાગુ પડે છે. રૂંવાટાં વગરનો માણસ પરિવ્રાજક (સંન્યાસી) થાય છે. જાડા અને રૂક્ષ, ગધેડાના જેવાં ખરબચડાં રૂંવાટાંવાળો પાપી અને અગ્ર ભાગમાં ફાટેલાં રૂંવાટાંવાળો દરિદ્ર થાય છે. ૫૩ થી ૫૬

कुञ्जरजानुर्मनुजो भोगयुतः पीनजानुरवनीशः ।
संश्लिष्टसंधिजानुर्वर्षशतायुर्भवेत्प्रायः ॥ ५७ ॥

निम्नैः स्त्रीपरवशगः शशिवृत्तैर्गूढमांसलै राज्यम् ।
दीर्घैर्महद्भिरायुः सुभगत्वं जानुभिः स्वल्पैः ॥ ५८ ॥
दिशति विदेशे मरणं मनुजानां जानु मांसपरिहीनम् ।
कुम्भनिभं दुर्गततां तालफलाभं तु बहुदुःखम् ॥ ५९ ॥
जानुद्वितयं हीनं यस्य सदा सेवते स वधबंधौ ।
इदमेव यस्य विषमं स पुनः प्राप्नोति दारिद्र्यम् ॥ ६० ॥
ऊरू यस्य समांसौ रंभास्तंभभ्रमं वितन्वाते ।
कोमलतनुरोमंचितौ स जायते भूपतिः प्रायः ॥ ६१ ॥
स्निग्धावूरू मृदुलौ क्रमेण पीनौ प्रयच्छतो लक्ष्मीम् ।
निकटौ स्त्रीवल्लभतां गुणवतां संहतौ कृतौ भवतः ॥ ६२ ॥



चित्र नं. ३३



चित्र नं. ३४

હાથીના ઢીંચણુ જેવા ઢીંચણુવાળો ભોગી, જાડા ઢીંચણુવાળો રાજા અને જાંગ તથા સાથળ સાથે સારી રીતે સંકળાએલ ઢીંચણુવાળા સો વર્ષના ( દીર્ઘાયુઃ ) થાય છે. ( જુઓ ચિત્ર ૩૪ ) અંદર પેસી ગએલા ઢીંચણુવાળો સ્ત્રીને વશ રહે છે. ગોળ અને માંસમાં દટાએલા ઢીંચણુવાળાને રાજ્ય મળે છે. મોટા ઢીંચણુ દીર્ઘાયુઃ અને નાના ઢીંચણુ સૌભાગ્ય આપે છે. જો ઢીંચણુ માંસ વગરના હોય તો પરદેશમાં મરણુ થાય છે. ઘડા જેવાં ગોળ ઢીંચણુ હોય તો દુર્ગતિ થાય અને જો તાડના ફળની માફક ચપટાં ઢીંચણુ હોય તો બહુ દુઃખ થાય છે. જેને બંને ઢીંચણુ નહિ જેવા જ હોય તે સદાકાળ કારાગારમાં રહે છે. અને તેનો વધ થાય છે. અને જો નાના મોટા હોય તો દરિદ્ર થાય છે. જેના સાથળ માંસલ હોય અને કેળના સ્તંભ જેવા સુંદર દેખાતા હોય તેમજ ઝીણાં સુંદર રૂંવાટાંવાળા હોય તો તે પ્રાયઃ રાજા થાય છે. ( જુઓ ચિત્ર

૩૫ ) સ્નિગ્ધ, મૃદુ અને એક સરખા ઉતરતા ક્રમથી સરાણુ ઉપર ઉતારેલા હોય તેવા જો સાથળ હોય તો તે લક્ષ્મી આપે છે. પહોળી સાથળો હોય તો સ્ત્રીઓને પ્રિય થઈ પડે છે. અને એક બીજા સાથે મળી જતા હોય તેવા સાથળ ગુણવાન માણસોને હોય છે. ૫૭ થી ૬૨



चित्र नं. ३५



चित्र नं. ३६

स्थूलाग्रौ मध्यनतौ स्यातां मार्गानुसंधिनौ पुंसाम् ।
कठिनौ चिपिटौ विपुलौ निर्मांसौ दुर्भगत्वाय ॥ ६३ ॥
यस्य कटिः स्याद्दीर्घा पीना पृथुला भवेत्स वित्ताढ्यः ।
सिंहकटिर्मनुजेन्द्रः शार्दूलकटिश्च भूनाथः ॥ ६४ ॥
रोमशकटिर्दरिद्रो ह्रस्वकटिर्दुर्भगो भवति मनुजः ।
शुनमर्कटकरभकटिर्दुःखी संकटकटिः पापः ॥ ६५ ॥
मंडूकस्फिङ् नृपतिः सिंहस्फिङ्मंडलद्वयाधिपतिः ।
घनमांसस्फिग्धनवान्व्याघ्रस्फिङ् मंडलाधिपतिः ॥ ६६ ॥
उष्ट्रप्लवंगमस्फिग्धनधान्यविवर्जितः पुमान्नियतम् ।
पीनस्फिङ् निःस्वो ह्यदूर्ध्वस्फिग्व्याघ्रमृत्युः स्यात् ॥ ६७ ॥

જો સાથળ અગ્રભાગમાં સ્થૂળ અને વચ્ચેથી બેસી ગએલા હોય તો સતત મુસાફરી કરાવે છે. કઠિણુ, ચપટા, બહુ પહોળા અને માંસહીન સાથળ હોય તો દુર્ભાગ્યનું ચિન્હ છે. જેની કમર પહોળી, જાડી, મોટી, હોય તે ધનવાન થાય છે. સિંહના જેવી કમર હોય તો નરાધિપ ( જુઓ ચિત્ર. ૩૬ ) અને વાઘ જેવી કમર જમીનદાર કરે છે. ( જુઓ ચિત્ર ૩૭ ) રૂંવાટાંવાળી કમરવાળો દરિદ્ર, ટુંકી કમર-

વાળો દુર્ભાગી થાય છે. અને કુતરાં, માંકડાં, ઊંટ જેવી કમરવાળો દુઃખી થાય છે. (જુઓ ચિત્ર ૩૮) સાંકડી કમરવાળો પાપી થાય છે. જો પગના થાપા દેડકાના



चित्र नं. ३७



चित्र नं. ३८

થાપા જેવા હોય તો રાજા થાય. (જુઓ ચિત્ર ૩૯) સિંહ જેવા હોય તો એ પ્રાંતનો અધિપતિ થાય. (જુઓ ચિત્ર ૪૦) ખુબ માંસવાળા હોય તો ધનવાન થાય.



चित्र नं. ३९



चित्र नं. ४०

અને વાઘના જેવા થાપા હોય તો એક પ્રાંતનો અધિપતિ થાય. (જુઓ ચિત્ર ૪૧) ઊંટ કે વાંદરા જેવા થાપા હોય તો જરૂર ધનધાન્યથી રહિત થાય. (જુઓ ચિત્ર ૪૨–૪૩) જાડા થાપાવાળો નિર્ધન, થાય છે. અને જેના થાપા અડધા હોય તેનું વાઘ દ્વારા મરણુ થાય છે. ૬૩ થી ૬૭

**यतमांसो गम्भीरः सुकुमारः संवृतः शोणः ।**
**पायुः शुभो नराणां पुनरशुभो भवति विपरीतः ॥ ६८ ॥**

શુદ્ધ માંસવાળી, ગંભીર, કોમલ, ગોળ તથા લાલરંગની હોય તો તે શુભ લક્ષણ છે. આ સિવાયનું અશુભ લક્ષણ છે. ૬૮



ચિત્ર નં. ૪૧



ચિત્ર નં. ૪૨

मुष्काः स्वयं प्रलम्बा जायन्ते सुपरिष्ठिता यस्य ।
स भवति भर्त्ता नियतं भूमेः ससाब्धिवलयायाः ॥ ६९ ॥
श्लक्ष्णैः समैर्नृपत्वं चिरमायुर्भवति लम्बितैर्वृषणैः ।
जलमरणमद्धितीयैर्मनुजानां कुलविनाशोपि ॥ ७० ॥
स्त्रीलोलत्वं विषमैः प्राक्पुत्रोदक्षिणोन्नतैर्वृषणैः ।
वामोन्नतैश्च तैरपि दुःखेन समं भवति दुहिता ॥ ७१ ॥
निःस्वः शुष्कस्थूलै रम्यरमणीरतास्तुरंगसमैः ।
पुनरर्द्धर्द्धैर्वृषणैर्भवंति न चिरायुषः पुरुषाः ॥ ७२ ॥
शिश्नमनिम्नसमुन्नतमदीर्घलघुसुसंयुतं मृदुलम् ।
उष्णं धनधान्यवतामश्लथमृदुवर्तुलं विशिरम् ॥ ७३ ॥
स्थूलग्रन्थिरतिसुखी केशानिगूढो महीपतिः शिश्नम् ।
व्याघ्रहयसिंहतुल्यो भोगी स्यादीश्वरः प्रायः ॥ ७४ ॥
स्पष्टशिरानिचितअपित्वग्घीनं मेहनं कृशं विमलम् ।
लघुमृदुसुरभिपरिमलं पुंसां सौभाग्यवित्तकरम् ॥ ७५ ॥
लिङ्गे लघुनि धनाढ्यो निरपत्यो वा शिरायुतेऽल्पसुतः ।
दक्षिणविनते पुत्रो वामनते कन्यकाजनकः ॥ ७६ ॥

यः समचरणनिषण्णो गुल्फौ नतुशेफसा परिस्पृशति ।
स सुखी ज्ञेयो यदि पुनरवनितलं प्रायशो दुःखी ॥ ७७ ॥
स्थूलोऽधो विनतः स्यात्तीक्ष्णाग्रो दीर्घोन्नतः शिथिलः ।
समलो धनहीनानां शिश्नो भुग्नः सदोन्मिषितः ॥ ७८ ॥
स्थूलशिरेण विशालच्छिद्रवता प्रजनेन दारिद्रयम् ।
अतिकोमलेन लभते नरः प्रमेहादिना मरणम् ॥ ७९ ॥
हरितांजनाभरेखो महामणिर्जायते समोत्तानः ।
मन्थानकपुष्पनिभो यस्य स भर्ता भुवो भवति ॥ ८० ॥
मणिभिर्धनिनो रक्तैः स्मेरजपापुष्पसन्निभैर्भूपाः ।
श्लक्ष्णैः स्निग्धैः सुखिनो मध्योत्तानैश्च पशुमन्तः ॥ ८१ ॥
कलधौतरजतमुक्ताफलप्रवालोपमा महामणयः ।
येषां भवन्ति दीप्तास्ते सजलधिभूमिभर्त्तारः ॥ ८२ ॥
दारिद्र्यजुषः परुषैः परुषाभैर्विपाण्डुरैर्मणिभिः ।
मध्योन्नतैर्बहुकन्या जायन्ते दुःखिनः स्फुटितैः ॥ ८३ ॥
विद्रुमहेमोपमया महामणौ रेखया नरो धनवान् ।
दौर्भाग्यवान् शबलया धूसरया जायते निःस्वः ॥ ८४ ॥



ચિત્ર નં. ૪૩



ચિત્ર નં. ૪૪

જેના વૃષણુ લાંબા અને સારી રીતે ચોંટેલા માલુમ પડતા હોય તે સાત સાગર

વાળી પૃથ્વીનો સ્વામી થાય છે. સરખા અને સુંદર વૃષણવાળો રાજ્ય મેળવે છે. લબડો પડેલા લાગતા વૃષણવાળો દીર્ઘાયુ થાય છે. એક જ વૃષણ હોય તો જલમાં ડુબવાથી મૃત્યુ થાય છે. અને તેવા માણસો પોતાના કુલનો નાશ પણ કરે છે. જો નાના મોટા વૃષણ હોય તો સ્ત્રીલોલુપ થાય છે. જેને જમણો વૃષણ ઉંચો હોય તેને પહેલો પુત્ર થાય છે. અને જેને ડાબો ઉંચો હોય તેને દુઃખ પડે છે, અને પ્રથમ છોકરી થાય છે. સુક્કા કે જાડા વૃષણ હોય તો નિર્ધન થાય છે. જો ઘોડાના જેવા વૃષણ હોય તો સુંદર સ્ત્રીમાં આસક્ત રહે છે. જો અડધા અડધા વૃષણ હોય તો પુરુષો અલ્પાયુ થાય છે. બહુ ઉંચી થએલી, બહુ દબાઈ ગએલી, બહુ લાંબી કે બહુ નાની ન હોય પરંતુ સારી કોમળ દેખાતી અને ઉષ્ણ રહેતી ઈન્દ્રી ધનસંપત્તિવાળા માણસોને હોય છે. વળી આવા માણસોની ઈન્દ્રી મજબુત, કોમળ, ગોળ અને નસો દેખાતી હોય તેવી હોય છે. જેનું શિશ્ન બસ્તી સાથે મોટી ગાંઠ વળીને જોડાએલું હોય તે ઘણો સુખી થાય છે. અને વાળથી ઢંકાએલું રહે તો રાજા થાય. (જોડાણનો ભાગ વાળવાળો હોય તે શુભ લક્ષણ છે;) જેઓને વાઘ, ઘોડો કે સિંહના જેવું શિશ્ન હોય તેઓ ઘણું ખરૂં રાજા થાય છે. (શિશ્ન નસો વગરનું હોય તો સારૂં એમ પહેલા શ્લોક ૭૩ માં કહ્યું છે.) શિશ્ન નસોવાળું દેખાતું હોય છતાં જો તેના ઉપરની ચામડી બહુ જ પાતળી (નહિં જેવી) હોય શિશ્ન પાતળું ચોકખું, નાનું, મૃદુ અને દુર્ગંધ રહિત તો તે સૌભાગ્ય આપનાર તેમજ ધન આપનાર છે. લિંગ નાનું હોય તો ધનાઢ્ય થાય નસો તરી આવતી હોય તો સંતાન વગરનો અથવા બહુ જ થોડાં છોકરાંવાળો થાય. જો જમણી બાજુ નમેલું રહેતું હોય તો પુત્રનો અને ડાબી બાજુ નમેલું રહેતું હોય તો પુત્રીનો પિતા થાય છે. જેને સરખી બેઠકે બેસતાં પગની ઘુંટીઓને લિંગનો સ્પર્શ ન થતો હોય તેને સુખી જાણવો. જો બેઠા પછી લિંગ જમીનને અડકતું હોય તો જાણવું કે તે દુઃખી જ થશે. દરિદ્ર પુરુષોનાં શિશ્ન જાડાં, લબડી પડેલાં, અણીદાર, લાંબાં, શિથિલ, મેલાં, ભાગેલાં અને સદાકાળ નિદ્રાવસ્થામાં પડ્યાં રહેનારાં હોય છે. મોટા માથાવાળું અને પહોળા છિદ્રવાળું શિશ્ન હોય તો દારિદ્ર થાય છે. અને જો શિશ્ન અતિ કોમલ હોય તો મનુષ્ય પ્રમેહ ઈત્યાદિ રોગથી મરણ પામે છે. જેને લિંગના મણિ ઉપર લીલી રેખાઓ (નસોને લઈને) દેખાતી હોય અને મણિ સરખો ઉઠાવદાર તથા રવૈયાના અથના જેવો દેખાતો હોય તે માણસ જમીનનો સ્વામી (રાજા, માંડલિક) થાય છે. લાલ રંગના મણિથી ધનવાન, અને ખીલેલા જપાના ફૂલ (લાલ રંગનું જાસુદનું ફૂલ) જેવો હોય તો રાજા થાય છે. ચિકણો અને મૃદુ મણિ હોય તો સુખી તથા વચ્ચેથી ઉન્નત બનેલો મણિ હોય તો પશુઓવાળો થાય છે. જેઓને લિંગના મણિ સોનું, ચાંદી, મોતી અગર પ્રવાલ જેવા દેખાતા હોય તેઓ સમુદ્ર પર્યન્તની ભૂમિના માલિક થાય છે. જેનો મણિ રૂક્ષ દેખાતો હોય તે દારિદ્રવાળો જાણવો. રૂખ્ખા જેવો લાગતો હોય અથવા ફીક્કો લાગતો હોય

તો પણ તેમજ સમજવું. જો મણિ વચ્ચેથી જ (ફક્ત) ફૂલેલો લાગતો હોય તો તેને ઘણી છોકરીઓ થાય છે. અને જો આ મણિ ફાટેલો હોય તો દુ:ખી થાય છે. લિંગનો મણિ મોટો હોય અને તેના ઉપર હીરા કે સોનાના જેવી ચમકીલી રેખાઓ પડતી હોય તો મનુષ્ય ધનવાન થાય છે. જો કાળી કે ભૂખરી રેખાઓ પડતી હોય તો દુર્ભાગ્યવાળો અને નિર્ધન થાય છે. ૬૯ થી ૮૪

रेतसि पुष्पसुगन्धिनि राजा यज्वा नरः सुरागन्धे ।
मधुगन्धे बहुवित्तः सुखीधनवान् मीनगन्धे स्यात् ॥ ८५ ॥
सुरभिद्रव्यसुगन्धे श्रियोऽन्यगन्धे तु दारिद्रयम् ।
लाक्षागन्धे पुत्र्यो नैःस्वो भोगीः पुनः पिशितगंधे ॥ ८६ ॥
जम्बूवर्णेन सुखी दुग्धसवर्णेन रेतसा नृपतिः ।
धूम्रेण दुःखसहितः स्याद्दुःस्थः श्यामवर्णेन ॥८७॥
यस्य च्यवते रेतो लघुमैथुनगामिनो बहुस्निग्धम् ।
दीर्घायुःसंपत्तिं पुत्रानपि विन्दते स पुमान् ॥ ८८ ॥
न पतति शुक्रं स्तोकं चिरमैथुनसंगतस्यापि ।
दारिद्र्यं सोल्पायुर्बहुकन्याजनकतां भजते ॥ ८९ ॥
द्वित्रिचतुर्धाराभिः प्रदक्षिणावर्तजातिमूत्रं स्यात् ।
पिङ्गलवर्णं नृपतिः सुखिनो बलितैकधाराद्यम् ॥ ९० ॥
कृतशब्दमेकधारं नृपस्य मूत्रं द्विधारमाद्ये च ।
निःशब्दं बहुधारं तदपि दरिद्रस्य विज्ञेयम् ॥९१॥

જેને વીર્યમાંથી પુષ્પના જેવી સુગંધી આવતી હોય તે રાજા, દારૂ જેવી સુગંધ હોય તે યજ્ઞ કરનાર, મધ જેવી સુગંધવાળો ધનવાન અને માછલાં જેવી ગંધવાળો સુખી અને ધનવાન થાય છે. વીર્યમાંથી સારી સુગંધ આવવી એ સૌભાગ્યનું લક્ષણ છે. અને દુર્ગંધ આવવી તે દારિદ્રનું લક્ષણ છે. લાખ જેવી ગંધ આવતી હોય તો પુત્રીઓ થયા કરે. અને માંસ જેવી ગંધ આવતી હોય તો નિર્ધન છતાં ભોગી થાય છે. જો વીર્યનો રંગ જાંબુડાના જેવો હોય તો સુખી, દૂધ જેવો હોય તો રાજા, ધૂમાડીઓ રંગ હોય તો દુ:ખી અને કાળો રંગ હોય તો દુ:ખી થાય. થોડા મૈથુનથી જેને ઘણા વીર્યનો સ્રાવ થતો હોય અને તે વીર્ય સ્નિગ્ધ હોય તો સમજવું કે તે

પુરુષ દીર્ઘાયુ, સંપત્તિ અને પુત્રોનું સુખ મેળવે છે. જેને લાંબો વખત મૈથુન કરવા છતાં વીર્યનો થોડો પણ સ્રાવ ન થાય તો તેવો પુરુષ દરિદ્રતા, અલ્પાયુ અને કન્યાઓના પિતા થવા પણાને પામે છે. જેને મૂત્રની બે ત્રણ કે ચાર ધારાઓ થતી હોય, મૂત્રના પતનની દિશા દક્ષિણાવર્ત હોય, અને રંગ પીળચટો હોય તે રાજા થાય. અને એક જ ધાર થતી હોય તે પણ સુખી થાય છે. રાજાઓનું મૂત્ર એક ધારવાળું અને શબ્દયુક્ત હોય છે. દરિદ્રોને શરૂમાં બે ધારવાળું અને પછીથી ઘણી ધારાઓમાં વહેંચાઈ જતું, તેમજ શબ્દ વગરનું મૂત્ર હોય છે. ૮૫ થી ૯૧

स्निग्धं प्रवालतुल्यं यस्याङ्गे भवति शोणितं न चिरम्।
स वहति स्वकीयभुजया मनुजो निखिलाम्बुधिमेखलां वसुधाम्॥९२॥
रुधिरं यस्य शरीरे रक्ताम्बुजवर्णसंमितं भवति।
भुजवल्लिकङ्कणरणत्कारा तमनुसरति राज्यश्रीः ॥९३॥
किंचित् पीतं शोणं शोणितमिह भवति मध्यमे पुंसि।
ईषत्कृष्णं रक्तं तत्तु जघन्ये परिज्ञेयम् ॥९४॥

જેના શરીરમાં પરવાળાના જેવું લાલ અને સ્નિગ્ધ રુધિર વહેતું હોય તે થોડી મુદતમાં પૃથ્વીપતિ બને છે. જેના શરીરમાં લાલ કમળના જેવું રુધિર વહેતું હોય તેને પોતાના હાથનાં કંકણોનો રણકાર કરતી લક્ષ્મી પ્રાપ્ત થાય છે. મધ્યમ કોટિના પુરુષમાં કંઈક પીળું અને લાલ લોહી હોય છે. અને કંઈક કાળું અને લાલ લોહી હલકી કોટીના પુરુષમાં હોય છે. ૯૨ થી ૯૪

शस्ता बस्तिः पुंसां विस्तीर्णा मांसलोन्नता स्निग्धा।
शुष्का विकटा कठिना दारिद्र्यं दिशति वा बहुदुःखम् ॥९५॥
श्वशृगालकरभसैरिभतुल्या बस्तिर्नता भवति येषाम्।
संकीर्णाक्लिन्ना ते धनहीनाः स्युर्नराः प्रायः ॥९६॥
पृथुरुच्चस्था नाभिर्गंभीरा चाण्डाकृतिः सौख्यम्।
विदधाति धनं मेधां मनुजानां दक्षिणावर्त्ता ॥९७॥
शतपत्रकर्णिकाभा नाभिः स्याद्यस्य मनुजमात्रस्य।
प्राप्नोति सपदि स पुमान् ससुवर्णां सार्णवामवनिम् ॥९८॥

पुंसां नाभिर्दीर्घा यथाक्रमं पार्श्वयोस्तदूदुर्ध्वमधः ।
दीर्घायुरीश्वरत्वं गोस्वामित्वं सदा तनुते ॥ ९९ ॥
विषमा वलिर्मध्यस्था नैःस्वं शूलं करोति नीचस्था ।
तुङ्गा स्वल्पा क्लेशं वामावर्त्ता नृणां शाठ्यम् ॥ १०० ॥

માંસલ, ઉઠાવદાર અને પહોળી, બસ્તી સારી ગણાય છે. સુકાઈ ગએલી, પહોળી થઈ ગએલી, કઠિણ બસ્તી બહુ દુઃખ અને દારિદ્ર આપે છે. કુતરાં, શિયાળ, ઊંટ, અને પાડાની બસ્તી જેવી જેમની બસ્તી હોય તેઓ ઘણું ખરૂં ધનહીન થાય છે. પહોળી, ઉન્નત, ગંભીર તથા ઈંડાના જેવા આકારવાળી નાભિ સુખ આપે છે. (જુઓ ચિત્ર ૪૪) અને જો આવી નાભિ દક્ષિણાવર્ત હોય તો મનુષ્યોને ધન અને બુદ્ધિ આપે છે. કમળના જેવી સુંદર નાભિ ગમે તે માણસને હોય તો પણ તે ધનવાળી સમુદ્રપર્યંતની પૃથ્વી પામે છે. દીર્ઘ અને પાર્શ્વભાગમાં ઉપસી આવેલી પેસી ગએલી નાભિવાળો દીર્ઘાયુ, શેઠાઇ તથા પશુઓના સમુહનો માલિક (ગાય, હાથી ઘોડા વગેરેનો માલિક) થાય છે. જો નાભિ વિષમ પ્રકારનાં વલયોવાળી બનતી હોય તો દરિદ્રતા તથા શૂલવ્યાધિ કરે છે. નાભિ ઠીક મધ્ય ભાગમાં ન હોતાં ઉપરની બાજુ કે એકદમ નીચે હોય અને ટુંકી કે વામાવર્ત હોય તો કલેશ અને શઠતા કરે છે. ૯૫ થી ૧૦૦

क्षोणिपतिस्तनुकुक्षिः शूरो भोगान्वितश्च समकुक्षिः ।
धनहीन उच्चकुक्षिर्मायावी स्याद्विषमकुक्षिः ॥ १०१ ॥
कुक्षिर्यस्य गभीरा विनिपातं स लभते नरः प्रायः ।
उत्ताना यस्य पुनर्नारीवृत्तेन जीवते सोपि ॥ १०२ ॥
पार्श्वे मांसोपचिते प्रदक्षिणावर्तरोमाणि मृदूनि ।
यस्य भवेतां वृत्ते नियतं जगतीपतिः स स्यात् ॥ १०३ ॥
निम्नैर्भोज्यवियुक्ताः पार्श्वैः पिशितोज्झितैर्धनविहीनाः ।
स्थूलास्थिभिः पुमांसः कुटिलैः पुरुषाः परप्रेष्याः ॥ १०४ ॥
जठरं यस्य समं स्यादभितः स पुमान्महार्थाढ्यः ।
सिंहनिभं यस्य पुनः प्राप्नोति स चक्रवर्तित्वम् ॥ १०५ ॥

मेकोदरो नरपतिर्वृषभमयः परदारभोगी च ।
वृत्तोदरः सुखी स्यान्मीनव्याघ्रोदरः सुभगः ॥ १०६ ॥
पिठरजठरो दरिद्रो घटजठरो दुर्भगः सदा दुःखी ।
भुजगजठरो भुजिष्यो बहुभोजी जायते मनुजः ॥ १०७ ॥
श्ववृकोदरो दरिद्रः शृगालतुल्योदरो दरोपेतः ।
पापः कृशोदरः स्यान्मृगभुक्सदृशोदरश्चौरः ॥ १०८ ॥



ચિત્ર નં. ૪૫



ચિત્ર નં. ૪૬

કુક્ષી જો નાની હોય તો રાજા થાય. સરખી કુખવાળો શૂરવીર અને ભોગી થાય. ઉપસી આવેલી કુક્ષીવાળો નિર્ધન અને નાની મોટી કુખવાળો માયાવી થાય છે. જેની કુક્ષી ગંભીર હોય તે મનુષ્ય પ્રાયઃ નાશ પામે છે. અને જેની કુક્ષી ઉપસેલી હોય તે પોતાની સ્ત્રીની આજીવિકા ઉપર જીવે છે. પડખાં ગોળાકાર ધારણ કરનારાં અને માંસથી ભરેલાં હોય, અને તેના ઉપર દક્ષિણાવર્ત રૂંવાટાં હોય તો તેવાં પડખાંવાળો માણસ જરૂર રાજા થાય છે. ( જુઓ ચિત્ર ૪૫ ) બેસી ગએલાં પડખાંવાળાને ખાવાના પણ સાંસા પડે છે. માંસ વગરનાં પડખાંવાળા નિર્ધન થાય છે. જાડાં અને વાંકાં હાડકાંવાળા પડખાંવાળા મનુષ્યો પારકાના સેવક થાય છે. જેનું જઠર (પેટ) સરખું દેખાતું હોય તે નિડર અને મહાધનવાન થાય છે. અને સિંહના જેવા પેટવાળો મનુષ્ય ચક્રવર્તી થાય છે. ( જુઓ ચિત્ર ૪૬ ) દેડકા જેવા પેટવાળો નૃપતિ, બળદ જેવા પેટવાળો પરસ્ત્રીગામી, ( જુઓ ચિત્ર ૪૭ ) ગોળ પેટવાળો સુખી અને માછલા કે વાઘના જેવા પેટવાળો ભાગ્યશાળી થાય છે. હાંડી જેવા પેટવાળો દરિદ્ર, ઘડા જેવા પેટવાળો દુર્ભાગી અને સદા દુઃખી થાય છે. સાપ જેવા પેટવાળો માણસ બહુ ખાનાર તથા ચાકર થાય છે. કુતરા કે વરૂ જેવા પેટવાળો

દરિદ્ર, શિયાળવા જેવા ઉદરવાળો છિદ્રવાળો ( છુપાં પાપ કર્મ કરનાર ), સુકાઇ ગએલા પેટવાળો પાપી, અને બીલાડા જેવા પેટવાળો ચોર હોય છે. ૧૦૧ થી ૧૦૮



चित्र नं. ४७



चित्र नं ४८

जायेत यस्य मध्यं मुशलोदरसोदरं तनुत्वेन ।
स पुमान्नृपतिर्ज्ञेयो विपर्ययो भवति विपरीते ॥१०९॥
प्रहरणमरणं रमणीभोगानाचार्यपदमनेकसुतताम् ।
एकद्वित्रिचतुर्भिः क्रमेण वलिभिः पुमाँल्लभते ॥११०॥
अवलिर्नृपतिः सुखभाक्परदाररतो हि नूनं स्यात् ।
सरलवलिः पापरतो नित्यमगम्याभिगमनमनाः ॥१११॥
अभ्युन्नतेन मांसोपचितेन सुसंहतेन भूमिभुजः ।
हृदयेन महार्थजुषः पृथुना दीर्घायुषः पुरुषाः ॥११२॥

જેની કમર મૂશળના મધ્ય ભાગની જેમ પાતળી હોય ( દેખાવમાં પાતળી થઇને મૂશળનો મધ્યભાગ જેમ દેખાય છે, તેમ દેખાય ) તો તેવી કમરવાળો માણસ રાજા થાય છે. ( જુઓ ચિત્ર ૪૮ ) અને જો આનાથી વિપરીત લક્ષણ હોય તો વિપરીત ફળ થાય છે. જો પેટ ઉપર એક વલ્લી પડે તો શસ્ત્રથી મૃત્યુ ( મારવાથી મૃત્યુ થાય ), બે હોય તો સ્ત્રી સુખ, ત્રણ હોય તો આચાર્યપણું અને ચાર હોય તો અનેક પુત્રોનો પિતા થાય. એક પણ વલ્લી જેને ન હોય તે રાજા થાય, સુખી રહે પરંતુ ખરેખર તે પરદારગામી બને. સીધી વલ્લીવાળો પાપકર્મમાં આસક્ત રહે છે, અને અગમ્યાગમનમાં રુચિવાળો થાય છે. ઉપસી આવેલા, માંસલ, સુગઠિત અને વિશાળ હૃદયવાળા પુરુષો રાજા, મહાધનવાન અને દીર્ઘાયુ: થાય છે. ૧૦૯ થી ૧૧૨

स्थूलशिरापरिकलितं खररोमसमन्वितं पुंसाम् ।
हृदयं पुनः सकंपं निस्वत्वं शश्वदाददते ॥ ११३ ॥

पृथुलं भवत्युरः स्थलमचलशिलाकठिनमुन्नतं नृपतेः ।
मृगनाभीपत्रलतासमानमुरोरोमराजिचितम् ॥ ११४ ॥

उरसा घनेन धनवान्पीनेन भटस्तथोद्ध्र्वरोम्णा स्यात् ।
निःस्वस्तनुना विषमेणाकालमृतिरकिंचनश्च नरः ॥ ११५ ॥

वृत्ताः स्तनाः प्रशस्ताः सुस्निग्धाः कोमलाः समापुंसाम् ।
विषमाः परुषा विकटाः प्रायो दुःखाय जायन्ते ॥ ११६ ॥

मांसोपचितैर्भूपाः सुभगाः स्युश्चूचुकैरपि द्वंद्वैः ।
पीनैः सुखिनो विषमायतैः सदा निःस्वताभाजः ॥ ११७ ॥

જેનું વક્ષ:સ્થલ જાડી નસોથી વ્યાપ્ત થએલું માલુમ પડતું હોય, અને તેની ઉપર બરછટ રૂંવાટાં હોય, તેમજ કંપાયમાન રહેતું હોય તેવો માણસ નિર્ધનતા પામે છે. રાજાનું વક્ષ:સ્થલ વિશાળ હોય છે. અને પર્વતની શિલાની માફક કઠણ તથા ઉન્નત હોય છે. અને તે છાતી પર હરણની ઘૂંટી ઉપરની રોમાવલી જેવા આછા પાતળા વાળ હોય છે. જો ઘન વક્ષ:સ્થલ હોય તો ધનવાન, ભરાવદાર અને ઉર્ધ્વગામી રોમયુક્ત હોય તો સુભટ થાય છે. પરંતુ જો નાનીશી છાતી હોય તો નિર્ધન થાય છે, વિષમ છાતી હોય તો મનુષ્ય નિર્ધન થાય છે. અને અકાળ મૃત્યુ પામે છે. પુરુષના ગોળ સુસ્નિગ્ધ, કોમળ તથા સરખા સ્તન હોય તો વખાણવા લાયક છે. વિષમ, કાંતિહીન, સંકોચાઈ ગએલા સ્તન ઘણું ખરૂં દુઃખ આપે છે. જો બંને સ્તનોનાં ચૂચુક ( અગ્રભાગ ) ભરાવદાર હોય તો મનુષ્ય ભાગ્યશાળી અને રાજા થાય છે. જાડાં ચૂચુક હોય તો સુખી થાય છે. અને નાનાં મોટાં ચૂચુક હોય તો નિર્ધન થાય છે. ૧૧૩ થી ૧૧૭

पीनेन धनाधिपतिर्जत्रुयुगेनोन्नतेन भोगी स्यात् ।
विषमोन्नतेन दुःखी नतास्थिबंधेन धनहीनः ॥ ११८ ॥

स्कन्धावनुक्रमतो मूले पीनौ समुन्नतौ किंचित् ।
वृषककुदसमौ ह्रस्वौ लक्ष्मीं दृढसंहतिं वहतः ॥ ११९ ॥

हुडवद्दीर्घौ स्कंधौ निर्मांसौ भारवाहकौ पुंसाम् ।
कुटिलौ कृशावतितनू खेदकरौ रोमशौ बहुशः ॥१२०॥
भुग्नौ मांसविहीनावंसौ नतरोमशौ कृशौ यस्य ।
निर्लक्षणेन लक्ष्म्या नामापि नाकर्णितं तेन ॥ १२१ ॥
अत्युच्छ्रितौ च अंसौ किंचिद्बाह्वोः समुन्नतिं दधतः ।
सुश्लिष्टसंधिबन्धौ वपुषोर्धनिशूरयोः स्याताम् ॥ १२२ ॥
मृदुतनुरोमे कक्षे प्रस्वेदमलोज्झिते सुरभिगन्धी ।
पीनोन्नते धनवतामतोन्यथा वित्तहीनानाम् ॥ १२३ ॥



चित्र नं. ४९



चित्र नं. ५०

ગળાની હાંસડીઓ પુષ્ટ હોય તો ધનવાન થાય. ઉઠાવદાર હોય તો ભોગી થાય. એક ઉંચી અને બીજી નીચી એવી હોય તો દુ:ખી થાય અને ઢીલા પડી ગએલા અસ્થિબંધવાળી હોય તો મનુષ્ય ધનહીન થાય. ખભા મૂળમાં જાડા અને સરખા ઉતરતા ક્રમના હોઈ માંસલ અને ઉન્નત હોય તેમજ બળદની ખાંધ જેવા દેખાતા હોય ( જુઓ ચિત્ર ૪૯ ) અને પ્રમાણમાં ટુંકા હોયતો લક્ષ્મી અને વિશાળ કુટુંબ સમુદાયને મેળવે છે. બકરાના જેવા લાંબા અને માંસ રહિત ખભા ભાર વહન કરનાર માણસોને હોય છે. અને વાંકાચૂંકા, કૃશ, ઘણાજ નાના તથા ઘણાં, રૂંવાટાંવાળા ખભા ખેદ કરાવનાર છે. ખભાના અગ્રભાગ ભાગી ગયા જેવા, માંસહીન, નમી પડેલા તથા રૂંવાટાંવાળા અને કૃશ હોય તો ( આ એક એવું નિર્ધનતાનું પ્રબળ લક્ષણ છે કે ) આવા ખભાવાળા દુર્ભાગી પુરુષે લક્ષ્મીનું નામ સાંભળ્યું હોતું નથી. ધનવાન અને શૂરા પુરુષોને ખભાના અગ્રભાગ ઘણા ઉપસી આવેલા, હાથને પણ ઉઠાવ આપનારા, અને મજબુત સંધિયુક્ત હોય છે. ધનવાનોની બગલો ઝીણા અને કોમળ

વાળવાળી, પરસેવા અને મેલથી રહિત, તથા સુગંધીવાળી પુષ્ટ તથા ઉન્નત હોય છે. આનાથી વિપરીત બગલો ધનહીન માણસોને હોય છે. ૧૧૮ થી ૧૨૩

बाहू वामविवलितौ वृत्तावाजानुलंबितौ पीनौ ।
पाणी फणछत्रांकौ करिकरतुल्यौ समौ नृपतेः ॥१२४॥
गोपुच्छाकृतिपीनं हीनं खररोमबहुलरोमभिर्दीर्घम् ।
निर्मग्नशिरासन्धि प्रशस्यते भुजयुगं पुंसाम् ॥१२५॥
दुष्टः प्रोद्बुद्धभुजो बहुरोमा बहुभुजिष्यः स्यात् ।
विषमभुजश्चौर्यरतिः समपीनभुजो नरो दुःस्थः ॥१२६॥
पाणी नृपतेः श्लक्ष्णौ निःस्वेदौ मांसलौ तथाच्छिद्रौ ।
अरुणावकर्मकठिनावुष्णौ दीर्घाङ्गुली स्निग्धौ ॥१२७॥
विस्तीर्णौ ताम्रनखौ स्यातां कपिवत्करौ धनाढ्यस्य ।
शार्दूलवद्विरूक्षौ विकृतौ निःस्वस्य निर्मांसौ ॥१२८॥
रेखाभिः पूर्णाभिस्तिसृभिः करमूलमंकितं यस्य ।
धनकांचनरत्नयुतं श्रीः पतिमिव भजति लुब्धेव ॥१२९॥

પાછળની બાજુ વળ ખાનારા, ગોળ, ઢીંચણ પર્યંત લાંબા, પુષ્ટ, સાપની ફેણની માફક (હાથનો પહોંચો આવવાથી) છત્રને ધારણ કરનાર, હાથીની સૂંઢ જેવા બાહુ રાજાઓને હોય છે. પહોંચાને લઈ ગાયના પૂંછડા જેવા દેખાતા, ખરબચડા કે ઘણાવાળ વગરના લાંબા, જેમાં નસો તથા સંધિઓ ડુબી ગઈ હોય તેવા બાહુ વખાણવા લાયક છે. ફૂલેલા બાહુવાળો દુષ્ટ થાય છે. ઘણા વાળવાળા જેના હાથ હોય તે ખુબ ખાનાર થાય છે. લાંબા ટુંકા હાથવાળો ચોરવૃત્તિનો થાય છે. અને સરખા તેમજ પુષ્ટ હાથવાળાને યોગ્ય સ્થાન મળતું નથી. (અહીં સરખાનું લક્ષણ પોંચાથી ખભા પર્યંત ચઢ ઉતરમાં એક સરખા ઘેરાવાના હોય તે એમ સમજવાનું છે.) રાજાના હાથ (પોંચાથી આંગળીઓ પર્યંતનો હસ્ત) ચમકદાર, પરસેવા વગરના, માંસલ, છિદ્રરહિત, લાલાશ ઉપર, કામ ન કરવા છતાં કઠોર, ઉષ્ણ, લાંબી આંગળીઓવાળા તથા સ્નિગ્ધ હોય છે. ધનવાન પુરુષના હાથ પહોળા, તાંબા જેવા લાલ નખવાળા, અને દેખાવમાં વાંદરાના હાથ જેવા હોય છે. અને દરિદ્રના હાથ વાઘના પંજા જેવા, વિકૃત તેમજ માંસ વગરના હોય છે. જેનું કરતલ (હથેળી) ત્રણ અખંડ રેખાઓથી શોભતું હોય તેવા ધન, સુવર્ણ તથા રત્નથી યુક્ત પુરુષનું આસક્ત થએલી સ્ત્રીની માફક લક્ષ્મી સેવન કરે છે. ૧૨૪ થી ૧૨૯

करमूलैर्निगूढैः सुदृढं सुश्लिष्टसंधिभिर्भूपाः ।
निःस्वाः श्लथैः सशब्दैः पाणिच्छेदान्वितैर्हीनाः ॥ १३० ॥
अवहस्तं करपृष्ठं विस्तीर्णं पीनमुन्नतं स्निग्धम् ।
विनिगूढशिरं परितः क्षोणिपतेः फणिफणाकारम् ॥ १३१ ॥
मणिबन्धसमं निम्नं निर्मांस रोमसंचितं सशिरम् ।
करपृष्ठं निःस्वानां रूक्षं परुषं विवर्णं स्यात् ॥ १३२ ॥
संवृत्तनिम्नेन धनी पाणितलेनोन्नतेन दानरुचिः ।
निम्नेन जनकवित्तत्यक्तो विषमेण धनहीनः ॥ १३३ ॥
अरुणेनाढ्यः पीतेनागम्यस्त्रीरतिः करतलेन ।
सितासितेन दरिद्रो नीलेनापेयपायी स्यात् ॥ १३४ ॥
बहुरेखापरिकलितं पाणितलं भवति यस्य मनुजस्य ।
यदि वा रेखाहीनं सोल्पायुर्दुःखितो निःस्वः ॥ १३५ ॥

જેનું કરમૂલ ( પહોંચાની સંધિ ) દબાઈ ગએલી ( માંસમાં ડુબી ગએલી ) સંધીઓવાળું, મજબુત, અને બરાબર બેઠેલા સાંધાવાળું હોય તો તેવા લક્ષણવાળો પુરુષ રાજા થાય છે. પરંતુ જો તે કરમૂલ શ્લથ ( ઢીલું ) તથા હલાવતાં શબ્દ કરતું હોય યા ઢીલું પડી ગએલું હોય તો તે નિર્ધનનું લક્ષણ છે. રાજાના હાથની પીઠ પહોળી, ખીલેલી, ઉઠાવદાર સ્નિગ્ધ ડુબી ગએલી નસોવાળી, તેમજ સાપની ફેણ જેવી હોય છે. નિર્ધનોના હાથની પીઠ મણિબંધના જેટલી જ નીચી, માંસ રહિત, રૂંવાટાંવાળી, નસોવાળી, રુક્ષ, કાંતિ હીન તથા રંગ વગરની હોય છે. જો હથેળી ચોમેર ગોલાકાર ઉન્નત પ્રદેશને લઈ વચ્ચેથી ખાડાવાળી દેખાતી હોય તો ધનવાન થાય. જો ઉઠાવદાર હોય તો દાની થાય. હેતુ વગર નીચી હોય તો બાપના ધન વગરનો અને વિષમ હોય તો ધનહીન થાય. લાલાશ પડતી હથેળી હોય તો ધનવાન, પીળી હોય તો અગમ્ય સ્ત્રીમાં આસક્ત, ધોળી કે કાળી હથેળીવાળો દરિદ્ર અને જાંબુડા રંગની હથેળી હોય તો અપેય ( નહિ પીવા લાયક પીણાંઓ ) પદાર્થોનું પાન કરનાર થાય છે. બહુ રેખાઓથી વ્યાપ્ત જેની હથેલી હોય તે માણસ તથા રેખા વગરની હથેળીવાળો માણસ અલ્પાયુ નિર્ધન તથા દુઃખી થાય. ૧૩૦ થી ૧૩૫

अधुना मीनाद्याकृतिरेखानां लक्षणं स्फुटं वक्ष्ये ।
वामकरे नारीणां दक्षिणकरे नराणां तु ॥ १३६ ॥

जीवितमरणं लाभालाभं सुखदुःखमिह जगत्यखिलम् ।
कररेखाभिः प्रायः प्राप्नोति नरोऽथवा नारी ॥ १३७॥
अन्तर्मुखेन मीनद्वयेन पूर्णेन पाणितलमध्यम् ।
यस्याङ्कितं भवेदिह स धनी स चाप्रदो मनुजः ॥ १३८ ॥
अच्छिन्ना गंभीरा पूर्णा रक्ताब्जदलनिभा मृदुला ।
अन्तर्वृत्ता स्निग्धा कररेखा शस्यते पुंसाम् ॥ १३९ ॥
मधुपिङ्गाभिः सुखिनः शोणाभिस्त्यागिनो गभीराः स्युः ।
सूक्ष्माभिर्धीमन्तः समाप्तमूलाभिरथ सुभगाः ॥ १४० ॥
पल्लविता विच्छिन्ना विषमाः पुरुषाः समास्फुटितरूक्षाः ।
विक्षिप्ताश्च विवर्णा हरिताः कृष्णाः पुनरशुभाः ॥ १४१ ॥
पल्लवितायां क्लेशश्छिन्नायां जीवितस्य सन्देहः ।
विषमायां धननाशः परुषायां कदशनं तस्याम् ॥ १४२ ॥

હવે મીન (મત્સ્ય) આદિ આકૃતિઓનાં લક્ષણ સ્પષ્ટપણે કહીએ છીએ. ડાબા હાથમાં સ્ત્રીઓને તથા જમણા હાથમાં પુરુષોને લક્ષણોની પરીક્ષા કરવી. આ જગતમાં જીવન–મરણ, લાભ–અલાભ, સુખ–દુઃખ વગેરે બધું જ સ્ત્રી અગર પુરુષ ઘણું ખરૂં હસ્તરેખાઓના આધાર મુજબ જ પામે છે. જે માણસની હથેળીના મધ્ય ભાગમાં અંદર પડતાં મુખવાળાં બે માછલાંઓનાં અખંડ ચિન્હ હોય તે માણસ ધનવાન થાય છે. (જુઓ ચિત્ર ૫૦) અને તે કંજુસ હોય છે. જે રેખા તૂટ્યા વગરની, ગંભીર (ઉંડી) પૂરી, લાલાશ પડતી, કોમળ, અંદર ઉંડી ઉતરી જતી હોય તેવી હોય અને સ્નિગ્ધ હોય તે રેખા વખાણવા લાયક છે. મધ જેવી પીળાશ વાળી રેખાઓ હોય તો સુખી, લોહી જેવા રંગની હોય તો ત્યાગી અને ગંભીર સ્વભાવની, બારીક રેખાઓ હોય તો બુદ્ધિમાન અને આદિથી અંત સુધીની પુરી રેખાઓ હોય તો સૌભાગ્યશાલી થાય છે. જે રેખાઓ શાખાઓવાળી, તૂટેલી વિચિત્ર લાગતી, રૂખ્ખી, ફાટી જવાથી તેજહીન લાગતી, અસ્તવ્યસ્ત પડેલી, ફીક્કી, લીલી કે કાળા રંગની હોય તે રેખાઓ અશુભ છે. શાખાઓવાળી રેખાઓથી કલેશ થાય છે. તૂટેલી રેખા આયુષ્ય તૂટી જવાનો ભય બતાવે છે. અસ્તવ્યસ્ત હોય તો ધનનો નાશ કરાવે છે. અને ફીક્કી રેખાઓ ખરાબ ભોજન (ખાધાખોરાકીનું દુઃખ) આપે છે. ૧૩૬ થી ૧૪૨

आपाणिकरमूलभागान्निः सृत्यांगुष्ठतर्जनीमध्ये ।
आद्या भवन्ति तिस्रो गोत्रद्रव्यायुषां रेखाः ॥ १४३ ॥
प्रविच्छिन्नाभिच्छिन्नाभिः स्वल्पानि भवन्ति कुलधनायूंषि ।
रेखाभिर्दीर्घाभिर्विपरीताभिर्भवति विपरीतम् ॥ १४४ ॥
मणिबन्धनान्निर्गच्छति रेखा यस्य प्रदेशिनीमूलम् ।
बहुबन्धुजनाकीर्णं तस्य पुनर्जायतेऽभिजनः ॥ १४५ ॥
लघ्व्या पुनर्नराणां लघुरिह दीर्घोऽथ दीर्घया वंशः ।
परिभिन्नो विज्ञेयः प्रतिभिन्नया च्छिन्नया च्छिन्नः ॥ १४६ ॥
रेखा कनिष्ठिकाया ज्येष्ठामुलंध्य यस्य याति परम् ।
अच्छिन्ना परिपूर्णा स नरो वत्सरशतायुः स्यात् ॥ १४७ ॥
यावन्मात्राश्छेदाज्जीवितरेखा स्थिरा भवन्ति नृणाम् ।
अपमृत्यवोऽपि तावन्मात्रा नियतं परिज्ञेयाः ॥ १४८ ॥
पुंसामायुर्भागे प्रत्येकं पंचविंशतिः शरदाम् ।
कल्प्याः कनिष्ठिकांगुलिमूलादिह तर्जनीपरतः ॥ १४९ ॥
रेखा मणिबन्धाद्यदि यात्यंगुष्ठप्रदेशिनीमध्यम् ।
ऋद्धियुतं ख्यापयति विज्ञामविचक्षणं पुरुषम् ॥ १५० ॥
चेदंगुष्ठं गच्छति सैवं ततो वितनुते महीशत्वम् ।
यदि सैव तर्जनीं वा साम्राज्यं मंत्रिपदमथवा ॥ १५१ ॥
निष्क्रान्ता मणिबन्धात्प्राप्ता यदि मध्यमांगुलीरेखा ।
नृपतिं सेनाधिपतिं सा कुरुते वा तमाचार्यम् ॥ १५२ ॥
न च्छिन्ना न स्फुटिता दीर्घतरा विगतपल्लवा पूर्णा ।
ऊर्ध्वा रेखा कुरुते सहस्रजनपोषमेकाऽपि ॥ १५३ ॥
सा ब्राह्मणस्य रेखा वेदकरी क्षत्रियस्य राज्यकरी ।
वैश्यस्य महार्थकरी सौख्यकरी भवति शूद्रस्य ॥ १५४ ॥

करमूलान्निर्याता यदि रेखानामिकांगुलीमेति ।
विदधाति सार्थवाहं सार्थाढ्यं नृपतिमान्यम् ॥१५५॥
निष्क्रम्य पाणितलात्प्राप्नोति कनिष्ठिकांगुलीं रेखा
धनकनकाढ्यं श्रेष्ठिनमिह कुरुते सा यशोनिष्ठम् ॥१५६॥
आलिखितं काकपदं धनरेखायां तु सदृशतो यस्य ।
अर्जयति धनानि पुनस्तत्क्षणमपि स व्ययं कुरुते ॥१५७॥

હાથનું મૂળ ( મણિબંધ ) અને મણિબંધથી લઈ કનિષ્ઠિકાના મૂળ પર્યંતના ભાગમાંથી નીકળીને અંગુઠા તથા તર્જનીના વચ્ચેના ભાગમાં જનારી અનુક્રમે ગોત્ર, દ્રવ્ય અને આયુષ્યની એમ ત્રણ (મુખ્ય) રેખાઓ હોય છે. આ રેખાઓ ઠેર ઠેર કપાઇ ગઈ હોય અથવા તૂટી ગઈ હોય તો કુલ તથા ધન અલ્પ હોય છે. અને જો તેનાથી ઉલટા સ્વરૂપની રેખાઓ હોય અર્થાત્ તૂટયા કે કપાયા વગરની હોય તો વિપરીત ફળ ( અર્થાત્ ધન અને કુટુંબ મોટું હોય તેવું ) થાય છે. જેને મણિબંધથી નીકળી પ્રદેશિની ( તર્જની )ના મૂળ પર્યંત ગએલી રેખા હોય તે મનુષ્ય ઘણા મોટા કુટુંબવાળો તેમજ પ્રિય થઈ પડે તેવો હોય છે. જો આ ગોત્ર રેખા ( મણિબંધમાંથી નીકળી અંગુઠા અને તર્જનીના વચ્ચેના ભાગમાં જનારી રેખા ) ટુંકી હોય તો મનુષ્યનું કુટુંબ ટુંકું હોય, અને મોટી હોય તો મોટું હોય. આ રેખા તૂટેલી હોય તો વંશ તૂટેલો જાણવો અને કોઈ રેખાથી કપાઈ હોય તો વંશ કપાઈ જાય એમ સમજવું. કનિષ્ઠિકા આંગળી (ના મૂળ ભાગની નીચે હાથની બાજુ ઉપરથી નીકળેલી રેખા )થી લઈ મધ્યમા આંગળીને વટાવીને રેખા આગળ ગઈ હોય તેમજ તે તૂટયા કે કપાયા વગરની તેમજ પરિપૂર્ણ હોય તો મનુષ્ય સો વર્ષ જીવે છે. આ રેખા (એટલે આયૂરેખા ) જેટલી વખત છેદાઈ હોય અને છેદાવા છતાં તૂટી ન ગઈ હોય, તેટલી વખત નક્કી ઘાત આવે છે, એમ જાણવું. કનિષ્ઠિકા આંગળીથી લઈ તર્જની પર્યંતની આયૂરેખા સો વર્ષની છે, માટે તે દરેકે દરેક આંગળીના પ્રદેશને પચીસ વર્ષનો જાણવો. **ગુરુની ઉર્ધ્વ રેખા**—મણિબંધથી લઈ અંગુષ્ઠ અને પ્રદેશિનીના મધ્ય ભાગમાં જો રેખા જાય તો તેવી રેખાવાળા પુરુષને ધનસંપત્તિ યુક્ત તથા વિચક્ષણ બુદ્ધિવાળો પુરુષ સમજવો. **શુક્રની ઉર્ધ્વ રેખા**—આ રેખા અંગુઠામાં જતી હોય તો રાજ્યપદ આપે છે. અને જો તર્જનીને સ્પર્શ કરતી હોય તો સામ્રાજ્ય અથવા મંત્રી પદ આપે છે. **ઉર્ધ્વ રેખા**—જો મણિબંધમાંથી રેખા નીકળી મધ્યમા આંગળી પર્યંત રેખા ગઈ હોય તો તે રેખા રાજા, સેનાધિપતિ અથવા આચાર્ય બનાવે છે. આ ઉર્ધ્વરેખા તૂટયા વગરની, કપાયા વગરની, લાંબી, શાખાઓ રહિત અને પૂર્ણ હોય તો માણસને હજારો માણસોનું પોષણ કરનાર બનાવે છે.

આ ઉર્ધ્વરેખા (ઉપર કહ્યાં તેવાં શુભ લક્ષણોવાળી) જો બ્રાહ્મણને હોય તો તેને વેદોનો જ્ઞાતા (મોટો વિદ્વાન) બનાવે છે. ક્ષત્રિયને રાજ્ય અપાવે છે. વૈશ્યને મહા ધનવાન બનાવે છે. અને શૂદ્રને (સંપૂર્ણ રીતે) સુખી કરે છે. સૂર્ય ઉપર જનારી ઉર્ધ્વરેખા **સૂર્યરેખા**—મણિબંધમાંથી નીકળીને એક રેખા જો અનામિકાના મૂળમાં જાય તો તે રેખા ધનાઢ્ય અને રાજ્યમાન્ય સાર્થવાહ (મોટો વેપારી, સંઘાધિપતિ, વેપારી મંડળનો પ્રમુખ) કરે છે બુધ પ્રત્યે જનારી ઉર્ધ્વરેખા **બુધરેખા**—મણિબંધમાંથી નીકળીને રેખા જો કનિષ્ઠિકા આંગળીના મૂળમાં ગઈ હોય તો તે રેખા યશસ્વી અને ધનસંપત્તિથી યુક્ત શ્રેષ્ઠિ (શેઠ) બનાવે છે. **ધનનાશ**—જેને ધનરેખામાં દેખાવમાં કાકપદ જેવું ચિન્હ પડયું હોય તે મનુષ્ય ધન પેદા કરે છે, અને તરતજ તેનો વ્યય કરી દે છે. ૧૪૩ થી ૧૫૭

त्रिपरिक्षेपाव्यक्ता यवमाला यस्य मणिबन्धे ।
नियतं महार्थपतिः स सार्वभौमो नराधिपतिः ॥ १५८ ॥
करमूले यवमाला द्विपरिक्षेपा मनोहरा यस्य ।
मनुजः स राजमंत्री विपुलमतिर्जायते मतिमान् ॥ १५९ ॥
सुभगैकपरिक्षेपा यवमाला यस्य पाणिमूले स्यात् ।
स भवति धनधान्ययुतः श्रेष्ठिजनपूजितो मनुजः ॥ १६० ॥
यदि तिस्रोयवमाला मणिबंधादुभयतो विनिः सृत्य ।
परिवेष्टयन्ति पृष्ठं तदधिकतममिह फलं ज्ञेयम् ॥ १६१ ॥
इह ताभिः पूर्णाभिः पूर्णां प्राप्नोति संपदं सदसि ।
मध्याभिर्वा मध्यां ह्रस्वाभिर्वा पुमान ह्रस्वाम् ॥ १६२ ॥

**મણિબંધ**—જેને મણિબંધમાં ત્રણ આંટા મારેલી યવમાલા પડી હોય (મણિબંધમાં ત્રણ યવમાલાઓ જેવી રેખાઓ હોય) તો નક્કી તે મહાધનવાન, **સાર્વભૌમ** નરેશ થાય છે. જેને હાથના મૂળ ભાગમાં (મણિબંધમાં) બે મનોહર યવમાલાઓ હોય તે માણસ રાજમંત્રી અને મહાન્ બુદ્ધિશાળી થાય છે. જેને સારી મનોહર લાગતી એક જ યવમાલા મણિબંધમાં હોય તે મનુષ્ય ધનધાન્ય યુક્ત અને શ્રેષ્ઠિજનોથી પૂજા પામનાર થાય છે. જો ત્રણ યવમાલાઓ મણિબંધની બંને બાજુમાંથી નીકળી પૃષ્ઠને પણ વીંટાઈ જતી હોય તો ઉપરોક્ત ફળમાં અધિકતા જાણવી. આ ત્રણે મણિબંધની રેખાઓ પૂર્ણ હોય તો પૂર્ણફળ મળે. મધ્યમ હોય તો મધ્યમ ફળ મળે. અને ટુંકી હોય તો અલ્પ ફળ મળે છે. ૧૫૮ થી ૧૬૨

आयुर्लेखानामांगुलिमूलान्तिर्गता भवेदूर्ध्वा ।
यस्य व्यक्तारेखा स धर्मनिरतः सततं स्यात् ॥ १६३ ॥
यदि रेखा सर्वांगुलिसमस्तपर्वान्तरे स्थिता व्यक्ता ।
स्पष्टो यवोपि पुंसां महीयतां तन्महीशत्वम् ॥ १६४ ॥
रेखा कनिष्ठिकायुर्लेखामध्ये नरस्य यावंत्यः ।
तावन्त्यो महिलाः स्युर्महिलायाः पुनरपि मनुष्याः ॥ १६५ ॥
रेखाभिर्विषमाभिर्विषमा समाभिरथ सुदीर्घाभिः ।
सुभगा सूक्ष्माभिः स्यात्स्फुटिताभिर्दुर्भगा नारी ॥ १६६ ॥
मूलेंगुष्ठस्य नृणां स्थूला रेखा भवन्ति यावन्त्यः ।
तावन्तः पुत्राः स्युः सूक्ष्माभिः पुत्रिकास्ताभिः ॥ १६७ ॥
यावन्त्यो मणिबंधायुर्लेखान्तः प्रतीक्षिताः स्थूलाः ।
तावत्संख्याकान्वैभ्रातॄन् वदन्ति सूक्ष्मा पुनर्भगिनीः ॥१६८ ॥
रेखाभिश्छिन्नाभिर्भिन्नाभिर्भाविमृत्यवो ज्ञेयाः ।
यावन्त्यस्ताः पूर्णा नियतं जीवन्ति रेखाभिस्ताभिः ॥ १६९ ॥

**ધર્મરેખા**—જેને આયુરેખા અને અનામિકાના અંતરાલમાં સ્પષ્ટ ઉર્ધ્વરેખા હોય તે મનુષ્ય સતત ધર્મપરાયણ રહે છે. આંગળીઓના દરેક પર્વોમાં સ્પષ્ટ રેખા હોય અને યવચિન્હ પણ સ્પષ્ટપણે પડ્યું હોય તો શ્રેષ્ઠ રાજ્યનો લાભ થાય છે. **સ્ત્રીરેખા**—કનિષ્ઠિકા અને આયુરેખાના મધ્ય ભાગમાં જેટલી રેખાઓ હોય તેટલી સંખ્યામાં પુરુષને સ્ત્રી અને સ્ત્રીને પુરુષ ( પતિ ) થાય છે. જો આ રેખાઓ વિષમ ( ખરાબ ) પ્રકૃતિની અને સરલ સૂક્ષ્મ તેમજ દીર્ઘરેખાઓ હોય તો ભાગ્યશાળી સુંદર સ્ત્રી મળે છે. પરંતુ જો ફાટી ગઇ હોય તો દુર્ભાગી સ્ત્રી મળે. અંગુઠાના મૂળ ભાગમાં જેટલી જાડી રેખાઓ હોય તેટલા પુત્ર થાય અને જેટલી પાતળી રેખાઓ હોય તેટલી પુત્રીઓ થાય. મણિબંધથી આરંભી આયૂરેખા પર્યંત જેટલી સ્થૂલ રેખાઓ હોય તેટલી સંખ્યામાં ભાઈ અને જેટલી ઝીણી રેખાઓ હોય તેટલી બ્હેનો હોય છે. આ ભાઈબ્હેનોની રેખાઓ પૈકી જેટલી તૂટેલી હોય યા કપાએલી હોય તે રેખાઓથી સૂચિત ભાઈબ્હેનોનો ભવિષ્યમાં નાશ થાય છે. અને જેટલી રેખાઓ પૂર્ણતયા હોય તેટલી સંખ્યામાં ભાઈબ્હેનો જીવે છે. ૧૬૩ થી ૧૬૯

मीनो मकरः शंखः पद्मो वांतर्मुखः सदा फलदः ।
पाणौ बहिर्मुखो यदि तत्फलं पश्चिमे वयांसे ॥ १७० ॥
मीनाङ्कशतभागी सहस्रभागी सदैव मकराङ्कः ।
शंखाङ्को लक्षपतिः कोटिपतिर्भवति पद्माङ्कः ॥ १७१ ॥
छिन्नैर्भिन्नैः स्फुटितैरव्यक्तैः किमपि नास्ति फलमेतैः ।
अविमुखा जायंते पाणितले प्रायोऽमी सार्वभौमानाम् ॥ १७२ ॥
शैलः प्रांशुस्तले यस्य विस्फुटः स्फुरति स पुमान् ।
प्रायो राज्यं लभते निजभुजसहायोऽपि ॥ १७३ ॥
रथयानकुंजरवाजिवृषाद्याः स्फुटाः करे येषाम् ।
परसैन्यजयनशीलास्तेसैन्याधिपतयः पुरुषाः ॥ १७४ ॥
उडुपो वा बेडी वा पोतो वा यस्य करतले पूर्णः ।
धनकांचनरत्नानां पात्रं सांयात्रिकः स स्यात् ॥ १७५ ॥
श्रीवत्साभा सुखिनां चक्राभा भूभुजां करे रेखा ।
वज्राभा विभववतां सुमेधसां मीनपुच्छाभा ॥ १७६ ॥
वापीकूपजलाद्यैर्धर्मपरः स्यात्त्रिकोणरेखाभिः ।
सीरेण नरः कृषिमानुलूखलप्रभृतिभिर्यज्वा ॥ १७७ ॥
करवालाङ्कुशकार्मुकमार्गणशक्त्यादयः करे यस्य ।
नियतं स क्षोणिपतिर्वीरः शत्रुभिरजेयः स्यात् ॥ १७८ ॥
जायन्ते श्रीमंतः प्रासादैर्दामाभिः स्फुटं मनुजाः ।
निधिनाथकाः कमंडलुकलशस्वस्तिकपताकाभिः ॥ १७९ ॥
यस्य सदंडं छत्रं चामरयुग्मं प्रतिष्ठितं पाणौ ।
सोऽम्बुधिरशनावासां भुनक्ति भूमिं भुजिष्योऽपि ॥ १८० ॥
विप्रस्य यस्य यूपो वेदनिभं ब्रह्मतीर्थमपि हस्ते ।
विश्वाधिपतिर्नियतं स भवेदथवाग्निहोत्रीशः ॥ १८१ ॥

હાથમાં માછલી, મગર, શંખ, પદ્મ આ ચિન્હો જો અંતર્મુખ હોય તો તેમનું ફળ સદાકાળ મળે છે. અને જો બહિર્મુખ હોય તો તેમનું ફળ પાછલી વયમાં મળે છે. જેના હાથમાં માછલીનું ચિન્હ હોય તેનું ધન સેંકડાઓમાં, મગરના ચિન્હવાળાનું સહસ્રોની સંખ્યામાં પરિમિત હોય છે. શંખવાળો લક્ષાધિપતિ અને પદ્મવાળો કરોડાધિપતિ થાય છે. આ ચિન્હો જો છિન્નભિન્ન, ફાટેલાં, કે અસ્પષ્ટ હોય તો તેમનું કંઈપણ ફળ નથી. આ ચિન્હો સવળા મુખનાં પ્રાયઃ સાર્વભૌમ રાજાઓને જ હોય છે. જેની હથેળીમાં ઉંચો પહાડ સ્પષ્ટ દેખાતો હોય તેને કોઈની સહાય ન હોય છતાં પ્રાયઃ રાજ્ય મેળવે છે. જેઓના હાથમાં રથ, પાલખી, હાથી, ઘોડો, બળદ ઇત્યાદિ આકૃતિઓ હોય, તેવા પુરુષોને બીજાના ઉપર વિજયની ઇચ્છા રહ્યા કરે છે. અને તે ઘણું ખરું સૈન્યાધિપતિ થાય છે. જેના હાથમાં હોડી, વહાણ કે મોટું જહાજ સંપૂર્ણ દેખાતું હોય તે માણસ ધન સુવર્ણ અને રત્નનો અધિકારી બને છે. અને મોટો વહાણવટી થાય છે. ( પરદેશના વેપારીનો મોટો શાહ સોદાગર બને છે.) સુખી મનુષ્યોને શ્રીવત્સ જેવું, રાજાઓના હાથમાં ચક્ર જેવું, વૈભવવાળા મનુષ્યોના હાથમાં વજ્ર જેવું અને બુદ્ધિમાન્ પુરુષોના હાથમાં માછલાની પૂંછડી જેવું ચિન્હ હોય છે. વાવ, કુવો વગેરે જલાશયનાં ચિન્હોથી ધર્માત્મા થાય છે. ત્રિકોણરેખાથી પણ ધર્માત્મા થાય છે. હળના ચિન્હવાળો જમીનદાર ( ખેતી કરનાર ) થાય છે. અને ખાણીઓ આદિ યજ્ઞપાત્રોનાં ચિન્હોવાળો યજ્ઞો કરનાર થાય છે. તરવાર, અંકુશ, ધનુષ્ય, બાણ, શક્તિ આદિચિન્હો જે માણસના હાથમાં હોય તે ખરેખર પૃથ્વીપતિ થાય છે. અને આવો પુરુષ વીર હોઈ શત્રુથી અજેય રહે છે. પ્રાસાદ ( મહેલ ) રજ્જુ, કમંડલુ, કલશ, સ્વસ્તિક, ધજા ઇત્યાદિ ચિન્હોવાળા શ્રીમંત અને નિધિપતિ થાય છે. જેના હાથમાં દાંડા સહિતનું છત્ર અને બે ચામરોનું ચિન્હ હોય તે નોકર હોય તો પણ પૃથ્વીનાથ થાય છે. જે બ્રાહ્મણના હાથમાં યૂપનું ( યજ્ઞના સ્તંભનું ) ચિન્હ હોય અને વેદના પુસ્તક જેવું તથા બ્રહ્મતીર્થ ( જલાશય ? )નું ચિન્હ હોય તે જરૂર વિશ્વનો સ્વામી ( રાજાધિરાજ ) અથવા અગ્નિહોત્રીઓમાં મુખ્ય થાય છે. ૧૭૦ થી ૧૮૧

भाग्येन भवन्ति यवाः पुंसामंगुष्ठपर्वसु स्पष्टाः ।
पोषविशेषनिमित्तं कर्मकरं यशस्तुरंगः स्यात् ॥ १८२ ॥
सुतवंतः श्रुतवन्तो जायन्तेऽगुंष्ठमूलगैस्तु यवैः ।
मध्यगतैर्धनकाञ्चनरत्नाढ्या भोगिनः सततम् ॥ १८३ ॥
त्रिपरिक्षेपा मूलेंऽगुष्ठगता भवति यस्य यवमाला ।
द्विपसुसमृद्धः स पुमान्राजा वा राजसचिवो वा ॥ १८४ ॥

यस्य द्विपरिक्षेपा सैव नरो राजपूजितः स स्यात् ॥
यस्यैकपरिक्षेपा यवमाला सोपि वित्ताढ्यः ॥ १८५ ॥
यस्यांगुष्ठाधस्तात्काकपदं भवति विस्पष्टम् ॥
स नरः पश्चिमकाले शूलेन विपद्यते सद्यः ॥ १८६ ॥
अव्यक्ताः स्युस्तनवः खंडा रेखाऽथ करे स्थिता यस्य ॥
तिग्मांशोरिव रजनी श्रीस्तस्य पलायते सततम् ॥ १८७ ॥
एवमपरापि पाणौ शुभसंस्थाना शुभावहा रेखा ॥
किंबहुना मनुजानामशुभा पुनरशुभसंस्थाना ॥ १८८ ॥

જે બીજાનું પાલન કરવામાં તત્પર રહે છે, અને જે યશરૂપી ઘોડા ઉપર સ્વારી કરે છે, એવા પુરુષોને પોતાના ભાગ્યથી અંગુઠાનાં પર્વની અંદર સ્પષ્ટ યવનાં ચિન્હ હોય છે. અર્થાત્ અંગુઠામાં યવનાં ચિન્હવાળા ભાગ્યશાળી, પરોપકારી તથા કીર્તિમાન્ થાય છે. અંગુઠાના મૂળભાગમાં યવ હોય તો પુત્રોવાળા અને જ્ઞાની થાય છે. અને અંગુઠાના મધ્યભાગમાં યવ હોય તો ધન, સુવર્ણ અને રત્નોથી યુક્ત ભોગીપુરુષો થાય છે. જેઓને અંગુઠાના મૂળમાં ત્રણ યવમાલાઓ હોય તે પુરુષો હાથીઓની સમૃદ્ધિથી યુક્ત રાજા અથવા પ્રધાન થાય છે. બે યવમાલા હોય તે પણ રાજપૂજિત થાય છે. અને એક યવમાલા હોય તો પણ ધનવાન તો થાય છે જ. જેને અંગુઠાના નીચે કાકપદનું સ્પષ્ટ ચિન્હ હોય તે માણસ પાછલી અવસ્થામાં શૂલના રોગથી જલદી મરી જાય છે. જેના હાથની રેખાઓ અસ્પષ્ટ, ઝીણી અને તૂટેલી હોય તેની લક્ષ્મી જેમ સૂર્યથી રાત્રી નાસી જાય છે, તેમ નાસી જાય છે. આ પ્રમાણે જ હાથમાં સારી રીતની પડેલી રેખાઓ સારું ફળ આપનારી હોય છે. અને અશુભ રીતે પડેલી રેખાઓ અશુભ ફળ આપે છે. ૧૮૨ થી ૧૮૮

ऋजुरंगुष्ठः स्निग्धस्तुंगो वृत्तः प्रदक्षिणावर्त्तः ॥
अंगुष्ठेऽपि धनवतां सुघनानि समानि पर्वाणि ॥ १८९ ॥
सततं भवंति वलिताः सौभाग्यवतां सुमेधसां सूक्ष्माः ॥
पाण्यंगुलयः सरला दीर्घा दीर्घायुषां पुंसाम् ॥ १९० ॥
नियतं कनिष्ठिकांगुलिरनामिकापर्व उल्लंघ्य ॥
यद्यधिकतरा पुंसां धनमधिकं जायते प्रायः ॥ १९१ ॥

दीर्घायुरंगुलीभिः सौभाग्ययुतः सुदीर्घपर्वाभिः ॥
विरलाभिः कुटिलाभिः शुष्काभिर्भवति धनहीनः ॥१९२॥
स्थूला धनोज्झितानां शस्त्रान्वितानां बहिर्नताः पुंसाम् ॥
ह्रस्वांगुल्यश्चिपिटाश्चेटानां हन्त जायन्ते ॥ १९३ ॥
अंगुष्ठांगुलयो वा संख्या न्यूनाधिकाः स्फुटं यस्य ॥
धनधान्यैः परिहीनः सोऽल्पायुर्भूतले भवति ॥१९४॥
छिद्रं मिथः कनिष्ठानामामध्यप्रदेशिनीनां स्यात् ॥
वृद्धत्वे तारुण्ये बाल्ये क्रमशो नरस्य सुखम् ॥ १९५ ॥
विद्रुमरुचयः श्लक्ष्णाः पाणिनखा कच्छपोन्नताः स्निग्धाः ॥
सशिखाः क्रमेण विपुलाः पर्वार्द्धमिता महीशानाम् ॥ १९६॥
दीर्घाः कुटिला रूक्षाः शुक्लनिभा यस्य करनखा विशिखाः ॥
तेजोमृजाविहीनाः स हीयते धान्यधनभोगैः ॥ १९७ ॥
पुष्पयुतैर्दुःशीलाः श्वेतैः श्रमणास्तुषोपमैः क्लीबाः ॥
परतर्कका विवर्णैश्चिपिटैः स्फुटितैर्नखैर्निःस्वाः ॥ १९८ ॥
अपसव्यसव्यकरयोर्नखेषु सितबिंदवश्चरणयोर्वा ॥
आगन्तवः प्रशस्ताः पुरुषाणां भोजराजमतम् ॥ १९९ ॥

અંગુઠો સીધો, સ્નિગ્ધ, ઉંચો, ગોળ અને દક્ષિણાવર્ત્ત હોય તે સારો ગણાય છે. ધનવાન પુરુષોને અંગુઠામાં પણ સરખાં ભરાવદાર પર્વ હોય છે. હંમેશાં ભાગ્યશાળી પુરુષોની આંગળીઓ ગોળ હોય છે. બુદ્ધિમાન પુરુષોની આંગળીઓ અણીદાર હોય છે. અને દીર્ઘાયુ: પુરુષોની આંગળીઓ લાંબી તેમજ સીધી હોય છે. ટચલી આંગળી અનામિકાના ઉપરના પર્વને ઉલ્લંઘી આગળ વધી હોય તો નક્કી તેવા લક્ષણવાળા પુરુષને ઘણું ધન મળે છે. લાંબા પર્વવાળી આંગળીઓથી મનુષ્ય દીર્ઘાયુ: અને ભાગ્યશાળી થાય છે. આછી આછી, વાંકીચુંકી તથા શુષ્ક આંગળીઓથી મનુષ્ય ધનહીન થાય છે. ધનહીન પુરુષોની આંગળીઓ જાડી હોય છે. શસ્ત્ર ધારણ કરનારાઓની આંગળીઓ પાછળ નમી જતી હોય છે. ચપટી અને ટુંકી આંગળીઓ નોકરોને હોય છે. જેને હાથની આંગળીઓની સંખ્યા દશથી ન્યૂનાધિક હોય તે ધનધાન્યહીન

અને અલ્પાયુ: થાય છે. જો કનિષ્ઠિકા અને અનામિકા વચ્ચે છિદ્ર હોય તો વૃદ્ધત્વમાં, અનામિકા અને મધ્યમામાં હોય તો તરૂણાવસ્થામાં, મધ્યમા અને તર્જની વચ્ચે હોય તો બાલ્યાવસ્થામાં માણસને સુખ હોય છે. રાજાઓના હાથ ઉપર પરવાળા જેવા લાલરંગના, ચિકણા, કાચબાની પીઠની માફક ઉપસેલા, સ્નિગ્ધ, અને અણીદાર તથા આંગળીના નખવાળા પર્વના અર્ધ જેવડા મોટા નખ હોય છે. લાંબા, વાંકાચૂકા, તેજ-હીન, અણી વગરના અને તેજ કે મૃદુતાથી રહિત નખવાળો ધનધાન્યહીન થઈ જાય છે. જેના નખોને પુષ્પ આવ્યાં હોય અર્થાત્ નખ ઉપર ડાઘ પડતા હોય તેઓ દુશ્ચરિત્ર હોય છે. ધોળા નખવાળા સંન્યાસી થાય છે. અનાજનાં ફોતરાં જેવા હોય તો તે પુરુષ ક્લીલ (હીજડા) થાય છે. રંગ વગરના હોય તો પારકી પંચાત કરનારા, અને ચપટા કે ફાટેલા નખવાળા દરિદ્ર થાય છે. **ભોજરાજા**ના મતમાં ડાબા કે જમણા પગ કે હાથના નખો ઉપર આકસ્મિક ધોળા ડાઘા પડતા હોય તો તે શુભ લક્ષણ છે. ૧૮૯ થી ૧૯૯

कच्छपपृष्ठो राजा हयपृष्ठो भोगभाजनं भवति ॥
धनसंपत्तिसुसेनाऽधिपतिः शार्दूलपृष्ठोऽपि ॥ २०० ॥
लभते शिरालपृष्ठो निर्धनतां भुग्नवंशपृष्ठोऽपि ॥
कष्टं रोमशपृष्ठः पृथुपृष्ठो बन्धुविच्छेदम् ॥ २०१ ॥
नियतं कृकाटिकोरोमशिरासंयुता नृणां सा ॥
कुरुते कुटिला विकटा विसंकटा रोगदारिद्र्यम् ॥ २०२ ॥
ह्रस्वग्रीवः शस्तो वृत्तग्रीवः सुखी धनी सुभगः ॥
कम्बुग्रीवस्तु भवेदेकातपवारणो नृपतिः ॥ २०३ ॥
महिषग्रीवः शूरो लम्बग्रीवोऽपि घस्मरः सततम् ॥
पिशुनो वक्रग्रीवः शस्तविनाशो महाग्रीवः स्यात् ॥ २०४ ॥
रासभकरभग्रीवो दुःखीस्याद्दांभिको बकग्रीवः ॥
शुष्कशिरालग्रीवश्चिपिटग्रीवश्च धनहीनः ॥ २०५ ॥

કાચબાના જેવી પીઠ (શરીરની પીઠ બરડો) હોય તો રાજા (જુઓ ચિત્ર. ૫૧) ઘોડાના જેવી પીઠ હોય તો ભોગ ભોગવનાર થાય છે. (જુઓ ચિત્ર. ૫૨) અને વાઘ જેવી પીઠવાળો ધનસંપત્તિ તથા સુસજ્જ સેનાનો અધિપતિ થાય છે. (જુઓ ચિત્ર. ૫૩) જેને નસો તરી આવતી હોય તેવી પીઠ હોય તે નિર્ધનતા

પામે છે. ભાગેલા કરોડવાળો પણ નિર્ધન થાય છે. મોટાં રૂંવાટાંવાળી પીઠવાળો કષ્ટ ભોગવે છે. અને પહોળી પીઠવાળો પોતાના બંધુઓથી જુદો પડે છે. જેની ગરદન ( ઓછી ) રૂંવાટાંવાળી, નસો દેખાઈ આવે તેવી અથવા વાંકીચુંકી સાંકડીને



ચિત્ર નં. ૫૧



ચિત્ર નં. ૫૨

વિચિત્ર હોય તે રોગ અને દારિદ્ર પામે છે. ગળાનો ભાગ ટુંકો હોય તે વખાણવા લાયક છે. જેને ગોળ ગળું હોય તે સુખી, ધની અને ભાગ્યશાળી થાય છે. અને શંખના જેવા ગળાવાળો એક છત્રપતિ રાજા થાય છે. પાડાના જેવા ગળાવાળો શૂરવીર થાય છે. લાંબા ગળાવાળો અગ્નિ જેવો થાય છે. વાંકા ગળાવાળો ચાડીઓ અને મોટા ગળાવાળો સુંદર બાબતોનો નાશ કરનાર થાય છે. ગધેડા કે ઊંટ જેવા ગળાવાળો દુ:ખી થાય છે. બગલા જેવા ગળાવાળો દાંભીક થાય છે. સુક્કા, નસોવાળા અને ચપટા ગળાવાળો ધનહીન થાય છે. ૨૦૦ થી ૨૦૫



ચિત્ર નં ૫૩



ચિત્ર નં. ૫૪

**पुण्यवतामिह चिबुकं वृत्तं मांसलमदीर्घलघु मृदुलम् ॥**
**अतिकृशदीर्घस्थूलं द्विधाग्रभागं दरिद्राणाम् ॥ २०६ ॥**
**हनुयुगलं सुश्लिष्टं चिबुकोभयपार्श्वसंस्थितं पुंसाम् ॥**
**दीर्घचक्रं शस्तं पुनरशुभं भवति विपरीतम् ॥ २०७ ॥**

कूर्चप्रलम्बवुज्ज्वलमस्फुटिताग्रं निरंतरं मृदुलम् ॥
स्निग्धं पूर्णं सूक्ष्मं मेचकं तु विशिष्यते पुंसाम् ॥ २०८ ॥
परदाररताश्चौराः श्मश्रुभिररुणैर्नटानराः स्थूलैः ॥
रूक्षैः सूक्ष्मैः स्फुटितैः कापिलैः क्लेशान्विता बहुशः ॥ २०९ ॥
सांतार्द्वितीयदशामिह शुक्रो द्व्येकोऽधिकः क्रमेण नृणाम् ॥
तदयं श्मश्रुभेदस्तद्विकृतिः षोडशे वर्षे ॥ २१० ॥

જેઓ પુણ્યશાળી હોય છે તેમનું ચિબુક ( દાઢીનો ભાગ ) ગોળ, માંસલ બહુ નાનું કે બહુ મોટું નહોતાં મધ્યમ કદનું તેમજ મૃદુલ હોય છે. જ્યારે દરિદ્ર પુરુષોને ઘણું નાનું કે ઘણું મોટું, જાડું તથા અગ્ર ભાગમાં બે ભાગમાં વહેંચાઈ જતું હોય છે. ચિબુકની બંને બાજુએ આવેલાં બે જડબાં સારી રીતનાં હોય ( ઢીલાં પડી ગએલાં ન હોય ) છે. આ જડબાંનો ગોળાવો વિશાળતા પકડતો હોય તો તે શુભ લક્ષણ છે, અન્યથા વિપરીત લક્ષણ છે. દાઢીના વાળ લાંબા, ચળકતા, અગ્ર ભાગમાં ફાટયા વગરના અને કોમળ સ્નિગ્ધ, ઝીણા, કાળા ભ્રમર જેવા હોય તે વખાણવા લાયક છે. જો દાઢીના વાળ લાલાશ ઉપર ( બદામી ) હોય તો માણસ પરદારગામી અને ચોર થાય છે. જો વાળ જાડા, રૂક્ષ, ઝીણા ( પાતળા ) ફાટેલા તથા કાબરચિત્રા ( પહેલેથી જ ભૂખરા રંગના ) હોય તો માણસ નટ ( એકટર ) થાય છે, અને બહુ ક્લેશ ભોગવે છે. વીસમા વર્ષની આજુબાજુ બે એક વર્ષ પહેલાં કે પછી પુરુષના શરીરમાં શુક્ર ( વીર્ય ) નો ઉદ્ભવ થાય છે. દાઢી મૂછ આવવાં એ વીર્યોત્પત્તિનું પૂર્વ લક્ષણ છે, અને તે લગભગ સોળમા વર્ષે ઉગે છે. ૨૦૧ થી ૨૧૦

सुखिनः समुन्नतैः स्युः परिपूर्णा भोगयुताश्च मांसयुतैः ॥
सिंहद्विपेन्द्रतुल्यैर्गंडैर्नराधिपा नरा धन्याः ॥ २११ ॥
निम्नौ यस्य कपोलौ निर्मांसौ स्वल्पकूर्चरोमाणौ ॥
पापास्ते दुःखजुषो भाग्यविहीनाः परप्रेष्याः ॥ २१२ ॥
समवृत्तममलं सूक्ष्मं स्निग्धं सौम्यं समं सुरभि वदनम् ॥
सिंहेभनिभं राज्ञां संपूर्णं भोगिनां चेति ॥ २१३ ॥
जननीमुखानुरूपं मुखकमलं भवति यस्य मनुजस्य ॥
प्रायो धन्यः स पुमानित्युक्तमिदं समुद्रेण ॥ २१४ ॥

दौर्भाग्यवतां पृथुलं पुंसां स्त्रीमुखमपत्यरहितानाम् ॥
चतुरस्रं धूर्तानामतिह्रस्वं भवति कृपणानाम् ॥ २१५ ॥
भीरुमुखं पापानां निम्नं कुटिलं च पुत्रहीनानाम् ॥
दीर्घं निर्द्रव्याणां भाग्यवतां मंडलं ज्ञेयम् ॥ २१६ ॥
रासभकरभप्लवगव्याघ्रमुखा दुःखभागिनः पुरुषाः ॥
जिह्ममुखा विकृतमुखाः शुष्कमुखा हयमुखा निःस्वाः ॥ २१७ ॥

જો ગંડ ઉન્નત હોય તો માણસ સુખી થાય છે. માંસલ હોય તો માણુસ ભોગ વિલાસ ભોગવનાર થાય છે. જો સિંહ કે હાથીના જેવા ગંડ હોય તો તે મનુષ્યો નરાધિપ અને ધન્ય પુરુષો થાય છે. જેમના કપોલ માંસહીન, અને રુંવાટાવાળાથી યુક્ત હોય તેમજ બેસી ગએલા હોય તે મનુષ્યો પાપી, દુઃખી, ભાગ્યહીન અને બીજાના ચાકર બને છે. ગોળમટોળ, નિર્મલ, નાનું, સ્નિગ્ધ, સૌમ્ય, સરખું સુગંધી યુક્ત તથા સિંહ કે હાથીના જેવું મુખ રાજાઓ તથા પુરેપુરા ભોગ ભોગવી શકે તેવા માણુસોને હોય છે. ( જુઓ ચિત્ર. ૫૪-૫૫ ) સમુદ્રે કહ્યું છે કે જે માણસનું મોં પોતાની માતાના મોંના જેવું હોય છે, તે પ્રાયઃ ભાગ્યશાળી હોય છે. દુર્ભાગી માણસોનાં મોં પહોળાં હોય છે. વાંઝીયાઓનાં મોં સ્ત્રી જેવાં હોય છે. ધૂર્ત



ચિત્ર નં ૫૫



ચિત્ર નં. ૫૬

પુરુષોનાં મોં ચોરસ હોય છે, અને કૃપણ પુરુષોનાં મોં એકદમ નાનાં હોય છે. ડરપોક મોં પાપી પુરુષોને હોય છે. નમી ગએલું તેમજ વાંકું મોં પુત્રહીન માણસોને હોય છે. નિર્ધન પુરુષોનાં મોં લાંબાં હોય છે. અને ભાગ્યશાળી માણસોનાં મોં ગોળ હોય છે. ગધેડાં, ઊંટ, વાંદરાં તથા વાઘ જેવાં મોંવાળા પુરુષો દુઃખી થાય છે. વાંકા મોં વાળા, વિકૃત મોં વાળા, સુકા મોં વાળા તેમજ ઘોડા જેવા મોં વાળા નિર્ધન થાય છે. ૨૧૧ થી ૨૧૭

बिम्बाधरो धनाढ्यः प्रज्ञावान् पाटलाधरो भवति ॥
प्रायो राज्यं लभते प्रवालवर्णाधरस्तु नरः ॥ २१८ ॥

यस्याधरोत्तरोष्ठौ द्व्यंगुलमानौ सुकोमलौ मसृणौ ॥
मृदुसममसृक्काणौ स जायते प्रायशो धनवान् ॥ २१९ ॥
पीनोष्ठः सुभगः स्याल्लंबोष्ठो भोगभाजनं मनुजः ॥
अतिविषमोष्ठो भीरुर्लघ्वोष्ठो दुःखितो भवति ॥ २२० ॥
रूक्षैः कृशैर्विवर्णैः प्रस्फुटितैः खंडितैरतिस्थूलैः ॥
ओष्ठैर्धनसुखहीना दुःखिनः प्रायशः प्रेष्याः ॥ २२१ ॥

પાકા ગીલોડા જેવા અર્થાત્ બીંબફળ જેવા ઓઠવાળો ધનવાન થાય છે. ગુલાબી ઓઠવાળા બુદ્ધિમાન્ થાય છે. અને પરવાળા જેવા રંગના ઓઠવાળો પુરુષ પ્રાયઃ રાજ્ય પ્રાપ્ત કરે છે. જેના ઉપલા અને નીચલા બંને ઓઠ બે આંગળ લાંબા, કોમળ ચિકણા, મૃદુલ સુંવાળા અને સરખા હોય તે માણસ પ્રાયઃ ધનવાન થાય છે. જાડા ઓઠવાળો સુભગ, લાંબા ઓઠવાળો ભોગી, ઘણા લાંબા ટૂંકા ઓઠવાળો ડરપોક તથા નાના ઓઠવાળો દુઃખી થાય છે. લુખ્ખા, સુકાઈ ગએલા, ફીક્કા, ફાટી ગએલા, તૂટેલા અને ઘણા જાડા ઓઠ હોવાથી ( જેમને આવા ઓઠ હોય તે ) માણસો મોટે ભાગે ધનસુખથી રહિત અને પારકાના ચાકર બને છે. ૨૧૮ થી ૨૨૧

कुंदमुकुलोपमाः स्युर्यस्यारुणपीडिकासमाः सुघनाः ॥
दशनाः स्निग्धाः श्लक्ष्णास्तीक्ष्णा दंष्ट्राः स वित्ताढ्यः ॥ २२२ ॥
धनिनः खरद्विपरदा निःस्वा भल्लूकवानररदाः स्युः ॥
निंद्याः करालविरलद्विपंक्तिशितिविषमरूक्षरदाः ॥ २२३ ॥
द्वात्रिंशता नरपतिर्दशनैस्तैरेकविरहितैर्भोगी ॥
स्यात्त्रिंशता तनुधनोऽष्टाविंशत्या सुखी पुरुषः ॥ २२४ ॥
दारिद्र्यदुःखभाजनमेकोनत्रिंशता सदा दशनैः ॥
ऊर्द्धमधस्तैरपि विहीनसंख्यैर्नरो दुःखी ॥ २२५ ॥
स्यातां द्विजावधः प्राक् द्वादशगे मासि राजदन्ताख्यौ ॥
शस्तावूर्द्धावशुभौ जन्मन्येवोद्गतौ तद्वत् ॥ २२६ ॥
सर्वे भवन्ति दशनाः पूर्णे वर्षद्वये जनिप्रभृति ॥
आसप्तमदशमान्तं नियतं पुनरुद्गमं यान्ति ॥ २२७ ॥

જેને મોગરાની કળી જેવા, લાલ રંગની પીઢીઓના જેવડા જ એક બીજા સાથે મળી ગએલા, દાંત તથા સ્નિગ્ધ, ચિકણી અને અણીદાર દાઢો હોય તે પુરુષ ધનવાન થાય છે. ગધેડા કે હાથીના જેવા ( બહાર ધસી આવેલા ) દાંતવાળા ધનવાન થાય છે. રીંછ કે વાનર જેવા દાંતવાળા નિર્ધન થાય છે. બીહામણા અને આછા, બેવડા કાળા, ઊંચા નીચા અસ્તવ્યસ્ત અને રૂક્ષ દાંતવાળા નિંદ્ય પુરુષો હોય છે. બત્રીશ દાંતવાળો રાજા, એકત્રીશ દાંતવાળો ભોગી, ત્રીશ દાંતવાળો થોડા ધનવાળો અને અઠ્ઠાવીસ દાંતવાળો સુખી થાય છે. જો ઓગણત્રીસ દાંત હોય તો સદા દરિદ્ર અને દુ:ખી થાય છે. ઉપર અને નીચેના મળી દાંત જો ઉપરની સંખ્યા કરતાં ઓછા હોય તો તે માણસને દુ:ખી સમજવો. જન્મ પછી બાર મહીને નીચેની પીઢીમાં બે દાંત ઉગે છે.જેને રાજદંત કહે છે. જો સર્વ પ્રથમ નીચેની બાજુ દાંત ન આવતાં ઉપરની બાજુ આવે તો તે અશુભ છે. તેમજ જો જન્મની સાથે જ દાંત હોય તો તે પણ અશુભ લક્ષણ છે. જન્મ પછી બીજા વર્ષની અંદર બધા જ દાંત ઉગી જાય છે. અને સાતમાથી દશમાની અંદર પડી જઇ ફરી ઉગે છે. ૨૨૨ થી ૨૨૭

रसना रक्ता दीर्घा सूक्ष्मा मृदुला तनुसमा येषाम् ॥
मिष्टान्नभोजिनस्ते यदि वा त्रैविद्यवक्तारः ॥ २२८ ॥
संकीर्णाग्रा स्निग्धा रक्ताम्बुजपत्रसन्निभा रसना ॥
न स्थूला न च पृथुला यस्य स पृथ्वीपतिर्मनुजः ॥ २२९ ॥
शौचाचारविहीनाः सितजिह्वाः सततं भवन्ति नराः ॥
धनहीनाः शितिजिह्वाः पापोपगताः शबलजिह्वाः ॥ २३० ॥
सूक्ष्मा रूक्षा परूषा स्थूला समपृथुला मलसमन्विता यस्य ॥
जिह्वा पीता स पुमान् मूर्खो दुःखाकुल सततम् ॥ २३१ ॥

જીભ લાલ, લાંબી, સૂક્ષ્મ, કોમળ, પાતળી જેમને હોય તેઓ ત્રણે વેદના ગાનારા અને મિષ્ટાન ભોજન કરનારા હોય છે. જેને જીભ અગ્રભાગમાં અણીદાર, સ્નિગ્ધ, લાલ કમળની પાંખડી જેવી બહુ જાડી નહિ તેમ બહુ પાતળી નહિ તેવી હોય તે માણસ પૃથ્વીપતિ થાય છે. ધોળા રંગની જીભવાળા પવિત્રતા રહિત હોય છે. કાળી જીભવાળા ધનહીન હોય છે. અને કાબરચિતરી જીભવાળા પાપી હોય છે. નાની, રૂક્ષ, કઠોર, જાડી, અગ્રભાગ પર્યંત એક સરખી પહોળી મેલી અને પીળા રંગની જીભ જેમને હોય તે પુરુષ મૂર્ખ હોય છે, અને દુ:ખથી આકુળ-વ્યાકુળ રહે છે. ૨૨૮ થી ૨૩૧

रक्ताम्बुजतालुदरो भूमिपतिर्विक्रमी भवति मनुजः ॥
वित्ताढ्यः सिततालुगर्जतालुर्मंडलाधीशः ॥ २३२ ॥
रूक्षं शबलं परुषं मलान्वितं न प्रशस्यते तालु ॥
कृष्णं कुलनाशकरं नीलं दुःखावहं पुंसाम् ॥ २३३ ॥
अरुणतालुर्गुणयुक्तस्तीक्ष्णाग्रा घंटिका शुभा स्थूला ॥
लम्बा कृष्णा कठिना सूक्ष्मा चिपिटा नृणां न शुभा ॥ २३४ ॥

લાલ કમળ જેવા તાળવાવાળો ભૂમિપતિ થાય છે. અને તે પરાક્રમી હોય છે. ધોળા તાળવાવાળો ધનવાન હોય છે. અને હાથીના તાળવા જેવા તાળવાવાળો માણસ માંડલિક રાજા થાય છે. રૂક્ષ, કર્બુર રંગનું, કઠોર, મેલું તાળવું વખણાતું નથી. કાળું તાળવું કુલનો નાશ કરાવે છે. અને નીલરંગનું તાળવું દુઃખ આપનાર છે. લાલ રંગનું તાળવું ( અરુણોદયના રંગ જેવા રંગનું તાળવું ) હોય તો માણસ ગુણવાન થાય છે. ગળાની ઘંટડી ( જેને હૈડીયો કહે છે અથવા ટોટો કહે છે. ) અણીદાર અને જાડી હોય તો શુભ છે. પરંતુ લાંબી, કાળી, કઠિન, સૂક્ષ્મ અને ચપટી હોય તો તે સારી નથી. ૨૩૨ થી ૨૩૪

हसितमलक्षितदशनं किञ्चिद्विकसितकपोलमतिमधुरम् ॥
पुंसां धीरमकंपं प्रायेण स्यात् प्रधानानाम् ॥ २३५ ॥
उत्कंपितांसकशिरः संमीलितलोचनं निपतदश्रु ॥
विकृष्टस्वरमुद्धतं मध्यमानामसकृदंते स्यात् ॥ २३६ ॥

જે પુરુષો પ્રધાન હોય છે, તેમનું હાસ્ય ઘણું ખરૂં જેમાં દાંત ન દેખાતા હોય, કપોલ સહેજ સહેજ વિકસિત થયા હોય, બહુજ મધુર લાગતું હોય, ધીરતા દેખાતી હોય, કંપ ન હોય તેવું હોય છે. મધ્યમ કોટિના પુરુષોનું હાસ્ય ખભા તથા માથાને કંપાવતું, આંખો બીડાઇ જાય અને તેમાંથી આંસુ પડે, અને વારંવાર કે અંતમાં વિચિત્ર અવાજવાળું તથા ઉદ્ધત પ્રકારનું રહે છે. ૨૩૫–૨૩૬

चतुरंगुलप्रमाणा स्थूलपुटांतस्तनुच्छिद्रा ॥
न च प्रपीना त्ववलिता चिरायुषां भोगिनां नासा ॥ २३७ ॥
उन्नतनासः सुभगो गजनासः स्यात्सुखी महार्थाढ्यः ॥
ऋजुनासो भोगयुतश्चिरजीवी शुष्कनासः स्यात् ॥ २३८ ॥

तिलपुष्पतुल्यनासः शुकनासो भूपतिर्मनुजः ॥
आद्योग्रवक्रनासो लघुनासः शीलधर्मपरः ॥ २३९ ॥
क्रमविस्तीर्णसमुन्नतनासा महीशितुर्भवति ॥
द्वेधा स्थिताग्रभागातिदीर्घह्रस्वा च निःस्वस्य ॥ २४० ॥
कुंचत्या चौर्यरतिर्नासिकया चिपिटया युवतिमृत्युः ॥
छिन्नानुरूपया स्यादगम्यरमणीरतः पापः ॥ २४१ ॥
विकृता मध्यविहीना स्थूलाग्रा पिच्छिला सा दुःखस्य ॥
दक्षिणवक्रा नासा अभक्ष्यभक्षकक्रूरयोर्ज्ञेया ॥ २४२ ॥
निर्ह्रादि सानुनासादसकृत्क्षुतं भोगिनां धनवतां द्विः ॥
दीर्घायुषां प्रयुक्तं सुसहितं त्रिर्भवति पुंसाम् ॥ २४३ ॥
स्खलितं लघु च नराणां क्षुतं चतुर्भवति भोगवताम् ॥
ईषदनुनादसहितं करोति कुशलं निरंतरं पुंसाम् ॥ २४४ ॥

જાડાં નસ્કોરાં અને અલ્પછિદ્રવાળી ચાર આંગળના પ્રમાણની, બહુ જાડી કે પાતળી ન હોતાં મધ્યમ પ્રકારની હોય તેવી નાસિકા દીર્ઘાયુઃ અને ભોગી પુરુષોને હોય છે. ઉન્નત નાસિકાવાળો ભાગ્યશાળી હોય છે. હાથીની માફક મોટી નાસિકાવાળો સુખી અને ધનવાન થાય છે. (જુઓ ચિત્ર ૫૭) સીધા નાકવાળો ભોગ યુક્ત અને સુકાઈ ગયેલા નાકવાળો દીર્ઘાયુઃ થાય છે. તલના ફુલ જેવી નાસિકાવાળો તેમજ પોપટની ચાંચ જેવી નાસિકાવાળો માણસ ભૂપતિ થાય છે. અગ્ર ભાગમાં સ્હેજ વાંકી થતી નાસિકાવાળો ધનવાન થાય છે. અને ટુંકી નાસિકાવાળો ચારિત્રસંપન્ન હોય છે. ક્રમપૂર્વક પહોળી થએલી અને ઉન્નત નાસિકા રાજાઓને હોય છે. અને નિર્ધનને આગલા ભાગમાં બે ભાગ પડતા હોય તેવી અને ઘણી મોટી કે ઘણી નાની નાસિકા હોય છે. અણીદાર બનતી નાસિકાથી ચૌરવૃત્તિ થાય છે. ચપટી નાસિકા સ્ત્રીનું મૃત્યુ કરે છે. કપાએલા જેવી દેખાતી નાસિકાથી અગમ્યાગમનમાં આસક્ત અને પાપી થાય છે. વિકૃત બનેલી, વચલા ભાગમાં બેસી ગએલી, અગ્રભાગમાં જાડી થએલી, તથા અગ્રભાગમાં ગંદી દેખાતી નાસિકા દુઃખનું કારણ બને છે. જમણી બાજુ વાંકી વળેલી નાસિકા અભક્ષ્યભક્ષણ કરનાર તથા ક્રૂર પુરુષને હોય છે. ભોગી પુરુષોને આનંદદાયક અવાજવાળી એક, ધનવાનોને બે, અને દીર્ઘાયુઃ પુરુષોને ત્રણ છીંકો થાય છે. ભોગી પુરુષોને સાધારણ અને હલકા પ્રકારની ચાર છીંકો પણ થાય છે અને થોડા રણકારવાળી છીંક પુરુષોને કુશળ બનાવે છે. ૨૩૭ થી ૨૪૪

अक्षिणी निर्मलनीलस्फटिकारुणमये ईषत्स्निग्धे ॥
स्यातामंतर्मेचककृशान्तशोणे दृशौ धनिनः ॥ २४५ ॥
हरिताल भैर्नयनैर्जायन्ते चक्रवर्तिनो नियतम् ॥
नीलोत्पलदलतुल्यैर्विद्वांसो मानिनो मनुजाः ॥ २४६ ॥
लाक्षारुणैर्नरपतिर्नयनैर्मुक्तासितैः श्रुतज्ञानी ॥
भवति महार्थः पुरुषो मधुकांचनलोचनैः पिङ्गैः ॥ २४७ ॥
सेनापतिर्गजाक्षश्चिरजीवी जायते सुदीर्घाक्षः ॥
भोगी विस्तीर्णाक्षः कामी पारावताक्षोपि ॥ २४८ ॥
श्यावदृशां सुभगत्वं स्निग्धदृशां भवति भूरिभोगित्वम् ॥
स्थूलदृशां धीमत्त्वं दीनदृशां धनविहीनत्वम् ॥ २४९ ॥
नकुलाक्षमयूराक्षा जायन्ते जगति मध्यमाः पुरुषाः ॥
अधमा मण्डूकाक्षाः काकाक्षा धूसराक्षाश्च ॥ २५० ॥
बहुवयसो धूम्राक्षाः समुन्नताक्षा भवन्ति तनुवयसः ॥
विष्टब्धवर्तुलाक्षाः पुरुषा नातिक्रामन्ति तारुण्यम् ॥ २५१ ॥
ऋजु पश्यति सरलमनाः पश्यंत्यूद्र्ध्वं सदैव पुण्याढ्याः ॥
पश्यत्यधः सपापस्तिर्यक्पश्यति नरः क्रोधी ॥ २५२ ॥
सततमबद्धो लक्ष्म्या विघूर्णते कारणं विना दृष्टिः ॥
यस्य म्लाना रूक्षा सपापकर्मा पुमान् नियतम् ॥ २५३ ॥
अंधात्क्रूरः काणः काणादपि केकरो मनुजात् ॥
काणात्केकरतोऽपि क्रूरतरः कातरो भवति ॥ २५४ ॥
अहिदृष्टिः स्याद्रोगी बिडालदृष्टिः सदा पापः ॥
दुष्टो दारुणदृष्टिः कुक्कुटदृष्टिः कलिप्रियो भवति ॥ २५५ ॥
अतिदुष्टा घूकाक्षा विषमाक्षा दुःखिताः परिज्ञेयाः ॥
हंसाक्षा धनहीना व्याघ्राक्षाः कोपना मनुजाः ॥ २५६ ॥

नियतं नयनोद्धारः पुंसामत्यन्तकृष्णताराणाम् ॥
भूरिस्निग्धदृशः पुनरायुः स्वल्पं भवेत्प्राज्ञः ॥ २५७ ॥
अतिपिङ्गलैर्विवर्णैर्विभ्रान्तैर्लोचनैश्चलैरशुभः ॥
अतिहीनारुणरूक्षैः सजलैः समलैर्नरा निःस्वाः ॥ २५८ ॥



ચિત્ર નં. ૫૭



ચિત્ર નં ૫૮

ધનવાન પુરુષને સ્વચ્છ નીલમણિ જેવી અને કંઇક લાલાશ ઉપર સ્હેજ સ્હેજ સ્નિગ્ધ તેમજ કીકીના ભાગમાં કાળી તથા ખુણાઓમાં લાલ આંખો હોય છે. હડતાલ જેવા રંગની આંખોવાળા માણસો ચક્રવર્તી થાય છે. નીલકમળની પાંખડી જેવી આંખોવાળા માણસો અભિમાની તેમજ વિદ્વાન હોય છે. ( જુઓ ચિત્ર. ૫૬ ) લાખના જેવી લાલ આંખોવાળો નરેશ, મોતીના જેવી સફેદ આંખોવાળો વિદ્વાન અને જ્ઞાની થાય છે. તેમજ મધ જેવી અથવા સુવર્ણ જેવી પીળી આંખોવાળો માણસ પુષ્કળ ધનવાળો થાય છે. હાથીના જેવી નાની આંખોવાળો સેનાપતિ થાય છે. ( જુઓ ચિત્ર ૫૮ ) સારી લાંબી આંખોવાળો દીર્ઘજીવી થાય છે. પહોળી આંખોવાળો ભોગી થાય છે. અને કબુતર જેવી આંખોવાળો કામી થાય છે. હરણના બચ્ચા જેવી આંખોવાળો ભાગ્યશાળી થાય છે. સ્નિગ્ધ આંખોવાળો ઘણો જ ભોગવિલાસ વાળો



ચિત્ર નં. ૫૯



ચિત્ર નં. ૬૦

થાય છે. જાડી આંખોવાળા બુદ્ધિમાન અને ગરીબડી આંખોવાળા ધનહીન થાય છે નોળીયા કે મોરના જેવી આંખોવાળા જગતમાં મધ્યમ કોટિના પુરુષો થાય છે.

( જુઓ ચિત્ર. ૫૯ ) દેડકા જેવી તેમજ કાગડા જેવી કે ગંદા રંગની આંખોવાળા અધમ કોટિના માણસો હોય છે. ધૂમાડા જેવા રંગની આંખોવાળા દીર્ઘાયુઃ થાય છે. ઉંચી આંખો ( કીકી ઉંચી ચઢી ગઈ હોય તેવી ) વાળા અલ્પાયુઃ થાય છે. સ્થિર અને ગોળ આંખોવાળા પુરુષો સુખની આશાગી શકતા નથી. સરલ મનવાળા સીધી નજરે જુએ છે. પુણ્યશાળી પુરુષોની દૃષ્ટિ ઉર્ધ્વ ગામી રહે છે. જે નીચી નજરે જુએ તે પાપી હોય છે. અને જે તિરછી નજરે જુએ તે માણસ ક્રોધી હોય છે. જેની નજર કારણ વગર આડીઅવળી ફર્યા કરે તે ધનહીન થાય છે. અને જેની નજર મ્લાન; અને રૂક્ષ હોય છે, તે પુરુષ પાપકર્મ કરનાર હોય છે. આંધળો માણસ ક્રોધી હોય છે. આંધળાથી કાણો અને કાણાથી પણ કેકરાક્ષ વધુ ક્રોધી હોય છે. ( ચુંચરી આંખોવાળાને સંસ્કૃતમાં કેકરાક્ષ કહે છે. ) પરંતુ કાણા અને ચુંચરા કરતાંય જેને દૃષ્ટિ ફેરવી લેવાની આદત હોય છે. ( ઘણા માણસોની એવી આદત હોય છે કે કોઈ તેમના સામું જુએ કે તરતજ પોતાની દૃષ્ટિ ફેરવી નાખે યા તો આંખો બંધ કરી લ્યે. આવી બીજાની નજર સાથે નજર ન મેળવનારા અથવા પોતાની નજર ઉપર બીજાની નજર પડતાં પોતાની નજરને છુપાવનારા માણસો કાતર દૃષ્ટિ-વાળા કહેવાય છે. ) તેઓ વધારે ક્રોધી હોય છે. સાપના જેવી નજરવાળો રોગી, બીલાડા જેવી નજરવાળો પાપી, ભયંકર નજરવાળો પાપી અને કૂકડા જેવી નજરવાળો કંકાશ કરનાર હોય છે. ઘુવડ જેવી આંખોવાળો ઘણો દુષ્ટ હોય છે. ( જુઓ ચિત્ર ૬૦ ) નાની મોટી આંખોવાળાઓને દુઃખી જાણવા. હંસ જેવી આંખોવાળા નિર્ધન થાય છે. અને વાઘ જેવી આંખોવાળા ક્રોધી થાય છે. ( જુઓ ચિત્ર ૬૧ ) જેઓની આંખની કીકી ઘણી જ કાળી હોય તેમની આંખો જરૂર ( કોઇને કોઈ કારણસર ) બહાર કાઢી નાખવામાં આવે છે. ઘણીજ સ્નિગ્ધ ( સ્નેહ યુક્ત ) નજરવાળા ડાહ્યા હોય છે. પરંતુ અલ્પાયુઃ થાય છે. ઘણાં પીળાં ફીક્કાં, ચંચળ, અને ભ્રમમાં પડયાં હોય તેવાં નેત્રોવાળો માણસ ખરાબ હોય છે. ઘણીજ નાની, લાલ અને ફીક્કી તેમજ પાણીવાળી રહેતી આંખોવાળા નિર્ધન થાય છે. ૨૪૫ થી ૨૫૮



ચિત્ર નં. ૬૧



ચિત્ર નં. ૬૨

इह वदनमर्द्धरूपं वपुषो यदि वा समनुरूपमिदम् ॥
तत्राऽपि वरा नासा ततोऽपि मुख्ये दृशौ पुंसाम् ॥ २५९ ॥

सुदृढैः कृष्णैर्नयनच्छेदस्थितैः पक्ष्मभिर्घनैः सूक्ष्मैः ॥
सौभाग्यं चिरमायुर्लभते मनुजो धनेशत्वम् ॥ २६० ॥
पक्ष्मभिरधमा विरलैः पिङ्गैः स्थूलैर्विवर्णैश्च ॥
पक्ष्मततिविरहिताः पुनरगम्यनारीरताः पापाः ॥ २६१ ॥
अनिमेषो धन रहितः पुरुषः स्यादेकमात्र निमेषोऽपि ॥
नियतं द्विमात्रनिमेषः परजन्माश्रित्य जीवति सः ॥ २६२ ॥
धनिनस्त्रिमात्रनिमेषास्तथा चतुर्मात्रनिमेषवंतोऽपि ॥
न तु पंचमात्रनिमेषाश्चिरायुषो भोगिनो धनिनः ॥ २६३ ॥
नयननिमेषैरल्पैर्मध्यैर्दीर्घैश्च जायते पुंसाम् ॥
आयुः स्वल्पं मध्यं सुदीर्घमथानुपूर्विकया ॥ २६४ ॥
जानु प्रदक्षिणीकृत्य यावत् करो घण्टिकामादत्ते ॥
तदिदमिह समयमानं मात्राशब्देन निगदति ॥ २६५ ॥

અહીં **સામુદ્રિકશાસ્ત્ર**માં મુખને શરીરનું અર્ધ અથવા સંપૂર્ણ શરીર ગણવામાં આવે છે. (અર્થાત્ લગભગ મુખ ઉપરનાં શુભાશુભ લક્ષણોમાં જ બધું સમાઈ જાય છે.) મુખમાં પણ નાસિકા શ્રેષ્ઠ છે. અને નાસિકાથી પણ આંખો ઉત્તમ છે. મજબુત કાળી, આંખોના બંને છેડાઓ સુધી ખીચોખીચ ઉગેલી અને ઝીણી પાંપણોથી માણસ સૌભાગ્ય, દીર્ઘાયુ અને ધનસંપત્તિ પામે છે. આછી પાંપણોથી માણસ અધમ થાય છે. પીળી, જાડી અને રંગહીન પાંપણોથી પણ માણસ અધમ થાય છે. જેઓને પાંપણો જ ન હોય એવા માણસો અગમ્યાગમન કરવામાં આસક્તિવાળા અને પાપી હોય છે. જેને આંખના નિમેષ (પલકારા) ન થતા હોય અથવા એક માત્રા જેટલા વખતના અંતરે નિમેષ થતા હોય તે નિર્ધન થાય છે. બે માત્રાના અંતરે થતા હોય તે પારકાના આશ્રયે જીવન વ્યતીત કરે છે. ત્રણ માત્રાના અંતરે નિમેષ થતા હોય તેવો માણસ અથવા ચાર માત્રાના અંતરે જેને નિમેષ થતો હોય તે ધનવાન થાય છે. પરંતુ જેમને પાંચ માત્રા જેટલા સમયના અંતરે નિમેષ થતા હોય તેઓ દીર્ઘાયુઃ ધનવાન કે ભોગી થતા નથી. બહુ ઓછો નિમેષ થતો હોય, મધ્યમ પ્રકારનો હોય કે મોટો હોય (બહુ ઓછા સમયમાં જે નિમેષ થાય તે અલ્પ નિમેષ, તેથી વધારે વખતવાળો મધ્યમ નિમેષ અને ઠીકઠીક વખતવાળો દીર્ઘ નિમેષ કહેવાય છે.) તો અનુક્રમે અલ્પ, મધ્યમ અને દીર્ઘ આયુઃ ભોગવે છે. હાથ ઢીંચણની પછવાડે ફરી

પાછો ગળાની ઘંટિકાનો સ્પર્શ કરે તેટલા સમયને માત્રા કહેવાની પરિપાટી સામુદ્રિકશાસ્ત્રમાં છે. ૨૫૯ થી ૨૬૫

मन्दरमन्थानकमथ्यमानजलराशिघोषगंभीरम् ॥
बालस्य यस्य रुदितं स महीं महीयान् संपालयति ॥ २६६ ॥
बाष्पाम्बुविनिर्मुक्तं स्निग्धमदीनरोदनं शस्तम् ॥
रूक्षं दीनं घर्घरमश्रु पुनर्दुःखदं पुंसाम् ॥ २६७ ॥
बालेन्दुनते वित्तं दीर्घे पृथुलोन्नते श्यामे ॥
नासावंशविनिर्गतदले इव भ्रूदले दिशतः ॥ २६८ ॥
नृणामयुते स्निग्धे मृदुतनुरोमान्विते भ्रुवौ शस्ते ॥
हीने स्थूले सूक्ष्मे खरपिङ्गलरोमके न शुभे ॥ २६९ ॥
ह्रस्वान्ता बहुदुःखानामगम्ययोषाजुषां च मध्यनताः ॥
स्तोकायुषामतिनता विषमाः खण्डा भ्रुवो दरिद्राणाम् ॥ २७० ॥
धनवन्तः सुतवन्तः शिखरैः पुरुषाः समुन्नतैर्विशदैः ॥
निम्नैः पुनर्भवन्ति द्रव्यसुखापत्यपरिहीनाः ॥ २७१ ॥

મંદરાચલ રૂપી રવૈયાથી વલોવાતા સમુદ્રના અવાજ જેવું ગંભીર જે બાલકનું રૂદન હોય તે મોટી પૃથ્વીનું પાલન કરે છે. પરસેવો તથા આંસુઓ વગરનું, સ્નિગ્ધ અને ભવ્ય રૂદન હોય તે સારૂં ગણાય છે. લુખ્ખું, ગરીબડું, ઘર્ઘર અવાજવાળું અને ખુબ આંસુ પડતાં હોય તેવું રૂદન દુઃખ આપે છે. નાકના ઉપલા છેડામાંથી બે પાંદડાં નીકળ્યાં હોય તેમ બીજના ચંદ્રના જેવી વાંકી, લાંબી, જાડી, શ્યામ રંગની ભ્રમરો હોય તો ધન આપે છે. એક બીજામાં ભળ્યા વગરની, સ્નિગ્ધ, મૃદુ કોમળ વાળની બનેલી ભ્રમરો વખાણવા લાયક છે. ટુંકી, જાડી, ઘણી પતલી, ખરબચડા અને પીળાશ ઉપરના વાળવાળી ભ્રમરો સારી ગણાતી નથી. જેમને ઘણું દુઃખ પડવાનું હોય તેવા માણસોની ભ્રમરો ટુંકા છેડાવાળી હોય છે, જે લોકો અગમ્યાગમન કરે છે, તેમની વચમાંથી નમી ગએલી હોય છે. અલ્પાયુઃ પુરુષોની ભ્રમરો ઘણી નમેલી હોય છે. અને દરિદ્ર પુરુષોની ભ્રમરો નાની મોટી અને ભાગેલી હોય છે. જો આંખની ભ્રમરોની ઉપરનો ભાગ ઉન્નત તથા વિશાળ હોય તો માણસ ધનવાન, પુત્રવાન, થાય છે, અને જો તે ભાગ બેસી ગએલો હોય તો ધનસુખ અને પુત્રથી રહિત થાય છે. ૨૬૬ થી ૨૭૧

परिपूर्णकर्णपाली पिप्पलिकाद्यवयवः सुसंस्थानः ॥
लघुविवरो विस्तीर्णः कर्णः प्रायेण भूमिभुजाम् ॥ २७२ ॥
आद्यः प्रलम्बकर्णः सुखी स्वभावपीनमृदुकर्णः ॥
मतिमान्मूषककर्णश्चमूपतिः शङ्खकर्णः स्यात् ॥ २७३ ॥
चिपिटश्रवणैर्भोगी दीर्घायुर्दीर्घरोमभिः श्रवणैः ॥
अतिपीनैरतिभोगी श्रवणैर्जननायको भवति ॥ २७४ ॥
ह्रस्वैर्निःस्वाः कर्णैर्निर्मांसैः पापमृत्यवो ज्ञेयाः ॥
व्यालंबिभिः शिरालैः क्रूराः स्युः प्रायशः कुटिलैः ॥ २७५ ॥
येषां पृथुलाः क्षुद्राः कर्णाः स्युः कर्णशष्कुलीहीनाः ॥
स्वल्पायुषो दरिद्रा विलोक्यमाना विरूपास्ते ॥ २७६ ॥

પુરેપુરી કાનપટ્ટીવાળો, અલ્પ છિદ્રવાળો કાન ઘણું ખરૂં રાજાને હોય છે. લાંબા અને, સ્વભાવથી જ કોમળ તથા પહોળા કાનવાળો સુખી અને અગ્રેસર થાય છે. ઉંદરના જેવા કાનવાળો બુદ્ધિમાન હોય છે. ( જુઓ ચિત્ર ૬૨ ) અને શંખ જેવા કાનવાળો સેનાપતિ થાય છે. ( જુઓ ચિત્ર ૬૩ ) ચપટા કાનવાળા ભોગી થાય છે. લાંબા વાળવાળા કાન હોય તો દીર્ઘાયુ થાય. ઘણા જાડા કાન હોય તો ઘણો ભોગી થાય. અને જનનાયક થાય. ટુંકા કાન હોય તો નિર્ધન થાય. માંસ વગરના કાન હોય તો પાપકર્મથી મૃત્યુ પામનાર થાય. લાંબા અને નસો તરી આવતા અને વાંકાચુંકા કાન હોય તો ઘણું ખરૂં માણસો ક્રૂર થાય છે. જેઓને ઘણા પહોળા કે ઘણા નાના, વચ્ચેના છિદ્ર વગરના અને દેખાવમાં ખરાબ લાગે તેવા કાન હોય તેઓ અલ્પાયુ અને દરિદ્ર થાય છે. ૨૭૨ થી ૨૭૬



चित्र नं. ६३



चित्र नं. ६४

विपुलमूर्ध्वमधिकमुन्नतमर्द्धेन्दुसम्मितं राज्यम् ॥
प्रदिशत्याचार्यपदं शुक्तिविशालं नृणां भालम् ॥ २७७ ॥

स्वल्पैर्धर्मप्रवणा धनहीनाः संवृतैस्तथाविषमैः ॥
निम्नैः केवलबंधनवधभाजः क्रूरकर्माणः ॥ २७८ ॥
भालस्थलस्थिताभिः सुशिराभिरधमाः सदैव पापकराः ॥
अभ्युन्नताभिराढ्यास्ताभिरपि स्वस्तिकाकृतिभिः ॥ २७९ ॥
रेखाभिर्वर्षशतं पञ्चभिरायुर्ललाटसंस्थाभिः ॥
पुरुषाणां स्त्रीणां वा कर्मकरत्वं करोति श्रीः ॥ २८० ॥
भालस्थलस्थितेन स्फुटेन रेखाचतुष्टयेन नृणाम् ॥
वर्षाण्यशीतिरायुर्वसुधेशत्वं पुनर्भवति ॥ २८१ ॥
स्यादायुर्लेखाभिस्तिसृभिर्द्वाभ्यामथैकया नियतम् ॥
शरदां सप्ततिषष्टिं चत्वारिंशदपि क्रमशः ॥ २८२ ॥
भाले लेखाहीने पंचाधिकाविंशतिसमाः ॥
आयुः स्याद्ध्रुवमखिला जायंते संपदः सपदि ॥ २८३ ॥
यदि वा तिर्यग्दीर्घास्तिस्रो रेखाः शतायुषां भाले ॥
भूभिजुषां तु चतस्रः पुनरायुः पंचहीनशतम् ॥ २८४ ॥
जीवति वर्षाण्यशीतिः केशान्तोपगते रेखे ॥
भालेन वर्षनवतिः पुरुषो रेखाचितेन पुनः ॥ २८५ ॥
रेखाः सप्ततिरायुः पंचैवाग्रस्थिताः पुनः षष्टिः ॥
बह्व्यो नृणां शतार्द्धं दशोनमपि भंगुरा ददते ॥ २८६ ॥
भ्रूयुग्मोपगताभिस्त्रिंशद्वर्षाणि जीवति शरीरी ॥
विंशत्यब्दानि पुनर्लेखाभिर्वा च वक्राभिः ॥ २८७ ॥
छिन्नाभिरगम्यस्त्रीगामी क्षुद्राभिरपि नरोऽल्पायुः ॥
रेखाभिर्मनुजः स्यादित्याह सुमंतविप्रेन्द्रः ॥ २८८ ॥

श्रीवत्सकार्मुकाद्या यस्य शिरारोमभिः कृता भाले ॥
रेखाभिर्वा नृपतिर्भोगी वा जायते सपादि ॥ २८९ ॥
मस्तकमिभकुम्भनिभं भूमिभुजां मंडलं गवाद्यानाम् ॥
भोगवतां भवति समं क्रमोन्नतं मण्डलेशानाम् ॥ २९० ॥
विकसच्छत्राकारं यस्य शिरो युवतिकुचनिभं वापि ॥
नृपतिः स सार्वभौमो निम्नं वा यस्य स महीशः ॥ २९१ ॥
विषमो धनहीनानां करोटिकाभश्चिरायुषो मूर्द्धा ॥
द्राघिष्ठो दुःखवतां चिपिटो मातृपितृघ्नानाम् ॥ २९२ ॥
धनविरहितो द्विमौलिः पापरतो मीनमौलिरतिदुःखी ॥
अधमरुचिर्घटमौलिर्धननतमौलिः सदा निन्द्यः ॥ २९३ ॥

વિશાળ, માથાવાળું ઘણું ઉન્નત, અર્ધ ચંદ્રના જેવું કપાળ હોય તો રાજ્ય આપે છે. અને આવું માથું જે (મોટી) છીપના જેવું વિશાળ લાગતું હોય તો આચાર્ય પદવી આપે છે. નાનું કપાળ હોય તો મનુષ્યો ધર્માત્મા થાય છે. કપાળમાં વચ્ચે ખાડો પડતો હોય અથવા કપાળ ઉંચું નીચું હોય તો માણુસ ધનહીન થાય. નમી ગએલા કપાળવાળા ક્રૂર કર્મ કરનારા તથા કેદખાનાની અને વધતી સજા ભોગવનારા હોય છે. જેઓને કપાળમાં નસો દેખાઇ આવતી હોય તે માણુસો સદૈવ પાપકર્મ કરનારા હોય છે. ઉન્નત કપાળવાળા ધનવાન હોય છે. અને જો કપાળમાં પડતી નસો દ્વારા સ્વસ્તિક બનતો હોય તો પણુ માણુસો ધનવાન થાય છે. કપાળમાં પાંચ રેખાઓ પડતી હોય તો સો વર્ષનું આયુઃ થાય છે. આવા લક્ષણુવાળા પુરુષની અથવા સ્ત્રીની લક્ષ્મી ચાકર બને છે. કપાળમાં ચાર રેખાઓ પડતી હોય તો માણુસ એંશી વર્ષનું આયુર્દા ભોગવે છે, તેમજ રાજગાદી ભોગવે છે. કપાળમાં ત્રણુ, બે કે એક રેખા પડતી હોય તો અનુક્રમે સિત્તેર સાઠ તથા ચાલીસ વર્ષનું આયુઃ થાય છે. જો કપાળમાં એક પણુ રેખા ન હોય તો પચીસ વર્ષનું આયુઃ થાય. અને આવા પુરુષને દરેક પ્રકારની સંપત્તિ મળે છે. અથવા કપાળમાં ત્રણુ મોટી આડી રેખાઓ પડતી હોય તો સો વર્ષનું આયુઃ જાણુવું. પૃથ્વીપતિઓને આવી મોટી આડી ચાર રેખાઓ હોય છે. અને તેઓનું આયુઃ પંચાણું વર્ષનું થાય છે. ફક્ત બેજ રેખાઓ કપાળમાં હોય, પરંતુ તે છેક વાળ સુધી પહોંચી જતી હોવી જોઈએ. જો આવી રેખાઓ હોય તો એંશી વર્ષનું આયુઃ થાય જો આગળ પડતી પાંચ રેખાઓ ( ઘણી લાંબી ) હોય તો સીત્તેર અથવા સાઠ વર્ષનું આયુ થાય. અને ઘણી પણુ તૂટેલી રેખાઓ હોય તો

પચાસ અથવા ચાલીસ વર્ષનું આયુઃ થાય. બંને ભ્રમરો ઉપર આડી રેખાઓ માલુમ પડતી હોય તો ત્રીસ વરસનું આયુઃ થાય છે. અને આ રેખાઓ વાંકી હોય તો વીસ વર્ષનું આયુઃ થાય છે. કપાળમાં તૂટી ગએલી કેટલીક રેખાઓ પડી હોય તો અગમ્યાગમન કરે છે. નાની નાની રેખાઓ પડી હોય તો માણસ અલ્પાયુઃ થાય છે. એમ **સુમન્ત** નામના આચાર્યનો મત છે જેના કપાળમાં રૂંવાટાંથી શ્રીવત્સ (સ્વસ્તિક) મનુષ્ય ઈત્યાદિ ચિન્હો પડતાં હોય તે માણુસ રાજા અથવા ભોગી થાય છે. રાજાઓનાં માથાં હાથીના કુંભ સ્થળ જેવાં હોય છે. જેઓને ઘણું મોટું પશુ ધન હોય છે. તેમનાં માથાં ગોળ હોય છે. ભોગી પુરુષોનાં માથાં સપાટ હોય છે. અને માંડલિક રાજાઓનાં માથાં ચઢતા ગોળાવાવાળાં હોય છે. જેનું માથું ઉઘાડેલી છત્રી જેવું ( જુઓ ચિત્ર. ૧૪ ) અથવા સ્ત્રીના સ્તન જેવું હોય તે સાર્વભૌમ નરેશ થાય. અને જેમનું માથું વચ્ચેથી બેસી ગયું હોય તે જમીનદાર થાય. ઉંચા નીચા મથાવાળો ધનહીન હોય છે. કલાડા જેવા માથાવાળો દીર્ઘાયુ થાય છે. દુઃખી માણુનું માથું લાંબું હોય છે. અને માબાપનો ઘાત કરનારનું માથું ચપટું હોય છે. બે માથાવાળો ( માથાના બે ભાગ થઈ ગયા હોય ) ધનહીન થાય. માછલાના માથા જેવા માથાવાળો પાપી અને ઘણો દુઃખી થાય. ઘડા જેવા માથાવાળો અધમ ચરિત્રનો થાય. મોટા અને બેસી ગએલા માથાવાળો નિંદ્ય પુરુષ હોય છે. ૨૭૭ થી ૨૯૩

**अत्रुटिताग्राः स्निग्धा ऋजवो मृदवः समास्तनीयांसः ॥**
**अस्तोकदीर्घबहवस्तरङ्गिणो भूभुजां केशाः ॥ २९४ ॥**
**ऊर्ध्वा रूक्षाः कपिलाः स्थूला विषमाः खरविभिन्नाग्राः ॥**
**अतिहस्वदीर्घकुटिला जटिला विरला दरिद्राणाम् ॥ २९५ ॥**

રાજાઓના વાળ અખંડ, સ્નિગ્ધ, સીધા, મૃદુ અને સરખા તેમજ પાતળા હોય છે. વળી તે ઘણા લાંબા અને સમુદ્રના તરંગોની માફક ઉંચા નીચા તરંગવાળા પણ હોય છે. દરિદ્ર પુરુષોના કેશ ઊભા, રૂક્ષ, કાબરા, જાડા, લાંબા ટુંકા તથા ખરબચડા અને અગ્રભાગમાં ફાટેલા, ઘણા નાના, ઘણા મોટા, વાંકડીઆ તથા ઘણા જુથવાળા કે બહુ જ આછા હોય છે. ૨૯૪–૨૯૫

**अंगं यद्यपि पुंसां स्त्रीणां वा पिशितविरहितं सूक्ष्मम् ॥**
**परुषं शिरावनद्धं तत्तदनिष्टं परं ज्ञेयम् ॥ २९६ ॥**
**आयुः परीक्षा पूर्वं नृणां लक्षणं तदा ज्ञेयम् ॥**
**व्यर्थं लक्षणज्ञानं लोके क्षीणायुषां यस्मात् ॥ २९७ ॥**

यल्लक्ष्म पुनः शुभमपि करे रेखाप्रभृतिकं च संवदति ॥
बाह्याभ्यन्तरमपरं तत्र समुद्रेण निर्दिष्टम् ॥ २९८ ॥

સ્ત્રી કે પુરુષનું શરીર માંસ વગરનું, નાનું, કઠોર અને નસો તરી આવતી હોય તેવું હોય તો તે ઘણું જ અશુભ લક્ષણ છે. આયુર્દાની પરીક્ષા કર્યા પછી જ લક્ષણ જોવાં. કારણ અલ્પાયુ પુરુષોનાં લક્ષણોનું જ્ઞાન વ્યર્થ છે. હાથમાં રેખાદિથી બનેલું શુભ લક્ષણ બાહ્ય અને આભ્યંતર શરીરનાં શુભ લક્ષણોનું (કે જે વિસ્તારથી કહેવામાં આવ્યાં છે. તેમનું) પણ દ્યોતક બને છે ૨૯૬ થી ૨૯૮

**ઇતિ મહત્તમ શ્રી નૃસિંહના પુત્ર દુર્લભરાજે બનાવેલા સામુદ્રિકતિલક નામના નરસ્ત્રીલક્ષણ શાસ્ત્રનો પહેલો શારીરાધિકાર સંપૂર્ણ,**

## અધિકાર બીજો

संहतिसारानूकस्नेहोन्मानप्रमाणमानानि ॥
क्षेत्राणि प्रकृतिरथो मिश्रमेतदपि शारीरम ॥ १ ॥
यत्र मिथः श्लिष्टत्वं मांसस्नाय्वस्थिसंधिबंधानाम् ॥
संहननं संघातः संहतिरिति कथ्यते सद्भिः ॥ २ ॥
यंत्रारिष्टमिवांगं प्रत्यंगं दृश्यते देहे ॥
संस्थानेन सुरूपं संहतिर्भवति सा महेच्छ ॥ ३ ॥
मांसास्थिसन्धिबंधो ह्यशिथिलो हि लक्ष्यते यस्य ॥
स च संहतिमान्धन्यो दीर्घायुर्जायते नियतम् ॥ ४ ॥
संहतिरहितो रूक्षः पिशितविहीनः शिरायुतः शिथिलः ॥
स्थूलास्थिसन्निवेशो भवति क्लेशावहः स पुमान् ॥ ५ ॥

**ક્ષેત્રઃ**—સંહતિ, સાર, અનૂક, સ્નેહ, ઉન્માન, પ્રમાણ, માન અને પ્રકૃતિ એ આઠ ભેદ મળવાથી ક્ષેત્ર કહેવાય છે. અને બધાંનું મિશ્રણ થઈ ગયું હોય તે પણ ક્ષેત્રના અંતવર્તી જ ગણાય. **સંહતિઃ**—માંસ, સ્નાયુ, હાડકાં, સાંધા વગેરેનું એકબીજા સાથે જે જોડાણ હોય છે, તેને સંહતિ, સંહનન કે સંઘાત કહે છે. યંત્રની માફક અંગપ્રત્યંગ બરાબર યથાસ્થાને જોડાએલાં હોય, અને દૃઢ માલુમ પડતાં હોય, તેને સંહતિ કહે છે. જેને માંસ હાડકાં તથા શરીરના સાંધા મજબુત હોય, તે સંહતિવાળો કહેવાય. સંહતિવાળો પુરુષ ધન્ય (ભાગ્યશાળી) તેમજ દીર્ઘાયુ થાય છે. જેના અંગ

પ્રત્યંગનાં જોડાણ ઢીલાં હોય, શરીર માંસ વગરનું હોય, મોટી મોટી નસો દેખાતી હોય, સ્થૂલ હાડકાં દેખાતાં હોય—હાડકાં પ્રમાણમાં મોટાં દેખાતાં હોય, તે માણસ ક્લેશ ભોગવે છે. ૧ થી ૫

त्वग्रक्तमांसमेदोऽस्थिमज्जाशुक्राण्यनुक्रमेण नृणाम् ॥
सारा: सप्त भवेयु: समासतस्तत्फलं ब्रूम: ॥ ६ ॥
स्निग्धत्वचो बोधनाढ्या स्तनुत्वच: कुबुद्धयो मनुजा: ॥
सुभगा मृदुत्वच: स्यु: प्रागुक्तत्रित्वच: सुखिन: ॥ ७ ॥
रसनोष्ठदन्तपीठकरांघ्रिगुदतालुलोचनान्तेन ॥
रक्तेन रक्तसारा धनतनयस्त्रीसुखोपेता: ॥ ८ ॥
सर्वाङ्गीणेन चितो यथाप्रदेशं घनेन मांसेन ॥
उक्त: स मांससारो विद्याधनरूपपरिकलित: ॥ ९ ॥
नखदन्तदृष्टिस्निग्धो मेद:सार: सुखान्वित: सुतवान् ॥
स्थूलास्थिरस्थिसार: कान्तो विद्यां गत: सबल: ॥ १० ॥
घनगात्रोपचययुत: संस्थितियों महाबल: स्निग्ध: ॥
कथित: समज्जसारो बहुतनय: स्त्रैणसुखभागी ॥ ११ ॥
यो भवति शुक्रसारो विद्यासौभाग्यरूपपरिकलित: ॥
प्रायेण सप्तसार: सर्वोत्कर्षप्रद: पुरुष: ॥ १२ ॥

સાર:—ચામડી, લોહી, માંસ, મેદ, અસ્થિ (હાડકાં) ચરબી અને વીર્ય. એમ સાર સાત પ્રકારનો ગણવામાં આવે છે. તેમનાં ફળ (નીચે મુજબ) કહીશ. अ—ચીકણી ચામડીવાળા બુદ્ધિમાન, પાતળી ચામડીવાળા દુષ્ટ બુદ્ધિવાળા, મૃદુલ ચામડીવાળા ભાગ્યશાળી, અને જો આ ત્રણે પ્રકાર એકી સાથે હોય તો તે સુખ આપનાર સમજવાં. आ—જીભ, હોઠ, દાંતનાં પેઢુઓ, હાથ, પગ, ગુદા, તાળવું અને આંખના ખુણાઓમાં જે લાલી દેખાય છે, તેનું નામ રક્તસાર છે. અર્થાત્ તે લોહીના સારવાળો ગણાય. જે રક્તસાર પુરૂષો હોય, તે સ્ત્રી, ધન તેમજ પુત્રનું સુખ ભોગવે છે. इ—અંગ પ્રત્યંગમાં માંસ ભરાએલું માલુમ પડે તેનું નામ માંસસાર. માંસસાર પુરુષ વિદ્યા, ધન અને રૂપથી યુક્ત હોય છે. ई—નખ, દાંત અને દૃષ્ટિમાં જે ચિકાશ દેખાઇ આવે છે, તે મેદસાર લક્ષણ છે. મેદસાર પુરુષો સુખી અને સંતતિવાળા થાય છે. उ—ખીલેલાં મોટાં મોટાં હાડકાં માલુમ પડતાં હોય, તે અસ્થિસાર કહેવાય. અસ્થિસાર

માણુસ રૂપાળો, વિદ્વાન અને બળવાન હોય છે. ક—જે સંપૂર્ણ ખીલેલા અવયવો અને સારા દેહ પ્રમાણનો બળવાન અને સ્નિગ્ધ ( ચીકણાં અંગવાળો ) માલુમ પડતો હોય, તે મજ્જાસાર સમજવો. મજ્જાસાર પુરુષ સંતતિવાળો અને વિલાસી થાય છે. ૫—જેનામાં વીર્ય ખુબ હોય તે શુક્રસાર કહેવાય. અને તે વિદ્વાન, ભાગ્યશાળી તથા રૂપાળો હોય છે. જ્યારે આ સાતે ભેદ એકી સાથે હોય, ત્યારે સમજવું કે તે સર્વોત્તમ લક્ષણ છે. ૬ થી ૧૨

पूर्वभवे ह्यनवरतं सत्त्वस्वरूपगातिभिरभ्यस्तम् ॥
पुनरिह यदनुक्रियते तदनूकं कथ्यते सद्भिः ॥ १३ ॥
सिंहव्याघ्रगरुत्मद्वृषभानूका भवन्ति ये मनुजाः ॥
अप्रतिहतप्रतापा जितरथास्ते नराधीशाः ॥ १४ ॥
वानरमहिषक्रोडच्छागानूकाः सुखार्थसुतरहिताः ॥
रासभकरभानूका धनहीना दुःखिताः प्रायः ॥ १५ ॥

અનૂક:—જીવાત્માએ પાછલા ભવોમાં જે કંઈ અભ્યાસ કર્યો હોય છે ( જેવું આચરણ કર્યું હોય છે ), તેના સંસ્કાર રહી જવાથી તે આ જન્મમાં પણ થોડાવત્તા પ્રમાણમાં ( જેટલા પ્રમાણમાં સંસ્કાર રહી ગયા હોય તેટલા પ્રમાણમાં ) તેવું આચરણ કરે છે. તેના આ જન્મગત સ્વભાવને અનૂક કહે છે. જે મનુષ્યો સિંહ, વાઘ, ગરૂડ અને વૃષભના અનૂકના હોય છે, તે સુખી, વિજયી અને રાજા થાય છે. જે વાનર, પાડા, ભૂંડ અને બકરાના અનૂકના હોય છે, તે સુખ, ધન અને પુત્ર રહિત હોય છે. અને જે ઊંટ, ગધેડા વગેરે અનૂકના હોય છે, તે દુ:ખી અને નિર્ધન થાય છે. ૧૩ થી ૧૫

चित्तप्रसत्तिजननं प्रीणनमिति कथ्यते ध्रुवं स्नेहः ॥
तन्मूलमिह ज्ञेयं सुखसौभाग्यादिकं सर्वम् ॥ १६ ॥
रसनायां दशनेषु त्वचि लोचनयोर्नखेषु केशेषु ॥
पुण्यवतां प्रायेण स्नेहोयं षड्विधो ज्ञेयः ॥ १७ ॥
प्रियभाषित्वं रसनास्निग्धत्वं सुभोजनं रदाः स्निग्धाः ॥
अतिसौख्यं त्वक् स्निग्धो नियतं भजते भुजिष्योऽपि ॥ १८ ॥
जनस्निग्धो नयनस्निग्धः समधिकधनं नखस्निग्धः ॥
केशस्निग्धो बहुविधसुगन्धमाल्यं नरो लभते ॥ १९ ॥

**સ્નેહ:**—ચિત્તને પ્રસન્ન કરવાવાળું જે કંઇ સામાં મનુષ્યના અંગ પ્રત્યંગોમાં અને ગતિ, બોલી ઈત્યાદિમાં માલુમ પડે છે, તેને સ્નેહ કહે છે. અને સ્નેહાળ મનુષ્યો બહુધા સુખી થાય છે. આ સ્નેહ, ભાગ્યશાળી પુરુષોને જીભ, દાંત, ચામડી, આંખો, નખ અને વાળ એમ છ સ્થાનોમાં હોઈ, છ પ્રકારનો જોવામાં આવે છે. જેમની જીભમાં સ્નેહ હોય તેઓ પ્રિયભાષી હોય છે. દાંતમાં સ્નેહવાળા મિષ્ટ ભોજન કરનાર નિવડે છે. ચામડીમાં સ્નેહવાળો દાસી પુત્ર હોય છતાં ખુબ સુખ ભોગવે છે. જેની આંખોમાં સ્નેહ હોય છે, તે જનપ્રિય થાય છે. અને નખમાં સ્નેહવાળા ખુબ ધનવાન થાય છે, ને જનપ્રિય થાય છે. અને નખમાં સ્નેહવાળા ખુબ ધનવાન થાય છે. તેમજ કેશમાં સ્નેહવાળા બહુ પ્રકારના ભોગ ભોગવે છે. ૧૧ થી ૧૯

मंजिष्ठादीनामिव तुलया यत्तोलनं भवति पुंसाम् ॥
उन्मीयतेऽत्र नियतं तदुच्यते सद्भिरुन्मानम् ॥ २० ॥
यो ह्यर्द्धभारदेहः स विश्वम्भरेश्वरो भवति ॥
भारवपुर्यः पुनरिह जगति स कोटिध्वजो भवति ॥ २१ ॥
भारार्द्धं यस्याङ्गं स सुखाढ्यो भोगभाजनवान् ॥
भारार्द्धार्द्धतनुर्यः स दुर्गतो दुःखितः प्रायः ॥ २२ ॥
काष्ठेषु मणिषु वज्रेष्वाकरधातुषु तथान्यवस्तुषु च ॥
स्निग्धं यत्तद्गुरु यद्रूक्षं च लघु तद्वदिदम् ॥ २३ ॥

**ઉન્માન:**—જેવી રીતે ઈતર મજીઠ આદિ પદાર્થોનું તોલ કરવામાં આવે છે, તેવી જ રીતે મનુષ્યનું પણ તોલ કરવામાં આવે છે. અને તેના ઉપરથી પણ કેટલીક ભવિષ્યત્ વાતોનો નિશ્ચય થાય છે. આને ઉન્માન કહે છે. જેનું શરીર અઢી ભાર વજનનું હોય તે રાજા થાય છે. એક ભાર જેના શરીરનું વજન હોય તે કરોડપતિ થાય છે. અડધા ભારના શરીરવાળો સુખી અને ભોગી થાય છે. પા ભાર શરીરવાળો દરિદ્રી અને દુ:ખી થાય છે. પૂર્વાચાર્યો માને છે, કે લાકડાં, મણિ આદિ રત્નો, તેમજ ખાણમાંથી નિપજતી ધાતુઓ અને બીજી વસ્તુઓમાં જેમ તેમની અંતર્ગત ચિકણાઈના કારણે વજન હોય છે, તેમ મનુષ્યમાં પણ શરીરાન્તર્ગત તત્ત્વોના કારણે વજન રહે છે. જેમ વજન વધારે રહે છે, તેમ તે વધારે સુખી થાય છે. ૨૦ થી ૨૩

आपार्ष्णितलशिरोन्तं यदिह वपुर्मीयते प्रकर्षेण ॥
प्रवदन्ति तत्प्रमाणं केप्यायामं पुनः प्राहुः ॥ २४ ॥

शतमष्टभिः समधिकं ज्येष्ठः स्यान्मध्यमोपिषण्णवतिः ॥
चतुरधिकाशीतिरथांगुलानिदैर्ध्यात्पुमानधमः ॥ २५ ॥
दैर्ध्या गुल्फोपगता चतुरंगुलिका भवेदथो जंघा ॥
दैर्घ्ये चतुर्विंशतिरथोङ्गुलचतुष्टयं जानु ॥ २६ ॥
ऊरू जंघातुल्यौ बस्तिः स्याद्वादशांगुलायामा ॥
तदर्द्धमितं नाभियुतमुदरं च कुचसहितम् ॥ २७ ॥
चत्वारि ग्रीवा स्याच्चिबुककुचान्तमंगुलानि मुखंच ॥
द्वादश पुंसां भवतीत्यायामोष्टाधिकं शतकम् ॥ २८ ॥
एतदपि मतं केषामष्टोत्तरमुत्तमस्य भवति शतम् ॥
मध्यस्याष्टविहीनं ततो दशोनं जघन्यस्य ॥ २९ ॥
इदं मतमप्यन्यस्योत्तममुत्तमे नरे भवति ॥
मध्ये मध्यं हीने तदपि विहीनं परिज्ञेयम् ॥ ३० ॥
उत्तममध्यमहीनाः कालक्षेत्रानुमानतो ये स्युः ॥
निजपर्वांगुलिसंख्या नियतं तेषां विबोद्धव्या ॥ ३१ ॥
रामो दशरथसूनुर्बलिरपि विंशतिशतांगुलौ चैव ॥
पूर्वं मानाधिक्याद्वावपि पुनरेतौ दुःखितौ तदिह ॥ ३२ ॥

**પ્રમાણ**:—પગથી તે શિખા સુધીની ઉંચાઈને પ્રમાણ કહે છે. કેટલાક આને આયામ કહે છે. મનુષ્યની ઉંચાઈ ૧૦૮ આંગળની છે. (અર્થાત્ ૪ાા હાથ ઉંચાઈ છે.) અને આ ઉંચાઈનો પુરુષ શ્રેષ્ઠ છે, ૯૬ આંગળની ઉંચાઈનો મધ્યમ છે, અને ૮૪ આંગળની ઉંચાઈનો અધમ છે. પગતળીએથી ઘુંટનની ઉંચાઈ ૪ આંગળ, જાંઘ (પીંડીઓ)ની લંબાઈ ૨૪ આંગળ, ઢીંચણની લંબાઈ ૪ આંગળ, સાથળ ૨૪ આંગળ પેડું ૧૨ આંગળ, અને નાભિથી લઈ સ્તન પર્યન્તનું (પેટ સાથે) અંતર ૧૨ આંગળ, સ્તનથી ગળા સુધી ૧૨ આંગળ, ગળું ૪ આંગળ, અને હડપચીથી ઉપરનો મોઢાનો ભાગ ૧૨ આંગળ, આમ કુલ ૧૦૮ આંગળ ઉંચાઈ થાય છે. કેટલાક આચાર્યો માને છે, કે ૧૦૮ આંગળની ઉંચાઈ શ્રેષ્ઠ છે. અને ૧૦૦ની ઉંચાઈ મધ્યમ છે. જ્યારે ૯૦ આંગળની ઉંચાઈ અધમ છે અને શ્રેષ્ઠ ઉંચાઈવાળા શ્રેષ્ઠ, મધ્યમવાળા મધ્યમ તેમજ અધમવાળા અધમ થાય છે. આ બધી ઉંચાઈ દેશકાળને અનુસરીને હોય છે, અને

તેથી જે માણસને માપવો હોય તેના પોતાના આંગળથી ( આંગળના વેઢાની લંબાઇથી ) માપવો જોઈએ. દશરથના પુત્ર રામ તથા બલિરાજા એ બંને જણ ૧૨૦ આંગળની ઉંચાઈવાળા હતા. આથી તેઓ દુઃખી થયા, માટે ૧૦૮ થી વધારે ઉંચાઈનું ફળ સારૂં નથી હોતું. ૨૪ થી ૩૨

जलभृतकटाहमध्यासीनस्य चतुर्दिशं नरस्य बहिः ॥
पतति यदम्बुद्रोणं परिहाणत्वेन तन्मानम् ॥ ३३ ॥
मानोपेतशरीराश्चिरायुषः संपदान्विताः पुरुषाः ॥
तद्धीनाधिक्ययुताः पुनर्भजन्ते सदा दुःखम् ॥ ३४ ॥
यदि वा तिर्यग्मानं नरस्य पद्मासनोपविष्टस्य ॥
जानुयुगलबाह्यपक्षांतराश्रितं सोऽत्र परिणाहः ॥ ३५ ॥
आसनतो भालान्तं शरीरमध्ये तथोपविष्टस्य ॥
यन्मानं स्यादूर्ध्वं सचोच्छ्रयः कथ्यते सद्भिः ॥ ३६ ॥
यस्योच्छ्रयः समः स्यात्परिणाहेणोदितेन भाग्यवशात् ॥
नियतं जगति प्रायः स पुमान् पुरुषोत्तमो भवति ॥ ३७ ॥
अंगोपांगानामिह विस्तारायामपरिधिभेदेन ॥
मानं यथानुरूपं संक्षेपेण प्रवक्ष्यामि ॥ ३८ ॥
आपार्ष्णिज्येष्ठान्तं तलमत्र चतुर्दशांगुलायामम् ॥
विस्तारेण षडंगुलमंगुष्ठो द्व्यंगुलायामः ॥ ३९ ॥
पञ्चांगुलपरिणाहः पादान्तं तन्नखांगुलं दैर्घ्यात् ॥
अंगुष्ठसमा ज्येष्ठा मध्या तत्षोडशांशोना ॥ ४० ॥
अष्टांशोनानामा कनिष्ठिका षष्ठभागपरिहीना ॥
सर्वासामप्यासां नखाः स्वस्वपर्वत्रिभागमिता ॥ ४१ ॥
सत्र्यंगुलपरिणाहा प्रथमांगुलविस्तृतांगुली भवति ॥
अष्टाष्टभागहीनाः शेषाः क्रमशः परिज्ञेयाः ॥ ४२ ॥

जंघातः परिणाहो ध्रुवमष्टाधिकदशांगुलानि स्यात् ॥
विंशतिरेकोपगतो जानुर्द्वात्रिंशदूरुरपि ॥ ४३ ॥
अष्टादशांगुलमिता विस्तारा जायते कटिः ॥
पुंसां नाभेरन्तः परिधि षट्चत्वारिंशदंगुलतः ॥ ४४ ॥
पुंसां द्वादश कुचयोरभ्यन्तरमंगुलानि दैर्घ्येण ॥
उरसि च युगोपनिष्ठात्षडंगुलो भवति कक्षांतः ॥ ४५ ॥
विंशत्युरःस्थलं स्याद्विस्तारादंगुलानि चतुरधिकः ॥
पृष्ठ्या सह परिणाहे षडधिकं पंचाशदंगुलिकम् ॥ ४६ ॥
पर्व प्रथमं बाह्वोरष्टादशांगुलानि दैर्घ्येण ॥
षोडश पुनर्द्वितीयं सप्ततलं मध्यमांगुलिका ॥ ४७ ॥
इति समुदायेन भुजः षट्चत्वारिंशदंगुलानि स्यात् ॥
पञ्चांगुलविस्तारं पाणितलं शस्तरेखान्तम् ॥ ४८ ॥
मध्यांगुलीविहीना प्रदेशिनी भवति पर्वणार्द्धेन ॥
तत्समनामानामा कनिष्ठिका पर्वपरिहीना ॥ ४९ ॥
अंगुष्ठस्यायामोंगुलानि चत्वारि जायते पुंसाम् ॥
निजपर्वार्द्धपरिमिता भवन्ति सर्वेपि पाणिनखाः ॥ ५० ॥
ग्रीवायाः परिणाहोऽगुलानि चतुरधिकविंशतिः शस्तः ॥
नासापुटद्वयान्तर्विस्तारो द्व्यंगुलं मानम् ॥ ५१ ॥
आचिबुकपश्चिमकचप्रान्तं द्वात्रिंशदंगुलो मूर्द्धा ॥
कर्णद्वयस्य मध्ये पुनरष्टाधिकदशांगुलिकः ॥ ५२ ॥
पुंसामंगे मानं स्पष्टं शिष्टैः पुरा विनिर्दिष्टम् ॥
इह पुनरुपयोगाद्वै दिङ्मात्रमिदं मयाप्युक्तम् ॥ ५३ ॥
विंशतिवर्षा नारी स पंचविंशतिसमो नरो योग्यः ॥
जीवति तुर्यांशो वा मानोन्मानप्रमाणानाम् ॥ ५४ ॥

**માન:**—એક મોટા વાસણમાં છલોછલ પાણી ભરી તેમાં મનુષ્યને, ( કે જેની ઉંમર ૨૫ વર્ષની થઈ હોય તેને ) બેસાડવો. અને તેમ કરતાં વાસણમાંથી જેટલા દ્રોણ પાણી બહાર નીકળી જાય, તેટલો માનપ્રાપ્ત પુરુષ કહેવાય, (દ્રોણ એટલે દોઢ મણ. ) જેમનું શરીર માનપ્રાપ્ત હોય તેઓ સંપત્તિશાળી થાય છે. અને માનથી ઓછાવત્તા પ્રમાણવાળા દુ:ખ ભોગવે છે. મનુષ્યને પદ્માસનવાળી બેસાડવો, અને એક ઢીંચણથી બીજા ઢીંચણ સુધીની જે લંબાઈ તેનું નામ પરિણાહ. અને આસનથી ( જમીનથી ) કપાળના અંત ભાગ સુધી ( મસ્તક સુધી )ની જે ઉંચાઈ તેનું નામ ઉચ્છ્રાય. ભાગ્યવશાત્ જે મનુષ્યના પરિણાહ અને ઉચ્છ્રાય સરખા હોય તે ઉત્તમ પ્રકારનો પુરુષ છે. આવું કદાચિત જ બને છે. અંગ અને ઉપાંગનાં વિસ્તાર તથા ( લંબાઈ પહોળાઈ ) દ્વારા જે માન હોય છે. તે સંક્ષેપમાં હું કહીશ. પગના તળીઆની લંબાઈ ( એડીથી અંગુઠા સુધીની ) ૧૪ આંગળ અને પહોળાઈ ૬ આંગળ હોય છે. અંગુઠાની લંબાઈ ૨ આંગળ સુધી હોઈ શકે છે. અંગુઠાની જાડાઈ ( પરિધિ ) પાંચ આંગળ ( સુધીની ) હોય છે. પહેલી આંગળી અંગુઠા જેવડી, બીજી અંગુઠાથી એક ષોડશાંશ નાની, ત્રીજી $\frac{1}{8}$ નાની અને ચોથી $\frac{1}{8}$ નાની હોય છે. અને તે દરેક આંગળીઓના નખ તેમના પોતાના વેઢાના $\frac{1}{3}$ જેટલા હોય છે. પહેલી આંગળી ૩ આંગળના પરિણાહવાળી અને ૧ આંગળ વિસ્તારવાળી હોય છે. બીજી આંગળીઓ અનુક્રમે એક બીજાથી $\frac{1}{5}$ જેટલી નાની હોય છે. પ્રથમાંગુલીનો જે પરિણાહ બતાવ્યો, તે તેના આંગળ મુજબ હોય છે. જાંઘ ( પોંડીઓ )નો પરિણાહ ( સરાસરી પરિધિ ) ૧૮ આંગળ, ઢીંચણનો ૨૧ આંગળ, અને સાથળનો ૩૨ આંગળ હોય છે. સાથળના સાંધાથી નાભિપર્યંતની ઉંચાઈ ૧૮ આંગળ હોય છે. નાભિ આગળનો પરિણાહ ૪૬ આંગળ હોય છે. બે કુચ વચ્ચેનું અંતર ૧૨ આંગળ. અને છાતી ( બંને બગલ–સ્તનથી તિરછા સરખા ૬ આગળના અંતરે હોય છે. ત્યાં સુધી )ની પહોળાઈ ૨૪ આંગળ થાય છે. અને ત્યાં આગળનો પીઠ સાથેનો પરિધિ ૫૬ આંગળ થાય છે. ખભાથી લઈ કોણી પર્યંત ૧૮ આંગળ, કોણીથી પોંચા સુધી ૧૬ આંગળ, અને પોંચાથી મધ્યમા આંગળીના મૂળ સુધી છ આંગળ હોય છે. આમ કુલ હાથ ૪૧ આંગળનો હોય છે. હથેલી ૫ આંગળની હોય છે. મધ્યમા આંગળીના વેઢાના અર્ધા જેટલી ઓછી મધ્યમાથી તર્જની હોય છે. અનામિકા પણ તેવડી જ હોય છે. અને કનિષ્ઠિકા આખા વેઢા જેટલી ઓછી હોય છે. અંગુઠો ૪ આંગળનો હોય છે. દરેકના નખ પોતાના પર્વના $\frac{1}{3}$ જેટલા હોય છે. ગળાની પરિધિ ૨૪ આંગળ હોય છે. નાકની પહોળાઈ ૨ આંગળ હોય છે. હડપચીથી લઈ પાછળના ભાગના વાળના છેડા સુધીનું અંતર ૩૨ આંગળ હોય છે. અને તેટલું માથું કહેવાય છે. બે કાનના વચ્ચેનું અંતર ૧૮ આંગળનું હોય છે. આ પ્રમાણે પૂર્વાચાર્યોએ શરીરનું પ્રમાણ બતાવ્યું છે અને ઉપયોગી હોઈ પ્રસંગવશાત મેં પણ કહ્યું છે, આ પ્રમાણ ૨૦ વર્ષની સ્ત્રી તેમજ ૨૫ વર્ષના પુરુષને લાગુ પડે છે. અર્થાત્ તેટલી ઉંમરનાં સ્ત્રી પુરુષોનું માપ આટલું

હોઇ શકે. માન અને ઉન્માનના ? જેટલું આયુર્દા ઘણી વખત જોવામાં આવે છે. ૩૩ થી ૫૪

वर्षाणां शतमायुस्तस्यैवं दश दशा विभागेन ॥
क्षेत्राणि दश नराणां तदाश्रितं लक्षणं ज्ञेयम् ॥ ५५ ॥
आद्यं पादौ सगुल्फौ सजानु जंघाद्वयं द्वितीयं स्यात् ॥
ऊरू गुह्यं मुष्कत्रितयं क्षेत्रं तृतीयमिदम् ॥ ५६ ॥
नाभिः कटिश्चतुर्थं पंचममपि जायते पुनर्जठरम् ॥
षष्ठं स्तनान्वितमुरः सप्तममंसौ सजत्रुयुगौ ॥ ५७ ॥
ओष्ठौ ग्रीवाष्टममिह नवमं स्याद्भ्रूयुगं नयनयुगलम् ॥
सल्ललाटमुत्तमांगं दशमं लक्षणविदः प्राहुः ॥ ५८ ॥
क्षेत्रवशाज्जायन्ते मनुजानां जगति दश दशाः क्रमशः ॥
क्षेत्रेष्वशुभेष्वशुभा दशाः शुभेषु च शुभाः प्रायः ॥ ५९ ॥
बाल्यं वृद्धिरथ बलं धीत्वक्शुक्रविक्रमाः पुंसाम् ॥
दशकेन निवर्त्तन्ते चेतः कर्मेन्द्रियाणि तथा ॥ ६० ॥

ક્ષેત્રઃ—મનુષ્યનું પૂર્ણાયુઃ ૧૦૦ વર્ષનું માનવામાં આવેલું છે. અને તેના ૧૦ ભાગ પાડતાં શરીરના ૧૦ ભાગ પડે છે. અને તેટલાં ક્ષેત્રો કહેવામાં આવે છે. જેમકેઃ– પહેલો વિભાગઃ—પગના તળીઆથી ઘુટન સુધી. બીજો વિભાગઃ–જાંગ અને જાનુ ( પીંડીઓથી લઇ ઢીંચણ સુધી ) ત્રીજો વિભાગઃ–ઉરુ, ગુહ્યાંગ, અને વૃષણ સુધી. ચોથો વિભાગઃ–નાભિ સુધી કમરનો ભાગ. પાંચમો વિભાગઃ–પેટ. છઠ્ઠો વિભાગઃ–સ્તન સાથે છાતીનો ભાગ. સાતમો વિભાગઃ–ખભા ( હાંસડી સાથે ). આઠમો વિભાગઃ–ગળું, હોઠ સુધીનો ભાગ. નવમો વિભાગઃ–આંખો અને ભ્રમરો. દશમો વિભાગઃ–કપાળ અને માથું.

આ દસ ક્ષેત્રો ઉપરથી દસ પ્રકારની દશાઓ બને છે. જે ક્ષેત્ર અશુભ હોય તેની દશા અશુભ જાણવી. અને શુભ ક્ષેત્રની દશા પ્રાયઃ શુભ નીવડે છે. પ્રથમનાં દશ વર્ષો સુધીમાં બાલ્યાવસ્થાની, દસથી વીસ સુધીમાં વૃદ્ધિની, વીસથી ત્રીસ સુધીમાં બલની, ત્રીસથી ચાલીસ સુધીમાં બુદ્ધિની, ચાલીસથી પચાસ સુધીમાં ચામડીની, પચાસથી સાઠ સુધીમાં વીર્યની, સાઠથી સિત્તેર સુધીમાં પરાક્રમની, સિત્તેરથી એંસી સુધીમાં ચિત્તની, એંસીથી નેવુ સુધીમાં કર્મની અને નેવુથી સો સુધીમાં ઇન્દ્રિયોની નિવૃત્તિ થઈ જાય છે. ૫૫ થી ૬૦

क्षितिजलशिखिपवनांबरसुरनररक्षः पिशाचतिर्यग्भिः ॥
तुल्या प्रकृतिः पुंसां क्रमेण तल्लक्षणं ब्रूमः ॥ ६१ ॥
सुरभिः प्रसूनगंधः सुखवान्भोगी स्थिरः क्षितिप्रकृतिः ॥
प्रियवाग्घनाम्बुपायी नीरप्रकृतिर्नरो रसभुक् ॥ ६२ ॥
चपलः चण्डस्तीक्ष्णः क्षुद्वान् घनभोजनः शिखिप्रकृतिः ॥
चटुलः क्षामः क्षिप्रः सकोपनः स्यान्मरुत्प्रकृतिः ॥ ६३ ॥
विद्वान्सुस्वरकुशलो विवृताक्षः शिक्षितोम्बरप्रकृतिः ॥
त्यागरतिः सस्नेहः सुरस्वभावेन पृथुकोपः ॥ ६४ ॥
भूषणगीतप्रवणो नरः स्वभावेन संविभागी स्यात् ॥
दुर्जनचेष्टः पापो रक्षः प्रकृतिः खरक्रोधः ॥ ६५ ॥
भवति पिशाचप्रकृतिः स्थूलो मलिनश्चलः प्रलापी च ॥
क्षुद्रानुगतस्तिर्यक्प्रकृतिर्बहुभुग्भवेन्मनुजः ॥ ६६ ॥
इति दशविधा नराणां निर्दिष्टाः प्रकृतयो यथा दृष्टाः ॥
किञ्चिन्मिश्रकलक्षणमधुनावक्ष्याम्यतो लोके ॥ ६७ ॥

પ્રકૃતિ—પૃથ્વી, જલ, અગ્નિ, પવન, આકાશ, દેવ, મનુષ્ય, રાક્ષસ, પિશાચ અને તિર્યંચ ( ઢોર ઈત્યાદિ ) આ પ્રમાણે દસ પ્રકારની પ્રકૃતિ હોય છે. અને ક્રમથી તેનાં લક્ષણો કહીશ. જે મનુષ્યના શરીરમાંથી ચંદન અને પુષ્પો જેવી સુગંધી આવતી હોય, તેની પૃથ્વી પ્રકૃતિ સમજવી. અને પૃથ્વી પ્રકૃતિવાળા પ્રાયઃ સ્થિર-વૃત્તિવાળા, સુખી અને ભોગી હોય છે. જે મનુષ્યની વાણી મીઠી હોય, અને તેને જો પાણી વધારે પીવા જોઈતું હોય તો તેની પ્રકૃત્તિ જલની કહેવાય છે. જલની પ્રકૃત્તિવાળા મીઠા રસોને વધારે પસંદ કરે છે. તે વસ્તુ મેળવે પણ છે. જે મનુષ્યો અતિ ચપળ હોય છે, તીક્ષ્ણ સ્વભાવના, ભુખાળવા અને ઘણું ખાનાર હોય છે. તેઓ અગ્નિ--પ્રકૃતિવાળા હોય છે. ( ચપળતા સાથે તેઓ પ્રતાપી હોવા જોઇએ. ) મીઠું બોલનારો, સુક્કો, ઉતાવળો અને ક્રોધી હોય તે વાત પ્રકૃતિનો જાણવો. જે મનુષ્યો સ્વરકુશળ હોય છે ( ગાયકો તેમજ શબ્દના ગુણદોષને જાણવાવાળા ), અને ખીલેલી આંખોવાળા હોય છે, તેઓ આકાશપ્રકૃતિના સમજવા. આકાશ પ્રકૃતિવાળા વિદ્વાન્ અને શિક્ષિત થાય છે. જે મનુષ્યોમાં ત્યાગપ્રીતિ ( દાનશીલતા ) હોય છે, તેઓ દેવ-પ્રકૃતિના જાણવા, અને તે લોકો પ્રેમાળ, તેમજ ક્રોધી પણ હોય છે. ( તેમનો ક્રોધ

ક્ષણિક અને દ્વેષરહિત હોય છે. ) જે મનુષ્યો આભૂષણ, ગીત વગેરેમાં પ્રીતિ રાખનારા હોય, તેઓ મનુષ્યપ્રકૃતિવાળા યોજના કરવામાં કુશળ હોય છે. જે મનુષ્યો ખરાબ ચેષ્ટાવાળા અને ક્રોધી હોય છે, તેમને રાક્ષસપ્રકૃતિના સમજવા. અને તેઓ પાપી નિવડે છે. જે યદ્વાતદ્વા બકવા કરનારા અને જાડા હોય છે, તેઓ પિશાચ પ્રકૃતિના જાણવા. પિશાચ પ્રકૃતિવાળા, મેલા સ્વભાવના. અને ચલવૃત્તિવાળા હોય છે. અને જેઓ નીચ પુરુષોની સોબત કરનારા હોય છે, તેઓ તિર્યંચપ્રકૃતિના જાણવા. વળી તેઓ ખુબ ખાનારા હોય છે. અર્થાત્ તેઓ ઢોર જેવા સ્વભાવના જ હોય છે. આ પ્રમાણે દશ પ્રકારની પ્રકૃતિઓ જેમ પૂર્વાચાર્યોએ કહી છે, તેમ મેં પણ કહી. હવે મિશ્રકલક્ષણ કહીશ. ૬૧ થી ૬૭

विभवसमृद्धिपरत्वं व्यंजनलाभः प्रभुत्वमव्याजम् ॥
वयसि भवन्ति प्रथमे प्रायः स्वल्पायुषां पुंसाम् ॥ ६८ ॥
अंगानि धीपटुत्वं शक्तिर्दशनाः शनैर्विशीर्यंते ॥
निखिलेन्द्रियाणि येषां चिरायुषस्ते नरा ज्ञेयाः ॥ ६९ ॥
शुभलक्षणमंगेभ्यः सौन्दर्येणाधिकं मुखं यस्य ॥
स्वज्ञातिप्राधान्यं प्राप्नोति स धान्यधनवत्त्वम् ॥ ७० ॥
अतिकृष्णेष्वतिगौरेष्वतिपीनेष्वतिकृशेषु मनुजेषु ॥
अतिदीर्घेष्वतिलघुषु प्रायेण न विद्यते सत्यम् ॥ ७१ ॥
चपलः स्थूलो रूक्षः पुरुषो घनमांसलः शिरोविचितः ॥
स पुमान्वैतरणाख्यस्समुद्रमपि शोषयत्यखिलम् ॥ ७२ ॥
यस्य शरीरं पुष्टिं गृह्णात्यन्नेन येनकेनापि ॥
स नरो दुंदुबकाख्यः कलयति कल्याणवैराग्यम् ॥ ७३ ॥
सत्त्वं रजस्तमश्चेत्यमी नराणां त्रयो भवंति गुणाः ॥
क्वचिदेकः कुत्र द्वौ त्रयः समं क्वापि दृश्यन्ते ॥ ७४ ॥
यः सत्त्वगुणोपेतः स दयालुः सत्यवाक् स्थिरः सरलः ॥
देवगुरुभक्तियुक्तो व्यसनेभ्युदये च कृतधैर्य्यः ॥ ७५ ॥
काव्यकलासु प्रवणः कुलनारीकृतरतिस्सदा शूरः ॥
प्रायेणैवं सततं रजोधिकः कथ्यते स पुमान् ॥ ७६ ॥

मूर्खस्तमोन्वितः स्यान्निद्रां कुर्वंश्च सालसः क्रोधी ॥
एतैर्मिश्रैर्बहुशो भेदाश्चान्यैर्नृणां मिश्राः ॥ ७७ ॥

મિશ્રકલક્ષણ—જેઓને નાની ઉંમરમાં જ વૈભવ તથા સમૃદ્ધિની ખુબ ચાહના હોય, અને સત્તા તથા ખાનપાન આદિનું ખુબ સુખ મળે, તેઓ ઘણું ખરૂં અલ્પાયુષી હોય છે. જેમનાં અંગ, ચાલાકી, શક્તિ, આંખ તથા બીજી ઇન્દ્રિયો ધીમે ધીમે નાશ પામે તે દીર્ઘાયુ હોય છે. જેનું મુખ બીજા અંગો કરતાં સુંદરતામાં અને શુભ લક્ષણોમાં ચઢી જતું હોય, તેને ધન, ધાન્ય અને જ્ઞાતિમાં અગ્રપણું મળે છે. જેઓ બહુ કાળા હોય, બહુ ગોરા હોય, બહુ જાડા હોય, બહુ જ સુકા હોય, ખુબ લાંબા હોય અથવા ખુબ ઠીંગણા હોય તેઓમાં સત્ય હોતું નથી. જે ચપળ, જાડો, કાન્તિરહિત (લુખી ચામડીવાળો), ખુબ (માંસથી) ભરેલા શરીરવાળો અને નસો દેખાઈ આવતી હોય તેવો હોય, તેને વૈતરણુ સંજ્ઞા આપવામાં આવી છે. આ વૈતરણુ સંજ્ઞક પુરુષો લોભી અને અસંતોષી હોય છે. જેનું શરીર ગમે તે અન્ન ખાવાથી પણ પુષ્ટ થતું હોય, તે દુદુબક કહેવાય છે. અને તે કલ્યાણકારી તથા વૈરાગ્યવાળો થાય છે. સમસ્ત દુનિયામાં સત્વ, રજ અને તમઃ એ ત્રણ ગુણો જ જોવામાં આવે છે. કોઈનામાં એક તો કોઈનામાં બે, અથવા કોઈનામાં ત્રણે ભેગા જોવામાં આવે છે. અને તેમના ઓછાવત્તા પ્રમાણને અનુસરી મનુષ્યના ગુણો બંધાય છે. જે દયાળુ, સત્યવાદી, સ્થિરવૃત્તિનો અને સરલ હોય છે, તેમજ દેવગુરુની ભક્તિ કરનારો, અને સુખદુ:ખમાં સરખી બુદ્ધિ રાખનારો હોય છે, તેને સત્ત્વગુણી જાણવો. જે કાવ્યકલામાં પ્રવીણ, ખાનદાન સ્ત્રીઓને ચાહનાર અને શૂરો હોય છે, તે રજોગુણ ધરાવે છે, એમ સમજવું. અને તે ઉત્કર્ષને પ્રાપ્ત કરે છે. જે નિદ્રાળુ, આળસુ, ક્રોધી અને મૂર્ખ હોય છે, તે તમોગુણી જાણવો. તે ઘણું ખરૂં કોપને જ પ્રાપ્ત કરે છે. આ સત્ત્વ રજ અને તમોગુણના મિશ્રણપણાથી ઘણા ભેદ પડે છે. ૬૮ થી ૭૭

प्रायो रजोगुणः स्यात्प्राप्तोत्कर्षस्तमोगुणः कोपः ॥
पुंसां विशेषः पुराख्यास्यामो ह्यग्रतः सत्त्वम् ॥ ७८ ॥
देहस्थितेषु सततमशुभेषु शुभेषु लक्षणेषु नृणाम् ॥
ज्ञात्वानवरतभावं तत्फलमपि निर्दिशेत्प्राज्ञः ॥ ७९ ॥
बुद्धियुतो यो दीर्घो ह्रस्वो यो जायते नरो मूर्खः ॥
पिङ्गः शुचिः सुशीलः कालाक्षो यस्तदाश्चर्यम् ॥ ८० ॥
यद्दन्तुरोपि मूर्खो रोमयुतो जायते यदल्पायुः ॥
यन्निष्ठुरः स दीर्घस्तदद्भुतं जृम्भते भुवने ॥ ८१ ॥

न च दुर्भगः सुनेत्रः सुग्रीवो भारवाहको न स्यात् ॥
रूक्षो नास्ति सुभोगी परुषत्वङ् नास्ति सुखसहितः ॥ ८२ ॥
पृथुपाणिः पृथुपादः पृथुकर्णः पृथुशिराः पृथुस्कंधः ॥
पृथुवक्षाः पृथुजठरः पृथुभालः पूजितः पुरुषः ॥ ८३ ॥
रक्ताक्षं भजति श्रीः प्रलम्बबाहुं भजत्यधीशत्वम् ॥
पीनाङ्गं भजति कृषिर्मांसोपचितं च भजति सौभाग्यम् ॥ ८४ ॥
सुश्लिष्टसंधिबन्धो यः कश्चिन्मांसलो मृदुः स्निग्धः ॥
अतिसुंदरः प्रकृत्या स सुखाढ्यो जायते प्रायः ॥ ८५ ॥
स्निग्धतिला मशकं वा चिह्नं वा भवति किमपि चान्यत् ॥
पुंसां दक्षिणभागे तच्छुभमित्याह भोजनृपः ॥ ८६ ॥
नखशंखकेशरोमजिह्वालोचनास्यरदनेषु ॥
नास्ति स्नेहो येषामकारणं सत्त्वमिह तेषाम् ॥ ८७ ॥

જો કે શુભાશુભ લક્ષણોને આધારે શુભાશુભ ફલ કહેવામાં આવે છે. છતાંય તે લક્ષણોની પરીક્ષા વારંવાર કરી તેઓનું ફલ કહેવું, સહસા ફલ કહી નાખવું નહિ, કારણ કેટલીક વખત કુદરત આશ્ચર્યજનક ફલ પણ કરી નાખે છે. જેમકે ઘણા લંબુસો બુદ્ધિમાન હોય છે. ઘણા ઠીંગણાઓ મૂર્ખા પણ હોય છે. માંજરાઓ પવિત્ર હોય છે, અને કાળી આંખોવાળા ( ઘણી કાળી કીકીવાળા ) સચ્ચરિત્ર હોય છે. દાંતવાઓ મૂર્ખા હોય છે, અને રૂંવાટાંવાળા અલ્પાયુષી હોય છે. વળી જેઓ લંબુસ હોય છે, તેઓ કદાચિત્ કઠોર પણ હોય છે. આ બધું આશ્ચર્ય જેવું છે. કેમકે લક્ષણોનાં ફળ મુજબ તેમ ન થવું જોઈએ. પરંતુ આવું આશ્ચર્યજનક કેટલીક વખત આવી જાય, તેટલા ઉપરથી લક્ષણો અને તેમનું ફળ વ્યર્થ છે, એમ સમજવાનું નથી. કહેવાની મતલબ એટલી જ છે, કે સારી રીતે પરીક્ષા કર્યા બાદ ફળ કહેવું. સારી આંખોવાળા દુર્ભાગી હોતા નથી. સારી ગ્રીવાવાળા મજુર બનતા નથી. તેજહીન ચામડીવાળા ભોગ ભોગવી શકતા નથી. અને ખરબચડી ચામડીવાળા સુખ ભોગવી શકતા નથી. જેમનાં હાથ, પગ, કાન, માથું, ખભા, છાતી, જઠર અને કપાળ વિસ્તૃત હોય છે, તેઓ પૂજા કરવા લાયક છે. લાલ આંખોવાળા લક્ષ્મીવાળા થાય છે. લાંબા હાથવાળા અધિકારી બને છે. પુષ્ટ શરીરવાળા ખેડુત બને છે. અને માંસથી ભરેલા શરીરવાળા ભાગ્યશાળી નીવડે છે. જે મનુષ્ય સુંદર બાંધાનો, માંસલ, મૃદુ, તેજસ્વી,

અને સુંદર હોય છે તે પ્રાયઃ સુખી હોય છે. તલ અથવા મસ કે કોઈપણ ચિન્હ ( લાખું, લખણીયો વગેરે ) પુરુષના જમણા અંગે હોય તો શુભ ફળ આપનારાં સમજવાં. ડાબે અશુભ ફળ આપે છે. નખ, કાન, વાળ, રૂંવાટાં, જીભ, આંખ, મોં અને દાંતમાં જેમને સ્નેહ ( સુંવાળાપણું અને ચમકીલાપણું ) નથી, તેમનું પૃથ્વી પર હોવું નકામું છે. ૭૮ થી ૮૭

इह भवति सप्तरक्तः षडुन्नतः पंचसूक्ष्मदीर्घो यः ॥
त्रिविपुललघुगंभीरो द्वात्रिंशल्लक्षणः स पुमान् ॥ ८८ ॥
नखचरणपाणिरसनादशनच्छदतालुलोचनांतेषु ॥
स्याद्यो रक्त सप्तसु सप्तांगां स लभते लक्ष्मीम् ॥ ८९ ॥
षट्कं कक्षावक्षः कृकाटिका नासिकानखास्यमिति ॥
यस्येदमुन्नतं स्यादुन्नतयस्तस्य जायन्ते ॥ ९० ॥
दंतत्वक्केशांगुलिपर्वनखं चेति पंच सूक्ष्माणि ॥
धनलक्षणैरुपेता भवन्ति ते प्रायशः पुरुषाः ॥ ९१ ॥
नयनकुचौ रसनाहनुभुजमिति यस्य पंचकं दीर्घम् ॥
दीर्घायुर्वित्तकरः पराक्रमी जायते स नरः ॥ ९२ ॥
भालमुरोवदनमिति त्रितयं भूमीश्वरस्य विपुलं स्यात् ॥
ग्रीवाजंघामेहनमिति त्रिकं लघु महीशस्य ॥ ९३ ॥
यस्य स्वरोथ नाभिः सत्त्वमिदं च त्रयं गभीरं स्यात् ॥
सप्तांबुधिकांच्या हि भूमेः स करग्रहं कुरुते ॥ ९४ ॥
स्मरशास्त्रविनिर्दिष्टाः शशो वृषो हय इति त्रयो भेदाः ॥
जायन्ते मनुजानां क्रमेण तल्लक्षणं वयं ब्रूमः ॥ ९५ ॥
लिङ्गं षडंगुलानि स्यादष्टौ वा शशः स पुमान् ॥
नव दश चैकादश वा तदपि पुनर्यस्य स वृषाख्यः ॥ ९६ ॥
द्वादश वा लिंगं स्यात्त्रयोदशादीनि चांगुलानि भवेत् ॥
जातोद्भवस्य मानं हयाख्यया निगदितः सोऽपि ॥ ९७ ॥

रतिषु शशवृषहयानां सह भृत्यादिभिरकृत्रिमा प्रीतिः ॥
मेहनं वराङ्गनायोः परस्परेण प्रमाणैक्यात् ॥ ९८ ॥

अन्नं क्षुधि पानं तृषि पथि श्रमे वाहनं भवेद्रक्षा ॥
इति भवति यस्य समये धन्यं प्रवदंति तं संतः ॥ ९९ ॥

**મનુષ્યોનાં ૩૨ લક્ષણો**—નખ, પગ, હાથ, જીભ, ઓઠ, તાળવું અને આંખના ખુણા એ સાત લાલ હોવાં જોઈએ. કાખ, છાતી, ગળપચી, નાક, નખ અને મુખ એ છ ઉન્નત ( ઉંચાં આવેલાં ) જોઈએ. દાંત, ચામડી, વાળ, આંગળીના વેઢા અને નખ એ પાંચ સૂક્ષ્મ જોઈએ. આંખ, સ્તન, જીભ, દાઢી અને હાથ એ પાંચ દીર્ઘ જોઈએ. કપાળ, છાતી મોઢું એ ત્રણ વિશાળ ( પહોળાં ) જોઈએ. ગળું, જંઘા ( પીંડીઓ ) અને જનનેન્દ્રિય એ ત્રણ નાનાં જોઈએ. સ્વર, નાભિ અને સ્વર એ ત્રણ ગંભીર જોઈએ. આમ સાત લાલ, છ ઉન્નત, પાંચ સૂક્ષ્મ, પાંચ દીર્ઘ, ત્રણ વિપુલ ત્રણ લઘુ અને ત્રણ ગંભીર એમ ૭+૬+૫+૫+૩+૩+૩=૩૨ લક્ષણો ગણાય છે. જેમને આ ૩૨ લક્ષણો હોય, તેઓ મહાપરાક્રમી, ધનવાન અને સુખી થાય છે. પૃથક્ વિચાર કરતાં જેમને પહેલાં સાત લક્ષણો હોય તેઓ ધનવાન થાય છે. બીજાં છ હોય તેઓ ઉન્નતિ પ્રાપ્ત કરે છે. ત્રીજાં પાંચ હોય તેઓ ધનવાન થાય છે. ચોથાં પાંચ હોય તેઓ દીર્ઘાયુષી અને પરાક્રમી થાય છે. પાંચમા ત્રણ હોય તેઓ રાજા થાય છે. છઠ્ઠા ત્રણવાળા પણ રાજા થાય છે. અને સાતમા ત્રણ લક્ષણવાળો મહાયશસ્વી રાજા થાય છે. કામશાસ્ત્રમાં કહેલા શશ, વૃષ અને હય એમ મનુષ્યોના ત્રણ ભેદ થાય છે. તેમનાં લક્ષણ ક્રમથી અમે કહીએ છીએ. જેનું લિંગ છ આંગળનું હોય, અથવા આઠ આંગળનું હોય તે પુરુષ શશ કહેવાય, નવ, દશ કે અગીઆર આંગળનું લિંગ હોય તે વૃષ પુરુષ કહેવાય. જેનું લિંગ બાર કે તેર આંગળનું હોય તે હય જાતિનો પુરુષ કહેવાય છે. રતિક્રિયામાં શશ, વૃષ અને હય જાતિના પુરુષોને સરખા પ્રમાણનાં ગુહ્યાંગવાળી સ્ત્રી સાથે પછી તે નોકર ચાકર કે ગમે તે વર્ણની હોય છતાં પરમ પ્રીતિ થાય છે. જેમને ભૂખ લાગતાં અન્ન, તૃષા લાગતાં પાણી, મુસાફરીમાં વાહન અને પરિશ્રમમાં રક્ષા પ્રાપ્ત થતી હોય, તેઓ જ ભાગ્યશાળી ગણાય. ૯૮ થી ૯૯

**ઇતિ મહત્તમ શ્રી નૃસિંહના પુત્ર દુર્લભરાજે બનાવેલ સામુદ્રિકતિલક નામનો નરસ્ત્રીલક્ષણશાસ્ત્રનો બીજો શારીરાધિકાર સંપૂર્ણ.**

## અધિકાર ત્રીજો

अंगप्रत्यंगयुतं सकलं शारीरमिदमिति प्रोक्तम् ॥
आवर्तप्रभृतीनामनुक्रमाल्लक्षणं वयं ब्रूमः ॥ १ ॥
रोमत्वग्वालभवः स्यादावर्तः शुभस्त्रेधा ॥
शस्तो दक्षिणवलितः स्निग्धो व्यक्तः परो न शुभः ॥२॥
करतलपदश्रुतियुग्मे नाभौ वा त्वग्भवो नृणाम् ॥
सस्यादपरौ द्वावपि लक्षणविद्भिर्ज्ञेयौ यथास्थानम् ॥ ३ ॥
सव्यापसव्यभागे शिरसि स्याद्यस्य दक्षिणावर्तः ॥
श्वेतातपत्रलक्ष्मा लक्ष्मीः करवर्तिनी तस्य ॥ ४ ॥
रोमावर्तः स्निग्धो भ्रूयुगमध्ये प्रदक्षिणो व्यक्तः ॥
यस्योर्णाख्यः पूर्णः सोम्बुधिकांचेर्भुवो भर्ता ॥ ५ ॥
भुजयुग्मे यस्य स्यादावर्तं द्वितीयमंगदप्रतिमम् ॥
नियतं सोखिलभूमिं पुरुषो निजवाहनां वहति ॥ ६ ॥
यस्य करांभोजतले दक्षिणवलितो भवेदतिव्यक्तः ॥
परिचितशौचाचारो धर्मपरः स्यात्स वित्ताढ्यः ॥ ७ ॥
भाग्यवतां पंचांगुलिशिरःसु सौख्याय दक्षिणावर्तः ॥
प्रायः पुंसां वामावर्तो दुःखाय पुनरेषः ॥ ८ ॥
श्रुतियुगनाभ्यावर्ताः प्रदक्षिणाः श्रेयसे भवंति नृणाम् ॥
चूडावर्तोप्येकः श्रेष्ठतरो दक्षिणः शिरसि ॥ ९ ॥
शीर्षे वामे भागे वामावर्तो भवेत्स्फुटो यस्य ॥
स क्षुत्क्षामो भिक्षां रूक्षां निर्लक्षणो लभते ॥ १० ॥
वामो दक्षिणपार्श्वे प्रदक्षिणो वामपार्श्वके यस्य ॥
न तु तस्य चरमकाले भोगो नास्त्यत्र सन्देहः ॥११॥

अंतर्ललाटपट्टं व्यक्तावर्त्तो ललामवद्यस्य ॥
वामोऽथ दक्षिणो वा स्वल्पायुर्दुःखितश्च स्यात् ॥ १२ ॥
यस्यावर्तद्वितयं सुव्यक्तं भवति पादतलमध्ये ॥
नक्तंदिनमतिदीनो भूमिं स भ्रमति मतिहीनः ॥ १३ ॥

અંગ અને ઉપાંગ સહિત આખું શરીર મેં કહ્યું હવે આ વર્ત (ભમરીઓ) આદીનાં લક્ષણો અમે કહીશું. ભમરીઓ રૂંવાટાં, ચામડી અને વાળ એમ ત્રણ પ્રકારથી બને છે. આમાંથી જે કોઈ ભમરી દક્ષિણાવર્ત (જમણી બાજુ નમતી) હોય, સુંદર હોય અને સ્પષ્ટ હોય તે સારી. ડાબી ખોટી જાણવી. આમાંથી ચામડીથી થનારી ભમરીઓ હથેલીમાં (આંગળીઓના ટેરવે પણ, જેને સામાન્ય લોકવ્યવહારમાં ચક્ર કહ્યા કરે છે), પગના તળીએ, કાન ઉપર અને નાભિમાં થાય છે. અને રૂંવાટાથી થનારી ભમરીઓ હાથપગ તથા વાંસામાં અને વાળથી થનાર માથામાં થાય છે. જેના માથામાં ડાબા અને જમણા બંને પડખે, જમણી ભમરીઓ હોય તે ખુબ ધનવાન થાય છે. જેની ભ્રમરો વચ્ચે સુંદર ભમરી (રૂંવાટાથી બનતી) જમણી બાજુની હોય તે રાજા થાય છે. જેના બંને હાથ ઉપર બીજુ અંગદ (હાથનુ ઘરેણું) ન હોય તેમ ભમરીઓ હોય તે જરૂર જમીનદાર થાય છે. જેના કરતલમાં (હથેળીમાં) સાફ જમણી ભમરી હોય તે શુદ્ધ આચારવાળો, ધનવાન અને ધાર્મિક માણસ થાય છે. ભાગ્યશાળી માણસોની પાંચે આંગળીઓના ટેરવે જમણી ભમરીઓ હોય છે. અને દુર્ભાગી માણસોને ડાબી હોય છે. નાભિ ઉપર તેમ જ કાન ઉપર પડનારી જમણી ભમરીઓ પણ શુભ ફળ આપે છે. માથામાં એકજ સુંદર જમણી ભમરી (મસ્તિષ્કના મધ્યભાગે) પડતી હોય, તે પણ શુભ ફળ આપે છે. જેના માથામાં ડાબી બાજુ સ્પષ્ટ ડાબી ભમરી હોય, તે ઘણો દુઃખી થાય છે. અને ભીખ માંગતાં પણ તેને સારી ભીખ મળતી નથી. ડાબી બાજુએ જમણી અને જમણી બાજુએ ડાબી ભમરીઓ જેને હોય તેની પાછલી અવસ્થા ભોગરહિત થાય છે, એમાં સંદેહ નથી. જેના કપાળ વચ્ચે ભમરી હોય (પછી ભલે તે ડાબી હોય કે જમણી હોય) તે અલ્પાયુ અને દુઃખી થાય છે. જેના પગમાં બે ભમરીઓ સ્પષ્ટ દેખાતી હોય તે ઘણો જ દરિદ્ર અને જડમતિ હોઈ રાત્રિદિવસ ભટકયા કરે છે. ૧ થી ૧૩

सुखसंचरितपादा मयूरमार्जारसिंहगतितुल्या ॥
दीर्घक्रमा सुलीला भाग्यवतां स्याद्गतिः सुभगा ॥ १४ ॥
गतिभिर्भवन्ति तुल्या ये च समा द्विरदनकुलहंसानाम् ॥
वृषभस्यापि नरास्ते सततं धर्मार्थकामपराः ॥ १५ ॥

गोमायुकरभरासभकृकलासशशकभेकमृगैः ॥
येषां गतिः समाना ते गतसुखराजसन्मानाः ॥ १६ ॥
विषमा विकटा मंदा लघुक्रमा चंचला द्रुता स्तब्धा ॥
आभ्यंतराऽथ बाह्या लग्नपदा वा गतिर्न शुभा ॥ १७ ॥
धनिनां गमनं स्तिमितं समाहितं शब्दहीनमस्तब्धम् ॥
ह्रस्वप्लुतानुविद्धं विलम्बितं स्याद्दरिद्राणाम् ॥ १८ ॥

**ગતિઃ**—જે માણસોની ચાલ મોર, બીલાડો અને સિંહની માફક હોય, ક્રમવાર સુખપૂર્વક ફાળ ભરતી તાલબદ્ધ હોય, તે ભાગ્યશાળી થાય છે. જે પુરુષો હાથી, નોળીયો અને હંસની માફક ચાલે છે, અથવા આખલાની માફક ચાલે છે, તે નિરંતર ધર્મ, અર્થ અને કામની સાધના કર્યા કરે છે. જે પુરુષો શિયાળ, ઊંટ, ગધેડા, કાચંડો, સસલો, દેડકો અને હરણની માફક ચાલે છે, તે સુખ અને માનથી રહિત હોય છે. અસ્તવ્યસ્ત, ઉંચી નીચી, ધીમી, ટુંકા ડગલાંવાળી, ચંચલ, ઘણી ઉતાવળી, જડ જેવી, પગ અથડાતી અથવા પહોળા પગ રાખી ચલાતી અથવા પગ એક બીજાને ઘસાતા હોય તેવી ચાલ સારી ગણાતી નથી. ધનવાન પુરુષોની ચાલ એક સરખી, અવાજ વગરની, નિયમિત પગલાં પાડતી અને બરાબર પગલાં જમાવતી હોય છે. જ્યારે દરિદ્ર પુરુષોની ચાલ ઢંગધડા વગરની, વચ્ચે વચ્ચે રોકાઈ જતી, અને ઘડીમાં વધતી તો ઘડીકમાં ટુંકી થતી હોય છે. ૧૬ થી ૧૮

छादयति नरस्याङ्गे लक्षणमत्यन्ततो नरश्छाया ॥
सा पार्थिवी तथाऽप्या ज्वलनभवा वायवी व्योम्नी ॥ १९ ॥
भवति शुभाशुभफलदा निजतेजस्तन्वती बहिर्देहात् ॥
विमलस्फटिकघटान्तर्विलसति सा दीपकलिकेव ॥ २० ॥
स्निग्धद्विजनखलोमत्वक्केशा पार्थिवी स्थिरा रेखा ॥
नयनहृदयाभिरामा दत्ते धनधर्मसुखभोगान् ॥ २१ ॥
आप्याऽभिनवाम्भोदप्रच्छन्नजलसन्निभा छाया ॥
सर्वार्थसिद्धिजननी जनयति सौभाग्यमिह पुंसाम् ॥ २२ ॥
ज्वलनप्रभा च बालार्कप्रवालकनकाग्निपद्मरागनिभा ॥
पौरुषपराक्रमैर्वा जयमर्थं तनुभृतां तनुते ॥ २३ ॥

रूक्षा मलिना दीना चला खला मारुती भवेच्छाया ॥
वधबंधबंधनपरा वित्तविनाशं नृणां कुरुते ॥ २४ ॥
स्वच्छा स्फाटिकमणिनिभा प्रोद्दामा देहिनामिह व्योम्नी ॥
प्रायः श्रेयोनिधिसुखधनसुतसौभाग्यदा पुंसाम् ॥ २५ ॥
अर्काच्युतेन्द्रयमशशिप्रतीकाशा लक्षणैस्तु फलैः ॥
अन्याः पंच पुनस्ताः प्रवदंत्यपरे समसंपदो नैतत् ॥ २६ ॥

છાયા ( કાન્તિ ):—પુરુષના ઉપર પાર્થિવ, જલમયી આગ્નેયી, વાયવી અને આકાશીય એમ પાંચ પ્રકારની છાયા પડે છે, અને તે બીજાં લક્ષણોને દબાવી દે છે. આ છાયા દેહની ઉપર પોતાનું તેજ બતાવતી, નીતરેલા મેઘથી આચ્છાદિત આકાશને લઇ છવાએલા અંધકારમાં દીપકલિકાની માફક માલુમ પડી આવે છે, અને શુભાશુભ ફળને આપે છે. જ્યારે મનુષ્યના દાંત, નખ, રૂંવાટાં, ચામડી અને વાળ સુંદર ચમકીલાં દેખાતાં હોય, અને રેખાઓ સાફ માલુમ પડી આવતી હોય ત્યારે પાર્થિવ છાયા છે, એમ સમજવું. અને જ્યારે પાર્થિવ છાયા હોય ત્યારે ધન, ધર્મ, સુખ અને ભોગવૈભવ આપે છે. જ્યારે નવા મેઘના જલની માફક તેજવાળી કાંતિ છવાએલી માલુમ પડે ત્યારે તે જલમયી છાયા છે, એમ સમજવું. જલમયી છાયા દરેક કાર્યમાં સિદ્ધિ આપનારી અને ભાગ્યને ઉત્પન્ન કરનારી છે. જ્યારે પ્રાતઃકાલના સૂર્યના જેવી અથવા પ્રવાલ, સુવર્ણ અને પોખરાજના જેવી કાંતિ ઝળહળતી હોય ત્યારે તે આગ્નેયી છાયા છે, એમ સમજવું. આગ્નેયી છાયા હોય ત્યારે પુરુષાર્થ અને પરાક્રમથી જય અને ધનનો લાભ થાય છે. જ્યારે ફીકી ( લુખી ) મલીન, દીન, ચલ, શાઠ્યતાવાળી, છાયા દેખાતી હોય ત્યારે તેને વાયવી છાયા સમજવી. વાયવી છાયા બંધન કરાવે છે, અને ધનનો નાશ કરે છે. જ્યારે સ્ફટિકની માફક ઉદ્દામ સ્વચ્છ છાયા માલુમ પડતી હોય, ત્યારે તે આકાશીય છાયા છે, એમ જાણવું. અને જ્યારે આકાશીય છાયા હોય ત્યારે ધન, ધાન્ય, સુખ, સંતાન અને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. આ પાંચ છાયાઓ સૂર્ય, વિષ્ણુ, ઇન્દ્ર, યમ અને ચંદ્રના જેવી લક્ષણો વડે કેટલાક કહે છે. અને તેવી છાયાવાળાને તે દેવતા જેટલું સુખ મળે એમ કહે છે. પણ તેમ બનવું અશક્ય હોઈ ( મેં ) જુદું જુદું ફળ કહ્યું છે. ૧૯ થી ૨૬

स्निग्धः स्वरोऽनुमोदी निर्हादी खंडितः कलो मन्द्रः ॥
तारः स्वरश्च विपुलो पुंसां संपत्करः सततम् ॥ २७ ॥
दुंदुभिवृषभाम्बुदमृदंगशिखिशंबररथांगैः स्यात् ॥
यस्य स्वरः समानः स भूपतिर्भवति भोगाढ्यः ॥ २८ ॥

भिन्नः क्षीणः क्षामो विकुष्टो गद्गदस्वरो दीनः ॥
रूक्षो जर्जरितोपि च निःस्वानां निस्वनः प्रायः ॥ २९ ॥
वृककाकोलूकप्लवगोष्ट्रकोष्टुरासभवराहैः ॥
तुल्यः स्वरो न शस्तो विशेषतो हि स्वरो दुष्टः ॥ ३० ॥

**સ્વર** (અવાજ):—જે માણુસનો અવાજ સ્નિગ્ધ, આનંદદાયક, આનંદપૂર્વક ઉચ્ચારાએલ, સારસના કૂજન જેવો, મૃદંગના ધ્વનિ જેવો, ઉચ્ચ અને વિપુલ હોય છે તે સંપત્તિ મેળવે છે. જેમનો અવાજ નગારાના અવાજ જેવો, સાંઢ, મૃદંગ, મોર, મૃગ, અને ચકલા જેવો હોય છે, તેઓ પણ ભોગવિલાસથી યુક્ત રાજા જેવા થાય છે. જેમનો અવાજ ઘડી ઘડીમાં બદલાતો, ઝીણો, સંકુચિત, ખેંચાએલો, ગદ્ગદતા બતાવનાર, દીન, કઠોર અને જર્જરિત હોય તે ઘણુંખરૂં દરિદ્ર હોય છે. જેમનો અવાજ વરૂ, કાગડો, ઘૂવડ, વાંદરો, ઊંટ, શિયાળ, ગધેડો અને ભૂંડના જેવો હોય તે માણુસો દુષ્ટ હોય છે. આ અવાજ કદાપિ સારો ગણાતો નથી. ૨૭ થી ૩૦

गंधो भुवि नराणां प्रजायते नासिकेन्द्रियग्राह्यः ॥
श्वासः स्वेदादिभवो ज्ञेयः स शुभाशुभो द्विविधः ॥ ३१ ॥
कर्पूरागुरुमलयजमृगमदजातीतमालदलगन्धाः ॥
द्विपमदगंधा भूमौ पुरुषाः स्युर्भोगिनः प्रायः ॥ ३२ ॥
मत्स्याण्डपूतिशोणितनिम्बवसाकाकनीडबकगन्धाः ॥
दुर्गन्धाश्च नरास्ते दुर्भगतानिः स्वताभाजः ॥ ३३ ॥

**ગંધ**:—મનુષ્યનો શ્વાસ અને પરસેવો એ બે કારણોથી તેના શરીરમાંથી સારો કે ખોટો બે પ્રકારનો ગંધ નીકળે છે. જો કપુર, અગરૂ, ચંદન, કસ્તૂરી, જાયફળ કે તમાલ જેવી અથવા હાથીના મદ જેવી સુગંધી નીકળતી હોય, તો તે મોટે ભાગે ભોગી પુરુષ છે, એમ જાણવું. અને જો માછલી, ઈંડાં, ઉકરડો, લોહી, લીમડો, ચરબી, કાગડાનો માળો અથવા બગલાના જેવી દુર્ગંધ નીકળતી હોય તો સમજવું કે તે દરિદ્ર થવા માટે જન્મેલો છે. ૩૧ થી ૩૩

गौरः श्यामः कृष्णो वर्णः संभवति देहिनां त्रेधा ॥
आद्यौ द्वावपि शस्तौ शुभो न कृष्णो न संकीर्णः ॥ ३४ ॥
पङ्कजकिञ्जल्कनिभो गौरश्यामः प्रियंगुकुसुमसमः ॥
कृष्णस्तु कज्जलाभः स्निग्धः शुद्धोऽपि नो शस्तः ॥ ३५ ॥

વર્ણ:—ગૌર, શ્યામ અને કૃષ્ણ એમ ત્રણ પ્રકારના રંગ મનુષ્યોના હોય છે. આમાંથી પહેલા બે ( ગૌર અને શ્યામ ) શ્રેષ્ઠ છે. કૃષ્ણ ખરાબ છે. તેમજ મિશ્ર રંગ હોય તે પણ સારો ગણાતો નથી. જે રંગ કમળની પાંખડીઓની વચ્ચે રહેલા બીજ-કોશ ( કિંજલ્ક )ના જેવો હોય તે ગૌર કહેવાય. પ્રિયંગુ ( ધાવડી )નાં ફૂલ જેવો હોય તે શ્યામ કહેવાય. અને કાજળ જેવો હોય તે કાળો કહેવાય. કાળો રંગ શુદ્ધ અને ચમકતો હોય તો પણ સારો નથી. ૩૪–૩૫

व्यसने वाभ्युदये वा गतशंकाशोकमुकुलितोत्साहम् ॥
उन्मीलनधीरत्वं गंभीरमिह कीर्त्यते सत्त्वम् ॥३६॥
एकमपि सत्त्वमेतैः सर्वाणि संति लक्षणैस्तुल्यम् ॥
यस्मिन्कपिमनुजानां न कदाचन दुर्लभा लक्ष्मीः ॥३७॥
त्वचि भोगा मांसे सुखमास्थिषु धनमीक्षणेषु सौभाग्यम् ॥
यानं गतौ स्वरे स्यादाज्ञा सत्त्वे पुनः सर्वम् ॥३८॥
सौभाग्यमिव स्त्रीणां पुरुषाणां भूषणं भवति सत्त्वम् ॥
तेन विहीना भुवने भजन्ति परिभवपदं प्रायः ॥३९॥
वर्णः शुभो गतेः स्याद्वर्णादपि शुभतरः स्वरः पुंसाम् ॥
अतिशुभतमं स्वरादपि सत्त्वं सत्त्वाधिका धन्याः ॥४०॥
वक्त्रानुगतं रूपं रूपानुगतं नृणां भवति वित्तम् ॥
वित्तानुगतं सत्त्वं सत्त्वानुगता गुणाः प्रायः ॥४१॥
इह सत्त्वमेव मुख्यं निखिलेष्वपि लक्षणेषु मनुजानाम् ॥
सद्भावो भवति पुनाश्रिता शाम्यं समुपयाति ॥४२॥
नापि तु येषां नमनं मनो विकारं कथंचनाभ्येति ॥
आपद्यति संपद्यपि ते सत्त्वविभूषिताः पुरुषाः ॥४३॥
शुभलक्षणमप्येवं बाह्यं न विलोक्यते स्फुटं यस्य ॥
अपि दृश्यते पुनः श्रीस्तस्य तदाऽध्रुवेतिसत्यम् ॥४४॥
स्थूलैस्तनुभिः परुषैर्मृदुभिः स्वल्पैरथायतैरंगैः ॥
यः सत्त्ववान्स पूज्यस्तत्सकलं गुणाधिकं सत्त्वम् ॥४५॥

शुभलक्षणमंगं यदि सुपूजितः स्यान्नरस्य सत्त्ववतः ॥
तदुभयसंपर्कादिह सौभाग्ये मंजरीभेदः ॥४६॥

**સત્વ** ( પ્રભાવ ):—ઉન્નતિમાં કે અવનતિમાં જેનાથી શંકા કે શોક થતાં નથી, અને સદાકાળ ઉત્સાહ ખીલેલો જ રહે છે, સ્પષ્ટતા ( નિઃસંકોચ, નિર્ભયવર્તાવ ) ધીરજ અને ગંભીરાઈ રહે છે, તેનું નામ સત્વ છે. આ સત્વ એક એવી ચીજ છે કે જે બધાં લક્ષણોની સાથે સરસાઈ કરી શકે છે. અને જેના હોવાથી મનુષ્ય લક્ષ્મીથી વંચિત રહી શકતો નથી. જ્યારે ચામડીથી કેવલ ભોગ, માંસથી સુખ, હાડકાંથી ધન, દૃષ્ટિથી સૌભાગ્ય, ગતિથી વાહન અને સ્વરથી આજ્ઞા સંબંધી જ્ઞાન મેળવી શકાય છે. ત્યારે સત્વથી બધું જ જાણી શકાય છે. જેવું સ્ત્રીઓને સૌભાગ્ય છે, તેવું પુરુષોને સત્વ છે સત્વ વગરના પ્રાયઃ પરાભવ પામે છે. ગતિથી રંગ અને રંગથી સ્વર ચઢીયાતાં છે. જ્યારે સત્વ તો સ્વરથી પણ ચઢીયાતું છે. ઘણું જ ચઢીયાતું છે, માટે જેમનામાં સત્વનો વધારો છે, તે પુરુષો ધન્યવાદને પાત્ર છે. માણસનું રૂપ મોઢાના આકાર ઉપર નિર્ભર છે, અને રૂપને અનુરૂપ ધન મળે છે. ધનને અનુરૂપ ગુણ હોય છે, અને સત્વ ગુણોને અનુરૂપ હોય છે. આ આખા લક્ષણશાસ્ત્રમાં બધાં લક્ષણો કરતાં સત્વ ઉત્તમ છે. જેના હોવાથી મનુષ્યને કશાની ચિંતા કરવી પડતી નથી. સત્વવાળા પુરુષોને આપત્તિમાં કે સંપત્તિમાં કોઈને નમન કરવાનું રહેતું નથી, મન વિકૃત થતું નથી, અને તેઓ સદાકાળ એક સરખા રહે છે. જેનામાં સત્વ ન દેખાતું હોય, તે ધનવાન હોય છતાં જાણવું કે તેની લક્ષ્મી ટકી શકવાની નથી. શરીર ચાહે જાડું, પાતળું, ખરબચડું કે કોમળ હોય અને અંગ પ્રત્યંગ ભલે બરાબર હોય કે ટુંકાં મોટાં ઓછાં કે વત્તાં હોય પરંતુ જેનામાં સત્ત્વ છે, તે સદાકાળ પૂજાય છે. અને તેથી જો અંગમાં શુભલક્ષણ હોય અને સત્ત્વ હોય તો ભાગ્યરૂપી આંબાને માંજર ફૂટયા જેવું થાય. અર્થાત્ અત્યુત્તમ ગણાય. ૩૬ થી ૪૬

**ઇતિ શ્રી મહત્તમ નૃસિંહના પુત્ર દુર્લભરાજે બનાવેલા સામુદ્રિક-તિલક નામના નરસ્ત્રીલક્ષણશાસ્ત્રનો આવર્તાદિ ફલકથન નામનો ત્રીજો અધિકાર સંપૂર્ણ**

---

# અધિકાર ચોથો

संस्थानवर्णगंधावर्ताः सत्त्वं स्वरो गतिश्छाया ॥
तन्नरवन्नारीणामिति लक्षणमष्टधा भवति ॥ १ ॥

इह देहसन्निवेशः संस्थानं तस्य लक्षणमिदानीम् ॥
आपादतलशिरोन्तं जातस्य शुभाशुभं फलं वक्ष्ये ॥ २ ॥
प्रथमं पादस्य तले रेखाश्चक्रादयस्ततोंगुष्ठः ॥
अंगुल्यस्तदनु नखाः पृष्ठं गुल्फद्वयं पार्ष्णिः ॥ ३ ॥
जंघाद्वयं रोमाणि जानूरूचूचुकगंडयुगलमथो ॥
कटिरथ नितंबबिम्बः स्फिचौ भगं जघनमथ बस्तिः ॥ ४ ॥
नाभिः कुक्षिद्वितयं ततश्च पार्श्वद्वयं तथा जठरम् ॥
मध्यं त्रिवलीरोमावलिसहितं हृदयमथ वक्षः ॥ ५ ॥
उरसिजजत्रुयुगलं तदनु स्कन्धयोर्युग्मम् ॥
अंसद्वयमथ कक्षाद्वितयं भुजयोस्तथा द्वन्द्वम् ॥ ६ ॥
मणिबंधपाणियुगलं तस्य च पृष्ठं तलं ततो रेखा ॥
अंगुष्ठोंगुलयो नखलक्षणमथवानुपूर्विकया वक्ष्ये ॥ ७ ॥
कृकाटिकाऽथ कंठश्चिबुकं कपोलयुगलं च ॥
वक्त्रमधरोत्तरोष्ठौ दंता जिह्वा ततश्च तालु ॥ ८ ॥
घंटी हसितं नासा क्षुतमक्षिद्वितयमथ च पक्ष्माणि ॥
भ्रूकर्णयुगलललाटं सीमंतं शीर्षमथ केशाः ॥ ९ ॥

દેહ, વર્ણ, ગંધ, આવર્ત, સત્ત્વ, સ્વર, ગતિ અને છાયા એ પ્રમાણે પુરુષોની માફક સ્ત્રીઓનું લક્ષણ ( સામુદ્રિક ) આઠ પ્રકારનું છે. સર્વ પ્રથમ દેહનો સંનિવેશ અને સંસ્થાન તથા તેનાં પગથી લઈ માથા પર્યન્તના હરેક અવયવોનું શુભાશુભ કહીશ. પ્રથમ પગના તળીયામાં રેખા, ચક્રઆદિ ત્યારપછી અંગુઠો, આંગળીઓ, નખ, પીઠ, ઘુંટીઓ, એડી, જાંઘ, રોમ, ઢીંચણ, સાથળ, સ્તનના ચૂચુક, ગંડસ્થલ, કમર, નિતંબ, થાપા, યોનિ, પેડું, બસ્તિ, નાભિ, કુખો, પડખાં, જઠર, પેટ, વલ્લી, રોમાવલી, હૃદય, વક્ષઃસ્થલ, સ્તન, હાંસડી, ખભા, ખભાના અગ્ર, બગલ, બાહુ, મણિબંધ, હસ્ત, હથેલી, હથેલીની પીઠ, હસ્તરેખાઓ, અંગુઠા, આંગળીઓ અને નખનાં લક્ષણ અનુક્રમે કહીશ. ગરદન, ગળું, ચિબુક, કપોલ, મોં, અધરોષ્ઠ, ઓઠ ( ઉપરનો ) દાંત, જીભ, તાળવું, હૈડીઓ, નાસિકા, છિંક, આંખો, પાંપણો, ભ્રમરો, કાન, લલાટ, સેંથો, માથું અને વાળ આ પ્રમાણે હરેકનું વર્ણન કરીશ. ૧ થી ૯

पादतलमुष्णमरुणं समांसलं मृदु समं स्निग्धम् ॥
सुप्रतिष्ठितं यासां स्त्रीणां भोगप्रतिष्ठायै ॥ १० ॥
रूक्षं खरं विवर्णं चरणतलं भवति भोगनाशाय ॥
असितं दौर्भाग्याय श्वेतं दुःखाय योषाणाम् ॥ ११ ॥
शूर्पाकृतिभिः श्वेतैः कुटिलैः स्युर्दुर्भगाश्चरणतलैः ॥
शुष्कैर्निःस्वा विषमैः शोकजुषो दुःखिताऽमृदुभिः ॥ १२ ॥
चक्रस्वस्तिकशंखध्वजांकुशच्छत्रमीनमकराद्याः ॥
जायन्ते पादतले यस्याः सा राजपत्नी स्यात् ॥ १३ ॥
चक्रादिचिन्हमध्ये स्यादेकं द्वे बहूनि वा यासाम् ॥
ऐश्वर्यसौख्यमपि वा तासां तदनुमानेन ॥ १४ ॥
ऊर्ध्वा रेखांघ्रितले यावन्मध्यांगुलिगता यस्याः ॥
सा लभते पतिमाढ्यं प्रिया पुनर्भवति तस्यापि ॥ १५ ॥
श्वशृगालमहिषमूषककाकोलूकाहिकोककरभाद्याः ॥
चरणतले जायन्ते यस्याः सा दुःखमाप्नोति ॥ १६ ॥

પગઃ—સ્ત્રીઓનાં પગનાં તળીઆં ઉષ્ણુ, લાલ, માંસલ, મૃદુ, સમાન અને કાન્તિયુક્ત હોય તો તે વૈભવ તથા પ્રતિષ્ઠાને આપનાર નીવડે છે. જો પગના તળીઆનો રંગ લુખ્ખો હોય, દેખાવ ખરબચડો લાગતો હોય, તો વૈભવનો નાશ થાય છે. કાળો રંગ હોય તો દારિદ્ર અને ધોળું તળીયું હોય તો દુઃખ થાય છે. સુપડાના જેવા આકારનું, ધોળું વાંકુંચુંકું પગનું તળીયું હોય તો સ્ત્રી દુશ્ચરિત્રા થાય છે. સુકકું હોય તો નિર્ધન, વિષમ હોય તો શોક ભોગવનારી, અને કઠોર તળીયું હોય તો દુઃખી થાય છે. જે સ્ત્રીના પગની અંદર ચક્ર, સ્વસ્તિક, શંખ, ધજા, અંકુશ, છત્ર, માછલી, મગર ઈત્યાદિ ચિન્હો હોય છે, તે મહારાણી થાય છે. આ ચક્રાદિ ચિન્હો પૈકી જેટલાં પડયાં હોય, તે ઉપરથી અનુમાન કરી ફલની ઓછા વત્તાની કલ્પના કરવી. જે સ્ત્રીના પગની અંદર ઉર્ધ્વ રેખા હોય, તે સ્ત્રી ધનવાન પતિની પત્ની બને છે. અને પતિને પ્રિય થાય છે. જે સ્ત્રીનાં પગલાં કુતરાં, શીયાળ, પાડા, ઉંદર, કાગડા ઘુવડ, સાપ, વરૂ અને ઊંટની માફક પડતાં હોય તે મોટે ભાગે દુઃખી થાય છે. ૧૦ થી ૧૬

मांसोपचितोंगुष्ठः समुन्नतो वर्तुलः शुभो यः स्यात् ॥
ह्रस्वश्चिपिटो वक्रः कुलक्षयाय ध्रुवं स्त्रीणाम् ॥ १७ ॥
वैधव्यं विपुलेन द्वेष्यत्वं स्वल्पवर्त्तुले स्त्रीणाम् ॥
रमणाद्दतायमाना पुनरंगुष्ठेनातिदीर्घेण ॥ १८ ॥

અંગુઠેઃ—પગનો અંગુઠો માંસથી ભરાવદાર, સારી રીતે ઉન્નત, અને ગોળ હોય તો શુભ ફળ આપે છે. પરંતુ જો ટુંકો, ચપટો કે વાંકો વળી ગએલો હોય તો તે સ્ત્રી કુલનો નાશ કરે છે. જો પહોળો અંગુઠો હોય તો વિધવા થાય છે. ટુંકો અને ગોળ હોય તો દ્વેષિલી થાય છે. પરંતુ લાંબો અંગુઠો હોય તો પતિને પ્રિય થાય છે. ૧૭–૧૮

मृदवोंगुलयः शोणाः पादाम्बुजस्य च कोमलदलानि ॥
सरला घनाः सुवृत्ताः समुन्नता भोगलाभाय ॥ १९ ॥
वितरंति प्रौढभुग्ना दौर्भाग्यत्वं हि किंकरीत्वं च ॥
पृथवः स्थूलाः दुःखं विरला रूक्षाः पुनर्नैःस्व्यम् ॥ २० ॥
पूर्वं वृत्ता यस्यास्तनवोंगुलयः परस्परारूढाः ॥
हत्वा बहूनपि पतीन् सा दासी जायते नियतम् ॥ २१ ॥
यस्याः पथि प्रयांत्या रेणुकणाः क्षितितलात्समुच्छलंति ॥
सा च कदापि न शस्ता कुरुते कुटिला विनाशं च ॥ २२ ॥
यांत्या नियतं यस्या न स्पृशति कनिष्ठिकांगुली भूमिम् ॥
सा हत्वा पतिमाद्यं रहो रमते द्वितीयेन ॥ २३ ॥
यस्या न स्पृशति भूतलमनामिका सा पतिद्वयं हन्ति ॥
अतिहीनायां तस्यां नित्यं कलहप्रिया सा च ॥ २४ ॥
हीना मध्या यस्याः सा योषित्पौरुषं करोति सततम् ॥
अस्पृष्टायां भुवि तस्यां मारयति पुनः पतित्रितयम् ॥ २५ ॥
अंगुष्ठादधिका स्याद्यस्याः पादप्रदेशिनी नियतम् ॥
सा भवति दुश्चरित्रा कन्यैव च कोऽत्र सन्देहः ॥ २६ ॥

**આંગળીઓ:**—મૃદુ, લાલ, સીધી, એક બીજા સાથે ચોંટી જતી, ગોળ અને સુંદર આંગળીઓ વૈભવ આપે છે. લાંબી અને ભાગી ગએલી આંગળીઓ દુર્ભાગ્ય કરે છે, અને દાસી બનાવે છે. જુદી પડી જતી, અને જાડી આંગળીઓ દુઃખ આપે છે અને જો વિવર્ણ હોય તો નિર્ધન કરે છે. જે સ્ત્રીની આંગળીઓ શરૂઆતમાં (ટેરવામાં) ગોળ થએલી (ફૂલેલી) હોય અને વચ્ચે પુષ્કળ જગ્યા રહેતી હોય, તે સ્ત્રી ઘણા પતિઓને મારી નાખનારી અને છેવટે દાસી તરીકે જીવન ગુજારનારી નીવડે છે. જે સ્ત્રીને ચાલતાં આંગળીઓ વડે રેતી ઉછળતી હોય, તે સ્ત્રી કુલટા નીકળે છે. અને કુલનો નાશ કરે છે. માટે વખાણવા લાયક નથી. જે સ્ત્રીને ચાલતી વખતે કનિષ્ઠિકા આંગળી જમીનને સ્પર્શ ન કરતી હોય, તે સ્ત્રી એક પતિનો ઘાત કરી બીજું લગ્ન કરે છે. જે સ્ત્રીને ચાલતાં અનામિકા જમીનને ન અડકતી હોય, તે સ્ત્રી બે પતિનો ઘાત કરે છે. (સ્વૈરિણી નીકળે છે.) જો અનામિકા અતિશય ટુંકી હોય તો સ્ત્રી કલહ કરનારી થાય છે. જે સ્ત્રીની મધ્યમા આંગળી ટુંકી હોય છે, તે મોટે ભાગે પુરુષ જેવી (શૂરવીર) નીકળે છે. જો ચાલતી વખતે મધ્યમાનો જમીન ઉપર સ્પર્શ ન થાય તો ત્રણ પતિનો ઘાત કરનાર નિવડે છે. જે સ્ત્રીની પહેલી આંગળી અંગુઠા કરતાં મોટી હોય છે, તે સ્ત્રી કન્યાવસ્થામાં જ દુશ્ચરિત્ર નિવડે છે. એમાં સંદેહ નથી. ૧૯ થી ૨૧

आताम्ररुचयः स्निग्धाः समुन्नताः शुभा नखराः ॥
वृत्ता मसृणाः स्त्रीणां न पुनः शस्ता विपर्यस्ताः ॥ २७ ॥
कमठोन्नतेन मृदुना चेच्छिराराहितेन पीनेन ॥
राज्ञीत्वं पृष्ठेन न स्त्रीणां स्यात्पादपीठेन ॥ २८ ॥
रोमान्वितेन दासी निर्मांसेनाधमा भवति नारी ॥
मध्यनतेन दरिद्रा दौर्भाग्यवती शिरालेन ॥ २९ ॥

**નખ:**—સ્ત્રીઓને લાલાશ મારતા, ચમકીલા, ગોળ ઉપસેલા, નખ હોય તો સારા સમજવા. અન્યથા ખરાબ ફલ આપે છે. **પીઠ** (પગની ઉપરનો ભાગ):—જો કાચબાની પીઠના માફક પીઠ હોય, અને તેની ઉપર નસો દેખાતી ન હોય તો તે સ્ત્રીને રાણી બનાવે છે. પરંતુ જો સપાટ પીઠ (પગ મૂકવાની ચોકી જેવી) હોય તો તે સારૂં ફળ આપતી નથી. જો પીઠ ઉપર રૂવાટાં હોય તો સ્ત્રી દાસી થાય છે. સુક્કી પીઠ હોય તો અધમ થાય છે. વચમાંથી બેસી ગએલ હોય તો દરિદ્ર, અને જો નસો તરી આવતી હોય તો દુર્ભાગ્યવાળી થાય છે. ૨૭ થી ૨૯

गूढौ सुखाय गुल्फौ वर्तुलौ शिरारहितावशिथिलौ ॥
विषमौ विकटौ ख्यातौ गुल्फौ दौर्भाग्याय नियतम् ॥ ३० ॥

**ઘુંટન:**—અંદર પેસી ગએલાં, ગોળ અને ખીલેલાં ઘુંટન સારાં છે. જ્યારે નાનાં મોટાં, બહાર તરી આવતાં દુર્ભાગ્ય કરે છે. ૩૦

सौख्यवती समपार्ष्णिः पृथुपार्ष्णिर्दुर्भगा नारी ॥
उन्नतपार्ष्णिः कुलटा दुःखवती दीर्घपार्ष्णिः स्यात् ॥ ३१ ॥

**પગની સંધિ:**—આ ભાગ (જેને પાર્ષ્ણી કહે છે તે) જો ઘાટીલો અને બંને પગે એક સરખો હોય તો સ્ત્રી સુખી થાય છે. પરંતુ જો સમવિષમ હોય તો દુર્ભાગ્યવાળી થાય છે. ઉપસી આવેલ પાર્ષ્ણીવાળી સ્ત્રી કુલટા અને લાંબી પાર્ષ્ણીવાળી દુ:ખી થાય છે. ૩૧

स्निग्धे रोमविहीने यस्याः क्रमवर्तुले समे विशिरे॥
पादाम्बुजमाले इव जंघे सा भवति नृपपत्नी ॥ ३२॥
शुष्के पृथू विशाले शिरान्विते स्थूलपिंडके यस्याः ॥
जंघे मांसोपचिते श्लथजानू पांशुला सा स्यात् ॥ ३३ ॥
जंघे खररोमे वै वायसजंघोपमेऽथवा यस्याः ॥
मारयति पतिं यदि वा प्रायः सा स्वैरिणी भवति ॥ ३४ ॥
एकैकमेव भूपतिपत्नीनां रोमकूपेषु रोम स्यात् ॥
सामान्यानामथवा द्वित्र्यादीनि तथैव विधवानाम् ॥ ३५॥

**જાંઘ:**—જે સ્ત્રીની જાંઘ મનોહર, રૂંવાટા વગરની, સરાણ ઉપર ઉતારી હોય તેવી ગોળાકારમાં ચઢતી. નસો રહિત તેમજ સરખી હોય તે સ્ત્રી રાજરાણી થાય છે. જે સ્ત્રીની જાંઘ સુકાઈ ગએલી, પહોળી, લાંબી, નસોગાળી અથવા જાડી થઇ ગએલી હોય, અને જેમાં માંસની પેસીઓ લબડી પડેલી લાગતી હોય તેવી સ્ત્રી વ્યભિચારિણી થાય છે. જે સ્ત્રીની જાંઘ ઉપર બરછટ રૂંવાટા હોય, અથવા જેની જાંઘ કાગડાની જાંઘ જેવી લાગતી હોય, તે સ્ત્રી વ્યભિચારિણી થાય છે. અને જરૂર પોતાના પતિનો ઘાત કરે છે. રાજરાણીઓને એક છિદ્રમાં એક રોમ હોય છે. સામાન્ય સ્ત્રીને બે હોય છે. અને ત્રણ કે ઘણાં રૂંવાટાં હોય તો સ્ત્રી વિધવા થાય છે. ૩૨ થી ૩૫

यस्या जानुयुगं स्यादनुल्वणं पिशितमग्नमतिवृत्तम् ॥
सा लक्ष्मीरिव नियतं सौभाग्यसमन्विता वनिता ॥ ३६ ॥
निर्मांसैः स्वैरिण्यो विविधाभैः सदाध्वगा नार्यः ॥
विश्लिष्टैर्धनहीना जायन्ते जानुभिः प्रायः ॥ ३७ ॥

**જાનુ (ઢીંચણ)**:—જે સ્ત્રીના ઢીંચણ માંસથી ઢંકાઈ ગએલા, ગોળમટોળ, તથા મનોહર હોય તો સ્ત્રી ધનવૈભવ તથા સૌભાગ્યને ભોગવે છે. માંસરહિત ઢીંચણવાળી વ્યભિચારિણી થાય છે. અને વિલક્ષણ લાગતા ઢીંચણવાળી સ્ત્રી બહુ મુસાફરી કરે છે. સુકા અને કાંતિહીન ઢીંચણવાળી મોટે ભાગે નિર્ધન થાય છે. ૩૬–૩૭

**मदनगृहस्तंभौ यौ कदलीकाण्डोपमावूरू ॥**
**यस्याः करिकरवृत्तावरोमशौ भूपपत्नी स्यात् ॥ ॥ ३८ ॥**
**मांसोपचितैर्विशिरैः कलभकरोपमैररोमाभिर्मृदुभिः ॥**
**आसादयन्ति सततं मदनक्रीडासुखं नार्यः ॥ ३९ ॥**
**चलमांसैर्दौर्भाग्यं वैधव्यं लोमशैः खरैर्नैःस्व्यम् ॥**
**मध्यक्षुद्रैर्दुःखं तनुभिर्वधमूरुभिर्याति ॥ ४० ॥**

**ઉરૂ (સાથળ)**:—રૂંવાટા રહિત, કેળના સ્તંભ જેવા હાથીની સૂંઢ જેવા, સાથળ રાજરાણીને (ઉત્તમ સ્ત્રીઓને) હોય છે. માંસથી ભરાવદાર બનેલ, નસો રહિત, હાથીના બચ્ચાની સૂંઢ જેવા, રૂંવાટાં વગરની અને કોમળ સાથળવાળી સ્ત્રી અતિશય રતિસુખ ભોગવે છે. જો સાથળના સ્નાયુઓ (વગર કારણે) ઢીલા પડી ગએલા હોય, હાલતાં ચાલતાં અતિશય હાલતા દેખાતા હોય, તે સ્ત્રી દુર્ભાગ્યવાળી હોય છે. જો સાથળ ઉપર વાળ હોય તો સ્ત્રી વિધવા થાય છે. અને જો કઠોર તેમજ બરછટ સાથળ હોય તો નિર્ધન બને છે, જો વચ્ચે જતાં પાતળા પડી જતા હોય તો દુઃખ અને ટુંકા સાથળ હોય તો તે સ્ત્રીનો વધ થાય છે. ૩૮ થી ૪૦

**दक्षा चतुरन्वितविंशत्यंगुलविनता कटिः समाः कठिना ॥**
**उन्नतानितम्बबिम्बा चतुरस्रा शोभना स्त्रीणाम् ॥ ४१ ॥**
**विनता दीर्घा चिपिटा निर्मांसा संकटा कटिर्विकटा ॥**
**ह्रस्वा रोमयुता या सा वनितादौर्भाग्यदुःखकरी ॥ ४२ ॥**

**કટિ**:—ચોવીસ આંગળના પરિઘવાળી, નમેલી તથા મજબુત, ખીલેલા નિતંબવાળી અને સમચોરસ લાગતી કમર હોય તો તે સારી ગણાય છે. દબાઈ ગએલી, પહોળી, ચપટી, માંસહીન, ટુંકી તથી રૂંવાટાંવાળી કમર હોય તો સ્ત્રીને દુર્ભાગ્યની પ્રાપ્તિ થાય છે. ૪૧–૪૨

**सुदृशां नितम्बबिम्बः समुन्नतो मांसलः पृथुः पीनः ॥**
**स्मरभूपस्य सुवर्णक्रीडाचुलुक इव रतिनिमित्तम् ॥ ४३ ॥**

विकटश्चिपिटो नतिमान्निर्मांसो रोमशः खरः शुष्कः ॥
कुरुते नितम्बफलको दरिद्रतां दुःखदौर्भाग्यम् ॥ ४४ ॥

(નિતંબઃ—સ્ત્રીના નિતંબ ગોળ, ભરાવદાર, જાડા પહોળા હોવા જોઇએ. સુક્કા અને ખરાબ લાગતા નિતંબ સ્ત્રીના સૌંદર્યનો નાશ કરે છે. ૪૩–૪૪

वलिभिमुक्तौ पीनौ कपित्थफलवर्तुलौ स्फिचौ नार्याः ॥
मृदुलौ घनमांसयुतौ रतिसौख्यं वितरतः सततम् ॥ ४५ ॥
परुषं रूक्षं चिपिटं स्फिग्युग्मं मांसरहितं न शुभम् ॥
तदपि विलम्बमानं धत्ते वैधव्यमचिरेण ॥ ४६ ॥
प्राक् सव्येन निषीदति पदेन सा सुखं सदा लभते ॥
या पुनरपसव्येन स्फुटं सा कष्टमेणाक्षी ॥ ४७ ॥

(સ્ફિક્:—( થાપા ):—વલયોથી રહિત, ભરાવદાર, મૃદુ અને માંસલ થાપા હોય તો તે સારા ગણાય. જો માંસહીન, ચપટા તથા લબડી પડેલા થાપા હોય તો સ્ત્રી જલદી વિધવા થાય છે. ચાલતાં જો સ્ત્રીનો ડાબો પગ પહેલો ઉપડતો હોય તો તે સુખ ભોગવે છે અને જો જમણો પહેલો ઉપડતો હોય તો દુઃખ ભોગવે છે. ૪૫ થી ૪૭

अश्वत्थदलाकारः कुंभिस्कंधोपमो भगः पृथुलः ॥
पूर्णेन्दुबिंबतुल्यः कच्छपपृष्ठः शुभः सुदृशाम् ॥ ४८ ॥
स्निग्धो मृदुकृशरोमा मांसोपचितो भगोभवेद्यस्याः ॥
सा पुत्रवती नियतं लभते रतिसौख्यसौभाग्यम् ॥ ४९ ॥
नियतं भगोऽङ्गनायाः प्रसूयते दक्षिणोन्नतः पुत्रान् ॥
वामोन्नतस्तु कन्या जगति समुद्रस्य वचनमिदम् ॥ ५० ॥
यस्याः स्याच्चतुरस्रा कच्छपपृष्ठा स्थिरा श्रोणी ॥
सा वै प्रबलान्पुरुषान्रोहिणी भूरिव रमणी सूते ॥ ५१ ॥
बहुलोदूर्ध्वकृष्णरोमा सुश्लिष्टः संहितो भगः शस्तः ॥
गूढमणिश्चिंतामणिरिव भुवि विततं धनं तनुते ॥ ५२ ॥
विस्तीर्णोऽम्बुजवर्णो मृदुतनुरोमाल्पनासिकस्तुङ्गः ॥
द्विरदस्कन्धसमः स्यात्स्त्रीणां षडमी भगाः सुभगाः ॥ ५३ ॥

रुचिरोऽत्युष्णः सुघनो गोजिह्वाकर्कशोऽथवा मृदुलः ॥
अत्यन्तसुसंवृत्तः सुगंधिश्च सप्त भगा वर्द्धयंति रतिम् ॥ ५४ ॥
विस्पष्टः स्थूलमणिः संकीर्णः खर्पराकृतिः स्त्रीणाम् ॥
खरकुटिलः खररोमा मांसविहीनो भगो न शुभः ॥ ५५ ॥
चुल्लीकोटरतुल्यस्तिलपुष्पनिभः कुरंगखुररूपः ॥
विश्वप्रेष्यां निःस्वां प्रकुर्वते त्रयो भगाः स्त्रियं नूनम् ॥ ५६ ॥
विसृतमुखो नारीणामुलूखलाभो भगः सुदुर्गन्धः ॥
कुञ्जररोमा सततं कुरुते दुःशैल्यदौर्भाग्यम् ॥ ५७ ॥
श्रोणीबिम्बेनालं सत्कीचक्रनवदलसमाश्रिया नारी ॥
सुखिता प्रायः प्रथमं पश्चात्सा दुःखिता भवति ॥ ५८ ॥
शंखावर्त्तसमाना श्रोणी प्रायः प्रजायते यस्याः ॥
धारयंति सा न गर्भं निषेव्यमाणा च दुःखकरा ॥ ५९ ॥
वेतसपर्णसमानः संकीर्णः श्रोणिबिम्ब इव यस्याः ॥
असती सा न कदाचन कल्याणपरंपरा नियतम् ॥ ६० ॥
तनुरेताः खररोमा संक्षिप्तो दीर्घनासिको विकटः ॥
विवृतास्यो नारीणां जगति भगा दुर्भगाः षडमी ॥ ६१ ॥
वलिसहितोद्भवसहितो प्रलम्बमानोथ शीतलः शिथिलः ॥
नीचमुखोप्यथ पृथुलः सप्तामी रतिषु दुःखकृताः ॥ ६२ ॥
जघन भगस्य भालं विस्तीर्णं मांसलं समुत्तुंगम् ॥
तनुकृष्णमृदुलरोम प्रदक्षिणावर्त्तमिह शस्तम् ॥ ६३ ॥
विषमं वामावर्त्तं निर्मांसं संकटं खरं विनतम् ॥
भवति तदेव स्त्रीणां वैधव्यविधायकं प्रायः ॥ ६४ ॥

પીંપળાના પાંદડા જેવી અને હાથીના કુંભસ્થળની સંધિ જેવી, પહોળી, પૂર્ણિમાના ચંદ્ર જેવી, કાચબાની પીઠ જેવી ઉન્નત સ્ત્રીઓની યોનિ વખણાય છે. સ્નિગ્ધ, મૃદુ અને પાતળાં રૂંવાટાંવાળી, માંસલ યોનિ જેને હોય તે સ્ત્રી પુત્રવતી થાય છે. અને

રતિસુખને મેળવવા ભાગ્યશાળી થાય છે. જો યોનિ જમણી બાજુએ ઉન્નત હોય તો જરૂર પુત્રોનો જ જન્મ આપે છે. અને જો ડાબી બાજુ ઉન્નત હોય તો છોકરીઓનો જન્મ આપે છે, એમ સમુદ્રનું વચન છે. જે સ્ત્રીની યોનિ ચતુરસ્ર, કાચબાની પીઠ જેવી, સ્થિર હોય છે. તે ફળદ્રૂપ જમીનની માફક બળવાન પુત્રોનો જન્મ આપે છે. ઘણા ઉર્ધ્વગામી વાળથી છવાએલ, અને બરાબર ખોડાએલ હોઈ જેનો મણિ ચિંતામણિની માફક ગુપ્ત રહેતો હોય તેવી યોનિ સ્ત્રીને પુષ્કળ ધનનો લાભ આપે છે. પહોળી, કમળના જેવા રંગની, કોમલ આછા રોમવાળી, નાની ભગનાસિકાવાળી, ઉન્નત, અને હાથીના ખભા જેવી એમ છ પ્રકારની યોનિ સારી ગણાય છે. રુચિર, ઘણી ઉષ્ણ, માંસપેશીઓથી ખોડાએલ, ગાયની જીભના જેવી ખરબચડી, અથવા ( ઘણી ) કોમળ, એકદમ ભગોષ્ઠથી બંધ થઇ ગએલી, અને સુગંધીદાર હોય એવી સાત પ્રકારની યોનિ રતિસુખને વધારે છે. અસ્પષ્ટ (અણુવિકસેલી) જાડામણિવાળી, સાંકડી, ખર્પરના જેવા આકારની, ખરબચડી વાંકીચુંકી, બરછટવાળવાળી અને માંસ વગરની યોનિ અશુભ છે. જે યોનિની દિવાલો ચૂલાની દિવાલો જેવી હોય, અર્થાત્ યોનિ પહોળી થઇ ગઇ હોય, તલના ફૂલની જેમ ( મોટા છિદ્રવાળી ) હોય કે મૃગની ખરી જેવી ( મોટી ફાટવાળી ) હોય તે ત્રણ જાતની યોનિ સ્ત્રીને જગતભરની ચાકરડી અને નિર્ધન કરે છે. પહોળા મુખવાળી, ખાણીયા જેવી અને દુર્ગંધ મારતી તથા હાથીના જેવા જાડાવાળવાળી યોનિ ઘણું દુઃખ આપે છે. વાંસના પાંદડા જેવી ( લાંબી અને સાંકડી ) યોનિ હોય તો સ્ત્રી પહેલાં સુખી રહે છે. પરંતુ પાછળથી દુઃખી થાય છે. શંખના જેવાં વલયવાળી યોનિ જેને હોય તે સ્ત્રીની સાથે સંભોગ કરતાં ઘણું કષ્ટ થાય છે. અને તે ગર્ભ ધારણ કરી શકતી નથી. જે સ્ત્રીની યોનિ નેતરના પાના જેવી ખોડાએલી હોય તે વ્યભિચારિણી હોય છે. અને તેનું કલ્યાણ થતું નથી. થોડા વીર્ય ( રજ ) વાળી, બરછટ વાળવાળી, નાની, લાંબી ભગનાસિકાવાળી, વાંકીચુંકી, પહોળા મોંવાળી, એમ છ પ્રકારની યોનિ ખરાબ ગણાય છે. વલય પડતાં હોય તેવી, વચ્ચે વચ્ચે ઉપસેલી માંસ પેશીવાળી, લબડી પડેલી, ઢીલી, નીચા મોંવાળી અને પહોળી થઈ ગએલી એ સાત જાતની યોનિ સુરતમાં કષ્ટ આપે છે. જઘન ( યોનિની ઉપરનો અને બસ્તિની નીચેનો ભાગ ) એ યોનિનું લલાટ છે. અને તે વિશાળ, માંસલ, ઉન્નત, ઝીણા કાળા મૃદુ વાળવાળું, તથા દક્ષિણાવર્ત હોય તો સારૂં ગણાય છે. જો જઘન વામાવર્ત હોય, માંસહીન હોય, સાંકડું, કઠોર તથા નમી પડેલું હોય તો તે ખરાબ છે. અને સ્ત્રીને વૈધવ્ય કરાવનાર છે. ૪૮ થી ૬૪

**विपुला बस्तिः शस्ता युवतीनामीषदुन्नता मृद्वी ॥**
**अभ्युन्नता शराभा लेखा किन्तु रोमशा न शुभा ॥ ६५ ॥**

**બસ્તિઃ**—પહોળી, સ્હેજ ઉન્નત, મૃદુ, ઉઠાવદાર, હોય અને તેના ઉપર બાણની

માફક રૂંવાટાંની રેખા પડી હોય તો તે શુભ છે. પરંતુ બહુ વાળવાળી હોય તો તે અશુભ છે. ૬૫

नाभिः शुभा गभीरा सुदृशां वृत्ता प्रदक्षिणावर्ता ॥
स्मरनृपमुद्रेवोपरि रतिमणिकोशस्य रमणस्य ॥ ६६ ॥
यस्या विस्तीर्णा स्यान्नवपंकजकर्णिकाकृतिर्नाभिः ॥
सा स्फुटसौभाग्यघनं लभते सुखसंपदां सपदि ॥ ६७ ॥
नाभिर्गभीरविवरा तरुणजनोमनहरा भवति यस्याः ॥
सा जायते मृगाक्षी नियतं पुरुषप्रिया प्रायः ॥ ६८ ॥
वामावर्ता यस्या व्यक्ता ग्रंथिः समुत्ताना ॥
सा दुर्भगा पुरंध्री विगर्हिता स्यात्परप्रेष्या ॥ ६९ ॥

નાભિઃ—સ્ત્રીઓને ગંભીર, ગોળ, દક્ષિણાવર્ત નાભિ હોય તો તે કામદેવની સ્મરક્રિડારૂપ રત્નોના ભંડાર ઉપર છાપેલી મુદ્રા જેવી અર્થાત્ સારી ગણાય છે. જે સ્ત્રીની નાભિ પહોળો કમળની તાજી કળી જેવી હોય તે સ્ત્રી સુખ, સૌભાગ્ય અને સંપત્તિ મેળવે છે. ઉંડા ખાડાવાળી અને યુવાન પુરુષોના ચિત્તનું આકર્ષણ કરનારી (અર્થાત ચિત્તાકર્ષક) હોય તો તેવી નાભિવાળી સ્ત્રી પતિને પ્રિય થઈ પડે છે. જેને વામાવર્તવાળી, બહાર તરી આવતી, ખેંચાએલી નાભિ હોય તે સ્ત્રી દુર્ભાગી, નિંદિત તથા પારકાની ચાકરડી બને છે. ૬૧ થી ૬૯

घनतनया जायन्ते सुकुमारैः कुक्षिभिः पृथुभिः ॥
मंडूककुक्षिरबला धन्या नृपतिं सुतं सूते ॥७०॥
वंध्या भवंति वनिताः कुक्षिभिरत्युन्नतैर्वलिभिः ॥
रोमावर्तयुतैस्ताः प्रव्रजिताः पांशुलास्तदा दास्यः ॥ ७१ ॥

કુક્ષિઃ—દેડકાના જેવી કુક્ષિ હોય તો સ્ત્રી ભાગ્યશાળી પુત્રનો જન્મ આપે છે. ઘણી ફૂલેલી કુક્ષિ હોય તો સ્ત્રી વંધ્યા થાય છે. જો કુક્ષિ ઉપર રૂંવાટાં અગર ભમરીઓ હોય તો સ્ત્રી સંન્યાસિની થાય છે. અને તે મોટે ભાગે વ્યભિચારિણી તથા દાસી પણ થાય છે. ૭૦-૭૧

मग्नास्थिभिः समांसैः पार्श्वैर्मृदुभिः समैर्मृजावद्भिः ॥
यास्यादेभिः सहिता प्रीतिसुभगा जगति जायते नियतम् ॥ ७२ ॥

यस्याः सशिरे पार्श्वे समुन्नते रोमसंयुते परुषे ॥
सा निरपत्या रमणी भवति प्रायेण दुःशीला ॥ ७३ ॥

પડખાં:—સ્રીની પાંસળીઓ દેખાતી નહોય, મૃદુ અને સીધી હોય તો જગતમાં તે સ્રી પ્રીતિ પાત્ર થાય છે. અને જો પડખાં ઉપર નસો તરી આવતી હોય તેમજ પડખાં દેખાવમાં જ ઉંચાં હોઈ ખરાબ લાગતાં હોય તો સમજવું કે સ્રી વંધ્યા અગર દુર્ભાગી થશે. ૭૨–૭૩

उदरेण मार्दववता तनुत्वचा पीननाभिसहितेन ॥
रोमरहितेन नारीनराधिपतिवल्लभा भवति ॥ ७४ ॥
तुच्छं दुर्जनमानसमिव जठरं भवति भूपपत्नीनाम् ॥
जनहर्षोत्कर्षकरं सज्जनचेष्टितमिव मनोज्ञम् ॥ ७५ ॥
कुम्भाकारं जठरं निर्मांसं वा शिरायुतं यस्याः ॥
अतिदुःखिता क्षुधार्ता सा नारी जायते प्रायः ॥ ७६ ॥
कूष्मांडफलाकारैरुदरैः पणवोपमैर्मृदंगाभैः ॥
यवतुल्यैर्दुःशीलाः क्लेशायासं स्त्रियो यान्ति ॥ ७७ ॥
भवति प्रलम्बमुदरं यस्याः सा श्वशुरमाहन्ति ॥
यस्याः पुनर्विशालं चिरापत्या दुर्भगा सापि ॥ ७८ ॥

પેટ:—મૃદુ, પાતળી ચમડીવાળું, ઉંડી નાભિવાળું અને રૂંવાટાં વગરનું પેટ હોય તો સ્રી રાજરાણી થાય છે. રાજરાણીઓનાં પેટ દુર્જનના મનની માફક બહુ જ નાનાં હોય છે. પણ દેખાવમાં સજ્જનનાં કાર્યની માફક હર્ષજનક તથા ગમે તેવાં ઘણાં જ સુંદર લાગે છે. ઘડાના જેવું ગોળ ફૂલેલું, માંસ વગરનું અને જેના ઉપર નસો તગતગતી હોય, તેવું પેટ ધરાવનાર સ્રી અતિશય ભૂખવાળી તથા દુઃખી થાય છે. કોળાના જેવું લંબગોળ ફુલેલું, ઢોલ જેવું તથા જવની માફક વચ્ચેથી ફુલેલું પેટ હોય તો સ્રી કલેશ ભોગવે છે. લબડી પડેલા પેટવાળી સ્રી સસરાના મૃત્યુનું કારણ બને છે. મોટા વિશાળ પેટવાળી સ્રીને જલદી સંતાન થતાં નથી, અને તે દુઃખી પણ હોય છે. ૭૪ થી ૭૮

असमपयोधरभाराक्रान्तेव सुबंधुरं मध्यम् ॥
मुष्टिग्राह्यं यस्याः सा सौभाग्यश्रियं श्रयते ॥७९॥

सुभगानां वै वलयं वलित्रयेणान्वितं समग्रेण ॥
नाभिलावण्याब्धेरुत्कलिकां भूमिकां वहते ॥८०॥
रोमलता तनुऋज्वी हृदयांतादुत्थिता शुभा श्यामा ॥
विशतीव नाभिकुहरे मुखेन्दुभीता यथा तिमिररेखा ॥८१॥
कुटिला स्थूला कपिला व्युच्छिन्ना रोमवल्लरी यस्याः ॥
विधवात्वं दौर्भाग्यं लभते प्रायेण सा रमणी ॥८२॥

વલ્લી:—સ્ત્રીના ઉદર ઉપર જો ત્રણ વલ્લી પડતી હોય તો તે વખાણવા લાયક છે. કવિઓએ સ્ત્રીઓના સ્તન વચ્ચેથી ઉત્પન્ન થતી, અને નાભિ પર્યંત જતી રોમાવલીનાં ઘણાં ઉપનામોથી વર્ણન કર્યું છે. આ રોમાવલી જાણે એક નાની નદી સ્તન રૂપી બે પર્વતોની મધ્યમાંથી નીકળી નાભિ રૂપી સરોવરમાં જતી હોય તેમ દેખાય છે. આ રોમવલ્લી જો પાતળી, મુલાયમ રૂંવાટાંથી બનેલી, અને મનોહર લાગતી હોય તો સ્ત્રીના સૌભાગ્યની વૃદ્ધિ કરે છે. અને તેથી ઉલટું જો વાંકીચૂકી, જાડી, તૂટેલી હોય તો સ્ત્રી વિધવા બને છે. ૭૯ થી ૮૨

निर्लोम व्रणरहितं हृदयं यस्याः समं मनोहारि ॥
ऐश्वर्यमवैधव्यं पतिप्रियत्वं भवति तस्याः ॥८३॥
उद्भिन्नरोमकीर्णं विस्तीर्णं हृदयमिह भवेद्यस्याः ॥
सा प्रथमं भर्तारं हत्वा वेश्यात्वमुपयाति ॥८४॥
पिशितविवर्जितमुन्नतविनतं हृदयं व्रणान्वितं विषमम् ॥
कर्मकरात्वं तनुते वनितानां तत्क्षणादेव ॥८५॥

હૃદય:—સ્ત્રીના વક્ષ:સ્થલ ઉપર વાળ ન હોય અને મનોહારી હોય તો તે સૌભાગ્ય, પતિનો પ્રેમ અને ઐશ્વર્ય ભોગવે છે. જો વાળ હોય અને સ્તન વચ્ચે જગ્યા રહેતી હોય, તે સ્ત્રી સ્વચ્છંદી હોય છે. અને તેથી તે પોતાના પતિનો ઘાત કરી પાછળથી વેશ્યા થઈ જાય છે. માંસરહિત, ઉંચી નીચી તથા છિદ્રવાળી છાતીવાળી સ્ત્રી દાસી બને છે. ૮૩ થી ૮૫

पीवरमुन्नतमायतमुरःस्थलं न मृदुलं न कठिनं विशिरम् ॥
अष्टादशांगुलमितं रोमविहीनं शुभं स्त्रीणाम् ॥८६॥

विषमेण भवति हिंस्रा निर्मांसेनोरसा भवति विधवा ॥
अतिपृथुना प्रियकलहा दुःशीला रोमशेनापि ॥ ८७ ॥

**છાતી:**—સ્તનથી લઈ ગળા સુધીનો ભાગ લગભગ સ્રીને અઢાર આંગળ પહોળો હોવો જોઈએ. જો તે ભાગ ઉંચો નીચો અસ્તવ્યસ્ત હોય તો સ્રી હિંસાખોર થાય છે. માંસહીન હોય તો વિધવા થાય. બહુ ભરાવદાર હોય તો કલેશ કરનારી, અને જો તેની ઉપર વાળ હોય તો દુશ્ચરિત્ર થાય છે. ૮૬–૮૭

शस्तौ वृत्तौ सुदृढौ पीनौ कठिनौ घनौ स्तनौ सुदृशाम् ॥
स्नानाय स्मरनृपतेः काञ्चन कलशाविव प्रगुणौ ॥ ८८ ॥
सुखसौभाग्यनिधानं समुन्नतं स्तनयुगं समं कान्तम् ॥
धत्ते सुवर्णवनिता कुम्भं रुचिरं स्मरेभस्य ॥ ८९ ॥
पुत्रः प्रथमे गर्भे पयोधरे दक्षिणोन्नते स्त्रीणाम् ॥
वामोन्नतेन पुत्री निरपत्यं चैव विषमेण ॥ ९० ॥
शुष्के विहीनमध्ये स्थूलाग्रे स्तनयुगेऽङ्गना नैःस्व्यम् ॥
लभते विरले तस्मिन्वैधव्यं पुत्रनाशं च ॥ ९१ ॥
कुरुते वक्षोजद्वयमरघटघटीनिभं पुरंध्रीणाम् ॥
सततं पूर्वसुखं तत्पश्चादत्यर्थदुःखकरम् ॥ ९२ ॥
अतिनिविडं कुचयुगलं यत्स्त्रियाः पथि च यांत्या हि ॥
सौख्यं सारसवदना सौभाग्यं हन्ति शस्तकरम् ॥ ९३ ॥
सुदृशां चूचुकयुग्मं शस्तं श्यामं सुवृत्तमतिपीनम् ॥
स्मरनृपतेर्मुद्रेयं रतिसुखनिधिकोशभवनस्य ॥ ९४ ॥
दीर्घं चूचुकयुग्मं यस्याः सा प्रियरतिर्भवति ॥
धूर्ता चान्तर्मनसा पुनस्तेनैव द्वेष्टि सा मनुजम् ॥ ९५ ॥
बहिरवनतेन चूचुकयुगलेनातीव सूक्ष्मविषमेण ॥
संप्राप्य च महद्दुखं दुःशीला जायते योषित् ॥ ९६ ॥

**સ્તન:**—ગોળ, ભરાવદાર, દૃઢ, પુષ્ટ, કઠીણુ અને એક બીજા સાથે ઘસાતા સ્તન હોય

તો સ્ત્રી સૌભાગ્યશાલિની થાય છે. સ્તન જમણી બાજુ નમેલા હોય તો પ્રથમ ગર્ભે પુત્ર થાય, અને ડાબી બાજુ નમેલા હોય તો પ્રથમ સંતાન છોકરી થાય છે. જો સ્તન અસ્તવ્યસ્ત હોય તો સ્ત્રી વંધ્યા રહે છે. જો સ્તન સુકાઈ ગએલા મૂળથી જ એક બીજા સાથે ચોંટી ગએલા, અને કેવલ અગ્રભાગમાંજ સ્થૂલ હોય તો સ્ત્રી નિર્ધન થાય છે. જો સ્તન વચ્ચે જગ્યા વિશેષ રહેતી હોય તો સ્ત્રી વિધવા થાય છે. અને તેના પુત્રોનો નાશ થાય છે. જો લંબગોળ સ્તન હોય તો સ્ત્રી પહેલાં સુખ ભોગવે છે. અને પછીથી દુઃખી થાય છે. ચાલતાં સ્ત્રીના સ્તન એક બીજા સાથે અથડાતા હોય તો સ્ત્રી સૌભાગ્યરહિત થાય છે. સ્તનનો અગ્રભાગ શ્યામ, ગોળ, અને ફૂલેલો હોય તો તે સારો ગણાય છે. જે સ્ત્રીના સ્તનનો અગ્રભાગ (ચૂચુક) લાંબો હોય તે સ્ત્રી સુરતક્રિયામાં નિપૂણ હોય છે. પરંતુ ધૂર્ત સ્વભાવની અને દ્વેષિલી હોય છે. બહાર નમી પડેલા ચૂચુકવાળી સ્ત્રી તેમજ નાના મોટામાં એક બીજાથી એકદમ જુદા તરી આવતા હોય તેવા ચૂચુકવાળી સ્ત્રી મોટું દુઃખ ભોગવે છે. અને ચારિત્ર્યહીન રહે છે. ૮૮ થી ૯૬

जत्रुभ्यां पीनाभ्यां धनधान्यसुतान्विता भवेद्वनिता ॥
उन्नतिसंहतिमद्भ्यां पुनरेषा भूरिभोगाढ्या ॥ ९७ ॥
श्लथकीकससंधिमता निम्नेन द्रविणलेशपरिहीना ॥
जत्रुयुगलेन योषिद्विषमेण पुनर्भवति विषमा ॥ ९८ ॥

જત્રુ (હાંસડી):—જો જત્રુ વિશાળ હોય તો સ્ત્રી ધનધાન્યને ભોગવનારી થાય છે. અને જો ગોળાકારવાળી પુષ્ટ હાંસડી હોય તો સ્ત્રી ભોગવૈભવને પ્રાપ્ત કરી શકે છે. જો ઢીલી અને અવાજ કરતી અથવા બેસી ગએલી હાંસડીઓ હોય તો સ્ત્રી વિધવા થાય છે. ૯૭–૯૮

यस्या वंध्या वनिता स्कंधयुगं किंचिदुन्नतं मूले ॥
नातिकृशपीनदीर्घं सुखसौभाग्यप्रदं सुदृशाम् ॥ ९९ ॥
ऊर्ध्वस्कंधा कुलटा स्थूलस्कंधापि भारवाहनपरा ॥
चक्रस्कंधा वंध्या दुःखवती रोमशस्कंधा ॥ १०० ॥
निर्गूढसंधिबंधौ सुसंहतौ पिशितसंयुतौ शस्तौ ॥
अंसौ स्यातां यस्याः सा नारी भूरिसौभाग्या ॥ १०१ ॥
सुदृशां नीचौ स्कंधौ दौर्भाग्यसमन्वितौ च भवतो वै ॥
अत्युच्चैर्वैधव्यं निर्मांसैर्दुःखदारिद्र्यम् ॥ १०२ ॥

ખભા:—જો સ્રીના ખભા ઉંચા નીચા હોય તો સ્રી વંધ્યા થાય છે. પણ જો પુષ્ટ ખભા હોય તો સુખ સૌભાગ્ય ભોગવે છે. એકદમ ઉંચા ખભાવાળી કુલટા, જાડા ખભાવાળી મજુરી કરનાર, વાંકા ખભાઓવાળી વંધ્યા, અને ખભા ઉપર વાળવાળી સ્રી દુઃખ ભોગવનારી થાય છે. સ્રીના ખભા માંસથી ઢંકાએલા, અને મનોહર જોઈએ. ઉંચા ઉપસી આવેલા ખભાવાળી સ્રી વિધવા થાય છે. ૯૯ થી ૧૦૨

कक्षायुगं सुगंधि स्निग्धं च समुन्नतं पिशितपूर्णम् ॥
तनुमृदुलरोमसहितं प्रशस्यते प्रायशः सुदृशाम् ॥१०३॥
अतिनिम्ने निर्मांसे प्रस्वेदमलान्विते शिराकीर्णे ॥
सोलूखलबहुरोमे कक्षे दौर्भाग्यमावहतः ॥ १०४॥

કક્ષા (બગલ):—દુર્ગંધરહિત, ચમકીલી, માંસલ, ઉપસેલી ઘણાં ઝીણાં રૂંવાડાંવાળી બગલો સારી ગણાય છે. ઉંડાણવાળો, સુક્કી, પરસેવા અને મેલથી ગંધાતી, નસો તરી આવતી હોય તેવી અને ખાંડણીઆ જેવી બગલો દુર્ભાગ્ય કરનારી હોય છે. ૧૦૩–૧૦૪

शस्तौ बाहू सुदृशां शिरीषतरुपुष्पकोमलौ दीर्घौ ॥
मानुषकुरंगहेतोः पाशाविव पुष्पचापस्य ॥ १०५ ॥
निर्लोम बाहुयुगलं गूढास्थिग्रंथि करिकराकारम् ॥
विश्लिष्टशिरासंधि स्त्रीणां सौभाग्यमधिशेते ॥ १०६ ॥
वैधव्यं वनितानां बाहुभ्यां स्थूलरोमशाभ्यां स्यात् ॥
दौर्भाग्यं ह्रस्वाभ्यां शिरायुताभ्यां परिक्लेशः ॥ १०७॥
अम्भोजगर्भसुभगं मृदु नवसहकारकिसलयाकारम् ॥
तनु विप्रकृष्टसर्वांगुलिकं पाणिद्वयं शस्तम् ॥ १०८ ॥
रोमशिरापरिहीनं घनमांसं पाणितलयुगं स्निग्धम् ॥
बहुशुभमनुन्नतमनिम्नं रूक्षं खरं विवर्णं क्लेशदं भवति ॥१०९॥
यस्याः पाणितलं स्याद्बहुरेखं सा निहंति भर्तारम् ॥
दौर्भाग्यं भाग्यहीनां रेखारहितं पुनस्तनुते ॥ ११० ॥
नरलक्षणाधिकारे नारीणामप्यशेषमेवोक्तम् ॥
कररेखालक्ष्म पुनः किंचित्प्रस्तावतो वक्ष्ये ॥ १११॥

रक्ता व्यक्ता स्निग्धा गंभीरा वर्तुलाः समाः पूर्णाः ॥
रेखास्तिस्रः स्त्रीणां पाणितले सौख्यलाभाय ॥ ११२ ॥
मत्स्येन भवति सुभगा हस्तस्थस्वस्तिकेन वित्ताढ्या ॥
श्रीवत्सेन पुनः स्त्री नृपपत्नी नृपतिमाता वा ॥ ११३ ॥
पाणितले यस्याः स्यान्नंद्यावर्त्तः प्रदक्षिणा व्यक्तः ॥
भुवि चक्रवर्तिनः तत्स्त्रीरत्नं भवति भोगार्हम् ॥ ११४ ॥
या करतले कनिष्ठां निर्गत्यांगुष्ठमूलतो याति ॥
सा रेखा भर्तृघ्नी तद्युक्तां नोद्वहेत्कन्याम् ॥ ११५ ॥
रेखाभिर्मानतुल्याभिर्जायते सा वणिग्जाया ॥
भवति कृषीबलपत्नी युगसीरोलूखलाकृतिभिः ॥ ११६ ॥
गजवाजिवृषभपद्माः प्रासादधनुर्भोगैर्दुर्वर्ज्याः ॥
यस्याः पाणितले स्युः सा तीर्थकरस्य भुवि जननी ॥ ११७ ॥
शंखस्वस्तिकसागरनंद्यावर्त्तातपत्रतिमिकूर्मैः ॥
वामकरतलनिविष्टैः प्रजायते चक्रिणो माता ॥ ११८ ॥
ध्वजतोरणभद्रासनचामरभृंगारशीर्षरेखाद्याः ॥
यस्या भवन्ति पाणौ सा जननी वासुदेवस्य ॥ ११९ ॥
श्रीवत्सवर्धमानांकुशगदादित्रिशूलतुल्याभिः ॥
रेखाभिर्जयशब्दो वनितानां जायते सपदि ॥ १२० ॥
मंडूककंकजंबुकवृषकाकोलूकवृश्चिकाः सुदृशाम् ॥
रासभसैरिभकरभाः करस्थिता दुःखमाददते ॥ १२१ ॥

હાથ:—કોમલ, લાંબા, ગ્રંથીઓ અંદર સમાઈ ગએલી હોય તેવા, રૂંવાટાં રહિત અને હાથીની શું઼ડ જેવા હાથ વખાણવા લાયક છે. અને તેવા હાથવાળી સ્ત્રી સૌભાગ્યવતી રહે છે. જાડાં રૂંવાટાંવાળા હાથ વૈધવ્ય સૂચક છે. ટુંકા હાથ દુર્ભાગ્ય આપે છે. અને નસો તરી આવતી હોય તેવા હાથ કલેશ આપે છે. જે સ્ત્રીના, હાથ (પોંચાથી લઈ આંગળીઓ સુધીનો ભાગ) કમળની માફક મનોહર, નવપલ્લવ જેવા ચમકદાર અને

છુટી પડતી આંગળીઓવાળા હોય તે સ્ત્રી શુભ લક્ષણવાળી ગણાય છે. સ્ત્રીના હાથમાં ઘણી રેખાઓ હોવી તે વૈધવ્યસૂચક છે. અને રેખાહીન હસ્ત હોય તે દુર્ભાગ્યનું લક્ષણ છે. સ્ત્રીઓ અને પુરુષોને માટે હથેલીની અંદરની રેખાઓનું ફલ સરખું છે. જે રેખા અંગુઠાના મૂળમાંથી નીકળી કનિષ્ઠિકા સુધી જાય છે, તે રેખા પતિનો નાશ કરનારી હોય છે. તેથી તેવી રેખાવાળી કન્યા સાથે લગ્ન ન કરવું. ૧૦૫ થી ૧૨૧

स्त्रीणां सरलोऽङ्गुष्ठः स्निग्धो वृत्तः शुभस्तथांगुलयः ॥
मृदुलत्वचः सुदीर्घाः क्रमशो वर्तुलाः सुपर्वाणः ॥ १२२ ॥
चिपिटाः स्फुटाश्च रूक्षाः पृष्ठे रोमान्विताः खराः वक्राः ॥
अतिह्रस्वकृशा विरला विदधति दारिद्र्यमंगुलयः ॥ १२३ ॥

**આંગળીઓઃ**—સ્ત્રીની આંગળીઓ મૃદુત્વચાવાળી, લાંબી, અને સુંદર વેઢાઓવાળી હોય તો તે શુભ લક્ષણ છે. તેમજ અંગુઠો પણ સીધો, અને ગોળ હોય તો સારો ગણાય છે. ચપટી, ફાટી ગએલી, રૂક્ષ આંગળીઓ ખરાબ ગણાય છે. સ્ત્રીની આંગળીઓ ઉપર વાળ હોય તે અશુભ લક્ષણ છે. ઘણી ટુંકી અને જાડી આંગળીઓ પણ સારી ગણાતી નથી. ૧૨૨–૧૨૩

स्निग्धा बंधूकरुचः सशिखास्तुंगाः शुभा नखाः ॥
सुदृशां बिभर्त्यंकुशलीलामनंगगन्धद्विपेन्द्रस्य ॥१२४॥
रूक्षैर्वक्रैः पीनैः सितैर्विवर्णैः शिखाविरहितैः ॥
शुक्त्याकारैर्वनिता भवंति सौभाग्यधनहीनाः ॥ १२५ ॥
पाणिचरणयोर्यस्या जायन्ते बिन्दवो नखेषु सिताः ॥
सा जगति सुसितनखा दुःखाय स्वैरिणी स्वणी ॥ १२६ ॥

**નખઃ**—ચમકીલા, ગુલાબી રંગના, અણીદાર, ઉપસેલા નખ હોવા જોઇએ જો રૂક્ષ, પહોળા, ધોળા અથવા રંગહીન નખ હોય તો સ્ત્રી સુખ સૌભાગ્યરહિત થાય છે. જે સ્ત્રીના હાથ પગના નખ ઉપર સફેદ બિંદુઓ હોય છે, તે સ્ત્રી વ્યભિચારિણી થાય છે. ૧૨૪ થી ૧૨૬

सरला शुभसंस्थाना निर्लोमा मध्यमाग्रवंशास्थिः ॥
पृष्ठिः पिशितोपचिता सुखसौभाग्यप्रदा स्त्रीणाम् ॥ १२७ ॥
भुग्नवलितेन दासी भर्तृघ्नी भामिनी विशालेन ॥
साशिरेण सदुःखा स्याद्विधवा पृष्ठेन रोमभृता ॥ १२८ ॥

પીઠ:—વાળરહિત, માંસલ સીધી પીઠ સારી ગણાય છે. લાગેલી, વાંકી ચુકી પીઠવાળો સ્ત્રી દાસી થાય છે. વિશાળ પીઠવાળી વિધવા થાય છે. નસો તરી આવતી હોય તેવી હોય તો દુઃખી થાય છે. અને જો રૂંવાટાવાળી પીઠ હોય તો સ્ત્રી વિધવા થાય છે. ૧૨૭ થી ૧૨૮

ऋज्वी कृकाटिका स्यात्समांसपीना समुन्नता यस्याः ॥
दीर्घायुर्विधवात्वं लभते सा सौख्यसौभाग्यम् ॥ १२९ ॥
बहुपिशिता निष्पिशिता शिराचिता रोमशा विशाला च ॥
कुटिला विकटा कुरुते दौर्भाग्यं प्रायशः सुदृशाम् ॥ १३० ॥
मांसोपचितः कंठो वृत्तश्चतुरंगुलः शुभो विशदः ॥
उच्चविलासं कथयति वदनांभोजस्य वनितानाम् ॥ १३१ ॥
यस्याः सुसंहिता स्फुटरेखात्रितयांकिता भवेद्ग्रीवा ॥
सालंकारं कनकं मुक्तारत्नान्यंगना दधते ॥ १३२ ॥
व्यक्तास्थिर्निर्मांसा चिपिटा स्फुटा कुरूपसंस्थाना ॥
सोपदिशति ग्रीवा योषाणां दुःखदौर्भाग्यम् ॥ १३३ ॥
ग्रीवा स्थूला विधवां चक्रावर्ता स्त्रियं वंध्याम् ॥
सशिरा ह्रस्वा निःस्वां कुरुते दीर्घां पुनः कुटिलाम् ॥ १३४ ॥

ગરદન:—જે સ્ત્રીને સરલ, માંસલ અને સીધી ગરદન હોય તો તે સ્ત્રી ધનવાન તથા લાંબા કાળ સુધી જીવનારી વિધવા થાય છે. ઘણા માંસવાળી અથવા માંસહીન, નસોવાળી, રૂંવાટાંવાળી વિશાળ વાંકીચુંકી તથા સુક્કી ગરદન સ્ત્રીઓને દુર્ભાગ્ય આપે છે. માંસથી ભરાવદાર, ગોળાકાર, ચાર આંગળનો ઉંચાઈવાળો જોવામાં વિશાળ લાગતો કંઠ સ્ત્રીની ચતુરાઈને વ્યક્ત કરે છે. અર્થાત્ તેવા કંઠવાળી સ્ત્રી ઘણી સારી રીતે સુખ વૈભવને ભોગવી શકે છે. ગળામાં ત્રિવલ્લી પડતી હોય તે સૌભાગ્યનું લક્ષણ છે. સુકાઈ ગએલું, ચપટું ગળું દુઃખદાયક ગણાય છે. અને જાડું ગળું વૈધવ્ય, ભમરીઓવાળું વંધ્યત્વ, નસોવાળું અને ટુંકું ગળું નિર્ધનતા, તથા ઘણું લાંબુ કુલટાપણું આપે છે. ૧૨૯ થી ૧૩૪

द्व्यंगुलमानं चिबुकं वृत्तं पीनं सुकोमलं शस्तम् ॥
स्थूलं द्विधा विभक्तं रोमशमत्यायतं शुभं न स्यात् ॥ १३५ ॥

ચિબુક (હડપચી):—બે આંગળના પ્રમાણુની, ગોળ પુષ્ટ, કોમળ હડપચી સારી ગણાય. પરંતુ વચ્ચેથી બે ભાગ થઈ ગએલી, ઘણી પહોળી અથવા રૂંવાટાવાળી હડપચી નિંદાને પાત્ર છે. ૧૩૫

निर्लोम शुभं सुघनं हनुयुगलं चिबुकपार्श्वसंलग्नम् ॥
अतिवक्रकृशं स्थूलं पुनरशुभं रोमशं दृश्यम् ॥१३६॥

દાઢી:—( હડપચીનાં પડખાંઓ ) રૂંવાટાં રહિત, ઘાટદાર દાઢી સારી સ્ત્રીઓને હોય છે. જો સ્ત્રીની દાઢી ઘણી વાંકી ચુંકી, સુકાઈ ગએલી, જાડી અથવા રૂંવાટાવાળી હોય તો તે અશુભ ગણાય છે. ૧૩૬

शस्ते कपोलफलके पीने वृत्ते समुन्नते विमले ॥
पुलिन इव त्रिस्रोतसः कुसुमायुधयादसां स्त्रीणाम् ॥ १३७ ॥
यस्याः कपोलयुगलं विच्छायं रोमसंयुतं परुषम् ॥
रूक्षं स्वभावनिम्नमसितं सा दुःखिनी च स्यात् ॥१३८॥

કપોળ ( ગંડસ્થળ ):—કાન્તિયુક્ત, અને ઉપસેલાં ગંડ વખાણવા લાયક છે. જ્યારે રૂક્ષ અને રૂંવાટાંવાળા ગંડ ખરાબ સ્વભાવનું સૂચન કરે છે. ૧૩૭-૧૩૮

वर्तुलममलं स्निग्धं सुपूर्णशीतांशुमंडलविडंबि ॥
सौम्यं समं समांसं सुपरिमलं प्रशस्यते वदनम् ॥१३९॥
जनकवदनानुरूपं यस्या मुखपंकजं सदाह्लादि ॥
सा कल्याणी प्रायेणेति समुद्रः पुरा वदति ॥ १४० ॥
तुरगोष्ट्रखरबिडालव्याघ्रच्छागाननाकारम् ॥
पृथुलं निम्नं स्फुटितं दुर्गन्धं शस्यते न मुखम् ॥१४१॥

મુખ:—ગોળમટોળ, નિર્મળ, ચમકદાર, ચંદ્રની માફક નયન-મનોહર, સૌમ્ય ભાવવાળું, માંસલ અને સુગંધીદાર મુખ વખાણવા લાયક છે. સ્ત્રીનું મુખ પોતાના પિતાના મુખના જેવું હોય તો તે સ્ત્રી સૌભાગ્યશાલિની થાય છે. ઘોડા, ઊંટ, બીલાડા, ગધેડા, વાઘ તથા બકરાના જેવા મુખવાળી સ્ત્રી દુર્ભાગ્યવાળી હોય છે. તેવી જ રીતે પહોળા, નીચા વળી ગએલા અને દુર્ગંધ મારતા મુખવાળી સ્ત્રી સારી ગણાતી નથી ૧૩૯ થી ૧૪૧

रेखाखंडितमध्यो मसृणः परिपक्वबिम्बफलतुल्यः ॥
अधरोष्ठः स्निग्धोऽसौ मनोहरो हरिणशावदृशाम् ॥१४२॥

शस्तः सुधानिधानं सततमधरोष्ठपल्लवो व्यक्तः ॥
हृदयोत्थसदनुरागच्छटाभिरिव रंजितः स्त्रीणाम् ॥१४३॥
विषमोऽलघुः प्रलम्बः प्रस्फुटितः खंडितः कृशो रूक्षः ॥
दन्तच्छदोऽङ्गनानां दत्ते दौर्भाग्यदुःखत्वे ॥१४४॥
श्यामेन भर्तृहीना स्थूलेन् कलिप्रिया भवति नारी ॥
अधरोष्ठेन प्रायो दौर्गत्ययुता विवर्णेन ॥१४५॥
सुदृशामिहोत्तरोष्ठः पर्यायनतः सकोमलो मसृणः ॥
स्निग्धो रोमविरहितः किंचिन्मध्योन्नतः शस्तः ॥१४६॥
भवति पृथुरुत्तरोष्ठः समुन्नतो लोमशो लघुर्यस्याः ॥
स्थूलः सा रमणी स्याद्विधवा कलहप्रिया प्रायः ॥१४७॥

ઓઠઃ—મધ્યભાગમાં રેખાથી બે ભાગમાં વહેંચાઈ જતા, ચમકદાર, પાકેલા ગીલોડા જેવા લાલ. સ્નિગ્ધ અને મનોહર અધરોષ્ઠ હોવો જોઈએ. અધરોષ્ઠ ઉપર સ્ત્રીનો મનોભાવ દેખાઈ આવે છે. લાંબો ટુંકો, બહુ નાનો લબડતો, ફાટેલો, ખંડિત થએલો સુકો કે કાન્તિહીન ઓઠ હોય તો દુર્ભાગ્યની નિશાની સમજવી. ઓઠ કાળો હોય તો પતિહીન, જાડો હોય તો ક્લેશ કરનારી અને રંગહીન હોય તો ઘણું ખરૂં સ્ત્રી દુર્ભાગ્યવાળી થાય છે. ઉપરનો ઓઠ રૂંવાટાં રહિત, સ્નિગ્ધ તથા મધ્યમાંથી કંઈક ઉંચો હોય તો તે સારો ગણાય છે. જેનો ઉપલો ઓઠ ઉન્નત, રોમવાળો, નાનો અને જાડો હોય તે વિધવા થાય છે. અને કલહપ્રિય હોય છે. ૧૪૨ થી ૧૪૭

स्निग्धैः समैः शिखरिभिः समुन्नतैर्विशदकुंदसमशुभ्रैः ॥
दशनैर्घनैस्तरुण्यः सौभाग्यैश्वर्यभोगिन्यः ॥१४८॥
शुचिरुचयो द्वात्रिंशद्दशना गोक्षीरसन्निभाः सर्वे ॥
अध उपरि समा यस्याः सा क्षितिपतिवल्लभा बाला ॥१४९॥
अतिह्रस्वदीर्घसूक्ष्माः स्थूला द्विपंक्तयो दशनाः ॥
विषमाः शुक्त्याकाराः श्यामास्तन्वन्ति दौर्गत्यम् ॥१५०॥
नियतं रदैरधस्तादधिकैर्निजमातृभक्षिणी रमणी ॥
अध उपरि पुनर्विरलैः कुटिला विकटैश्च पतिरहिता ॥१५१॥

सितपीठिकास्थिरदा सक्लेशा दंतुरा पुनः कुटिला ॥
चलितरदा पतिरहिता निरपत्या घनमतिर्युवतिः ॥१५२॥

દાંતઃ—સ્નિગ્ધ, અણીદાર, ખીલેલા, કુંદ કળી જેવા, એક બીજાની સાથે ચોંટી ગએલા દાંત હોય તે સારા ગણાય. આવા દાંતવાળી સ્ત્રીઓ સૌભાગ્ય તથા ઐશ્વર્યને ભોગવે છે. ધોળા રંગના, દૂધ જેવા ઉપર અને નીચે થઈ કુલ ૩૨ દાંતવાળી સ્ત્રી રાજરાણી થાય છે. નાના મોટા, જાડા, બેવડાએલા અને છીપ જેવા દેખાતા દાંતવાળી સ્ત્રી દુર્ગતિને પામે છે. ઉપરની પંક્તિ કરતાં નીચેના દાંત વધારે હોય તો માતાનું સુખ મળતું નથી. વચ્ચે જગ્યાવાળા દાંત હોય તો સ્ત્રી કુટિલ નીકળે છે. ઘણા આછા દાંતવાળી સ્ત્રીને પતિ મળતો નથી. આગળ તરી આવતા દાંતવાળી સ્ત્રી પણ કુટિલ હોય છે. તેમજ હાલતા ( એકબીજાથી દૂર રહેવાથી વગર કારણે ) દાંતવાળી સ્ત્રી જડબુદ્ધિવાળી પતિ તેમજ પુત્રના સુખથી રહિત હોય છે. ૧૪૮ થી ૧૫૨

जिह्वा स्निग्धा मृद्वी शोणा मसृणा तनुर्भवति यस्याः ॥
मिष्टान्नभोजना स्यात्सौभाग्ययुता सा सदा रमणी ॥ १५३॥
स्यादंते संकीर्णा कुशस्येवाग्रविस्तीर्णा वा ॥
श्वेतापि न प्रशस्ता कृष्णा प्रायेण रमणीनाम् ॥१५४॥
खरया तोये मरणं प्राप्नोति विवाहमेति पाटलया ॥
वर्णच्छेदं कलहं श्यामलया जिह्वया युवती ॥१५५॥
दारिद्र्यं मांसलया विशालया रसनया पुनः शोकः ॥
अतिलम्बयापि सततमभक्ष्यभक्षणरतिः स्त्रीणाम् ॥ १५६ ॥

જીભઃ—ટુંકી, લાલ અને સુંદર જીભવાળી સ્ત્રી મિષ્ટાન ભોજી તથા સૌભાગ્યશાળી થાય છે. સ્ત્રીઓને અગ્રભાગમાં અતિશય અણીદાર, ધોળી અથવા કાળી જીભ હોય તો તે ખરાબ લક્ષણ છે. જો ખરબચડી ગધેડાના જેવી જીભ હોય તો પાણીમાં મૃત્યુ થાય છે. ગુલાબી જીભવાળી સ્ત્રી વૈવાહિક સુખ ભોગવે છે. કાળી જીભવાળી વટલાય છે. અને ક્લેશ ભોગવે છે. જાડી જીભ દારિદ્રય આપે છે. લાંબી જીભ શોકાતુર બનાવે છે. અને ઘણી લાંબી જીભ અભક્ષ્ય ભક્ષણ કરાવે છે. ૧૫૩ થી ૧૫૬

स्निग्धं कोकनदच्छवि प्रशस्यते तालु कोमलं विमलम् ॥
श्यामं पीनं च पुनः सुदृशां दुःखावहं बहुशः ॥ १५७ ॥

तालुनि सिते दरिद्रा पतिहीना दुःखिता भवति कृष्णे ॥
प्रव्रज्यासंयुक्ता रूक्षे समले पुनर्नारी ॥ १५८ ॥
कंदस्थूला वृत्ता क्रमशस्तीक्ष्णलोहिता शुभा घंटी ॥
स्थूला सूक्ष्मा लम्बा कृष्णा श्वेता शुभा नैव ॥ १५९ ॥

તાળવું:—સ્નિગ્ધ અને કમળ જેવું તાળવું શુભ મનાય છે. જ્યારે કાળું, જાડું થઈ ગએલ તાળવું શોક તેમજ દુ:ખ આપે છે. ધોળા તાળવાવાળી દરિદ્ર થાય થાય છે. કાળાં તાળવાવાળી સ્ત્રી પતિહીન અને દુ:ખી થાય છે. રૂક્ષ તાળવાવાળી તેમજ મેલા તાળવાવાળી સ્ત્રી સંન્યાસિની થાય છે. સ્ત્રીના ગળામાં મૂળમાં જાડી, અગ્રભાગમાં અણીદાર, લાલાશ પડતી ઘંટિકા ( હૈડીયો ) હોય તો તે શુભ છે. જાડો, ઝીણો, લાંબો કાળો કે ધોળો અશુભ છે. ૧૫૭ થી ૧૫૯

ईषद्विकसितगंडं हसितमलक्ष्यद्विजं कलं शस्तम् ॥
प्रान्ते मुहुः सकंपं संमीलितलोचनं निंद्यम् ॥ १६० ॥

હાસ્ય:—સ્ત્રીઓને હસતી વખતે ગંડસ્થળ સ્હેજ હલે, દાંત દેખાય નહિ, તેમજ કલધ્વનિ થાય તો તે હાસ્ય વખાણવા યોગ્ય કહેવાય. પરંતુ જો હસતાં આંખો બંધ થઈ જતી હોય અને તેમના છેડાઓ ઉપર કંપારી માલુમ પડતી હોય તો તે હાસ્ય નિંદાપાત્ર છે. ૧૬૦

निःस्वां द्विधाग्रभागा कर्मकरीं नासा स्त्रियं लघ्वी ॥
भर्तृविहीनां चिपिटा दीर्घा बहुकोपनां कुरुते ॥ १६१ ॥

નાક:—સ્ત્રીના નાકના અગ્રભાગમાં જો બે ભાગ થઈ જતા હોય તો તે નિર્ધનતાનું લક્ષણ છે. નાનું નાક દાસીપણાનું સૂચક છે. ચપટું નાક વૈધવ્ય કરે છે. અને લાંબુ નાક સ્ત્રીને ક્રોધી બનાવે છે. ૧૬૧

दीर्घं दीर्घायुष्कं क्षुतं कृतपिंडितं ह्लादि ॥
अनुनादयुतं शस्तं ततोऽन्यथा भवति विपरीतम् ॥ १६२ ॥
गोक्षीरचारुलसिते रक्तांते कृष्णतारके तीक्ष्णे ॥
प्रच्छन्नं कथयितुमिव कर्णविलग्ने शुभे नयने ॥ १६३ ॥
नीलोत्पलदलतुल्यैर्विमलैः सूक्ष्मपक्ष्माभिः स्निग्धैः ॥
नयनैरिहार्ककमलैर्भवन्ति सौभाग्यभोगिन्यः ॥ १६४ ॥

मृगनेत्रा शशनेत्रा वराहनेत्रा मयूरनेत्रा च ॥
पृथुनेत्राम्बुजनेत्रा निर्मलनेत्रा शुभा नारी ॥ १६५ ॥
उद्भ्रान्तचित्ता केकरविषमाक्षी निन्दिताक्षी भवेद्युवतिः ॥
मेषाक्षी बिडालाक्षी वृत्ताक्षी समुन्नताक्षी न दीर्घायुः ॥ १६६ ॥
यस्याः पिङ्गलनेत्रद्वितयं सा सुरतसुखकौशलं लभते ॥
दुःशीलत्वेन समं वैधव्यं वा ध्रुवं रमणी ॥ १६७ ॥
गोपिङ्गलनेत्रयुता पितरं श्वशुरं च मातुलं च पुत्रम् ॥
भ्रातरमप्यधिगच्छति कामग्रथिला च मोहपरा ॥ १६८ ॥
कोकनदच्छदरक्तच्छायं नयनद्वयं भवति यस्याः ॥
सा परपुरुषाकांक्षिणी रमणी च नित्यं स्यात् ॥ १६९ ॥
सजलनयना न शस्ता स्फारितनयना विहीनतरा ॥
नरनयना कोटरनयना चंचलनयना गभीरनयनापि ॥ १७० ॥
या सव्यकाणचक्षुः सा परपुरुषाभिचारिणी रमणी ॥
अपसव्यकाणचक्षुः सा जन्मन्येव निरपत्या ॥ १७१ ॥

**આંખ:**—ગાય દૂધના જેવાં સફેદ, છેડા ઉપર લાલ અને કાળી કીકીવાળાં, તથા જાણે શુભ વાત કહેવા આતુર હોય તેવાં લાંબા નેત્રો સારાં ગણાય છે. નીલકમલ જેવાં નિર્મળ, સૂક્ષ્મ પાંપણોવાળાં, સ્નેહાળ નેત્રોવાળી સ્રી સૌભાગ્યવતી રહે છે. હરણ, સસલું, ભૂંડ અને મોરના જેવી તેમજ પહોળી કમળ જેવી અને ચોકખી આંખવાળી સ્રી સારી ગણાય છે. એક નાની અને બીજી મોટી એવી આંખવાળી સ્રી વિક્ષિપ્ત ચિત્તવાળી રહે છે. બિલાડી જેવી, ઘેટા જેવી અને ગોળ આંખોવાળી સ્રી અલ્પાયુષી થાય છે. જે સ્રીની આંખો મધના જેવી પીળચટી હોય, તે સ્રી દુરાચાર કરી સુખ ભોગવે છે. અને તે જલદી વિધવા પણ થઈ જાય છે. જે સ્રીની આંખ હડતાળ જેવા પીળા રંગની હોય છે, તે સ્રી ઘણી જ કામાતુર રહે છે. અને તેથી પિતા, પુત્ર, સસરો અથવા મામા કે ભાઈ ગમે તેની સાથે વ્યભિચાર કરે છે. જે સ્રીની આંખ લાલકમળની કાન્તિવાળી હોય તે પરપુરુષમાં આસક્તિવાળી હોય છે. સ્રીની આંખ પાણીવાળી, ફાટેલી દેખાતી, પુરુષના જેવી કઠોરતાવાળી, ગોળાકાર, ચંચળ અને ઉંડી હોય તે સારી ગણાતી નથી. જે સ્રીની ડાબી આંખ કાણી રહે છે. તે વ્યભિચારિણી નીકળે છે. અને જમણી આંખ કાણી હોય તો વાંઝણી થાય છે. ૧૬૩ થી ૧૭૧

सुदृढैः स्निग्धैः कृष्णैः सूक्ष्मैः स्यात्पक्ष्मभिर्नभैः सुभगा ॥
सूक्ष्मैर्विरलैः कपिलैः स्थूलैर्निंद्या ध्रुवमजाभैः ॥ १७२ ॥
रोदनमानिमेषलक्षणमासामपि पुरुषवत्परिज्ञेयम् ॥
ग्रंथप्रपंचभयतः पुनरिह दिङ्मात्रमपि नोक्तम् ॥ १७३ ॥

પાંપણો:—કાળી, ચમકીલી, મજબુત અને ઝીણી પાંપણોથી સ્ત્રી ભાગ્યશાળી થાય છે. અને બારીક વાળવાળી, કપિલવર્ણની તેમજ આછી આછી પાંપણો હોય તો સ્ત્રી ખરાબ ગણાય છે સ્ત્રીઓને રૂદન, નિમેષ આદિનાં લક્ષણો અને ફળ પુરુષના જેવા જ હોય છે તેથી ગ્રંથ વિસ્તાર થવાના ભયથી અહીં તે સંબંધમાં કંઈ પણ કહ્યું નથી. ૧૭૨–૧૭૩

शस्ता वृत्ता तन्वी भ्रूयुगली कज्जलच्छाया ॥
नयनांभोरुहवलयितरूपा नालं समाश्रयति ॥ १७४ ॥
लघुमृदुरोममयी भ्रूरधिज्यधनुरिव शुभा सुदृशाम् ॥
कीर्णा पिंगलवृत्ता पृथुला खररोमशानशुभा ॥ १७५ ॥
वित्तविहीनां ह्रस्वा मिलिता स्थूला सदैव दुःशीलाम् ॥
वंध्यां सुदीर्घरोमा रमणीं भ्रूवल्लरी कुरुते ॥ १७६ ॥

ભ્રમરો:—ઝીણા મુલાયમ વાળવાળી અને ચઢાવેલી ધનુષ્યની માફક વાંકી વળેલી ભ્રમરો સારી ગણાય છે. છુટી છુટી અને ભૂખરા રંગની અથવા જાડી તેમજ જાડા વાળવાળી ભ્રમરો ખરાબ ફળ આપે છે. નાની ભ્રમરો નિર્ધનને હોય છે. એક બીજાથી મળી ગએલી દુશ્ચરિત્રને હોય છે અને લાંબા વાળવાળી ભ્રમરો વાંઝણીને હોય છે. ૧૭૪ થી ૧૭૬

लम्बा विपुला कर्णद्वयी मिलिता शुभावर्त्तसंयुक्ता ॥
दोलायुगलाविरतिप्रीतिं दंपतिकृते युगपत् ॥ १७७ ॥
रोमोपगता यस्याः शष्कुलिरहिता च नो शस्ता ॥
कुटिला कृशा शिराला नारी सा जायते निंद्या ॥ १७८ ॥

કાન:—લાંબા પહોળા અને માથા સાથે ચોંટી ગએલા લાગતા કાન સારા ગણાય છે. પરંતુ રૂંવાટાંવાળા, છિદ્રરહિત, કુટિલ, સુકાઈ ગએલા તેમજ નસો દેખાઈ આવે તેવાં કાનથી સ્ત્રી નિંદાપાત્ર થાય છે. ૧૭૭–૧૭૮

निर्लोमशिराविरहितमर्द्धेन्दुसमं ललाटतलम् ॥
त्र्यंगुलमानमनिम्नं स्त्रीणां सौभाग्यमावहति ॥ १७९ ॥
रेखारहितं व्यक्तं स्वस्तिकसमलंकृतं शुभं भालम् ॥
प्रगुणं पट्टमिव स्मरनृपस्य राज्याभिषेकाय ॥ १८० ॥
यस्याः प्रलम्बमलिकं सा तु नारी देवरं निजं हंति ॥
तदपि शिरारोमयुतं सा भवेत्पांसुला बाला ॥ १८१ ॥
सीमन्तो ललनानां ललाटपट्टाश्रितः शुभः सरलः ॥
प्रगुणित इवार्द्धचंद्राकृतिः कृतः पुष्पचापेन ॥ १८२ ॥

**લલાટઃ**—રૂંવાટાં રહિત, નસો વગરનું (નસો દેખાતી ન હોય તેવું) અર્ધચંદ્ર જેવું, તેમ જ ત્રણ આંગળ પહોળું લલાટ સ્ત્રીઓને સૌભાગ્યવતી બનાવે છે. રેખા વગરનું, સ્પષ્ટ અથવા સ્વસ્તિકની આકૃતિવાળું, વિશાળ કપાળ સારૂં ગણાય છે. જે સ્ત્રીનું લલાટ વ્યર્થ વધી ગએલું માલુમ પડતું હોય તે સ્ત્રી તેના દીયરનો નાશ કરે છે. અને જો તેવા કપાળ ઉપર વાળ કે નસો દેખાઈ આવતી હોય તો સમજવું કે તે સ્ત્રી વ્યભિચારિણી છે. સ્ત્રીનો સેંથો લલાટથી લઈ લાંબો અર્ધચંદ્ર જેવો દેખાતો હોય તો તે શુભ છે. ૧૭૯ થી ૧૮૨

कुंजरकुम्भनिभं स्याद्वृत्तं शीर्षं समुन्नतं यस्याः ॥
सा भवति भूपपत्नी सौभाग्यैश्वर्यसुखसहिता ॥ १८३ ॥
स्थूलेन भवति शिरसा विधवा दीर्घेण बंधकी युवतिः ॥
विषमेण विषमदुःखा दौर्भाग्यवती विशालेन ॥ १८४ ॥

**માંથું**:—હાથીના કુંભસ્થળ જેવું, ગોળ અને ઉંચું માથું હોય તે સ્ત્રી સૌભાગ્યવતી અને ઐશ્વર્યસંપન્ન રાજપત્ની થાય છે. મોટા સ્થૂલ માથાવાળી વિધવા થાય છે. લાંબા માંથાવાળી વેશ્યા થાય છે. વિષમ માથાવાળી વિષમ પ્રકારનાં દુઃખવાળી અને વિશાળ માથાવાળી સ્ત્રી દુર્ભાગિની થાય છે. ૧૮૩–૧૮૪

रोलम्बसमच्छायाः सूक्ष्माः समुन्नताः स्निग्धाः ॥
केशाः एकैकभवा जायन्ते भूपपत्नीनाम् ॥ १८५ ॥
आकुंचिताग्रभागाः स्निग्धांबुजकालकान्तयः सुभगाः ॥
चिकुरा हरंति यमुनातरंगभंगीं वरस्त्रीणाम् ॥ १८६ ॥

यस्याः प्रस्फुटिताग्राः सूक्ष्माः परुषाः शिरोरुहा लघवः ॥
उच्चा विरला जटिला विषमा सा दुःखिनी युवतिः ॥ १८७ ॥
अतिशयदीर्घस्थूलैर्भर्तृघ्नी कामिनी भवति ॥
केशः कपिलैरमनस्कारस्कंधप्रभवः पुनर्निंद्या ॥ १८८ ॥

વાળઃ—ભમરાના જેવા કાળા, પાતળા અને ચીકણા ચળકતા વાળ ( સારી સ્ત્રીઓને ) રાજપત્નીઓને હોય છે. અગ્રભાગમાં કંઇક વળેલા, ચળકતા, અને વાંકડીયા વાળ ઉત્તમ સ્ત્રીઓને હોય છે. જે સ્ત્રીને અગ્રભાગમાં ફાટેલા, ઘણા ઝીણા, ખરબચડા અને નાનાવાળ હોય છે, અથવા ઊભા, આછા, ઘણા જૂથવાળા કે ખરાબ વાળ હોય છે, તે સ્ત્રી દુઃખી થાય છે. સ્ત્રીનો ચોટલો ઘણા લાંબા અને જાડા વાળનો હોય તો જાણવું કે તે સ્ત્રી પતિનો નાશ કરનાર છે. વળી બદામી, મનને અપ્રિય લાગે તેવા અને છેક ગરદન પર્યંત ઉગેલા વાળવાળી સ્ત્રી નિંદ્ય છે. ૧૮૫ થી ૧૮૮

પ્રકરણ ચોથું સંપૂર્ણ

## અધિકાર પાંચમો

व्यंजनमथ प्रकृतयो मिश्रकमेतदपि भवति संख्यानम् ॥
संक्षेपाल्लक्षणमथ ह्यनुक्रमेणैव वक्ष्यामि ॥ १ ॥
जन्मान्तरं व्यंजनमिह शुभाशुभं व्यज्यते ध्रुवं येन ॥
तनुमयहस्त्वगादि व्यंजनमाख्यायते सद्भिः ॥ २ ॥
रक्तः कृष्णो धूम्रो बिन्दुसमो मशक एव विज्ञेयः ॥
तिलकं तिलकाकारं ततोऽन्यदपि लांछनं स्त्रीणाम् ॥ ३ ॥
अन्तर्भ्रूयुग्मे वा ललाटमध्ये विलोक्यते यस्याः ॥
सुस्निग्धाभो मशकः सा भवति महीपतेः पत्नी ॥ ४ ॥
अन्तर्वामकपोले स्फुटता मशकेन लोहिता भवति ॥
मिष्टान्नभोजनमात्ति प्रायेण सा नितम्बिनी लोके ॥ ५ ॥
तिलकं लांछनमथवा हृदि रक्ताभं विलोक्यते यस्याः ॥
सा धनधान्योपेता पतिप्रिया जायते पत्नी ॥ ६ ॥

रक्तं तिलकं लांछनमपसव्यपयोधरे भवति यस्याः ॥
पुत्रीचतुष्टयं सा सुतत्रयं चांगना सूते ॥ ७ ॥
तिलकेऽशुभैवामकुचे विलासवती तदा स्वनालेन ॥
स्फुटमेकपुत्रजननी सा विधवा दुःखिनी भवति ॥ ८ ॥
गुह्यस्य कुंकुमाभस्तिलकः प्रान्तेऽथ दक्षिणे भागे ॥
सा भवति भूपपत्नी नृपजननी जायते वापि ॥ ९ ॥
मशको लोहितवर्णो नासाग्रे दृश्यते स्फुटो यस्याः ॥
सा भूपपट्टराज्ञी राजानं सूयते सूनुम ॥ १० ॥
विस्फुरति नासिकाग्रे यस्यास्तिलकः सकज्जलच्छायः
भर्तृघ्नी सा नारी विशेषतः पांसुला भवति ॥ ११ ॥
नाभेरधोविभागे मशको वा तिलकलांछने स्याताम् ॥
यस्या भवतः स्निग्धे सा रमणी वहति कल्याणम् ॥ १२ ॥
स्यातां गुल्फौ यस्याः स्फुटलांछनमशकतिलकसंयुक्तौ ॥
सा धनधान्यविहीना दुःखवती जीवति प्रायः ॥ १३ ॥
वामे हस्ते कंठे वा काये जायते ध्रुवं यस्याः ॥
मशको यदि वा तिलकः प्राग्गर्भे सा सुतं सूते ॥ १४ ॥
मशकं तिलकं लांछनमुक्तस्थाने कृताशुभं यासाम् ॥
अंगे पुनरपसव्ये सुदृशां क्लेशावहं बहुशः ॥ १५ ॥

વ્યંજન અને પ્રકુતિ આદિ મિશ્રક સુધીનું લક્ષણ એ પણ સંસ્થાન એટલે દેહ જ છે. તેથી તેમનાં લક્ષણો પણ સંક્ષેપમાં અનુક્રમે કહીશ. જન્માન્તરનાં કર્મોદ્વારા રચાએલું શુભાશુભ જેનાથી સ્પષ્ટ થાય તેનું નામ વ્યંજન છે. અને તે શરીર ઉપરની ચામડીનાં ચિન્હો દ્વારા સ્પષ્ટ થાય છે. માટે તે ચિન્હો ( તલ મશક આદિ )ને સત્પુરુષોએ વ્યંજન કહ્યાં છે. રાતો, કાળો, ધૂમાડીઆ રંગનો બિંદુ જેવો હોય તેને મશક કહે છે. અને જે તિલક ( ચાંલ્લા )ના આકારનું હોય તેને તિલક કહે છે. અને આનાથી જુદો પડતો જે ડાઘ ( લાલ કાળો કે ધૂમાડીઆ રંગનો ) હોય તેને લાંછન

કહે છે. જેની ભ્રમરો વચ્ચે કે કપાળ વચ્ચે સુસ્નિગ્ધ મશક હોય તે રાજપત્ની થાય છે. ડાબા કપોલની અંદર જેને મશકથી લાલાશ દેખાતી ( અર્થાત્ લાલ રંગનો મશક ) હોય તો તે સ્ત્રી પ્રાયઃ મિષ્ટાન્ન ભોજન કરનારી ( અર્થાત્ સુખી ) થાય. સ્ત્રીઓના શરીર ઉપર હૃદયમાં જો લાલ મશક કે તલ હોય તો તે સ્ત્રી ધનધાન્ય યુક્ત અને પતિને પ્રિય પત્ની થાય છે. જે સ્ત્રીના જમણા સ્તન ઉપર લાલ તલ કે મશક હોય તે સ્ત્રી ચાર પુત્રી અને ત્રણ પુત્રનો જન્મ આપે છે. ડાબા સ્તન ઉપર ખરાબ તલ હોય તો તે સ્ત્રી એક જ પુત્રનો જન્મ આપે છે, અને પછી વિધવા તેમજ દુઃખી થાય છે. ગુહ્યાંગના છેડે યા જમણી બાજુએ જો લાલ તલ હોય તો તે સ્ત્રી રાજપત્ની યા રાજમાતા થાય છે. જેની નાસિકાના અગ્રભાગમાં લાલ રંગનો સ્પષ્ટ મશક હોય તે સ્ત્રી રાજપત્ની થાય છે. અને રાજમાતા પણ થાય છે. જેની નાસિકાના અગ્રભાગમાં કાળો તલ હોય તે સ્ત્રી પતિનો નાશ કરે છે. અને ખાસ કરીને વ્યભિચારિણી થાય છે. નાભિની નીચે મશક, તલ યા લાંછન હોય તો તે સ્ત્રી કલ્યાણિની થાય છે. જેની પગની ઘુંટીઓ મશક, તલ કે લાંછનવાળી હોય, તે સ્ત્રી ધનધાન્ય રહિત તથા દુઃખી જીવન ગુજારે છે. જેના ડાબા હાથે, કંઠની ડાબી બાજુએ, અથવા ડાબા અંગે ( ગમે ત્યાં ) મશક કે તલ હોય તે સ્ત્રી પહેલા ગર્ભે પુત્રનો જન્મ આપે છે. મશક, તિલ કે લાંછન સ્ત્રીઓને જે સ્થાનમાં હોવાથી અશુભ ફળ આપે છે તે જ જગ્યાએ જો જમણા અંગમાં હોય તો તે ઘણો જ ક્લેશ આપનારાં બને છે. ૧ થી ૧૫

प्रकृतिर्द्विविधा गदिता स्त्रीणां श्लेष्मादिका स्वभावाख्या ॥
प्रथमा सापि त्रेधा द्वादशधा भवति पुनरन्या ॥ १६ ॥
नारीमतेऽस्ति प्रकृतिः सत्यप्रियभाषिणी स्थिरस्नेहा ॥
बहुप्रसूतिं लभते नीलोत्पलदूर्वांकुरश्यामा ॥ १७ ॥
स्निग्धनखरोमत्वंनारी सुविलोचना क्षमायुक्ता ॥
सुविभक्तसमावयवा बहुसत्यापत्यवीर्ययुता ॥ १८ ॥
अस्थूला सरसा त्वक्प्रसूनतुल्यानुलेपना सुभगा ॥
धर्मार्थिना कृतज्ञा दयान्विता कमलपदा सुमुखी ॥ १९ ॥
प्रच्छन्न धृतवेषा क्षुत्तृष्णाक्षमात्रपोपेता ॥
मितवचना पानभोजनसमया क्ष्मातले पृथुलनयना ॥ २० ॥
साधारणसुरतेच्छा निद्रालुः शीतमांसलश्रोणिः ॥
जलदजलाशयजलजकृतवांछा या भवेस्स्वप्ने ॥ २१ ॥

સ્રીની પ્રકૃતિ બે જાતની હોય છે, અને તેના કફ ઈત્યાદિથી વૈકારિક તથા સ્વભાવિક એમ બે ભેદ પડે છે. વૈકારિકના ત્રણ પેટાભેદ છે, અને સ્વાભાવિકના બાર પેટાભેદ છે. **અ કફપ્રકૃતિ:**—જે સ્રી સત્ય અને પ્રિય બોલનારી હોય, સ્નેહાળ હોય, અને નીલકમળ અથવા દૂર્વાના જેવા શ્યામ વર્ણની હોય તે કફ પ્રકૃતિસંપન્ન ગણાય. અને તેવી સ્રી ઘણાં સંતાનોની માતા થાય છે. જે સ્રીના નખ, રૂંવાટાં એક જાતની શોભાને વ્યક્ત કરતાં હોય, જેની આંખો મોટી અને ક્રોધરહિત હોય, તેમજ અંગ પ્રત્યંગ પોતપોતાના પ્રમાણમાં હોય, તે સ્રી સત્યવાદિની અને સંતતિવાળી થાય છે. મૃદુ અને ભીના વાનની ( સ્નાન કર્યા પછી તરત જ જેવી લાગે છે તેવી ) ચામડી હોય, અને પુષ્પની માફક સુંદર લાગતી હોય, તે સ્રી ધાર્મિક, કૃતજ્ઞ, દયાળુ તથા સૌભાગ્યશાલી થાય છે. જે સ્રી અંગ પ્રત્યંગને વસ્રપરિધાન દ્વારા કુદરતી રીતે જ ( સ્વભાવથી જ ) છુપાવતી હોય, વળી જે ભૂખ, તરસ લજ્જાને ધારણ કરી શકતી હોય, ક્ષમાવાળી હોય, મિતભાષિણી, સમયે જ ખાનપાન કરનારી હોય, વિશાળ નેત્ર-વાળી હોય, મૈથુનની સાધારણ ( ઘણી લોલુપ અથવા તદ્દન વિરક્ત નહિ એવી ) ઈચ્છાવાળી હોય, જેનો ચહેરો જોતાં નિદ્રા આવતી હોય તેમ મદવાળો દેખાતી હોય, જેની કમરની નીચેનો ભાગ માંસલ અને શીતળ હોય, અને જે સ્રી મેઘ, જલાશય તથા કમળ સ્વપ્નમાં જોતી હોય તેવી સ્રી કફ પ્રકૃતિની ગણાય છે. ૧૬ થી ૨૧

योषित्पित्तप्रकृतिः गौरी कृष्णाऽथ वा हृष्टा ॥
आताम्रा नयनकररुहरसनापाणितलनालुतलाः ॥ २२ ॥
क्षणक्षणविकसचेष्टाऽभीष्टशीतमधुरसा पुनर्मृद्वी ॥
विरलकपिलमूर्द्धजरोमा मेधावती प्रायः ॥ २३ ॥
प्रियशुचिवसनमाल्या उपनाड्युष्णाशिथिलमृदुगुह्या ॥
अभिमानिनी शुचिरतां विशदस्मितवल्लभा शूरा ॥ २४ ॥
धृतवलिपलितत्तृट् तनुवीर्या मृदुलमोहनक्रीडा ॥
किंशुकदिग्दाहतडिद्दहनादीन्पश्यति स्वप्ने ॥ २५ ॥

**બ પિત્તપ્રકૃતિ:**—જે સ્રીની પિત્તપ્રકૃતિ હોય છે, તે ગોરી અથવા કાળી હોય છે. આનંદિત રહે છે. અને તેની આંખ, હાથના નખ, જીભ, હથેળી તથા તાળવું એટલા ભાગ લાલ હોય છે. તેની ચેષ્ટામાં પ્રતિક્ષણ ફેરફાર થયા કરે છે. ઠંડા અને મીઠા રસ ઉપર તેની રુચિ હોય છે, અને તેનાં અંગ પ્રત્યંગ મૃદુ લાગે છે. આવી સ્રીઓના વાળ કપિલ વર્ણના અને આછા આછા હોય છે, અને તેઓ ઘણુંખરું બહુ

બુદ્ધિશાળી હોય છે. સફેદ રંગનાં વસ્ત્રો અને આભૂષણો ઉપર પ્રેમ રાખે છે. શરીરની નસો ઉપર તરી આવતી માલુમ પડે છે. શરીર ગરમ અને ગુહ્યાંગ શિથિલ તથા મૃદુ રહે છે, અભિમાન, પવિત્રતા, શૂરતા, વિશદ હાસ્ય અને વિશદ વાણીવાળી હોય છે. આવી પ્રકૃતિની સ્ત્રીઓના વાળ જલદી સફેદ થઈ જાય છે. અલ્પવીર્યવાળી હોવા છતાં મૃદુતાવાળી હોય છે, અને મોહક ક્રીડા કરે છે. તે સ્વપ્નમાં લાલ વસ્ત્ર, દિગ્દાહ (દિશાઓ બળતી હોય તેવો આભાસ) વીજળી, અને અગ્નિ ઈત્યાદિને જુએ છે. ૨૨ થી ૨૫

वनिता वातप्रकृतिः स्फुटितकचा भग्नपादतला ॥
रूक्षा वै नखदशनाश्चलवृत्ता चंचलप्रकृतिः ॥ २६ ॥
अजितेन्द्रिया खरांगी गंधर्वविलासहासकलहरतिः ॥
बहुभोजनाल्पनिद्रा बहुलालापभ्रमणशीला ॥ २७ ॥
धूसरशरीरवर्णा छायाविद्वेषमधुरसा शिशिरा ॥
किंचिद्विवृत्ताक्षमुखी शेते विलपति निशि त्रसति ॥ २८ ॥
बह्वम्ललवणतिक्तस्निग्धकषायप्रिया सुरतिकठिना ॥
गोजिह्वाकर्कशतनुरोमा सुश्रोणिबिम्बयुता ॥ २९ ॥
उद्यानवनक्रीडारतिरत्युष्णप्रिया स्थिरक्रोधा ॥
तरुपर्वताधिरोहं स्वप्ने कुरुते न भोगमना ॥ ३० ॥
प्रायेणैषा प्रकृतिः शुद्धेव विलोक्यते स्फुटं क्वापि ॥
भेदाः पुनरेतासां बहवोपि भवंति मनुजानाम् ॥ ३१ ॥

क. વાતપ્રકૃતિઃ—વાયુપ્રકૃતિવાળી સ્ત્રી જાડા અને રૂક્ષ વાળવાળી, વાંકીચુંકી પગની પાનીવાળી, અને ચંચળ સ્વભાવની હોય છે. તેના નખ અને દાંત રૂક્ષ (લુખ્ખા તેજહીન) લાગે છે. ઈન્દ્રિયો ઉપર સંયમ રાખી શકતી નથી. ગધેડીની માફક બરછટ શરીરવાળી માલુમ પડે છે. ગાયન, હાવભાવ, હાસ્ય તથા ક્લેશ કરવાની ટેવ ધરાવે છે. ઘણું ભોજન કરે છે. અલ્પ નિદ્રા લે છે. ઘણું બોલે છે. અને ઘણું રખડે છે. તેના શરીરનો રંગ ધૂળના જેવો હોય છે. તેની કાન્તિ મોહ ઉત્પન્ન કરતી નથી. મોઢું અને આંખો ફાટેલાં હોય તેમ લાગે છે. અને તે ઉંઘમાં રડે છે, બબડે છે, તેમજ ડર અનુભવે છે. તેને ખાટું, ખારૂં, તીખું, ચોપડું ભોજન પ્રિય હોય છે. ગાયની જીભની માફક તેનાં રૂંવાટાં કર્કશ લાગે છે. તેના પેઢાનો ભાગ મનોહર લાગે

છે. પરંતુ સુરત ક્રિયામાં બહુ જ શ્રમસાધ્ય હોય છે. બગીચાઓમાં તેમજ જંગલમાં ફરવાનું પસંદ કરે છે, સદાય ક્રોધી રહે છે, અને સ્વપ્નમાં ઝાડ તથા પર્વત ઉપર ચઢતી હોય છે. આવી સ્ત્રીઓને ભોગ પ્રિય હોતો નથી. આ પ્રમાણે કફ, પિત્ત તથા વાયુની પ્રકૃતિવાળી સ્ત્રીઓનું વર્ણન છે. પરંતુ આવો શુદ્ધ ભેદ ક્વચિત્ જોવામાં આવે છે. મોટે ભાગે એક બીજાથી મિશ્ર પ્રકૃતિ જ દેખાય છે. ૨૯ થી ૩૧

सुरविद्याधरगंधर्वयक्षराक्षसपिशाचवानरकापिभिः ॥
अहिखरबिडालसिंहैस्तुल्यान्या प्रकृतिरत्रैषा ॥ ३२ ॥
अल्पाशिनी सुगंधा समुज्ज्वला चारुमानसा शुद्धा ॥
प्रियवसना तनुनिद्रा निर्दिष्टा सा सुरप्रकृतिः ॥ ३३ ॥
विद्याधरस्वभावा भवति कलागुणविचक्षणा शांता ॥
चन्द्रानना सुभोगा मनोहरस्थानबद्धरतिः ॥ ३४ ॥
उद्यानवनासक्ता कलस्वरा गीतनृत्यरक्तमनाः ॥
परिचितसुगंधमाल्या गंधर्वप्रकृतिरबला सा ॥ ३५ ॥
आरामजलक्रीडारता विभूषणपरायणा कान्ता ॥
प्रायो यक्षप्रकृतिर्द्धनरक्षणकांक्षिणी रमणी ॥ ३६ ॥
बह्वशना क्रुद्धमना हन्ति पतिं प्राणलग्नमप्युग्रा ॥
सा राक्षसस्वभावाकटुकालापा दुराचारा ॥ ३७ ॥
शौचाचारभ्रष्टा रूपविहीना भयंकरा सततम् ॥
प्रस्वेदमलोपेता भवति पिशाचकृतिरशुभा ॥ ३८ ॥
दानदयानियमरतिः पतिव्रता देवगुरुकृताज्ञा च ॥
कार्याकार्यविविक्ता नरस्वभावा भवति नारी ॥ ३९ ॥
स्थैर्यं क्वापि न कुरुते समस्तदिग्वीक्षणेक्षणासक्ता ॥
उत्फालगातिर्लुब्धा दुर्वेषा सा कपिप्रकृतिः ॥ ४० ॥
अन्यच्छिद्रान्वेषणपरायणा कुटिलगामिनी रौद्रा ॥
धृतवैरा क्रोधरुचिरहिस्वभावा च वनिता स्यात् ॥ ४१ ॥

सहते परां विभूतिं खरमैथुनसेविनी मुसलनादा ॥
अन्नेन येन केनचिदुपचितगात्रा खरप्रकृतिः ॥ ४२ ॥
छद्मं कुरुते पापं परपीडान्यस्तमानसा सततम् ॥
स्त्री सापवादरक्षणपरा बिडालस्वभावा च ॥ ४३ ॥
एकान्तस्थानरतिश्चिरेण मैथुननिषेवणस्था च ॥
निद्रालसा गतभया सिंहप्रकृतिर्भवति युवतिः ॥ ४४ ॥

અગાઉ પુરુષની પ્રકૃતિના ભેદ પાડતાં પ્રાચીનાચાર્યોએ દશ ભેદ પાડ્યા હતા. પરંતુ સ્ત્રીની પ્રકૃતિના સર્વ પ્રથમ બે, અને બીજા વિભાગના પેટાવિભાગ તરીકે બાર ભેદ પાડ્યા છે. અને તેને દેવ, વિદ્યાધર, ગંધર્વ, યક્ષ રાક્ષસ, પિશાચ, મનુષ્ય, માંકડાં, સર્પ, ગધેડાં બિલાડી અને સિંહ એમ સંજ્ઞા આપે છે. જે સ્ત્રી અલ્પાહારી, મનોહર સુગંધવાળી, સરલ મનની, શુદ્ધ વર્તનવાળી, સુંદર વસ્ત્રો ધારણ કરનારી અને અલ્પ નિદ્રાવાળી હોય, તે દેવ પ્રકૃતિની જાણવી. કલાપ્રિય, શાન્તા, મનોહર, સ્થાન ઉપર પ્રેમ રાખનારી, અને ચંદ્રમુખી હોય, તેમજ સુરતક્રિયામાં સુખસાધ્ય હોય તે વિદ્યાધર પ્રકૃતિની જાણવી. બગીચા વગેરે આમોદ પ્રમોદનાં સ્થાનો પ્રત્યે રુચિવાળી, મીઠા અવાજવાળી, ગીત નૃત્ય ઈત્યાદિમાં ચતુર તેમજ પુષ્પોની માળા ઈત્યાદિ પ્રત્યે આકર્ષણ ધરાવનારી સ્ત્રી ગાંધર્વ પ્રકૃતિની જાણવી. પાણીમાં વિહાર કરવાની રુચિવાળી આભૂષણોને ચાહનારી, મનોહર તથા ધનનો સંચય કરવાની વૃતિવાળી સ્ત્રી યક્ષ પ્રકૃતિની જાણવી. ખુબ ખાનારી, ક્રોધી, કઠોર વાક્ય બોલનારી, દુરાચારી સ્ત્રી રાક્ષસ પ્રકૃતિની જાણવી. અને તે પ્રેમાળ પતિનું પણ ખુન કરે છે પવિત્રતા તથા આચાર વિચારથી રહિત, રૂપહીન, ભયંકર, તથા પરસેવાથી ગંધાતી અને મેલી સ્ત્રી પિશાચ પ્રકૃતિની જાણવી. દાન, દયા તથા નિયમવાળી, પતિવ્રતા, દેવ ગુરુની આજ્ઞા માનનાર, કાર્ય–અકાર્યને સમજનાર સ્ત્રી મનુષ્ય પ્રકૃતિની જાણવી. કોઈ જગ્યાએ ઠરીને નહિ બેસનારી, ચારે બાજુ નજર ઘુમાવનારી (ચકળ–વકળ આંખોવાળી), અને કુદકા મારતી ગતિવાળી સ્ત્રી વાંદરાની પ્રકૃતિ ધરાવનાર સમજવી. બીજાનાં છિદ્રો જોનારી, ચાલતાં ચાલતાં વાંકીચુંકી ગતિકરનારી, ભયંકર, વેર રાખનારી, અને ક્રોધી સ્ત્રી સર્પ પ્રકૃતિની જાણવી. બીજાની પ્રભુતાને પણ ગાંઠન નહિ કરનારી, મોટા ઘાંટાવાળી અને ગમે તે ખોરાકથી પણ પુષ્ટ થનારી સ્ત્રી ગધેડાની પ્રકૃતિવાળી સમજવી. ગુપ્ત પાપાચાર કરનારી, બીજાને હેરાન કરવાની આદતવાળી, અને પોતાના દુષ્કર્મને છુપાવનારી સ્ત્રી બીલાડાની પ્રકૃતિની જાણવી. એકાન્તને પસંદ કરનારી, કદાચિત્ જ સુરતને સેવનારી ઉંઘણશી તથા નિડર સ્ત્રી સિંહ પ્રકૃતિની જાણવી. ૩૨ થી ૪૪

या मंडूककुक्षिर्भवति न्यग्रोधमंडला युवतिः ॥
सा सूते सुतमेकं सोपि पुनश्चक्रवर्ती स्यात् ॥ ४५ ॥
भालस्थले त्रिशूलं विलोक्यते दैवनिर्मितं यस्याः ॥
तस्याः स्वामित्वं स्याद्भुवने वनितासहस्राणाम् ॥ ४६ ॥
या हरिणाक्षी हरिणग्रीवा हरिणोदरी हरिणजंघा ॥
जातापि दासवंशे सा युवतिर्भवति नृपपत्नी ॥ ४७ ॥
मधुपिंगाक्षी स्निग्धा श्यामांगीराजहंसगतिनादा ॥
अष्टौ जनयति पुत्रान्धनधान्यविवर्धिनी तन्वी ॥ ४८ ॥
पीवरनितम्बबिम्बा पीवरवक्षोजमण्डला बाला ॥
पीवरकपोलपाली सा सौभाग्यान्विता युवतिः ॥ ४९ ॥
रक्तातालुनखरसना रक्तोष्ठी रक्तपाणिपादतला ॥
रक्तनयनान्तगुह्या धनधान्यसमन्विता वनिता ॥ ५० ॥
पृथुनयना पृथुजघना पृथुवक्षाः पृथुकटिः पृथुश्रोणिः ॥
पृथुशीला च पुरंध्री सुपूजिता जायते जगति ॥ ५१ ॥
मृदुरोमा मृदुगात्री मृदुकोपा मृदुशिरोरुहा रमणी ॥
मृदुभाषिणी अगण्यैः पुण्यैरसाध्यते सद्यः ॥ ५२ ॥
जानुयुगं जंघाद्वयमपि लगति परस्परेण यस्याः ॥
उत्कृष्टकामिनी या सा सौभाग्यान्विता रमणी ॥ ५३ ॥
दीर्घमुखी दीर्घाक्षी दीर्घभुजा दीर्घमूर्द्धजा तन्वी ॥
दीर्घांगुलिका प्राप्नोत्यायुर्दीर्घं सुखोपेतम् ॥ ५४ ॥
वृत्तमुखी वृत्तकुचा वृत्तप्रसृतोरुजानुगुल्फयुगा ॥
वृत्तग्रीवानाभिर्वृत्तशिरा जायते धन्या ॥ ५५ ॥
व्यक्ता भवंति रेखा मणिबंधे कंठदेशके नूनम् ॥
पूर्णास्तिस्रो यस्या नृपस्य सा जायते जाया ॥ ५६ ॥

જે સ્ત્રીની કુક્ષી દેડકા જેવી હોય, અને વડના ઝાડની માફક ફેલાઈ ગએલા અંગવાળી એટલે કે ગંભીર અને વિશાળ લાગતી હોય તો તે સ્ત્રી એકજ પુત્રનો જન્મ આપે છે. પણ તે પુત્ર ઘણો મોટો યશસ્વી બને છે. જે સ્ત્રીના કપાળની અંદર કુદરતી ત્રિશુલનો આકાર માલુમ પડી આવતો હોય, તે સ્ત્રી ઘણી દાસીઓની માલિક થાય છે. હરણુ જેવી આંખ, ગ્રીવા, પેટ અને જાંઘવાળી સ્ત્રી ગરીબ ઘરમાં જન્મી હોય છતાં પણ રાજરાણી થાય છે. મધના જેવી પીળચટી આંખવાળી, ભીનાવાનવાળી અને શ્યામા તેમજ રાજહંસના જેવી ગતિવાળી સ્ત્રી ધનધાન્યને વધારનારી તથા આઠ પુત્રોની માતા થાય છે. પુષ્ટ નિતંબ, સ્તન તથા કપોળવાળી સ્ત્રી સૌભાગ્યશાલિની થાય છે. જે સ્ત્રીનાં તાળવું, નખ, જીભ, ઓઠ, હથેળી, પગનું તળીયું તથા આંખના ખુણા લાલ રંગના હોય તે સ્ત્રી ધનધાન્યથી પરિપૂર્ણ રહે છે. જે સ્ત્રીની આંખ, જાંઘ, સ્તન, કમર, અને પેઢું એ અવયવો પુષ્ટ (વિશાળ) હોય તે સ્ત્રી કુટુંબમાં શ્રેષ્ટ થાય છે. જેનાં રૂંવાટાં, ગાત્ર, તથા માથાના વાળ મૃદુલ હોય અને જેની વાણી પણ મૃદુ હોય, તેવી સ્ત્રી કોઈ ભાગ્યશાળી પુરુષને જ પુણ્યયોગે પ્રાપ્ત થાય છે. જે સ્ત્રીના સાથળ તથા પગની જાંઘો એકબીજાને ઘસાતી હોય તેવી શ્રેષ્ઠ સ્ત્રી સૌભાગ્યને ભોગવે છે. મોં, આંખો, હાથ, માથાના વાળ, તથા આંગળીઓ જેને લાંબી હોય તે સ્ત્રી લાંબુ સુખી જીવન ગુજારે છે. મુખ, સ્તન, જાનુ, સાથળ, ઢીંચણ, ગ્રીવા, નાભિ તથા મસ્તિષ્ક આટલાં અંગ જેનાં ગોળ હોય તે ઉત્તમ સ્ત્રી હોય છે. જે સ્ત્રીના મણિબંધ અથવા તો કંઠ પર સ્પષ્ટ રેખા હોય તે સ્ત્રી રાણી થાય છે. ૪૫ થી ૫૬

उत्तप्तस्वर्णरुचिरा तनुत्वचा सकलकोमलावयवा ॥
लब्धसमुदायशोभा प्रायः श्रीभाजनं सुदृशी ॥ ५७ ॥

જેનો રંગ તપાવેલા સોના જેવો લાગતો હોય, જેની ચામડી પાતળી અને મુલાયમ હોય, જેના દરેક અવયવ કોમળ માલુમ પડતા હોય તે સ્ત્રી લક્ષ્મીની ભોગવનાર સમજવી. ૫૭

पद्मिन्यथ हस्तिन्यथ शंखिनी चित्रिणीं च भेदेन ॥
वनिता चतुष्प्रकारा क्रमेण तल्लक्षणं वयं ब्रूमः ॥ ५८ ॥

स्निग्धश्यामलकान्तिस्तिलकुसुमाकारसुभगनासिकायस्याः ॥
त्रिवलीतरंगमध्या वृत्तकुचा स्निग्धकृष्णकचा ॥ ५९ ॥

पद्ममुखी मधुगंधा पद्मायतलोचना प्रियालापा ॥
बिम्बोष्ठी हंसगतिर्द्धर्मरतिः पद्मिनी भवति ॥ ६० ॥

સ્ત્રીઓના પદ્મિની, હસ્તિની, શંખિની અને ચિત્રીણી એવા ચાર ભેદ પ્રાચીનાચાર્યોએ કહ્યા છે. તે બતાવીએ છીએ. જે સ્ત્રીની આકૃતિ સ્નેહાળ, ચીકણી, નિલકમળવત્ શ્યામ હોય, જેનું નાક તલના ફુલના જેવું હોય, જેના ઉદર પર ત્રણ વલ્લી પડતી હોય, સ્તન ગોળ હોય, ચીકણા કાળા વાળ હોય, કમળની માફક ખીલેલું મુખ હોય, શરીરમાંથી મીઠી ( માદક ) સુગંધી આવતી હોય, કમળની પાંખડીની માફક લાંબી આંખ હોય, અવાજ મધુર અને કર્ણપ્રિય, ગતિ હંસના જેવી અને ઓઠ લાલ રંગના હોય તેવી સ્ત્રી પદ્મિની કહેવાય છે, અને તેની ધર્મ ઉપર રુચિ હોય છે. ૫૮ થી ૬૦

**स्थूलदशना सुमध्या गद्गदनादा मदोत्कटा चपला ॥**
**ह्रस्वोरुभुजग्रीवाजंघा वादित्रगीतरतिः ॥ ६१ ॥**
**स्निग्धतरंगकेशी पीनोन्नतविपुलवृत्तकुचकलशा ॥**
**मत्तमतंगजगमना मदगन्धा हस्तिनी भवति ॥ ६२ ॥**

મોટા દાંતવાળી, કમરમાંથી પાતળી, ગદ્ગદ્ અવાજવાળી, મદોન્મત ગતિવાળી અને ચપળ, સાથળ, હાથ, ગળું તથા જાંઘ એ ચારે અવયવ ટુંકા હોય, ગાયન વાદનમાં અભિરુચિ ધરાવતી હોય, વાંકડીયા કાળા વાળ હોય, પુષ્ટ અને દેખાઈ આવતા ગોળ સ્તન હોય, તેમજ મદોન્મત લાગતી હોય, તે સ્ત્રી હસ્તિની ગણાય છે. ૬૧–૬૨

**विषमकुचा विषगंधा दीर्घप्रस्तोरुनासिकानयना ॥**
**तनुकेशी खरचित्ता शंखरदा शंखिनी योषित् ॥ ६३ ॥**

જે સ્ત્રીના સ્તન એક બીજા સાથે સરખા પ્રમાણવાળા ન હોય, કમળના પુષ્પ જેવી સુગંધી ધરાવતી હોય, લાંબા અને ફેલાઈ ગએલા સાથળ, નાક તથા આંખો હોય, વાળ ટુંકા હોય, ચિત્ત કઠોર હોય, અવાજ પણ કાનને કઠોર લાગે તેવો ( શંખનાદ ) જેવો હોય તે શંખિની સ્ત્રી કહેવાય છે. ૬૩

**तुङ्गपयोधरभारा विचित्रवस्त्रा प्रियाचलालापा ॥**
**सुक्षारगन्धनिचिता चित्राक्षी चित्रिणी गदिता ॥ ६४ ॥**

જેના સ્તન ઉપસી આવેલા હોય, ચિત્ર વિચિત્ર વસ્ત્રોને ધારણ કરતી હોય, વળી અસ્તવ્યસ્ત અસંબદ્ધ વાર્તાલાપ કરતી હોય, જેના શરીમાંથી ક્ષારમિશ્રિત સુગંધ આવતો હોય, અને જેની આંખો અતિશય ચપળ હોય, તેવી સ્ત્રી ચિત્રિણી કહેવાય છે. ૬૪

**कपिलविलोचनललनां कपिलकचां कपिलरोमराजिचिताम् ॥**
**कपिलावयवां बालां सन्तः शंसंति न प्रायः ॥ ६५ ॥**

विपुलमुखी विपुलकचा विपुलाक्षी विपुलकर्णपदा ॥
विपुलांगुलिका प्रायो भर्तृघ्नी जायते योषित् ॥ ६६ ॥
कृष्णाक्षी कृष्णाङ्गी कृष्णनखी कृष्णरोमराजिकचा ॥
कृष्णौष्ठतालुरसना सा नियतं कृष्णचारित्रा ॥ ६७ ॥
लम्बललाटी लम्बग्रीवा लम्बोष्ठनासिका न शुभा ॥
लम्बपयोधरबाला लंबस्फिग्लम्बरमणमणिः ॥ ६८ ॥
निःसरति वदनकुहराल्लाला यस्याः सदा शयानायाः ॥
स्मेरे किञ्चिन्नेत्रे सा बाला कथ्यते कुलटा ॥ ६९ ॥
यदि नाभ्यावर्त्तवले रेखाहीनं पृथूदरं यस्याः ॥
दुःखाद्याकुलचित्ता सा युवतिर्जायते सततम् ॥ ७० ॥

ચંચળ અને ધૂમાડીયા રંગની આંખો, ધૂમાડીયા રંગના વાળ, રૂંવાટાં તથા જેના અવયવો મેલા માલુમ પડતા હોય તેવી સ્ત્રી સારી ગણાતી નથી. મોં, વાળ, આંખો, કાન તથા પગ અને આંગળીઓ જેને પહોળી રહેતી હોય તે સ્ત્રી પોતાના પતિનો ઘાત કરે છે. જેનાં આંખ, અવયવ, નખ, વાળ, રૂંવાટાં, ઓઠ, તાળવું અને જીભ કાળા રંગનાં હોય છે, તે સ્ત્રી કૃષ્ણચરિત્રા એટલે ભયંકર કૃત્ય કરનારી હોય છે. લલાટ, ગળું, ઓઠ, નાક, સ્તન તથા પગના થાપા અને ગુહ્યાંગ જેને લાંબા હોય તેવી સ્ત્રી સારી હોતી નથી. જે સ્ત્રીને ઉંઘતાં મોંઢામાંથી લાળ પડતી હોય, અને આંખો કંઈક ઉઘાડી રહી જતી હોય તે સ્ત્રી કુલટા હોય છે. જે સ્ત્રીના પેટ ઉપર વલ્લી ન હોય અને નાભિ ભમરી લેતી ઊંડી પેસી ગએલી હોય તે સ્ત્રી દુઃખથી વ્યાકુલ ચિત્તવાળી ( દુર્ભાગ્યવાળી ) હોય છે. ૬૫ થી ૭૦

प्रसभं प्रसरति बाष्पं प्रहसंत्या नेत्रकोणयोर्यस्याः ॥
लाला च मुखात्तस्याः कौतस्त्या शीलरक्षा स्यात् ॥ ७१ ॥
युगपद्भवन्ति यस्या दुर्गन्धाः श्वासमूत्रवपुर्ऋतवः ॥
साक्षादेव कुठारी सा वंशविकर्तिनी वनिता ॥ ७२ ॥
यस्याः स्फुटं हसंत्याः कपोलयोः कूपकौ स्याताम् ॥
नयने नितांतचपले सा भर्तृघ्नी भवत्यसती ॥ ७३ ॥

यान्त्या स्वैरं यस्या दैववशात्पटपटायते वसनम् ॥
सा सततमेव कलयति रमणी कल्याणवैकल्यम् ॥ ७४ ॥
सर्वेऽस्थिसंधिबंधा यस्या गमनेन विकटिकायन्ते ॥
सुतमपि पतिं चिकीर्षति सा संगतयौवनं युवतिः ॥ ७५ ॥
अपराङ्गं रोमयुतं पूर्वाङ्गं रोमविरहितं यस्याः ॥
भवति विपरीतमथवा भयंकरा सा पिशाची च ॥ ७६ ॥
फल्गुप्रचारशीला निष्कारणदृङ्निरीक्षणप्रगुणा ॥
निष्फलबहुलालापा सा नारी दूरतस्त्याज्या ॥ ७७ ॥
अतिह्रस्वमुखा धूर्ता दीर्घमुखा दुःखभागिनी वनिता ॥
शुष्कमुखी वक्रमुखी सा सौभाग्यैश्वर्यसुखहीना ॥ ७८ ॥
यस्याः कपिला वृत्ता निरंतरा वपुषि रोमराजिः स्यात् ॥
जाता पितृपतिगोत्रे सा भुवि भजते भुजिष्यात्वम् ॥ ७९ ॥
सततं विस्पष्टमानाखरोच्चकटुकस्वरा स्फुरद्भ्रुकुटिः ॥
स्वच्छंदाचारगतिः सा स्याद्रहिता निरंतरं लक्ष्म्या ॥ ८० ॥

જેને હસતાં નેત્રના ખુણામાંથી આંસુ ટપકતાં હોય અને મોઢામાંથી લાળ નીકળતી હોય તે સ્ત્રી વ્યભિચારિણી હોય છે. જે સ્ત્રીનાં શ્વાસ, મૂત્ર, શરીર અને ઋતુ (સ્રાવ) એ દરેક દુર્ગંધવાળાં હોય, તે સ્ત્રી વંશનો ઉચ્છેદ કરે છે. જે સ્ત્રીને હસતાં ગંડસ્થળ ઉપર ખાડા પડતા હોય, અને આંખો ચંચળ રહેતી હોય તે સ્ત્રી દુરાચારિણી અને પતિનો ઘાત કરનારી હોય છે. જે સ્ત્રીને ચાલતાં કપડાંનો ફડફડાટ થતો હોય તે સ્ત્રી શુભ ફળ ભોગવી શકતી નથી. જે સ્ત્રીને ચાલતાં અંગપ્રત્યંગ દરેકમાંથી અવાજ થતો હોય તે સ્ત્રી કામાતુર રહે છે. અને પોતાના પુત્રથી પણ કામોપભોગની ઈચ્છા રાખ્યા કરે છે. જે સ્ત્રીના ઉપરના ભાગમાં રૂંવાટાં ન હોય અને નીચેના ભાગમાં હોય તે સ્ત્રીને રાક્ષસી જેવી જાણવી. જે સ્ત્રી હેતુ વગર રખડવાની આદતવાળી હોય, અને કારણ વગર અહીં તહીં નજર ફેરવ્યા કરતી હોય, વળી નિરર્થક બહુ બોલ્યા કરતી હોય તે તજવા યોગ્ય છે. જેનું મોં એકદમ નાનું હોય છે, તે ધૂર્ત હોય છે અને એકદમ લાંબા મુખવાળો દુઃખી થાય છે. તેવી જ રીતે તદ્દન સુક્કા મોં વાળો અથવા વાંકા મુખવાળી સ્ત્રી સૌભાગ્ય, ધન તથા સુખથી વર્જીત રહે છે. જેના શરીર ઉપર

બધેજ બદામી રંગના વાળ હોય તે સ્ત્રી સારા કુટુંબમાં ઉત્પન્ન થએલી, અને સારા કુટુંબમાં પરણાવવામાં આવી હોય તો પણ દાસી થઈ પૃથ્વી ઉપર ભટકયા કરે છે. જે સ્ત્રીને બોલતાં ગધેડાની માફક ઘોંઘાટ થાય, તેમજ ભ્રમરો ઉંચી નીચી થતી હોય, તે સ્ત્રી સ્વચ્છંદી અને નિર્ધન થાય છે. ૭૧ થી ૮૦

उत्कंटकं सांगुलिकं पाणितलपादतलद्वयं यस्याः ॥
राजान्वयजातापि स्याज्या दूरादपि प्रमदा ॥ ८१ ॥
अतिह्रस्वा द्राघिष्ठाथ वा तनिष्ठांगनास्थविष्ठा वा ॥
रूपिण्यपि विश्वस्मिन्सा स्पष्टमनिष्टदा भवति ॥ ८२ ॥
पादौ यस्याः स्फुटितौ रोमशाचिपिटांगुली गूढनखौ ॥
वा कच्छपपृष्ठ नखौ सा नारी दुःखदरिद्रताहेतुः ॥ ८३ ॥
विकलांगी व्याधियुता शुष्कांगी वामना तथा कुब्जा ॥
नीचान्वयजा रमणी परिहरणीया सुरूपाऽपि ॥ ८४ ॥
निशि सुप्ता या सततं पिनष्टि दशनान्परस्परं नारी ॥
यत्किञ्चिदपि प्रलपति सा न च शस्ता सुलक्षणाऽपि ॥ ८५ ॥
काकमुखी काकाक्षी काकरवा काकजंघिका नारी ॥
काकगतिश्चेष्टा स्यान्नूनं दारिद्र्यदुःखवती ॥ ८६ ॥
सततं कोपाविष्टा स्तब्धांगी चंचला महाबाहुः ॥
अतिकृशकरपादयुगा न कदाचन मंगला प्रमदा ॥ ८७ ॥
अंगुष्ठेन विरहिता यस्याः करपादांगुलीमिलिताः ॥
सा दारिद्र्यवती स्याद्युवतिर्यदि वा न दीर्घायुः ॥ ८८ ॥
कपिवक्त्रा कपिनेत्रा कपिनासा कपिकटिर्या च ॥
कपिकर्णा रोमशापि प्रतीपकृज्जायते प्रायः ॥ ८९ ॥

જે સ્ત્રીનો પોંચો, પગનું તળીયું અને આંગળીઓ ખરબચડાં હોય તે સ્ત્રી ઉત્તમ કુલમાં જન્મી હોય તો પણ તજવા યોગ્ય છે. જે સ્ત્રી અતિશય ટુંકી ( ઠીંગણી ) અથવા અતિશય લાંબી, અતિશય પાતળી અથવા જાડી હોય તે સ્ત્રી સ્વરૂપવંતી હોય

છતાં પણ ખરાબ ફળ આપે છે. જે સ્ત્રીના હાથપગ ફાટેલા રહેતા હોય, આંગળીઓ વાળવાળી તથા ચપટી રહેતી હોય, આંગળીઓના નખ ટુંકા હોય અથવા કાચબાની પીઠ જેવા ઉપસેલા નખ હોય તે સ્ત્રી દુઃખ અને દારિદ્રયનું કારણ જાણવું. જે સ્ત્રીને ઉંઘમાં દાંત કચકચાવવાની ટેવ હોય અને બકવાની આદત હોય, તે સ્ત્રી બીજાં શુભ લક્ષણો હોય, છતાં પણ પસંદ કરવા લાયક નથી હોતી. જેનાં મુખ, આંખ, અવાજ, જાંઘ, ગતિ અને ચેષ્ટા કાગડાના જેવાં હોય તે સ્ત્રી દારિદ્રયવાળી અને દુઃખી થાય છે. સદાકાળ ખીજાએલી રહેતી, અક્કડ અવયવોવાળી, ચંચળ તથા લાંબા અને એકદમ પાતળા હાથપગવાળી સ્ત્રી કદાપિ ભલું કરી શકતી નથી. જે સ્ત્રીને હાથપગની આંગળીઓમાં ફક્ત અંગુઠો જુદો પડતો હોય, બાકીની ચારે આંગળીઓ એક બીજા સાથે ચોંટેલી રહેતી હોય, તે સ્ત્રી દરિદ્ર થાય છે, અથવા અલ્પાયુ થાય છે. જેનાં મુખ, નેત્ર, નાક, કમર, કાન અને રૂંવાટાં વાંદરાના જેવાં હોય તે સ્ત્રી ઉલટું જ કરનાર ( અવળચંડી ) હોય છે. ૮૧ થી ૮૯

नगविहगनदीनाम्नी वृक्षलतागुल्मनामिका नारी ॥
नक्षत्रग्रहनाम्नी न रंज्यते स्वैरिणी पत्या ॥ ९० ॥
शक्रसुरासुरनाम्नी पुंनाम्नी गगननामिका नियतम् ॥
भीषणनाम्नी रमणी स्वच्छन्दा जायते प्रायः ॥ ९१ ॥

જે સ્ત્રીનું નામ પર્વત, પંખી, નદી, વૃક્ષ, વેલી, કુંજ, નક્ષત્ર યા ગ્રહના નામ ઉપરથી ( જેમકે પાર્વતી, હંસા, ગંગા, માલતી, રોહિણી, ચંદ્રા ઈત્યાદિ ) નામ હોય તે સ્ત્રી સ્વૈરિણી હોય છે. અને તે કામુક પણ વિશેષ હોઈ પતિથી સંતુષ્ટ રહેતી નથી. જે સ્ત્રી ઈન્દ્ર, દેવતાઓ, રાક્ષસો, પુરુષો અથવા આકાશના નામ જેવા નામવાળી હોય છે, તે અને ભયંકર નામવાળી સ્ત્રી પ્રાયઃ સ્વચ્છંદી નીકળે છે. ૯૦–૯૧

इह भवति मृगीवडवाकरिणीभेदेन कामिनी त्रेधा ॥
तासां लक्षणमधुना दिङ्मात्रमनूद्यते क्रमशः ॥ ९२ ॥
यस्याः षडङ्गुलं स्यादष्टाङ्गुलं वा सरोजमुकुलाभम् ॥
नार्या वराङ्गमध्यं निगद्यते सा मृगी युवतिः ॥ ९३ ॥

મૃગી, વડવા ( ઘોડી ) તથા હસ્તિની એમ ત્રણ ભેદ સ્ત્રીઓના થાય છે. તે ભેદોનાં લક્ષણ દિઙ્માત્ર ક્રમપૂર્વક અહીં ઉતારીએ છીએ. જે સ્ત્રીઓની યોનિની ઉંડાઈ છ આંગળકે આઠ આંગળ હોય, યોનિ કમળની કળી જેવી લાગતી હોય તે મૃગી જાતિની સ્ત્રી કહેવાય છે. ૯૨–૯૩

यस्या नवदशकाङ्गुलमेकादशांगुलं सा वडवा ॥
द्वादशत्रिदशाङ्गुलकं यदि करिणी कथिता ॥ ९४ ॥

જેની યોનિની ઉંડાઇનું પ્રમાણ નવ દશ કે અગિયાર આંગળનું હોય તે વડવા, અને બાર કે તેર આંગળની ઉંડાઇવાળી સ્ત્રી હસ્તિની જાતિની ગણાય છે. ૯૪

प्रायेण मृगीवडवाकरिणीनां जायते सह मृगाद्यैः ॥
प्रीतिस्सहजा मनुजैर्यथाक्रमं संप्रयुक्तानाम् ॥ ९५ ॥

ઘણું ખરૂં મૃગી, વડવા અને હસ્તિની સ્ત્રીઓને અનુક્રમે શશ, વૃષ અને હય જાતિના પુરુષો સાથે યોગ થયો હોય તો તેમના વચ્ચે સહજ પ્રીતિ થાય છે. ૯૫

कामस्य सततवसतिस्ततो जगति कामिनीति विदिता स्त्री ॥
द्वादशवर्षादूर्ध्वं कामो विस्फुरति पुनरधिकः ॥ ९६ ॥
तत्कारणं तु यौवनमनन्तरं सुभ्रुवो भवन्त्येते ॥
छेकोक्तिनयनलीलानितम्बबिम्बास्तनोद्भेदाः ॥ ९७ ॥

કામદેવનું નિત્યનું નિવાસ સ્થાન હોવાથી જગતની અંદર સ્ત્રી કામિની નામે ઓળખાય છે. સ્ત્રીઓમાં બાર વર્ષની ઉંમર પછી કામની વૃદ્ધિ ઝડપથી થવા માંડે છે. કામની વૃદ્ધિ થવાનું કારણ યૌવન છે. અને યૌવન આવતાં જ વ્યંગોક્તિ, આંખના ચાળા, નિતંબ અને સ્તનની વૃદ્ધિ થવા માંડે છે ૯૬–૯૭

गर्भाधाने रजसः शुक्राधिक्येन योषितां तनया ॥
हीनेन पुनस्तनयो भवति समत्वयोर्युगलम् ॥ ९८ ॥
नारीणामपि तद्वत्स्नेहः क्षेत्राणि संहतिर्ज्ञेया ॥
तेषां यतो विशेषो वितर्कितः कोपि नास्माभिः ॥ ९९ ॥
शुभलक्षणाधिरूपाधिकापि विख्यातगोत्रजातापि ॥
सौभाग्यभाग्यभागपि न शुभा दुश्चारिणी रमणी ॥ १०० ॥
वृत्तं च लक्ष्म वृत्तं रूपं वृत्तं समग्रसौभाग्यम् ॥
वृत्तं गुणादिकं यत्तद्वृत्तं शस्यते सुदृशाम् ॥ १०१ ॥
अपि दुर्लक्षणलक्ष्मा महार्थता शीलसंयुता जातिः ॥
शीलेन विना वनिता न शुभाशुभलक्षणवृत्तापि ॥ १०२ ॥

संत्यपि यत्राकृतयस्तत्र गुणाः सततमेव निवसंति ॥
रूपाधिका पुरंध्री वृत्तादिगुणान्विता प्रायः ॥ १०३ ॥

ગર્ભાધાન થતાં સ્ત્રીઓના રજનું પ્રમાણ વધારે હોય તો છોકરીનો જન્મ થાય છે. રજ ઓછું હોય (અને વીર્ય વધારે હોય) તો પુત્ર જન્મ થાય છે. અને બંને સરખાં હોય તો પુત્ર પુત્રીનું જોડકું જન્મે છે. અથવા નપુંસક જન્મે છે. પુરુષોની માફક સ્ત્રીઓને સ્નેહ ક્ષેત્ર આદિ સમુહ હોય છે. પરંતુ સ્ત્રી અને પુરુષો વચ્ચે તે કારણોને લઇ ખાસ વિશેષ ફળ અમારી કલ્પનામાં આવ્યું નથી. (તે કારણો દ્વારા બંનેને સરખું ફળ મળે છે.) શુભલક્ષણો અને સૌંદર્ય ખુબ હોય, ગોત્ર (કુળ) પણ વિખ્યાત હોય, ભાગ્યશાળી હોય, પરંતુ જો સ્ત્રી દુરાચરણી હોય તો તે ખરાબ જાણવી. લક્ષણ, રૂપ, અને સમગ્ર સૌભાગ્ય એ બધું જ જો ગુણ સારા હોય તો જ સ્ત્રીઓ માટે શુભ ગણાય. શરીર ઉપર (દુર્ભાગ્યદ્યોતક) ખરાબ ચિન્હો હોય, પરંતુ સ્ત્રી જો શીલવતી હોય તો તે મહાભાગ્યવતી જાણવી. કારણ શીલ વગરની સ્ત્રી સારાં લક્ષણોવાળી હોય તો પણ નકામી છે. જો કે જ્યાં શુભ આકૃતિ હોય ત્યાં ગુણો પણ હોય છે જ. એટલે કે રૂપાળી સ્ત્રી (કવચિત અપવાદ સાથે) ઘણું ખરૂં ગુણવાળી પણ હોય છે. ૯૮ થી ૧૦૩

शुभसंस्थानवृतादपि सुदृशां प्रायः प्रशस्यते वर्णः ॥
येनैता वर्णिन्यस्तस्मात्तल्लक्षणं वक्ष्ये ॥ १०४ ॥
पंकजकिञ्जल्काभः स्त्रीणां नवतप्त कनकभंगानिभः ॥
चंपककुसुमसमानः स्निग्धो गौरः शुभो वर्णः ॥ १०५ ॥
नवदूर्वांकुरतुल्यो स्मेरश्यामोऽर्जुनप्रसूनाभः ॥
कान्तः श्यामो वर्णः सौभाग्यं सुभ्रुवां तनुते ॥ १०६ ॥
शुद्धोऽपि मध्यमः स्यात्कृष्णः सुस्निग्धगजजलच्छायः ॥
वायसतुंडविडंबी पुनर्जघन्यो घननिरूक्षः ॥ १०७ ॥
द्युतिमान् यो हरिवालस्तमिस्त्रानिभो नीलो भवेद्विवर्णः ॥
श्यामासंनिभवर्णो लावण्यगुणाधिकं स्त्रीणाम् ॥१०८॥
प्रव्रजितापि प्रायो न पाण्डुराका स्याच्छुभाचारा ॥
कपिलातिगौरवर्णा न शस्यते मिश्रवर्णापि ॥ १०९ ॥

શરીરનાં શુભ લક્ષણો કરતાં સ્ત્રીઓનો વર્ણ વધારે ફળ આપે છે. અને તેથીજ તે ( સ્ત્રીઓ ) વર્ણિની કહેવાય છે. માટે વર્ણનાં લક્ષણ કહીશ. કમળના ગર્ભ જેવો અથવા તપાવેલા સુવર્ણ જેવો કે કેશરી ચંપાના ફૂલ જેવો સ્નિગ્ધ ગૌરવર્ણ ( રંગ ) શુભ છે. નવી ઉગેલી દૂર્વા જેવો શ્યામ અથવા અર્જુન ( સાદડ )ના ફૂલ જેવો ચમકીલો શ્યામવર્ણ સ્ત્રીઓના સૌભાગ્યની વૃદ્ધિ કરે છે. કાળો રંગ શુદ્ધ કાળો હોય તો તે મધ્યમ છે. આ કાળો રંગ હાથી અથવા પાણીના સરોવરની છાયા જેવો હોવો જોઈએ. જો કાગડાના માથા જેવો કાળો રંગ હોય તો તે બહુ જ કદરૂપો લાગે છે, તેમજ અધમ છે. વાંદરાના બચ્ચા જેવો કે રાત્રીના અંધકાર જેવો અથવા દેવચકલી જેવો શ્યામ રંગ હોય તો તે લાવણ્ય અને ગુણની વૃદ્ધિ કરે છે. પાંડુ રંગવાળી સ્ત્રી સંન્યાસિની થઈ હોય છતાં સચ્ચારિત્ર નથી હોતી. તેમજ કપિલ વર્ણની યા એકદમ સફેદરંગની કે મિશ્રરંગની સ્ત્રી પણ સારી નથી હોતી. ૧૦૪ થી ૧૦૯

वरवर्णिन्यपि न शुभा गतगंधा कर्णिकारकलिकेव ॥
तस्या गंधांस्तद्वत्तल्लक्षणं ब्रूमहे तस्मात् ॥ ११० ॥
जातीचंपकविचिकिलशतपत्रीबकुलकेतकीतुल्यः ॥
स्वेदः श्वासादिभवः प्रशस्यते योषितां गन्धः ॥ १११ ॥
गन्धः सर्वांगीणो मृगनाभीसन्निभो भवति यस्याः ॥
सा योषिदग्रमहिषी विहीनरूपापि भूमिपतेः ॥ ११२ ॥
ऋतुमत्या अपि यस्या विलसति गंधस्तिलप्रसूनाभः ॥
सुरभिद्रव्यसमानः सा सुभगत्वान्विता वनिता ॥ ११३ ॥
तुंबीकुसुमसुगन्धा कटुगन्धा या रसोनगन्धा या ॥
सा न कदाचन गर्भं सुदुर्भगा कामिनी धत्ते ॥ ११४ ॥
या हरितालीगन्धा मिश्रवसामांसपूतिसमगन्धाः ॥
अत्युग्रदुष्टगन्धाः सुभगा न सुरूपवत्योऽपि ॥ ११५ ॥

જો સ્ત્રી શુભ લક્ષણવાળી વરવર્ણિની હોય, તો પણ ગંધરહિત હોય તો તે વર્જ્ય છે. માટે સ્ત્રીઓનો ગંધ અને તેનાં લક્ષણ કહીએ છીએ. જે સ્ત્રી શિયાળામાં ઉષ્ણ, ઉનાળામાં શિતળ અને પ્રતિક્ષણ પતિને અનુકૂળ રહેતી હોય, તેવી શ્યામા સ્ત્રી વરવર્ણિની કહેવાય છે. શ્વાસ, પરસેવો ઈત્યાદિ કારણોથી જે સ્ત્રીના શરીરમાંથી જુઈ, ચંપો, સેવંતી, બકુલ, કેવડાના જેવી સુગંધી નીકળતી હોય, તે સ્ત્રી ઉત્તમ

ગણાય છે. જેના શરીરમાંથી કસ્તુરીના જેવો સુગંધ નીકળે તે વિરૂપ હોય તો પણ પટરાણી થાય છે. જે સ્રી ઋતુકાળમાં પણ તલના ફૂલના જેવો સુગંધ ધરાવતી હોય અથવા ઘી જેવા સુગંધવાળી હોય, તે સ્રી સૌભાગ્યશાલિની થાય છે. જે સ્રીના શરીરમાંથી તુંબડીના ફૂલ જેવો યા કડવો કે લસણ જેવો ગંધ નીકળતો હોય, તે સ્રી કદાપિ ગર્ભ ધારણ કરી શકતી નથી. સુંદર સ્રીનો પણ જો હરતાલ, માંસ કે ચરબી જેવો યા અપ્રિય ગંધ હોય, તો તે ખરાબ ફળ આપે છે. અને જો અતિશય ઉગ્ર દુર્ગંધ નીકળતો હોય તો તે એકદમ ખરાબ છે. ૧૧૦ થી ૧૧૫

आवर्तो नारीणां प्रदक्षिणो पाणिपल्लवे व्यक्तः ॥
धर्मधनधान्यकारी न जातु शस्तः पुनर्वामः ॥ ११६ ॥
नाभ्यां श्रुतियुगले वा दक्षिणवलिताः शुभास्त्वगावर्ताः ॥
चूडावर्तोऽपि पुनः प्रशस्यते दक्षिणः शिरसि ॥ ११७ ॥
दक्षिणभागे स्त्रीणामावर्तो भवति पृष्ठवंशस्य ॥
सौभाग्यकरः सुव्यक्तो वामविभागे पुनर्न शुभः ॥ ११८ ॥
अन्तःपृष्ठं यस्या नाभिसमो भवति दक्षिणावर्तः ॥
चिरजीविन्यास्तस्या बह्वन्यपत्यानि जायन्ते ॥ ११९ ॥
शकटाभो भगमूले यस्याः स्निग्धः प्रदक्षिणावर्तः ॥
सा भवति भूपपत्नी पुत्रवती सुरभसौभाग्या ॥ १२० ॥
आवर्तः कटिमध्ये यस्याः संभवति गुह्यमध्ये च ॥
पत्युरपत्यानामपि विपातनं वितनुते सापि ॥ १२१ ॥
पृष्ठावर्तद्वितयं यस्याः सुव्यक्तमुदरवेधेन ॥
सा हत्वा भर्तारं दुःशीला जायते प्रायः ॥ १२२ ॥
दक्षिणवलितः स्त्रीणामावर्तः कण्ठकन्दले व्यक्तः ॥
वैधव्यदुःखदौर्भाग्यदायको न हि प्रशस्यः स्यात् ॥ १२३ ॥
सीमन्तपथप्रान्ते ललाटमध्ये च जायते यस्याः ॥
आवर्तः सुव्यक्तः सा दुःशीलाऽथ वा विधवा ॥ १२४ ॥

मध्ये कृकाटिकाया वक्रावर्तः प्रदक्षिणो यस्याः ॥
वर्षेणैकेन पतिं हत्वा सान्यं समाश्रयते ॥ १२५ ॥
एको द्वौ वा मस्तकमध्ये यस्याः प्रदक्षिणो नियतम् ॥
सा हन्ति पतिं पापा दशदिवसाभ्यन्तरेणैव ॥ १२६ ॥
कट्यावर्ता कुटिला नाभ्यावर्ता पतिव्रता सततम् ॥
पृष्ठावर्ता निन्द्या भर्तृघ्नी जायते योषित् ॥ १२७ ॥

**ભમરીઓ**:—જો સ્ત્રીના જમણા હાથ ઉપર પ્રદક્ષિણ માર્ગની ભમરી હોય, તો તે સ્ત્રી ધનધાન્ય અને ધર્મને વધારનારી થાય છે. ડાબા હાથમાં હોય તો તેનું ફળ વિપરીત જાણવું. નાભિ, બંને કાન તથા માથામાં જમણી ભમરી શુભ ફળ આપે છે. કરોડની જમણી બાજુના ભાગમાં ભમરી હોય તો સૌભાગ્યદાતા નીકળે છે. અને ડાબી બાજુ હોય તો અશુભ ફળ આપે છે. જો કરોડની ઉપર જ ઊંડી (નાભિની માફક) ભમરી હોય તો તે સ્ત્રીને દીર્ઘાયુઃ તથા ઘણી સંતતિની પ્રાપ્તિ થાય છે. સ્ત્રીના ગુહ્યાંગના મૂળમાં ચોકડીના જેવી સ્નિગ્ધ ભમરી હોય તો તે ભાગ્યશાળી પુત્રવતી તથા રાજપત્ની થાય. સ્ત્રીના ગુહ્યાંગના મધ્યમાં, કમરમાં અને પેટના મધ્ય ભાગમાં ભમરીઓ હોય તો તે સ્ત્રી કુલનો નાશ કરનારી અને વ્યભિચારિણી નીવડે છે. જે સ્ત્રીને પીઠ ઉપર અને પેટ ઉપર એમ બે ભમરીઓ હોય તે પતિનો નાશ કરી દુશ્ચરિત્રા થાય છે. કંઠ પ્રદેશમાં પણ (જમણી) ભમરી વૈધવ્ય અને દુઃખ આપનારી નીવડે છે. કપાળમાં તથા વાળની પાંથીના ભાગમાં ભમરી હોય તો તે પણ વૈધવ્ય અને દુઃખ આપે છે. જો સ્ત્રીની ગરદન ઉપર (જમણી) ભમરી હોય તો તેના લગ્ન બાદ એક જ વર્ષમાં તે વિધવા થાય છે, અને પછી તરત જ પુર્નલગ્ન કરે છે. જે સ્ત્રીના માથામાં એક અથવા બે ભમરી હોય તે પણ ખરાબ છે: અને તેવી સ્ત્રીઓ (વિવાહકાળમાં જ) વિવાહ પછી દશ દિવસમાં જ વિધવા બને છે. જે સ્ત્રીની કમરમાં ભમરી હોય તે પતિનો નાશ કરનારી અને નાભિમાં ભમરી હોય તે પતિવ્રતા થાય છે. ૧૧૬ થી ૧૨૭

आपद्यपि संपद्यपि मुक्तमना दुःखमनोत्सुकेयम् ॥
अपगतविषादहर्षा हतशोकोत्साहनिःसत्त्वा ॥ १२८ ॥
सत्त्वोपेता प्रायः सदया सत्या स्थिरा गभीरा च ॥
कौटिल्यशल्यरहिताहितकल्याणा भवति नारी ॥ १२९ ॥

આપત્તિમાં અને સંપત્તિમાં જે સ્ત્રીનાં મન કબજે રહેતાં નથી. અથવા પ્રત્યેક

ક્ષણે દુઃખની ચિંતા કર્યા કરતી હોય. જેનો હર્ષ અને શોક ટકી શકતા ન હોય, અને જે દરેક બાબતે નિરાશ રહેતી હોય તેને નિઃસત્ત્વ જાણવી. સત્ત્વવાળી સ્ત્રી પ્રાયઃ દયાવાળી, સત્યવાદી, સ્થિર પ્રકૃતિ, ગંભીર, કુટિલતા વગરની, હિતાહિત સમજનારી તથા કલ્યાણની વાંચ્છનાવાળી રહે છે. ૧૨૮–૧૨૯

नारीणामनुनादः शुभस्वरः कामलाकलामन्दः ॥
श्रुतिपथगतापि नियतं जगतोपि मनः समादत्ते ॥ १३० ॥
वीणावेणुनिनादाः कोकिलहंसस्वरा पयोदरवाः ॥
केकिध्वनयो भुवने भवंति ललना नृपालिपत्न्यः ॥ १३१ ॥
गतकौटिल्यमदीनं स्निग्धं दाक्षिण्यपुण्यमकठोरम् ॥
सकलजनसांत्वनकरं भाषितमिह योषितां शस्तम् ॥ १३२ ॥
नारीविभिन्नकांस्यक्रोष्टृखरोलूककाककंकरवा ॥
दुःखबहुशोकशंकावैधव्यव्याधिभाग्भवति ॥ १३३ ॥
विस्फुटतश्च श्रोतुः स्वस्त्ययनकरः शुभस्वरो मधुरः ॥
संक्रांताधरपल्लवसुधारसच्छद इव स्त्रीणाम् ॥ १३४ ॥

સ્વરઃ—સ્ત્રીનો અવાજ જો કોકિલાના કૂજનની માફક હોય તો તેના ફક્ત અવાજથી જ તે ( આંખોથી જોયા વગર જ ) સાંભળનારાના મનને વશ કરી લે છે. વીણા, વેણુ ( વાંસળી ), કોયલ, હંસ, મેઘ અથવા મોરના જેવા અવાજવાળી સ્ત્રીઓ રાજપત્નીઓ થાય છે. જે સ્વરની અંદર કાપટ્ય નથી, હીનતા નથી, પ્રેમાળપણું છે, ચતુરતા છે, અને જેને સાંભળવા માત્રથી ચિત્તને સાન્તવન મળે છે, તે અવાજ વખાણવા લાયક છે. કાંસીજોડાના ( ઝાંઝ નામના વાદિત્રના જેવો પણ કહી શકાય ) જેવો, શિયાળ, ગધેડું, ઘુવડ, કાગડો અને કંકપક્ષીના જેવો જેનો અવાજ હોય, તે સ્ત્રી વિધવા થાય છે. અને અનેક પ્રકારનાં દુઃખ તથા અપવાદને સહન કરે છે. સ્પષ્ટ અને સાંભળનારનું કલ્યાણ કરનાર, મધુર અને અધરોષ્ઠના સ્પર્શથી જાણે સુધાયુક્ત હોય તેવો અવાજ સારો ગણાય છે. ૧૩૦ થી ૧૩૪

मत्तसंनिभेन पदा मदमत्तमतंगहंसगतितुल्या ॥
सुभगा गतिः सुललिता विलसति वसुधेशपत्नीनाम् ॥ १३५ ॥
गोवृषभनकुलमृगपतिमयूरमार्जारगामिनी नियतम् ॥
सौभाग्यैश्वर्ययुता भाग्यवती भोगिनी भवति ॥ १३६ ॥

मंडूकघूकवृकबकजंबुकशुभक्रोष्टुसरटकापिगतयः ॥
दौर्गत्यदुःखसहिता जायन्ते युवतयः प्रायः ॥ १३७ ॥
ह्रस्वप्लुतानुविद्धा लसत्पदाभ्यन्तराबला बाह्या ॥
स्तब्धा मंदा विषमा लघुक्रमा शोभना न गतिः ॥ १३८ ॥
निःस्वा विलम्बितगातिर्विषमा न सा योषित् ॥
दासी कुरंगगमना कुलटा द्रुतगामिनी भवति ॥ १३९ ॥

ગતિ:—મદોન્મત્ત હાથીની માફક મદપૂર્વક પગ પડતો હોય, અને હંસની માફક ગાત્રોનું હલનચલન થતું હોય, તેવી રીતની ચાલવાની ટેવવાળી સ્ત્રીઓ રાણી-પદને ભોગવે છે. ગાય, બળદ, નોળીઓ, સિંહ, મોર તથા બિલાડાના જેવી ગતિ હોય તો તે સ્ત્રી સૌભાગ્ય, ઐશ્વર્ય અને વૈભવ ભોગવનારી થાય છે. દેડકો, ઘુવડ, વરૂ, બગલો, શિયાળ, કાચંડો અને વાંદરાના જેવી ચાલવાળી સ્ત્રી દુર્ભાગ્યવાળી હોય છે. સ્ત્રીઓની ટુંકાં ડગલાંવાળી, જેમાં શરીર ઉછળતું માલુમ પડે તેવી કુદકા મારતી તાલબદ્ધ, વચ્ચે વચ્ચે રોકાતી, બહુ જ ધીમી, અસ્તવ્યસ્ત, તથા બહુ જ ઉતાવળી ગતિ હોય તો તે સ્ત્રીઓ સારી ગણાતી નથી. વચ્ચે વચ્ચે રોકાઈ જનારી ગતિવાળી સ્ત્રી નિર્ધન થાય છે. વિષમ ગતિવાળી સ્ત્રી, સ્ત્રીનાં લક્ષણોથી રહિત હોય છે. હરિણની માફક કુદકા મારતી ગતિવાળી સ્ત્રી દાસી થાય છે. અને અતિશય જલદી ચાલનાર વ્યભિચારિણી થાય છે. ૧૩૫ થી ૧૩૯

छादयति लक्षणानि स्त्रीणामग्रे तदुच्यते छाया ॥
लावण्यं सौभाग्यं तां लक्षणवेदिनो ब्रुवते ॥ १४० ॥
वस्त्वतिरिक्तं किंचन महाकवीनां यथा गिरा स्फुरति ॥
अंगे दक्षा तद्वत्मनोहरा लवणिमा छाया ॥ १४१ ॥
सौभाग्यं छायैव प्रमुखा निखिलेषु लक्ष्मसु स्त्रीणाम् ॥
यदभावे भुवि वनिता पांचालीवन्न भोगार्हा ॥ १४२ ॥
चित्तचमत्कृतिजननी हृदि संतापं तनोति जगतोपि ॥
या दृष्टापि स्पृष्टं सा छाया शस्यते सुदृशाम् ॥ १४३ ॥
यस्याः सर्वाङ्गीणा विराजते हंत लवणिमा च्छाया ॥
चित्रमिदं सा जगति माधुर्यं समधिकं दधते ॥ १४४ ॥

यदि सौभाग्यच्छायालंकरणा भुवं विलसति बाला ॥
रूपेण लक्षणैर्वा प्रयोजनं जगति किं तस्याः ॥ १४५ ॥

છાયાઃ—સ્ત્રીના મનોભાવ જેનાથી ઢંકાઇ જાય, અને જેને કવિઓ લાવણ્ય અથવા સૌભાગ્ય કહે છે. તેને જ સામુદ્રિકકારો છાયા કહે છે. કવિઓની વાણી આ લાવણ્ય ઉપર જ સ્ફૂરાયમાન થાય છે, અને આ લાવણ્ય કે જે છાયા નામથી સામુદ્રિકજ્ઞોને વિવક્ષિત છે, તે જો સ્ત્રીમાં ન હોય તો સ્ત્રી કોઇ કામની નથી. જેને જોતાં જ ચિત્તની અંદર એક જાતનો ચમત્કારો અનુભવાય, અને જેને જોવા માટે આંખ પોતાની મેળે જ ખેંચાયા કરે, તેવી છાયા ( કાન્તિ ) વખાણવા લાયક છે. સ્ત્રીના અંગ પ્રત્યંગ દરેકમાં આવી કાન્તિ હોય તો તેના માધુર્યની સીમા- રહેતી નથી. સામુદ્રિકજ્ઞો એટલે સુધી આગળ વધીને કહે છે, કે જે સ્ત્રીને આવી માધુર્યતા સંપન્ન કાન્તિ હોય, તેમને લક્ષણોનું કંઇ પણ પ્રયોજન નથી. ૧૪૦ થી ૧૪૫

रूपाकारविहीने शुभलक्षणविरहिते नियतमंगे ॥
सौभाग्यमस्ति यस्याः सा ललना दुर्लभा भुवने ॥ १४६ ॥
यदि लावण्यच्छायाछन्नं शुभलक्ष्मरूपमंगं स्यात् ॥
तद्‌द्वयसंयोगेन शृतदुग्धे शर्कराक्षेपः ॥ १४७ ॥

રૂપ અને આકાર ( સારા ) ન હોય, શરીર ઉપર શુભ લક્ષણો પણ ન હોય, અને જેને સૌભાગ્ય હોય, તેવી સ્ત્રી જગતમાં દુર્લભ છે. જો શરીર લાવણ્ય અને શુભ છાયાથી યુક્ત હોય, તેમજ શુભ લક્ષણો પણ હોય, તો આ બેનો સંયોગ દૂધમાં સાકર ભળ્યા જેવો ગણાય. ૧૪૬-૧૪૭

यत्रोक्तं पूर्वस्मिन्नौचित्यं तन्नरेपि तारावत् ॥
यद्यस्मिन्नपि पुनः सकलं तन्नरवदभ्यूह्यम् ॥ १४८ ॥

પહેલાં પુરુષોનાં લક્ષણો કહેતાં જે કહેવાયું છે, તે અહીં પણ ઉચિત ( ઘટી શકે તેવું ) હોય તો તે બધું અહીં પણ ઘટાવવું. ૧૪૮

सामुद्रिकतिलकाख्यं पुरुषस्त्रीलक्षणं प्रपंचभयात् ॥
दिङ्मात्रमत्र गदितं मापि समुद्रोक्तिरपि नान्या ॥१४९॥

આ પ્રમાણે સામુદ્રિકતિલક નામથી પુરુષ સ્ત્રી લક્ષણનું શાસ્ત્ર ખુબ પ્રપંચ ન વધી જાય, તેવા ભયથી દિઙ્‌માત્ર કહ્યું છે, તેજ છે. અને તે પણ સમુદ્રે કહ્યું છે, તેજ છે. અર્થાત સમુદ્રને સંમત છે. ૧૪૯

**ઇતિ મહત્તમશ્રી નૃસિંહના પુત્ર દુર્લભરાજે બનાવેલા સામુદ્રિકતિલક નામના નરસ્ત્રી લક્ષણશાસ્ત્રનો પાંચમો અધિકાર સંપૂર્ણ**

## अथ कविवृत्तान्त कथनम् ।

अत्रास्ति कोपि वंशः प्राग्वाटाख्यस्त्रिलोकविख्यातः ॥
नृपसंपदि वृद्धौ वा चालम्बनयष्टिरभवद्यः ॥ १ ॥
आसीत्तत्र विचित्रश्रीमद्वाहिल्लसंज्ञया ज्ञातः ॥
व्यवकरणपदामात्यो नृपतेः श्रीभीमदेवस्य ॥ २ ॥
समजनि तदंगजन्मा प्रथितः श्रीराजपाल इति नाम्ना ॥
प्रतिपक्षद्विपसिंहः श्रीनृसिंहः सुतस्तस्य ॥ ३ ॥
श्रीमान् दुर्लभराजस्तदपत्यं बुद्धिधाम सुकविरभूत् ॥
यं श्रीकुमारपालो महत्तमं क्षितिपतिः कृतवान् ॥ ४ ॥
प्रक्षालयितुम्मलमिव वाणी मज्जति चतुर्विधाम्बुधिषु ॥
यस्य विलासवती गजतुरंगशकुनिप्रबन्धेषु ॥ ५ ॥
तेनोपज्ञातमिदं पुरुषस्त्रीलक्षणं तदनु कविता ॥
तस्यैव सुतेन जगद्देवेन समर्थयांचक्रे ॥ ६ ॥
अहमपि परेपि कवयस्तथापि महदन्तरं परिज्ञेयम् ॥
ऐक्यं रलयोरिति यदि तत्किं कलभायते करभः ॥ ७ ॥
सुललितपदा सुवर्णा सालंकारा सुदुर्लभा सार्था ॥
एकाप्यर्थसुरम्या किं पुनरष्टौ शतं चैताः ॥ ८ ॥
परहृदयाभिप्रायं परगदितार्थस्य वेत्ति यः सत्त्वम् ॥
सत्त्वं भुवने दुर्लभसम्भूतिः सुकविरेवैकः ॥ ९ ॥
नृस्त्रीलक्षणपुष्पां स्रजमेतां सुरभिवर्णगुणगुम्फाम् ॥
मृगराजसभाख्याता अपि सन्तः कुरुत कण्ठस्थाम् ॥ १० ॥

"રાજાની સભામાં તેમજ રાજાની વૃદ્ધિમાં જે હાથની લાકડી બન્યો છે, એવો ત્રિલોક વિખ્યાત પ્રાગ્વાટ (પોરવાલ) નામનો અહીં (ગુજરાતમાં) કોઈ એક

વંશ છે. જેમાં ચિત્રવિચિત્ર (અનેક પ્રકારની) લક્ષ્મીવાળો **વાહિલ્લ** નામનો એક પુરુષ હતો, જેને શ્રી **ભીમદેવ** રાજાએ વ્યયકરણ (ખર્ચ ખાતાનો ઉપરી) મંત્રી તરીકે નીમ્યો હતો. તે વાહિલ્લને **રાજપાલ** નામનો પ્રખ્યાત પુત્ર થયો. અને શત્રુઓ રૂપી હાથીઓને સિંહ જેવો **નૃસિંહ** નામનો એ રાજપાલને પુત્ર થયો. તે નૃસિંહનો **દુર્લભરાજ** નામનો પુત્ર થયો, કે જે બુદ્ધિનું ધામ (સ્થાન) અને સુકવિ હતો. વળી જેને શ્રી **કુમારપાલ** રાજાએ મહત્તમ (મહેતો–પ્રધાન) બનાવ્યો હતો. **દુર્લભરાજ** કે જેની વાણી પોતાના મેલને ધોવા માટે ચાર પ્રકારના સમુદ્રમાં નહાતી લક્ષ્મીની માફક હસ્તિપરીક્ષા, શકુન શાસ્ત્ર અને પુરુષ–સ્ત્રી–લક્ષણપરીક્ષા એમ ચાર પ્રકારની વિદ્યાઓ રૂપી સમુદ્રમાં નહાય છે. તેણે આ **પુરુષસ્ત્રીલક્ષણ** નામનો શાસ્ત્રગ્રંથ રચ્યો, જેને તેના પુત્ર કવિવર **જગત્દેવે** તેની સંમતિથી પાછળથી કવિતામાં લખી દીધો. "હું તેમજ બીજા પણ ઘણા કવિઓ છીએ; પરંતુ તેમાં બહુ અંતર છે. અલંકારશાસ્ત્રમાં ર અને લ નું સામ્ય કહ્યું છે, પરંતુ તેથી કંઈ કરભ (ઊંટનું બચ્ચું) કલભ (હાથીનું બચ્ચું) થઈ શકે કે? સુલલિત પદવાળી, સારા વર્ણવાળી, અલંકાર સહિત, અને સાર્થ એક પણ આર્યા (આર્યા અથવા શ્રેષ્ઠ કુલાંગના) દુર્લભ છે, તો જ્યાં ૮૦૦ સામટી હોય ત્યાં શું કહેવું? પારકાના હૃદયનો અભિપ્રાય અને બીજાએ બોલેલા શબ્દોનો (વાસ્તવિક) અર્થ જે જાણે છે. આવું સત્ત્વ (જ્ઞાન) **દુર્લભ** છે, ઉત્પત્તિ જેની એવો કોઈ એક સુકવિ છે. અર્થાત્ તે દુર્લભરાજથી છે ઉત્પત્તિ જેની એવો **જગદેવ**જ સુકવિ છે. પુરુષ અને સ્ત્રીના લક્ષણરૂપ પુષ્પોની આ માળા જે સારા વર્ણો (રંગો) અને ગુણ (દોરી અથવા ગુણ)થી ગુંથાએલી છે, તેને મૃગરાજ (સિંહ યા રાજાધિરાજ)ની સભામાં વખાણાતા સજ્જનો ગળામાં ધારણ કરો. અર્થાત્ મહા વિદ્વાન રાજમાન્ય પુરુષો આનો ઉપયોગ કરશે. ૧ થી ૧૦

**ઇતિ મહત્તમ શ્રી નૃસિંહના પુત્ર દુર્લભરાજે બનાવેલા સામુદ્રિક-**
**તિલક નામના નરસ્ત્રીલક્ષણ શાસ્ત્રની પ્રશસ્તિ સંપૂર્ણ.**



हस्तिनी Hastini

पूर्वाचार्य विरचित

# ॥ श्री सामुद्रिकशास्त्र ॥

आदिदेवं प्रणम्यादौ सर्वज्ञं सर्वदर्शिनम् ॥
सामुद्रिकं प्रवक्ष्यामि सुभगं पुरुषस्त्रियोः ॥ १ ॥
पूर्वमायुः परिलक्षेत्पश्चाल्लक्षणमेव च ॥
आयुर्हीन नराणां च लक्षणैः किं प्रयोजनम् ॥ २ ॥
वाम भागे तु नारीणां दक्षिणे पुरुषस्य च ॥
निर्दिष्टं लक्षणं तेषां समुद्रवचनं यथा ॥ ३ ॥
पञ्च दीर्घं चतुर्ह्रस्वं चतुः सूक्ष्मं षडुन्नतम् ॥
सप्त रक्तं त्रि विस्तीर्णं त्रि गंभीरं प्रशस्यते ॥ ४ ॥
बाहु नेत्रान्तरं चैव जानू नासा तथैव च ॥
स्तनयोरन्तरं चैवं पञ्चदीर्घं प्रशस्यते ॥ ५ ॥
ग्रीवा प्रजननं पृष्ठं ह्रस्वे जङ्घे च पूज्यते ॥
ह्रस्वानि यस्य चत्वारि पूजामाप्नोति मानवः ॥ ६ ॥
सूक्ष्माण्यङ्गुलिपर्वाणि केशास्थिदशनास्तथा ॥
सूक्ष्माणि यस्य चत्वारि ते नरा दीर्घजीविनः ॥ ७ ॥
कक्षा कुक्षिश्च वृक्षश्च घ्राणस्कंध ललाटिकाः ॥
सर्व भूतेषु निर्दिष्टं षडुन्नतं प्रशस्यते ॥ ८ ॥
पाणिपाद तलौ रक्तौ नेत्रान्तानि नखास्तथा ॥
तालु जिह्वाधरौष्ठं च सप्तरक्तोऽर्थवान्भवेत् ॥ ९ ॥
उरः शिरो ललाटं च त्रिविस्तीर्णं प्रशस्यते ॥
स्वरं सत्वं च नाभिश्च त्रिगंभीरं सुखप्रदम् ॥ १० ॥

## श्री सामुद्रिकशास्त्रम्

સર્વજ્ઞ તથા સર્વદર્શી શ્રી આદિદેવ ( આદિનાથ અથવા બ્રહ્મા )ને પ્રથમ પ્રણમી પુરુષ અને સ્ત્રીનું સામુદ્રિક ( શાસ્ત્ર ) કહું છું. પહેલાં આયુઃની પરીક્ષા કરવી. ત્યારબાદ લક્ષણોની પરીક્ષા કરવી. આયુષ્ય વગરના મનુષ્યોને લક્ષણોથી શું પ્રયોજન છે ? સ્ત્રીઓના ડાબા ભાગમાં અને પુરુષોના જમણા ભાગમાં જેમ સમુદ્રે કહ્યાં છે, તેમ લક્ષણો કહ્યાં છે. પાંચ દીર્ઘ, ચાર હ્રસ્વ, ચાર સૂક્ષ્મ, છ ઉન્નત, સાત રક્ત, ત્રણ વિસ્તીર્ણ અને ત્રણ ગંભીર ( એ પ્રમાણે બત્રીસ લક્ષણો ) વખાણવા લાયક છે. બે હાથ, બે નેત્રો વચ્ચેનું અંતર, જાનુ ( ઢીંચણ ) નાક તથા બે સ્તન વચ્ચેનું અંતર આ પાંચ દીર્ઘ હોય ( લાંબાં હોય ) તો તે વખણાય છે. ગરદન, લિંગ, પીઠ, જાંઘ આ ચાર જેનાં ટુંકાં હોય તે પૂજાય છે. આંગળીઓનાં પર્વ, વાળ, હાડકાં તથા દાંત આ ચાર જેઓનાં સૂક્ષ્મ પાતળાં હોય તેવા પુરુષો દીર્ઘજીવી હોય છે. કાખ ( પાસાં ) કુખ, છાતી, નાસિકા, ખભા તથા લમણાં એ છ વાનાં જેઓનાં ઉપસી આવેલાં ( ઉંચાં થએલાં ) હોય તો વખાણવા લાયક છે. હાથ અને પગનાં તળીઆં, આંખોના ખુણા, નખ, તાળવું, જીભ, નીચેનો ઓઠ આ સાતવાનાં લાલ હોય તે ધનવાન થાય છે. છાતી, કપાળ, માથું, આ ત્રણ પહોળાં હોય તો વખણાય છે. અવાજ, સત્ત્વ ( પ્રભાવ ) તથા નાભિ એ ત્રણ ગંભીર ( ઉંડાં ) હોય તો સુખ આપનારાં છે. ૧ થી ૧૦

मुखश्चार्धं शरीरस्य सर्वं वा मुखमुच्यते ॥
तत्रापि नासिका श्रेष्ठा श्रेष्ठा तत्रापि चक्षुषि ॥ ११ ॥

न स्त्री त्यजति रक्ताक्षं नार्थं कनकपिङ्गलम् ॥
दीर्घबाहुं तथैश्वर्यं न मांसोपचितं सुखम् ॥ १२ ॥

उरो विशालो धन धान्यभोगी शिरो विशालो नृपपुङ्गवश्च ॥
कट्या विशालो बहुपुत्रदारो पादैर्विशालः सततं सुखी स्यात् ॥ १३ ॥

वक्षः स्नेहेन सौभाग्यं दंतस्नेहेन भोजनम् ॥
त्वचा स्नेहेन शय्यावान् पादस्नेहेन वाहनम् ॥ १४ ॥

अकर्म्मकठिनौ हस्तौ पादौ चाध्वानि कोमलौ ॥
यस्य पाणौ च पादौ च स नरः सुखमेधते ॥ १५ ॥

दीर्घलिङ्गेन दारिद्र्यं स्थूललिङ्गेन दुःखितः ॥
कृशलिङ्गेन सौभाग्यं ह्रस्वलिङ्गेन भूपतिः ॥१६॥

મુખ એ શરીરનું અર્ધ કહેવાય છે. અથવા મુખ જ આખું શરીર કહેવાય છે. (તે વ્યાજબી છે.) મુખમાં પણ નાસિકા શ્રેષ્ઠ છે. અને આંખ તેનાથી પણ શ્રેષ્ઠ છે. રાતી આંખવાળાનો સ્ત્રી ત્યાગ કરતી નથી (અર્થાત્ તેને સ્ત્રી સુખ સંપૂર્ણ મળે છે.) સોના જેવી પીળી આંખવાળાનો પૈસા ત્યાગ કરતા નથી. (અર્થાત્ તે ધનવાન જ હોય છે.) લાંબા હાથવાળાનો ઐશ્વર્ય ત્યાગ કરતું નથી. અને માંસથી હૃષ્ટપુષ્ટ માણસનો સુખ ત્યાગ કરતું નથી. જેની છાતી વિશાળ હોય તે ધનધાન્યનો ભોક્તા થાય છે. જેનું માથું વિશાળ હોય તે શ્રેષ્ઠ નરેશ બને છે. જે કમરમાં વિશાળ હોય તે ઘણાં સ્ત્રી પુત્રવાળો થાય છે. અને જેના પગ વિશાળ હોય તે નિરંતર સુખી રહે છે. છાતીમાં જો ચળકાટ (સ્નેહ એટલે તેલની માફક ચમકવાળો અને મૃદુ લાગતો પદાર્થ, જે અવયવો ઉપર તરી આવે છે.) હોય તો ભાગ્યશાળી, દાંતમાં ચળકાટ હોય તો સારૂં ખાનપાન મેળવનાર (ખાધે પીધે સુખી) ચામડીમાં ચળકાટ હોય તો શય્યાનું સુખ ભોગવનાર, અને પગમાં સ્નેહવાળો માણસ વાહનનું સુખ ભોગવનાર થાય છે. જેને કામ ન કરવા છતાં કઠિન (કઠોર) હાથ અને ચાલવાનો અભ્યાસ હોવા છતાં કોમળ પગ હોય તે પુરુષ સુખ ભોગવે છે. લાંબું લિંગ હોય તો દરિદ્ર, જાડા લિંગવાળો દુઃખી, સુકાએલા લિંગવાળો ભાગ્યશાળી થાય છે. અને ટુંકા લિંગવાળો ભૂપતિ થાય છે. ૧૧ થી ૧૬

कनिष्ठांगुलिमूलाच्च रेखा गच्छति तर्जनीम् ॥
अविच्छिन्नानि वर्षाणि शतमायुर्विनिर्दिशेत् ॥१७॥
कनिष्ठांगुलिप्रदेशाद्रेखा गच्छति मध्यमाम् ॥
अविच्छिन्नानि वर्षाणि अशीत्यायुर्विनिर्दिशेत् ॥१८॥
रेखाभिर्बहुभिः क्लेशः स्वल्पाभिर्धनहीनता ॥
रेखा चतुष्टये सौख्यं बहुरेखा दरिद्रता ॥२०॥
अनामिकापर्व यदा सुलखं कनिष्ठिका वर्ष शतं स जीवते ॥
नवत्यशीति च तथैव सप्तति तदर्धतः षष्ठिर्जीवितं च ॥२१॥
अंगुष्ठोदरमध्यस्थो यवो यस्य विराजते ॥
उत्पन्नभक्ष्यभोजी च स नरः सुखमेधते ॥२२॥

अतिमेधाति कीर्तिश्च विक्रान्तोऽतिसुखी तथा ॥
अतिस्निग्धा च दृष्टिः स्यात्तमल्पायुर्विनिर्दिशेत् ॥ २३ ॥
महाकर्णी महानासा महापादोदरास्तथा ॥
सुबाहुर्दृढनेत्राश्च ते नरा दीर्घजीविनः ॥ २४ ॥

॥ इति सामुद्रिके प्रथमाध्यायः ॥

કનિષ્ઠિકા આંગળીના મૂળમાંથી નીકળી તર્જની પર્યંત જેની આયુરેખા જતી હોય તેનું પુરેપુરાં સો વર્ષનું આયુઃ થાય છે કનિષ્ઠિકાના મૂળમાંથી નીકળેલી રેખા મધ્યમા પર્યંત જતી હોય તો પુરેપુરાં એંશી વર્ષનું આયુઃ થાય છે. કનિષ્ઠિકા આંગળીના મૂળમાંથી નીકળેલી રેખા જો અનામિકા પર્યંત જતી હોય તો સાઠ વર્ષનુ આયુઃ થાય છે. બહુ રેખાઓ હોય તો કલેશ, અને થોડી રેખાઓ હોય તો ધન-હીનપણું જાણવું. ચાર રેખા હોય તો સુખ, અને બહુ રેખાઓ હોય તો દરિદ્રતા જાણવી. જેની કનિષ્ઠિકા આંગળી અનામિકાના ઉપલા પર્વની રેખા સુધી હોય તો સો વર્ષ જીવે, અને જો તે પર્વના અડધા ભાગ પર્યંત હોય તો સાઠ વર્ષ જીવે છે વચ્ચેના ભાગમાં અનુમાનથી નેવું યા એંશી વર્ષનો કે સિત્તેર વર્ષનો નિશ્ચય કરવો. અંગુઠાના મધ્ય ભાગમાં જેને યવ હોય તે ઉમદા ભક્ષ્યભોજી ( જ્યાં જાય ત્યાં તૈયાર મળે ) હોય છે. અને સુખ ભોગવે છે. જે માણસની અતિશય બુદ્ધિ હોય, અતિ કીર્તિ હોય, અતિશય પ્રભાવ હોય, અતિ સુખ હોય તથા ઘણી જ સ્નેહાળ દૃષ્ટિ હોય તે માણસ અલ્પાયુ છે, એમ કહેવું. મોટા કાનવાળા, મોટા નાકવાળા, મોટા પગ-વાળા તથા મોટા પેટવાળા, સારા હાથ ( લાંબા અને મજબુત ) વાળા તથા દૃઢ આંખ ( દૃષ્ટિ ) વાળા પુરુષો દીર્ઘજીવી થાય છે. ૧૭ થી ૨૪

ઇતિ સામુદ્રિકે પ્રથમાધ્યાય.

---

अथापरं प्रवक्ष्यामि देहावयवलक्षणम् ॥
तत्र पादतलं वक्ष्ये यथा सर्वज्ञभाषितम् ॥ १ ॥
अस्वेदौ पाटलौ श्लिष्टांगुली कूर्मोन्नतौ मृदू ॥
उष्णौ ताम्रनखौ गूढगुल्फौ पादौ नृणां शुभौ ॥ २ ॥
शूर्पाकारास्तथा भग्ना वक्राः शीताः शिरायुताः
सस्वेदाः पाण्डुरा रूक्षाश्चरणास्त्वतिनिंदिताः ॥ ३ ॥

नखैः सुदीप्तिसंयुक्तैः संहितैश्चरणैस्तथा ॥
कूर्मोन्नतैश्च रक्तैश्च पुरुषास्युर्नराधिपाः ॥ ४ ॥
अंगुष्ठौ विपुलौ येषां ते नरा दुःखभाजनः ॥
क्लिश्यन्ते विपुलांगुष्ठास्तथा चाध्वान गामिनः ॥ ५ ॥
उन्नतैश्च समैः स्निग्धैरसितैः सुखभाजिनः ॥
वृत्तैः रक्तैस्तथा ताम्रैर्नखैस्ते स्युर्नराधिपाः ॥ ६ ॥
यस्य प्रदेशिनी दीर्घा अंगुष्टं च व्यतिक्रमेत् ॥
स्त्रीभोगं लभ्यते नित्यं पुरुषो नात्र संशयः ॥ ७ ॥
मध्यमायां तु दीर्घायां भार्याहानी विनिर्दिशेत् ॥
अनामिकायां तु दीर्घायां विद्याभोगी भवेन्नरः ॥ ८ ॥
सा च हृस्वा भवेद्यस्य तं विद्यात्परदारकम् ॥
यस्य प्रदेशिनी स्थूला भार्या स्यात्परगामिनी ॥ ९ ॥
हृस्वा क्लेशाय भोगायांगुष्ठाद्दीर्घा प्रदेशिनी ॥
समा वा मध्यमा श्रेष्ठा श्रिये दीर्घा कनिष्ठिका ॥ १० ॥
असंहिताभि र्हस्वाभि रंगुल्याभिस्तु मानवः ॥
दासो वा दासकर्मा वा समुद्रवचनं यथा ॥ ११ ॥
अंगुल्योऽपि समा दीर्घाः संहताश्च समुन्नताः ॥
येषां प्रदक्षिणावर्ताः पार्थिवास्ते न संशयः ॥ १२ ॥

હવે પછી હું દેહના અવયવોનાં લક્ષણો કહીશ. તેમાં સર્વ પ્રથમ જેમ સર્વજ્ઞે કહ્યું છે, તેમ પગના તળીઆનું વર્ણન કહીશ. પરસેવા વગરના, લાલ, ચોંટી જતી આંગળીઓવાળા, કાચબાની પીઠ જેવા ઉપસેલા, મૃદુ, ઉષ્ણ, તાંબા જેવા લાલ નખવાળા, અંદર પેસી ગએલી ઘુંટીવાળા મનુષ્યોના પગ શુભ હોય છે. સૂપડા જેવા, ભાગેલા, વાંકાચુકા, શીળા ( ઠંડા ) નસો દેખાઈ આવે તેવા, પરસેવાવાળા, પીળચટા તથા ખરબચડા પગ નિંદિત છે. જો ચમકીલા નખવાળા, મળેલી આંગળીઓવાળા, કાચબાની પીઠ જેવા ઉન્નત અને લાલ તળીઆંવાળા જેમના પગ હોય તેઓ રાજા

થાય છે. જેમના અંગુઠા પહોળા હોય તે પુરુષો દુઃખી થાય છે. પહોળા અંગુઠાવાળા મુસાફરી કરનારા અને દુઃખ ભોગવનારા થાય છે, જેઓ ઉપસેલા, સરખા, સ્નેહાળ (ચિકણા ચળકાટવાળા) લાલ નખવાળા છે, તેઓ સુખી થાય છે. ગોળ, લાલ તથા તાંબા જેવા રંગના નખવાળા મનુષ્યો રાજા થાય છે. જેની પ્રદેશિની (અંગુઠા પાસેની આંગળી) અંગુઠાને ઓળંગી આગળ વધી હોય (અંગુઠા કરતાં લાંબી હોય) તે પુરુષ નિત્ય સ્ત્રીસુખ ભોગવે છે. એમાં સંદેહ નથી. મધ્યમા આંગળી જો પ્રમાણ કરતાં લાંબી હોય તો સ્ત્રીની હાની થાય છે. (સ્ત્રી સુખ મળતું નથી) અનામિકા જો લાંબી હોય તો મનુષ્ય વિદ્વાન્ થાય છે. જેમને પગની અનામિકા ટુંકી હોય તેઓ પરદારગામી થાય છે. જેની પ્રદેશિની સ્થૂલ હોય તેની સ્ત્રી પરપુરુષમાં આસક્તિવાળી થાય છે. અંગુઠા કરતાં પ્રદેશિની ટુંકી હોય તો ક્લેશ અને લાંબી હોય તો ભોગની પ્રાપ્તિ થાય છે. જો મધ્યમા અંગુઠા જેવડી હોય તો શ્રેષ્ઠ છે. અને જો કનિષ્ઠિકા લાંબી હોય તો લક્ષ્મીપ્રદ છે. જે મનુષ્યના પગની આંગળીઓ છુટી પડી ગએલી, અથવા ટુંકી હોય તે મનુષ્ય દાસ અથવા દાસકર્મ કરનાર થાય છે. એમ સમુદ્રનું વચન છે. જેમની આંગળીઓ, સમાન, દીર્ઘ, એક બીજા સાથે મળી ગએલી ઉન્નત અને દક્ષિણાવર્ત હોય તેઓ નિઃસંશય રાજા થાય છે. ૧ થી ૧૨

## ઇતિ સામુદ્રિકે પાદલક્ષણ નામનો બીજો અધ્યાય

---

नखैः श्वेतैश्च विक्रान्तै स्ते नरा दुःखभाजिनः ।
दुःशीलाः कुनखा ज्ञेयाः कामभोगविवर्जिताः ॥ १३ ॥
विक्रान्तैः स्फुटितैः स्थूलैः नखैर्दारिद्यभाजिनः ॥
महापापानि कुर्वन्ति पुरुषा हरितैर्नखैः ॥ १४ ॥
इन्द्रगोपकसंकाशैर्नखैर्भवति पार्थिवः ॥
ताम्रैर्नखै स्तथैश्वर्यं प्राप्नुवन्ति नरोत्तमाः ॥ १५ ॥
वर्तुलैश्च तथैश्वर्यं पुष्टितैः सुभगो भवेत् ॥
सुस्निग्धैरुपरिस्ताम्रैर्नखैर्भवति भूपतिः ॥ १६ ॥

જેઓના નખ ધોળા અને વધી ગએલા (અકુદરતી રીતે મોટા લાગતા) હોય તે મનુષ્યો દુઃખી થાય છે. ખરાબ નખવાળા દુશ્ચરિત્ર હોય છે. અને કામભોગથી રહિત થાય છે. વધી પડેલા, ફાટેલા અને જાડા નખવાળા પુરુષો દરિદ્ર થાય છે. અને જો લીલા રંગના નખ હોય તો તેવા પુરુષો મહાપાપ કરે છે. ઇન્દ્રગોપ

( ચોમાસામાં રસ્તાઓ ઉપર નજરે પડતાં મખમલ જેવી ચામડીવાળાં લાલ રંગનાં જંતુ. ગામડીઆ લોકો જેને મોચી કહે છે. તે ) જેવા નખવાળા રાજા થાય છે. અને તાંબા જેવા લાલ રંગના નખવાળા શ્રેષ્ઠ મનુષ્યો બની ઐશ્વર્ય ભોગવે છે. ગોળ નખવાળો ઐશ્વર્યવાન, પુષ્ટ નખવાળો ભાગ્યશાળી, સ્નિગ્ધ અને તાંબા જેવા લાલ નખથી મનુષ્ય રાજા થાય છે. ૧૩ થી ૧૬

ઇતિ નખાધિકાર નામનો ત્રીજો અધ્યાય

---

धनिनस्तुरगजङ्घा राजानो मृगजङ्घकाः ॥
दीर्घायुः स्थूलजङ्घाभिर्जायतेऽध्वानगामिनः ॥ १७ ॥
सिंहजङ्घा व्याघ्रजङ्घा धनकीर्तिप्रदायकाः ॥
रोमयुक्ता च जङ्घा च दारिद्र्यात्सापि रक्षति ॥ १८ ॥
शृगालसमजङ्घा ये लक्ष्मीस्तेषां न जायते ॥
मीनजङ्घः स्वयं लक्ष्मी प्राप्नोतीह न संशयः ॥ १९ ॥
स्थूलजङ्घा च सूक्ष्मा च श्रियं भुञ्जन्ति मानवाः ॥
उष्ट्रजङ्घा नरास्ते तु नित्यं भाग्यविवर्जिताः ॥ २० ॥
काकजङ्घा नरा ये च ते साम्राज्यं विनिर्दिशेत् ॥
दुःखिताः काकजङ्घा वा जङ्घालक्षणमुधृतम् ॥ २१ ॥

ઘોડાના જેવી જાંગવાળા ધનવાન, મૃગ જેવી જાંગવાળા રાજા અને જાડી જાંગવાળા મુસાફરો તેમજ દીર્ઘાયુઃ વાળા થાય છે. સિંહના જેવી તેમજ વાઘના જેવી જંઘાઓ ધન આપે છે. અને રૂંવાટાંવાળી જાંઘ દારિદ્રમાંથી રક્ષણ અપાવે છે. જે પુરુષોની જાંગ શિયાળ જેવી હોય તેમને લક્ષ્મી મળતી નથી. પરંતુ માછલાં જેવી જાંગવાળા પોતાની મેળે લક્ષ્મી મેળવે છે. જાડી યા પાતળી ( ખાસ કરીને તરી આવે તેવી ) જાંગવાળા મનુષ્યો લક્ષ્મી ભોગવે છે. ઊંટના જેવી જાંગવાળા મનુષ્યો સદાકાળ ભાગ્યહીન નિવડે છે. જેઓની જાંગ કાગડાની જાંગ જેવી હોય તેઓ કાંતો સામ્રાજ્ય ભોગવે છે અથવા દુઃખી થાય છે. આ પ્રમાણે જંઘાએનું લક્ષણ ઉધ્ધૃત કર્યું છે. ૧૭ થી ૨૧

ઇતિ જંઘાધિકાર નામનો ચોથો અધ્યાય

---

एकरोमो भवेद्राजा द्विरोमो धनवान्भवेत् ॥
त्रिरोमः पण्डितः प्रोक्तो बहुरोमैर्दरिद्रता ॥ २२ ॥

हंसहस्तिसमागत्या पुरुषाः स्युर्नराधिपाः ॥
वृषभचाषशुकानां गतिर्भोगवतां भवेत् ॥ २३ ॥

जलोर्मिसदृशा यत्र काकोलूक समा गतिः ॥
द्रव्यक्षय करी ज्ञेया दुःखशोकभयङ्करी ॥ २४ ॥

श्वानोष्ट्रमहिषाणां च खरसूकरयोस्तथा ॥
गतिर्येषां समाख्यातास्ते नरा भाग्यवर्जिताः ॥ २५ ॥

दक्षिणावर्तलिङ्गे यः स नर पुत्रवान्भवेत् ॥
वामावर्तितलिङ्गेन नरः कन्यापिता भवेत् ॥ २६ ॥

स्थूलं कृष्णं भवेल्लिङ्गं स नरो दुःखवान्भवेत् ॥
प्रलम्बवक्रलिङ्गेन पुरुषाः सुखभोगिनः ॥ २७ ॥

एकैकधारिलिङ्गेन नरो भवति पार्थिवः ॥
द्विधारे धनवन्तश्च बहु धारा दरिद्रता ॥ २८ ॥

मीनगंधेन शुक्रेण धनवान्पुत्रवान्भवेत् ॥
हविर्गंधेन शुक्रेण गवाढ्यो जायते नरः ॥ २९ ॥

मधुगंधेन शुक्रेण नरः स्त्रीजनवल्लभः ॥
पद्मगंधे भवेद्भूपो महीगंधेन पार्थिवः ॥ ३० ॥

लाक्षागंधे भवेन्निःस्वो मांसगंधेन तस्करः ॥
व्यसनी चैव वसागंधो मद्यगंधेन दुःखितः ॥ ३१ ॥

कटुगंधेन शुक्रेण पुरुषो दुर्भगो भवेत् ॥
क्षारगंधेन शुक्रेण नरा दारिद्र्यभाजनः ॥ ३२ ॥

पयोवर्णेन शुक्रेण भवेद्राजा न संशयः ॥
श्यामवर्णेन शुक्रेण देह भोगी भवेन्नरः ॥ ३३ ॥
समपादोपविष्टस्य महीं स्पृशति मेहनम् ॥
स भवेद्दुःखितो नित्यं दारिद्र्येण च पीडितः ॥ ३४ ॥
समपादोपविष्टस्य गुल्फौ स्पृशति मेहनम् ॥
ईश्वरं तं विजानीयात् सुखिनं भोगिनं नरम् ॥ ३५ ॥
सिंह व्याघ्रसमं यस्य ह्रस्वं भवति मेहनम् ॥
भोगवाँस्तु स विज्ञेयो तथा तुरगमेहनम् ॥ ३६ ॥

જેની ચામડી ઉપરનાં છિદ્રોમાં એક છિદ્રમાં એક જ વાળ હોય, તે રાજા થાય. બે વાળ હોય તે ધનવાન થાય. ત્રણ વાળ હોય તે પંડિત થાય. અને બહુ રોમ હોય તે દરિદ્ર થાય. હંસ કે હાથી જેવી ગતિ (ચાલ) વાળા પુરુષો રાજાઓ થાય છે. બળદ, ચાષ અને પોપટ જેવી ગતિ ભોગી પુરુષોની હોય છે. જેમની ગતિ પાણીના તરંગો જેવી અથવા કાગડા કે ઘૂવડ જેવી હોય તે દ્રવ્યનો નાશ કરનારી તથા દુઃખ, શોક અને ભય આપનારી જાણવી. જે પુરુષોની ગતિ શ્વાન, ઊંટ, પાડા, ગધેડા તથા ભૂંડના જેવી હોય તેઓ ભાગ્યહીન હોય છે. જેનું લિંગ જમણી બાજુ ઝૂકેલું હોય તે પુરુષ પુત્રવાન્ થાય છે. જ્યારે જેનું લિંગ ડાબી બાજુ ઝૂકેલું હોય તે કન્યાઓનો પિતા થાય છે. સ્થૂલ અને કાળું લિંગ હોય તે પુરુષ દુઃખી થાય છે. લાંબા અને વાંકા લિંગવાળો પુરુષ સુખ ભોગવનાર થાય છે. જેને મૂત્ર કરતી વખતે એક જ ધાર પડતી હોય તે રાજા થાય છે. બે ધારા થાય તો ધનવાન થાય પરંતુ બહુ ધારા પડતી હોય તો દરિદ્રતા થાય. જો વીર્યની ગંધ માછલા જેવી હોય તો ધનવાન તથા પુત્રવાન્ થાય. જો હવિષ્યાન્ન જેવી ગંધ હોય તો ગાય ભેંસનો પાલક થાય, મધ જેવી સુગંધ હોય તો સ્રીને પ્રિય થાય. અને કમળ જેવી અથવા પૃથ્વી જેવી સુગંધ હોય તો રાજા થાય. લાખના જેવી ગંધ હોય તો નિર્ધન થાય. માંસના જેવી ગંધ હોય તો ચોર થાય. ચરબી જેવી ગંધ આવતી હોય તો વ્યસની થાય. દારૂ જેવી ગંધ હોય તો દુઃખી થાય. કડવી ગંધ આવતી હોય તે દુર્ભાગી થાય. ખારી ગંધવાળા વીર્યવાળો દરિદ્ર થાય. દૂધના જેવા રંગવાળા વીર્યથી નિઃસંશય રાજા થાય છે. કાળા રંગના વીર્યથી મનુષ્ય દેહસુખ ભોગવનાર થાય છે. સરખી રીતે બેસતાં (પલાંઠીવાળીને બેસતાં) જો લિંગ જમીનને સ્પર્શ કરે તો જાણવું કે તે મનુષ્ય દારિદ્રથી પીડિત થઈ નિત્ય દુઃખી થાય છે. સરખી રીતે બેસતાં જેનું લિંગ પગની ઘુંટીઓને અડે તે પુરુષને રાજા, સુખી અને ભોગી જાણવો. સિંહ અને વાઘની માફક જેનું

લિંગ ટુંકું હોય તેને ભોગી સમજવો. તેમજ જેનું લિંગ ઘોડાની માફક મોટું હોવા છતાં ટુંકું હોય તે પણ ભોગી થાય છે. ૨૨ થી ૩૬

ઇતિ રોમગતિવીર્યલિંગાદ્યધિકાર નામનો પાંચમો અધ્યાય

---

अलक्तसदृशं रक्तं जायते यस्य शोणितम् ॥
धनवान्भोगवाँश्चैव स नरः परिकीर्तितः ॥ ३७ ॥
प्रवालस्निग्धरक्तं च शोणितं यस्य देहिनः ॥
राजानं तं विजानीद्देवता स महाबलः ॥ ३८ ॥
पद्मपत्रानिभं यस्य देहे भवति शोणितम् ॥
जायते बहुधा कन्या दुखितश्च सदाभवेत् ॥ ३९ ॥
गोमायुसदृशं यस्य श्वानोष्ट्रमाहिषस्य च ॥
स भवेद्दुःखितो नित्यं धनहीनो न संशयः ॥ ४० ॥

અળતાના રંગ જેવા રંગનું જેનું રક્ત હોય, તેને ધનવાન તથા ભોગી કહેવામાં આવેલો છે. ઘેરા પ્રવાલના જેવા રૂધિરવાળો મનુષ્ય રાજા સમજવો, તેમજ તે મહાબળવાન્ અને દેવ જેવો હોય છે. કમળની પાંખડી જેવા રંગનું જેનું લોહી હોય તેને ( ખુલતો ગુલાબી ) ઘણું કરીને કન્યાઓ થાય છે. અને તે સદા દુઃખી થાય છે. શિયાળ, શ્વાન, ઊંટ કે પાડાના લોહી જેવું જેનું લોહી હોય તે માણસ નિઃસંશય ધનહીન અને નિત્ય દુઃખ ભોગવનાર થાય છે. ૩૭ થી ૪૦

ઇતિ રૂધિરાધિકારનામનો છઠ્ઠો અધ્યાય

---

विस्तीर्णा च कटी स्निग्धा शुभा पुंसां प्रशस्यते ॥
निर्मांसास्थि कटीबस्तिस्ते नरा दुःखभाजिनः ॥ ४१ ॥
सिंहव्याघ्रसमा येषां कटी तेः जननायकाः ॥
रक्षवानरतुल्या च कटी येषां न शोभनाः ॥ ४२ ॥

પુરુષોની પહોળી અને સ્નિગ્ધ કટી હોય તો તે વખણાય છે. જે પુરુષોની કમર અને બસ્તિ માંસ હીન, હાડકાં તરી આવતાં હોય તેવી હોય તે દુઃખ ભોગવનારા થાય છે. સિંહ કે વાઘના જેવી કમરવાળા હોય તે નેતાઓ થાય છે અને રીંછ કે વાનર જેવી કમરવાળા સારા હોતા નથી. ૪૧-૪૨

ઇતિ કટ્યાધિકારનામનો સાતમો અધ્યાય

---

मृगोदरो नरो धन्यो मयूरोदरसन्निभः ॥
मण्डुकः सदृशो यस्तु स नरः पार्थिवो भवेत् ॥ ४३ ॥
व्याघ्रोदरो गजपतिः श्वशृगालोदरोऽधमः ॥
नरः सिंहोदरो यस्तु धनधान्य समृद्धिवान् ॥ ४४ ॥
वर्तुला चातिगंभीरा नाभिः पुंसां प्रशस्यते ॥
उत्तानविरला नाभिः सदा दुःखप्रदायिनी ॥ ४५ ॥

મૃગના જેવા પેટવાળો ધન્ય પુરુષ હોય છે. તેમજ મોરના જેવા પેટવાળો પણ ધન્યાત્મા હોય છે. જેનું પેટ દેડકાના જેવું હોય તે પુરુષ રાજા થાય છે. વાઘના જેવા પેટવાળો હાથીઓનો માલિક થાય છે. અને કુતરા કે શિયાળના જેવા પેટવાળો અધમ થાય છે. જે પુરુષ સિંહના જેવા પેટવાળો હોય તે ધનધાન્યવાળો અને સમૃદ્ધિવાળો થાય છે. પુરુષોની નાભિ ગોળ અને અતિ ગંભીર હોય તે વખણાય છે. પરંતુ ઉપસી આવેલી અને વિરલ દેખાતી નાભિ સદા દુઃખ આપનારી હોય છે. ૪૩ થી ૪૫

ઇતિ ઉદરાધિકારનામનોઆઠમો તથા નાભ્યાધિકારનામનો નવમો અધ્યાય

---

उन्नतोपचितौ येषां घनस्निग्धौ पयोधरौ ॥
ते नरा मैथुने शूरा भोगवन्तः स्वकर्मभिः ॥ ४६ ॥
अनुन्नतौ नैव स्निग्धौ शिथिलौ च पयोधरौ ॥
निर्मांसौ च कुरूप्यौ च ते नरा दुःखभोगिनः ॥ ४७ ॥
विस्तीर्णं हृदयं यस्य मांसलोपचितं समम् ॥
शतायुस्तं विजानीयाद्बहुभोगं महाधनम् ॥ ४८ ॥
जानुनी मांसलस्निग्धे उरू विस्तीर्णवर्तुले ॥
इष्टिकाभा कटी यस्य मध्यं तु कुलिशोपमम् ॥ ४९ ॥
सिंहपृष्ठो नरो यस्तु धनं तस्य विनिर्दिशेत् ॥
कूर्मपृष्ठो भवेद्राजा धनसौभाग्यसंयुतः ॥ ५० ॥

જે પુરુષોના સ્તન ઉન્નત, ઉપસી આવેલા, ગાઢા અને સ્નિગ્ધ હોય તે પુરુષો મૈથુનમાં શૂરા અને પોતાના કર્મો વડે ભોગ ભોગવનારા (ભોગ માટે પુરુષાર્થ

કરનારા ) હોય છે. બેસી ગએલા, બેડોળ લાગતા શિથિલ માંસ રહિત અને કુરૂપ સ્તન જેમના હોય તે પુરુષો દુઃખ ભોગવનાર હોય છે. જેનો હૃદયનો ભાગ વિસ્તીર્ણ, માંસથી ભરાએલ અને સમાન હોય, તે પુરુષને બહુ ભોગી તેમજ મહાધની જાણવો. અને તે શતાયુઃ ( સો વર્ષનું આયુષ્ય ભોગવનાર ) હોય છે. જે પુરુષની જાનુઓ માંસલ તથા સ્નિગ્ધ હોય, ઉરૂ વિસ્તૃત અને ગોળ હોય, કમર ઈંટ જેવી સરખી હોય, અને હૃદય હીરા જેવું હોય, તથા પીઠ સિંહ જેવી હોય તે મનુષ્યને ધન છે. એમ કહેવું. ( અર્થાત્ આવો પુરુષ શ્રેષ્ઠ લક્ષણ યુક્ત છે. ) વળી જેની પીઠ કાચબાની પીઠની માફક દેખાતી હોય તે ધનધાન્યથી યુક્ત ભાગ્યશાળી હોય છે. ૪૧ થી ૫૦

ઇતિ સામુદ્રિકે સ્તનલક્ષણાધિકારનામનો દશમો અધ્યાય

---

प्रलंबबाहू स्वामी स्यान्नरः सर्वगुणान्वितः ॥
ह्रस्वबाहू भवेद्दासः परकर्मकरः स्मृतः ॥ ५१ ॥
यस्य मत्स्य समा रेखा कर्मसिद्धिः प्रजायते ॥
धनाढयस्तु स विज्ञेयो बहुपुत्रो न संशयः ॥ ५२ ॥
आतपत्रं करे यस्य दण्डेन सहितं पुनः ॥
चामरद्वितीयं चापि चक्रवर्ती स जायते ॥ ५३ ॥
स्वस्तिके जनसौभाग्यं मीने सर्वत्र पूजितः ॥
श्रीवत्से वाञ्छिता लक्ष्मी गवाद्यं दामकेन तु ॥ ५४ ॥
ध्वजवज्राङ्कुशच्छत्रं शंखपद्मादयस्तले ॥
पाणिपादेषु दृश्यन्ते यस्यासौ श्रीपतिः पुमान् ॥ ५५ ॥
शक्तितोमर दण्डासि धनुश्चक्रगदोपमाः ॥
यस्य हस्ते भवेद्रेखा राजानं तं विनिर्दिशेत् ॥ ५६ ॥
द्वाभ्यां च यवमालाभ्यां राजा मंत्री धनीबुधः ॥
एकया यवपङ्क्त्या च श्रेष्ठो बहु धनोचितः ॥ ५७ ॥
मणिबन्धे यवश्रेण्यस्तिस्त्रश्चेत्स नृपो भवेत् ॥
यदि ताः पाणिपृष्ठेऽपि ततोधिकतरं फलम् ॥ ५८ ॥

લાંબા હાથવાળો પુરુષ સર્વગુણસંપન્ન હોઈ શેઠ બને છે. અને ટુંકા હાથવાળો પારકાનું કામ કરનાર નોકર થાય છે. જેના હાથમાં મત્સ્યના જેવી રેખા હોય તેને કાર્યસિદ્ધિ મળે છે. અને નિ:સંશય તેને ઘણા પુત્રોવાળો તેમજ ધનાઢ્ય જાણવો. જેના હાથમાં દાંડી સહિત કમળ અથવા બે ચામરનું ચિન્હ હોય તે ચક્રવર્તી થાય છે. જો હાથમાં સ્વસ્તિક હોય તો મનુષ્યને યોગ્ય સંપૂર્ણ સુખ મળે છે. મીન (માછલી) જેવું ચિન્હ હોય તો સર્વત્ર પૂજાય છે. શ્રીવત્સ હોય તો ઈચ્છિત લક્ષ્મી અને દામ (રજ્જુ) હોય તો ચતુષ્પાદ પ્રાણીઓની પ્રાપ્તિ થાય છે. ધ્વજ, વજ્ર, અંકુશ, છત્ર તથા શંખ, કમળ એ ચિન્હો જેના હાથ કે પગમાં હોય તે પુરુષો લક્ષ્મીપતિ બને છે. શક્તિ, તોમર, દંડ, તલવાર, ધનુષ્ય, ચક્ર તથા ગદાના આકારનાં ચિન્હો જેના હાથમાં હોય તેને રાજા સમજવો. જેના મણિબંધમાં યવપંક્તિવાળાં બે વલય હોય તે રાજા, પ્રધાન, ધનવાન કે પંડિત બને છે. યવપંક્તિવાળું એક વલય હોય તો ઘણો ધનવાન અને શ્રેષ્ઠ પુરુષ હોય છે. જો મણિબંધમાં યવપંક્તિવાળાં ત્રણ વલય હોય તો રાજા થાય છે. અને જો તે વલયો હાથની પીઠ ઉપર પણ હોય તો તેનાથી પણ અધિક થાય છે. ૫૧ થી ૫૮

त्यागाय शोणा गंभीराः सुखाय मधुपिङ्गला ॥
सूक्ष्माः श्रिये भवेयुस्ताः सौभाग्याय समूलकाः ॥ ५९ ॥

छिन्नाः सपल्लवा रूक्षा विषमा स्थानकच्यूताः ॥
विवर्णाः स्फुटिताः कृष्णा नीलास्तन्व्यश्च नोत्तमाः ॥ ६० ॥

क्लेशं सपल्लवा रेखा छिन्ना वित्तस्य संशयम् ॥
कदन्नं परुषा द्रव्यविनाशं विषमार्पयेत् ॥ ६१ ॥

मध्यमाप्रान्तरेखायाः प्रदेशिना स्याद्यदाधिका ॥
प्रचुरस्तत्पितुः पक्षः श्रियो विपदोऽन्यथा ॥ ६२ ॥

अनामिकान्त्यरेखायाः कनिष्ठास्याद्यदाधिका ॥
धनवृद्धिकरी पुंसां मातृपक्षो बहुस्तदा ॥ ६३ ॥

उर्ध्वरेखा मणेर्बन्धादूर्ध्वगा सातु पञ्चधा ॥
अंगुष्ठाश्रयिणी सौख्यराज्यलाभाय जायते ॥ ६४ ॥

राजा राजसदृशो वा तर्जनीगतयानया ॥
मध्यायां गतयाचार्यः ख्यातो राजाथ सैन्यपः ॥ ६५ ॥
अनामिकाप्रयान्त्यां तु सार्थवाहो महाधनी ॥
कनिष्ठां गतया सत्या तया श्रेष्ठो भवेद्बुधः ॥ ६६ ॥
श्लाघ्यश्चोष्णोऽरुणोऽस्वेदोऽच्छिद्रः स्निग्धश्च मांसलः ॥
श्लक्ष्णस्ताम्रनखो दीर्घाङ्गुलिको विपुलः करः ॥ ६७ ॥
पाणेस्तलेन शोणेन धनी नीलेन मद्यपः ॥
पीतेनागम्यनारीकः कृष्णेन च धनोज्झितः ॥ ६८ ॥
मणिबन्धात्पितुर्लेखा करभाद्विभवायुषोः ॥
लेख्ये द्वे यान्ति तिस्रोऽपि तर्जन्यंगुष्ठकान्तरम् ॥ ६९ ॥
येषां रेखा इमास्तिस्रः संपूर्णा दोषवर्जिताः ॥
तेषां गोत्रधनायूंषि संपूर्णान्यन्यथा न तु ॥ ७० ॥
गत्वा मिलितयोः प्रान्ते द्रव्यपित्रोश्च रेखयोः ॥
गृहबन्धो विनिर्देश्यो गृहभङ्गोऽन्यथा पुनः ॥ ७१ ॥
आयुर्लेखा कनिष्ठान्तर्लेखाः स्युर्गृहिणीप्रदा ॥
समाभिः शुभ शीलास्ता विषमाभिः कुशीलकाः ॥ ७२ ॥
आयुर्लेखावसानाभिर्लेखाभिर्मणिबन्धतः ॥
स्पष्टाभिर्भ्रातरोऽस्पष्टतराभिर्जामयः पुनः ॥ ७३ ॥
मणिबन्धोन्मुखाश्चायुर्लेखाग्रां यत्र पल्लवाः ॥
संपदस्तैर्बहिर्यान्ते विपदोऽङ्गुलि सम्मुखैः ॥ ७४ ॥
यवैरङ्गुष्ठमध्यस्थै विद्याख्यातिविभूतयः ॥
शुक्ले पक्षे तथा जन्म दक्षिणाङ्गुष्ठगैश्च तैः ॥ ७५ ॥

कृष्णपक्षे नृणां जन्म वामाङ्गुष्ठगतैर्यवैः ॥
यवैरङ्गुष्ठमूलास्थैस्तत्संख्याः सूनवो नृणाम् ॥ ७६ ॥
अनामिकान्तपर्वस्थाः प्रतिरेखाः प्रभुत्वकृत् ॥
उर्ध्वा पुनस्तले तस्याः धर्मरेखेयमुच्यते ॥ ७७ ॥
श्लिष्टान्यङ्गुलि मध्यानि द्रव्यसञ्चयहेतवे ॥
तानि चेच्छिद्रयुक्तानि त्यागशीलस्ततो नरः ॥ ७८ ॥
एकोऽप्याभिमुखस्तस्य मत्स्यः श्रीवृद्धिकारणम् ॥
संपूर्णौ किं पुनर्द्वौस्तः पाणिमूलस्थितौ नृणाम् ॥ ७९ ॥
तुलाग्राममथो वज्रं करमध्ये तु दृश्यते ॥
वाणिज्यं सिद्धयते तस्य पुरुषस्य न संशयः ॥ ८० ॥
उर्ध्वरेखा करे यस्य रेखाः स्युरङ्गुलित्रये ॥
नाना भोग सुखानि च समुद्र वचनं यथा ॥ ८१ ॥
आवर्ताः दक्षिणाः शस्ता सांगुष्ठाङ्गुलिपर्वसु ॥
ताम्राः स्निग्धोत्थितोत्तुङ्गपर्वार्धोत्था नखाः शुभाः ॥ ८२ ॥
नखेषु बिन्दवः श्वेताः पाण्योश्चरणयोरपि ॥
आगंतवः प्रशस्ताः स्युरिति भोजनृपोऽभ्यधात् ॥ ८३ ॥
त्रिकोणरेखया सीर मूसलोलूखलादिना ॥
वस्तुना हस्तजातेन पुरुषः स्यात्कृषिबलः ॥ ८४ ॥

હાથની રેખાઓ લાલાશ ઉપર અને ઉંડી હોય તો ત્યાગી કરનાર, મધનાં જેવા પીળાશ ઉપરના રંગની હોય તો સુખી કરનાર. બહુ પાતળી હોય તો લક્ષ્મી આપનાર અને શરૂઆતમાં મૂળવાળી હોય તો (આરંભસ્થળમાં શાખાઓવાળી) સૌભાગ્યશાળી કરનાર થાય છે. જે રેખાઓ છિન્નભિન્ન થએલી, શાખાઓવાળી, બેડોળ વિષમ, પોતાના સ્થાનથી રહિત, રંગ વગરની, ફાટેલી, ઝાંખી બારીક અને આછી હોય તો તે સારી નથી. પલ્લવો ( શાખાઓ ) વાળી રેખા ક્લેશ આપે છે. તૂટેલી રેખા

દ્રવ્ય હોવામાં સંશય ઉત્પન્ન કરે છે. (ધનનો નાશ કરે છે) રંગહીન રેખા (બેડોળ લાગતી હોય તેવી રેખા) કદન્નભોજી કરનાર (તેલ, ઘી વગરનું, ટાઢું, ઉતરી ગએલું, હલકા ધાન્યમાંથી બનાવેલું ભોજન કદન્ન કહેવાય છે) અને વિષમ રેખાઓ દ્રવ્યનો વિનાશ કરનારી છે. મધ્યમાના ઉપલા પર્વની રેખા કરતાં જો પ્રદેશિની લાંબી હોય તો તેનો પિતાનો પક્ષ (પિતાનું કુટુંબ) ઘણો મોટો હોય છે. અને પિતાની મિલ્કત પણ ઘણી હોય છે. જો તે પર્વની ઉપલી રેખા કરતાં પ્રદેશિની ટુંકી હોય તો ઉપરોક્ત ફલ ઉલટું હોય છે. અર્થાત્ પિતાનું કુટુંબ તથા લક્ષ્મી બહુ થોડાં હોય છે. અનામિકાના ઉપલા પર્વની રેખા કરતાં જો કનિષ્ઠિકા મોટી હોય તો તે મનુષ્યને ધનની વૃદ્ધિ કરનારિ છે. તેમજ તેના મોસાળનું કુટુંબ મોટું હોય છે. ઉર્ધ્વરેખા મણિબંધથી નીકળી ઉર્ધ્વ દિશામાં જાય છે. આ રેખા પાંચ પ્રકારની હોય છે. આ રેખા જો અંગુઠા ભણી જનારી હોય તો સુખ, રાજ્ય તથા લાભ આપનારી થાય છે. જો આ રેખા તર્જની ભણી જતી હોય તો રાજા અથવા રાજા જેવો થાય. મધ્યમા ભણી ગઇ હોય તો આચાર્ય, અથવા પ્રખ્યાત પુરુષ થાય અથવા રાજા કે સેનાપતિ થાય. જો ઉર્ધ્વરેખા અનામિકા પર્યંત ગઈ હોય તો મોટો વેપારી તેમજ ધનવાન થાય છે. અને જો કનિષ્ઠિકા ભણી ગઈ હોય તો તે રેખાથી મોટો શ્રેષ્ઠ પંડિત થાય છે. ઉષ્ણ, લાલ, પરસેવા વગરનો, છિદ્ર રહિત, સ્નિગ્ધ, માંસલ, તાંબા જેવા નખવાળો, લાંબી આંગળીઓવાળો અને વિશાળ હાથ વખાણવા લાયક છે. હાથનું તળીયું લાલ હોય તો ધનવાન, વાદળી હોય તો દારૂડીઓ, પીળું હોય તો અગમ્યાગમન કરનાર અને કાળું હોય તો નિર્ધન થાય છે. મણિબંધ થી પિતૃરેખા, કરભથી વૈભવ અને આયુષ્યની એમ બે રેખાઓ આમ ત્રણ રેખાઓ તર્જની અને અંગુઠા વચ્ચે જાય છે. જેમને આ ત્રણે રેખાઓ સંપૂર્ણ અને દોષ રહિત હોય તેમને ગોત્ર ધન તથા આયુષ્યનું સંપૂર્ણ સુખ હોય છે. અન્યથા નથી હોતું. જેઓને દ્રવ્ય અને પિતાની રેખાઓ અંત ભાગમાં (તર્જની અને અંગુઠાના વચ્ચેના ભાગમાં) મળેલી હોય છે. તેઓ ઘર બંધાવે છે. જો છુટી હોય તો તેમનો ઘરભંગ થાય છે. આયુરેખા અને કનિષ્ઠિકાના મૂળ વચ્ચેના ભાગમાં આવેલી રેખાઓ સ્ત્રી લાભની રેખાઓ છે. આ રેખાઓ જો સરલ હોય તો સ્ત્રીઓ સ્વચરિત્ર હોય છે વિષમ હોય તો દુશ્ચરિત્ર હોય છે. મણિબંધથી લઈ આયુરેખા સુધી (કરભ ઉપર) આવેલી રેખાઓ જો સ્પષ્ટ હોય તો તેટલા ભાઈ અને અસ્પષ્ટ હોય તો બ્હેનોની દ્યોતક છે. આયુ-રેખામાંથી મણિબંધ ભણી જનારાં પલ્લવો (શાખાઓ) હોય તે સંપત્તિસૂચક છે. અને જો તે પલ્લવો આંગળીઓ ભણી જતાં હોય તો વિપત્તિ આપનારાં છે. અંગુઠાના મધ્ય (પર્વ) માં યવ હોય તો વિદ્યા, ખ્યાતિ અને વૈભવના સૂચક છે. જો જમણા અંગુઠામાં હોય તો શુક્લપક્ષમાં જન્મ જાણવો. ડાબા અંગુઠામાં યવ હોય તો કૃષ્ણ પક્ષમાં જન્મ જાણવો. અંગુઠાના મૂળમાં યવ હોય તો જેટલા યવ તેટલા છોકરા થશે એમ સમજવું. અનામિકાના મૂળમાંથી નીકળી છેક ઉપરનાં પર્વ સુધી ઉર્ધ્વરેખા

હોય તો તે પ્રભુત્વ આપનારી છે. અને જો અનામિકાના મૂળના નીચેના ભાગમાં હસ્તતલ (હથેલી)માં ઉર્ધ્વરેખા હોય તો તે ધર્મરેખા કહેવાય છે. હાથની આંગળીઓ એકબીજા સાથે મળી ગએલી જણાતી હોય તો તે ધનસંચયકારનું લક્ષણ છે. અને જો આંગળીઓ વચ્ચે છિદ્ર (જગ્યા) હોય તો તે (ઉદારતાનું લક્ષણ છે) માણસ ત્યાગી વૃત્તિનો થાય છે. હાથના મૂળ ભાગ (મણિબંધની ઉપલી સંધિ)માં એક પણ ઉર્ધ્વમુખનો મત્સ્ય હોય તો તે લક્ષ્મીવૃદ્ધિનું કારણ છે. તો પછી જો પુરેપુરા બે મત્સ્ય હોય તો કહેવાનું જ શું રહે? તુલા (ત્રાજવું) ગામ, વજ્ર આ ચિન્હો જેના હાથમાં હોય તેને વ્યાપારમાં સફળતા મળે છે. તેમાં સંશય નથી. જેના હાથમાં ઉર્ધ્વરેખા હોય, અને ત્રણે આંગળીના મૂળમાં ઊભી રેખાઓ હોય તેને અનેક પ્રકારનો ભોગ તથા સુખ મળે છે. એમ સમુદ્રનું વચન છે. અંગુઠો તેમજ દરેક આંગળીના (ઉર્ધ્વ) પર્વમાં જમણા આવર્ત (ભમરીઓ) હોય તો તે શ્રેષ્ઠ લક્ષણ છે. તેમજ પર્વના અર્ધ જેવડા, તાંબા જેવા લાલ રંગના, સ્નિગ્ધ, ઉન્નત નખ શુભફળ આપનારા છે. પગ તથા હાથના નખોની અંદર ધોળા રંગનાં બિંદુઓ જો આગંતુક હોય (અકસ્માત થયાં હોય) તો તે શુભ છે, એમ ભોજરાજ કહે છે. ત્રિકોણરેખા, હળ, મૂશલ ખાંડણીઓ એ ચિન્હો જો હાથમાં હોય તો પુરુષ ખેડુત થાય છે. ૫૯ થી ૮૪

ઇતિ સામુદ્રિકે કરરેખાલક્ષણાધિકાર નામનો અગિયારમો અધ્યાય

---

ग्रीवातिवर्तुला यस्य पूर्णकुम्भसमा भवेत् ॥
पार्थिवः स तु विज्ञेयो धनधान्यसमान्वितः ॥ ८५ ॥
शंखग्रीवा प्रशंसंति शुकोष्ट्रग्रीवका नतु ॥
दीर्घग्रीवा बकग्रीवा शिखिग्रीवा विवर्जिता ॥ ८६ ॥
वृषस्कंधगजस्कन्धकदलीस्कन्धमेव च ॥
महाभोगा महाधनास्ते सर्वे पार्थिवोपमाः ॥ ८७ ॥
चन्द्रबिम्बोपमे वक्त्रे धर्मशीलः सदा भवेत् ॥
मृगमूषकवक्त्राश्च ते नरा भाग्यवर्जिताः ॥ ८८ ॥
करालवक्त्रपुरुषा धनहीनाः प्रकीर्तिता ॥
हयवक्त्रा नरा येतु दुःखदारिद्र्यभोगिनः ॥ ८९ ॥

જેની ગરદન એકદમ ગોળ ભરેલા ઘડાની માફક હોય તેને ધનધાન્યથી સમૃદ્ધ રાજા જાણવો. શંખ જેવી ગરદનને વખાણે છે. પોપટ તથા ઊંટના જેવી ગરદન વખણાતી નથી. લાંબી ગરદન, બગલા જેવી ગરદન તેમજ મોર જેવી ગરદન સારી નથી ગણાતી. જેઓની ગરદન બળદ કે હાથીની ગરદન જેવી હોય અથવા કેળના સ્તંભ જેવી ગરદન હોય તે બધા રાજા જેવા મહાભોગી અને મહાધની હોય છે. ચંદ્રબિંબ જેવા ગોળ મુખવાળો સદા ધર્મપરાયણ હોય છે. મૃગ કે ઉંદર જેવા મોં વાળા ( ગરીબડા મોં વાળા ) ભાગ્યહીન હોય છે. ભયંકર મુખમુદ્રાવાળા ધનહીન ગણાયા છે. અને ઘોડાના જેવા મુખવાળા જે પુરુષો હોય તેઓ દુઃખ અને દારિદ્ર ભોગવનારા હોય છે. ૮૫ થી ૮૯

ઇતિ મુખાધિકારનામનો બારમો અધ્યાય

---

यस्य गण्डौ हि संपूर्णौ पद्मपत्र समप्रभौ ॥
भोगवान् स्त्रीप्रियश्चैव सर्वविद्याधरः स्मृतः ॥ ९० ॥
सिंह व्याघ्रगजेन्द्राणां कपोलौ सदृशौ यदि ।
कृषिभोगी भवेन्नित्यं बहुपुत्रश्च जायते ॥ ९१ ॥

જેના ગણ્ડ ( લમણા ) કમળપત્રના જેવા શોભાયમાન હોય તે ભોગી, સ્ત્રીજન-વલ્લભ, અને સર્વ વિદ્યાધર ( બધી વિદ્યાઓ જાણનાર ) થાય છે. જો સિંહ વાઘ યા હાથીના જેવાં લમણાં હોય તો પુરુષ ખેડુત અને બહુ પુત્રોવાળો થાય છે. ૯૦ થી ૯૧

ઇતિ ગંડાધિકારનામનો તેરમો અધ્યાય

---

रक्ताधरौ नृपतिः स्यात् वक्रोष्ठौ स च दुःखितः ॥
स्थूलाभ्यां मधुराभ्यां च नरा अत्यन्त दुःखिताः ॥ ९२ ॥

લાલ ઓઠવાળો નૃપતિ થાય. વાંકા ઓઠવાળો દુઃખી થાય. જાડા અને શ્યામ ઓઠવાળા પુરુષો અત્યન્ત દુઃખી થાય. ૯૨

ઇતિ ઓષ્ઠાધિકારનામનો ચૌદમો અધ્યાય

---

कुंदपुष्प प्रतिकाशैर्दन्तैर्भूपतयः स्मृताः ॥
रक्षो वानरदन्ताश्च नित्यं क्षुधा तृषार्तिताः ॥ ९३ ॥
सस्नेहैरुदुबलैर्दन्तैर्दाडिमीः बीजसन्निभैः ॥
सुखिनः सरलाः ज्ञेया स्त्रीणां च वश्यकारकाः ॥ ९४ ॥

दुःखितो विकृतैरूक्षैर्दन्तैर्मूषक सन्निभैः ॥
सभाग्यं मिलितैर्दन्तैर्विद्यावान्दन्तुरैः पुनः ॥ ९५ ॥
द्वात्रिंशद्दशनो राजा भोगी स्यादेकहीनकः ॥
त्रिंशद्दन्तास्तु सुखिन एकहीनास्तु दुःखिताः ॥ ९६ ॥

કુંદના ફૂલ જેવા શોભાયમાન દાંતોથી મનુષ્ય રાજા થાય છે. અને રાક્ષસ કે વાનરના જેવા દાંતવાળા પ્રતિદિન ભૂખ અને તરસથી આકુલ વ્યાકુલ રહે છે. જેઓના સ્નેહયુક્ત, મજબુત દાડમના બીજ જેવા દાંત હોય તેમને સુખી અને સરલ જાણવા. આવા પુરુષો સ્ત્રીઓને વશ કરે છે. વિકૃત, લુખ્ખા અને ઉંદરડાની ચાંચ જેવા દાંત હોય તો દુઃખી જાણવા. દાંત એક બીજા સાથે મળેલા હોય તો ભાગ્યવાન્ અને જો મોટા દાંત હોય તો વિદ્વાન્ જાણવા. બત્રીસ દાંતવાળો રાજા, એકત્રીસ દાંતવાળો ભોગી, ત્રીસ દાંતવાળો સુખી અને ઓગણત્રીસ દાંતવાળો દુઃખી સમજવો. ૯૩ થી ૯૬

ઇતિ દંતાધિકાર

---

कृष्णजिह्वो भवेद्दासः न नरो दुःखसाधनः ॥
समलायां तु जिह्वायां स भवेत्पापकारकः ॥ ९७ ॥
स्थूल जिह्वास्तथा क्रूरा नरा अनृतभाषिणः ॥
श्वेतजिह्वा नरा येतु शौचाचार विवर्जिताः ॥ ९८ ॥
पद्मपत्रसमा जिह्वा भोगवान् मिष्टभोजनः ॥
रक्तजिह्वा भवेद्यस्तु विद्यालक्ष्मीमवाप्नुयात् ॥ ९९ ॥

કાળી જીભવાળો દાસ થાય છે. અને તે મનુષ્ય દુઃખકારક પણ હોય છે. મેલી જીભવાળો પાપ કરનાર થાય છે. જાડી જીભવાળા ક્રૂર અને જુઠું બોલનાર હોય છે. અને જેઓની જીભ ધોળી હોય તેઓ પવિત્રતા રહિત હોય છે. કમળની પાંખડી જેવી જીભ હોય તો ભોગવિલાસ તથા મિષ્ટ ભોજન કરનાર થાય છે. અને જેમને લાલ જીભ હોય તેઓ વિદ્યા અને લક્ષ્મીને પ્રાપ્ત કરે છે. ૯૭ થી ૯૯

ઇતિ જીહ્વાધિકાર

---

कृष्णतालु नरा ये तु भवन्ति कुलनाशकाः ॥
पद्मपत्रसमं तालुः स नरो भूपतिर्भवेत् ॥ १०० ॥
श्वेततालुर्नरा येतु धनवन्तो भवन्ति ते ॥
रक्ततालुर्नरा ये तु धनभोक्ता न संशयः ॥ १०१ ॥

જેમનું તાળવું કાળા રંગનું હોય તેવા પુરુષો કુલનો નાશ કરનાર નિવડે છે. અને કમળની પાંખડી જેવા તાળવાવાળો પુરુષ રાજા થાય છે. ધોળા તાળવાવાળા પુરુષો ધનવાન થાય છે. રાતા તાળવાવાળા હોય તે નિઃસંશય ધનના ભોક્તા થાય છે. ૧૦૦–૧૦૧

ઈતિ તાલ્વાધિકાર

हंसस्वरो नरो धन्यो मेघवत्स्वरतो नृपः ॥
भृङ्गोपमस्वरा ये तु भोगवन्तो नरेश्वराः ॥ १०२ ॥
क्रौंचस्वरा नरा ये च भाग्यवन्तो भवन्ति ते ॥
खरकाकस्वरा ये च निर्धना पापकारिणः ॥ १०३ ॥

હંસના જેવા સ્વરવાળો ધન્ય પુરુષ છે. અને મેઘ જેવા ગંભીર સ્વરવાળો રાજા થાય છે. ભમરાના જેવા સ્વરવાળા ભોગી અને રાજરાજેશ્વર થાય છે. ક્રૌંચ પક્ષી જેવા સ્વરવાળા ભાગ્યશાળી થાય છે. તેમજ ગધેડા અને કાગડાના જેવા અવાજ વાળા નિર્ધન અને પાપી થાય છે. ૧૦૨–૧૦૩

ઇતિ સ્વરાધિકાર

पार्थिवाः शूकनासाः स्युर्दीर्घनाशाश्च भोगिनः ॥
ह्रस्वनाशा नरा ये तु धर्मशीलाश्च ते विदुः ॥ १०४ ॥
हस्तिनाशा समानासा पीतनाशाश्च ये नराः
पीतरक्ताश्च ये मर्त्याः सर्वे ते जनवल्लभाः ॥ १०५ ॥
स्थूलनाशा वक्रनासा नासिकामुखमध्यगाः
ते सर्वे दुःखिता ज्ञेया धनशील विवर्जिताः ॥ १०६ ॥

પોપટની ચાંચ જેવી નાસિકાવાળા રાજા થાય છે. લાંબા નાકવાળો ભોગી થાય છે. ટુંકા નાકવાળા હોય તેઓને ધર્મશીલ કહ્યા છે. હાથીની સૂંઢ જેવી નાસિકાવાળા, પીળા રંગની કે પીળા અને લાલ રંગના મિશ્રણ (નારંગી) જેવા રંગની નાસિકાવાળા જનવલ્લભ થાય છે. જાડા નાકવાળા, વાંકા નાકવાળા તથા મોંમાં પેસી જતી નાસિકાવાળા હોય તે બધા ધન તેમજ ચારિત્ર્યથી રહિત અને દુઃખી સમજવા. ૧૦૪ થી ૧૦૬

ઇતિ નાસિકાધિકાર

रक्ताक्षा धनवन्तः स्यु व्याघ्राक्षाश्चातकोपमाः ॥
कुक्कुटाक्षाः सदा दक्षा मृगाक्षाः शुभलोचनाः ॥ १०७ ॥
बिडालहंसनेत्रास्ते भवन्ति पुरुषाधमाः ॥
मयूरनकुलाक्षाश्च सर्वे ते मध्यमाः स्मृताः ॥ १०८ ॥
श्वानतुल्येक्षणाश्चौरा पिङ्गाक्षाः क्रूरकर्मगाः ॥
गवाक्षाः सुभगा नित्यं केकराक्षा दुराशयाः ॥ १०९ ॥

લાલ આંખવાળા ધનવાન થાય છે. વાઘના જેવી આંખોવાળા, ચાતકના જેવી આંખોવાળા, અને કુકડાના જેવી આંખોવાળા ચતુર હોય છે. મૃગ જેવી આંખો સારી ગણાય છે. બિલાડી, અને હંસના જેવી આંખોવાળા અધમ પુરુષો છે અને મોર કે નોળીઆ જેવી આંખોવાળા હોય તે બધા મધ્યમ પુરુષો છે. કુતરા જેવી આંખોવાળા ચોર હોય છે. પીળી આંખોવાળા ક્રૂર કર્મ કરનાર હોય છે. ગાયના જેવી આંખોવાળા ભાગ્યશાળી હોય છે. અને ખરાબ આંખોવાળા નીચ આશયના હોય છે. ૧૦૭ થી ૧૦૯

ह्रस्वकर्णौ महाभोगी दीर्घकर्णाश्च मध्यमाः ॥
रोमकर्णा मनुष्या ये सर्वे ते सुखभोगिनः ॥ ११० ॥
छत्राकारं नरेन्द्राणां शिरो दीर्घं तु दुःखिनाम् ॥
अधमानां घटाकारं पापिनां संपुटं पुनः ॥ १११ ॥
विशेषः पुनरेकोऽत्र भ्रुवो मध्ये यदीक्षते ॥
उर्णाख्यं रोम नेनास्यं राज्यं नैव विसर्जयेत् ॥ ११२ ॥

ટુંકા કાનવાળા મહાભોગી, લાંબા કાનવાળા મધ્યમ, અને વાળયુક્ત કાનવાળા જે મનુષ્ય હોય તે બધા સુખી માણસો હોય છે. રાજાઓનાં મસ્તિષ્ક છત્રીના જેવાં હોય છે. મોટાં માથાં દુઃખી માણસોનાં હોય છે. અધમ પુરુષોનાં માથાં ઘડા જેવાં હોય છે. અને પાપી પુરુષોનાં માથાં સંપુટ જેવાં હોય છે. જો ભ્રમરોની વચ્ચે (નાકના ઉપરના ભાગમાં) ઝીણી (ઉનના જેવી) રૂંવાટી હોય અને આંખનાં પોપચાં તથા મોં ઉપર પણ તેવી રૂંવાટી હોય તો તેવી રૂંવાટીવાળા પુરુષને રાજ્ય છોડતું નથી. અર્થાત્ તેને રાજ્ય લાભ રહે છે. આ એક વિશેષ લક્ષણ છે. ૧૧૦ થી ૧૧૨

ललाटेचार्धचन्द्राभे भवति पृथिवीश्वरः ॥
विपुलेन ललाटेन स्वल्पायुर्जायते नरः ॥ ११३ ॥
अल्पेन च ललाटेन स्वल्पायुर्जायते नरः ॥
उन्नतेन ललाटेन धनाढ्यो भवति नरः ॥ ११४ ॥
विषमेन ललाटेन दुःखिता जर्जरा नराः ॥
परकर्मरता नित्यं प्राप्यन्ते वध बन्धनम् ॥ ११५ ॥
त्रिशूलं कुलिशं चापि ललाटे यस्य दृश्यते ॥
इश्वरं तं विजानीयात्प्रमदाजनवल्लभः ॥ ११६ ॥
पञ्चभिः शतमादिष्टं चतुर्भिरशीतिस्तथा ॥
भवन्ति तिसृभिः षष्टिर्द्वाभ्यां च विंशतिद्वयम् ॥ ११७ ॥
रेखैकेन ललाटेन विंशतिः परिकीर्तिताः ॥
अरेखेन ललाटेन विज्ञेया पञ्चविंशतिः ॥ ११८ ॥
रेखाः पञ्च ललाटस्थाः समाः कर्णान्तगोचराः ॥
भणितं यस्य गम्भीरं तं विद्यात्सकलायुषम् ॥ ११९ ॥
ललाटे यस्य दृश्यन्ते रेखाद्वयसमागमम् ॥
षष्टिवर्षं विनिर्दिष्टं नारदस्य वचो यथा ॥ १२० ॥
ललाटे यस्य दृश्यन्ते रेखात्रयमनागमम् ॥
वर्षं विंशतिर्निर्दिष्टं नारदस्य वचो यथा ॥ १२१ ॥
ललाटे यस्य दृश्यन्ते रेखैका च समायुता ॥
शतायुँस्तं विजानीयान्नारदस्य वचो यथा ॥ १२२ ॥

લલાટ જો અર્ધચંદ્રકાર હોય તો મનુષ્ય રાજા થાય છે. જો બહુ વિશાળ લલાટ હોય તો સ્વલ્પાયુઃ થાય છે. ટુંકા કપાળવાળો પણ અલ્પાયુઃ હોય છે. ઉન્નત લલાટ-વાળો ધનાઢ્ય થાય છે. વિષમ લલાટ હોય તો મનુષ્યો દુઃખી અને જર્જરિત રહે છે. તેમજ પરકર્મમાં રત રહેનાર હોય છે. આવા પુરુષો ઘાત તથા બંધન (ફાંસી તથા

કેદને ) પામે છે. જેના કપાળમાં ત્રિશૂલ અથવા વજ્રનું ચિન્હ માલુમ પડતું હોય તેઓ રાજા ( માલિક શેઠ ) બને છે. અને તે સ્ત્રી વર્ગમાં પ્રિય થાય છે. જો કપાળમાં પાંચ રેખાઓ હોય તો સો વર્ષનું આયુષ્ય થાય. ચાર હોય તો એંશી વર્ષનું, ત્રણ હોય તો સાઠ વર્ષનું અને બે હોય તો ચાલીસ વર્ષનું આયુષ્ય થાય છે. જો કપાળમાં એક જ રેખા હોય તો વીસ વર્ષનું આયુષ્ય થાય છે. અને જો કપાળમાં રેખા જ ન હોય તો પચીસ વર્ષનું આયુષ્ય થાય છે. જેના કપાળમાં સીધી છેક કાન સુધી પહોંચી ગઈ હોય તેમ લાગતી પાંચ રેખાઓ હોય તેમજ જેનો અવાજ ગંભીર હોય તેનું પુરૂં આયુષ્ય જાણવું. જેના લલાટમાં બે રેખાઓનું જોડાણ માલુમ પડતું હોય તેનું સાઠ વર્ષનું આયુષ્ય નારદના મત મુજબ જાણવું. જેના કપાળમાં ત્રણ રેખાઓનું જોડાણ જણાતું હોય તેનું નારદના મત મુજબ વીસ વર્ષનું આયુષ્ય જાણવું. જેના કપાળમાં એક જ રેખા સુંદર રીતે રહેલી હોય તેનું આયુષ્ય નારદના મત મુજબ સો વર્ષનું જાણવું. ૧૧૩ થી ૧૨૨

ઇતિ લલાટાધિકાર

---

कुटिलैः स्फाटितैरूक्षैः स्थूलैस्तु तस्करो भवेत् ॥<br>
दुःखिताः पुरुषा ज्ञेया क्षुधया परिपीडिताः ॥ १२३ ॥<br>
विरला मधुराः केशाः स्निग्धा भ्रमरसन्निभाः ॥<br>
मधुवर्णाश्च ये केशास्ते नरा सुखभाजिनः ॥ १२४ ॥

વાંકા, ફાટેલા, લુખ્ખા, અને જાડા વાળવાળો ચોર થાય છે. અને તેવા પુરુષો દુઃખી અને ક્ષુધાથી પીડિત ( અન્નના સાંસા પડે તેવા ) રહે છે. આછા, સારા લાગતા ( નયન મનોહર ) સ્નિગ્ધ અને ભમરાના જેવા શ્યામ, અથવા મધના જેવા પીળાશ મારતા રંગના વાળવાળા માણસો સુખ ભોગવનારા થાય છે. ૧૨૩–૧૨૪

नासिकानेत्रदन्तौष्ठं करकर्णांघ्रिना नराः ॥<br>
समाः समेन विज्ञेया विषमा विषमेन तु ॥ १२५ ॥<br>
गतिस्वरास्थित्वग्मांसनेत्रश्रोत्राङ्कके नृणाम् ॥<br>
यानमाज्ञाधनं भोगो योषित्सुखं क्रमाद्भवेत् ॥ १२६ ॥<br>
आवर्तो दक्षिणे पुंसां स्त्रीणां वामे शुभप्रदः ॥<br>
स्पर्शनं स्फुरणं लक्ष्मतिलको मशको व्रणः ॥ १२७ ॥

॥ इति सामुद्रिके पुरुषलक्षणाध्यायः द्वितीयः

જો પુરુષના નાક, નેત્ર, દાંત, હોઠ, હાથ, કાન અને પગ સરલ હોય તો સરલ અને વિષમ હોય તો વિષમ સ્વભાવનો જાણવો. ગતિ, સ્વર, હાડકાં ચામડી, માંસ, નેત્ર, કાન તથા અંગોનાં લક્ષણો સારાં હોય તો માણસને વાહન, નોકર ચાકર, ધન, ભોગ, સ્ત્રી, વગેરે બાબતનું સુખ ઉત્તરોત્તર મળતું જાય છે. ભમરી, સ્પર્શન, સ્ફુરણું, લાખુ, તલ, મશક, વ્રણ વગેરે પુરુષને જમણા ભાગમાં અને સ્ત્રીને ડાબા ભાગમાં હોય તો શુભ ફળ આપનાર છે. ૧૨૫ થી ૧૨૭

ઇતિ પુરુષલક્ષણાધ્યાય

## અથ સ્ત્રી લક્ષણાધિકાર

कीदृशीं वरयेत्कन्यां कीदृशीं च विवर्जयेत् ॥
कीदृशी कुलबाला च त्वमिदं वक्तुमर्हसि ॥ १ ॥
तथा विज्ञाय यत्नेन शुभाशुभमिति स्थितम् ॥
वदन्ति च प्रशस्तं च स्त्रीणां लक्षणम् वक्ष्यामि ॥ २ ॥
बंधुलक्षणलावण्यकुलजात्याद्यलङ्कृताम् ॥
कन्यकां वृणुयाद्रूपवतीमव्यांगविग्रहाम् ॥ ३ ॥
अष्टमाद्वर्षतो यावद्वर्षमेकादशं भवेत् ॥
तावत्कुमारिका लोके नाप्यमुद्वाहमर्हति ॥ ४ ॥
पूर्णचन्द्रमुखी कन्या बालसूर्यसमप्रभा ॥
विशालनेत्ररक्तोष्ठी सा कन्या लभते सुखम् ॥ ५ ॥

કેવી કન્યા સાથે લગ્ન કરવું, અને કેવી કન્યાનો લગ્ન ન કરતાં ત્યાગ કરવો. તેમજ કુલવતી બાળા કોને કહી શકાય, તે કહેવા માટે તું યોગ્ય છે. (શિષ્યનો ગુરુ પ્રત્યે પ્રશ્ન છે.) હું હવે યત્નપૂર્વક શુભાશુભ લક્ષણોને જાણીને જેને વખાણવા લાયક લક્ષણ કહે છે, તેવું સ્ત્રીઓનું શુભ લક્ષણ કહું છું. ભાઈ ભાંડુ, શુભલક્ષણ, લાવણ્ય, કુલ તથા શ્રેષ્ઠ જાતિથી યુક્ત હોય તેવી રૂપાળી અને ખોડ વગરની કન્યા સાથે લગ્ન કરવું. આઠમા વર્ષથી લઇ અગિયારમું વર્ષ થાય ત્યાં સુધી સમાજમાં કુમારિકા કહેવાય છે. અને તે લગ્નને યોગ્ય ઉંમર છે. જે કન્યા પૂર્ણચંદ્રના જેવા મુખવાળી, ઉગતા સૂર્યના જેવી લાલ રંગના મનોહર તેજવાળી, વિશાળ નેત્ર તથા લાલ હોઠવાળી હોય તે સુખ મેળવે છે. ૧ થી ૫

हस्तपादौ परीक्षेत अंगुल्यश्च नखास्तथा ॥
पाणिरेखा च जङ्घा च कटिर्नाभिस्तथैव च ॥ ६ ॥
उरूचोदर पृष्ठं च स्तनौ कर्णौ भुजौ तथा ॥
वक्षःस्थलललाटे च शिरःकेशास्तथैव च ॥ ७ ॥
रोमराजींस्वरं वर्णं ग्रीवानाशादयस्तथा ॥
एतत्सर्वं परीक्षेत कन्याशास्त्रविशारदः ॥ ८ ॥

કન્યાનાં હાથ, પગ, આંગળીઓ, નખ, હાથની રેખાઓ, જંઘા, કટી, નાભિ, ઉરૂ, પેટ, પીઠ, સ્તન, કાન, હાથ, છાતી, લલાટ, માથું, વાળ, રોમરાજી, સ્વર, રંગ, ગરદન, નાક ઈત્યાદિ બધાં જ અંગઉપાંગોની કન્યા શાસ્ત્રમાં ( કન્યા પરીક્ષાનું શાસ્ત્ર તેમાં ) વિશારદ પુરુષે પરીક્ષા કરવી. ૬—૭—૮

पादौ समाङ्गुलौ स्निग्धौ भूम्यां यदि प्रतिष्ठितौ ॥
यस्याः सुकोमलौ रक्तौ सा कन्या गृहमण्डिनी ॥ ९ ॥
अंगुष्ठेनातिरक्तेन भर्तारं नावमन्यते ॥
अल्पवृत्तौ पतिं हन्याद्बहुवृत्तैः पतिव्रता ॥ १० ॥
उन्नतैश्च बहुसौख्यं मसृणैश्च तथैव च ॥
सुचितैः पद्मवर्णैश्च पुत्रवन्तः स्त्रियः स्मृताः ॥ ११ ॥

સરખી આંગળીઓવાળા ( સરખી સંખ્યાવાળી આંગળીઓવાળા ) સ્નિગ્ધ, અને જમીન ઉપર બરાબર પડનારા, સુકોમળ તથા લાલ રંગના જેના પગ હોય તે કન્યા ગૃહમંડન ( ઘરની શોભારૂપ ) છે. અંગુઠો જો ઘણી જ લાલાશ ઉપર હોય તો તે પોતાના પતિને સારી રીતે માને છે. ( પતિસેવા પરાયણ રહે છે ) અંગુઠો જો સાધારણ ગોળાકાર ઉપર હોય તો પતિનો નાશ કરે છે. અને ઘણો ગોળ હોય તો પતિવૃતા થાય છે. આંગળીઓના નખ જો ઉન્નત હોય તો બહુ સુખી થાય. ચકચકતા હોય તો પણ સુખી થાય. સારા અને પદ્મના જેવા રંગના નખ હોય તો સ્ત્રીઓ પુત્રવતી થાય છે. ૯ થી ૧૧

चक्रं पद्मं ध्वजं छत्रं स्वस्तिकं वर्धमानकः ॥
यस्या पादेषु दृश्यन्ते ज्ञेयास्ता राजयोषितः ॥ १२ ॥

यस्याः पादतले रेखा तर्जनीं याति उर्ध्वगा ॥
भर्तारं गम्यते शीघ्रं प्रिया भर्तुश्च योषितम् ॥ १३ ॥
पादे प्रदेशिनी यस्या अंगुष्ठाग्रं व्यतिक्रमेत् ॥
न सा भर्तृगृहे तिष्ठेत्स्वच्छंदा कामचारिणी ॥ १४ ॥
पादे मध्यमिका चैवमंगूलीयमतिक्रमेत् ॥
दुःशीला दुर्भगा चैव तस्मात्तां परिवर्जयेत् ॥ १५ ॥
यस्यास्त्वनामिका ह्रस्वा तां विदुः कलहप्रियाम् ॥
भूमिं न स्पृशते यस्याः स्वादते सा पतिद्वयम् ॥ १६ ॥
पादे कनिष्ठिका चैवं भूमिं न स्पृशते यदि ॥
भर्तारं प्रथमं हत्वा द्वितीये सुप्रतिष्ठते ॥ १७ ॥
समताभूमौ सुलग्नं यस्याश्चरणयोस्तलम् ॥
अष्टौ पुत्रान् प्रसूते सा पत्युः सन्तानवर्धनी ॥ १८ ॥

જે સ્ત્રીઓના પગમાં ચક્ર, કમલ, ધ્વજા, છત્ર, સ્વસ્તિક, નંદ્યાવર્ત એ ચિન્હો દેખાતાં હોય તે સ્ત્રીઓ રાજપત્નીઓ થાય છે. જે સ્ત્રીના પગમાં તર્જની ભણી જનારી ઉર્ધ્વરેખા હોય તેને જલદી પતિ મળે છે. અને તે પતિને પ્રિય થઈ પડે છે. જેના પગની પ્રદેશિની અંગુઠાથી મોટી હોય તે સ્ત્રી પતિના ઘેર રહેતી નથી. અને સ્વચ્છંદ થઈ ફર્યા કરે છે. પગની મધ્યમા જો પ્રદેશિનીની માફક અંગુઠાથી મોટી હોઇ તેનું અતિક્રમણ કરતી હોય તો પણ સ્ત્રી દુશ્ચરિત્ર અને ભાગ્યહીન થાય છે. માટે તે વર્જવા યોગ્ય છે. જેના પગની અનામિકા ટુંકી હોય તેને કજીયાખોર જાણવી. જે સ્ત્રીની અનામિકાનો (જમીન ઉપર સરખી રીતે પગ મૂકતાં) જમીનને સ્પર્શ ન થતો હોય તે સ્ત્રી બે પતિની ભાર્યા તરીકે ભોગ ભોગવે છે. જેના પગની કનિષ્ઠિકા જમીનને ન અડકતી હોય તે સ્ત્રી પહેલા પતિને મારી નાખી બીજાની સાથે રહે છે. જે સ્ત્રીના પગ જમીન ઉપર સરખી રીતે રહેતા હોય ( પગલું શુદ્ધ રૂપથી પડતું હોય ) તે આઠ પુત્રોની માતા થાય છે. અને પતિના કુટુંબની સંતાનોથી વૃદ્ધિ કરે છે. ૧૨ થી ૧૮

उन्नत पार्ष्णिर्दुःशीला महापार्ष्णिर्दरिद्रता ॥
दीर्घपार्ष्ण्या परिक्लिष्टा समपार्ष्णिः सुशोभना ॥ १९ ॥

विषमैरुन्नतैर्गुल्फैर्नार्यः स्युः कलहप्रियाः ॥
निर्गूढगुल्फा या नारी सा नित्यं सुखमेधते ॥ २० ॥
काकजङ्घा स्थूलजङ्घा या च रोमशग्रन्थिका ॥
अचिरेण परिज्ञेयं वैधव्यमुभयोस्तयोः ॥ २१ ॥

જેના પગની પાર્ષ્ણિ (પગના તળીઆનો મધ્ય ભાગ) ઉંચી રહેતી હોય તે દુશ્ચરિત્ર, મોટી હોય તે દરિદ્ર, પહોળો હોય તે ક્લેશ ભોગવનારી અને સરખી (માપસરની) હોય તે સારી સ્ત્રી હોય છે. જો પગની ઘુંટીઓ ઉંચી હોય તો સ્ત્રીઓ કલહ કરનારી હોય છે. જો અંદર ડુબી જતી ઘુંટીઓ હોય તો સ્ત્રી સદાકાળ સુખ ભોગવે છે. જે સ્ત્રી કાગડાના જેવી જાંઘવાળી અથવા જાડી જાંઘવાળી હોય તે તેમજ જેની ઘુંટી ઉપર વાળ હોય તે સ્ત્રી ઉપરોક્ત બંને લક્ષણોના કારણે લગ્ન પછી જલદી વિધવા થઈ જાય છે. ૧૯ થી ૨૧

यस्याः स्तनौ समौ शस्तौ उरू रोमविवर्जितम् ॥
ग्रीवा त्रिरेखयोपेता बिंबाकारधराधरा ॥ २२ ॥
कूर्मपृष्टं भगं यस्याः कृष्णं स्निग्धं सुशोभनम् ॥
धनधान्यवती सा स्यात्तथा पुत्रवती भवेत् ॥ २३ ॥
निर्मांसं चातिदीर्घं च भगं शुष्कं शिरायुतम् ॥
दारिद्र्यदुःखमाप्नोति दौर्भाग्यं च विनिर्दिशेत् ॥ २४ ॥
उन्नते दक्षिणे पार्श्वे स्त्रियः पुत्रप्रदायिकाः ॥
वामोन्नता भगा या च सा च कन्यां प्रसूयते ॥ २५ ॥
अश्वस्थदलसंकाशं गुह्यं गूढमणिस्थितम् ॥
यस्याः सा सुभगा कन्या बहुपुण्येन स्वाप्यते ॥ २६ ॥
आवर्तास्तु भवेद्यस्या भगस्योपरि मस्तके ॥
तस्या विवर्धते पुत्रो धनधान्यसमन्वितः ॥ २७ ॥
कूर्मपृष्ठा गजपृष्ठा समरोमाल्पनासिका ॥
विस्तीर्णा पद्मपत्राभा षडेते सुभगा भगाः ॥ २८ ॥

....खररोमा च शुष्का दीर्घा च नासिका ॥
संकटा विरला चेति षडेते मध्यमा भगाः ॥ २९ ॥
गुह्यान्ते तिलको यस्या रक्तकुंकुमसन्निभः ॥
अथवा दक्षिणे भागे प्रशस्ता सा निगद्यते ॥ ३० ॥

જે સ્ત્રીના સ્તન સરખા અને સુંદર હોય, ઉરૂ ( સાથળ ) વાળ વગરની હોય, ગરદનમાં ત્રણ વલય પડતાં હોય, પાકા ગીલોડા જેવો અધરોષ્ઠ હોય, યોનિ કાચબાની પીઠની માફક ઉન્નત અને શ્યામ તથા સ્નિગ્ધ હોય તે સ્ત્રી ધનધાન્યવાળી તથા પુત્રવતી થાય છે. માંસ વગરની, ઘણી પહોળી, સુક્કી અને નસો દેખાય તેવી યોનિ હોય તો સ્ત્રી દારિદ્રથી દુઃખી થાય છે. અને તેથી તે ભાગ્યહીન છે, એમ કહેવું. જેમનાં જમણાં પડખાં ઉન્નત હોય તે સ્ત્રીઓ પુત્રોનો જન્મ આપનારી હોય છે. અને જેમની યોનિનો ડાબો ભાગ ઉન્નત હોય તે સ્ત્રી કન્યાઓનો જન્મ આપે છે. પીંપળાના પાંદડાના જેવા આકારનું અને જેનો મણિ અંદર સમાઈ ગએલો હોય એવા ગુહ્યાંગવાળી સ્ત્રી ભાગ્યવતી હોય છે. અને બહુ પુણ્યવાળા પુરુષોને પ્રાપ્ત થાય છે. ગુહ્યાંગની ઉપરના ભાગમાં જેને ભમરીઓ હોય તેને ભાગ્યશાળી અને ધનધાન્યાદિ સંપત્તિથી યુક્ત એવો પુત્ર થાય છે. જે સ્ત્રીઓને કાચબાની કે હાથીની પીઠ જેવી, ઝીણી સરખી રૂંવાટીવાળી અને નાની ભગનાસિકાવાળી પહોળી અને કમળના પાંદડા જેવી યોનિ હોય તે સ્ત્રીયો શ્રેષ્ઠ યોનિવાળી ગણાય છે. ખરબચડાવાળવાળી, સુકી, લાંબી ભગનાસિકાવાળી, સાંકડી તેમજ આછી આ છ પ્રકારની યોનિ મધ્યમ ગણાય છે. જેના ગુહ્યાંગ ઉપર લાલ કંકુના જેવા રંગનો તલ ઉપરના ભાગમાં અથવા જમણી બાજુએ હોય તે સ્ત્રી ઉત્તમ છે. ૨૨ થી ૩૦

धान्यगंधा च या नारी निंबगन्धा तथैव च ॥
वर्जनिया प्रयत्नेन यदीच्छेच्छुभमात्मनः ॥ ३१ ॥
क्षीरगंधां त्यजेत्कन्यां तथैव कटुगांधिनी ॥
रक्तगंधां त्यजेत्कन्यां सा कन्या दुःखदायिनी ॥ ३२ ॥
गोमूत्रहरितकीभ्यां गंधो यस्याः प्रवर्तते ॥
दुष्टगंधा तु या नारी तां नारीं परिवर्जयेत् ॥ ३३ ॥
तुम्बीपुष्पसमागंधा लाक्षागंधानुगांधिका ॥
तस्या नैव भवेद्भर्ता दुःखिता चैव जायते ॥ ३४ ॥

चम्पकादिक पुष्पाणां यदि गंधो भवेत्स्त्रियः ॥
सुभगा सा भजेन्नित्यं भर्तारं वशवर्तिनम् ॥ ३५ ॥
या वनसूकरीगंधा मत्स्यगंधा च या भवेत् ॥
उग्रगंधा च या नारी तां नारीं परिवर्जयेत् ॥ ३६ ॥

જો પોતાનું કલ્યાણ ઇચ્છતા હોઇએ તો ધાન્યના જેવા સુગંધવાળી અથવા લીમડાના જેવા સુગંધવાળી સ્ત્રીનો યત્નપૂર્વક ત્યાગ કરવો. દૂધના જેવા ગંધવાળી, તેમજ કડવા ગંધવાળી અને લોહીના જેવા ગંધવાળી કન્યાનો ત્યાગ કરવો, કારણ કે તે દુઃખ આપનારી છે. ગોમૂત્ર યા હરડે જેવો જેનો ગંધ હોય અથવા, જેના શરીરમાંથી ખરાબ ગંધ અવતી હોય તે સ્ત્રીનો ત્યાગ કરવો. જેના શરીરમાંથી તુંબડીના ફૂલ જેવી યા લાખના જેવી ગંધ આવતી હોય તે સ્ત્રીને પતિ મળતો નથી. અને તે દુઃખી થાય છે. ચંપા ઇત્યાદિ પુષ્પોની સુગંધી જે સ્ત્રીમાંથી આવતી હોય તે સ્ત્રી પતિને વશ કરનારી ( ખુશ કરનારી ) અને ભાગ્યશાળી હોય છે. જે સ્ત્રી જંગલની ભૂંડણ, કે માછલીના જેવી ગંધવાળી ઉગ્રવાસવાળી હોય તે સ્ત્રીનો ત્યાગ કરવો. ૩૧ થી ૩૬

नितंबबिंबमुत्तुङ्गं विस्तीर्णं शस्यते स्त्रियः ॥
मध्यं वलीत्रयोपेतं कृशं च शुभरोमशम् ॥ ३७ ॥
गंभीरनाभी या नारी दक्षिणावर्तका शुभा ॥
समांसला च स्निग्धा च सा नारी सुखमेधते ॥३८॥
नाभेरधो भवेद्यस्याः लाञ्छनं मशकोपमम् ॥
कुंकुमोद्भव संकाशं प्रशस्ता सा निगद्यते ॥ ३९ ॥
मण्डुककुक्षी या नारी न्यग्रोधपरिमंडला ॥
एकं जनयते पुत्रं स च राजा भविष्यति ॥ ४० ॥

સ્ત્રીના નિતંબ ઉંચા અને પહોળા હોય તો વખાણવા લાયક છે. પેટ ત્રણ વલ્લી પડતી હોય તેવું, કૃશ અને સુંદર રોમરાજીવાળું હોય તે વખાણવા લાયક છે. જે સ્ત્રી ગંભીર, દક્ષિણાવર્ત, માંસલ તથા સ્નિગ્ધ નાભિવાળી હોય તે સુખ ભોગવે છે. જે સ્ત્રીના નાભિના નીચેના ભાગમાં કંકુના બિંદુ જેવું મશકની માફક લાંછન હોય તે સ્ત્રી વખાણવા લાયક છે. દેડકાના પેટ જેવા અથવા વડની ઘટા જેવા દેખાતા પેટ વાળી સ્ત્રી એક જ પુત્રનો જન્મ આપે છે. અને તે પુત્ર રાજા થાય છે. ૩૭ થી ૪૦

स्तनौ च सदृशौ यस्या पीनोन्नतयुगौ तथा ॥
समांसलौ च स्निग्धौ च सा सौभाग्यवती भवेत् ॥ ४१ ॥
यस्याः स्तनौ थनौ स्निग्धौ रोमविवर्जितौ ॥
हस्तिनाशौ च जङ्घे च सा पत्नी लभते सुखम् ॥ ४२ ॥
यस्याः पयोधरे वामे ह्यसितं तिलकं भवेत् ॥
कर्णे कण्ठे सुपुत्राख्या सा कन्या सुखदायिनी ॥ ४३ ॥
यस्याः स्तनाचसुभगौ लघु च विरलौ पुनः ॥
निर्मांसौ च निस्तेजौ सा प्रिया च न शोभना ॥ ४४ ॥

જેના સ્તન સરખા, પુષ્ટ, ઉંચા અગ્રવાળા, માંસલ તથા સ્નિગ્ધ હોય તે સ્ત્રી સૌભાગ્યવતી થાય છે. જે સ્ત્રીના સ્તન જાડા ભરાવદાર, સ્નિગ્ધ અને રૂંવાટા વગરના હોય તેમજ હાથીની સૂંઢ જેવી જાંગ હોય તે સ્ત્રી સુખ ભોગવે છે. જેના ડાબા સ્તન ઉપર, કાન તેમજ કંઠમાં કાળો તલ હોય તે સ્ત્રી સારા પુત્રોની માતા બને છે, અને સુખ આપનારી છે. જે સ્ત્રીના સ્તન બરાબર ન હોય, નાના કે આછા હોય, માંસ રહિત હોય, નિસ્તેજ હોય તે સ્ત્રી સારી નથી. ૪૧ થી ૪૪

ग्रीवायां लंबया चण्डी दारिद्री ह्रस्वया तथा ॥
कुलस्य नाशिनी नारी दीर्घया भवति पुनः ॥ ४५ ॥
यस्याः ग्रीवा सुवृत्ता स्याद्रेखात्रयसमान्विता ॥
दक्षिणावर्तसंकाशा सा सौभाग्येनाधिका भवेत् ॥ ४६ ॥
रक्तजिह्वा तु या नारी सा भवेत्सुखभाजिनी ॥
नित्यं वर्धयते पुत्रैः सुकुमारानुमोहिनी ॥ ४७ ॥
श्वेतायां जनयेन्मृत्युं मलिनायां धनक्षयः ॥
श्यामायां कलहो नित्यं वंशच्छेदो विनिर्दिशेत् ॥ ४८ ॥

જો સ્ત્રીની ગરદન લાંબી હોય તો તે ઉગ્ર પ્રકૃતિની હોય છે. બહુ ટુંકી ગરદન હોય તો દરિદ્ર થાય છે. ઘણી લાંબી ગરદનવાળી સ્ત્રી કુલનો નાશ કરનારી થાય છે. જેની ગરદન ગોળ અને ત્રણ રેખાઓથી અંકિત હોય અને શોભામાં દક્ષિણાવર્ત શંખ જેવી લાગતી હોય તે સ્ત્રી ઘણી સૌભાગ્યશાલિની થાય છે. જે સ્ત્રી લાલ જીભ-

વાળી હોય તે સુખ ભોગવનારી, પુત્રોની વૃદ્ધિવાળી, સુકુમાર અને મોહક હોય છે. જો જીભ ધોળી હોય તો મૃત્યુ થાય, મેલી હોય તો ધનક્ષય થાય, કાળી હોય તો નિત્ય કલહ થાય, અને વંશનો ઉચ્છેદ થાય. ૪૫ થી ૪૮

श्वेतेन तालुना दासी दुःखिना कृष्णतालुना ॥
हरितेन च रूक्षेण रक्ततालुः सुशोभना ॥ ४९ ॥
विषमा दशना यस्या विरलाः स्थौल्य भाजिनः ॥
सा तु क्लेशमवाप्नोति लघुश्वेताः समाः शुभाः ॥ ५० ॥
रोमशो चातिलंबौ च यस्या ओष्ठपुटौ पुनः ॥
विषमौ चातिस्थूलौ च पतिघ्नी वनिता भवेत् ॥ ५१ ॥
यस्या ओष्ठद्वयं रक्तं श्यामरक्तं समं पुनः
सरसं सदलं शुष्कं सा भर्तुः सुखदायिनी ॥ ५२ ॥

શ્વેત તાળવાથી દાસી થાય, કાળા તાળવાથી દુ:ખી થાય. લીલા તાળવાવાળી કઠોર થાય છે. અને લાલ તાળવાવાળી સારી સ્ત્રી હોય છે. જેના દાંત વિષમ, આછા, અને જાડા હોય તે સ્ત્રી કલેશ ભોગવે છે. નાના, ધોળા, અને સરખા દાંત હોય તો તે શુભ છે. જેના ઓઠ રૂંવાટાવાળા, ઘણા લાંબા, વિષમ અને જાડા હોય તે સ્ત્રી પતિનો નાશ કરનારી થાય છે. જેના બંને ઓઠ રાતા અથવા ઘેરા લાલ, સરખા, સરસ દેખાતા, બે ભાગ પડી જતા દેખાય તેવા, અને સુકા હોય તે સ્ત્રી પતિને સુખ આપનારી છે. ૪૯ થી ૫૨

दीर्घेण नासिकाग्रेण नारी भवति कोपिनी ॥
ह्रस्वेन च भवेद्दासी परकर्मकरी स्मृता ॥ ५३ ॥
चिपटा नासिका यस्या वैधव्यं सा च गच्छति ॥
नातिदीर्घा न विस्तीर्णा सरला सुखकारिणी ॥ ५४ ॥

લાંબા નાસિકાગ્રથી સ્ત્રી ક્રોધી થાય છે. ટુંકા નાકવાળી દાસી અને પારકાનું કામ કરનારી થાય છે. જે સ્ત્રીની નાસિકા ચપટી હોય તે સ્ત્રી વૈધવ્ય પ્રાપ્ત કરે છે. જો નાસિકા બહુ લાંબી નહિ તેમજ બહુ ટુંકી નહિ, પરંતુ માપસરની હોય અને સીધી હોય તો સુખ આપનારી છે. ૫૩-૫૪

पिंगनेत्रा भवेन्नारी अप्रिया सा च भामिनी ॥
दुःशीला सा च विज्ञेया वैधव्यं भजतेऽचिरम् ॥ ५५ ॥

नयने केकरे यस्या दृश्यते चाति चञ्चले ॥
कुलटा सापि विख्याता नारी लक्षणवेदिभिः ॥ ५६ ॥
यस्यास्तु हसमानाया गण्डे भवति कूपिका ॥
न सा भर्तृगृहे तिष्ठेत्स्वच्छन्दा कामचारिणी ॥ ५७ ॥
द्वितीयाचन्द्रसंकाशा भ्रूयुगा समनासिका ॥
क्लृप्तांगुलीप्रीतिकरी पत्युः संपत्करी तथा ॥ ५८ ॥

જે સ્ત્રીની આંખો પીળચટી હોય તે સ્ત્રી અપ્રિય થઇ પડે છે. તેમજ દુશ્ચરિત્ર હોઈ જલદી વિધવા થાય છે. જે સ્ત્રીની આંખો ખરાબ તથા બહુ ચંચળ દેખાતી હોય તેને સ્ત્રી સામુદ્રિકના જાણનારાઓએ કુલટા કહી છે. જે સ્ત્રીને હસતાં લમણુઓમાં ખાડા પડતા હોય તે સ્ત્રી સ્વચ્છંદી, મનસ્વી હોય છે. અને પતિના ઘેર ટકીને રહેતી નથી. જેની ભ્રમરો બીજના ચંદ્રના જેવી વાંકી હોય અને નાકના ઉપલા ભાગે સરખા અંતરે આવેલી હોય તેમજ જેની આંગળીઓ એક બીજા સાથે મળેલી હોય તે સ્ત્રી પતિની સંપત્તિને વધારનાર તથા પ્રીતિની વૃદ્ધિ કરનાર હોય છે. ૫૫ થી ૫૮

पूर्णिमा चन्द्रसंकाशं सुपुष्टं परिमण्डलम् ॥
यस्या मुखं सुदीप्तं च सा च लक्ष्मीरिवा परा ॥ ५९ ॥
यथा मुखं तथा गुह्यं यथा वक्षस्तथा भगः ॥
यथा हस्तो तथा पादौ बाहू जङ्घे तथैव च ॥ ६० ॥

જે સ્ત્રીનું મુખ ચંદ્ર જેવું સારી રીતે ખીલેલું ગોળ અને તેજસ્વી હોય તે સ્ત્રી બીજી લક્ષ્મી જેવી છે. જેવું મુખ હોય તેવું ગુહ્યાંગ હોય છે, જેવું વક્ષઃસ્થલ હોય તેવી યોનિ હોય છે, જેવા હાથ હોય તેવા પગ હોય છે. જેવા બાહુ હોય છે. તેવી જંઘાઓ હોય છે. અર્થાત્ આ અવયવોનાં લક્ષણોમાં સામ્ય હોય છે. ૫૯—૬૦

ललाटं त्र्यंगुलं यस्याः शरीरं रोमवर्जितम् ॥
निर्मलं मृदुलं देहमायुः सौख्यधनप्रदम् ॥ ६१ ॥
यस्यास्त्रिणि प्रलम्बानि ललाटमुदरं भगः ॥
त्रीणि सा हन्यते नारी देवरंश्वशुरं पतिम् ॥ ६२ ॥
ललाटे श्वशुरं हन्ति उदरे देवरं तथा ॥
भर्तारं च भगे हन्यात्सा कन्या परिवर्जयेत् ॥ ६३ ॥

स्थूलकेशा पतिघ्नी स्याद्दीर्घकेशा धनप्रदा ॥
परूषैः कपिलैः क्रूरा स्कंधकेशा च शोभना ॥ ६४ ॥

જે સ્ત્રીનું કપાળ ત્રણ આંગળનું હોય અને શરીર ઉપર વાળ બીલકુલ નહિ હોવાથી જે નિર્મલ અને કોમળ હોય તે સ્ત્રી સુખ તથા ધન આપનારી છે. જે સ્ત્રીનું કપાળ, પેટ અને યોનિ એ ત્રણ મોટાં હોય તે સ્ત્રી અનુક્રમે દીયેર, સસરો તથા પતિનો નાશ કરનારી જાણવી. અર્થાત્ મોટા કપાળવાળી સસરાનો નાશ કરનાર, મોટા પેટવાળી દીયેરનો નાશ કરનાર તથા મોટી યોનિવાળી પતિનો નાશ કરનારી જાણવી. જાડા વાળવાળી સ્ત્રી પતિને દુઃખ આપનારી, લાંબા વાળવાળી ધનની વૃદ્ધિ કરનારી, છૂટાછવાયા વાળવાળી ક્રૂર સ્વભાવવાળી તથા ખભા પર વાળવાળી સ્ત્રી શોભાની વૃદ્ધિ કરનારી જાણવી. ૬૧ થી ૬૪

हंसस्वरा क्रौंचस्वरा नारी मधुपकोकिला ॥
चक्रवाकस्वरा या सा हेम धान्याविवार्धिनी ॥ ६५ ॥
तीक्ष्णस्वरातिगंभीरस्वरातिमधुरस्वरा ॥
अष्टौ सा जनयेत्पुत्रान्धनधान्यसमन्विता ॥ ६६ ॥
आयतौ श्रवणो यस्या समौ च सुकुमारकौ ॥
भ्रुवौ चन्द्रायुधाकारौ सा कन्या सुखभोगिनी ॥ ६७ ॥
कट्यावर्ते वरा नारी नाभ्यावर्ते मृतात्मजा ॥
पृष्ठावर्ते पतिघ्नी स्यात्तस्मादेतां विवर्जयेत् ॥ ६८ ॥

હંસ, ક્રૌંચ (સારસ) ભ્રમર, કોયલ તથા ચકવાકના જેવા સ્વરવાળી સ્ત્રી સુવર્ણ તથા ધાન્યની વૃદ્ધિ કરનારી છે. તીક્ષ્ણ સ્વરવાળી, અતિગંભીર સ્વરવાળી અથવા અતિમધુર સ્વરવાળી સ્ત્રી આઠ પુત્રોની માતા થાય છે. અને ધનધાન્યથી યુક્ત રહે છે. લાંબા, સરખા, સુકોમળ કાન, હોય અને ચંદ્રના જેવી ભ્રમરો હોય તે કન્યા સુખ ભોગવનારી હોય છે. જેની કમરમાં ભમરી હોય તે સ્ત્રી શ્રેષ્ઠ છે. નાભિમાં ભમરી હોય તે. મૃત પ્રજા હોય છે. અને જેની પીઠ ઉપર ભમરી હોય તે પતિનો નાશ કરનારી છે. માટે તેનો ત્યાગ કરવો. ૬૫ થી ૬૮

वृत्ता पृष्ठिस्तथावर्तो यस्या भवति निश्चितम् ॥
बहून्रमते पुरुषान दुःखितान् कुरुते पुनः ॥ ६९ ॥

यस्या रोमाणि जङ्घायां मुखं च विकृतं भवेत् ॥
रोमभिस्त्रिरावर्तै शीघ्रं भक्षयते पतिम् ॥ ७० ॥
उद्यत्पिण्डिका या तु वाराहखररोमका ॥
अपि राजकुले जाता दासीत्वमुपगच्छति ॥ ७१ ॥

જેની પીઠ ગોળ તથા ભ્રમરાવાળી હોય તે સ્ત્રી ઘણા પુરુષો સાથે સંબંધ રાખે છે, અને તે દરેકને નિરાશ કરે છે. જેની જાંઘ ઉપર વાળ હોય, મોં વિકૃત હોય અને શરીર ઉપર ત્રણ રૂંવાટાંથી બનેલી ભમરીઓ હોય તે સ્ત્રી જલદી પતિને ખાઈ જાય છે. અર્થાત્ ટૂંક મુદતમાં વિધવા બની જાય છે. જેની પીંડીઓ ઉપસેલી હોય તે સ્ત્રી રાજકુલમાં જન્મી હોય તો પણ દાસી થાય છે. ૬૯ થી ૭૧

यस्यास्तु हृदये नार्या रक्तं तु तिलकं भवेत् ॥
लाञ्छनं भवति रक्ताभं सा नारी शोभना भवेत् ॥ ७२ ॥
लभते वित्तसंपन्नं पतिं च वशवर्तिनम् ॥
पुत्रत्रयं प्रसूते सा तथा कन्या चतुष्टयम् ॥ ७३ ॥
स्तने वामे च कृष्णाभं लाञ्छनं मशकोपमम् ॥
क्षिप्रं वैधव्यमाप्नोति जायते सातिदुःखिता ॥ ७४ ॥
यस्या गमागमे वै भूमिकंपः प्रजायते ॥
सर्वातिवैरजननी समुद्रवचनं यथा ॥ ७५ ॥

જે સ્ત્રીના વક્ષઃસ્થલમાં રાતા રંગનો તલ હોય અથવા લાલ લાખું હોય તો તે સ્ત્રી ઘણી સારી હોય છે. અને તે ધનવાન અને વશમાં રહેનાર પતિને પ્રાપ્ત કરે છે. ત્રણ પુત્રો તેમજ ચાર પુત્રીઓની માતા બને છે. જેના ડાબા સ્તન ઉપર કાળું મશકના જેવું લાંછન હોય તે સ્ત્રી જલદી વિધવા થાય છે. અને ઘણું દુઃખ ભોગવે છે. જેના હાલતાં ચાલતાં પૃથ્વી કંપે છે. તે બધા સાથે ઘણું વેર કરનારી છે, એમ સમુદ્રનું કથન છે. ૭૨ થી ૭૫

मृदङ्गी मृगजङ्घा च मृगाक्षी च मृगोदरी ॥
हंसगत्या समा नारी राजपत्नी भविष्यति ॥ ७६ ॥
कृष्णा श्यामा च या नारी गौरी चम्पकसुप्रभा ॥
स्निग्धांगी स्निग्धवदना सा नारी लभते सुखम् ॥ ७७ ॥

ललाटे यस्य दृश्यन्ते कृष्णं तिलकमुत्तमम् ॥
पंच सा जनयते पुत्रान् धनधान्यसमाकुलान् ॥ ७८ ॥
यस्याश्च हसमानाया ललाटे स्वस्तिको भवेत् ॥
वाहनानां सहस्रस्य चाधिपत्यं विनिर्दिशेत् ॥ ७९ ॥

કોમળ અંગ, મૃગ જેવી જાંઘ, મૃગ જેવી આંખ અને મૃગ જેવું પેટ તથા હંસના જેવી ગતિવાળી સ્ત્રી રાજપત્ની થાય છે. કાળી, શ્યામ અથવા ચંપાના જેવા ગોર રંગવાળી, સ્નિગ્ધ અવયવો અને સ્નિગ્ધ મુખવાળી સ્ત્રી સુખ ભોગવે છે. જેના લલાટમાં કાળો તલ દેખાય છે, તે પાંચ પુત્રોનો જન્મ આપે છે. અને તે પાંચે પુત્રો ધનધાન્યથી ભરપુર રહે છે જેને હસતાં કપાળમાં સ્વસ્તિકના જેવું ચિન્હ થતું હોય તે સ્ત્રી હજાર વાહનોની માલિક થાય છે. ૭૬ થી ૭૯

पीनोरुः पीनगण्डा समसितदशना पद्मपत्रायताक्षी ।
बिम्बोष्ठी तुङ्गनाशा गजगतिगमना दक्षिणावर्तनाभी ॥
स्निग्धाङ्गी चारुवेषा मृदुपृथुजघना सुस्वरा चारुकेशा ।
भर्ता तस्याः क्षितीशो भवति च सुभगा पुत्रयुक्ता च नारी ॥८०॥
उरूस्तनौ करिकरप्रतिमावरोमावश्वत्थपत्रसदृशं विपुलं च गुह्यम् ॥
श्रोणिललाटमुरुकूर्मसमुन्नतं च गूढोमणिश्च विपुलां श्रियमातनोति ॥८१॥
पिङ्गाक्षी कूपगण्डा खरपरुषरवा स्थूलजङ्घोर्ध्वकेशी ॥
रूक्षाक्षीवक्रनासा प्रविरलदशना कृष्णवालोष्ठजिह्वा ॥
शुष्काङ्गी संगतभ्रूः कुचयुगविषमा वामना चातिदीर्घा
कन्यैषा वर्जनीया सुखधनरहिता दुष्टशीला च नित्यम् ॥ ८२ ॥

જાડા સાથળ, જાડાં ( ભરાવદાર ) લમણાં, સરખા અને ધોળા દાંત, કમળની પાંખડી જેવી અને લાંબી આંખો, બીંબફળ જેવા લાલ ઓઠ, ઉન્નત નાસિકા, ગજ-ગતિ, દક્ષિણાવર્ત નાભિ, સ્નિગ્ધ અવયવો, સુંદર વેશભૂષા, કોમળ અને પુષ્ટ સાથળ, મધુર સ્વર, સુંદર વાળ આવાં લક્ષણોવાળી સ્ત્રીનો પતિ રાજા થાય છે. અને તે સ્ત્રી ભાગ્યશાળી તેમજ પુત્રવતી થાય છે. સાથળ અને સ્તન હસ્થીની સૂંઢ અને ગંડસ્થળ જેવા, તેમજ વાળ રહિત હોય, પીંપળાના પાંદડા જેવું પહોળું ગુહ્યાંગ હોય, પેડુ, કપાળ, સાથળ કાચબાની પીઠની માફક ઉંચાં હોય તેમજ ગુહ્યાંગનો મણિ ગૂઢ

( અંદર સમાઈ જતો ) હોય તે સ્ત્રી ઘણી લક્ષ્મી મેળવે છે. પીળી આંખ, ખાડા પડતા કપોલ, ગધેડાના જેવો રુક્ષ અવાજ, જાડી જાંઘ, ઊભા વાળ, લુખ્ખી આંખો, વાંકુ નાક, આછા આછા દાંત, કાળા તેમજ રૂંવાટીવાળા ઓઠ અને કાળી જીભ, સુકકું અંગ, મળી ગએલી ભમરો, વિષમ સ્તન ( એક બીજા સાથે સરખા નહિ તેવા ) ( ઠીંગણી ) લાંબી આવાં કુલક્ષણોવાળી કન્યા સુખ અને ધન રહિત તેમજ દુશ્ચરિત્ર હોય છે. માટે તેનો ત્યાગ કરવો. ૮૦ થી ૮૨

यस्याः पाणितले रेखा प्राकारस्तोरणं तथा ॥
अपि दासकुले जाता नरेन्द्रं लभते पतिम् ॥ ८३ ॥
यस्याः करतले रेखा मयूरछत्रमिष्यते ॥
राजपत्नीत्वमाप्नोति ऐश्वर्यमपि वर्धयेत् ॥ ८४ ॥
मण्डलं चक्रपद्मे च पूर्णकुम्भं च तोरणम् ॥
यस्याः करतले छत्रं राजपत्नीत्वमाप्नुयात् ॥ ८५ ॥
वृत्ता च मेखला यस्याः नाभिदेशोऽपि वर्तुलः ॥
सा स्त्री भवति कल्याणी पतिं नृपतिमाप्नुयात् ॥ ८६ ॥
अन्तर्भ्रुवो ललाटे च मशकेन समन्विता ॥
राज्ञी वापि कपोले च रामा मिष्टानधीर्भवेत् ॥ ८७ ॥

જેના હાથમાં દુર્ગ અથવા તોરણના આકારની રેખાઓ હોય તે દાસકુલમાં જન્મી હોય છતાં રાજપત્ની થાય છે. જેના હાથમાં મોર અથવા છત્રનો આકાર બનાવતી રેખાઓ હોય તે સ્ત્રી રાજપત્ની બને છે. અને ઐશ્વર્યની વૃદ્ધિ કરે છે. વર્તુલ, ચોરસ, પદ્મ, પૂર્ણકુંભ, તોરણ અને છત્રના ચિન્હવાળી સ્ત્રી રાજપત્ની થાય છે. જેની કમરની મેખલા ગોળ હોય, અને નાભિ પણ ગોળાકાર હોય તે સ્ત્રી કલ્યાણ કરનારી તેમજ રાજપત્ની થાય છે. ભ્રમરોના મધ્યમાં કે લલાટમાં યા કપોલ ( ગંડ સ્થલ )માં જેને મશક હોય તે સ્ત્રી રાણી થાય છે. અને મિષ્ટ ભોજન કરનારી તથા બુદ્ધિમતી હોય છે. ૮૩ થી ૮૭

रोमैः कनकवर्णैश्च नाभौ च त्रिवलिर्वृता ॥
नरेन्द्रस्य च सा भार्या भवतीह न संशयः ॥ ८८ ॥

हृद्रोमनखकेशेषु दन्तेषु नयनेषु च ॥
स्नेहोऽत्र विद्यते यासां तासां तच्छुभकारणम् ॥ ८९ ॥
अल्पस्वेदा चाल्परोमा निद्राभोजनदुर्बला ॥
गात्रेभ्यो न च रोमाणि नारीणां लक्षणं शुभम् ॥ ९० ॥
रक्तजिह्वा मृगाक्षी च या नारी दीर्घलोचना ॥
कृशोदरी गजगती स्त्रीणां लक्षणमुत्तमम् ॥ ९१ ॥

જેનાં રૂંવાટાં સોનેરી હોય, નાભિ ઉપર ત્રિવલ્લી પડતી હોય તે રાજપત્ની થાય છે, એમાં સંદેહ નથી. સ્ત્રીઓને હૃદય, રોમ, નખ, વાળ, દાંત તથા નયનમાં સ્નેહ હોય તો તે તેમના માટે શુભ લક્ષણ છે. થોડો પરસેવો, થોડાં રોમ, થોડી નિદ્રા, થોડું ભોજન અને ગાત્રો ઉપર વાળ ન હોય આ લક્ષણો સ્ત્રીઓ માટે શુભ ફળ આપનારાં છે. લાલ જીભ, મૃગ જેવી આંખ, દીર્ઘ લોચન, કૃશ ઉદર અને હાથીના જેવી ગતિ એ શુભ લક્ષણો છે. ૮૮ થી ૯૧

परानुकूलां परपाकपाकिनीं विवादशीलां स्वयमर्थ चोरिणीम् ॥
आक्रंदिनीसप्तगृहप्रवेशिनी त्यजेच्च भार्यां दशपुत्रपुत्रिणीम् ॥९२॥
अतिदीर्घा च ह्रस्वा च अतिस्थूला कृशा तथा ॥
अतिकृष्णा च रौद्रा च तादृशी वैरकारिणी ॥ ९३ ॥
विकटांगुलिर्या नारी छिद्रपादा च या भवेत् ॥
सा स्त्री वैरकारीनि समुद्रस्य वचो यथा ॥ ९४ ॥
कृष्णजिह्वा विलंबोष्ठी पिङ्गाक्षी घर्घरस्वरा ॥
दशमासै पतिं हन्ति सा कन्या परिवर्जयेत् ॥ ९५ ॥
यस्याश्च रोमशौ जङ्घौ रोमशौ च पयोधरौ ॥
ओष्ट्रोपरिच्चरोमाणि शीघ्रंवैधव्यमाप्नुयात् ॥ ९६ ॥
मातुलिङ्गसमौ हस्तौ लम्बमानं स्तनद्वयम् ॥
यदा तदा न संदेहो द्वितीयं कुरुते पतिम् ॥ ९७ ॥

महांगुली महानाशा महामुखी महास्तनी ॥
महानखी तु या नारी सदैव दुःखिनी भवेत् ॥ ९८ ॥
आवर्तास्त्रयो दृश्यन्ते ललाटे उदरे भगे ॥
भक्षयेत्तत्क्षणान्नूनं देवरं श्वसुरं पतिम् ॥ ९९ ॥
लम्बोदरी स्थूलशिरा रक्ताक्षी पिङ्गलोचना ॥
पतिनोपार्जितं द्रव्यमन्येन सह भक्षयेत् ॥ १०० ॥

જે સ્ત્રી પારકાને અનુકૂલ રહેતી, પારકાની રસોઈ કરનારી, વિવાદ કરનારી, પોતે જ પૈસા ચોરનારી, આક્રંદ (આત્મકલેશ રૂદન ઇત્યાદિ) કરનારી, સાત ઘરમાં પ્રવેશ કરનારી (બહુ ઘર બાંધનારી, વારંવાર પતિ બદલનારી) તથા જેને પુત્રપુત્રી મલી દશ સંતાન થયાં હોય તે સ્ત્રીનો ત્યાગ કરવો. ઘણી ઉંચી યા ઘણી નીચી, ઘણી જાડી યા ઘણી પાતળી, તેમજ ઘણી કાળી ઉગ્ર સ્વભાવવાળી સ્ત્રી વેર કરનારી હોય છે. જે સ્ત્રીની આંગળીઓ ખરાબ હોય તેમજ પગલું જમીન ઉપર બરાબર ન પડતું હોય તે સ્ત્રી વેર કરનારી હોય છે, એમ **સમુદ્રનું** વચન છે. કાળી જીભ, લાંબા ઓઠ, પીળી આંખ તથા ઘર્ઘર અવાજવાળી સ્ત્રી દશ મહીનામાં પતિનો નાશ કરે છે, માટે તેવી સ્ત્રીનો ત્યાગ કરવો. જેની જાંઘ રૂંવાટાંવાળી હોય, તેમજ સ્તન પણ રૂંવાટાંવાળો હોય, અને ઓઠ પણ રૂંવાટાંવાળા હોય તે જલદી વૈધવ્યને પ્રાપ્ત થાય છે. જ્યારે સ્ત્રીના હાથ બાજોરાના જેટલા લાંબા (અર્થાત્ ટુંકા) હોય, સ્તન યુગલ લબડતું હોય, ત્યારે સમજવું કે તે નિઃસંશય તેવી સ્ત્રી પુનર્લગ્ન કરશે. મોટી આંગળીઓવાળી, મોટી નાસિકાવાથી, મોટા મુખવાળી મોટા નખવાળી જે સ્ત્રી હોય તે સદૈવ દુઃખી થાય છે. જો સ્ત્રીના લલાટ, ઉદર તથા યોનિ ઉપર એમ ત્રણ ભમરીઓ હોય તો તે પોતાના દીયર, શ્વસુર તથા પતિને ખાઇ જાય છે, અર્થાત્ એ ત્રણેનો નાશ થઈ જાય છે. લાંબા પેટવાળી, જાડી નસોવાળી અને લાલ કે પીળચટી આંખોવાળી સ્ત્રી પોતાના પતિનું પેદા કરેલું ધન જાર પુરુષ સાથે ભોગવે છે. ૯૨ થી ૧૦૦

अतिदीर्घा भृशं ह्रस्वा अतिस्थूला भृशं कृशा ॥
अतिकृष्णा भृशं गौरी षडेता दुर्भगा मताः ॥ १०१ ॥
यस्या न स्पृशते भूमिं कनिष्ठा च चतुर्थिका ॥
कुमारी रमते जारं यौवनेऽपि न संशयः ॥ १०२ ॥

नदीनामा च या नारी या नारी फलनामिका ॥
देवीनामा च या नारी स्वयं भक्षयते पतिम् ॥ १०३ ॥
तीर्थनामा च या कन्या सा कन्या भृत्यवार्जिता ॥
वृक्षनामा च या कन्या तन्मुखं नावलोकयेत् ॥ १०४ ॥
अदत्ता वर्णज्येष्ठाय लक्षणैः परिवार्जिता ॥
न परिणयेत्सा नारी समुद्रवचनं यथा ॥ १०५ ॥
मातरं पितरं वापि भ्रातरं देवरं पतिम् ॥
हन्यात्कुलक्षणैरेभिस्तस्माल्लक्षणमीक्षते ॥ १०६ ॥

ઘણી ઉંચી યા ઘણી નીચી, ઘણું જાડી યા ઘણી પાતાળી, ઘણી કાલી યા ઘણી ગોરી આ છએ પ્રકારની સ્ત્રીઓ ખરાબ મનાય છે. જે સ્ત્રીને ચાલતાં પગની ચોથી ( અંગુઠા સહિત ગણતાં ) આંગળી અને ટચલી આંગળી જમીનને ન અડકતી હોય તો તે કુમારાવસ્થામાં તેમજ યૌવનાવસ્થામાં નિઃસંશય વ્યભિચાર કરે છે. નદીના, ફલના કે દેવીના નામવાળી સ્ત્રી પતિનું ભક્ષણ કરી જાય છે, અર્થાત્ વિધવા બને છે. તીર્થના નામવાળી નોકરચાકર પરિવારથી રહિત હોય છે. વૃક્ષના નામવાળી કન્યાનું મુખ પણ ન જોવું. અર્થાત્ તે ઘણી દુર્ભાગિણી હોય છે. ઉત્તમ કુળમાં ન અપાતી હોય અને શુભ લક્ષણોથી રહિત હોય તેવી કન્યા સાથે લગ્ન ન કરવું, એમ સમુદ્રનું કથન છે. કુલક્ષણો ( ઉપર ગણાવ્યાં છે તેવાં )થી કન્યા પોતાનાં માતા પિતા, ભાઇ, દીયર, તથા પતિનો નાશ કરે છે. માટે લક્ષણો જોવાં જોઈએ. ૧૦૧ થી ૧૦૬

दक्षा तुष्टा प्रियालापा पतिचित्तानुगामिनी ॥
कालौचित्याद्व्ययकरी या सा लक्ष्मीरिवापरा ॥ १०७ ॥
बाला खेलनकैः काले दत्तैः दिव्यफलाशनैः ॥
मोदते यौवनस्था तु वस्त्रालङ्करणादिभिः ॥ १०८ ॥
हृष्येन् मध्यवया प्रौढरतिक्रीडासु कौशलैः ॥
वृद्धा तु मधुरालापैर्गौरवेण च रज्यते ॥ १०९ ॥
षोडशाब्दा भवेद्बाला त्रिंशताद्भूतयौवना ॥
पञ्चपञ्चाशता प्रौढा वृद्धा स्त्री तदनन्तरा ॥ ११० ॥

જે સ્ત્રી ચતુર, પ્રસન્ન, પ્રિય લાગે તેવી વાતચિત કરનારી, પતિની ઇચ્છા મુજબ કરનારી, તેમજ સમય જોઈ ઉચિત વ્યય કરનારી હોય તે સ્ત્રી બીજી લક્ષ્મી જેવી છે. બાલા સમય ઉપર આપેલાં રમકડાં, તેમજ ઉત્તમ મેવા મીઠાઈઓથી પ્રસન્ન થાય છે. જ્યારે યુવા સ્ત્રી વસ્ત્ર અને અલંકારથી પ્રસન્ન થાય છે. મધ્યમા ( પ્રૌઢ નાયિકા) ભવ્ય તથા કૌશલ્ય ભરેલી સુરત ક્રીડાથી પ્રસન્ન થાય છે. તેમજ વૃદ્ધ સ્ત્રી આદર સન્માન અને મધુર વાર્તાલાપથી પ્રસન્ન થાય છે. સોળ વર્ષની ઉંમર સુધી સ્ત્રી બાલા કહેવાય છે. સોળથી ત્રીસ સુધીની યુવા, ત્રીસથી પંચાવન વર્ષ સુધીની પ્રૌઢા ( મધ્યા ) અને ત્યાર પછીની વૃદ્ધ કહેવાય છે. ૧૦૭ થી ૧૧૦

पद्मिनी चित्रिणी चैव शंखिनी हस्तिनी तथा॥
तत्तदिष्ट विधानेनानुकूल्या स्त्री विचक्षणैः ॥ १११ ॥
पद्मिनी बहुकेशा च स्वल्पकेशा च हस्तिनी ॥
शंखिनी दीर्घकेशा च वक्रकेशा च चित्रिणी ॥ ११२॥
चक्रस्तनौ च पद्मिन्या वक्रस्तनी च हस्तिनी ॥
दीर्घस्तनौ च शंखिन्याश्चित्रिणी च समस्तनी ॥ ११३ ॥
पद्मिनी दन्तशोभा च दन्तोन्नता च हस्तिनी ॥
शंखिनी दीर्घदन्ता च समदन्ता च चित्रिणी ॥ ११४ ॥
पद्मिनी पद्मगंधा च मधुगंधा च हस्तिनी ॥
शंखिनी क्षारगंधा च मत्स्यगंधा च चित्रिणी ॥ ११५॥
हंसस्वरश्च पद्मिन्या गूढशब्दा च हस्तिनी ॥
रूक्षः शब्दश्च शंखिन्याः काकशब्दा च चित्रिणी ॥११६॥
पङ्कजासनलयेन पद्मिनी वेणु दारितपदेन शंखिनी ॥
स्कंधपादयुगलेन हस्तिनी नागरेण रमयंति चित्रिणी ॥ ११७॥
पद्मिन्या मुखसौरभ्यं उरः सौरभ्यहस्तिनी ॥
चित्रिणी कटिसौभाग्या पदसौभाग्यशंखिनी ॥ ११८ ॥
पद्मिनी सरलाकेशा उर्ध्वकेशा च हस्तिनी ॥
चित्रिणी लम्बकेशा च स्थूलकेशा च शंखिनी ॥ ११९ ॥

पद्मिनी प्रेम वाञ्छन्ति द्रव्यं वाञ्छन्ति हस्तिनी ॥
चित्रिणी मानमिच्छन्ती कलहमिच्छेच्च शंखिनी ॥ १२० ॥
ज्ञातव्यं विबुधैः स्त्रीणां लक्षणं वाप्यलक्षणम् ॥
कुलवृद्धिर्यशोवृद्धिर्लक्ष्मीवृद्धिर्भवेद्यतः ॥ १२१ ॥

॥ इति समाप्तं सामुद्रिकशास्त्रम् ॥

સ્ત્રીઓના પદ્મિની, ચિત્રિણી, હસ્તિની અને શંખિની એમ ચાર ભેદ હોય છે. સ્ત્રીઓને તેમના ભેદ મુજબનાં વિધાનો વડે ચતુર પુરુષોએ પોતાને અનુકૂળ કરી દેવી. જેને ઘણા વાળ હોય તે પદ્મિની, ઓછા વાળવાળી હસ્તિની, લાંબા વાળવાળી શંખિની અને વાંકડીઆ વાળવાળી ચિત્રિણી કહેવાય. પદ્મિનીના સ્તન ગોળ હોય છે. હસ્તિનીના સ્તન વાંકા હોય છે. શંખિનીના સ્તન મોટા હોય છે. અને ચિત્રિણીના સ્તન સરખા (માપસરના) હોય છે. પદ્મિનીના દાંતની શોભા મનોહર હોય છે. હસ્તિનીના દાંત ઉંચા થએલા માલુમ પડે તેવા હોય છે. શંખિનીના દાંત મોટા હોય છે. અને ચિત્રિણીના દાંત સરખી રીતના હોય છે. પદ્મિનીના શરીરમાંથી કમળના ફૂલ જેવી સુગંધી આવે છે. હસ્તિનીના શરીરમાંથી મધ જેવી સુગંધ આવે છે. શંખિનીના શરીરમાંથી ખારના જેવી સુગંધી આવે છે. અને ચિત્રિણીના શરીરમાંથી માછલા જેવી સુગંધી આવે છે. પદ્મિની હંસના જેવા સ્વરવાળી હોય છે. હસ્તિનીનો સ્વર ગંભીર હોય છે. શંખિનીનો સ્વર રુક્ષ લાગે છે. જ્યારે ચિત્રિણી કાગડાના જેવા સ્વરવાળી હોય છે. પદ્મિની પદ્માસનની ખુબીથી સુરત કરે છે. ફાડેલા વાંસની માફક પગ રાખી શંખિની ક્રીડા કરે છે. સ્કંધ પાદાસનથી (નાયકના પગ પોતાના સ્કંધ ઉપર અને પોતાના પગ નાયકના સ્કંધ ઉપર રાખી) હસ્તિની ક્રીડા કરે છે. જ્યારે ચિત્રિણી સુખાસનથી સુરત કરે છે. પદ્મિનીમાં મુખમાં સૌરભ હોય છે. હસ્તિનીનું ઉરઃસ્થલ સુંદર (સુગંધીવાળું અર્થાત્ મનોહર) હોય છે. ચિત્રિણીની કમર સારી હોય છે. જ્યારે શંખિનીના પગ સારા હોય છે. પદ્મિનીના વાળ સરલ હોય છે. હસ્તિનીના ભિભાવાળ હોય છે. ચિત્રિણીના વાળ લાંબા હોય છે. અને શંખિનીના વાળ જાડા હોય છે. પદ્મિની પ્રેમની ઇચ્છા રાખે છે. હસ્તિની દ્રવ્યની આકાંક્ષાવાળી હોય છે. ચિત્રિણી માન ચાહે છે. જ્યારે શંખિની કલહ પ્રિય હોય છે. આ પ્રમાણે પંડિત પુરુષોએ સ્ત્રીઓનાં સુલક્ષણ અને કુલક્ષણને જાણવાં જોઈએ, કારણ કે લક્ષણોદ્વારા જ કુલ, યશ અને લક્ષ્મીની વૃદ્ધિ થાય છે. અર્થાત્ લક્ષણજ્ઞ પુરુષ સુલક્ષિણી સ્ત્રી સાથે લગ્ન કરી કુલ યશ તથા લક્ષ્મીની વૃદ્ધિ કરે છે. ૧૧૧ થી ૧૨૧

## ઈતિ સ્ત્રી-સામુદ્રિક સમાસ



शंखिणी Shankhini

# अथ हस्तकाण्डः

वर्धमानं जिनं नत्वा ज्ञानं केवलिभाषितम् ॥
सुबोधं सर्वजन्तूनां सद्यः प्रत्ययकारकम् ॥१॥
पूर्वाचार्यैर्यथा चोक्तमनुभूतं यथा स्वयम् ॥
संस्मृत्यै सांप्रतं वक्ष्येऽन्यस्मै वाद्दष्टभक्तये ॥ २ ॥

## હસ્તકાંડ

શ્રી **વર્ધમાનસ્વામીને** નમસ્કાર કરીને કેવળી ભગવાને કહેલું જ્ઞાન કે જે સર્વ પ્રાણીઓને સારી રીતે સમજમાં આવે તેમ છે, તથા જલદી વિશ્વાસ પમાડનારૂં છે, અને જેને પૂર્વાચાર્યોએ કહ્યું છે, તેમજ મેં પોતે અનુભવ્યું છે. તે બીજાઓને નસીબ ઉપર શ્રદ્ધા બેસે તેથી તેમજ સ્મૃતિ રહે એટલા માટે કહું છું. ૧–૨

लाभालाभं सुखं दुःखं जीवितं मरणं तथा ॥
जयं पराजयं चैव भूभङ्गमथ चिन्तितम् ॥ ३ ॥
वर्णधर्मदशाभेदा दिनादिकालनिर्णयम् ॥
अर्घकाण्डं तथा स्त्रीणां गर्भापत्यस्य लक्षणम् ॥ ४ ॥
गमनागमनं वृष्टिं शल्योद्धारं तथैव च ॥
प्रश्ना वयोऽन्ते मध्यस्थाः स्वानुभूताश्च नान्यथा ॥ ५ ॥

લાભ–હાનિ, સુખદુઃખ, જીવિત અને મરણ, જય–પરાજય, જમીન ( રાજ્ય ) નું પતન, મનોગત વિચાર, વર્ણ ધર્મ તથા દશાભેદ, દિવસ આદિ સમયાદિકનો નિર્ણય, અર્ઘકાંડ, સ્ત્રીઓના ગર્ભમાં રહેલા બાળકનો ( પુત્ર કે પુત્રી તે સંબંધી ) નિર્ણય, ગમાગમ, વૃષ્ટિ તથા શલ્યનો ઉદ્ધાર વગેરે પ્રશ્નો કે જે મેં મારી પાછલી ઉંમર સુધીમાં સારી રીતે અનુભવ્યા છે, અને જે સત્ય માલુમ પડ્યા છે, ( તે જ્ઞાન હું કહું છું. ) ૩–૪–૫

अचतया उत्तरा वर्गाः कटपशा अधराः स्मृताः ॥
द्वादशानां स्वराणां तु ह्रस्वा उत्तरसंज्ञकाः ॥ ६ ॥
दीर्घाः स्युरधराः सर्वे व्यञ्जनेस्वपि कथ्यते ॥
आदिमास्तृतीय वर्गा उत्तराश्चोत्तरोत्तराः ॥ ७ ॥

उत्तरा उत्तरे वर्गे द्वितुर्यविधराधरैः ॥
आलिङ्गितास्तृतीयाद्या अ इ ए ओ स्वरास्तथा ॥ ८ ॥
आ ई ऐ औ स्वरैर्युक्ता द्वितीयाश्चाभिधूमिताः ॥
उ ऊ अं अः स्वरैर्युक्ताश्चतुर्था दग्धसंज्ञकाः ॥ ९ ॥

અવર્ગ, ચવર્ગ, તવર્ગ તથા યવર્ગ એ **ઉત્તર**સંજ્ઞક વર્ગો છે. કવર્ગ, ટવર્ગ, પવર્ગ તથા શવર્ગ એ **અધર** સંજ્ઞક વર્ગો છે અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ એ બાર સ્વરો પૈકી જેટલા હ્રસ્વ સ્વરો છે, તે **ઉત્તર**સંજ્ઞક છે. દીર્ઘસ્વરો **અધર**સંજ્ઞક છે, વ્યંજનોની અંદર પણ વર્ગોના પહેલા અને ત્રીજા વર્ણો **ઉત્તર**સંજ્ઞક છે. ઉત્તર વર્ગોની અંદર ઉત્તરસંજ્ઞક વર્ણો **ઉત્તરોત્તર** સંજ્ઞક બને છે. બીજા અને ચોથા વર્ણો **અધર**સંજ્ઞક છે. ( **અધર**સંજ્ઞક વર્ગની અંદર **અધર**સંજ્ઞક વર્ણ **અધરાધર** ગણાય. ) વર્ગો માંહેના પહેલા અને ત્રીજા અક્ષરો તથા અ, ઈ, ઉ, એ અને ઓ **આલિંગિત** કહેવાય છે. આ, ઈ, ઐ અને ઔ એ સ્વરો તથા વર્ગોના બીજા નંબરના વર્ણો **અભિધુમિત** કહેવાય છે. તથા ઉ, ઊ, અં, અઃ એ સ્વરો તથા વર્ગોના ચોથા વર્ણો **દગ્ધ**સંજ્ઞક છે. ૬ થી ૯

पञ्चमा मध्यमाः प्रोक्ता उत्तरालिङ्गितादिषु ॥
व्यञ्जनस्वरसंयुक्तान् प्रश्ने देया स्वरात्फलम् ॥ १० ॥
अकारात्केवलाद्दीयं तद्युक्त व्यञ्जनादपि ॥

॥ इति उत्तराअधरपरिभाषा प्रकरणम् ॥

વર્ગોના પાંચમા વર્ણો **મધ્યમ** કહેવાય છે. પ્રશ્નમાં **ઉત્તર આલિંગિત** ઇત્યાદિ સંજ્ઞાની અંદર સ્વર યુક્ત વ્યંજન હોય તો સ્વર પ્રમાણે સંજ્ઞા આપી ફલ કહેવું. પરંતુ અકાર જ્યાં એકલો જ હોય ત્યારે તેની સ્વર પ્રમાણે સંજ્ઞા આપવી, અન્યથા વ્યંજન સાથે હોય ત્યારે વ્યંજનની જે થતી હોય તે સંજ્ઞા આપવી. ( કારણ અકાર દરેક વ્યંજનમાં યુક્ત થાય તે જ તે વ્યંજન સંપૂર્ણ બની ઉચ્ચારને લાયક બને છે. એટલે અકાર વગર કોઈ વ્યંજન હોતો નથી ). ૧૦

## ઇતિ પરિભાષા પ્રકરણ

---

निरन्तर्योत्तराः प्रश्ना मनोवाञ्छित लाभदाः ॥
अधरैर्मिश्रितास्तेऽपि स्तोकलाभाः प्रकीर्तिताः ॥ ११ ॥

उत्तरा आदिमध्यान्ते चारुमध्याल्पलाभदाः ॥
आदिस्थे उत्तरे शीघ्रं मध्यस्थे स्याद्विलंबतः ॥ १२ ॥
अन्तस्थे चिरकालेन कालोऽप्येवं नियुज्यते ॥
अच त येषु वर्गेषु तथा कटपशेषु च ॥ १३ ॥
स्थानेऽन्यत्र विज्ञेया यथासंख्यक्रमात्तथा ॥
अत वर्गे गृहे स्वीये चय वर्गेऽन्यतस्तथा ॥ १४ ॥
कप वर्गे च देशे तु ट श वर्गेऽन्यदशतः ॥
स्वरोत्तरो विशिष्ठः स्यान्मध्यमो मिश्रके तथा ॥ १५ ॥
प्रश्नाः सूक्ष्माक्षरैर्ग्राह्याः सर्वमात्रा समन्विताः ॥
ध्रुवकं प्रक्षिपेद्राशौ चत्वारिंशद्विरुत्तरम् ॥ १६ ॥
त्रिभिर्विहृत्य वै भाज्यं शेषांकेन फलं दिशेत् ॥
एकेन विद्यते वस्तु द्वाभ्यां लभ्यं न शून्यतः ॥ १७ ॥

॥ इति लाभालाभप्रकरणम् ॥

જે પ્રશ્નો **ઉત્તર** સંજ્ઞક વર્ણોમાં થએલા હોય છે, તે નિરંતર મનોવાંચ્છિત ફલનો લાભ કરે છે. **અધર**સંજ્ઞક ઉત્તરસંજ્ઞક વર્ણોથી યુક્ત હોય તો પણ થોડું ઘણો લાભ આપે છે જ. પ્રશ્નના આદિ, મધ્ય કે અંતભાગમા જો **ઉત્તર**સંજ્ઞક વર્ણો હોય તો ઉત્તમ, મધ્યમ અને અલ્પ ફળ આપનારા બને છે. જો પ્રશ્નના આદિ ભાગમાં **ઉત્તર**સંજ્ઞક વર્ણો હોય તો શીઘ્ર કાર્યસિદ્ધિ થાય છે. મધ્યમાં હોય તો વિલંબથી કાર્યસિદ્ધિ થાય છે. અને અંતમાં હોય તો ઘણા લાંબા કાળે કાર્યસિદ્ધિ થાય છે. આ પ્રમાણે કાળ નિર્ણય થઈ શકે છે. અ, ચ, ત, ય એ વર્ગો તથા ક, ટ, પ, શ એ વર્ગો ઉપરથી પોતાના સ્થાનમાં યા બીજે કાર્યસિદ્ધિ થશે તેનો નિર્ણય જાણવો. જો અવર્ગ કે તવર્ગ હોય તો પોતાના સ્થાનમાં, ચવર્ગ અને યવર્ગ હોય તો બીજી જગ્યાએ કાર્યસિદ્ધિ થાય છે. કવર્ગ અને પવર્ગ હોય તો દેશમાં અને ટવર્ગ તથા શવર્ગ હોય તો પરદેશમાં કાર્યસિદ્ધિ થશે. **ઉત્તર**સંજ્ઞક સ્વર વિશિષ્ઠ ફળ આપનાર છે. છતાં મિશ્ર વર્ણોમાં તે મધ્યમ ફળ આપે છે. પ્રશ્નના દરેક અક્ષરોની સૂક્ષ્મ રીતે માત્રાઓ સાથે ગણના કરવી. પછી તે અંક સંખ્યામાં ૪૨નો આંક ધ્રુવક તરીકે

ઉમેરવો. અને ત્રણથી ભાગ આપવો. તથા શેષ પ્રમાણે ફળ કહેવું. એક શેષ વધે તો વસ્તુ વિદ્યમાન છે, બે વધે તો મળશે, અને શૂન્ય વધે તો નહિ મળે એમ જાણવું. ૧૧ થી ૧૭

### ઇતિ લાભાલાભપ્રકરણ

सुखदुःखमतो वाच्यमुत्तरैः पृच्छतः सुखम् ॥
अधरैर्दुःखमाप्नोति गणित्वा निर्णयेत्पुनः ॥ १८ ॥
प्रश्नाः सूक्ष्माक्षरैर्ग्राह्या श्चत्वारिंशन्समन्विताः ॥
त्रिभिर्भागेन प्रश्नस्य शेषांकेन फलं दिशेत् ॥ १९ ॥
एकेन स्यान्महासौख्यं द्वाभ्यां चैव तु मध्यमम् ॥
शून्ये शून्यं विजानीयाद्दिनसंख्या तु वर्गतः ॥ २० ॥

॥ इति सुखदुःखप्रकरणम् ॥

સુખદુઃખના પ્રશ્નમાં જો ઉત્તરસંજ્ઞક વર્ણોવાળો પ્રશ્ન હોય તો સુખ, અને **અધર**સંજ્ઞક વર્ણોવાળો પ્રશ્ન હોય તો દુઃખ પામશે એમ નિર્ણય કરવો. પ્રશ્નના અક્ષરોની સંખ્યાનો યોગ કરવો. અને તેમાં ૪૦ ઉમેરવા પછી ત્રણથી ભાગ આપવો. એક શેષ વધે તો મહાસુખ કહેવું. બે શેષ વધે તો મધ્યમ સુખ કહેવું. અને શૂન્ય વધે તો શૂન્ય સમજવું. અને વર્ગની સંખ્યા પ્રમાણે દિવસની સંખ્યા સમજવી. ૧૮ થી ૨૦

### ઇતિ સુખદુઃખપ્રકરણ

निरन्तरोत्तराः प्रश्नाः अं अः स्वरविवर्जिताः ॥
इ वर्णेन युताः सर्वे पञ्चमा मृत्युकारकाः ॥ २१ ॥
कटपशा इ मिश्रास्तु उत्तरैश्च युता मृताः ॥
उत्तरैर्व्यंजनाद्यैः स्युर्मिश्रिता उत्तराः स्वराः ॥ २२ ॥
विशेषेण शुभाः ज्ञेयाः कालसंख्या च कथ्यते ॥
दिनान्यालिंगिते प्रश्ने मासाः स्युरभिधूमिते ॥
वदेद्वर्षाणि दग्धे तु कालस्याऽप्येष निर्णयः ॥ २३ ॥

प्रश्नाः सूक्ष्माक्षरैर्ग्राह्याः सर्वे मात्रासमन्विताः ॥
ध्रुवकं प्रक्षिपेद्राशौ षडक्षः स च मध्यगः ॥ २४ ॥
दत्ते भागे भवेत्कालो नैक शेषंप्रतिम्मृतम् ॥
द्वि शून्ये तथा शेषे रोगिणोऽशुभमादिशेत् ॥ २५ ॥
उत्तरैः उर्ध्वगामी स्याद्दग्धैर्यात्यधरं मृतः ॥
मर्त्यलोके तयोरन्यैरेवं जननमादिशेत् ॥ २६ ॥

॥ इति जीवितमृत्युप्रकरणम् ॥

અં અને અઃ એ બે સ્વરથી રહિત ઉત્તરસંજ્ઞક વર્ણો નિરંતર રોગને હરનારા છે. પરંતુ ઈ સ્વરથી યુક્ત પાંચમા વર્ણો (વર્ગોના પાંચમા વર્ણો) મૃત્યુ કરનારા છે. કવર્ગ, ટવર્ગ, પવર્ગ, શવર્ગ તથા ઈકારનું મિશ્ર ફળ છે. ઉત્તરસંજ્ઞક સ્વરોથી યુક્ત થએલા મૃતસંજ્ઞક (દગ્ધ) વર્ણોનું ફળ મિશ્ર છે. ઉત્તરસંજ્ઞક વ્યંજનોથી યુક્ત ઉત્તરસંજ્ઞક સ્વરો વિશેષ કરીને શુભ ફળ આપનારા છે. પ્રશ્નમાં **આલિંગિત**થી દિવસો, **અભિધૂમિત**થી માસ અને **દગ્ધ**થી વર્ષ એમ કાળની ગણત્રી કહેવાય છે. અને રોગ પ્રશ્નમાં પણ કાળનિર્ણય માટે એજ વિધિ છે. પ્રશ્નના દરેક સૂક્ષ્માક્ષરો અને માત્રાઓનો યોગ કરવો. તેમાં ૫૬ નો ધ્રુવાંક ઉમેરવો. ત્રણથી ભાગ આપવો. જો એક શેષ રહે તો જીવિત છે, એમ જાણવું. પરંતુ જો બે કે શૂન્ય શેષ વધતા હોય તો રોગીનું શુભ થતું નથી, અર્થાત્ મૃત્યુ થાય છે. પ્રશ્નમાં ઉત્તરસંજ્ઞક વર્ણો હોય તો પ્રાણીની ઉર્ધ્વગતિ થાય છે. જો **દગ્ધ**સંજ્ઞક વર્ણો હોય તો અધોગતિ થાય છે. અને જો **અભિધૂમિત** વર્ણો હોય તો મૃત્યુલોકમાંજ જીવનો પુનર્જન્મ થાય છે. જેવી રીતે મૃત્યુની ગતિનો નિર્ણય કર્યો તેવીજ રીતે જીવ કયા લોકમાંથી આવ્યો છે, તેનો નિર્ણય કરવો. ૨૧ થી ૨૬

ઇતિ જીવિતમૃત્યુપ્રકરણ.

---

जयं पराजयं वक्ष्ये भूपानां सुखकारकम् ॥
सर्वोत्तरैर्जयो नित्यं विशिष्ठश्चोत्तरोत्तरैः ॥ २७ ॥
आदिमध्यावसानेषूत्तरेषु क्रमतो जयः ॥
उवर्णे मिश्रितेषु स्यात्पञ्चमेषु तथैव च ॥ २८ ॥
पराजयोऽधरैर्नूनं उ ऊ अं अः स्वरैस्तथा ॥
तश वर्गे तथा ज्ञेया गणित्वा निर्णयेत्पुनः ॥ २९ ॥

प्रश्नाः सूक्ष्माक्षरैर्ग्राह्याः सर्वमात्रासमन्विताः ॥
ध्रुवकं प्रक्षिपेद्राशौ त्रिविंशतिसमसंख्यकः ॥ ३० ॥
गुणैर्भागः प्रदातव्यः एकेन जयमादिशेत् ॥
द्वाभ्यां साम्यं द्वयोर्ज्ञेयं शून्ये शून्यं पराजयः ॥ ३१ ॥

॥ इति जयपराजयप्रकरणम् ॥

હવે રાજાઓને સુખ આપનાર જય-પરાજય વિષે કહું છું. પ્રશ્નમાં ઉત્તરસંજ્ઞક વર્ણો હોય તો હંમેશ જય થાય છે. જો ઉત્તરોત્તરવર્ણ હોય તો ખાસ કરીને જય મળે છે. ઉત્તરસંજ્ઞક વર્ણો આદિ, મધ્ય કે અંત્યમાં રહ્યા હોય તો અનુક્રમે આદિ, મધ્ય અને અંત્યમાં જય મળે છે. ઉવર્ણથી મિશ્રિત પંચમવર્ણથી પણ તેવીજ રીતે જય ( સાધારણ ) મળે છે. અધરવર્ણોથી તેમજ ઉ ઊ અં અને અઃ એ સ્વરોથી, ત અને શ વર્ગથી નક્કી પરાજય મળે છે. આ બધું સમજીને નિર્ણય કરવો. પ્રશ્નના સૂક્ષ્માક્ષરોની માત્રા સહિત ગણના કરવી. અને તેમાં ૬૦નો ધ્રુવક ઉમેરવો. ત્રણથી ભાગ આપવો એક વધે તો જય, બે વધે તો સંધિ અને શૂન્ય વધે તો પરાજય સમજવો. ૨૭થી૩૧

### ઇતિ જયપરાજયપ્રકરણ

---

भूच्छत्रयोस्तथा वक्ष्ये भङ्गाभङ्गं समासतः ॥
अधरैर्भङ्ग एव स्यादभङ्गश्चोत्तरैः सदा ॥ ३२ ॥
मिश्रकैः सन्धिरेव स्याद्दिनसंख्या च वर्गतः ॥ ३३ ॥

॥ इति भूच्छत्रभङ्गप्रकरणम् ॥

ભૂ ( જમીન ) તથા છત્રના ભંગાભંગ સંબંધી હવે સંક્ષેપમાં કહું છું. જો પ્રશ્નમાં અધરસંજ્ઞક વર્ણો હોય તો નક્કી ભંગ થાય છે. ઉત્તરસંજ્ઞકવર્ણોથી ભંગ થતો નથી. અને **મિશ્રવર્ણોથી** સંધિ થાય છે. ફળ ક્યારે મળે તે વર્ગની સંખ્યા ઉપરથી જાણવું. ૩૨-૩૩

### ઇતિ ભૂચ્છત્રભંગાભંગપ્રકરણ

---

अतः परं प्रवक्ष्यामि चिन्ताप्रकरणं शुभम् ॥
उर्ध्वदृष्टिर्भवेज्जीवो अधोदृष्टिश्चमूलके ॥ ३४ ॥
सममालोकनं धातौ प्रश्नभेदस्ततः परम् ॥ ३५ ॥

अकारौद्वीविकारश्च ए उ अः स्वरसंयुताः ॥
कचटादिचतुष्कंच यश हा जीवसंज्ञकाः ॥ ३६ ॥
उऊ अं स्वरसंयुक्तास्तपा आदिचतुष्ककम् ॥
वसाभ्यां सहिता वर्गा धातोरुक्ता त्रयोदश ॥३७॥
ई ऐ औ स्वरसंयुक्ता वर्गाणां पञ्चमाक्षराः ॥
यस्याधिक्यं भवेत्प्रश्ने स योनिः संशयं विना ॥३८॥
जीवाक्षरैर्भवेज्जीवो धातुर्धात्वक्षरैः सदा ॥
मूलं मूलाक्षरैर्ज्ञेयं मिश्रकैर्मिश्रकं भवेत् ॥३९॥
स्वरोत्तरैर्भवेज्जीवो धातुः स्यादधरैः स्वरैः ॥
स्वरोत्तराधरौ योगे मूलमेव न संशयः ॥४०॥

આના પછી હું શુભ એવા ચિંતા પ્રકરણને કહું છું, ઉત્તરસંજ્ઞક વર્ણનો પ્રશ્ન હોય તો જીવ. અધરસંજ્ઞક વર્ણ હોય તો મૂલ અને મિશ્રસંજ્ઞકવર્ણ હોય તો ધાતુ એમ પ્રશ્નનો ભેદ સમજવો. અ, આ, ઈ, એ, ઉ અને અઃ એ સ્વરો તથા ક, ચ તથા ટ વર્ગના પહેલા ચારવર્ણો, ય, શ તેમજ હ એ જીવસંજ્ઞક છે. ઉ, ઊ, અને અં એ સ્વર, ત વર્ગ તથા પવર્ગના પહેલા ચાર વર્ણો, વકાર અને સકાર એ પ્રમાણે તેર અક્ષરો ધાતુસંજ્ઞક છે. ઈ, ઐ, ઓ એ સ્વર તથા વર્ગોના પાંચમાં અક્ષરો રકાર તથા ષકાર એમ દસ વર્ણો મૂલસંજ્ઞક છે. પ્રશ્નમાં જેનું આધિક્ય હોય તેની જાતિ (ધાતુ, મૂળ કે જીવ) નિઃસંશય હોય છે. જીવસંજ્ઞક અક્ષરો હોય તો જીવ, ધાતુ સંજ્ઞક અક્ષરો હોય તો ધાતુ અને મૂલસંજ્ઞક અક્ષરો હોય તો મૂળ તથા મિશ્રવર્ણો હોય તો મિશ્રજાતિ થાય છે. ઉત્તરસંજ્ઞક સ્વર જીવસંજ્ઞક છે. અધરસંજ્ઞક સ્વર ધાતુ છે, અને ઉત્તર તથા અધરસ્વરના મિશ્રણમાં નિઃસંશય મૂલ થાય છે. ૩૪થી૪૦

प्रश्नं सूक्ष्माक्षरैर्ग्राह्यं सर्वमात्रासमन्वितम् ॥
त्रिभिर्भागे प्रदत्ते स्याद्यच्छेषं तत्तु चिन्तयेत् ॥ ४१ ॥
एकाद्विशून्यशेषाः स्युर्जीवं मूलं च धातवः ॥
जीवमूलकधातूनां व्यक्तिर्ज्ञेयोपदेशतः ॥४२॥
उत्तरैरक्षरैरेषामुत्तमं चिन्तितं विदुः ॥
उत्तमे च परिज्ञाते व्यक्तिः स्यादभिधानतः ॥४३॥

ह्रस्वैर्नरोऽबला दीर्घैर्द्वयोर्योगे नपुंसकः ॥
प्रश्नः सूक्ष्माक्षरैर्ग्राह्यः सर्वमात्रासमन्वितः ॥ ४४ ॥
त्रिभिर्भागः प्रदातव्य एकशेषे भवेन्नरः ॥
द्वाभ्यां नारी तथा शून्ये निश्चितं स्यान्नपुंसकम् ॥ ४५ ॥
बालो युवा तथा वृद्धा एकद्विशून्य शेषतः ॥
एवं वर्णस्तथा ज्ञेयो गौरः श्यामश्च मिश्रितः ॥ ४६ ॥

પ્રશ્નોના સૂક્ષ્માક્ષરો માત્રાસહિત ગણવા અને ત્રણથી ભાગ આપવો. જે શેષ રહે તેના ઉપરથી વિચાર કરવો. એક શેષ રહે તો જીવ, બે રહે તો મૂળ અને શૂન્ય રહે તો ધાતુ સમજવી. આ પ્રમાણે જીવ, મૂળ અને ધાતુનું સ્પષ્ટિકરણ જાણવું. જો ઉત્તરસંજ્ઞક વર્ણો હોય તો તેમની ઉત્તમ પ્રકારની સ્થિતિ જાણવી. જો ઉત્તમ છે, એમ સિદ્ધ થાય તો તેના નામ ઉપરથી તેનું સ્પષ્ટિકરણ સમજી લેવું. જો હ્રસ્વવર્ણો હોય તો પુરુષ, દીર્ઘ હોય તો સ્ત્રી અને હ્રસ્વ તથા દીર્ઘનો યોગ હોય તો નપુંસક જાણવો. પ્રશ્નના સૂક્ષ્માક્ષરોનો માત્રા સાથે યોગ કરવો. પછી તેમાં ત્રણથી ભાગ આપવો, જો એક શેષ રહે તો પુરુષ, બે રહે તો સ્ત્રી તથા શૂન્ય રહે તો નપુંસક સમજવો. એક, બે અને શૂન્ય વડે અનુક્રમે બાલ, યુવા તથા વૃદ્ધ એમ સમજવું, અને તેવીજ રીતે અનુક્રમે ગોર, શ્યામ તથા મિશ્ર રંગ સમજવો. ૪૧થી૪૬

प्रश्नाक्षरसमं नाम प्रायेण सर्ववस्तुनः ॥
उत्तरैरक्षरैः प्रश्ने नाम स्यादधराक्षरम् ॥ ४७ ॥
अधरैरुत्तरं नाम मिश्रकैर्मिश्रकं विदुः ॥
प्रश्नमेकाक्षरं द्वौ वा चिन्तिते पतितं ध्रुवम् ॥ ४८ ॥
अकाराद्यक्षरैर्ग्राह्यः संकटो विकटोऽपरः ॥
संयुक्तं स्यादसंयुक्तमाद्यद्वितीयमक्षरम् ॥ ४९ ॥
संकटैः प्रवरं वस्तु दीर्घाकारं विनिर्दिशेत् ॥
अछिद्रं विकटैर्वस्तु द्वयोर्योगेऽस्ति वर्तुलम् ॥ ५० ॥
दशभिर्मिश्रितं राशिं गुणयेद्द्वादशैस्ततः ॥
सप्तभिर्दत्तभागेस्याल्लभ्याङ्के वर्गनिश्चयः ॥ ५१ ॥

तन्निश्चये यथासंख्यमक्षरस्यापि निश्चयः ॥
मूलराशेश्च शेषेण वर्गः स्यादंकसंख्यया ॥५२॥
संयुक्ताक्षर प्रश्ने च तद्वर्गव्यञ्जनद्वयम् ॥
संबुध्यान्वेष्य यत्नेन चिन्तितं लक्षयेत्पुनः ॥ ५३ ॥
पृच्छको दिशि यस्य स्याद्दिग् पृच्छकस्य चिन्तने ॥
यच्च जीवादिकं पश्येच्चिन्ता तस्य विनिर्दिशेत् ॥५४॥
अंकादिकं स्पर्शयेद्यत्प्रमाणं तत्र वस्तुनः ॥५५॥

इति चिन्ताप्रकरणम्

પ્રશ્નના અક્ષરો પ્રમાણે પ્રાયઃ દરેક વસ્તુનું નામ હોય છે. ઉત્તરસંજ્ઞક વર્ણો હોય તો **અધરાક્ષરનું** નામ હોય છે. અને **અધરસંજ્ઞક** વર્ણો હોય તો ઉત્તરસંજ્ઞક વર્ણોવાળું નામ હોય છે, મિશ્રવર્ણોથી મિશ્ર નામ હોય છે. એકાક્ષર યા બે અક્ષરવાળા ગમે તેટલા અક્ષરોવાળો પ્રશ્ન હોય તો પણ તેને અકારાદિ અક્ષરોના ક્રમથી **આલિં-ગિંતાદિ** રીતે નિશ્ચિત કરવો. જો પ્રશ્નમાં પ્રથમ અથવા દ્વિતીયાક્ષર જોડાક્ષર હોય તો સંકટ, અને જોડાક્ષર ન હોય તો વિકટ નામની સંજ્ઞા સમજવી. સંકટ પ્રશ્ન હોય તો મોટી તેમજ દીર્ઘાકાર વસ્તુ સમજવી. વિકટસંજ્ઞક પ્રશ્ન હોય તો છિદ્ર વગરની વસ્તુ સમજવી. જો સંકટ અને વિકટનું એકીકરણ થયું હોય તો ગોળ વસ્તુ સમજવી. પ્રશ્નાક્ષરોના માત્રા સહિતના યોગને દશથી યુક્ત કરી, બારથી ગુણવા, અને સાતથી ભાગ આપવો. જે શેષ રહે તે વર્ગ સમજવો. વર્ગની સંખ્યા પ્રમાણે, તેમજ પ્રશ્નાક્ષરની સંખ્યા પ્રમાણે, તેમજ પ્રશ્નાક્ષરની સંખ્યા પ્રમાણે વસ્તુની સંખ્યાનો નિર્ણય કરવો. મૂલરાશિ ( સંખ્યા )ની શેષ પ્રમાણે વર્ગના અંકની સંખ્યા સમજવી. સંયુક્તાક્ષર પ્રશ્નમાં તે વર્ગના બે વ્યંજન ગણવા. આ પ્રમાણે બુદ્ધિપૂર્વક મૂક પ્રશ્નનો ( ચિંતા કઈ વસ્તુ સંબંધી છે ? શાનો પ્રશ્ન છે, તેનો ) નિર્ણય કરવો. કઈ દિશાનો પ્રશ્ન છે ? તેના નિર્ણય માટે પૂછનાર જે દિશામાં હોય તે દિશાનો પ્રશ્ન સમજવો. તેમજ જે જીવાદિ વસ્તુને જુએ તે સંબંધી પ્રશ્ન છે, એમ સમજવું. વળી જે અંકાદિને સ્પર્શ કરે તે અંક મુજબની વસ્તુઓની સંખ્યા સમજવી. ૪૭ થી ૫૫

ઈતિ ચિંતાપ્રકરણ

---

वर्णिधर्मो भवेद्वर्गे उत्तरो विघ्नवर्जितः ॥
विघ्नंस्यादधरैर्वर्गैर्मिश्रकेर्मध्यमो भवेत् ॥५६॥

कटनजखझा वर्णाः उ ऊ अं अ स्वरैर्युताः ॥
एभिः स्वरैस्तथा मिश्राः पञ्चमा वर्णिभोगदाः ॥ ५७ ॥
चटधफरता वर्णा सशौ च प्रश्नमध्यतः ॥
इवर्णं मिश्रिताश्चेत्स्युस्तपोभङ्गस्तदादिशेत् ॥ ५८ ॥
वर्गैर्मोक्षादिकं सौख्यं वर्चस्वमुत्तरोत्तरैः ॥ ५९ ॥

॥ इति वर्णिधर्मप्रकरणम् ॥

જો પ્રશ્નમાં ઉત્તરસંજ્ઞક વર્ણો હોય તો સંન્યાસીનો ધર્મ વિઘ્ન રહિત રહે છે. **અધર**સંજ્ઞક વર્ણો હોય તો વિઘ્ન યુક્ત રહે છે. અને જો મિશ્રવર્ણો હોય તો મધ્યમ પ્રકારથી ( સાધારણ વિઘ્ન યુક્ત ) રહે છે. ક, ટ, ન, જ, ખ અને ઝ એ વ્યંજનો ઉ ઊ અં અને અઃ એ સ્વરોથી યુક્ત હોય અથવા ઉ ઉ અં અને અઃ એ સ્વરોથી યુક્ત મિશ્ર સંજ્ઞકવ્યંજનો તથા વર્ગોના પાંચમાં વ્યંજનો વર્ણિ-( સંન્યાસી, બ્રહ્મચારી)ને ભોગ આપનાર છે. ચ, ટ, ધ, ફ, ર ત તથા સ અને શ જો ઇથી યુક્ત થઈ પ્રશ્નમાં રહ્યા હોય તો તે વર્ણિના તપનો ભંગ કરનાર થાય છે. વર્ગની **ઉત્તરાધર** સંજ્ઞા પ્રમાણે મોક્ષાદિક સમજવી. અને ઉત્તરોત્તર સંજ્ઞક જો પ્રશ્ન હોય તો વર્ણિને વર્ચસ્વ તથા સુખ મળે છે તેમ જાણવું. ૫૧ થી ૫૯

ઇતિ વર્ણિધર્મપ્રકરણ

---

अकारादिषु वर्गेषु पूर्वतटः दिशः क्रमात् ॥
अमीषामपि वर्गाणामधरस्वरविवर्जिताः ॥ ६० ॥
वर्णाङ्कसहिताः स्युश्चेत्तदा पूर्वांदिशं वदेत् ॥
तथैकामेकवर्गस्य स्वराधरविवर्जिताः ॥ ६१ ॥
वर्णाः स्युश्चेत्तदा नूनं पश्चिमाशां विनिर्दिशेत् ॥
स्वरव्यंजनविदग्धे स्यात्संहतेर्दक्षिणा सदा ॥ ६२ ॥
अधरैरेव वर्णैश्च निश्चितैरुत्तरा भवेत् ॥
प्रश्नाः सूक्ष्माक्षरैर्ग्राह्याः सर्वमात्रासमन्विताः ॥ ६३ ॥
ध्रुवकं प्रक्षिपेद्राशौ त्रिर्दशैर्मिश्रितं ततः ॥
भागोदेयोऽष्टभिः पश्चाच्छेषांकेन दिशं वदेत् ॥ ६४ ॥

लब्धांकेन प्रमाणं स्याच्छून्यशेषं यदाभवेत् ॥
तदोर्ध्वादिग्विनिर्देश्या वाधो भागं विनिर्दिशेत् ॥ ६५ ॥

॥ इति दिग्प्रकरणम् ॥

અકારાદિ આઠ વર્ગોનો અનુક્રમે પૂર્વાદિ દિશાઓ છે. આ વર્ગો પૈકી પણ **અધર**સંજ્ઞક સ્વરોથી રહિત વ્યંજનો હોય તો પૂર્વદિશા કહેવી. તેમજ અવર્ગના **અધર**સંજ્ઞકથી રહિત સ્વરમાત્ર હોય તો પશ્ચિમદિશા કહેવી. સ્વર અને વ્યંજનો ભેગા હોય તો દક્ષિણ દિશા કહેવી. **અધર**સંજ્ઞક સ્વરોથી નક્કી ઉત્તર દિશાજ જાણવી પ્રશ્નના સૂક્ષ્માક્ષરોનો માત્રાઓ સહિત યોગ કરવો. અને તેમાં તેર ધ્રુવાંક તરીકે ઉમેરવા. પછી આઠથી ભાગ આપવો. અને શેષ રહે તે પ્રમાણે પૂર્વાદિ દશાઓ જાણવી. શૂન્ય શેષ વધે ત્યારે ઉર્ધ્વ કે અધોભાગ પણ કહેવો. ૧૦ થી ૬૫

ઇતિ દિગ્પ્રકરણ

---

यादृक्दिनादि कालोऽयं पृच्छातो वदति ततः ॥
वक्ष्ये कालप्रमाणं तत् संख्याकालक्रमेण च ॥ ६६ ॥
पक्षो मासो दिनं वर्षं पक्षआद्ये वदेत्तथा ॥
दिनान्यादि तृतीये च, वर्णे ज्ञेया द्वितीयके ॥ ६७ ॥
मासा वर्षाणि तुर्ये तु वर्षमासौ च पञ्चमे ॥
मिश्रके मिश्रकं वाच्यं गणित्वा निर्णयेत्पुनः ॥ ६८ ॥
प्रश्नं सूक्ष्माक्षरैर्ग्राह्यं दशपञ्चयुतं ततः ॥
कालैर्भागः प्रदातव्यस्त्रिशेषे स्युश्च वासराः ॥ ६९ ॥
समशेषे तथा मासा वर्षाणि शून्यशेषतः ॥ ७० ॥

॥ इति कालप्रकरणम् ॥

જેવી રીતે પ્રશ્ન ઉપર સમય નિર્ણય થાય છે, તેવીજ રીતે સંખ્યાના ક્રમથી હું પણ કાલનું પ્રમાણ કહું છું. પક્ષ, માસ, દિવસો અને વર્ષ એ પ્રમાણે કાળભેદ છે. જો પ્રશ્નમાં આદ્યવર્ણો હોય તો પક્ષ, તૃતીયવર્ણો હોય તો દિન, બીજાવર્ણો હોય તો માસ, ચોથા વર્ણો હોય તો વર્ષ અને પાંચમા વર્ણો હોય તો વર્ષ તથા માસનું સંમિશ્રણ કહેવું. જો મિશ્રસંજ્ઞક વર્ણો હોય તો મિશ્રકાળ કહેવો. પ્રશ્નના સૂક્ષ્માક્ષરોનો યોગ કરી તેમાં ધ્રુવક તરીકે પંદર ઉમેરવા. અને ચારથી ભાગ આપવો. જો ત્રણ શેષ

રહે તો દિવસ, બે શેષ રહે તો માસ ( એક શેષ રહે તો પક્ષ ) અને શૂન્ય શેષ રહે તો વર્ષ સમજવાં. ૬૬ થી ૭૦

ઇતિ કાલપ્રકરણ

---

अर्घकाण्डमतो वक्ष्ये वणिजां हितकाम्यया ॥
समर्घमुत्तरैर्धान्यं महर्घमधरैर्भवेत् ॥ ७१ ॥
पृच्छकः स्यात्स्वयं श्रेष्ठिः मानः क्रयाणकं तथा ॥
तयोर्नामाक्षरप्रश्ने गण्यन्ते व्यंजनं स्वराः ॥ ७२ ॥
गणित्वा पृच्छकस्थाने तत्संख्यांकं लिखेत्ततः ॥
द्वयोः राश्योर्हरेद्भागं प्रश्नसंख्यैः स्वरैस्तदा ॥ ७३ ॥
व्यञ्जनानां भवेद्राशौ शेषाधिक्ये समर्घता ॥
द्वयो राश्योः समे शेषे साम्यं शून्ये महर्घता ॥७४॥

॥ इत्यर्घप्रकरणम् ॥

હવે હું વેપારીઓના હિતની ઇચ્છાથી **અર્ઘકાંડ** કહું છું. પ્રશ્નમાં જો ઉત્તર સંજ્ઞકવર્ણો હોય તો સમર્ઘ અને અધરસંજ્ઞક હોય તો મહર્ઘ થાય છે. પૂછનાર શેઠ છે. અને પ્રશ્ન વેચવાની વસ્તુ છે. આ બંનેના નામના સ્વર અને વ્યંજનોની જુદી જુદી ગણના કરવી. પછી પ્રશ્નોની સંખ્યા મુજબના અંકથી સ્વર તથા વ્યંજનોની સંખ્યામાં ભાગ આપવો. જો સ્વર કરતાં વ્યંજનોની સંખ્યાની વધારે શેષ વધે તો સમર્ઘ થશે. જો સ્વર અને વ્યંજન બંનેની સરખી શેષ વધે તો ભાવ સરખા રહેશે. અને બંનેની શેષ શૂન્ય રહે તો મહર્ઘતા થશે (એમ કહેવુ) ૭૧ થી ૭૪.

ઇતિ અર્ઘપ્રકરણ

---

वर्गोत्तरे भवेद्गर्भो वंध्या गर्भाधरैः सदा ॥
आदि मध्यावसानस्थो गर्भः स्यादुत्तरैः क्रमात् ॥ ७५ ॥
उत्तरैः पुत्र एव स्यात्स्त्रीणां गर्भे सुताधरैः ॥
षण्ढं स्यात्पञ्चमे वर्णे उत्तरैश्चोत्तरोत्तरैः ॥ ७६ ॥

प्रश्नं सूक्ष्माक्षैर्ग्राह्यं एकादशयुतं ततः ॥
द्वाभ्यां भागे प्रदत्ते स्याच्छेषाङ्के गर्भसम्भवः ॥ ७७ ॥
शून्ये शून्यं विजानीयात् स्त्रीणां नामाक्षराणि च ॥
द्विगुणानि प्रकुर्वीत तिथिवाराक्षैर्युतः ॥ ७८ ॥
द्वाभ्यां भागे प्रदत्ते स्यादेकशेषे वदेन्नरः ॥
शून्ये नारी सदा ज्ञेया शेषमप्युपदेशतः ॥ ७९ ॥

॥ इति गर्भप्रकरणम् ॥

જો પ્રશ્નમાં ઉત્તરસંજ્ઞક વર્ણો હોય તો તો ગર્ભ છે, એમ સમજવું. અધરસંજ્ઞક વર્ણો હોય તો વંધ્યગર્ભા (વાંઝણી) છે, એમ જાણવું. ઉત્તરસંજ્ઞકવર્ણો આદિ, મધ્ય- કે અંતમાં રહેલા હોય તો પહેલો વચલો કે છેલ્લો ગર્ભ ક્રમ મુજબ સમજી લેવો. સ્ત્રીઓના ગર્ભ પ્રશ્નમાં જો ઉત્તરસંજ્ઞક વર્ણો હોય તો પુત્રજ હોય, અને અધરસંજ્ઞક વર્ણો હોય તો પુત્રી હોય, અને જો ઉત્તરોત્તરસંજ્ઞક વર્ણો પ્રશ્નના અંત્યમાં હોય, અને પ્રશ્નમાં વર્ગોના પંચમવર્ણો હોય તો નપુંસક હોયએમ સમજવું. પ્રશ્નના સૂક્ષ્માક્ષરોની ગણુના કરી સરવાળામાં ધ્રુવાંક તરીકે અગિયાર ઉમેરી બેથી ભાગ આપવો. જો શેષ વધે તો ગર્ભ છે. એમ સમજવું. અને શેષ ન વધે તો શૂન્ય છે ( ગર્ભ નથી ) એમ સમજવું. સ્ત્રીના નામાક્ષરોના યોગને દ્વિગુણિત કરવો. તેમાં તિથિ વારના અક્ષરો જોડી દેવા. પછી બેથી ભાગ આપવો. એક શેષ વધે તો પુત્ર અને શૂન્ય વધે તો પુત્રી સમજવી. આમ ગુરૂપદેશથી ગર્ભ પ્રશ્ન સંબંધી સમજવા યોગ્ય શેષ બીનાઓ પણ જાણી લેવી. ૭૫ થી ૭૯

ઇતિ ગર્ભપ્રકરણ

---

उत्तरैरागमो वर्गैरधरैः स्यादनागमः ॥
अधरः स्वरसंयुक्ते प्रथम तृतीये सदा ॥ ८० ॥
शीघ्रमागमनं ब्रूयाद्यशवर्गं विवर्जितैः ॥
उत्तरस्वरसंयुक्तै विलम्बो नागमोऽधरैः ॥ ८१ ॥
प्रश्नं सूक्ष्माक्षरं ग्राह्यं त्रिदशोत्तरशतं ततः ॥
दत्ते भागेऽष्टाभिः शेषे विषमाङ्के शीघ्रमागमः ॥ ८२ ॥

समाङ्केन विलम्बेन शून्ये नैवागमो भवेत् ॥
दिनैः अचत वर्गेषु पक्षेण कप वर्गयो ॥८३॥
चट वर्गेण मासैस्तु शवर्गेणेति वर्षतः ॥
इदमागमने प्रोक्तं गमने तु तथा वदेत् ॥८४॥

॥ इति गमागमनप्रकरणम् ॥

પ્રશ્નમાં ઉત્તરસંજ્ઞક વર્ગો હોય તો ( પરદેશ ગએલા માણસનું ) આગમન થશે. અને **અધરસંજ્ઞક** વર્ગો હોય તો આગમન નહિ થાય. **અધરસંજ્ઞક** સ્વરોથી યુક્ત વર્ગોના પ્રથમ અને તૃતીય વર્ણ હોય તો શીઘ્રાગમન થશે, એમ કહેવું. અને **ઉત્તર** સંજ્ઞક સ્વરોથી યુક્ત ચવર્ગ અને શવર્ગ રહિત વર્ગોના શેષ વર્ણો હોય તો વિલંબથી આગમન થશે એમ જાણવું. જો **અધરસંજ્ઞક** સ્વરથી **અધરસંજ્ઞક** વર્ણો યુક્ત હોય તો આગમન નહિ થાય એમ સમજવું. પ્રશ્નના સૂક્ષ્માક્ષરોનો યોગ કરવો. અને તેમાં ૧૧૩ ઉમેરવા, આઠથી ભાગ આપવો. જો વિસમાંક શેષ રહે તો જલદી આગમન થશે, અને સમશેષ રહે તો વિલંબ થશે એમ જાણવું. જો શૂન્ય વધે તો આગમન નહિ થાય. પ્રશ્નમાં જો અવર્ગ, ચવર્ગ તથા તવર્ગના વર્ણો હોય તો દિવસોમાં, કવર્ગ અને પવર્ગ હોય તો પક્ષમાં, ચવર્ગ અને ટવર્ગ હોય તો મહિનાઓમાં અને શવર્ગ હોય હોય તો વર્ષમાં (પરદેશ ગએલ માણુસ) આવશે. આ જે આગમન સંબંધી કહ્યું તેમ ગમન ( જવામાં ) પણ સમજવું. ૮૦ થી ૮૪

**ઇતિ ગમાગમપ્રકરણ**

---

प्रथमे तृतीये वर्गे प्रभूतां वृष्टिमादिशेत् ॥
पञ्चमेत्वाति वृष्टिः स्यादनावृष्टिश्च मध्यमाः ॥ ८५ ॥
मिश्रके द्विचतुर्थेतु स्वल्पावृष्टिश्च कथ्यते ॥ ८६ ॥

॥ इति वर्षाप्रकरणम् ॥

જો પ્રશ્નમાં પહેલો અને ત્રીજો વર્ગ હોય તો સારી વર્ષા આવશે. એમ કહેવું. પાંચમો વર્ગ હોય તો અતિવૃષ્ટિ થશે, અથવા અનાવૃષ્ટિ થશે. જો મિશ્રવર્ગ હોય તો મધ્યમવૃષ્ટિ સમજવી. અને જો બીજો કે ચોથો વર્ગ હોય તો અલ્પવૃષ્ટિ કહેવી. ૮૫–૮૬

**ઇતિ વર્ષાપ્રકરણ**

---

उत्तरैर्नैव शल्यं स्यादधरैः शल्यमादिशेत् ॥
अधरैश्चतु शिलां शल्यं गणित्वा वर्णयोः पुनः ॥ ८७ ॥

प्रश्नं सूक्ष्माक्षरैर्ग्राह्यं दशसंख्यापि मिश्रिता ॥
द्वादशैर्गुणितैर्वर्णैः सप्तभिर्भागमाहरेत् ॥ ८८ ॥
समशेषे भवेद्द्रव्यं विषमे शल्यमादिशेत् ॥ ८९ ॥

॥ इति शल्योद्धार प्रकरणम् ॥

જો પ્રશ્નમાં ઉત્તરસંજ્ઞક વર્ણો હોય તો શલ્ય નથી હોતું. અધરસંજ્ઞક હોય તો હોય છે. અધરસંજ્ઞક વર્ણોથી શિલાનું ( પત્થરનું ) શલ્ય હોય છે. પ્રશ્નના સૂક્ષ્માક્ષરોનો યોગ કરી બારથી ગુણી તેમાં દસનો ધ્રુવાંક ઉમેરવો. પછી સાતથી ભાગ આપવો. જો સમશેષ રહે તો દ્રવ્ય છે, એમ જાણવું. અને વિષમ શેષ રહે તો શલ્ય છે, એમ જાણવું ૮૭ થી ૮૯

ઇતિ શલ્યોદ્ધાર પ્રકરણ

---

छ ससितइयं गुणभूयं भूयदुग्गं सोजिपवए चऊरो ॥
पविइ ससी इयं गाणं णा पण्हवागरणो ॥ ९० ॥
दो तिन्नि पंच अठई पंच अठाइ दो तिन्नि ॥
चउरिका सतछका सत्तय छकाय चउरिका ॥ ९१ ॥

॥ इति चौरचिन्तागाथाप्रकरणम् ॥

૯૦ અને ૯૧ મી ગાથા ચોર પ્રશ્નની છે. પણ તે બરાબર ન સમજી શકવાના કારણે ભાષાન્તર કર્યું નથી

ઇતિ ચોરચિંતાગાથાપ્રકરણ

---

स्वस्थः सुखसमासीनो दैवज्ञः पृच्छकेन तु ॥
शुभदिने मुहूर्ते च शकुनोत्साहसंयुते ॥ ९२ ॥
मध्याह्नं चार्धरात्रे च संध्या कुदिनं त्यजेत् ॥
बालस्त्रीमूर्खतो ग्राह्याः गत्वाप्यन्यप्रदेशतः ॥ ९३ ॥
पृच्छकादपि गृह्णीयादन्यप्रश्नविवर्जितः ॥
वाक्याद्यतो विरत्यन्तं सुस्पष्टप्रश्नमादिशेत् ॥ ९४ ॥

इडाप्रवाहः शून्यः स्यात्तथा शान्ता दिशः शुभाः ॥
यावच्च वहते नासा वामिका वाथ दक्षिणा ॥ ९५ ॥
तामेव दिशमाश्रित्य पृच्छतः शुभमादिशेत् ॥
नाशाप्रवाहदिग्भागे गर्भाद्या यदि पृच्छति ॥ ९६ ॥
तद्दिश्याःपुत्र एवञ्च शून्यभागे वरांगना ॥
यस्याः नाड्या प्रवाहे तु सपादोत्क्षिप्य गच्छति ॥ ९७ ॥
शोधयेदवनीं सर्वां किं पुनः स्वल्पमीप्सितम् ॥
म्लेच्छस्त्रीबालवार्तोक्तं श्रुत्वा वाचोह्यकस्मिकाम् ॥ ॥ ९८ ॥
तत्स्वरूपेण विज्ञेयं प्रश्नवर्ज्यं स्फुटन्त्विदम् ॥ ९९ ॥
श्रीचन्द्राचार्यशिष्येण पार्श्वचन्द्रेण धीमता ॥
उद्धृत्यानेकशास्त्राणि हस्तकाण्डं विनिर्मितम् ॥ १०० ॥

॥ इति हस्तकाण्डः समाप्तः ॥

સ્વસ્થ અને સુખપૂર્વક બેઠેલા દૈવજ્ઞે પૃચ્છક ( પ્રશ્ન કરનાર ) પાસેથી શુભ શકુન અને ઉત્સાહવાળા સુદિનમાં સુમુહૂર્તે પ્રશ્ન ગ્રહણ કરવો. મધ્યાહ્ન, મધ્યરાત્રી, સંધ્યા તથા કુવેળા ( કાળ ચોઘડીયાદિ ખરાબ સમય )માં પ્રશ્ન લેવો નહિ. પ્રશ્ન બાલક, સ્ત્રી અથવા મૂર્ખ માણસદ્વારા કહેવરાવવા. ( હેતુપૂર્વક છલ કરવા માટેનો પ્રશ્ન નહોવો જોઈએ. સ્ત્રી, બાળક અને મૂર્ખદ્વારા પ્રશ્ન એટલા માટે લેવાનો છે, કે જે નિર્દોષ રીતે પ્રશ્ન કરે ) અથવા પૂછનાર માણસના પોતાના મુખથી બીજી ત્રીજી વાતોનો ત્યાગ કરાવી પ્રશ્ન લેવો. વાકયનો આરંભ થાય, ત્યાંથી જ્યાં પ્રશ્ન કરનાર અટકે ત્યાં સુધીનો પ્રશ્ન સમજવો. અને તેનું ફળ કહેવું. જ્યારે ઇડા ( જમણી ) નાસિકાનો સ્વર બંધ હોય ત્યારે અને દિશાઓ શાંત હોય ત્યારે પ્રશ્ન ગ્રહણ કરવો. અને જ્યાં સુધી ડાબી નાસિકાનો સ્વર ચાલતો રહે ત્યાં સુધીમાં પ્રશ્ન લેવો. અથવા જો જમણી નાસિકાનો સ્વર ચાલતો હોય અને પ્રશ્ન લેવો પડે તો પૂછનારથી દક્ષિણ દિશામાં બેસી પ્રશ્ન લેવો. જે નાસાનો સ્વર ચાલતો હોય તે દિશામાં પૂછનાર બેસીને પ્રશ્ન કરતો હોય તો ગર્ભમાં પુત્ર છે, એમ સમજવું. અને જો બીજી દિશામાં બેસી પૂછે તો પુત્રી છે, એમ સમજવું. જે નાસિકાનો સ્વર ચાલતો હોય તે બાજુનો પગ પછાડી જો પૂછનાર જતો હોય તો તે જગ્યા બધી જ ખોદી શોધી લેવી ( તેમાંથી

ધન મળશે એમ જુના વખતનું વાકય છે ) તો પછી જે નાસિકાનો સ્વર ચાલતો હોય તે દિશામાં બેસી પૂછનાર પૂછે, તો તેની ધારણાઓ કેમ સફળ ન થાય ? થાય જ. મ્લેચ્છ, સ્ત્રી અને બાલકોની વાર્તા ( જે નિર્દોષપણે કહેવાએલી હોય ) સાંભળીને, અથવા પ્રશ્નકાલે આકસ્મિક કોઈ બોલી જાય તેની વાણી સાંભળીને, તેના સ્વરૂપ ઉપરથી પણ પ્રશ્ન સિવાય પણ પૂછનારને શુભાશુભ કહી શકાય છે. શ્રી **ચંદ્રાચાર્ય**ના બુદ્ધિમાન શિષ્ય શ્રી **પાર્શ્વચંદ્ર**જીએ અનેક શાસ્ત્રોમાંથી શોધન કરી આ **હસ્તકાંડ** નામના ગ્રંથની રચના કરી છે. ૯૨ થી ૧૦૦

### ઇતિ હસ્તકાંડ સમાપ્ત

श्री भद्रबाहुस्वामि विरचितः

## ॥ श्री अर्हच्चूडामणि सारः ॥

नमिऊण जिणं सुरगण चूडामणिकिरणसोहि पयजुगलं ॥
इय चूडामणिसारं कहिय मह्य जाणदीवक्खं ॥ १ ॥
पढमं तईय सत्तम रघसर पढम तईयवग्गवण्णाइं ॥
आलिंगियाहिं सुहया उत्तरसंकडअ णामाइं ॥ २ ॥
कुचुजुगवसुदिससरआ बीय चउत्थाइं वग्गवण्णाइं ॥
अहिधूमिआइं मज्झा ते उण अहराइं वियडाहं ॥ ३ ॥
सर रिउ रुद्ददिवाअर सराइ वग्गाण पंचमा वण्णा ॥
उद्धा वियड संकड अहराहर असुह णामाइ ॥ ४ ॥

દેવગણોના મુકુટનાં કિરણોથી જેમનાં ચરણકમલ શોભી રહેલાં છે, એવા **જિન** ભગવાનને નમસ્કાર કરીને **જ્ઞાનદિપ** નામનો **ચૂડામણિશાસ્ત્ર**નો સાર મારાથી કહેવાય છે. પહેલો, ત્રીજો, સાતમો, નવમો એ ચાર સ્વર તથા વર્ગો પૈકી દરેક વર્ગના પહેલા અને ત્રીજા વર્ણો **આલિંગિત**, **સુભગ**, **ઉત્તર** તથા **સંકટ** એ નામના છે. બીજો, ચોથો, આઠમો તથા દશમો એ ચાર સ્વર, અને વર્ગો પૈકી બીજા ચોથા એ વર્ણો **અભિધૂમિત**, **મધ્ય**, **અધરા** તથા **વિકટ** કહેવાય છે. પાંચમો, છઠ્ઠો, અગિયારમો તથા બારમો એ સ્વર અને વર્ગો પૈકી પાંચમો વર્ણ, એ **દગ્ધ વિકટ**, **સંકટ**, **અધરાધર** તથા **અશુભ** નામના છે.

**સમજુતી**—અ આ ઇ ઈ ઉ ઊ એ ઐ ઓ ઔ અં અઃ એ બાર સ્વરો તથા કખગઘઙ, ચછજઝઞ, ટઠડઢણ, તથદધન, પફબભમ, યરલવ, શષસહ એ વ્યંજનોની **આલિંગત**, **અભિધૂમિત** અને **દગ્ધ** એવી સંજ્ઞાઓ કરી તે ઉપરથી પ્રશ્નાક્ષર જે સંજ્ઞાના હોય તે મુજબનું ફલ કહેવાનું છે. અહીં સ્વરો પૈકી ऋ ॠ ऌ ॡ એ સ્વરોની ગણના કરવામાં આવી નથી. કયા સ્વરો તથા વર્ણો **આલિંગિત અભિધૂમિત** તથા **દગ્ધ** છે, તે નીચેના કોષ્ટકો ઉપરથી સ્પષ્ટ સમજાશે. ૧ થી ૪

આલિંગિત

| અ | ઇ | એ | ઓ | |
|---|---|---|---|---|
| | | | | |
| ક | | ગ | | |
| ચ | | જ | | |
| ટ | | ડ | | |
| ત | | દ | | |
| પ | | બ | | |
| ય | | લ | | |
| શ | | સ | | |

અભિધૂમિત

| આ | ઈ | ઐ | ઔ | |
|---|---|---|---|---|
| | | | | |
| | ખ | | ઘ | |
| | છ | | ઝ | |
| | ઠ | | ઢ | |
| | થ | | ધ | |
| | ફ | | ભ | |
| | ર | | વ | |
| | ષ | | હ | |

દગ્ધ

| ઉ | ઊ | અં | અઃ | |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | ઙ |
| | | | | ઞ |
| | | | | ણ |
| | | | | ન |
| | | | | મ |
| | | | | |
| | | | | |

सव्वाण होई सिद्धि पन्हे आलिंगिएहि सव्वेहिं ॥
अहि धूमिएहिं सभा णासइ डड्ढेहिं सयलेहिं ॥ ५ ॥

उत्तरसरसंजुत्ता उत्तरआ उत्तरुत्तराहुंति ॥
अहरेहिं उत्तरतमा अहरा अहरेहिं णायव्वा ॥ ६ ॥
अहरसरेहिं जुत्ता डड्ढा हुंति अहरअहरतमा ॥

कज्जाइं सा हंति सुअरं अधमा अधमाइं किं बहुना ॥ ७ ॥
डड्ढसरेहिं जुत्ता दड्ढतमा हुंति दड्ढया वण्णा ॥
ते नाशयंति कज्जं बलाबलं मीसिय सयलेषु ॥ ८ ॥

**આલિંગિત**થી સર્વ સિદ્ધિ થાય છે. **અભિધૂમિત**થી મિશ્રફલ (થાય યા ન પણ થાય) મળે છે. જ્યારે **દગ્ધ** કાર્યસિદ્ધિનો નાશ કરે છે **ઉત્તર**સંજ્ઞક સ્વરોથી યુક્ત થએલા **ઉત્તર**સંજ્ઞક વ્યંજનો **ઉત્તરતમ** બને છે. **અધર**સંજ્ઞક સ્વરોથી ઉત્તર સંજ્ઞક વ્યંજનો યુક્ત થાય તો તે અધરસંજ્ઞક રહે છે. **અધર**સંજ્ઞક સ્વરોથી યુક્ત

દગ્ધસંજ્ઞક વ્યંજનો **અધરાધરતમ** બને છે. અને તે **અધમાધમ** કાર્યોને લાંબે કાળે સિદ્ધ કરે છે. **દગ્ધસ્વરોથી** યુક્ત દગ્ધવર્ણો **દગ્ધતમ** થાય છે. અને તે કાર્યનો નાશ કરે છે. ૫ થી ૮

आलिंगिएहिं पुरिसेहिं महिला अहिधूमिएहिं सव्वेहिं ॥
डड्ढेहिं होइ संढो जाणिज्जह पन्ह वलिएहिं ॥ ९ ॥

जइ वग्गाणय वण्णा पढम बीय तीय चउथ पंचमया ॥
तह विप्परायवीसा सुद्दो विय संकराइ सयलाइं ॥ १० ॥
एएहि वण्णे हि कमेण बालो कुमार उ तरुणो ॥
मज्झिमवयो वि थविरो जाणिज्जइ पन्ह पडिएहिं ॥ ११ ॥
आलिंगिएहिं विड्ढी मज्झा अहिधूमिएहिं सा होई ॥
डड्ढेहि णात्थि विड्ढी जिणवयणं सच्चयं जाण ॥ १२ ॥

પ્રશ્નાક્ષરો જો **આલિંગિત** હોય તો પુરુષ, **અભિધૂમિત** હોય તો સ્ત્રી અને **દગ્ધ** હોય તો ષંઢ એટલે નપુંસક જાણવો. કચટતપયશ એ વર્ગોના પહેલા, બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા વર્ણો અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને વર્ણસંકર સંજ્ઞક છે. એજ ક્રમ મુજબ તે વર્ણો બાલ, કુમાર તરુણ ( યુવા ) મધ્યમ-વય તથા વૃદ્ધ સંજ્ઞક છે. **આલિંગિત** હોય તો વૃષ્ટિ, **અભિધૂમિતથી** મધ્યમ વૃષ્ટિ તથા દગ્ધથી વૃષ્ટિ નથી એમ જે **જિનવચન** છે, તે સત્ય જાણ. ૯ થી ૧૨

अइ उप्पज्जइ सस्सं पन्हे आलिंगिएहिं वण्णेहिं ॥
अहिधूमिएहिं किंचिण णासइ डड्ढेहिं णो चित्तं ॥ १३ ॥

संपदि आलं पन्हे वण्णो आलिंगिउं पयासेइ ॥
अहिधूमिओवि भूअं डड्ढो उण भावियं णूणं ॥ १४ ॥

तह पढम बीय तईआ वण्णा वुच्चंति तिण्णिकालाइं ॥
मा इत्थकरह भंती जह संखं सयलवग्गाणं ॥ १५ ॥
आलिंगिएहिं मुकइ वाहिं आहिधूमिएहिं णहुस्साई ॥
अहवा चिरेण कट्ठं डड्ढो मरणं पयासेइ ॥ १६ ॥

विषमा दाहिणपासे वामे वयणं समाय पयडंति ॥
वण्णा पन्हे पडिया पंचम आ वविपासंमि ॥ १७ ॥

પ્રશ્નમાં **આલિંગિત** વર્ણો હોય તો અનાજની ઘણી સારી ઉત્પત્તિ થાય છે. **અભિધૂમિત** હોય તો થોડા અનાજની ઉત્પત્તિ થાય છે. અને **દગ્ધ** હોય તો સંપૂર્ણ નાશ થાય છે. પ્રશ્નમાં જો **આલિંગિત** વર્ણ હોય તો વર્તમાનકાળ જાણવો. **અભિધૂમિત** હોય તો ભૂતકાળ અને **દગ્ધ** હોય તો ભવિષ્યકાળ જાણવો. પ્રથમવર્ણ, દ્વિતીયવર્ણ અને તૃતીયવર્ણ અનુક્રમે વર્તમાન, ભૂત અને ભવિષ્યકાળ કહે છે. આ સંબંધમાં ભ્રાંતિ કરવી નહિ. **આલિંગિતથી** વ્યાધિ મૂકાય છે. ( રોગ મટે છે ) **અભિધૂમિતથી** નથી મટતો, અથવા લાંબા કાળે કષ્ટથી મટે છે. પરંતુ **દગ્ધથી** મરણ જ થાય છે. વર્ગો પૈકી **પહેલા** અને ત્રીજા ( **આલિંગિત** સંજ્ઞક વ્યંજનો ) જમણા પડખે, બીજા અને ચોથા ( **અભિધૂમિત** વર્ણો ) ડાબી બાજુ તથા પાંચમા ( દગ્ધસંજ્ઞક વ્યંજનો ) ઉત્તર બાજુ ઉપરની બાજુમાં વ્રણ કરે છે. ૧૩ થી ૧૭

अट्ठवग्गा सिरो णिवअणे हियये कडि ऊरुजाणु च चरणजूयलेहिं ॥
पन्हनिलद्धावग्गा वण्णाइं दरिसंति जहासंखं ॥ १८ ॥

अणिलय पित्तय सेफअ संसग्गयहा हिघाययं रोगं ॥
पयडंति पंचवग्गा जहसंखं पढम उदिट्ठा ॥ १९ ॥

अइमंदमज्झदारुण पीडाइं दिंति पण्हपासिआइं ॥
आलिंगियाहिंधूमिय डड्ढावण्णा जहासंखं ॥ २० ॥

आलिंगिएहिं संधीण हु संधीविग्गहेण अहरेहिं ॥
अहराहरेहिं कहिओ समरो सुहडाण णासयरा ॥ २१ ॥

विजयं उत्तरवण्णो ण जयं ण पराजयं अहरो ॥
अहराहरा पयासइ पराजयं णत्थि संदेहो ॥ २२ ॥

પ્રશ્નમાં રહેલા આઠ વર્ગો અનુક્રમે શિર, લલાટ, વદન, હૃદય, કટી, ઊરુ, જાનુ તથા પગ એ સ્થળોમાં વર્ણનુ નિદર્શન કરે છે. કકાદિવર્ગો માંહેના પાંચ અક્ષરો અનુક્રમે, વાયુ, પિત્ત, કફ, સંસર્ગ તથા અભિચાર જન્ય રોગનું સૂચન કરે છે. **પ્રશ્નમાં આલિંગિત, અભિધૂમિત** તથા **દગ્ધવર્ણો** અનુક્રમે અતિમંદ ( અત્યલ્પ ) મધ્યમ તથા દારુણ પીડાનું સૂચન કરે છે. **આલિંગિતથી** સંધિ થાય છે. **અભિધૂમિતથી** સંધિ કે વિગ્રહ કશું થતું નથી, જ્યારે **દગ્ધવર્ણોથી** સંગ્રામ થાય છે. અને યોદ્ધા-

ઓનો નાશ થાય છે. ઉત્તર વર્ણોથી વિજય થાય છે. **અધર** વર્ણોથી જયપરાજય કંઇ થતું નથી. પરંતુ **અધરાધર** વર્ણોથી પરાજય થાય છે, તેમાં સંદેહ નથી. ૧૮ થી ૨૨

जइ पढमवक्खरमहरं अवसाणे उत्तरक्खरं पण्हा ॥
ता उत्तरो सुवलियं विवरीयं ताण विवरीयं ॥ २३ ॥
पढम सरेणययुत्ता पन्हे मत्ता विवज्जिया वण्णा ॥
अणभिहदिण्णाम आदे पअडंतिय जीवचिंताइं ॥ २४ ॥
ससितिअ पंचम सत्तम नवमसरा रुद्दसंखसरसहिया ॥
कचटा पंचमहीणा सहिया यसहेहिं जीवक्खा ॥ २५ ॥
बीयं छट्ठो सरउं सविसग्गा तहवि वसरक्खरोपेयं ॥
तह उण पंचमहीणा तपवग्गा धाउणामाउ ॥ २६ ॥
ईऐऔसरजुत्ता यरलवशषसा ङञणनमाइं ॥
एआरहमूलरक्खा पयासिया जिणवरिंदेण ॥ २७ ॥

જ્યારે પ્રશ્નમાં પહેલો અક્ષર **અધર**સંજ્ઞક હોય, અને છેલ્લો અક્ષર **ઉત્તર**-સંજ્ઞક હોય ત્યારે **ઉત્તર** અક્ષર બળવાન બને છે. આનાથી ઉલટું હોય તો ઉલટું થાય છે. અર્થાત્ પાછલોવર્ણ બળવાન છે. કેવલ પ્રથમ સ્વર અકારથી યુક્ત થએલા વર્ણો જ પ્રશ્નમાં હોય. બીજા કોઈ સ્વરથી યુક્ત નહોય, તે વર્ણો **અનભિહિત** નામના થાય છે. અને તે જીવચિંતાનું પ્રકાશન કરે છે. અ, ઇ, ઉ, એ, ઓ અને અં એ સ્વરો તથા કખગઘ, ચછજઝ, ટઠડઢ, યસહ એ વર્ણો **જીવ**સંજ્ઞક છે. આ, ઊ, અઃ, વ, સ, તથદધ, પફબભ એટલા વર્ણો **ધાતુ** નામક છે. ઈ, ઐ, ઔ, એ સ્વર તથા યરલવશષહ, ઙ, ઞણનમ એ અગિયાર અક્ષરો મૂલસંજ્ઞક છે, એમ **જિનવરોએ** પ્રકાશ્યું છે. ૨૩ થી ૨૭

मुट्ठो जीवक्खरए मूलं जीवंपि मूलक्खरण धाउं ॥
उण जाणिज्जह धाउक्खरएण किं चोज्जं ॥ २८ ॥
बहु पढमवग्गवण्णा अह बहुबिंदु विसज्ज संजुत्ता ॥
बहु अवबाहुवन्ना तह पन्हे ता सुन्ने मुट्ठिचिंताइं ॥ २९ ॥

મુષ્ટિ પ્રશ્નમાં જો જીવાક્ષર હોય તો મૂલ, મૂલાક્ષર હોય તો જીવ અને **ધાત્વક્ષર** હોય તો **ધાતુ** છે, એમ કહેવું. જ્યારે મુષ્ટિ પ્રશ્નમાં ઘણા વર્ણો પ્રથમ વર્ગના હોય, અથવા બિંદુ વિસર્ગ યુક્ત હોય કે પછી એકી સાથે ઘણા પ્રશ્નો હોય ત્યારે મુષ્ટિમાં કંઈ નથી એમ જાણવું. ૨૮–૨૯

विषमासरा ऊआरा वग्गाणं पढमतईय वण्णाइँ ॥
दुप्पअ णराण एसाए आहारण दु न होइ ॥ ३० ॥
बीऊ दसमो सरओ वग्गाणं बीयवण्णया सयला ॥
दिसंति जइअ पन्हे तामुणह चउप्पयं जीवं ॥ ३१ ॥
जई वग्गाणय वण्णा पंचमया हुंति पन्ह पडियाइं ॥
तामुणह णिरअ वासिआ भूअ पिसाचाइं सव्वाइं ॥ ३२ ॥
मत्ता तपचवग्गेहिं यशवग्गेहिं हुंति सउणाओ ॥
सिद्धा सरेहिं भणिया देवा उण कचटवग्गेहिं ॥ ३३ ॥
चवइकवग्गो पन्हे लद्धोथलचारियं विहंगमयं ॥
चिअ अइपहाणं तवग्गाउ णत्थिसंदेहो ॥ ३४ ॥
जइअ चवग्गो लद्धो तह पक्खी होई जलयरो णूणं ॥
तंपि टवग्गो सिद्धं वच्चइ पवग्गो स अधमं ॥ ३५ ॥
पन्हे कवग्गवण्णा कालोरयसिंगिणो पयासंति ॥
राजीव सप्पजाइं च वग्गा ताहं दंतत्थं ॥ ३६ ॥
गोणाससप्पजाई तवग्गवण्णा फुडं पयासंति ॥
लहुअ विसाण जाई दिट्ठी होसई तवग्ग वण्णेहिं ॥ ॥ ३७ ॥
विसम छदाहिं दुंदुहिकीड विसेसाइं किं चुज्जं ॥
जयविलद्धो पण्हे पवग्गं तु पन्ह चउरेण ॥ ३८ ॥
ससिजलबाणमुनिग्गह रुद्दसरावज्ज आण दुतीयवण्णाइं ॥
वुच्चंति धम्मधाउ अधमंतियसे सव्ववग्गाण ॥ ३९ ॥

रविरुद्दपक्खसर पंचमहीणा कवग्गवण्णाइं ॥
कणयं च वत्ति तारं सत्तमो वग्गो मुणिदु सराणुणं ॥ ४० ॥
तंबं च तइउ सरओ पंचमहीणो चउत्थओ वग्गो ॥
लोहं दसमो सरओ अट्ठम वग्गोतह मकारोय ॥ ४१ ॥
वग्गं तइओ वग्गो पंचमहीणो कवग्गपंचमओ ॥
अट्ठम पंचम सरओ पन्हे लद्धो पयासेइ ॥ ४२ ॥
छट्ठासारा एकंतो पंचमवणो अ तईय वग्गस्स ॥
जइयाविज्जइ पन्हे ता धूणं सीसअं मुणह ॥ ४३ ॥
नपफभाउवण्ण पन्हे लद्धा कुणंति पित्तलयं ॥
णतपदधाइआ कंसं णहु अत्थि संदेहो ॥ ४४ ॥
कण अक्खरं पयासइ मरगयमाणिक्क पहुइ रयणाइं ॥
मुत्ताहीरयएहं तारक्खरं अण संदेहो ॥ ४५ ॥
ककारतालय पहुवदिक्खक्खरयं भणइ णोचितं ॥
लोहक्खरेहिं जाणह रयणाइं इंदनीलपहुदीणि ॥ ४६ ॥
कंसक्खरं पयासइ रयणपसेसाइं काचपहुदीणि ॥
सेसं सीसअपहुदीं पित्तलसीसाइं अक्खरयं ॥ ४७ ॥
उत्तरपन्नपहाणं पन्हे गढियं पयासिए णिच्चं ॥
धाउम गढिअं अहरं अक्खरक्खं भणइ सव्वं च ॥ ४८ ॥
आलिंगिएहीं जाणह कंकणकेऊर पहुदियाहरणं ॥
अहरक्खरेहीं गढिअं कबोलयपहुति भाअगयं ॥ ४९ ॥

પહેલો, ત્રીજો, પાંચમો, સાતમો નવમો, અગિયારમો એમ વિષમ સંખ્યાના સ્વરો, ઊકાર તથા વર્ગોના પહેલા અને ત્રીજા વર્ણો એ દ્વિપદ પૈકી પુરુષસંજ્ઞક છે. રાક્ષસોના હોતા નથી. બીજો તથા દશમો સ્વર અને વર્ગો પૈકી બીજા વર્ણો એ ચતુષ્પદ સંજ્ઞક છે. જો પ્રશ્નમાં વર્ગો પૈકી પંચમ અક્ષરો હોય તો નરકવાસી તથા ભૂત પિશાચનું સૂચન કરે છે. તવર્ગ, પવર્ગ તથા ચવર્ગ મનુષ્ય છે. યવર્ગ, શવર્ગ એ તિર્યંચ ( પશુપક્ષિ ) છે. સ્વર સિદ્ધ છે. કવર્ગ, ચવર્ગ અને ટવર્ગ દેવજાતિના

છે; પ્રશ્નમાં ક વર્ગ આવે તો સ્થલચારી, (જમીન ઉપર ફરનારાં પક્ષી)નું સૂચન કરે છે. અને કેવલ તવર્ગ મયૂરાદિ સ્થલચારી મુખ્ય પક્ષીઓનું સૂચન કરે છે. જ્યારે ચવર્ગની પ્રાપ્તિ થાય ત્યારે જલચર પક્ષી હોય છે. જો ટવર્ગ હોય તો જલચર પક્ષીઓ પૈકી ઉત્તમ કોટિનાં હંસાદિ પક્ષીનું સૂચન કરે છે. પવર્ગ અધમ જાતિનાં પક્ષી (ઘૂવડ ઈત્યાદિ)નું સૂચન કરે છે. પ્રશ્નમાં રહેલા કવર્ગના વર્ણો કાળા સર્પો તથા શિંગડાંવાળાં પ્રાણીઓનું સૂચન કરે છે. જ્યારે ચવર્ગના વર્ણો સજીવ ઈત્યાદિ સર્પ જાતિનું અને દાંતવાળાં પ્રાણી (હાથી ઈત્યાદિ)નું સૂચન કરે છે. તવર્ગના વર્ણો ગોનસ નામની સાપની જાતનું પ્રકાશન કરે છે. (સ્પષ્ટ કથન કરે છે.) તેમજ તે તવર્ગના વર્ણો નાનાં નાનાં ઝેરી પ્રાણીઓનું પણ સૂચન કરે છે. એકી સાથે ચાર પ્રશ્ન હોય,અથવા તો પવર્ગના વર્ણો હોય, ત્યારે વિષમ પદ (ઘણા પગવાળાં જંતુ) પ્રાણીઓ, મગરમચ્છ આદિનું સૂચન કરે છે. પહેલો, ત્રીજો, પાંચમો, સાતમો, નવમો અને અગિયારમો એ સ્વર તથા વર્ગોના બીજા વર્ણો એ ધાગ્ય (ભઠ્ઠીમાં તપાવેલી) ધાતુનું સૂચન કરે છે. બીજો, અગિયારમો તથા બારમો એ સ્વર અને પાંચમા અક્ષર વગરના કવર્ગના અક્ષરો સુવર્ણનું સૂચન કરે છે. સાતમો તથા પહેલો સ્વર અને સાતમો વર્ગ રૂપાનું સૂચન કરે છે. ત્રીજો સ્વર તથા પાંચમા અક્ષર વગરનો ચોથો વર્ગ (તવર્ગ) તાંબાનું સૂચન કરે છે. દશમો સ્વર આઠમો વર્ગ અને મકાર લોઢાનું સૂચન કરે છે. પાંચમા અક્ષર વગરનો ત્રીજો વર્ગ અને કવર્ગનો પાંચમો અક્ષર, આઠમો તથા પાંચમો સ્વર એ જો પ્રશ્નમાં આવતા હોય તો કલાઈનું સૂચન કરે છે. એકલો છઠ્ઠો સ્વર તથા ત્રીજા વર્ગનો પાંચમો અક્ષર જો પ્રશ્નમાં આવ્યા હોય તો નક્કી સીસું છે, એમ કહે છે. ન, પ, ફ, ભ તથા ઉ એ જો પ્રશ્નમાં હોય તો પિત્તળનું સૂચન કરે છે. ણ, ત, પ, દ, ધ અને ઈ એ કાંસાનું સૂચન કરે છે, એમાં સંદેહ નથી સુવર્ણદ્યોતકવર્ણ મરકત, માણેક વગેરે રત્નોનુ સૂચન કરે છે, તેમજ રૌપ્ય વાચક વર્ણ મોતી, હીરા વગેરે રત્નોનું દ્યોતન કરે છે. તામ્રદ્યોતક વર્ણ પ્રવાલ ઈત્યાદિ રત્નોનું સૂચન કરે છે. જ્યારે લોહ દ્યોતક વર્ણથી ઈન્દ્રનીલમણિ વગેરે રત્નો સમજવાં. કાંસાનો દ્યોતક વર્ણ કાચ ઈત્યાદિ રત્નો (બનાવટી રત્ન)નું સૂચન કરે છે. પિત્તળ અને સીસાના વર્ણો ઉત્તમ પ્રકારનાં કાચનાં રત્નોનું સૂચન કરે છે. પ્રશ્નમાં **ઉત્તર**સંજ્ઞક વર્ણો હોય તો **ધાતુ**દ્યોતક પ્રશ્નમાં ઘડેલી ધાતુ કહેવી. અને જો **અધર**સંજ્ઞક વર્ણો હોય તો વગર ઘડેલી ધાતુ છે, એમ જાણવું. પ્રશ્નમાં ઘડેલાં આભૂષણોની પ્રાપ્તિ થતી હોય, અને જો **આલિંગિત** વર્ણો હોય તો કંકણ, કેયૂર ઈત્યાદિ આભૂષણો જાણવાં. જો **અધર**સંજ્ઞક વર્ણો હોય, તો કચોલાં ઈત્યાદિ વાસણો સમજવાં. ૩૦ થી ૪૯

**उत्तरवण्णपहाणं पन्हे दरिसेइ अहिणवाहरणं ॥**
**अहरक्खर अपहाणं अहुभुत्तं णत्थि संदेहो ॥ ५० ॥**

संघो उत्तरवण्णो भवंति सुरलोअ लोअणाहरणं ॥
अहरक्खराइ णूणं मानवलोकस्स जंतूणं ॥ ५१ ॥
दुप्पयवण्णा पण्हे दुप्पअ जंतूण बुवइ आहरणं ॥
सोधिणराणणधाण विहगाणं विहगवण्णोयं ॥ ५२ ॥
जइ चतुप्पअवण्णा पन्हे लद्धाइं हुंति पउराइं ॥
मा करह इत्थ भंति जाणिज्जह ता चतुप्पआहरणं ॥ ५३ ॥
दिसकुचवेअअट्ठमआ सरआ दरसंति अद्धेआहरणं ॥
ससिनीअगहसत्तमआ मज्जिअग मत्ताधराहरणं ॥ ५४ ॥
आहरणाणतवण्णा संसिद्धा हुंति जइअ ते पउरा ॥
तातयणाणिविद्धं मायण अत्ताण वण्णा हिं ॥ ५५ ॥

આભૂષણ છે, એમ નક્કી થયા પછી કેવાં આભૂષણ છે ? એ પ્રશ્નમાં જો **ઉત્તર** સંજ્ઞક વર્ણો હોય તો નવાં ઘરેણાં છે, એમ કહેવું. અને જો **અધર**સંજ્ઞક વર્ણો હોય તો વાપરેલાં ઘરેણાં છે, એમ કહેવું. આમાં જરા પણ સંદેહ નથી. જો **ઉત્તર**સંજ્ઞક વર્ણો હોય તો દેવતાના નામવાળાં અને **અધર**સંજ્ઞક વર્ણ હોય તો મનુષ્યોનાં નામવાળાં, તેમજ ચતુષ્પદ જંતુ આદિ નામવાળાં આભૂષણ છે, એમ કહેવુ. જો બેવડા અક્ષરો હોય તો બે પગવાળાં જંતુઓનાં નામવાળાં આભૂષણ સમજવાં. અને પક્ષી સંજ્ઞક વર્ણો હોય તો પક્ષીઓનાં નામવાળાં આભૂષણ સમજવાં. જો પ્રશ્નમાં ચતુષ્પદ વર્ણો વધારે હોય તો ચતુષ્પદ સંજ્ઞક આભૂષણ છે, તેમાં કોઈ જાતની ભ્રાન્તિ કરવી નહિ. જો પ્રશ્નમાં દશમો, બીજો, ચોથો કે આઠમો એ સ્વરો હોય તો શરીરના ઉપરના ભાગનાં આભૂષણો છે, એમ સમજવું. અને જો પહેલો, ત્રીજો, સાતમો અને નવમો એ સ્વર હોય તો નીચેના ભાગનાં આભૂષણ છે, એમ સમજવું. જો આભૂષણ પ્રશ્નમાં વધારે પડતા તવર્ગ જોડાએલા હોય તો રત્નજડિત આભૂષણ છે, એમ કહેવું. અને જો વાસણ છે. એમ નક્કી થયું હોય અને તેમાં તવર્ગનું વિશેષ પ્રમાણ હોય તો તે વાસણ રત્નજડિત છે, એમ જાણવું. ૫૦ થી ૫૫

इयउ रउरद्धं तारयणं सुद्ध जाइयं मुणह ॥
तं अहक्खरबद्धं क्त्तिमअं मीसिएसिस्सं ॥ ५६ ॥
उत्तममज्झिम अधमाइं हुंति अणाणाइं ॥
तहजहासंखं आलिंगियाहिधूमियडड्ढपत्तेहिं पण्णेहिं ॥ ५७ ॥

જો પ્રશ્નમાં ઉત્તર અને અધરસંજ્ઞક વર્ણો પૈકી ઉત્તરસંજ્ઞક વધારે હોય તો શુદ્ધ આભરણ જાણવું. અને અધરસંજ્ઞક વધારે હોય તો વાસ્તવિક શું છે, તે સમજવું કઠિન છે. જો નાણાં સંબંધી પ્રશ્ન હોય તો આલિંગિત વર્ણો ઉત્તમ પ્રકારનાં, અભિધૂમિત મધ્યમ પ્રકારનાં અને દગ્ધ અધમ પ્રકારનાં નાણાંનું સૂચન કરે છે. ૫૧–૫૭

पढमं तरुणा वण्णा तहसासिगहसंमिउ सरचेवा ॥
कचटा दुआणवण्णा दसम उज्जो सरोवेवि ॥ ५८॥
रिउवाणरुअ सरउ पंचमवणाइं तिण्णाइं ॥
जंपति से सदुइज्जा वण्णावलिं वग्गाण चत्तारी ॥ ५९ ॥
अट्ठम चउअं तिसरा चतुत्थ वण्णेण ठाइ आतिणि ॥
जंपति खछडजाइं विसेसाइं गुम्माइं ॥ ६० ॥
गजडे हिं होति अलआ सालादि सत्तम सरेहिं गाहिणहं ॥
दबलासहिपण्णा पहुदीनी जाणेहा ॥ ६१ ॥
जलसाहारणं जंगलदेसपभूअं चवंति भूरुहअं ॥
आलिंगिआहिधूमिअदड्ढवण्णा जहासंखं ॥ ६२ ॥
तरवो हुंति असोया सणिहि आतुत्तरहि वण्णेहि ॥
अधरस्वरे हि अधमा ण्हाय्य डड्ढेहि दूरड्ढा ॥ ६३ ॥
संजुत्ता असंजुत्ता जहाकमं लद्ध वण्णेहि ॥
फलिया फलिया तरुणो केवली जणेण भासंति ॥ ६४ ॥

કકારાદિ સાત વર્ગો પૈકી દરેકના પ્રથમ વર્ણ તથા પહેલો અને નવમો સ્વર એ તરુવરોનું સૂચન કરે છે. કવર્ગ, ચવર્ગ તથા ટવર્ગના બીજા અક્ષરો અને બીજો તથા દશમો સ્વર એ વેલીઓનું સૂચન કરે છે. છઠ્ઠો, પાંચમો અને અગિયારમો એ સ્વર અને કકારાદિ સાતે વર્ગોના પાંચમા અક્ષરો તૃણ (ઘાસ)નું સૂચન કરે છે. વર્ગોના ચોથા અક્ષરો નાની વેલીઓ (ઘાસની જાતની)નું સૂચન કરે છે. આઠમા ચોથા, અને ત્રીજા સ્વરો તથા કકારાદિ વર્ગોના ચોથા અક્ષરો તેમજ ખ છ અને ડ એ અક્ષરો ફૂલોના ગુચ્છાવાળી વેલીઓનું સૂચન કરે છે. ગ, જ અને ડ એ અક્ષરો

શાલ ( દેવદારૂ ) ઈત્યાદિ વૃક્ષોનું સૂચન કરે છે. સાતમો સ્વર પણ તેવું સૂચવે છે. **આલિંગિત, અભિધૂમિત** તથા **દગ્ધ** વર્ણો અનુક્રમે સાધારણ જલના આધારે થનારાં, પાણીકીનારાનાં તથા જલમાં થનારાં વૃક્ષોનું સૂચન કરે છે. **ઉત્તરસંજ્ઞક** વર્ણો **અશોક** ઇત્યાદિ ઉત્તમકોટીનાં વૃક્ષોનું, **અધરસંજ્ઞક** વર્ણો હલકી કોટીનાં વૃક્ષોનું, અને **દગ્ધ** વર્ણો દૂર પ્રદેશના વૃક્ષોનું સૂચન કરે છે. પ્રશ્નમાં રહેલા સંયુક્ત વર્ણો ફળેલા વૃક્ષનું અને અસંયુક્ત વર્ણો ફળ વગરના વૃક્ષનું સૂચન કરે છે. એમ **કેવલી** પુરુષોએ કહ્યું છે. ૫૮ થી ૬૪

तहदिय महसा सपक्ख अपुणो विमास्स वित्तहयवत्सरए ॥
जहसंखं लहमुहं एसु असलेसु वग्गेसु ॥ ६५॥
उत्तर वण्ण पहाणे उत्तरमअणं पयासए पन्हे ॥
अधराखर पहाणं दक्खिण मअणं ण संदेहो ॥ ६६ ॥
पढमक्खरेण मासिरो महुउ तहा बीअएण वग्गेण ॥
तीअक्खरेण गम्हे चउथेणय पाउसा होइ ॥ ६७ ॥
सत्तम स्वरे हि सरओ कहिओ अणुण्णासि हेमंतो ॥
अंअइतुतु अक्खर पयासियं जिणवरिंदेण ॥ ६८ ॥

પ્રશ્નમાં રહેલા કકારાદિ વર્ગોના પાંચે વર્ણો અનુક્રમે તરત જે, (તે દિવસે જ) એક મહીને, દોઢ મહીને, બે મહીને અને એક વર્ષે કાર્યની સિદ્ધિ થાય, એમ સૂચવે છે. જો પ્રશ્નમાં **ઉત્તરસંજ્ઞક** વર્ણ હોય તો ઉત્તરાયણ અને **અધરસંજ્ઞક** વર્ણ હોય તો દક્ષિણાયનનું સૂચન કરે છે, એમાં સંદેહ નથી. કકારાદિ વર્ગોના પ્રથમ **વર્ણ**થી **શિશિર**, બીજાથી **વસંત**, ત્રીજાથી **ગ્રીષ્મ** અને ચોથાથી **વર્ષા** ઋતુનું સૂચન થાય છે. સાતમો સ્વર **શરદ** ઋતુ કહે છે. અનુનાસિક (કકારાદિ વર્ગના પાંચમા અક્ષર) **હેમંત** ઋતુનું સૂચન કરે છે, એમ જિનવરે પ્રકાશિત કર્યું છે. ૬૫ થી ૬૮

होइ चटेहिं चित्तो वैसाहो होइ गजडे हि वण्णेहि ॥
जिठ विदवलसेहि ईउद्धंथग्गदेहि आसादो ॥ ६९ ॥
णहुहोइद भवहेहि सरिरिउ सरङ्मणेहि भजवउए ॥
बिंदुविसग्गा असेसय पंचमवण्णेहिं आसिण तु ॥ ७० ॥
तहतपकत्तिकमासो कहितु पढमेहिं दोहि वण्णेहिं ॥
यशवण्णे हिं वि दोहि मिअसरणामोअ मासोअ ॥ ७१ ॥

**आइखछट्ठे हिंसोऽघ फरषवण्णेहि होइ तहा माहो ॥**
**फग्गुणमासो ससिमुणि सरएहिं तहकवारेण ॥ ७२ ॥**

ચ અને ટ થી ચૈત્ર, ગ, જ, ડ થી વૈશાખ, દ, વ, લ અને સ થી જેઠ, ઈ, ઉ, ઘ, ઝ, અને ઢ એ અક્ષરોથી આષાઢ માસ સમજવો. ધ, ભ, વ, હ એ અક્ષરોથી શ્રાવણ, ઉ, ઊ થી તેમજ ઙ, ઞ, અને ણ એ વર્ણોથી ભાદરવો, તેમજ અં અને અઃ થી આશ્વિન માસ જાણવો. ત અને પ વર્ગના પહેલા બે અક્ષરોથી કાર્તિક કહેવો. તેમજ ય અને શ વર્ગના પહેલા બે વર્ણોથી માગશર માસ કહેવો. આ અને ઈ એ બે સ્વરો તથા કવર્ગ, ચવર્ગ અને ટવર્ગના બીજા વર્ણોથી પોષ માસ થાય છે. તવર્ગ, પવર્ગ, યવર્ગ અને શવર્ગના બીજા અક્ષરોથી માઘ માસ તથા પહેલા અને સાતમા સ્વરથી અને ક થી ફાગણ માસ સમજવો. ૬૯ થી ૭૨

**दो तिण्णि पंच अट्ठा पंचइअट्ठा तहवदो तिन्नि ॥**
**चतुरेकास्यत्तइ छका सत्तविछकाइ तह विचतुरिकाइ ॥७३॥**

બે, ત્રણ, પાંચ, આઠ, પાંચ, આઠ, ત્રણ, બે, ચાર, એક, સાત, છ, છ, સાત, ચાર અને એક એમ સોળ ખાનાવાળા કોષ્ટકમાં લખી તે ઉપરથી બધા જ પ્રશ્નોના ઉકેલ લાવવા.૭૩

॥ इति अर्हच्चूडामणिसारः समाप्तः

| | | | |
|---|---|---|---|
| અ ઉ ઓ<br>૨ | આ ઊ ઔ<br>૩ | ઈ એ અં<br>૫ | ઈ ઐ અઃ<br>૮ |
| ક ડ મ<br>૫ | ધ ઢ પ<br>૮ | ગ ણ ર<br>૨ | ધ ર લ<br>૩ |
| દ થ લ<br>૪ | ચ દ શ<br>૧ | ७ ધ શ<br>૭ | જ ઞ સ<br>૬ |
| ઝ પ હ<br>૭ | ત ફ લ<br>૬ | ટ પ ક્ષ<br>૪ | ઙ ભ ય<br>૧ |

પાછલી ગાથા આ ચક્ર ઉપરથી સ્પષ્ટ થાય છે

**ઇતિ અર્હચ્ચૂડામણિસારની ટીકા સમાપ્ત**